
23122
23122

No Pages to Display

આ પુસ્તક ..... દિવસ રાખી શકાશે.

24 MAY 1987

-1 OCT 2002.

गांधी स्मृति ग्रंथालय
भावनगर

P
050
SH-11-24

23122

GANDHI SMRITI LIBRARY
BHAVNAGAR

આ પુસ્તક
શ્રી ગિરિશભાઈ ભટ્ટ
તરફથી ભેટ મળેલું છે.

આ પુસ્તક ..... દિવસ રાખી શકાશે.

24 MAY 1987

નૂતન બાલશિક્ષણ સંઘદ્વારા પ્રકાશિત

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૪ અંક ૧ લો
જાન્યુઆરી ૧૯૭૯

આત્મિક કેળવણી

આત્માનો વિકાસ કરવો એટલે ચારિત્ર ઘડવું, ઈન્દ્રિયનું જ્ઞાન મેળવવું, આત્મજ્ઞાન મેળવવું. આ જ્ઞાન મેળવવામાં બાળકોને મદદ થવી જ જોઈએ, ને તેના વિનાનું બીજું જ્ઞાન વ્યર્થ છે, હાનિકારક પણ હોય એમ હું માનતો.

આ કેળવણી કેમ અપાય ? આ જ્ઞાન પુસ્તકો વડે તો નહિ જ અપાય. આત્માની કેળવણી આત્માની કસરતથી અપાય. એ કસરત શિક્ષકના વર્તનથી જ પામી શકાય. વર્ગમાં બેઠેલો શિક્ષક પોતાના વર્તનથી શિષ્યોના આત્માને હલાવી શકે છે. જે જોયું કે બારે પદાર્થપાઠ થઈને રહેલું રહ્યું. આમ બારા શિષ્યો બારા શિક્ષક જન્યા.

: બાંધીજી :

વ્યવસ્થાપક : ડૉ. ગિજુભાઈ બધેકા ☆ સંપાદક : નાથાભેન શેઠ

૨ મારી બાલ્યકથા ૨

પાંચ સાત વર્ષની ઉંમરથી હું સ્વામીનારાયણના મંદિરમાં જવા લાગેલો. રોજ મૂઠી અનાજ લઈ જવામાં આખી બે રાતની ચકોરી કોઠી ખાલી કરી નાખેલી. દાદીમા કે બા કશું જાણે નહિ. એક દિવસ જાણ પડતાં ઠીક ઠીક ઠપકારેલો. મંદિર જવું ભૂલી ગયો. પછી રાસઉપાસંદિરનો દોસ્ત મળ્યો. રોજ ત્યાં જતો થયો. ગુરુ કરાવ્યા. "ૐ નમો ભગવતે વાસુદેવાય નમઃ" મંત્ર આપ્યો ત્યાં ભક્તિરસ લાગ્યો. પછી તો સ્મશાનિયા વૈરાગ જેવા થયો. 'લાવને આંધ્ર થઈ જઉં.' પણ અચાનક છટકો પાસ કરી ચુંબાઈ ગયો. બે ચાર વર્ષ ભણીને પાછો દેશમાં આવ્યો. ત્યાં બીજા ગુરુ મળ્યા. તેમણે પણ કંઠી બાંધી મંત્ર આપ્યો. હવે તો પાકા ગુરુ કર્યા. રોજ મંદિરે જવું સવારે પાદપૂજા કરવી, સ્નાન, ધ્યાન, તિલક, માળા વગેરે કરતો થયો. ત્યારથી ચોરેલા આઠાઈનો ગુણ કેળ-



નાદાં કપડાં પહેરવાં. વાસણ ચુંગળીનો ત્યાગ. જન ગણેડાનો પડછાયો ન લેવાય, તેવાં વ્રત મહારાજ બે આપ્યાં. આ અને આવું બધું કરતાં કરતાં ફરી સઈ ગયો. એક યા બીજી રીતે જાત્રા કરવાનો શોખ થયો. સિદ્ધપુર, ડાકોર, પુષ્કરરાજ, શ્રી નાથદ્વારા ગિરિ, અંબાજી, પાવાગઢ, બેટદ્વારકા વગેરે વગેરે તીર્થોની યાત્રાઓ કરી. યાત્રાઓમાં બાકી રહી ગયું તો

નીચે બેસી કયાંય ઈશ્વરનાં દર્શન ગમે ન થયાં. અંતમાં મારી યાત્રા એક યા બીજી રીતે સફળ ન થઈ તે ન જ થઈ. ૨૫ વર્ષ ઉંમરસુધી વહી ગયાં. આખરે ભક્તિભાવ જુદી જ રીતે પ્રગટ્યો. સેવા કરવાના કોડ બીજી જ રીતે જાગ્યા. કેટલાંય વર્ષોથી ઝંખતો હતો કે સાધુ જેવું જીવન જીવી, કંઈક કલ્યાણકારી કામ કરતાં કરતાં જીવન વ્યતીત થાય તો કેવું સારું! મન મંદિરમાં રહેલો આત્મા જાગ્યો અને આખરે સાચું દર્શન થયું.

'ક્રિલ્લોલ' નો સંપર્ક થયો અને અંતરનો કકળાટ કંઈ ચોક્કો થયો. પ્રભુને પહોંચવાનો એક નવો જ રાહ હાથ લાગી ગયો. બાળકોમાં રહેલા શુદ્ધ પ્રેમે મને

બાલશિક્ષણ

૧. અખિલ હિંદ શિક્ષણોપનિષદનું વિભાગીય બાલશિક્ષણ સંમેલન ... ... ના૦
૨. 'આ મારું, આ સારું, આ બીજા કાનનું નહીં' ... ... વિમલાબેન
૩. આ બધું કોને વાંકે? ... જમુનાબાઈ દાણી
૪. એક અનુભવ:—કહેતાં જ વાર, ...નર્મદા સહેતા
૫ તારપરની ઉસરત... ... ... અનુતાઈ
૬. અનાદિ અને અભણ સાવિત્રીની સમજણ ... ... ખ. કોટક—વાંકુ
૭. ગણિત વિષયની સાધન—સૂચી ... ...
૮. મારી યાત્રા ફળી ... ...ડાહીદામ શર્મા
૯. મૂળાક્ષર—શિક્ષણનું નવું સાહિત્ય ... બકુલેશ
૧૦. સદ્ધ્ય વાદીઓ! ... ... પ્રમીલા કીકાણી
૧૧. કચ્છમાં શિશુભાઈની જયંતિ...દેવકામ ડાહ્યાભાઈ
૧૨. બાર બાલકૃત છ બારીમાં શિશુભાઈ જયંતિ..

બાલવિલાસ

૧. બાલ બાગનો જય જયકાર? ... બાબાભાઈ દેસાઈ
૨. બે જોડકણાં ... ... પૂનમચંદ શાંક
૩. ચિઠ્ઠી ... ... રામસિંહ ર્ા. મેપાત
૪. શું કે પછી કેવી રીતે ઓળખી શકશો? ... ના૦

પ્રભુતાનાં દર્શન કરાવ્યાં. મારી યાત્રા ફળી. બાળદેવોની ઉપાસના કરવાની તક મળી. બાળકોનો શૈશવ અને પ્રકૃતિસહ વિકાસ જ સમાજને સુવ્યવસ્થિત કરવા માટેનો એક રસ્તો છે એ સત્ય આજે બહુજ સ્પષ્ટ સમજાઈ ગયું છે. બાલસેવા એજ સાચી પ્રભુ સેવા છે એ વિશ્વાસ દિવસે દિવસે દૃઢ થતો જાય છે. મોડે મોડે પણ બાલશિક્ષણ રૂપી પાવન તીર્થ જડી ગયું એ માટે મારી જાતને બહુ જ ભાગ્યશાળી માનું છું અને બાળકોની આજીવન સેવા કરવાની પ્રભુ શક્તિ આપે એવી પ્રાર્થના કરું છું.

કુ. શિલા. દામાણી

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૪ અંક ૧] મુંબઈ [જાન્યુઆરી ૧૯૪૯

અખિલ હિંદ શિક્ષણ પરિષદનું વિભાગીય બાલશિક્ષણ સંમેલન

અખિલ હિંદ શિક્ષણ પરિષદનું ચોવીસમું સંમેલન મૈસૂરમાં તા. ૨૯, ૩૦, અને ૩૧ ને દિવસે યોજવામાં આવ્યું હતું. હિંદની જુદી જુદી શિક્ષણસંસ્થાઓ તેમજ જુદા જુદા પ્રાંતીય સરકારના તથા સાંસ્થાનિક શિક્ષણ ખાતાંઓ તરફથી એક હજાર જેટલા પ્રતિનિધિઓ પરિષદ માટે દૂર દૂરથી આવ્યા હતા. પ્રતિનિધિઓની રહેવા કરવાની વ્યવસ્થા ઘણીજ સુંદર હતી.

બુધવાર તા. ૨૯ મીએ બપોરે સાડાત્રણ વાગે પરિષદ માટે, ખાસ શણગારાએલા ક્રાફર્ડ હૉલમાં મુખ્ય પરિષદનું ઉદ્‌ઘાટન મૈસૂરના મહારાજાને હસ્તે થયુ હતું. સ્વાગત સમિતિના પ્રમુખ અને મૈસૂર રાજ્યના શિક્ષણ સચીવ શ્રી. ડી. એચ. ચંદ્રશેખરૈયાએ સ્વાગત ભાષણ કર્યું હતું. ત્યાર પછી યુનેસ્કોમાં પ્રખ્યાત થએલા અને અત્યારે મૈસૂરના દિવાન તરકે કામ કરતા ડૉ. સર એ. રામસ્વામી મુદલિયારનું અધ્યક્ષીય ભાષણ એમની વકતા તરીકેની કીર્તિને શોભે એવુંજ હતું. શિક્ષણની વ્યાખ્યા કરતાં એમણે સમજાવ્યું કે શિક્ષણ એટલે બીજા માટેની સમજણ. બીજાનું દૃષ્ટિબિંદુ સમજવાની પાત્રતા જેઓમાં હોતી નથી તેમજ જેઓ પોતાનું દૃષ્ટિબિંદુ એ રીતે બીજાપર સત્તાનો અથવા શક્તિનો ઉપયોગ કરીને લાદવાનો પ્રયત્ન કરે છે તેઓને અભણ અને અસંસ્કારીજ ગણવા જોઈએ. એવાજ લોકો યુદ્ધના મૂળમાં હોય છે. બીજા યુદ્ધ પછી આ સત્ય હવે દુનિયાને સમજાયું છે અને તેથીજ યુનેસ્કોએ આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક પ્રવૃત્તિને, યુદ્ધો મટાડીને શાંતિ પ્રસ્થાપિત કરવાનું એક પ્રબળ હથિયાર તરીકે ગણ્યું છે.

પરિષદમાં શિક્ષણનાં જુદાં જુદાં ક્ષેત્રોના પ્રશ્નો વિચારના માટે દસ જેટલા વિભાગીય સંમેલનો યોજાયાં હતાં, તેમાં પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ તેમજ સ્ત્રીશિક્ષણ, પ્રૌઢ શિક્ષણ, આદિવાસી શિક્ષણ જેવાં વિશેષ ક્ષેત્રો અને બૌદ્ધિક વા શારીરિક તથા હસ્તકરી શિક્ષણ, સંસ્કૃત અને પરદેશી ભાષાઓનું શિક્ષણ વગેરે જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. કેવળ ત્રણ દિવસમાં મુખ્ય પરિષદની સાથોસાથ એટલાં બધાં સંમેલનોના કાર્યક્રમોની ગર્દીમાં કોઈ પણ પ્રતિનિધિને પોતાના વિષય ઉપરાંત બીજા વિષયોનો પરામર્શ લેવાનું બની શકયુ ન હતું. પરંતુ પરિષદ માટે આવેલાઓમાં જે અવિધિસર પરિચય અને ઓળખાણો થતી હતી તેને લીધેજ પરિષદનો સાચો ઉદ્દેશ સફળ થતો દેખાતો હતો.

બીજે દિવસે એટલે કે ગુરવારે સવારે દશ વાગે બાળ-શિક્ષણ વિશેનુ વિભાગીય સંમેલન મળ્યુ. અધ્યક્ષપદે અડયારના મૉંટેસોરી ટ્રેનિંગ કૉલેજના પ્રો. મોન્ટન હતા. તેમનુ ભાષણ ઘણુજ ઉદ્‌બોધક હતું. મૉન્ટેસોરીના સામાન્ય કેળવણીના અને ખાસ કરીને બાળકેળવણીના ફાળા વિશે વાત કરતા એમણે સમજાવ્યું હતુ કે બાળ-કેળવણીને વ્યક્તિવિકાસમૂલક જે તત્વોનું દર્શન થયુ છે તેના અનુસંધાનમાં શિક્ષણના દરેક ક્ષેત્રમાં પલટો લાવ-વાની જરૂર છે બાળક દ્વારાજ આપણા વચ્ચે રહેલા ભેદા-ભેદ આપણે નષ્ટ કરીને સમાન ભૂમિકાપર કેવી રીતે આવી શકાએ એ વિશેનુ તેમનું વિવેચન ઘણુજ મર્મભેદી હતુ. અધ્યક્ષના ભાષણ પછી પરિષદના કાયમી મુખ્ય ડૉ. અમરનાથ ઝા સંમેલનમાં હાજરી આપવા આવ્યા હતા. આ વખતે આ વિભાગીય સંમે-લનમા પ્રેક્ષકોની વધારેમાં વધારે બસો સંખ્યા હતી. કહેવાય છે કે આ વર્ષના બાળકેળવણી સંમેલને બધાનું ઠીક ઠીક ધ્યાન ખેચ્યુ હતુ. અને તેથી આ વિભાગમાં વધારેમાં વધારે પ્રેક્ષકોની સંખ્યા રહેતી. પ્રો. ઝાએ આ વિભાગની મહત્તા એમની લાક્ષણિક શૈલીમાં વર્ણવી હતી. અને કહ્યુ હતું કે અકુશલ શિક્ષક એ રાષ્ટ્રીય જીવન માટે ભયપ્રદ ગણાવો જોઈએ; પરંતુ ભૂખ્યો અને અકુશલ શિક્ષક તો તેથીય વધારે પાતકી ગણાવો જોઈએ. સરકાર બીજી યોજનાઓ સાથે જો શિક્ષકોનો વિચાર ન

કરે તો રાષ્ટ્રપ્રગતિ થઈ શકશે નહિ. ત્યાર પછી સમેલનના કાર્યવાહ શ્રી. કોટીશ્વરણે પૂર્વપ્રાથમિક કેળવણીની દિશામાં પ્રયત્ન કરવાની જવાબદારી સરકારો સ્વીકારે તેમ કરવા માટે ફેડરેશન પોતાની વધી લાગવગ વાપરશે એવુ અભિવચન આપ્યું હતું.

ત્યાર પછી બાળકેળવણીના વિભાગીય સમેલનના સ્થાનિક કાર્યવાહ ડૉ. કુપ્પસ્વામી નાયડૂએ સમેલન માટે આવેલા જુદા જુદા ઘણા સંદેશાઓનો સાર કહ્યો હતો. આ સંદેશાઓમાં આપણા સંઘના પ્રમુખ શ્રી. સરલાદેવી સારાભાઈનો પણ હતો.

વિભાગીય સમેલનના કાયમી કાર્યવાહ શ્રી. કે. વી. ફડકેએ હિંદમાં બાળકેળવણી વિષયક થએલા કાર્યનો પ્રાંતવાર અહેવાલ રજુ કર્યો હતો. આ અહેવાલમાં નૂતન બાલશિક્ષણના કાર્યનો વિશેષ ઉલ્લેખ કરતા તેમણે સંઘના વ્યાપક પ્રયત્નો અને તેની પછવાડે કૈ. શ્રી. ગિજુભાઈ અને શ્રી. તારાબેનની સેવાનો ઉલ્લેખ કર્યો હતો. શ્રી. ફડકેનું વ્યક્તિત્વ અને બાળકલ્યાણ માટેની તેમની ધગશ સૌનું ધ્યાન ખેંચતી હતી. અહેવાલ બને તેમ સંપૂર્ણ અને સૂચક કરવા તેમણે ખૂબજ પરિશ્રમ ઉઠાવ્યો હતો.

શ્રી. ફડકેના અહેવાલ બાદ હિંદની 'બાળકેળવણી' એ વાર્તાલાપ [Symposium] શરૂ થયો હતો. તેની શરૂઆત મદ્રાસના ડૉ. વી. એન. શર્માએ કરી હતી. ત્યાર પછી શ્રી. નૂતન બાલશિક્ષણ સંઘના પ્રતિનિધિ શ્રી. શેષ નામલેએ ગયા પચ્ચીસ વર્ષમાં લોકપ્રયત્નથી પૂર્વપ્રાથમિક કેળવણીની કે કંઈ પ્રગતિ થઈ છે તેનો ખ્યાલ આપતા કહ્યું હતું જે હિંદના ૬ વર્ષથી નીચેના સાડાત્રણ કરોડ બાળકોમાંથી હિંદની કુલ પૂર્વ પ્રાથમિક શાળાઓ કે બાલમંદિરોદ્વારા હજી પાંચ હુન્નર બાળકોને પણ અડી શકયા નથી. સરકારી પ્રયત્ન સિવાય આ કાર્ય ખાનગી પ્રયત્નોથી થાય એ અશકય છે. અનેક જાતનાં સંશોધનોપર અને શિક્ષણનાં ક્ષેત્રોપર આપણે ખરચ કરીએ છીએ પરંતુ કરોડો બાળકોને આપણે કઈ સ્થિતિમા ઉપેક્ષિત રાખ્યા છે તેનું વર્ણન કર્યું હતું. એ દિશામાં નૂતન બાલશિક્ષણ સંઘ અને શિશુવિહાર મંડળ તરફથી થતા અલ્પ પ્રયત્નોનો ખ્યાલ આપ્યો હતો.

બપોરના અધિવેશનમાં કેટલાક પ્રબંધો (પેપર્સ) વંચાયા હતા. તેમાં શ્રી. સી. પી. કામાક્ષી અમ્માએ રજૂ કરેલો પ્રબંધ મને પૂર્વ પ્રાથમિક કેળવણીની દૃષ્ટિએ બહુજ મહત્વનો લાગ્યો. તેમનો વિષય હતો 'બાળમંદિરોમાં જતાં બાળકોના મનોવિકાસપર થતી અસર.' આ વિષય પરત્વેનું પોતાનું સંશોધન રજુ કરતાં તેમણે, બાલમંદિરોમાં જતાં અને નહિ જતાં સાડા ત્રણસો મધ્યમવર્ગીય અંગ્રેજી બાળકોને તપાસ્યાં હતાં. તેમનુ જુદી જુદી ઉમરે બુદ્ધિમાપન કર્યું હતું. સામાન્યતઃ બુદ્ધિનો ગુણાંક Intelligence quotient દરેક વ્યક્તિને માટે ૬ વર્ષ પછી કોઈપણ ઉમરે એક સરખોજ રહેતો હોય છે. એટલે કે માણસની બુદ્ધિની કક્ષા કંઈક નિશ્ચિત હોય છે. ૬ વર્ષ પછી તેનાપર પરિસ્થિતિની પણ અસર થતી નથી. પરંતુ ૬ વર્ષની નીચેનાં બાળકોની બાબતમાં આત્ર તે વધવાની શકયતા રહે છે. બાળમંદિરોની અસરથી બાળકોની બુદ્ધિના ગુણાંકમાં થતો વધારો તેમણે નોંધ્યો હતો. આપણા બાળમંદિરોની અસર પણ આપણાં બાળકો પર શી થાય છે તે સંબંધીના વ્યાપક પ્રયોગો આપણે ત્યાં થાય તો પૂર્વ પ્રાથમિક કેળવણીના લાભ વિશે લોકોની ખાત્રી થવામાં તેનો ઉપયોગ થશે, એમ લાગતું હતુ.

પ્રબંધો પછી સમેલને બેનંબરાવો સર્વાનુમતે કર્યા હતા. ઠરાવ ૧ લો.

મધ્યવર્તી સરકાર, પ્રાંતીય સરકારો અને સંસ્થાની ઘોષણાઓમાં વારવાર બાળકેળવણીનું ગુણગાન અને મહત્ત્વનો સ્વીકાર હોય છે. છતાં આ કેળવણીનું ક્ષેત્ર પ્રત્યક્ષ વસ્તુસ્થિતિ જોતાં દુર્લક્ષિત અને ઉપેક્ષિત રહ્યું છે. તેની આ સમેલન સખેદ નોંધ કરે છે, અને તેથી આ સરકારને આ દિશામાં કોઈ પણ જાતનો કાલાપવ્યય કર્યા-વગર પગલાં ભરે એની વિનતિ કરે છે.

આગળ જતાં ઠરાવમાં આ કેળવણી માટે પ્રાંતોમાં, સંસ્થાનોમાં તેમજ મધ્યમાં, પૂર્વપ્રાથમિક કેળવણી માટે બોર્ડસની રચના કરીને તે દ્વારા પૂર્વપ્રાથમિક કેળવણીની યોજના ઘડે. અને બાળસાહિત્ય, શિક્ષણસાહિત્ય, ચિત્રપટો, ગ્રામોફોન રેકૉર્ડસ, બાળક્રીડાસાહિત્ય વગેરેની યોજના હાથમાં લે.

બીજા ઠરાવ દ્વારા અખિલ હિંદમાં સર્વ પ્રાંતો માટે એક અખિલ હિંદ રાષ્ટ્રીય બાળક દિન ઊજવવા માટે અને તે દિવસે શાળાઓ, કચેરીઓ વ. અને રોજીંદો વ્યવહાર બંધ રાખી, બાળજીવન વિશે વિચાર અને પ્રચાર કરે તે માટે એક રજનો દિવસ યોજવાની મધ્યસ્થ સરકારને વિનતિ કરવામાં આવી હતી.

અંતમાં આભારપ્રદર્શન થયું હતું.

અખિલ હિંદ પરિષદની કાર્યવાહી પર નૂતન બાળશિક્ષણ સંઘના આ વર્ષના પ્રતિનિધિ શ્રી. શેષ નામલેને ચૂંટવામાં આવ્યા હતા. આવતા વર્ષે આ પરિષદનું રૂપમું અધિવેશન દક્ષિણ હૈદરાબાદ ખાતે ભરવાનું જાહેર કરવામાં આવ્યું હતું. ના૦

'આ મારું, આ મારું, આ બીજા કોઇનું નહીં'

બાળકો એ આવતી કાલના નાગરિકો છે. આવતી કાલે રામરાજ્ય હશે. વર્ગહીન સમાજરચના હશે. વ્યકિત અને સમાજનું હિત એક સાથે સચવાશે. એવા સમાજમાં યોગ્ય નાગરિક તરીકે રહી શકે એવી તાલીમ આપણાં બાળકોને આપવાની છે. એ તાલીમમાં 'મા' તરીકે મારે જે ભાગ ભજવવાનો છે તે બરાબર જ ભજવાય એનો ખ્યાલ, જાગ્રત મા થવાની હોંશને લીધે મને રહ્યો છે. એ દૃષ્ટિથી મારા બાબાનું હું હમેશા અવલોકન કરતી આવી છું. આવતી કાલના સમાજમાં 'આ મારું, આ મારું' ની પ્રેરણાનું (Instinct of possession) ઉદાત્તીકરણ (sublimation) થયેલું હશે. એ ઉદાત્તીકરણમાં મારે જે ફાળો આપવાનો છે, તેમાં ભૂલ ન થાય તો સારું એવી ઇચ્છા હંમેશ રહી છે. પણ આ પ્રેરણા બાળકોમાં કેટલી પ્રબળ હોય છે તેનો આવિષ્કાર મને મારા બાબાના વર્તનમાં જે રીતે દેખાયો તે આ પ્રમાણે છે.

અમે જે મકાનમાં રહીએ છીએ ત્યાં બધા જ શેરબજારના વેપારીઓ રહે છે. બાળકેળવણીના નવા વિચારો એમની સ્ત્રીઓને કાને તો પડયા જ નથી. અને પુરુષોએ કયાંક સાંભળ્યા હોય તો પણ કોઈના ગળે ઉતરેલા તો દેખાતા જ નથી. તેથી એમને ત્યાં બાળકોને મોંઘાંમૂલાં કપડાં, મિષ્ટાન્ન, ફરસાણ કે ફળફૂલનાં ભોજન, અને લત્તામાં જે ચાલતી હોય તે નિશાળમાં એમને ધકેલી દેવાં, એ ઉપરાંત બાળકોમાં રસ લેવા જેવું કાંઈ છે, અને એ ઉપરાંત ઘરમાં પણ એમની સાંસ્કારિક પ્રગતિ માટે કાંઈ લાવવાનું હોય છે એનું ખાસ ભાન નથી.

તેથી દર્શનના રમકડાથી રમવા, એની ચિત્રપોથીઓ જોવા, ચોપડીઓ વાંચવા, બીજા માસિકો પણ ઘરમાં ઘણાં આવતાં હોઈ એમાંથી ચીજો જોવા, ઘણાં બાળકો ભેગાં થાય છે. આ બધું એટલી હદ સુધી ચાલે છે કે ઘરે મળવા આવતાં મહેમાનો "તમારું તો ભાઈ બાળમંદિર જ છે" એમ કહીને અમારી મશ્કરી કરે છે. અને દર્શનના બાપુજી તો હંમેશા મને કહેતા, 'લે આ ઘર ભરીને બાળકો ભેગા થયાં. કર એમનું અવલોકન અને લખ. બાળકોનું અવલોકન કરવા કાંઈ બાળમંદિરમાં જ જવાની જરૂર છે?'

આ બધાં બાળકોનેં પોતાનાં રમકડાંનો અને ચોપડીઓનો પૂરેપૂરો લાભ દર્શન લેવા દેતો હતો. કયારેક કોઈ બાળક, નવું રમકડું ઘરમાં આવ્યું હોય ત્યારે તકરાર કરતું કે દર્શન આપતો નથી. અને હું એમને કહેતી કે એ રમી રહેશે પછી આપશે.

પણ એક બે વાર આમ જોવાનું મળ્યું. દર્શનની કાકાની દીકરી બેનો રમવા આવી હતી. એ જ્યારે આવે ત્યારે દર્શનના ટોપલા પાસેથી ઊઠવાની જ ના પાડે. કલાક દોઢ કલાક થાય તો પણ એમને ઊઠવાનું મન ન થાય. અને ઘરે જવા માટે તો એમને ફોસલાવવી જ પડે. પણ દર્શન એમને સુખેથી રમવા ન દે. 'એ ઉમા, નીતિ ને તું આનાથી રમ; તું આ લે;' એવી આજ્ઞા કરે એ મને કાંઈ ગમતુ નહી. દર્શન એમને ત્યાં ઘણીવાર રમવા જાય છે. ત્યારે ત્યાં એવું નહીંજ કરતો હોય એમ ધારું છું. ઘણીવાર એને ત્યાંથી કાંઈક લાવવાનુ મન થતુ. એમાંથી ખાસ કરીને ઢીંગલી લાવતો. કારણ ત્યાં બન્ને બેનો માટે બબ્બે એમ કરીને હમેશા નવી નવી ઢીંગલીઓ આવતી, તેથી એમનુ જોઈને એવી ઢીંગલી પાસે રાખવાનું એને મન થતું હશે એમ મે માની લીધુ. મેં ઘરમાં આપણી જૂના ઢબની લાકડી ઢીંગલી, એક રમકડું એક કળાના નમૂના તરીકે આણેલી અને એ એના ટોપલામાંજ પડી રહેતી. હમણાંજ મેં એક ચામડાના કામની ઢીંગલી ખરીદી છે તે દર્શનભાઈના પાકીટમાં જ પડી રહે છે. પણ પેલી કપડાની નવી ફૅશનની ઢીંગલી મે નહોતી આણી અને મારે લાવવી પણ નહોતી. ખેર. એ તો કયારેક ઢીંગલી રાખતો અને પાછી મૂકી આવતો.

પણ આ બેનો જ્યારે રમવા આવતી, ત્યારે એમને પણ સાથે કાંઈક લઈ જવાનું મન થાતું. અને એમાં દર્શનની હમેશા ના જ હોય. એમને જે લઈ જવાનું મન થાતુ તે ચીજોમા રંગીન કાચનાં મોટાં મોતી, લાલ રંગના બી, બાટલીપરનાં ગોળ પતરાનાં બૂચ, પુઠા અને કયારેક ચોપડીઓ. આટલી ચીજો રહેતી. એમાંથી ચોપડીઓ છોડીને બાકીની બધી વસ્તુઓમાં એની નાજ રહેતી. ખરું જોતા આ બધી ચીજો એની પાસે ઘણી દરેક ચીજ પચાસથી ઉપર) હતી. પણ એમાથી અકેક બબ્બે એ બેનોને આપવાની એણે ના પાડેલી. કયારેક મે એને સમજાવ્યો, કયારેક ધમકાવ્યો. એકવાર માર્યો, અને એમને આપ્યું. પણ એનાથી મારો હેતુ એ કે એ હોંશે હોંશે એમને એ ચીજ આપે, એ સફળ ન થયો. કયારેક તો છુપાવીને એમને પુગો કે બીજું કાંઈ આપીને મે એમને વિદાય કર્યા.

જવી જોઇએ. બાળક એ માણસજાતનો એક શક્તિશાળી ભાગ છે; એના અસ્તિત્વ વિના માણસજાત પ્રેમ, દયા, માયા વગેરે કયાંથી સમજાત અગર અનુભવત ? માતાપિતા માટે બાળક પ્રેમની શક્તિરૂપ છે. એ જ વાત મોટા સ્વરૂપમાં સમગ્ર જાતને લાગુ પડે છે. વિચારો કે એના વિના માણસ જાત કેટલી નિર્દય, કઠોર, અહંમન્ય (Egotistical) અને સ્વાર્થી થઇ જાત ? પરમાર્થનો પહેલો પાઠ દરેક માણસ પોતાના બાળક પાસેથી જ શીખે છે. બાળકે જ માણસ જાતમાં પ્રેમનો ઝરો વહેતો રાખ્યો છે !

આવાં દૃષ્ટિબિંદુઓથી જ આપણે કેળવણીનો વિચાર કરીએ, બાળક તરફ માન અને પ્રેમની દૃષ્ટિથી જોઇએ, અને સમજીએ કે આ બાળક જ માણસ જાતનું ઘડતર કરે છે.

બાળકના વિકાસના ક્ષેત્રમાંથી જ આપણને નવાં નવાં બળોનું ઉદ્‌બોધન થાય છે. એનામાંથી જ શાંતિ, પ્રેમ અને સંપૂર્ણતાનું આવિષ્કરણ થવાનું છે. બાળકમાં એવી શક્તિઓ ભરેલી છે કે જેથી તે માનવજાતને અત્યારની દુઃખ અને દર્દભરી દશામાંથી શાંતિ, પ્રેમ અને સંપૂર્ણતાને રસ્તે લઇ જશે. આપણે ઇચ્છીએ કે બાળકના વ્યક્તિવિશેષત્વને ઓળખવાની શક્તિ આપ-

---

બાલમંદિરમાં બાગકામ

જેઠ મહિનાના અંકમાં (વર્ષ ૬૯મું અંક ૪થો) બાલમંદિરમાં બાગકામ અંગે લખતાં બિયાં વાવવાની વિગત લખી હતી. બાલમંદિરમાં જ દાણા કેવી રીતે વવાય, તેમાંથી ફણગો કેમ ફૂટે, અને તેનો રોપ કેવી રીતે વધે તે પ્રત્યક્ષ અવલોકનદ્વારા બાળકો જુએ અને સમજે એ દૃષ્ટિ એમાં રજૂ કરી હતી. બાળકોને સૃષ્ટિ-નિરીક્ષણનું જ્ઞાન કેમ આપવું તે બતાવવા માટે એમાં પ્રયત્ન કર્યો હતો, અને તેથી જ એને પ્રાયોગિક બાગકામ એવું નામ આપ્યું હતું.

એ વિચારને અહીં લંબાવીએ, અને બાગકામની દિશામાં બાલમંદિરમાં બીજું શું થઇ શકે તેવું છે તે આપણે જોઇએ.

ઝાડની ડાળીઓ. દુનિયામાં અનેક પદાર્થો પડેલા છે. તેમની વૈજ્ઞાનિક દૃષ્ટિએ માહિતી મેળવવી એ બાલશિક્ષણનું એક અગ-ત્યનું અંગ છે. આવું જ્ઞાન પ્રાપ્ત થાય તે અગાઉ અવલોકન– પદાર્થોનું અનેક રીતે ઝીણવટથી નિરીક્ષણ કરવું જરૂરી છે. ખરું જોતાં વનસ્પતિશાસ્ત્ર અને બાગકામ એ પરસ્પર પોષક અને ઉત્તેજક વિષયો ગણવા જોઇએ—છે.

એમ માનીએ કે એક બાલમંદિર મોટા શહેરમાં ગીચ લતામાં આવેલું છે. સંભવ છે કે એને માટેનું મકાન ત્રીજે, ચોથે કે પાંચમે માળે પણ આવેલું હોય. આવા બાલમંદિર માટે બાગકામ કરવું છેક અશક્ય છે, કોઇ બાલમંદિરને જરા વધારે સગવડ મળી હોય તોપણ તેની પાસેની છૂટી જગ્યા એવડી મોટી ન હોય કે જ્યાં જાતજાતનાં ફૂલઝાડ, વેલાઓ કે મોટાં ઝાડો ઉછેરવાનું શક્ય બને. આવી જગ્યાએ બગીચાને અભાવે વર્ગમાં ઝાડની અથવા વેલાની ડાળીઓ લાવીને ગોઠવવાથી ઘણો અર્થ સરે છે.

ઘણી વાર બાળકો શાળાએ આવતાં રસ્તામાં અનેક ઝાડો જુએ છે, અનેકને ફૂલો ખીલેલાં જુએ છે, અનેક વૃક્ષો ફળોથી લચી પડેલાં નજરે આવે છે; કેટલાં ય ઝાડોને નવાં ફૂંપળો ફૂટતાં હોય છે તો કેટલાં ય સાવ પાંદડાં વિનાનાં સૂકાં ભઠ્ઠ હોય છે. જો શિક્ષક આ દિશામાં અવલોકન કરવા અંગે બાળકોનું ધ્યાન ન ખેંચે તો તેમના લક્ષમાં આ બધા ફેરફારો આવતા નથી. મારો અનુભવ કહું. એક પ્રાથમિક શાળાની સામે જ કેસૂડો ખૂબ ખીલ્યો હતો. રોજ રોજ જથ્થાબંધ કેસરી ફૂલોના ઢગલા રસ્તા પર વેરાતા હતા અને બાળકો તેના પરથી ચાલીને શાળાએ જતાં હતાં. મેં રમૂજમાં જ એક બાળકને પૂછ્યું : "તમે કેસૂડાનાં ફૂલ જોયાં છે ?" અને ભારે નવાઇ વચ્ચે પેલા બાળકે મને જવાબ આપ્યો : " ના, મેં હજુ સુધી નથી જોયાં. "

વસંતઋતુમાં લીંબડાઓ ઘેાળાં ઝીણાં ફૂલોથી શોભી ઊઠે છે, અને તેની મધુર સુગંધ આસપાસ ચોમેર પ્રસરી રહી હોય છે, છતાં બાળકોનું ધ્યાન એ તરફ જતું નથી હોતું. આંબાનો મોર, ગુલમહોરનાં લાલ લાલ આકર્ષક ફૂલોના ગુચ્છાઓ, વડલાના લાલ લાલ ટેટા, શિરીષ (સરસડો)નાં નાજુક ઘેાળાં-લાલ ચમરી જેવાં ફૂલો; આવી અનેક શોભાઓભર્યાં ઝાડો આપણને બોલાવી રહ્યાં હોય છે પણ પડખેથી પસાર થનારાં બાળકોનું ધ્યાન એ તરફ કદી ગયું હોતું નથી. એનું મુખ્ય કારણ ઘરમાં વડીલો કે શાળામાં શિક્ષકો બાળકોને રસ્તે જતાં આંખકાન ઉઘાડા રાખીને ચાલવાનું શીખવતાં નથી એ જ છે. અનેકવિધ પક્ષીઓના મૃદુમંજુલ બોલો તેમને કાને અથડાઇને પાછા પડે છે; મેંદી, લીંબડો, શિરીષ ને ગુલમહોર જેવાં રોજ નજરે પડતાં ઝાડોનાં ફૂલોની મંદ-મધુર સુવાસ તેમની ઘ્રાણેંદ્રિય સુધી પહોંચતી નથી; નવપલ્લવિત વૃક્ષવેલીઓ અગર તો ફૂલોથી લચી પડતાં ફૂલઝાડો તેમની આંખો જોઇ શકતી નથી. એમને જે કોઇ પણ જાતની માહિતી હોય તો તે પુસ્તકોમાં છપેલ હકીકતોની જ હોય છે.

આ કારણે શિક્ષકોએ આવાં ફૂલઝાડો કે વેલાઓની ડાળીઓ લાવીને વર્ગમાં ગોઠવી રાખવી જોઇએ. આવું કામ બાળકોને પણ સોંપી શકાય, પણ ડાળીઓ લાવતી વખતે તે ઝાડો કે ફૂલછોડોનો નાશ ન થઇ જાય એવી રીતે તે કેમ લાવવાં તેની સમજણ તેમને આપવી જોઇએ. આંબો અથવા આસોપાલવનાં કુમળાં પાન, સરગવો અગર લીંબુનો મોર, કેસૂડાંનાં ખીલેલાં ફૂલો તથા કળીઓભરી કોઇ ડાળખી કે ગુલમહોરનાં ફૂલોનો ગુચ્છો લઇને અગર વડલો, પીપળો, આંબલી કે શક્ય હોય ત્યાં જાંબુડો, કેળ અથવા કોકળ જેવાં ઘરની આસપાસનાં વૃક્ષો અથવા વેલાઓનો પરિચય બાળકોને સહેજે કરાવી શકાય. જંગલમાં જ મળતી વનસ્પતિ પૈકી પણ ઘણી જાતો લાવી શકાય. આવળ, કેરડા કે બાવળની રંગભરી ફૂલોવાળી ડાળીઓ પણ વર્ગમાં સુશોભન તરીકે કોઇ વાર ગોઠવી શકાય.

શીશીઓમાં બાગ: નાના ઓરડામાં પણ શીશીઓમાં ફક્ત પાણીમાં સાચવી રાખીને કેટલીક વનસ્પતિઓ ઉછેરી શકાય છે. કદાચ ઘણા શિક્ષકોને આની માહિતી પણ નહિ હોય. શીશીમાં રોજ તાજું પાણી ભરવાથી મચ્છર થવાનો ભય રહેતો નથી. આવી વનસ્પતિઓ પૈકી કેટલીક એવી પણ હોય છે કે જે આ રીતે પાણીમાં વધે છે ને નવાં પાંદડાં કાઢે છે; કોઇને વળી ફૂલો પણ ખીલે છે. કેટલીયે પોતાનાં લાંબાં લાંબાં મૂળ શીશીમાં વધારે છે ને ઘણી-

અને જ્યા બહાર બેસી રહ્યા. ચિત્ર પૂરુ થયે બાપા બહાર આવ્યા. બોલ્યા, 'આ પાપ છ મહિને ય નિરાતે સિનેમા જોવા નહિ દે.'

તે દિવસથી જ્યા સિનેમાની વાત સાંભળે છે, ત્યાં રડવા માંડે છે. સિનેમામા જતી વેળા, સાથે આવનાર બાળકનો વિચાર ચિત્રપસંદગીમા માબાપો ક્યારે કરશે?

* * *

: ૫ :

શેઠને જે પી. નો ખિતાબ મળેલો એટલે મિત્રમંડળ પ'સે એમણે મિજબાની ઊભી કરાવેલી. આજે શેઠનાં ગુણગાન થવાનાં હતાં; ફોટા લેવાવાના હતા અને હારતોરા અર્પણ થવાના હતા. આઇસ્ક્રીમ ખાવાનો હતો. વિચારમાં સવારથી શેઠ ખૂબ જ આનંદમાં મરત હતા. બારેક વાગ્યા હશે ત્યાં શેઠની નાની દીકરી પ્રભા માટે, એની બેનપણી તારાનો ફોન આવ્યો તારા કહે, 'પ્રભા, મારી માશીની મંજુ આજે અમદાવાદથી આવી છે અને સાંજે પપ્પાએ ગાડી આપી છે એટલે અમે ચાર વાગ્યાથી ઉજાણી માટે જવાના છીએ; ચાંદની છે એટલે રાત્રે દસ વાગે પાછાં આવીશું. હું, તને રાત્રે ગાડીમાં તારે ઘરે મૂકી જઈશ. તું તારા બાપાને પૂછીને ચાર વાગે તૈયાર રહીશ? જરા પૂછી જોને!'

દોડતી પ્રભા શેઠ-શેઠાણીને વાત કરવા આવી. શેઠ લાલપીળા થઈ ગયા. 'બિલકુલ નહિ. આજે મારે માટે પાર્ટી છે ને તારે ત્યાં ભમવા જવું છે? બિલકુલ નહિ. બીજી વાર મોકલીશ, આજે નહિ.' ફોન ફોનને ઠેકાણે રહ્યો. પ્રભા રડતી બીજા ઓરડામાં ભરાઈ. ત્રણ કલાકે માએ માંડ એને મનાવી; રંગરંગનાં કપડાં પહેરાવ્યાં ને ભાતભાતનાં ઘરેણાં ચડાવ્યાં પણ પ્રભાની પ્રભા ઝાંખી હતી. સાંજે મિજબાનીમાં સૌ આનંદથી મહાલતા હતા ત્યારે પ્રભા રડવુ દબાવી, મૂઢ જેવી બેસી રહી હતી... પ્રભાને મન તારાની પેટી ઉજાણી જ વધુ મહત્ત્વની હતી; પણ બાપાને મન!!!!

એક અનુભવ:—'કહેતાં જ વાર'

આજે હું બરાબર ૧૧ માં પાંચ મિનિટ બાકી હતી ને સેવામંદિરમાં આવ્યો. આજે રોજના કરતાં કાંઈક નવુંજ જોયુ. રોજ હું આવતો ત્યારે તો બાળકોનું સ્નાન, માથું ગૂંથવાનુ વગેરે ચાલતું પણ ગઈ કાલેજ કેટલીક જરા મોટી બાળાઓને મે કહેલુ કે જરા વહેલાં આવી જલદી પરવારી જાવ, નાહી ધોઈ લો તો કેવું સારુ?

જાણે કે એના જવાબ રુપે જ મને તેઓ કહેતાં ન હોય તેમ—એક પાંચેક વર્ષની બેન જેનું નામ ડાહીબેન છે, દરેકથી જુદાં પડેતેવાં છે. કૃપાળાં ને બાળકોમાં ન હોય તેવાં છે. તે તો વહેલી સવારે ૭ વાગે ઊઠીને આવ્યાં, અને મને ધાંટો પાડયો. 'રમેશભાઈ.. ! લ્યો અમે આવ્યાં—શું કરીએ? મેં કહ્યું.' તમે આવી ગયાં? સારુ થયું. પણ બહુ વહેલાં આવ્યાં.' તે કહે. 'તમે કહો છોને વહેલાં આવજો; ત્યારે આવ્યાં. કહો, શું કરીએ?'

મેં કહ્યું—આવ્યાં તે તો ઠીક જ કર્યું. ચાલો આજે પૂંજો વાળી નાખો, બધું સફાઈનુ કામ કરો.' તે કહે, એ તો અમને આવડે છે. મે કહ્યું આવડતું હોય તો કરો. આપણા બાલમંદિરની સફાઈ તો આપણે કરીએ તેજ સારું ને? પછી તે તો ઉપડ્યાં; ઝાડુ અને મોટું વાસણ લઈ ને—થોડું ઘણું વાળ્યુ હશે, અને થોડો બીજો કચરો હશે તે ભરીને લાવ્યાં. કહે, કયાં નાંખું? મેં કહ્યું. 'પૂછો ભૈયાજીને,' પછી તો ભૈયાજીને પૂછીને તેમણે કચરો યોગ્ય જગ્યાએ નાંખ્યો. મારે કામ હતું એટલે બહાર ગયો. અને જ્યારે પાછો આવ્યો, ત્યારે જે જોયું તે શું?

ઘણાં ડાહીબેનની માફક વહેલાં આવેલાં અને નાહી ધોઈને પરવારી ગયાં હતાં અને સરસ સ્વચ્છ કપડાં પહેરી કાંઈ કામ જડયુ નહીં હોય એટલે ગરબા ચગાવતાં હતાં. તેમને ખબર પડી કે હું આવ્યો છું, એટલે તેઓ મને બહાર બોલાવવા આવ્યાં. કહે—ચાલોને અમે તો ક્યારનાયે પરવારીને ગરબા ચગાવીએ છોએ.

ગરબામાં છ, સાત બેનો હતી શરૂમાં તો કાંઇક હાર લઈ લઈને ગાયું. 'પછી ભીલડીકે ભગવાન આવો આવો.'—

આમ બે ગરબા સરસ મજાના ગાયા. ત્રણ તાળીમાં ગરબા ગવાતા હતા. એકએકથી વધુ સુંદર હાવભાવ સાથે તેઓ ગાતાં હતાં ખરેખર ઘણી મોટી બેનોને પણ ત્રણ તાળીમાં શરમાવે તેવી સરસ રીતે ગાતાં હતાં. દૂધનો સમય થયો. તેમને પીવા માટે બોલાવવામાં આવ્યાં. મંજીરા વગડયા. પણ તેમને આવવું ગમતું ન હતું. છતા છેવટે ઘણા આગ્રહ પછી આવ્યાં અને દૂધ પીધું.

સેવા મંદિર, મુંબઈ. **રમેશ મહેતા**

તારપરની કસરત

ઘરમાં જન ભેગી થઈ હતી. કોઈની બેબી તો કોઈનો બાબો, ઘણાં નાના મહેમાનો ભેગા થયાં હતાં. માઓનો બની ઠનીને હરવા ફરવાનો વખત અને બાળકોના રોવા, ધોવાનો, રડવાનો વખત એક જ. માઓ માર્યા કરે, છોકરાં રોયાં કરે, અને બીજા કોઈ આવીને સમજાવે. આમ ચાલતું હતું. 'ભારે હઠીલા છોકરાં, બેન, લઈ જાવ તમારી નિશાળમાં, અને જુઓને જરા ત્યાંય કાંઈ ઠીક રહે છે કે.' આવી રીતે માઓ મને પણ કયારેક સંભળાવતી હતી. પણ એકદમ નવા વાતાવરણમાં ઘરના માણસોને છોડીને આવેલાં એ છોકરાં, પોતાની જાણીતી, માનીતી એક માને ન વળગે તો કોને વળગે! આવડી જબરી નંદા (ઉમર ૨। વર્ષ) પણ આમથી તેમથી આવતી અને કહેતી 'મારી બા ક્યાં છે?' એકવાર આંબો ભરીને બાને જોઈ લેતી અને ફરીથી રમવા નિકળી જતી. એકવાર અમારા કાળા કૂતરાને થાબડતી હતી. એના મોઢાપર હાથ ફેરવતી ફેરવતી કહેતી હતી. 'હું છું હું કાળ્યા!!' એટલે કાળિયાને આધાર એનો અને એને આધાર માનો. છોકરાં ઘણાં ભેગાં થયા હતાં. પણ બાળકોને જોવાની મને બહુ મજા પડી. એક અમારો વિનોદ (ઉમર ૨॥ વર્ષ) અને બીજી અમારી નંદા.

વિનોદની તબિયત સારી નહોતી. તેથી એની મા એને કાંઈ ખાવા દેતી નહોતી. જમવાને વખતે એને બહાર ને બહાર જ ફેરવે. બહુ રડે ત્યારે એને દૂધ પિવડાવતી. એ આખો દિવસ ખાવાનું માગે અને આપતી નહીં. તેથી અમે એને વઢયા અને કીધુ 'ખાવા દે ને બિચારાને'. એણે ખાવા દીધુ અને એને ઉલટી થઈ. એ જોઈને અમે પણ ખાવા દેવાનો આગ્રહ છોડી દીધો. વિનોદે જોયું. રોઈ ધોઈને કાંઈ થાતું નથી. કોઈ આપણી બાજુ લેતું નથી, તો હવે શું કરવુ? પાતળ માંડ્યા હતા. રંગોળીઓ કાઢી હતી. રાંધાણિયામાં માજી વેડમી કરતાં હતાં. વિનોદ ધીમેથી અંદર ગયો. આખી પોળી ઉપાડીને લાવ્યો. પાતળપર મૂકીને ખાવાની શરૂઆત કરી. એની બડખોરી જોઈને બધા હસી પડ્યાં. એની બાએ વેડમી સાથે ખાવા માટે દૂધની વાટકી લાવીને એની સામે મૂકી. વિનોદને તો રસ્તોજ જડયો. બા પૌવા કરતી હતી. એણે રકાબી લીધી પોતાને હાથે ચાર પાંચ ચમચા પૌવા કાઢી લીધા. આખી રકાબી ભરાઈ ગઈ એમ જોઈને પછી ખાવાની શરૂઆત કરી. એને ઘણુ બધું જોઈએ છે. થોડું થોડું આપલુ ગમતું નથી. એવડાની રકાબી લઈને ઑફિસની રૂમમાં જઈને બેઠો. એ પણ બૂણામાંથી ખુરશીમાં પીઠ ફેરવીને નહીં તો કયાંક કોઈ આવીને એકાદ કોળિયો ખાઈ લે તો! આખો વખત 'એને આપતા નહીં.' 'તુ ખાતો નહીં.' એમ કહીને જ વિનોદ આમ બંડખોર થયોને? પ્રતિકારનું પરિણામ ઊધું આવે છે. માંદા છોકરાને પ્રમાણમાં ખાવા આપવું જોઈએ એ સાચું. પણ એને એમ લાગવું ન જોઈએ.

એવીજ એ નંદા! દોડાદોડ ભાગે છે અને રસ્તાપર જઈને ઊભી રહે છે તેથી એને સંભાળવી પડે છે. એનાપર હમેશા નજર રાખવી પડે છે. પણ એની એને બહુજ ચીડ ચઢે છે. કોઈ એની પાછળ જવા માંડે કે તરત 'તું નહી આવ, તુ નહીં આવ' એમ કહે છે અથવા નીચે બેસી જાય છે. આમજ એ રસ્તાપર જાય છે એમ જોઈ મેં આગળ આવી તરત ઝાંપો વાસી લીધો. ત્યારે એ તારમાથી નિકળીને બહાર ભાગી ગઈ, અને મારી સામું જોઈને હસવા મંડી. એકવાર મને કહે છે. 'હું બહાર જઈશને બારણું બધ કર.' હું ફાટક બધ કરવા ગઈ તો પોતે ઝાંપાની બહાર ઊભી રહી અને મને અંદર રાખીને ઝાંપો બધ કરવાનું કહેવા લાગી. પોતાને છૂટો ફરવા દેતા નથી એનું એને બહુજ ખોટું લાગતું હોય છે. તેથી નજર ચૂકવીને એ રસ્તાપર જઈને ઊભી રહે છે. ત્યારે શુ એને રસ્તાપર જવા દેવી? ના રે, એવા ખોટા લાડ કરીને કેમ ચાલે! એને ખબર ન પડે એવી રીતે એનાપર નજર રાખવી જોઈએ.

બાળકોને ના પાડીએ છીએ અથવા પ્રતિબંધ કરીએ છીએ, ત્યારે એમને એજ કરવાનું મન થાય છે. ભાંખોડિયાભર ચાલતા બાળકની સામે નાખેલું રમકડું એને નથી જોઈતુ હોતું, પણ ઉપાડીને મૂકેલુ જોતું હોય છે. એ ધ્યાનમાં રાખીને બાળકોને ના પાડવી નહીં, પ્રતિબંધ કરવો નહીં, અને છતાંય એમના સ્વભાવનું યોગ્ય ઘડતર કરવાનુ હોય છે. તારપરની કસરત જ છે આ. છતાં ચતુર માએ કરવી જ જોઈએ.

અનુતાઈ વાઘ.

અજ્ઞાન અને અભણ માવિત્રોની સમજણ !

દીકરી :— મા, નાના બાળકને આવું આવું ન બોલીએ, તેમનાપર હાથ ન ઉપાડાએ. બાળક તો પ્રભુનો અવતાર છે. શાળામાં બહેન કહેતા હતા કે જે માવિત્રો પોતાનાં બચ્ચાંને અપશબ્દો બોલે છે અને મારપીટ કરે છે તેમની સતતિ પર એ મારની બીકની માઠી અસર થાય છે, અને તેથી તેઓ જલદી સુધરી શકતાં નથી.

મા :— બેસ, બેસ, ડાહ્યલી. તારાં બાળકોને તું પંપાળજે. વેત જેવડી દીકરી મને શિખામણ આપવા આવી છે ! જોઈ તારી શાળા અને ભાળી તારી બહેન. નાનાં બચ્ચાં રડતાં ન રહે તો મારીએ નહિ તો શું તેની પૂજા કરીએ ? બળ્યું તારું ભણતર. પૂળો મૂક એ શાળાને. હું તો, તને શાળાએ મોકલાવતી વખતે તારા બાપુને ના જ કહેતી હતી કે દીકરીઓ ભણતાં વંઠી જાય છે અને મોટાંની સામુ બોલે છે. બળ્યું તારું ભણતર, માબાપની સામું બોલવાનું તારા બહેને તને શીખવ્યું છે ? ખબરદાર જો હવે બોલી છો તો. હાં...મેં તને જન્મ આપ્યો છે; તેં મને નહિ.

ડોશીમા :—ધનગવરી, દીકરી સાચું કહે છે. કુંવારી દીકરીને આવું તે બોલાતું હશે !

ધનગવરી :—બેસો, બેસો ડોશીમા. તમારે અમારી વાતમાં શા માટે બોલવું પડ્યું ? મારી દીકરીને હું ગમે તેમ બોલું તેમાં તમને શું ? જ્યારે ને ત્યારે અમારી વાતમાં વચ્ચે બોલી દીકરીનું ઉપરાણું લઈ તેને બગાડો છો. છોકરાંઓને તો મારીએ તો જ સુધરે. તેમને તો દાબમાં જ રાખ્યાં સારાં. છોડીના બાપુ કંઈ બોલતા નથી; બાકી તમને પેટમાં બળ્યું અને આવ્યા ઉપરાણું કરવા.

ઉપરોક્ત સંવાદ સાંભળી હું તો છક્કક જ થઈ ગયો. પોતાને સુધરેલા માનતા કુટુમ્બોમાં પણ આવું આવું સાંભળવાનું, જોવાનું આપણને મળે ત્યારે ખરેખર આપણને દુઃખ થયા વગર તો ન જ રહે. આવા માબાપોનાં બાળકો મારકૂટ; અપશબ્દોની બીકની અસર નીચે દબાયેલાં હોય છે. તેમને સુધારવા શિક્ષક—શિક્ષિકાઓને કેટલી તકલીફ લેવી પડતી હશે ! તેઓ શાળાસમયમાં આવા કુસંસ્કાર, ખોટી બીક ટાળવા પોતાથી બનતું કરે પણ તેમની સર્વ મહેનત ઘરના વાતાવરણમાં ભૂંસાઈ જાય છે; બલ્કે વિશેષ દૃઢ થાય છે.

વાત એમ હતી કે ધનગવરી—તેની દીકરી, નાનું બાળક, તેનો પતિ તેમ જ તેની એક પાડોશણ ડોશીમા આજેજ ટ્રેનની મુસાફરીએ નીકળ્યા હતા. અકસ્માતે મને પણ તેજ ડબામાં સ્થાન મળ્યું. ધનગવરીનું નાનું બાળક રડ્યું. તેને છાનું રાખવા પ્રયત્ન કર્યા છતાં છાનુ ન રહ્યું. એટલે. " મારો રોયો રાક્ષસ સાંપડ્યો છે; જરા વાર શાંતિથી બેસવા દેતો નથી " આવા કટકાક શબ્દો મારકૂટની સાથેજ તાલબદ્ધરીતે ધનગવરી બોલતી હતી. સંગીતમાં સાદા ઠેકાની જરૂરિયાત સમજનારી આ માતા પોતાના બાળકને કપલા શબ્દો સાથે ઝીકયે જતી હતી.

શાળાના સુદર વાતાવરણનું વિનયપૂર્વક ભાન કરાવનારી દીકરી માયુ બોલે છે અને પોતે વૃદ્ધ ડોશીમાને જાણે ઠીક બોલ્યું એમ સમજનારી ધનગવરીની સમજણ પર મને નવાઈ લાગી. વળી આ બધુ સાંભળવા, જોવા છતા બાળકના પિતા કંઈ પણ બોલતા ન હતા. એ જાણી મને વિશેષ આશ્ચર્ય લાગ્યુ. અટકળ કરી કે આ તેનુ બીજી વારનુ લગ્ન હોવું જોઈએ. વાતચીતને અંતે મારી અટકળ માચી હોવાનું જણાયું.

મને એક વિચાર સૂઝયો.

સતતિ માટે પથ્થરને પણ દેવ સમજનારી—પળે પળે આકરી બાધા લઈ હજારોનુ પાણી કરનારી માતા, સંતતિ મળ્યા પછી તેને 'મારો રોયો રાક્ષસ સાંપડ્યો છે' એમ કહેનારી હિન્દુનારીમા કેળવણીનો કેટલો બધો અભાવ છે ! સ્ત્રીકેળવણીનો જે રીતે પ્રચાર થાય છે તેમાં આ કે ગણા વેગની જરૂરિયાતનો પ્રશ્ન કેળવણીકારો વિચારે તો સારું એમ મને જણાયું. અ. કે ટક—ંકુ

બાલમંદિરો માટે સાધનો

બાળમંદિરો માટે સાધનો ખરીદતાં પહેલાં અમારું સૂચિપત્ર મંગાવો.

દરેક સાધનો શાસ્ત્રીય પદ્ધતિથી બનાવવામાં આવે છે, અને તે બધાં નિષ્ણાતોની દેખરેખ નીચે તૈયાર કરવામાં આવે છે.

સૂચિપત્રમાં જણાવેલ ભાવ ઉપર બાલમંદિરને જ ૬૪ ટકા કમિશન આપવામાં આવે છે.

આપની જરુરિયાત માટે લખો.

નૂતન શિક્ષણ સાધનાલય એન્ડ આર્ટ વર્કસ

લી : સૂરેન્દ્રનગર [વઢવાણ કેમ્પ] સૌરાષ્ટ્ર

ગણિત વિષયની સાધન-સૂચો

અંકગણિત

(૧) વિષય: મૂળાંકોનું જ્ઞાન

	સાધન	ઉદ્દેશ. (હેતુ)
૧.	પટ્ટાવાળી સીડી	અંકોના પરિમાણોનો ખ્યાલ
૨.	રેતિયા અક્ષરો	અંકોનાં ચિહ્નોનો પરિચય.
૩.	મોઈની પેટી	અંકોનાં ચિહ્નો અને પરિમાણોનો સંબંધ જોડવો અને શૂન્યનો ખ્યાલ આપવો.
૪.	છૂટી વસ્તુઓ અને સાદા અંકના કાર્ડોનો સેટ	અંકગણત્રીનો સ્પષ્ટ ખ્યાલ તથા સમ અને વિષમ અંકોની કલ્પના.
૫.	ટોપલીની [Basket game] રમત	ગણત્રી પાકી કરવા માટે.

(૨) દશક પરિમાણનો [હજારસુધી] પરિચય અને સંખ્યા.

૬.	હજાર, સો, દસ અને છૂટા [મણકાના]	દશક પરિમાણોનો પરિચય.
૭.	હજાર, સો, દસ, અને છૂટા [લાકડાનો સટ]	દશમાન રકમો મોઢે કહીને પરિમાણો બનાવવાં, લાવવાં અને લઈ જવાં.
૮.	હજાર, સો, દસ અને છૂટા [દસંક સંખ્યાના કાર્ડોનો મોટો સેટ]	દશમાન રકમો મોઢે કહેવાની; કાર્ડો મેળવીને સંખ્યા બનાવવી, લાવવી અને લઇ જવી.
૯.	૭ અને ૮ બન્ને સાધનો અને લાકડાની ટ્રે.	સંખ્યા અને પરિમાણનો સંબંધ જોડવો.

૩ ચાર મૂળ કૃત્યોનો પરિચય [સામુદાયિક રમત]

આ વખતે [૪] માં સૂચવેલો વિષય. [૩] ને સમાન્તર લેવો.

૧૦.	૯ માંનાં સાધનો અને સંખ્યાના કાર્ડના ત્રણ નાના સટ.	સરવાળાનો પ્રત્યક્ષ વ્યવહાર.
૧૧.	૯ માંનાં સાધનો અને સંખ્યાના ત્રણ નાના સટ.	બાદબાકીનો ,, ,,
૧૨.	૯ માંનાં સાધનો અને સંખ્યાના ત્રણ નાના સટ. દશકના પ્રતિનિધિઓ માટે રિબીન.	ભાગાકાર ,, ,,
૧૩.	૧૦ માંનાં સાધનો	ગુણાકારનો પ્રત્યક્ષ વ્યવહાર.

(૪) આંકડાની ગણત્રી: મૂળાંકોના વર્ગ અને ઘન.

૧૪.	રંગીન મણકાની પેટી	રંગ ઉપરથી નાના અંક પરિમાણનો પરિચય.
૧૫.	૧૪ અને દશકની ડબ્બી	૧૧ થી ૨૦ બનાવવા.
૧૬.	આંક પાટી નં. ૧ અને ૨	૧૧ થી ૨૦ ની સંખ્યારચના.
૧૭.	૧૫ અને ૧૬ નાં સાધનો	૧૧ થી ૨૦ ચિહ્નો અને પરિમાણોનો સંબંધ જોડવો.
૧૮.	દશકની ડબ્બી અને આંકની પાટી નં. ૩	૨૦, ૩૦, ૪૦, અને ૧૦૦ સુધીના દશક સ્થાનોના નામનો પરિચય. અત્યાર સુધી બે દસ, ત્રણ દસ એમ બોલતા હતા તે હવે વીસ, ત્રીસ એવાં નામો આપવાં.
૧૯.	અંક પાટી ન. ૩ દસ અને છૂટા	૨૦ થી ૩૦ અને પછી ક્રમશ: સો સુધી સંખ્યાઓની રચના અને સમજણ.
૨૦.	સો અને હજારોની માળા	એક પછી એક ગણવી. દસ, સો અને હજારની તુલનાત્મક લંબાઈની કલ્પના.
૨૧.	૧૦૦ સુધીની સંખ્યાઓની ટોપલીની રમત	૧૦૦ સુધીના આંકડાઓનો સચોટ ખ્યાલ.

(૫) એકાંકી સરવાળો.

૨૨.	સાદા સાપની રમતનું સાધન	એકાંકી સરવાળાના પલાખાં મોઢે થવામાં મદદ– છૂટક પરિમાણેાના દશકેા બનાવવા. સાધનેાની મદદ વડે સાપની રમત રાખવી.
૨૩.	સરવાળાનું પાટિયું, એકાંકી સરવાળાની ચિઠ્ઠીઓ, જવાબની સાથે મૂકવાની ચિઠ્ઠીઓ	એકાંકી સરવાળેા. અને સરવાળાનું પાટિયું એ રમતેા સમાન્તર રાખવી,
૨૪.	સરવાળાનેા ચાર્ટ [અ] [બ] અને [ક] અને સરવાળાની ચિઠ્ઠીઓ	એકાંકી સરવાળાનેા વધુ અભ્યાસ.
૨૫.	એકાંકી સરવાળાની ટેાપલીની રમત, કેારી ચેાપડીઓ.	એકાંકી સરવાળાનેા સ્પષ્ટ ખ્યાલ.

(૬) એકાંકી બાદબાકી.

આ વિષય એકાંકી સરવાળાની સમાન્તર લેવેા.

૨૬.	વત્તા ઓછા સાપની રમત	
૨૭.	બાદબાકીનું પાટિયું, બાદબાકીની ચિઠ્ઠીઓ, જવાબનેા તકતેા.	સાધનની મદદથી એકાંકીની બાદબાકી રમત.
૨૮.	બાદબાકીનું પાટિયું તથા બાદબાકીની ચિઠ્ઠીઓ.	એકાંકી બાદબાકીનેા અધિક અભ્યાસ.
૨૯.	બાદબાકીની ટેાપલીની રમત, કેારી ચેાપડીઓ.	એકાંકી બાદબાકીનેા વધુ સ્પષ્ટ ખ્યાલ.

(૭) એકાંકી ગુણાકાર, [ઘડીઆ.]

૩૦.	એકાંકી ગુણાકારનું પાટિયું, ગુણાકારની ચિઠ્ઠીઓ જવાબનેા રસ્તેા.	ઘડીઆની રચના.
૩૧.	એકાંકી ગુણાકારનેા તકતેા, ગુણાકાર ચિઠ્ઠીઓ, જવાબનેા તકતેા.	ઘડીઆનેા અભ્યાસ.
૩૨.	એકાંકી ગુણાકાર માટે ટેાપલીની રમત, કેારી ચેાપડીઓ.	,, સ્પષ્ટ. ખ્યાલ.

(૮) એકાંકી ભાગાકાર.

૩૩.	ભાગાકારનું પહેલું પાટિયું, એકાંકી ભાગાકારની ચિઠ્ઠીઓ, જવાબનેા તકતેા	એકાંકી ભાગાકાર.
૩૪.	ભાગાકારની ટેાપલીની રમત.	એકાંકી ભાગાકારનેા સ્પષ્ટ ખ્યાલ.

(૮) ચાર મૂળ કૃત્યેા પરની વૈયકિતક રમત.

૩૫.	ટપકાંની રમત. ટપકાંની રમત માટેનું પાટિયું અથવા કાગળ.	મેાટા સરવાળાની કલ્પના. વદીનેા પ્રશ્ન.
૩૬.	ટિકિટેાની રમત.	મેાટા સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકારની સમજણનું દૃઢીકરણ.

(૯) ચાર મૂળ કૃત્યેા [આગળ ચાલુ]

૩૭.	મણકાની ઘેાડી [હજાર સુધીની] અને દશમાન લીટીઓનેા કાગળ.	ઘેાડી ઉપર સંખ્યા ગેાઠવવી અને ગણવી. કાગળ ઉપર સંખ્યા મૂકવી અને ગણવી.
૩૮.	મણકાની નાની ઘેાડી અને સરવાળાની ચેાપડીઓ.	ઘેાડીની મદદથી હજાર સુધી સરવાળા.
૩૯.	મણકાની નાની ઘેાડી અને બાદબાકીની ચેાપડીઓ	ઘેાડીની મદદથી બાદબાકી.
૪૦.	મણકાની ઘેાડી અને ગુણાકારની ચેાપડીઓ.	ઘેાડીની મદદથી ગુણાકાર.
૪૧.	મણકાની ઘેાડી [મેાટી] અને દશમાની લીટીઓના મેાટા કાગળ.	કરેાડ સુધીના સરવાળા, બાદબાકી અને ગુણાકાર.
૪૨.	ભાગાકારનાં પાટિયાં, મણકા, ડબ્બીઓ વગેરે અને ભાગાકારની ચેાપડાઓ.	મેાટેા ભાગાકાર.

૪૩. અપૂર્ણાંક સાધન.
૪૪. ,, ,,
૪૫. ,, ,,
૪૬. આ દશાંશ સાધન

૪૭. ભૌમિતિક શબ્દોની ડબ્બીઓ
૪૮. રચનાપેટીઓ
૪૯. ક્ષેત્રફળની પેટીઓ.

૫૦. કંપાસ પેટી, કાતર, કાગળ.

અપૂર્ણાંકપરિચય.

અપૂર્ણાંક ઓળખાણ.
,, લેખન.
અપૂર્ણાંકનાં સહેલાં મૂળ કૃત્યો.
અપૂર્ણાંક અને દશક. તેમનાં રૂપાન્તરો.

ભૂમિતિ.

આકૃતિનાં નામોનો સ્પષ્ટ ખ્યાલ.
ભૌ. આકૃતિની રચના.
ક્ષેત્રફળની કલ્પના અને ભૌ. આકૃતિના ક્ષેત્રફળની કલ્પના. ભૌમિતિક આકૃતિની પરિભાષા.
ભૌમિતિક આકૃતિની રચના.

અક્ષર—ગણિત

૫૧. અક્ષરગણિત પરિભાષા. — અક્ષર ગણિતના સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર.
૫૨. દ્વિપદીના વર્ગોનું સાધન. — દ્વિપદના વર્ગોની કલ્પના,
૫૩. ,, ઘનોનું ,, — ,, ઘનોની ,,
૫૪. ત્રિપદીના વર્ગોનું સાધન — ત્રિપદીના વર્ગોની કલ્પના.
૫૫. ,, ઘનોનું ,, — ,, ઘનોની કલ્પના.
૫૬. બહુપદીના વર્ગોનું સાધન — બહુપદીના વર્ગોની કલ્પના.

ઉપરનાં જે સાધનો બજારમાં મળતાં નથી તે સાધનો સંઘ તરફથી તૈયાર કરાવવામાં આવશે.

એના જેવી જો પાંખ મળી જાય, મળી જાય.
તો ઊડ્યા કરું, હું ઊડ્યા કરું! પણ હવે તો—

અંબિકાના વિમાનમાં

વગર પાંખે પણ ઊડી શકાય છે!

મુંબઈ થી રાજકોટ	:	૭૫ રૂપિયા.
રાજકોટ થી પોરબંદર	:	૧૦ ,,
મુંબઇ થી વડોદરા	:	૫૦ ,,
મુંબઈ થી અમદાવાદ	:	૬૦ ,,
વડોદરા થી અમદાવાદ	:	૬૦ ,,

દેશના કોઈપણ પ્રદેશમાં જવા માટે 'ચાર્ટર' વિમાન મળી શકશે. તમારો સામાન પણ વિમાનદ્વારા મોકલવાની અંબિકા સગવડતા કરી આપે છે. વધુ વિગતો માટે :

અંબિકા એર લાઈન્સ.

— બુકિંગ ઑફિસ —

એન. એમ. વાડિયા બિલ્ડિંગ, બેલ લેન, કોટ, મુંબઈ. ફોન—૩૪૮૬૩.

મૂળાક્ષર – શિક્ષણનું નવું સાહિત્ય

વાંચન શિખવવા માટે અત્યારે જે પદ્ધતિઓ ચાલે છે તેના મૂળમાં બે પ્રકારની વિચારશ્રેણીઓ દેખાય છે. વાંચન માટે પ્રથમ મૂળાક્ષરોનો સ્વતંત્ર પરિચય કરાવવાનું જેઓ આવશ્યક માને છે તેઓની પદ્ધતિઓને 'મૂળાક્ષર' પદ્ધતિ, તરીકે જુદી પાડી શકાય; ત્યારે બીજા કેટલાક જેઓ વાંચનની શરૂઆત, પ્રસંગ, વાક્ય અથવા શબ્દવડે થવી જોઈએ એવું માને છે; અને એ રીતે વાંચન શિક્ષણનો ક્રમ ગોઠવે છે; તેઓની પદ્ધતિને 'વાક્ય પદ્ધતિ'ને નામે ઓળખી શકાય. મૂળાક્ષરશિક્ષણના શ્રી. શેષ નામલેના આ સાહિત્યની પછવાડે પહેલા પ્રકારની વિચારશ્રેણી દેખાય છે.

'મૂળાક્ષર પદ્ધતિ' માં અત્યારે જાત જાતના અખતરાઓ થાય છે. તેમાંના આ અખતરાની પછવાડે બાળમંદિરોમાં અક્ષરો શિખવવા માટે જે તંત્ર ઉપયોગી થઈ પડ્યું તેજ તંત્ર નવાં સાધનોની યોજનામાં દેખાય છે. આ સાહિત્યમાં મૂળાક્ષરોની જોડીઓ, દસ તકતાઓ અને એક મૂળાક્ષર પોથીનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ તકતાઓનો આકાર ૫" × ૧૯" છે અને તે બે રંગમાં છાપેલા છે. દરેક તકતાપર પોણા ત્રણ ઇંચ જેટલા પહોળા સ્પષ્ટ ચાર અક્ષરો, ઝાંખી પીળી બેક ગ્રાઉંડપર ઘેરા લીલા રંગમાં છાપવામાં આવ્યા છે. સ્વરસંજ્ઞાઓ માટે ઘેરા નારંગી રંગનો ઉપયોગ કર્યો છે. તેથી તકતા આકર્ષક થયા છે. અક્ષરજ્ઞાન પુસ્તિકામાં કુલ બત્રીસ પાનાં છે અને તેમાં ત્રણ રંગોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેની રચના અત્યારે બજારમાં મળતી બાળપોથી કરતાં તદ્દન નવી જાતની છે. આ પોથીના કવર પેજની અંદરના ભાગમાં આ સાહિત્ય બાળકો તથા નહિ ભણેલા પ્રૌઢોને માટે કેવી રીતે વાપરવું જોઈએ તે માટેની સૂચનાઓ છે.

અક્ષરપદ્ધતિથી લખાએલી ચોપડીઓ અથવા બાળપોથીઓ વર્ગ પદ્ધતિ માટે લખાએલી હોય છે. આ સાહિત્ય બાલમંદિરોની પદ્ધતિની જેમ વ્યક્તિગત ઉપયોગ માટે છે અને તેની યોજનામાં સ્વયંશિક્ષણનો (auto-education) અવકાશ રાખવામાં આવ્યો છે.

કોઈપણ મૂળાક્ષરપોથીમાં ગણપતિનો 'ગ' અને કૂળિયાનો 'કૂ' અથવા અજગરનો 'અ' વગેરે ચિત્રપદ્ધતિનો, ઉપયોગ કરવામાં આવતો હોય છે. આ ચિત્રોનો ઉદ્દેશ બાળકને આકર્ષવાનો તેમજ ગણપતિ જેવા પરિચિત શબ્દનો ઉપયોગ કરીને 'ગ' અક્ષરની સ્મૃતિ પાકી કરવાનો હોય છે. આવી અનેક પ્રકારની ચોપડીઓ બજારમાં હોવાથી અને શાળાઓમાં પણ વપરાતી હોવાથી તે વિશેનો અનુભવ હવે સૌને થઈ ચૂક્યો છે. તેમાં નીચેના દોષો જણાય છે.

૧ અક્ષરની સાથો સાથ ચિત્ર મૂકેલું હોવાથી બાળકનું ધ્યાન અક્ષરના આકાર કરતાં ચિત્રપર વિશેષ જાય છે અને બાળક ચિત્રને જોઈ તેજ અક્ષરનું નામ મોઢે કરે છે. અક્ષર ઓળખવાની દરકાર રાખતું નથી.

૨ 'અજગર નો અ' જેવા સાહચર્યમાં માત્ર અવાજનું સરખાપણું છે. બાળકને અક્ષરનો આકાર સાથે પરિચય કરવાનો હોય છે. તે માટે આ અવાજોનું સાહચર્ય પ્રત્યક્ષ રીતે ઉપયોગી થઈ શકતું નથી.

૩ તેથી અક્ષરોના પરિચય માટે વધારે પડતો સમય જાય છે. અને 'ગાય' શબ્દ વાંચવાના પ્રયત્નમાં બાળક ગણપતિનો ગ .. ગને કાનો ગા, યતિનો 'ય' 'ગાય' એવું વાંચવા તરફ દોરાય છે. વાંચનની પ્રગતિ કરવા માટે આ બધા પ્રથમ મોઢે કરેલા સબંધો (association) તેને ભૂલી જવા પડે છે.

બાળમંદિરની પદ્ધતિમાં ચિત્રપદ્ધતિનો સંબંધ કાઢી નાખવામાં આવ્યો છે. બાળમંદિરના શિક્ષકોનો અને મૉન્ટેસોરી પદ્ધતિનો અનુભવ એવો છે કે સ્વતઃ અક્ષરોના આકારોજ બાળકને આકર્ષક થઈ શકે એવા હોય છે. 'ક' ના ઉચ્ચાર સાથે 'ક'ના રૂપનું સાહચર્ય (association) સરળતાથી યોજી શકાય એવું હોય છે અને એ વસ્તુ જેટલી બાળકો માટે સાચી છે તેટલેજ અંશે તે પ્રૌઢોને માટે પણ સાચી છે. કૃત્રિમ સાહચર્ય ઊભું કરવાથી અક્ષરોના આકારો સમજવામાં વિક્ષેપ થાય છે. તેથી બાળમંદિરોમાં સીધા અક્ષરોજ આપવામાં આવે છે. આગળ જઈને બાળમંદિરની અક્ષરપદ્ધતિમાં નીચેના ખાસ મુદ્દાઓપર ધ્યાન આપવામાં આવતું હોય છે.

[૧] દરેક વખતે એક અક્ષર આપવાને બદલે આકારથી વિરોધી એવી જોડીના અક્ષરોનો પરિચય એક સાથે કરાવવામાં આવે છે.

[૨] અક્ષરની રજુઆત સાથે ચોખ્ખા ઉચ્ચારોના સાહચર્યપર જ ભાર દેવામાં આવે છે.

[૩] અક્ષરનો આકાર ઝીણવટથી ધ્યાનમા આવે– એ દૃષ્ટિએ અક્ષરો ઘૂટવાની વ્યવસ્થા હોય છે ઘૂટવામા સ્નાયુઓને મરોડનુ આકલન થાય છે તેમજ સ્પર્શ અને દૃષ્ટિ એ બન્ને ઇંદ્રિયોનો ઉપયોગ થાય છે

પરિણામે અક્ષરોના આકારો અથવા મરોડ સમજવાની વિદ્યાર્થીની ઝડપ વધે છે.

શ્રી નામલેના આ સાહિત્યમા એજ તત્ત્વનો ઉપયોગ કરવામા આવ્યો છે. મૂળાક્ષર જોડીઓના કુલ દસ તકતાઓ છે તેમાના આઠ તકતાઓ પર મૂળાક્ષરોની ચૌદ જોડી તથા સ્વરસજ્ઞાઓની બે જોડીઓનો સમાવેશ થયો છે આ ચૌદ જોડીમા જે અઠાવીસ અક્ષરો લેવામા આવ્યા છે તે આપણી ભાષામા આપણે વધારેમા વધારે વાપરીએ એવાજ અક્ષરો છે તેથી ઓછામા ઓછા અક્ષરો શીખી લઈને વિદ્યાર્થી સીધો વાચન પર આવી શકે છે અને પાછળથી બીજા અક્ષરો પોતાની મેળે શીખી શકે છે.

અક્ષરજ્ઞાનની આ યોજનામાં પ્રથમના ચાર અથવા પાંચ તકતા પરના અક્ષરોની સહેજ સહેજ ઓળખાણ આઠ કે દસ દિવસમા થઈ શકે છે અને પછી વિદ્યાર્થી ના હાથમા અક્ષરજ્ઞાન પોથી આપવામા આવે છે. એ પોથીમાં પહેલાજ પાઠમા કુલ ૯ અકારાન્ત શબ્દો આપવામા આવ્યા છે અને સ્વરસજ્ઞા સાથેના ત્રણ શબ્દો લેવામા આવ્યા છે ચાર પ્રાચ્ય તકતાઓના અક્ષરોનો પરિચય જેને થયો છે એવો વિદ્યાર્થી આ પાઠ પોતાની મેળેજ વાંચનાની શરૂઆત કરશે એકાદો શબ્દ તેને ન આવડે તો તેને શિક્ષકને પૂછવુ પડતુ નથી. એજ પાઠના સામેના પાનાપર બે રંગમા ચિત્રો આપવામા આવ્યા છે તેની મદદ, જોઈએ ત્યારે લઈને વિદ્યાર્થી પોતાનો પાઠ પાકો કરી શકે છે. પછી બીજો પાઠ આવે છે. આ પાઠમા અનેક રીતે નવીનતા છે. તેના શબ્દોની પસંદગીમા પ્રૌઢ તેમજ બાળકના પરિચિત એવાજ શબ્દો છે. તે શબ્દોનું વાચન વિદ્યાર્થી પોતાના પ્રયત્નથી જ કરી શકે તે માટે એક નવુ જ તંત્ર રજૂ કર્યું છે દાખલા તરીકે એ પાઠની શરૂઆત–આમ છે.

ન	ના	નામ
ગ	ગા	ગામ

વિદ્યાર્થી 'ન' અને 'ગ' ઓળખતો હોય છે. સ્વરસજ્ઞા પણ તે તકતાપરથી ઓળખવા શીખ્યો છે એ સ્થિતિમા તે પોતાની મેળેજ વાચી શકે છે 'ન ના નામ' અને 'ગ ગા ગામ.' આ પાઠ એક જાતની તાલબદ્ધતા, પુનરાવર્તન અને ભરપૂર સ્વયંસૂચના છે., તેથી એવા પાઠો વિદ્યાર્થીઓ પોતાને મેળેજ મોઢે કરવા પ્રેરાય તે સ્વાભાવિક છે. આગળ જતા ઈકાર ઊકાર, એકાર, ઓકારના અને અનુસ્વાર વગેરેનો સમાવેશ કર્યા છે વચ્ચે વચ્ચે દીર્ઘના પાઠો પણ એજ રીતે સ્વયં શિક્ષણના તત્ત્વનો ઉપયોગ કરીને યોજવામા આવ્યો છે

મને લાગે છે આ સાહિત્યનો ઉપયોગ દરેક મા બાપ પોતાના ઘરમા પોતાના બાળકોને તેમજ નોકરોને શીખવવા માટે સહેજે કરી શકશે બાલમંદિરમા આ સાહિત્યનો ઉપયોગ પણ એજ રીતે થઈ શકશે, પ્રૌઢ શિક્ષણના વર્ગો એ બાલમંદિરમાજ શરૂ કરી શકાય તો આ જ સાધનો પર ગામડાઓમા પ્રૌઢોને પણ સાક્ષર કરી શકાય માત્ર ચાર આઠવાડિયામા આ સાધનો દ્વારા પ્રૌઢો વાચવાનુ શીખી જાય છે એ શ્રી નામલેનો દાવો વ્યાપક પ્રમાણમા પ્રયોગો કરીને અજમાવવા જેવો મને લાગ્યો છે. તેથી સૌ શિક્ષક તથા પ્રૌઢશિક્ષણમા રસ લેતા ભાઈ બહેનોનું ધ્યાન આ સાધનો તરફ ખેંચવા માટે મે આ લેખ લખ્યો છે. —અકુલેશ

પૂર્વ આફ્રિકામાં નૂતન બાલશિક્ષણ સંઘ

ઇ. મૂ બાલમંદિરના એક વખતના આચાર્ય તરીકે કામ કરતા અને નૂ બા. શિ સંઘના એક સેવાભાવી કાર્યકર્તા શ્રી હેમુભાઈ રાજયગોર અને બાળકના અને લેખક તરીકે પ્રસિદ્ધિ પામેલા નૂ બા. શિ સંઘના બીજા કાર્યકર્તા શ્રી સોમાભાઈ ભાવસાર કેટલા બે વર્ષથી મોરબાના ખાતે આફ્રિકામાં ગયા છે પત્રિકાના વાચકો તો આપિરિચિતજ હશે આ બે કાર્યકર્તાઓએ ત્યાંના બીજા સંઘીય તેમજ અન્ય શિક્ષણ સંસ્થાઓના સહકારથી નૂતન બાલશિક્ષણ સંઘનો સંદેશ ઝાંઝીબાર, દારેસલામ કીગોમા, જીંજા કાકામેગા વગેરે સ્થળોમા પહોંચાડવાનુ વ્યવસ્થિત કાર્ય શરૂ કરી દીધુ છે એ વિભાગમા કામ કરતા લગભગ ૫૦ જેટલા કાર્યકરોનું સંગઠન તેમણે કર્યું છે. નૂતન બાલશિક્ષણ સંઘની વ્યવસ્થિત શાખા સ્થાપન કર્યાને તેમને અત્યારે એક વર્ષ થાય છે. તે દરમ્યાન તેમણે પ્રદર્શનો, વ્યાખ્યાનોના કાર્યક્રમો ગોઠવ્યા હતા. સંઘની એક ત્રૈમાસિક સમાચાર પત્રિકા દ્વારા તેઓ તેનો પ્રચાર વધારે સંગઠિત કરી રહ્યા છે પૂર્વાફ્રિકાના જુદા જુદા શહેરોમા રહેતા શિક્ષકોને સંઘની આ શાખા એક પ્રેરણાકેન્દ્ર તરીકે થઈ પડતુ હોય તો તે સ્વાભાવિકજ છે હિંદથી દૂર એવા પ્રદેશોમા સંઘના આ કાર્યકર્તાઓ જે કાર્ય કરી રહ્યા છે, તે અત્યંત ઉપયોગી છે કોઈ પણ જાતના સહાયની અપેક્ષા રાખ્યા વગર સેવાભાવથી પ્રચારનુ આ જે કાર્ય થઈ રહ્યુ છે તે માટે આ આફ્રિકાવાસી સંઘીય બંધુઓનું મનઃપૂર્વક અભિનંદન કરીએ છીએ. તંત્રી

ચાંદા મામાનો જય જયકાર !

રાત પડીને ચાંદો નીકળ્યો,
તારાની દુનિયાનો રાજા;
કળા છે એની ન્યારી ન્યારી,
મુખડું એનું પ્યારું પ્યારું.
રંગ અનેરું, રૂપ નિરાળું,
સૌનું મન ખુશ કરવાવાળું,
એને જોતાં સૌ ચૂપ થઈ ને
આંખોને ઠંડક પહોંચાડે.
ઝગમગ, ઝગમગ, કરતો નીકળ્યો,
જગમાં શોભા ભરતો નીકળ્યો,
સુંદર મુખ છુપાવી નીકળ્યો,
રંગ પોતાનું જમાવી નીકળ્યો,
ઠંડી, ગરમી સામે નીકળ્યો,
જગ આખાને દિપવતો નીકળ્યો,
થઈ ગમ્મ રાત્રિ કેવી મઝાની !
હવે છે એની વાત મઝાની !
તારા ચમકયા, નદીઓ ચમકી,
દરિયાનાં મોજાંઓ ચમકયાં,
શહેરે ચમકયું, વન પણ ચમકયું,
મન પણ ચમકયું, આંખે ચમકી.
જુઓ કેવો છે, મોટો ચંદ્રમા,
એની પાસે સૌ છે નાના;
પિતાની આંખના તારા સૌ છે,
પણ હવે તારા નહીં રહેશે,
તારાના હવે ચાંદા બનશે.
ચાંદ બનીને અમે ઝળકશું,
સૌ ચમકાવીશું દુનિયાને,
અસત્યને ઊઘાડું પાડી,
સત્યને સૌ અપનાવીશું.
ખાડા બખડા દૂર કરીને,
માર્ગ સીધો બનાવીશું સૌ,
મુખથી બોલી ઊઠે હિંદ પ્યારું,
લ્યો, ભાઈ, નિકળ્યો ચાંદો અમારો,
વંદેમાતરમ્ પુકારતાં સૌ,
જય જય કરશું ચંદ્રકળાનો.

અનુ:—બાબાભાઈ દેઢી.

બે જોડકણાં

મોટરગાડી

મોટર ગાડી,
આવે દોડી,
ધૂળ ઉડાડી,
ચાલો જોવા,
હડીઓ કાઢી.
ભોં ભોં કરતી,
એ તો સરતી,
દૂર દૂર જાતી,
અમને સહુને,
વિસ્મય કરતી.

ખિસકોલી

નાની મારી બોલી,
આવી ત્યાં ખિસકોલી;
હળવેથી એ બોલી,
"કોણ કહે હું ભોળી ?"
"આડું અવળું જોઉં છું,
નિશાન તાકી લઉં છું;
ઝટપટ દોડી જાઉં છું,
કણ કણ વીણી ખાઉં છું."

પૂનમચંદ શાહ.

પશુ કે પંખી કેવી રીતે ઓળખી શકશો ?

મેં એક દિવસ આનંદને પૂછ્યું,
તમે પંખી કોને કહેશો ?
જેને પાંખ હોય તે પંખી, બીજું શું ?
મેં કહ્યું, 'પાંખ હોય તે પંખી બરાબર;
તો પછી તમે વાગોળ અને ચામાચિડિયાને
શું કહેશો ?'
વાગોળ એટલે વડલા પર કે
પીંપળ પર દિવસે ઊંધી લટકે છે,
અને સાંજ પડે ઊડે છે; તેજ ને ?
હા, તેજ. પણ શું કહેશો એને ?
'શું એ પંખી નથી ? આનંદે પૂછ્યું.
'ના, એ પંખી નથી અને
ચામાચિડિયું પણ પંખી નથી;' મેં કહ્યું.
'કેમ એ ઊડે છે ને ?'
મેં કહ્યું:
ઘણાં પક્ષીઓની જેમ એ ઊડે છે
અને દેખાવમાં પણ પંખી જેવું જ લાગે છે
એ વાત પણ સાચી છે, છતાં એ પંખી નથી.
'તો પંખીને પછી કેવી રીતે ઓળખાય ?'
તમે વાગોળને કોઈ દિવસ નજીકથી જોઈ છે ?
'નજીકથી કેવી રીતે જોઈ શકાય' ? આનંદે પૂછ્યું
કેમ, મ્યૂઝિયમમાં કેમ ન જોઈ શકો તમે ?
કહોને પંખી કઈ રીતે ઓળખાય તે !
પંખીનાં બચ્ચાંને કોઈ દિવસ
તેની માતું ધાવણ લેતાં તમે જોયાં છે ?
ના. બીજા પંખીની મને ખબર નથી
પણ મેં કુકડી, મોર, ચકલી ને
કબુતરના બચ્ચાનું બરાબર અવલોકન કર્યું છે.
ઈંડામાંથી બહાર પડતાં એનાં બચ્ચાં મેં જોયાં છે.
તેની માને તેઓ ધાવતાં નથી.
જન્મ્યા પછી અર્ધા પોણા કલાકમાં જ
તેની માની જેમ તેઓ ચણવા લાગે છે.
તારું અવલોકન બરાબર છે; મેં કહ્યું.
પશુ અને પંખીઓમાં એ જ ખાસ
તફાવત છે. પશુનાં બચ્ચાં ધાવણ લે છે
ત્યારે પંખીનાં બચ્ચાં ચણતાં હોય છે.
બધાં પંખીઓની આ ખાસિયત છે.
બધા પશુને સ્તન હોય છે.

માદા પશુના સ્તનમાંથી પશુના બચ્ચાને ધાવણ મળે છે. પંખીઓને સ્તન હોતાં નથી અને તેથી તેનાં બચ્ચાઓને ધાવવાનું હોતું નથી.
વાગોળ અને ચામાચિડિયાને સ્તન હોય છે અને તેનાં બચ્ચાં તેને ધાવે છે; તેથી જ વાગોળને પંખી ન કહેતાં તેને પશુ કહેવી જોઈએ.
બધાં પંખીને ચાંચ હોય છે એ બરું કે નહિ?
ઘણાં બરાં પંખીઓને ચાંચ હોય છે એ બરું પણ જેને ચાંચ હોય તે પંખી– એમ આપણે નહિ કહી શકીએ; મેં કહ્યું.
આનંદ કહે, 'કેમ?'
મેં કહ્યું, કેટલાંક પ્રાણીઓને પણ, ચાંચ હોય છે. ઑસ્ટ્રેલિયામાં એક 'ડકબિલ' નામનું પશુ છે.
તે પંખીની જેમ ઈંડાં મૂકે છે અને તેને ચાંચ હોય છે.
'તો એને તમે પશુ કેમ કહો છો!' આનંદે પૂછ્યું.
કેમ કહેતા હશે! તુજ કહે. ને મેં કીધું.
'શું એનાં બચ્ચાં પણ ધાવે છે?'
આનંદે પૂછ્યું.
મેં કીધું: બરાબર એ જ પંખીની બરી બાસિયત છે, અને તેનાથી જ આપણે પશુ અને પંખીને જુદાં પાડી શકીએ. પાંખવાળી વાગોળ પશુ છે અને ઈંડાં મૂકનાર અને ચાંચવાળું ડક બિલ પણ પશુ જ છે.

બીજી પણ પંખીઓની એક બાસિયત છે. પશુને શરીરે વાળ હોય છે, ત્યારે પક્ષીના શરીર પર પીંછાં હોય છે. જેમ વાળ લાંબા કે ટૂંકા હોય છે તેમ પીંછાં પણ નાનાં કે મોટાં હોય છે. નાનાં પીંછાં ફરથી ટૂંકા વાળ જેવા લાગે છે; પણ ઝીણવટથી જોઈએ તો વાળ અને પીછાં ઓળખી શકાય છે.
અમારી આ વાતચીત પછી અમે રાણી બાગમાં જઈને એ રીતે દરેક પક્ષી અને દરેક પ્રાણી જોયું અને પશુ અને પંખીની બાસિયત વિશે બાતરી કરી લીધી.

જા૦

નાવડી

અમે હોંસે બનાવી એક નાવડી રે લોલ.
જાયે સરતી તે દૂર દૂર—અમે૦
રંગરંગી લીધા અમે કાગળો રે લોલ.
કરામત ભરી એમાં બૂંમ—અમે૦
તળાવ કાંઠે પહોંચ્યા ઉમંગમાં રે લોલ.
સંગ બાંધી નાની શી દોર—અમે૦
સમીર વાતા નાવ એ ચાલી રે લોલ.
સઢ દેતાં ફડફડ સૂર—અમે૦
અમ મનડાં લીધાં એણે સંગમાં રે લોલ.
જોવા દેશાવર દૂર દૂર—અમે૦
ચન્દ્ર-સૂર્ય– પહાડો શું શોભતાં રે લોલ.
દીઠાં ટમ ટમ તારલા નૂર—અમે૦
થાશું મોટાં 'નાવડી' ખેલશું રે લોલ.
જાશું પરીતણાં દેશ દૂર—અમે૦

હં. આસિ. સણીઆ હેમાદ. ता० ચોર્યાસી. } રામસિંહ વી. ચૌહાત.

☐ ચેતજો ચેતાડજો ! ☐ - કુમારશ્રી શિવજીભાઈ [illegible]

ભૂલતાં નહીં કે ડાળીને જેમ વાળશો તેમ ઝાડ વળશે. બાલકનું ભાવી ઘડવામાં માતા પિતાના ઉપર આધાર રાખે છે, એમ નેપોલિયન પણ કહી ગયો છે. ભૂલતાં નહીં કે બાળકની સરાહ કે કંઈ કહેવા કરતાં આપે એ સઘળું જીને તાલીમ આપે છે. ભૂલતાં નહીં કે બાળક એનું પ્રાથમિક, પ્રાથમિક, શાળા અને કુટુંબ શિક્ષણ તમારા કનેથી જ લે છે. એનો ભવિષ્યક્રમ ઘડવામાં મોટે ભાગે જવાબદાર તમે જ છો. આપણા ઘણા મહાન પુરુષોની મહત્તા, બહાર એમના બાળકોના શિક્ષણને આભારી છે. ભૂલતાં નહીં કે જેમ મોને તમ છે તેમ બોને-મન પણ છે.

(રાજા બીરબલના કેટલાંનો ભોગ કેમ નહીં)

મરીલા મીકાબહેન.

શ્રી. ગિજુભાઈ જયંતી ઉજવાઈ

શ્રી ભૂતપૂ કેળવણી મંડળ કચ્છ તરફ થી કચ્છનાં બાળકોમાં ચાલતી શાખાઓમાં બાલકેળવણીકાર સ્વ. ગિજુભાઈની જયંતિ ઉજવવા માટે બધેબધાનો જોર ઉજવવા આવી હતી. આ પ્રસંગે કચ્છના તથા બા-વાડીઓમાં તેમના ગુણનો પરિચય આપવા આવ્યો હતો અને બાલ સાહિત્યનું વાચન, બાળકો રાખવા કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત બાલગીતો, અંતાક્ષરી વગેરે કાર્યક્રમો થયા આપવામાં આવ્યા હતા. કાર્યક્રમને અંતે બાળકોને ઉપયોગી આપવામાં આવ્યો હતો.

શ્રી. 'બાલમંદિર' ની બાજુમાં ગિજુભાઈનું જયંતિ

તા. ૨૧-૧૧-૬૮ રવિવારે બાર બાલકોની આવી તરફથી સ્વ. શ્રી. ગિજુભાઈ જયંતિ અને બાર બાળકોનો વાર્ષિકોત્સવ લક્ષ્મીવિલાસ ડૉલ, બારમાં નગરીય શ્રી. મોરારજી કેશવજીના પ્રમુખપદે ઉજવાયો હતો. ઉત્સવમાં વાણી મહારાજ-શ્રિંદ્ર, શ્રી. શાંતિલાલ શાહ, શ્રી. વાંકરેકર, શ્રીમતી [illegible] તથા શ્રી. નાગડેલાઈ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. શરૂઆતમાં રંગપૂજા થયા પછી શ્રી. શાંતિલાલ શાહે તથા શ્રી. કાકાએ, શ્રી. [illegible] વાંચનો પરિચય આપ્યો હતો, અને [illegible] કાર્યની પિછાન આપી હતી. બાદ [illegible] પ્રમુખ શ્રી. મોરારજી ઉપાધ્યાયે, પધારેલા સૌને આવકારતું પ્રવચન કર્યું હતું, અને ગિજુભાઈને અંજલી આપી હતી. અને શ્રી મોરારજી બાઈને પ્રવચન કરવા વિનંતી કરી હતી. શ્રી. મોરારજી બાઈએ બાળમંદિર ગિજુભાઈ, શ્રી. ગિજુભાઈના કાર્યની યાદ આપી તેમના કાર્યને આગળ ધપાવવા જિંદગી કુરબાન કરી હતી. બાલકનજી-બારીનું કામ એ કેવળ નોકરીનું કામ છે એવો ભ્રમ ભાંગ્યું હતું. વડોદરાની કામગીરી રંગભાવક કાર્યક્રમો બંધ રહ્યો હતો, અંતમાં શ્રી. મંજુબેને આવેલાનો આભાર માન્યા બાદ, વંદેમાતરમ્ ગવાઈ રહેતાં બાલકનજી બારીના શિક્ષકોના ટોળાએ વચ્ચે રાખી ફૂટ્યા ગયા હતાં.

પૂનામાં મોન્ટેસોરી કોર્સ

પૂનામાં 'પૂના વિમેન્સ કાઉન્સીલ તરફથી મેડમ મોન્ટેસોરીના પ્રમુખપણા હેઠળ ૫ મી નવેમ્બર ૧૯૪૮ થી ત્રણ માસનો વર્ગ શરૂ થયો છે. આ વર્ગમાં બહારગામથી તથા પૂના શહેરમાંથી મળીને કુલ ૩૧૫ વિદ્યાર્થીઓ આવેલા છે. આમાં મધ્યભારત, આસામ, કોલ્હાપૂર, કોચીન વગેરે બાજુથી સરકાર અને બીનસરકારી સંસ્થાઓએ ખાસ મોકલાવેલા પ્રતિનિધિઓ પણ છે.

જ્ઞાનાર્જનનો ઉચ્ચ હેતુ ધ્યાનમાં લઈને આવેલા બધાં બહેનો તથા ભાઈઓને જોઈને બાળશિક્ષણ અંગે લોકોના મનમાં થયેલી જાગૃતિ સ્પષ્ટ દેખાય છે; આમાં જરા પણ શંકા નથી.

સર પરશરામભાઉ કોલેજના રમાબાઈ હોલમાં રોજ સાંજના ૫–૩૦ થી ૮–૩૦ સુધી આ વ્યાખ્યાનો આપવામાં આવે છે. અઠવાડિયામાં બે વખત મેડમ મોન્ટેસોરીના 'બાલ માનસશાસ્ત્ર' ઉપર વ્યાખ્યાન થાય છે. એનું ભાષાન્તર નગરના શ્રી. ફાટક અને સૌ. શામલા નાતૂ મરાઠી કરે છે વ્યાખ્યાનોની છપાવેલી નકલો વિદ્યાર્થીઓ માટે, ઓછી કીમત લઈને વેચાણની વ્યવસ્થા કરેલી છે. વર્ગમાં ભાગ ન લેનારા એવા બીજાઓ પાસેથી આ વ્યાખ્યાનો સાંભળવા માટે થોડી ફી લઈને તેમને એમાં દાખલ થવાની સગવડ આપવામાં આવી છે. રોજ બપોરે તિલક સ્મારક મંદિરમાં પ્રાત્યક્ષિકો બતાવવામાં આવે છે. શ્રી. મોન્ટેસોરી અને મેડમ મોન્ટેસોરી પણ આવીને વિદ્યાર્થીઓને નાની–મોટી વાર્તાઓ પદ્ધતિસર કરવા માટે જ્ઞાન આપે છે.

બહાર ગામથી આવેલા વિદ્યાર્થીઓને રહેવા માટે પૂ|ક વસંતીગૃહમાં સગવડ કરવામાં આવી છે. આવેલા વિદ્યાર્થીઓમાં અપૂર્વ ઉત્સાહ દેખાય છે, અને એ જોઈએ તો આ કોર્સ પૂરો થયા પછી બાળશિક્ષણ–ક્ષેત્રમાં ઘણું સારું કામ થશે એવી આશા રાખી શકાય તેમ લાગે છે.

મોન્ટેસોરી વર્ગ, પૂના. — સૌ. શોભના રાનડે,

પત્રવ્યવહાર કરતી વખતે પોતાનો સભ્યનંબર અવશ્ય લખવો. જે સભ્યો પોતાનું સરનામું બદલવા ઇચ્છતા હોય તેમણે દરેક મહિનાની પહેલી તારીખ સુધીમાં પોતાના સભ્યનંબર સાથે જૂનું તથા નવું બદલાયેલું સરનામું વ્યવસ્થાપકને જણાવવું.

સભ્યોએ લવાજમનો ચેક 'સેક્રેટરી, નૂતન બાલશિક્ષણસંઘ,' એ નામે લખવો, અને તે વ્યવસ્થાપક ઉપર મોકલી આપવો. દરેક સભ્યે લવાજમની રકમ ચેકથી, મનીઓર્ડરથી અગર હાથોહાથ વ્યવસ્થાપકને સરનામે પહોંચાડવી.

સંપાદન તથા નિરીક્ષણકાર્ય અંગેનો તમામ પત્રવ્યવહાર શ્રી. તારાબેન મોડક બાલવાડી, બોરડી, ધોલવડ થઈને, B. B. C. I. Rly. એ સરનામે કરવો. પત્રિકા માટેના લેખો વગેરે પણ ત્યાંજ મોકલવા.

લવાજમના દર

સામાન્ય સભ્ય	રૂપિયા	૪
સક્રિય સભ્ય	,,	૪
સહાયક સભ્ય	,,	૭
સંસ્થા જોડાણના પ્રતિનિધિ	,,	૧૦
આજીવનસભ્ય	રૂપિયા ૧૦૦ થી	૫૦૦

આજીવન સભ્યના પ્રકાર

પ્રદાતા રૂ. ૧૦૦૦ ત્રાતા રૂ. ૫૦૦
શુભેચ્છક રૂ. ૨૫૦ હિતેચ્છુ રૂ. ૧૦૦

પરદેશમાં શિલિંગ ૯. છૂટક નકલ ૭ આના.

પત્રિકાની વ્યવસ્થા અંગેનો તમામ પત્રવ્યવહાર નીચેના સરનામે કરવા વિનંતિ છે.

શ્રી૦ બાબીબેન મૂળજી
વ્યવસ્થાપક: 'શિક્ષણપત્રિકા' કાર્યાલય,
શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઈ
ટે. નં. ૪૪૨૦૬

નૂતન કેળવણીના સિદ્ધાંતોને અનુસરતી શાળાઓને ઉપયોગી એવું શિક્ષણસાહિત્ય, બાલમંદિર અને નર્સરી સ્કુલનું પ્રબોધક સાહિત્ય, જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિઓ માટેનાં સાધનો, નકશા અને ચિત્રપટના લીસ્ટ માટે લખો અથવા આ બધું નજર સમક્ષ જોવા અવશ્ય મુલાકાત લ્યો.

જેયંદ તલકશી એન્ડ સન્સ,
૧૪૬, હર્નબી રોડ, મુંબઈ ૧.

મુદ્રક પ્રકાશક:—શ્રી બાબીબેન મૂળજી, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર મુંબઈ. મુદ્રણસ્થળ—રામકૃષ્ણ પ્રિં. પ્રેસ, મુંબઈ

ગુજરાત આયુર્વિજ્ઞાન સંશોધન મંડળનું મુખપત્ર

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૪ અંક ૨ જો
ફેબ્રુઆરી ૧૯૮૯

ચૂકી—અમાંસ હોય તો ૬ પ્રહર
ફટેબાદની પૌષાની ગણને અમાવસની
ગેણા અર્ધે, તેને અહો પ્રહર: અર્ધ છ
ઈની રહે છે. તે ગેન ગેની પાસેથી
છીનની લેવામાં આવે તો માણસ રોગે
ઘેરાઈ જાય અને પરિણામે મરણને
શરણ પામે. ચકિત-ચમત્કૃત્ય જેવા
ઉપર કોઈ અસોજની ફસ્યા રહેવા ગણી;
તે ગાલણીની મૂળ ગરકુરિણી ૬ વિરુદ્ધ
છે. તેના ગાણસ પૂંછડી કે શિંગડી
ઊગાડવાનું પમંક નહીં કરે તેમ જ એ
બાબતી જરૂરાવવું; પણ પમંક કરી કરે.
અને સારું કરીએ તો જે લોકો સૈયકિયક
સ્વાતંત્ર્યનો બાનમાં મળી તેઓ પણ
પોતાનું સ્વાતંત્ર્યમાં તો ગાનવાનું જ
રહ્યું ૭.

— સમાપ્ત —

ચાલવિકાસ

૧	છુટ છુટ માડી	પૂજાલાલ ૬ મસ
૨	ચમત્કાર	પૂલચંદ્ર ૬ ગાટ
૩	જે ઊતરવાં જે નથી વર્યાં ..	બાબાભાઈ દેટી
૪	સુંદર અલંકાર	
૫	મારી સદ્ધર છે ચાંપી ...	પોપટલાલ ગાંટે
૬	પત્ર બાપુને અજલિ ...	મીલા ઝીઝાણી

બાલવિકાસ

૧	બાલવાડીની બાલશિક્ષિકા	ચુનીભાઈ.
૨	અજોડનું સ્થાન	વિમળા પંડ્યા
	બાળકોના બામાશિક્ષણનો પાયો ...	લા૦
૫	બીજું ન કરવાનું ..	વિનોદિની
૬	અપૂર્ણતિ	બેબ બારડોલી
૭	બોડકા પૂંઠતાયે નથી બાપડો ...	ક. ગાંધી
૮	બાળ બાને રાજુરી	લા૦

શિક્ષણ વિષયક પ્રશ્નોનો વિચાર

વર્ષ ત્રીજું ... શિક્ષણ ઉપર પ્રેમાનો વિચાર ... પૃષ્ઠ ૩૨૯

શિક્ષણ વિષયક પ્રશ્નોનો વિચાર

વર્ષ ત્રીજું ... શિક્ષણ ઉપર પ્રેમાનો વિચાર ... પૃષ્ઠ ૩૨૯

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૪ અંક ૧] મુંબઈ [ફેબ્રુઆરી ૧૯૪૯

સર્વોદય દિન

જાન્યુઆરીની ૩૦ મીએ અખિલ હિંદે સર્વોદય દિન પાળ્યો. આપણાં બાલમંદિરોમાં અને બાલઅધ્યાપન-મંદિરોમાં પણ તે પાળ્યો. સર્વ શાળામાં અત્યંત ભાવનાથી એ ઉજવાયો હતો. કારણ, આપણા રાષ્ટ્રપિતાનો, આપણા પૂજ્ય બાપુજીનો, એ શ્રાદ્ધદિન હતો. પણ બાપુજીનું શ્રાદ્ધ એક દિવસ ઉજવીને થોડું જ પૂરું થવાનું છે?

વર્ષના ૩૬૫ દિવસ અને દિવસના ૨૪ કલાક, તેમનું શ્રાદ્ધ–એટલે કે શ્રદ્ધાપૂર્વકનું સ્મરણ અને આચરણ. આવતું આખું વરસ આવું જ અખંડ શ્રાદ્ધ કરીશું, એવું વ્રત લેવા માટે ૩૦ મી જાન્યુઆરીનો દિવસ છે. આ જે ભૂલી ગયા અને માત્ર ખૂબ ઉત્સાહથી અને ધામધૂમથી ૩૦ મી જાન્યુઆરી પાળવામાં જ બધી બુદ્ધિ–શક્તિ વાપરી નાખી, તો તો આ દિનપાલન વ્યર્થ જ ગણાય.

મહાત્માજીના જીવનનાં અનેક પાસાં હતાં. આપણા રાષ્ટ્રના ઉત્કર્ષને આવશ્યક એવી એક પણ વાત એમના આચાર–વિચારના પ્રયોગમાંથી રહી ગઈ નહોતી. તેથી જ રાષ્ટ્રપુનર્ઘટનાને આવશ્યક એવા રચનાત્મક કાર્યના પહેલા ૧૪ મુદ્દાઓ મૂકયા હતા, તે આસ્તે, આસ્તે વધતા ગયા. એ અર્થનો સમાવેશ સર્વોદય સમાજના કાર્યમાં થયો છે. જે કોઇ એમાંનુ એક, અથવા અનેક કાર્ય ઉપાડી લે તે બધાં, સર્વોદય સમાજનાં ગણાય. આ સમાજમાં ભળવા માટે નથી કોઈ નિયમો, કે નથી કોઈ પ્રવેશપત્ર. તેને કાર્યકારી મંડળ નથી અને તેની ચૂંટણી માટેની કંઈ ખેંચાખેંચી નથી. રચનાત્મક કાર્ય કરનારાં બધાંનો આ સર્વોદય સમાજ છે. આપણે બધાંએ મળીને આ સમાજ નિર્માણ કરવાનો છે. જે માટે આપણે સ્વરાજ્ય મેળવ્યું, આપણા રાષ્ટ્રનો સર્વોદય સાધવાનો જે હકક આપણે મેળવ્યો, તે જ કાર્ય પ્રત્યક્ષમાં કરવાનો, હવે વખત આવ્યો છે, સ્વરાજ્ય મેળવવા માટે જેમ બધાંએ પ્રયત્ન કરવાનો હતો, તેમ જ એ, સર્વોદય સાધવા માટે પણ આપણે બધાંએ મળીને શ્રમ ઉઠાવવાનો છે. આ રચનાત્મક કાર્યના મુદ્દાઓમાંથી ઓછામાં ઓછું એક કાર્ય તો પોતાનું જ ગણીને કરીશું, એવો નિશ્ચય કરવા માટે આ ૩૦ જાન્યુઆરીનો સર્વોદય દિન છે.

પૂજ્ય બાપુજીનું પુણ્ય સ્મરણ કરીને આ નિશ્ચય કરવામાં ખાસ વિશેષતા રહેલી છે. બાપુજીનું વ્રત એટલે શરૂઆતથી આખર સુધી પૂર્ણતઃ શુદ્ધ હોવુ જોઈએ. ખાસ કરીને થોડુ ઘણું, સાચું–ખોટું કરીને જલદી પરિણામ લાવી શકીએ અને કાર્યને યશસ્વી બનાવી શકીએ, એવા સદ્‌હેતુથી સત્કર્મને માટે જ અસત્ય અને ઊંધા રસ્તા ઘણીવાર સ્વીકારવામાં આવે છે. એ સંબંધમાં ખૂબ જ સૂક્ષ્મ વિચારની જરુર છે. કાર્ય યશસ્વી ન થાય, અથવા ઝટ પરિણામ ન આવે, તો કાર્યકર્તાઓ નિરાશ થઈ જાય છે, અને સત્કાર્ય જલદી પાર પાડવાના મોહમાં પડે છે. તેથી જ પછી ગમે તે સાધનો વાપરવા તૈયાર થાય છે. પરંતુ અસત્ય તે અસત્ય જ હોય છે. ઝેર તે ઝેર જ ગણાય. તેનાં દુષ્પરિણામો આવ્યાં વગર રહેતાં નથી. શુદ્ધ હેતુ, શુદ્ધ કર્મ અને શુદ્ધ માર્ગ–આ ત્રણ ગાંધીવ્રતનાં આવશ્યક અંગો છે. ૩૦ જાન્યુઆરીનો સર્વોદય દિન પાળવો, એટલે આ ગાંધીવ્રત ગ્રહણ કરવું, એ ભૂલાવું ન જોઈએ.

આપણે–એટલે બાલશિક્ષણના કાર્યકર્તાઓ આપણા કાર્યમાં પણ આ વ્રત પાળીએ, તો સાચું, યશસ્વી કાર્ય જરૂર થશે. આને બદલે જો આપણે યશસ્વી થવા માટે જ આપણી જાતને અને જનતાને છેતરીશું, તો આપણા કાર્યને મોટો ધક્કો પહોંચશે. ૨૫ વર્ષ પહેલાં, અત્યંત ઉચ્ચ ધ્યેયથી પૂ. ગિજુભાઈ એ બાળકોનુ વકીલપત્ર લીધું અને બાલવિકાસનો માર્ગ નિષ્કંટક કરવાના હેતુથી સંઘની સ્થાપના કરી. તેમણે પોતાના શિષ્યોને ચારે કોર એ કાર્ય કરવા માટે મોકલ્યા. ઠેકઠેકાણે બાળમંદિરોની સ્થાપના થઈ. ધનિકોનાં મન ઉપર આ કાર્યનું મહત્વ ઠસાવીને તેમના દાનનો પ્રવાહ આ દિશામાં વાળ્યો. આજે, તે બાલમંદિરોની સ્થિતિ શી છે? રાષ્ટ્રના કાર્યકર્તાઓ આ બાલમંદિરોને રાષ્ટ્રોન્નતિના કાર્યનાં કેન્દ્રો સમજે છે?

જનતાને આ કેન્દ્રોમાંથી કોઈ વિશેષ પ્રકારનુ માર્ગદર્શન મળ્યું છે? બાળકોને પ્રાથમિક શાળાના વિષયોમાં તૈયાર કરી આપવા સિવાય કંઈ વિશેષ શિક્ષણ આપ્યું છે? યોગ્ય પ્રકારનું સામાજિક જીવન જીવવાનુ શિક્ષણ, જાતે વિચાર કરવાનું શિક્ષણ, જાત અનુભવથી જાતે પ્રયોગ કરીને પોતાના પ્રયત્નથી શીખવાની ટેવ, કે એવું કંઈક નવુ અને વિશેષ તેમને મળ્યું છે? આપણા બાલ શિક્ષકોનો વર્ગ, બીજા શિક્ષકો કરતાં કંઈક નિરાળો, વધારે ધ્યેયવાદી, વધારે સેવાભાવી, વધારે કાર્યતત્પર એવો બન્યો છે? આ દૃષ્ટિએ કઠોર અને સત્યશોધક બનીને આપણે આજે આત્મપરીક્ષા કરવી ઘટે.

બાલશિક્ષક એટલે વૈજ્ઞાનિક. વૈજ્ઞાનિકોમાં બે ગુણ ખાસ જોઈએ. (૧) એક તો પ્રયોગ કરી જોવાની હિમ્મત અને (૨) બીજું, પ્રયોગ કરવામાં અને તેનાં પરિણામો તારવી કાઢવાની પ્રામાણિકતા. આ દૃષ્ટિથી જાગૃત રહીને આપણે કાર્ય કરવાનું છે.

આ ઉપરાંત, આજે, દેશની દરેક વ્યક્તિએ પોતાનો સમય અને શક્તિ દેશના કાર્યમાં વાપરવાનાં છે. આપણામાંથી ઘણાંખરાં એવી જગાએ કામ કરીએ છીએ, કે જ્યાં આપણા ચરિતાર્થ પૂરતો પગાર, આપણને ગમે તેવો પગાર આપવાની શક્યતા ત્યારે જ છે, કે જ્યારે સંચાલકો બાળકો પાસેથી ફી લે. તેથી આપણાં બાલમંદિરોનો લાભ ફી ખર્ચવાની શક્તિ હોય, એવાં જ કુટુંબનાં-બાળકો લઈ શકે છે. તેથી ગામમાં કેટલાંય બાળકો એ સગવડથી વંચિત રહે છે. માટે આપણે દિવસમાં ઓછામાં ઓછો એકાદ કલાક તો એવા વિભાગમાં જઈ ને કામ કરવું જોઈએ કે જ્યાંનાં માબાપો બાલમંદિરોની આવી મોટી ફી આપી શકે એમ નથી. આટલું કામ આપણે દેશની સેવા તરીકે કરવું જોઈએ. આમ કરવાનો નિશ્ચય તો આપણે અનેકવાર કર્યો છે; પરંતુ ક્વચિત અપવાદ રૂપે જ તે પ્રત્યક્ષમાં આવેલો દેખાય છે. આ વાત આપણે ખરા દિલથી વિચારીને એનો અમલ કરવો જોઈએ. હમણાં, લોકોમાં એક અત્યંત ઝેરી વિચારનો ફેલાવો ઝડપથી થઈ રહ્યો છે. તે એ છે કે બદલા વગર કોઈએ કશું જ કામ કરવું નહીં, સેવાભાવ ન જોઈએ અને કોઈની મફત સેવા તો કરવી જ નહીં. ખરું જોતાં, આપણને સ્વતંત્રતા મળી છે, એનો અર્થ આપણા દેશમાં રહેલી અવ્યવસ્થા અને અનવસ્થા દૂર કરવાની જવાબદારી આપણા ઉપર-એટલે જે કોઈ સમજે એમના ઉપરે આવી છે. આ શું કરે છે, કે તે શું કરે છે? બીજા કશું કરતા નથી, તો અમે શા માટે ઘસાઈ મરીએ? આવા પ્રશ્નો કરવાનો આ સમય નથી. સમય છે ઊઠીને કામે વળગવાનો. બીજું કોઈ ન આવે, તો પણ આપણને જે દેખાય છે, આપણાથી જે થઈ શકે એમ છે, તે કરવા માટે તૈયાર થવું, એ જ આપણું કર્તવ્ય છે.

સદ્બુદ્ધિ, સદ્વિચાર અને સત્કર્મને વિષે શંકાશીલ થવું, અશ્રદ્ધાવાન થવું, એ નાસ્તિકતા છે. મનુષ્યના મનને અવનતિ તરફ લઈ જનારો આ મહાન રોગ છે. મહાત્માજીએ જગતને જે આદેશ આપ્યો છે, તે આસ્તિકતાનો; એટલે કે જગતનાં શુભ તત્ત્વો ઉપરની અચલ શ્રદ્ધાનો, એ આદેશ છે. આજે આખા જગતને આ આદેશની બહુજ જરુર છે.

આપણા મનમાં જાગતા સદ્વિચાર કે સદ્પ્રવૃત્તિને દબાવી દેનાર વટાળનું વાતાવરણ આજે ચોમેર છે. એ કાળે આપણા અંતઃકરણના માંગલ્યનું બળ આપણે ગુમાવી બેસીએ નહીં, એ જ આજે આપણા રાષ્ટ્રપિતા જગદ્ગુરુ પાસેથી મેળવવાનું છે.

તારાબેન મોડક.

બાલવાડીની બાલશિક્ષિકા

આથમણી દિશાએ આઠ માઈલ દૂર દરિયો અને ઉગમણી દિશાએ ચાર માઈલ દૂર ડુંગરા. વચ્ચે ઘોરી સડકને કાંઠે સહેજ ઊંચાણમાં એક નાનકડું ગામ વસેલુ છે. ગામને પાદર આદિવાસીએ બેઠા ઘાટનું વિલાયતી નળિયાંવાળું મકાન બાંધ્યું છે. આંગણામાં ફરતી પથ્થરની વંડી કરીને ચોક કર્યો છે. ચોકમાં રેતી નાંખીને રમવાનું બનાવ્યું છે. સાંજના પાંચ વાગે, તડકો સહેજ ઓછો થાય, સૂરજ જરા નમે, એટલે ગામમાંથી નાનાં છોકરાં એક બે, એક બે એમ રમવા આવવા માંડે. બાળકોની તેડાગર પાંચ વર્ષની એક બાળા છે. હાથમાં નાની થાળી અને દાતણ લઈને ચાર વાગ્યાને ટકોરે એ બાળકોને તેડવા જાય. એ કોઈવાર ઘાઘરી-પોલકું પહેરીને નીકળે છે તો કોઈવાર લાંબો કોટ પહેરીને જાય. કોઈવાર ફ્રોક પહેરીને તો કોઈવાર એકલી નાની ચડ્ડો પહેરીને નીકળે; કળી વચ્ચે

ઊભી રહીને થાળી વગાડે એટલે નાનાં છોકરાં, થાળીની રાહ જોતાં હોય તેમ, ઘરમાંથી બહાર નીકળી દોડી આવે.

પચીસ ત્રીસ બાળકો એક ગોળાકારમાં બેસે છે. બાલશિક્ષિકા પગથી ગોળ લીટો દોરે, તેની ઉપર સૌનેં બેસાડે. બાલવાડીમાં હજી કશી સાધન સામગ્રી વસાવી નથી. ફક્ત હાથ પગ ધોવા માટે એક ગોળામાં પાણી ભરેલું છે અને ઉપર એક માટીનો લોટકો રાખ્યો છે. રમવાના હીંચકા કે લપસણાં પાટિયાં નથી; મોતી કે કોડીએ નથી. કોઈવાર કપાસમાંથી કપાસિયા કાઢવાની– સૂરજ બનાવવાની રમત બાળકો રમે છે. આ બાલ-શિક્ષિકાનું નામ ભારતી છે. ખરી રીતે બાલવાડી ચલા-વવાની જવાબદારી તેની બાની છે. પણ ભારતી હર્ષપૂર્વક બધાં કામ પોતે કરેછે. બાળકોને તેડવા જવાં, આવે એટલે હાર બંધ બેસાડવાં, હાથપગ ધોવડાવવા, ગીત, નાચ, વાર્તા, રમત, નાસ્તો, કવાયત બધાંમાં ભારતી મુખ્ય દોરવણી આપે છે. બાળકોને પણ ભારતીની બા કરતાં ભારતીનાં ગીતો વધારે પ્રિય લાગે છે. ભારતીનો નાચ વધારે પ્રિય અને અનુકરણીય લાગે છે. એની વાર્તા અને રમતોમાં વધારે મજા પડે છે. ભારતીની બાએ શ્રી. ગિજુભાઇ પાસે એક વર્ષ અધ્યાપનમંદિરમાં તાલીમ લીધી છે, તો ભારતીએ બોરડીની બાલવાડીમાં શ્રી. તારાબેન પાસે બે વર્ષ સ્વયં-વિકાસ સાધ્યો છે. રોજ સાંજ પડે અને આ મનોરમ દૃશ્ય બહુ થાય. નાસ્તો પીરસતી વખતે કોઈવાર વૃદ્ધ કાળાભગત આવી ચડે અને કહેશે 'ભારતીબેન, અમને નાસ્તો આપશો કે ?' તેમને તરત જવાબ મળે 'તમે કુંડાળા ઉપર, પલાંઠી વાળીને બેસી જાઓ. પછી નાસ્તો મળશે. હારમાં બેસી જઈને કાળા ભગત હસતાં હસતાં પૂછે : ભારતીબેન, મને બેક શીંગ વધારે મળવી જોઈએ. હું મોટેરો છું ! તો કહેશે 'વધારો આવે ત્યારે મળશે, વચ્ચે ન બોલાય.' ભૂલથી દાણો મોઢામાં મૂકી દે તો કહેશે : 'કાળા બાપા' મંત્ર બોલ્યા પહેલાં ન ખવાય !

રોજિંદુ આ દૃશ્ય જોયા પછી મેડમ મોન્ટીસોરીનું દર્શન કેટલું સ્પષ્ટ અને સત્ય છે એની વધારે પ્રતીતિ થઈ. વેદાંતી કરતાં ભક્ત, આત્મ-કલ્યાણ અને લોકકલ્યાણ વધારે સાધી શકે છે એ વસ્તુ પણ નજરે જોવાની મળી. શુષ્ક વેદાંતી, સિદ્ધાંતોનું પ્રતિ-પાદન કદાચ વધારે સારી ભાષામાં કરી શકે, પણ એનો સાક્ષાત્કાર થયેલો ન હોવાથી સ્વાનુભવનો જે આનંદ છે તેનો લાભ એને પોતાને કે શ્રોતાઓને ન મળી શકે. તેજ રીતે બાલશિક્ષણના સિદ્ધાંતોનું ઊંડુ રહસ્ય અને શાસ્ત્ર જાણ્યા છતાં, બાળક એ સ્વયંવિકસિત જીવ છે અને તેને વિકાસની સુવિધા કરી આપવી અને જરૂર પડે ત્યાં ટેકો આપવો, એટલી જ બાલશિક્ષકની આવશ્યતા છે, એ વસ્તુ શાસ્ત્રીય રીતે સમજ્યા છતાં, સ્વયં એ રીતે વિકાસ સાધ્યો ન હોવાથી, બાલશિક્ષક, બાળકના જેટલી સફ-ળતા પ્રાપ્ત કરી શકતો નથી. [કોઈ વિરલ બાલશિક્ષક આમાં અપવાદ હોઈ શકે.]

આપણાં ઘરોમાં પણ મોટેરાં ભાંડુ પાસે નાનુ બાળક જેટલું આનંદથી રહે છે ને વિકસે છે તેટલુ માબાપ પાસે નથી રહેતું, નથી વિકસતુ. બાલમંદિરમાં પણ એ જ સિદ્ધાંત લાગુ પડે છે. બાલમંદિરની દરેક પ્રવૃત્તિમા બાળ કોને જ ઉત્તરોત્તર નેતા બનાવવાથી વાતાવરણ વધારે સ્વતંત્ર, સ્વાવલંબી અને સ્વયંસ્ફૂરિત બને છે.

આ જ વસ્તુ છેક મહાવિદ્યાલય સુધીના અભ્યાસમા લાગુ પડી શકે છે. સદ્‌ગત ચમનભાઈ વૈષ્ણવ એકલા ચાર ધોરણ ભણાવતા એ મેં નજરે જોયેલુ છે. માધ્ય-મિક શાળાના ચાર ધોરણના પચાસ છોકરાને તેઓ ચાર વર્ગમાં વહેંચી નાંખતા અને વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષણ આપવાનો પ્રયોગ કરતા; અને એમાં તેમણે ઠીક ઠીક સફળતા પ્રાપ્ત કરેલી.

એટલુ ખરુ કે ઘરનુ વાતાવરણ પ્રેમળ અને સંસ્કારી હોય તો મોટેરાં ભાંડુ નાનાને સારી રીતે ઉછેરી શકે, તેમ બાલવાડી, પ્રાથમિક શાળા કે માધ્યમિક શાળામાં શિક્ષ-કનાં પ્રેમ, કુશળતા અને સંસ્કારિતા ઉપર આધાર રહે છે

ભારતીને ખુદ શ્રી. તારાબેન પાસે બાલવાડીમાં રમ-વાની તક મળી છે. સદ્‌ગત શેલતભાઈ, શ્રી. અનુતાઈ, શ્રી. ભાઉ કેલકર અને શ્રી. રમેશભાઈ જેવા પ્રયોગકાર. પ્રેમળ, બાળશિક્ષણ તજ્ઞોનો લાભ મળ્યો છે, અને એટલા પૂરતો બાલવાડી ચલાવવામાં બાળકોનો અને એનો પોતાનો વિકાસ વધારે થાય છે. આવી બાલવાડીઓ ગામને બાદર, શહેરના લત્તામાં. બાલશિક્ષકો પોતાના ઘરમાં. અગર બાલમંદિરનાં પડોશી બાળકો મારફત ચલાવે, તો એ એક ત્યારે ઉપયોગી અને વિશાળ પ્રયોગ આપણા દેશમાં થાય, અને એમાંથી બાળ-શિક્ષણની દિશામાં કેટલાક જાણવા જેવી નવી વસ્તુઓ આપણને મળે.

ગુ૦

અરુણનું સ્નાન

(ભૂલ ક્યાં થઈ ?)

'અરુણભાઇ, તમારો નહવાનો વખત થઈ ગયો છે. ચાલોને નહાવા.'' 'હું નહીં આવું. પહેલાં એમીને નહવડાવ. પછી હું આવીશ.' અરણ બોલ્યો. 'પણ ભાઈ, એમીએ હમણાંજ દૂધ પીધું છે. એને પાછેળથી નવડાવવી છે.' 'પણ મારે રમવું છે,' અરુણે કારણ બતાવ્યું.

'એ તો બરાબર, પણ ભાઈ, પાણી ગરમ થઈ ગયું ને મારે રોટલી કરવા બેસવું છે. એટલે તમે નાહી લ્યો તો ઠીક પડે.'' પણ અરુણભાઈએ હઠ પકડી કે મારે નથી નહાવું. ''ચાલ આવે છે કે નથી આવતો? કયારની કહું છુ, પણ સાંભળતો જ નથી. હમણાં જ નહાવું. પડશે, રમવું બમવું કાંઈ નહીં,' અને ખેચી તાણીને અરણભાઈને નહાવાની ઓરીમાં લઈ જવામાં આવ્યા. ત્યાં એ તો વીલેમોઢે નહાયા, પણ નહાવાનો અને નહવડાવવાનો આનંદ એમને અને એમની બાને ન મળ્યો.

\+ \+ \+

ભૂલ ક્યાં થઈ? બાએ પોતાની રોટલી કરવાની અડચણ બતાવી તેમાં. બાએ, બેબીને પછી નવડાવવાનું કારણ કહ્યું તે ઠીક કર્યું; આપણી અડચણ બતાવી, બાળકની સામે વાત કરીએ છીએ ત્યારે એ ફાવી જાય છે. એની રમતમાં ખલેલ કરી, નહાવાની વાત બા કરવા ગઈ ત્યારે લાવ તારા કામમાં પણ ખલેલ કરું એમ એને થયું. બાળકો જેટલાં નિર્વ્યાજ હોય છે એટલા જ ચાલાક હોય છે. માટે એમની સાથે જે કામ કરવાનું હોય એમાં એમને જ આનંદ આવશે એમ બતાવવું જોઈએ. નહાવાની દરેક ક્રિયામાં તાર પરથી ટુવાલ કાઢવાથી માંડીને, કેટલું ગરમ પાણી લેશું, કેમ શરીર ચોળશું, કયાં કપડાં પહેરશું એ દરેક ક્રિયામાં એમને રસ લેતાં કરીએ તો નહાવા માટે જબરદસ્તી કરવાની જરૂર નહીં રહે. આ રીતભાત રોજ રહેવી જોઈએ. આપણે ઉતાવળમાં છીએ માટે બાળકપર જબરદસ્તી કરવા જશુ, તો એની અસર આઠ દિવસથી માંડીને આઠ મહિના સુધી ટકી રહે તેવો સંભવ છે અને નહાવું એ એક મજાની ક્રિયાને બદલે કાયમનો મોટો સવાલ થઈ પડે છે.

બીજો પ્રસંગ જુઓ.

'અરુણભાઈ, તમે નહાઈ લ્યો ને', બેબી બોલી.

'જા તુંજ જા, પહેલી નહાવા. મારે હજી વાંચવું છે, હુ પછી નહાઈશ.'

'પણ મારે હજી લખવું છે, થોડુક બાકી છે, ત્યાં સુધી તમે ન્હાઈ આવોને.' 'હું નથી જાતો, જા. તું શું કરવાની છે?'

'હું બાને કહી દઈશ'. 'જા જા, કહી દે.' બેબીબેન બાને કહી આવ્યા. બા ખિજાયાને અરુણ ભાઈને વઢયા. 'આવડો મોટો થયો તો પણ નાની બેન સાથે ઝગડો કરે છે? ઊઠે છે કે નથી ઊઠતો નહાવા?'

અરુણભાઈ વીલે મોઢે નહાવા ગયા, અને પછી એમનાથી વચાયું નહીં..... ચોપડીમાં માથું ઘાલીને બેસી રહ્યા.

ભૂલ ક્યાં થઈ? અને કોની ?

'બાને કહી દઈશ' એ શસ્ત્ર વાપરવાની ટેવ બાળકોને ન પડે તે, ધ્યાનમાં રાખવુ જોઈએ. એક બાળકની બાજુ લેતી વખતે, બીજાને અન્યાય થયો છે એમ ન લાગે તેની કાળજી લેવી જોઈએ. આ પ્રસંગમાં અરુણને મોટા થવાનું ભાન કરાવવાની બાસ જરૂર નથી. અરુણ દુઃખી થઈ ને વાંચે જ નહીં એના કરતાં એક દિવસ નહાય નહીં તે વધારે સારું છે. અરુણના હિતખાતર અને ભાઈબેનની પ્રેમની લાગણી વધારવા ખાતર. આ જરૂરી હતુ.

* * *

(થોડાં વર્ષો બાદ)

'તમે નહાઈ લ્યો છો ને?' અરુણના પત્ની બોલ્યા.

'કેમ શું છે? મારે આટલું છાપું વાંચવું છે. હું પછી નહાઈશ.'

''પણ પાણી ગરમ થઈ ગયુ છે. પાણી ઊતારી સગડીપર ભાતનો ટોપ ચઢાવવો છે.''

'એ કાંઈ આપણે સમજતા નથી. આપણે તો હજી અર્ધા કલાક પછી જ નહાવાના છીએ.'

અરુણના પત્નો વીલે મોઢે રસોડામાં ગયા. અર્ધા કલાક પછી સગડીપર ભાતનો ટોપ ચઢયો, એક સગડી ભરીને કોલસા નકામા બળ્યા.

* * *

ભૂલ ક્યાં થઈ? અને કોની ?

અરુણનો નહાવાનો વખત પત્નીએ ધ્યાનમાં ન રાખ્યો હોય તે સંભવિત છે. અથવા આજે એને છાપામાં બહુ રસ પડ્યો હોય તે સંભવિત છે. અથવા બીજા કોઈ

કામમાં વખત જવાથી છાપુ વાંચવાનું રહી ગયુ તેથી મોડેથી નહાવાનું એને મન થયું.

પણ અરુણમાં ઘરના માણસોની સગવડ સાચવીને પોતાનું સ્નાન કરવાની રીત કેમ ન કેળવાઈ?

અરુણ તો સમધારણ બાળક હતું. એને પોતાના ભણવામાં આટલો બધો રસ હતો કે નહાવાનું સૂઝતું નહોતું. હવે મોટી ઉમરે દુનિયાના બનાવોમાં એટલો બધો રસ છે કે નહાવાનું સૂઝતું નથી. પણ માત્ર પોતાના રસનું કામ કરતાં કરતાં ઘરની સગવડ સાચવવાની આવડત એનામાં કેમ ન કેળવાઈ? આ આવડત પણ નાનપણથી જ કેળવવાની છે. એને આ બાપ વગર કોણ કેળવશે?

વિમલા પંડ્યા

બાળકોના ભાષાશિક્ષણનો પાયો

બાલમંદિરોમાં બહુજ નાનાં બાળકો આવે છે. અઢી થી ૬ વર્ષ સુધીનાં બાળકો બાલમંદિરોમાં હોય છે.

અઢી વર્ષનાં બાળકોનું પણ ભાષાશિક્ષણ હોઈ શકે છે. ચાર સાડા ચાર વર્ષે તેઓ અક્ષરશિક્ષણ પૂરું કરીને લખવા વાંચવા લાગે પછી જ તેમનું ભાષા-શિક્ષણ શરૂ થાય એમ કોઈ માનતું હોય તો તે તદ્દન ભૂલ ભર્યું છે. ભાષા એ લખવાની ને વાંચવાની જ વસ્તુ નથી પણ મુખ્ય તો બોલવાની અને સાંભળવાની વસ્તુ છે. ભાષા સાંભળી સાંભળીને બાળકો શીખે છે. ઉચ્ચારશુદ્ધિ ઉપર જ વાચન-લેખનનો આધાર હોય છે. કેમ કે, અક્ષરો ને બારાક્ષરી ઉચ્ચાર ઉપર રચાએલી છે. તેમજ શબ્દોનો ખરો, એટલે ચોકકસ અર્થ સમજવો એ પણ ભાષા-શિક્ષણનું એક મહત્ત્વનું અંગ છે. તે જ પ્રમાણે વાકય-રચનાની મદદથી યોગ્ય રીતે પોતાના મનમાંનો વિચાર વ્યક્ત કરવો એ તેટલું જ મહત્ત્વનું છે. ખરું ઉચ્ચારણ, શબ્દોનો અર્થ સમજીને તે સંધરવા, અને વાકયોમાં વાત કરવી એ ત્રણે વાતો લેખન-વાચન સિવાય મોઢેથી જ થઈ શકે છે. ભાષા એ સાંભળવાની ને બોલવાની હોવાથી મુખશિક્ષણ એટલે બોલી બોલાવવાથી જ ભાષા-શિક્ષણની શરૂઆત થવી જોઈએ. અને તે બે અઢી વર્ષે જ્યારે આપણી પાસે પ્રથમ બાળક આવે ત્યારે જ એનો ખરો વખત છે. ઘરે તો બાળક જન્મે ત્યારથી એ સાંભળ્યા જ કરે છે. અને એ જ રીતે જો એને આગળ લેવામાં આવે તો તેને ભાષા શીખવામાં ઘણી મદદ થાય.

અહીં, આપણે બોલીને ને બાળકો પાસે બોલાવીને કેવી રીતે ભાષાશિક્ષણ આપી શકીએ તેના થોડાએક દાખલા જ માત્ર આપું છું. આશા છે કે ભાષાશિક્ષણ ઉપર લખેલા તાત્ત્વિક લેખ કરતાં આ દાખલા જ શિક્ષકોને પ્રત્યક્ષ રસ્તો બતાવશે, અને દરેક બાલમંદિરમાં શિક્ષકો ભાષાશિક્ષણનો આ સીધો, સરલ અતે અત્યંત આવશ્યક રસ્તે વાતચીત શરૂ કરશે.

દાખલો ૧ ઉચ્ચાર શિક્ષણ

બે અઢી વર્ષનાં પાંચ સાત બાળકો હતાં. તેઓ મોટે ભાગે કશું બોલતા જ નહિ. સાંભળતાં ખરાં. પણ શું સમજતાં હતાં કોણ જાણે!

મારી આગળ પ્રશ્ન હતો, હવે એમને બોલતાં કેમ કરવાં? મેં જોડકણાં બોલવાનું શરૂ કર્યું. મારી સાથે કોઈ કોઈ કાંઈક બબડવા લાગ્યાં ખરાં પણ તેઓ શું બોલે છે, મને બરાબર સંભળાય નહિ. કેવા ઉચ્ચાર કરે છે, એક પછી એક કયા શબ્દો બોલે છે, બબર ન પડે. બધાં મારી સાથે આમ કંઈક કંઈક ગણગણે. થોડા દિવસ મેં એ જ ચાલુ રાખ્યું. હું કહું, ગણ ગણ બોશલો, તેલ તેલ પળો; બાળકો પણ એજ જાતનુ કંઈક બોલે. એ પ્રમાણે ચાલ્યું પણ ખરા ઉચ્ચાર થાય છે કે નહિ કેમ બબર પડે? પ્રાથમિક શાળાની જેમ એક એકની પાસેથી કાંઇ મોઢે બોલાવી શકાય? એ તો બે અઢી વર્ષનાં છોકરાં. બોલવુ હોય તો બોલે, નહિ તો ઊઠીને ચાલવા માંડે.

એટલે મને પ્રશ્ન થઈ પડયો. હવે કરવું શું? મને એક વિચાર આવ્યો પહેલાં એક બે વાર જોડકણું બોલું પછી તેમાંના જ થોડા શબ્દો જુદા બોલું. જેમ કે, આવ રે વરસાદ, બોલાઈ જાય પછી કહું, હું બોલું તે બોલજો હોં કે. વરસાદ, વરસાદ, વરસાદ. છોકરાંઓ એક સાથે વસાદ, વછાદ, વશાદ, વલચાદ એવું કાંઈક બોલતાં સંભળાયાં. પછી મેં કહ્યું પરશાદ, પરશાદ, પરશાદ. છોકરાંઓ પણ તેમને આવડે એવા કાંઈક ઉચ્ચારો કરવા લાગ્યા. પચાદ, પલશા વગેરે કાંઈક જુદું જુદું સંભળાયુ. પછી મેં કહ્યું, ઊની ઊની, ઊની ઊની. તો બધાં જોરથી કહેવા લાગ્યાં ઊની ઊની. એ ઉચ્ચાર બધાં બરાબર કરી શકયાં. પછી મેં કહ્યું ઠંડી, ઠંડી, ઠંડી. છોકરાંઓ પણ ટંડી, તંદી, ને કોઈ નન્ની પણ બોલ્યાં.

આમ એકેક શબ્દ બોલવા લાગી. તેની તેમને મજા તો પડી. છૂટથી બોલવા તો લાગ્યા. પહેલાં જે બોલી

સાંભળ્યા જ કરે એમાં પણ કાંઈ વાંધો ન હતો. કેમ કે સાંભળવુ એ જ બરી ભાષા શીખવાની રીત છે. છતાં ઉચ્ચારવાનો શોખ લાગવો ને છોકરાંઓએ બબડ્યા કરવું એ પણ સ્થિતિ ત્યાર પછી આવવી જોઈ એ.

એ પ્રમાણે હું હવે જોડકણાંમાંથી ને કદી કદી બીજા પણ એકલા શબ્દો જ બોલવા લાગી. કોઈ વખતે તો તે શબ્દનો કશો અર્થ પણ ન હોય; જેમ કે બોશલો કહું; પછી ચોંસલો કહું; પછી જોશલો, કોશલો, ડોશલો એમ ગમે તેમ કહુ. છોકરાંને ખૂબ મજા પડે. આવા ગમે તેવા શબ્દો ઘડવાનું હું છોકરાં પાસેથી જ શીખેલી.

પણ પછી એક દિવસ મને એક નવી વાત સૂઝી. શબ્દ બોલતાં બોલતાં હું અક્ષરો બોલ્યા લાગી. ઠો, ઠો, ઠો, ઠો.. શું, શું, શું. હી, હી, હી. હુ હુ હુ હુ હુ. ણી ણી ણી. છોકરાંઓને આની તો બહુ જ મજા પડી. હંમેશ હું વર્ગમાં જાઉ એટલે છોકરાંઓ મને ફરી વળે અને કહે ચાલોને હૂ હુ હુ હૂ કરીએ. એટલે તો રોજ મારે અક્ષરોનો વર્ગ પહેલાં લેવો પડતો. ક્ષ. ક્ષ. ક્ષ. ક્ષી. ક્ષી. ક્ષી ક્ષી; ખ ખ ખ. છોકરાંને મજા પડી ને મારે હાથ, ઉચ્ચારશિક્ષણની એક સરસ ચાવી આવી. કોઈ વાર ઘર ઘર ઘર, સર સર સર એવું બોલું; કોઈ વાર ચ, છ; ટ, ઠ; ગ ઘ, દ, ધ, એમ બોલું. કોઈવાર બારાક્ષરીનો ઉચ્ચારો લઉં, અધરા ઉચ્ચારો ધીમેથી, મોઢું બરાબર હલાવીને કરું. છોકરાં પણ મારા મોઢા સામે જુએ, ને હોંકારા વગેરે મારી જેમ જ કરે.

આ પ્રમાણે અમારો ઉચ્ચારશિક્ષણનો વર્ગ ખૂબ જોરથી ચાલ્યો. પહેલાં જોડકણાં પરથી હું આવી શબ્દ પર, ને પછી અક્ષરો ઉપર. પછી હું અધરા અધરા શબ્દો બોલતી. કોઈવાર જોડાક્ષરવાળા તો કોઈવાર સાદા, પણ પાંચ છ અક્ષરવાળા. જેમ કે હું કહું, સીતારામ. સીતરામ કોઈવાર રાધા-કૃષ્ણ. રાધા-કૃષ્ણ. રામ-લક્ષ્મણ રામ-લક્ષ્મણ. વિઠ્ઠલ વિઠ્ઠલ. ભીમ-અર્જુન, દશરથપુત્ર, કૌસલ્યાપુત્ર, દેવકીનંદન વગેરે.

તેમજ અમદાવાદ, વઢવાણ, કાઠિયાવાડ, શાકભાજી, મીઠું મરચું, તલસાંકળી, નદીનાળાં, ડુંગરખીણ, નદીકિનારો. એવા એવા એવા શબ્દો હું બોલવા લાગી. તે માટે મારે ઘરે વિચાર કરીને શબ્દોની યાદી બનાવવી પડતી.

હવે મેં જોયું કે આવા શબ્દો ને અક્ષરોની રમત પછી છોકરાંઓ જોડકણાં સરસ બોલવા લાગ્યાં. પહેલાં જે કાંઈક બબડતાં ને ગોટો વાળતાં તે હવે તેઓ સ્પષ્ટ બોલતાં. રામ-લક્ષ્મણ જાનકી, જય બોલો હનુમાનકી. એમ હું આખું બોલું તો મારાથી મોટો ઘાટો કાઢીને તેઓ તે જ લીટી સરસ બોલતાં.

પછી તો તેમને એટલો આત્મવિશ્વાસ આવ્યો કે હવે તેમનામાંથી કોઈ બોલાવે ને અમે બોલીએ એમ રાખીએ. તો પણ બે પાંચ જણાં તો તૈયાર થઈ જતાં, ને ખૂબ મજા કરાવતા. કોઈ ત ત ત ત ત જ કરાવતા, તો કોઈ સીતારામ કે એ એવા કોઈ સાદા શબ્દો બોલાવતાં તો કોઈ કાંઈક નવું નવું બોલાવતાં. એક જણાએ તો, અનુતાઈ, અનુતાઈ, કરીને અમારે ત્યાંની એક શિક્ષિકા-બેનના નામનો જ જપ જપાવ્યો. કોઈને વળી ખાવાની વાત બહુ ગમે. હું પણ ગોળટોપરું; ગોળધાણા વગેરે બોલાવતી. એટલે એક જણ બોલાવવા લાગે. ખાંડ આપો, ખજૂર આપો, ગોળ આપો, ટોપરું આપો. છોકરાં વળી હાથ આગળ કરી કરીને અભિનય સાથે બોલવા લાગ્યાં. એટલે મેં પણ અભિનય કર્યો. ગોળ લ્યો, ટોપરું લ્યો, ખાંડ લ્યો, ખજૂર લ્યો. કહીને એક હાથમાંથી લઈને જાણે બીજે હાથે આપતી હોઉ એમ કર્યું. છોકરાં પણ અભિનય સાથે બોલવા લાગ્યાં,

એ પ્રમાણે અમારો ઉચ્ચારશિક્ષણનો પાઠ રોજ ચાલે. છોકરાંઓ તેને માટે ઉત્સુક રહેતાં. પહેલાં તો શરૂઆતમાં તે લીધા વગર ચાલતું જ નહિ. પણ પછી તો હું કહેતી, કામ પછી અથવા જમતી વખતે. તો સૌ ત્યાં સુધી રાહ જોઈને તે વખતે બરાબર યાદ કરતાં.

(અપૂર્ણ) તારાબેન

બીલ્યું ને કરમાયું

નૂતન બાલશિક્ષણ જે ધ્યેય સિદ્ધ કરવા સમાજની આકાંક્ષા રાખી વર્ષોથી પાયાનું ચણતર કરી રહેલ છે, તે પાયા ઉપરનું ચણતર કેટલું સબળ, ધ્યેયલક્ષી અને ઉન્નત થશે એ તો ભવિષ્યના પેઢી જોઈ શકે. પણ એકાદ દશકો જેની પાછળ ખર્ચાએલો હોય તેમાંથી કેટલાક નમૂના સમાજને જોવાના મળે છે.

ગઈકાલે એક પિતાનો તાર હતો; બીજે દિવસે પત્ર આવ્યો. એમાં લખે છે. "મારું હૃદય લખતાં ઘણું જ ગભરાય છે, છતાં પણ ધ્રૂજતે હૃદયે જણાવવાની જરૂર પડે છે કે તમે જે પુષ્પ, નાની ઉંમરમાં વાવેતર કરી હાથે ઉછરેલ તે બાર દિવસની બિમારીમાં કરમાઈ ગયું છે. તેનાં સંસ્કારનાં બી તમે રેડયાં હતાં અને તે નવપલ્લવિત

થતા સુગંધ ફેલાવવાની તૈયારીમાં હતું પણ તે કુદરતે નિર્માણ નહીં થવાનું હોય તે આ દુનિયામાંથી સદા માટે અદૃશ્ય થયું છે.”

સોળ વરસની નાની વયમાં આ કુમારે પોરબંદરમાં એકે એક વ્યક્તિનું હૃદય જીતી લીધું. એ બાળકનો દેહ-વિલય થતાં વેપારીઓએ વેપારો બંધ કર્યા; નિશાળોએ શોક પાળ્યો અને વિદ્યાર્થીઓ નિશાળે ગયા નહિ. ગામમાં લોકોએ હડતાલ પાડી.

અમ જેવા શિક્ષકો કે જેના હાથમાંથી કેટલાંએ બાળકો પસાર થાય છે તેમને માટે આ અત્યંત દર્દભર્યો પ્રસંગ છે. અમૃતલાલને એકધારી કેળવણી મળેલી અને તેમાંથી ઉત્તરોત્તર વિકાસ થએલો. એની ભાષા, એનું સંગીત, એના તબલા ઉપર પડતી થાપી, હારમોનિયમ ઉપર સૂર છેડી જતી એની ટચૂકડી આંગળી એ બધું નજરે તર્યા જ કરે છે. પાંચ વર્ષની ઉંમરે તો એણે હારમો-નિયમ અને તબલા પોતાના કરી લીધેલા અને બાલ-મંદિરમાં કૂચ, ગીતો, દાંડીઆરાસ વખતે તાલ એનો જ હોય. ભાવસિંહજી હાઈસ્કૂલના દરેક મોટા ઉત્સવમાં, ગામમાં મળતી અનેક ભજન મંડળીઓમાં, લગ્ન તેમ જ બીજા જાહેર ઉત્સવોમાં અમૃતલાલ હોય ને હોય જ. માસ્ટર વસંત જેવાને તેમણે જીતી લીધા અને તેમનાથી બોલાઈ ગયું. ‘આ છોકરો મને આપો.’

અમારી તેડાગર ડોસીનો તો એ પહેલા બોળાનો દીકરો ને સાચે જ એ ડોશીએ બારવાવાડની એની ઝૂંપડીમાં એને બોલાવ્યો ત્યારે બારવાઓનાં દિલ હરી લાવ્યો’ તો.

આ બધું છતાં ધીરગંભીર, ડાહ્યો ડમરો છતાં તોફાની, બટક બોલો છોકરો, વિશાળ કપાળવાળો, જેનું ઉપનામ અમે નેપોલિયન રાખેલું એ કદી મોટું માણસ થઈ બેઠો નહોતો.. સામાન્ય માબાપનો, એના પિતાની વૃદ્ધ ઉંમરે, ઈશ્વરી બક્ષિસ સમો છોકરો હતો.

પાંચ વર્ષની ઉંમરે એને લખતાં આવડયું અને બાલ-મંદિરમાં ટપાલનો રમતમાં એકરાગ થયો. પોતાને લખતાં ન આવડે એટલે શિક્ષકોનો દમ કાઢી નાખે. એ એકલો જ દશ બાર મિત્રોને કાગળ લખાવતો. લખનારા થાકે અને કહે ‘ભાઈ, અમારે ઘણાને લખી આપવાના છે, હવે બસ કરશો !’ એને તેથી ચટકો લાગી જતો.

નાકનુ ટેરવું ચડાવી કહેતો “મને લખતાં આવડી જશે, પછી તમારી પાસે આવું તો કહેજો.”

આટલી પ્રસ્તાવના આ બાળક માટે કરી તેના થોડા પ્રસંગો કે જે નવીન બાલશિક્ષણના જગતને ઉપયોગી છે, તે મૂકું છું.

અમૃતલાલને નાટકનો બહુ શોખ. રવિવાર થાય અને ગમે ત્યાંથી મોડા વહેલા પણ આવી રહે. “દલો તરવાડી” તો એજ થાય. ટૂંકુ પંચિયું, બંડી જનોઈ, હાથમા બેરખો, માથે ચોળાની કાનટોપી, અમૃતલાલ શોભી ઊઠે. બેઠા બાટનું એનું સુદૃઢ શરીર અને સ્વતંત્ર ભાષાનો કાબુ, બાળકો, પ્રેક્ષકો સૌ પેટ પકડીને બડખડાટ હસી પડે. એની જોડી શાંતિલાલ. આજે તો એ શાંતિલાલની જોડી તૂટી. મિંયા પુસ્કીનો એ “ વાચજીભાઈ ” દુહો લલકારતો ડાંગ બગલે મૂકતો આવે અને બાળકો નાચી ઊઠે. ઘડીભર તો એમ થઈ આવે કે આવાં બાળકોને ઉઠાવ મળતાં આટલાં આગળ આવે એ તો સંસ્થાને ગૌરવ લેવા જેવું રૂપ ગણાય.

બા. મં. માં એક વખત શિક્ષકોની ખેંચ પડી. જૂના શિક્ષકો તાલીમ લેવા બહારગામ ગયા. બીજું બા. મ. ખુલ્લું મૂકાતાં એકાદ શિક્ષકને ત્યાં જવાનું થયું. ગુજરાતી નિશાળના શિક્ષક સહાય કરવા આવ્યા. સંગીતની પૂર્વતૈયારીમાં એકવાર પેલા નવા શિક્ષકે એક બાળકનો કાન ખેંચ્યો ને અમૃતલાલ મારી પાસે આવ્યા. ત્યારે એની ઉમર તો સાતેક વર્ષની હશે. ‘જુઓ, વિનોદ બેન, પેલા શિક્ષકે કાન પકડીને લપાટ મારી. મેં ના કહી તો કહે ‘ડબ ડબ ન કર.’ આપણે આવા શિક્ષકોનું શું કામ છે ? તમે એને બાળકોને ન મારવાની વાત નથી કરી ? અને અમને બધાંને તુંકારે બોલાવે છે. અમને એ નથી ગમતું. એને જવા દો. કાલથી હું તમને મદદ કરીશ.’

એણે મદદ કરવા માંડી ને સરસ વાતાવરણ જમાવ્યુ. મને બધી જ મદદ કરે. સવારથી સાંજ સુધી સારીએ પ્રવૃત્તિઓમાં ઓતપ્રોત રહે. પછી તો બાઈઓનું પણ ઝીણવટભર્યું ધ્યાન રાખવા લાગ્યા. વહેલા આવે પૂર્વ તૈયારી જુએ. ઘણી વખત બટારામાં ચક્કર લગાવી આવે. બાઈઓ, બાબાપો, બાળકો કયાંય બોટી રીતે મોડું તો નથી કરતા ને ? આવી આવી ઝીણવટ તો એનામાં બહુ આવેલી. આમ અમારું કામકાજ આવા નાના શિક્ષકોથી સુંદર ચાલવા લાગ્યું. અમૃતલાલ પોતાનું કામકાજ પણ ગંભીરતાપૂર્વક સાથે સાથે કરી લેતા. એની ચીવટ તો એને હતી જ. સંગીતશિક્ષકના સૂર જુદા હોય તો તરત પકડી પાડતા અને કહેતા ‘આમ કેમ

ગાયું ?' જરાએ ખોટું કોર્તુ એ સહન ન કરી શકતા.

એક વખત એના જોડીદાર શાંતિલાલ લાયબ્રેરીમાંથી એક ચોપડી લઈ ગએલા. છ મહિના સુધી એ બાળકના નામ ઉપર રહી પણ ચોપડી આવે જ નહિ. અમારે ત્યાં સામાન્ય રીતે એવો નિયમ હતો કે ચોપડી ખોવાય તો શોધી આવે અથવા તો એવી બીજી ચોપડી લઈને મૂકે શાંતિલાલે બેદરકારી સેવી. અમૃતલાલ એની ચોકી કરે, અવાર નવાર શાંતિલાલને કહે, યાદ કરાવે, પણ પેલો ચોપડીનું નામ લે નહિ. એમ કરતાં કરતાં બા. મં. માં આવવાનું બોધું કર્યું. મને કહે, તમે શાંતિલાલને કંઈ કહેતા નથી.' શાંતિલાલ ઉપર ચિઠ્ઠી લખી માણસ મોકલ્યું, પણ ભાઈ કંઈ જવાબ આપે જ નહિ. છેલ્લે અમૃતલાલે એક સખ્ત કાગળ લખ્યો અને એમાં લખ્યું, ચોપડી અથવા પૈસા પંદર દિવસમાં નહિ લાવે તો મારી ને તારી ભાઈબંધીમાં ફોક છે. હું બોલીશ નહિ ને તારી દોસ્તી રાખીશ નહિ છતાં પોતે જવાબ તો આપ્યો જ નહિ. ત્યારથી અમૃતલાલે એની ભાઈબંધી છોડી. એના સંસ્કારો પહેલેથી ઊંચા જણાતા હતા.

એને વાર્તાઓનો બહુ શોખ હતો. બા. મં. માં. રસ્તે ચાલતાં મારે ઘેરે આવતા ત્યારે અવાર નવાર વાર્તાનો માગણી કરે. નાની ટચુકડી તો ગમે જ નહિ. પરી કે અપ્સરાની નહિ. ચેલૈયો, શ્રવણ, પ્રહલાદ, ભીમ કે કુંતામા એને બહુ ગમતાં. ચેલૈયાની અને એવી વાર્તાઓ સાંભળતાં એની આંખોમાંથી આંસુ સરી પડતાં. ક્યાંય સુધી રડતા અને અનેક પ્રશ્નો પૂછતા. એ બધી વાતોમાંથી પોતે દિવસે દિવસે ધીર ગંભીર બનતા, એ હું જોઈ શકતી. મેં જેટલા એના લાડ જોયા છે એટલી જ એની ગંભીરતા નિહાળી છે.

અમે ૧૯૪૫ ની આખરમાં પોરબંદર છોડ્યું અને મદ્રાસ આવવા નીકળ્યા. કુટુંબ, સ્વજનો, મિત્રો અને આવાં બાળકો સૌને છોડીને જતાં સ્વાભાવિક લાગી આવે. છેલ્લે દિવસે ઔચિતાના આવીને જમવા બેઠા. મારે હાથે જમ્યા. કેમ જાણે છેલ્લું એને એ જ જમવાનું હશે. રાતના નવ વાગે સ્ટેશન ઉપર દોડતા દોડતા આવેલા. ટ્રેન ઉપડવાને પાંચ જ મિનિટ હશે. હાથમાં ફૂલનો હાર અને સાકરનુ પડીકું.

'લ્યો વિનોદ બેન, પોંછા મળશું ત્યારે, મારા તરફથી. આ પહેરો.'

'અરે અમૃતલાલ ! આવું બધું તમે ક્યાંથી શીખ્યા? આ બધું હોય નહિ. લાવો, હુજ તમને પહેરાવું.'

'નહિ ચાલે'. દૃઢતાથી એણે કહ્યું, મારે તમને પહેરાવવો છે. ના નહિ કહેવાય.' અને એમ કરતાં ખરેખર હાર પહેરાવી દીધો. શરમથી મારું માથું બાળકને નમ્યું, અને એ હસી પડ્યા. આંખમાં આંસુ હતાં.

આ અમારું છેલ્લું મિલન કાળે નિર્માણ કર્યું હશે. એને મળવાની ઘણી ઝંખના હતી. અમારા ફોટાઓ દરેક કાગળે માગે, અને હું મોકલું નહિ. છેવટ હું એની એ ઇચ્છાઓ પૂરી ન કરી શકી. અમૃતલાલ જતાં આજે એના માબાપને પોરબંદરને એના ભાંડરડાને અને અમારા જેવા શિક્ષકોને ખોટ પડી છે. એના સંસ્કારો ઊંચા હતા એની બહેનનો કરણ પત્ર છે. લખે છે, 'છેલ્લે અમૃતલાલે ત્રણ શબ્દો લખાવેલા અને અવાર નવાર બધાને આંગળી ચીંધી એ વાંચવાનું કહેતો, 'સુવાક્ષ, સ્નેહ, પ્રેમ.'

એને જવાને દિવસે લખે છે, અદ્‌ભુત શાંતિ હતી. અશકિત હતી છતાં તેજ હતું. ગંભીરતા હતી છતાં દિવ્ય હાસ્ય હતું. ગાંધર્વ ઘરનું સંગીત હતું સવારના સાડાપાંચે આલાપ સાથે કૃષ્ણ દ્રૌપદીનું છેલ્લું ગીત ગાયું અને એમનુ છેલ્લું પણ અંતિમ ગીત તે 'બીના! મધુર મધુર કછુ બોલ'. એ છેલ્લું જ હશે. તા. ૨૮ મી ને મંગળવારે સાંજના સૌની વિદાય લીધી.

પણ ક્ષણે ક્ષણે એ કેમ યાદ આવે છે? એ કેમ ભૂલાશે?

એના બાપુજીનો સવારમાં તાર આવતાં અમે ક્યાં જઈએ? કોને કહીએ? એ દુઃખ ઠાલવવા, ભૂલવા, સાંત્વન મેળવવા અમે બા. મં. ગયા. બાળકોને વાત કહી. અમૃતલાલનો પરિચય આપ્યો. એની ટૂંકી જીવનરેખા કહી. સૌએ શાંતિથી સાંભળી. કેટલાંય બાળકો અમારી ભીની આંખો જોઈ રડી પડ્યાં. પ્રાર્થના કરી. અમારી પાસે રહેલા અમૃતલાલના ફોટાને ફૂલ ચડાવી સૌએ અંજલી આપી. બાળકો પણ દૂર દૂરના બાળકને કેટલા સમજી શકે છે? એનાં હૃદય હલી ઊઠ્યાં. નીરએન બોલી ગયા.

'આજનો દિવસ બગડ્યો નહિ?"

મારાથી બોલી જવાયું, "આજનો દિવસ બગાડ્યો; એના માબાપની જિંદગી બગડી."

તબલા જોઉ છું ને અમૃતલાલ યાદ આવે છે. એનાં જેવાં થનગનતાં બાળકો જોઉ છું ને એ યાદ આવે છે. આજે હવે દિવસે દિવસે એ વધુ ને વધુ એનો જીવંત પરિચય થાય છે. એમ થાય છે કે અમૃતલાલ ખરું જીવી ગયો, અમર થઈ ગયો. ઈશ્વર એના નિર્દોષ આત્માને શાંતિ આપશે પણ વધુ તો એના માબાપ, સ્વજનો, બહેનો અને સૌને એનું દુઃખ એની ખોટ, સહન કરવાની તાકાત પ્રભુ આપે, શક્તિ આપે.

મદ્રાસ. વિનોદિની

અપૂર્ણાંક

પૂર્ણ અંકોનુ ગણિત શિખવવા માટે આપણે જેમ વિષયનાં પગથિયાં પાડીને બાળકનો માર્ગ સરળ કરી આપીએ છીએ તે જ રીત, તે જ ધીરજ જો અપૂર્ણાંક શિખવવામાં પણ આપણે બતાવી શકીએ તો બાળકો અપૂર્ણાંકોનું ગણિત પણ રસથી શીખી શકે છે એ મેં જોયું છે. પૂર્ણાંકોમાં પ્રથમ લાલ સીડીમાં પ્રથમ જથ્થાઓનો (quantities) અપ્રત્યક્ષ ખ્યાલ રજૂ કરીએ છીએ, પછી પટાવાળી સીડીમાં જથ્થાઓનો અને અંકોનાં નામોનો સંબંધ સાધીએ છીએ, રેતીથી અંક દ્વારા અંકોનાં ચિહ્નો અને તેનાં નામોનો સંબંધ જોડી દઈએ, મોઈની પેટીમાં જથ્થાઓ અને ચિહ્નોનો સબંધ અને આ રીતે આગળ જતાં સંખ્યારચના અને પછી સરવાળા, બાદબાકી વગેરેના ચાર મૂળ કૃત્યોનો ખ્યાલ રજૂ કરીએ છીએ. તે જ રીત આપણે અપૂર્ણાંકનું ગણિત શિખવવામાં પણ રાખવી જોઈએ.

સાધનનું વર્ણન

લોખંડની ભૌમિતિક આકૃતિઓની જેમ જ દરેક સ્ટૅંડ-પર પાંચ પાંચ ફ્રેમો અને આકૃતિઓ એવા બે સ્ટૅંડ્સ્ હોય છે. દરેક ફ્રેમ વર્તુળાકાર હોય છે. ફ્રેમ નં. ૧ માં એક પૂર્ણ વર્તુળાકૃતિ હોય છે. નં. ૨ માં આકૃતિના વર્તુળના બરાબર બે ભાગ. નં. ૩ માં બરાબર ૩ ભાગ એમ કરતાં કરતાં નં. ૧૦ માં એ જ વર્તુળના ૧૦ ભાગ કરવામાં આવેલા હોય છે. ફ્રેમો અને આકૃતિઓની ઉપરની બાજુએ લાલ રંગ હોય છે અને બીજી બાજુએ સફેદ રંગ હોય છે. દરેક કકડો સ્વતંત્ર રીતે ઊપાડી શકાય તે માટે તેનાપર બટન હોય છે. આ સાધનમાં ચોકસાઈની બહુજ જરુર હોય છે એટલે સામાન્ય કારીગર બનાવી શકે કે કેમ તે વિશે મને શંકા છે. આ સાધન લોખંડનું આવે છે અને તે ઘણું મોંઘું પડે છે. તે જ જો લાકડાનું બનાવવામાં આવે તો તેની કિંમત ઓછી થાય કે કેમ તે પણ એક જોવા જેવો પ્રશ્ન છે. લાકડાનું બનાવવાનું સૂચન તો એટલા માટે કે તે, ગામનો સુથાર પણ બનાવે એવી મને શક્યતા દેખાય છે.

રજુઆત

આ સાધનની રજુઆત બાળકની કક્ષા ધ્યાનમાં લઈને કરવાની હોય છે. સામાન્ય રીતે ચાર વર્ષની ઉંમરથી એની રજુઆત કરી શકાય છે અને પછી જુદા જુદા પાઠો દ્વારા તેનો ઉપયોગ ૭ વર્ષની ઉમર સુધી અને આગળ પણ થઈ શકે છે. પાઠોનો ક્રમ નીચે મુજબ હોવો જોઈએ.

(૧) અપૂર્ણાંક જથ્થાઓનો અપ્રત્યક્ષ ખ્યાલ (સાધન ગોઠવવાનો પાઠ)

(૨) અપૂર્ણાંક જથ્થાઓના થરો અને તે દરેક-માંના એક યુનિટનું નામ આપવાના પાઠો.

(૩) અપૂર્ણાંક લેખનનો ખ્યાલ આપવાની દૃષ્ટિએ અપૂર્ણાંકોના કાર્ડો પરથી નામોનો પરિચય.

(૪) અપૂર્ણાંકના જથ્થા અને કાર્ડોનો પરિચય દૃઢ કરાવતી રમતો. કોઈ પણ અપૂર્ણાંક સંખ્યા લાવવી, લઇ જવી.

(૫) અપૂર્ણાંકના સરવાળા અને બાદબાકીની રજુઆત.

(૬) અપૂર્ણાંકના ગુણાકાર અને ભાગાકારની રજુઆત.

હવે આપણે દરેક પાઠ વિશે થોડી વધારે વીગતોમાં ઊતરીએ.

પાઠ નં. ૧ અપૂર્ણાંક જથ્થાઓનો પરિચય.

બાળકની ઉંમર વર્ષ ૪

સાધનના બે સ્ટૅંડ્સ્માંથી એક નં. ૧ સ્ટૅન્ડ લઈને તેના બધા કકડા ભેગા કરવા અને બાળકને તે ગોઠવી બતા-વવા. દરેક કકડો પોતાને ઠેકાણે ગોઠવાઈ ગયો હોય તો જ બધા કકડા ફ્રેમોમાં સમાઈ જાય છે. ભૂલ થઈ હોય તો પોતાની મેળે જ જણાઈ આવે છે. તેથી બાળક પોતાની મેળે જ તે ભૂલ સુધારવા પ્રયત્ન કરશે. તેના આ પ્રય-ત્નોમાં અપ્રત્યક્ષ રીતે કકડાઓનો ખ્યાલ પાકો થાય છે.

સ્ટૅંડ નં. ૧ પછી એજ રીતે સ્ટૅંડ નં. ૨ એ જ રીતે આપવું. સામાન્ય રીતે ચાર વષ ની આજુબાજુમાં જો આ સાધન રજૂ થયું હોય, તો સાડાચારની આજુ-બાજુમાં ઘણાં બાળકો તે સરખી રીતે ગોઠવી શકતા દેખાય છે.

પૂર્ણાંકોમાં મૂળ અંકોના જથ્થાઓનો પ્રથમ ખ્યાલ જેમ લાલ સીડીપર માત્ર ઈંદ્રિયોદ્વારા (Sensorially) મેળવે છે તેમ જ આ પાઠમાં અપૂર્ણાંકના જથ્થાઓનો (quantities) નો ખ્યાલ બાળક અહીં મેળવે છે.

પાઠ નં ૨ અપૂર્ણાંકના જથ્થા અને તેનાં નામોનુ સાહચર્ય.

હવે સ્ટૅંડપરના કકડાઓ સાથેની ફ્રેમોની જુદા જુદા 'ઘર' તરીકે ઓળખાણ આપવાની હોય છે. પહેલી

ફ્રેમમાં આખું વર્તુળ છે; તેને કહેવું ' એકનું ઘર.' બીજા કકડા સાથેની ફ્રેમનું નામ ' દ્વિતીયાંશનું ઘર, ' પછી આગળ ' તૃતીયાંશનું ઘર,' ' ચતુર્થાંશનુ ઘર ' અને એ રીતે ' દશાંશનું ઘર ' સુધીનાં જુદાં જુદાં ઘરોનો પરિચય આ પાઠ દ્વારા કરાવવાનો હોય છે. બાળકની ઉંમર સામાન્ય રીતે ૪॥ અને ૫ ની વચ્ચે હોય છે. કેટલાંક બાળકો આ વખતે વાંચી પણ શકતાં હોય છે. એટલે આ

પરિચય કરાવવામાં | 'દ્વિતીયાંશનું ઘર' | 'તૃતીયાંશનું ઘર'

એવી ચિઠ્ઠીઓ કરી રાખેલી હોય તો જુદાં જુદાં ઘરો ગોઠવીને તેનાપર આ ચિઠ્ઠીઓનાં લેબલો લગાડવાની રમત બાળકોને બતાવીએ તો તેમાં તેઓ ઠીક ઠીક રસ બતાવે છે. જુદાં જુદાં ઘરો એવી રીતે બાળક ઓળખતું થાય કે તેને મોઢેથી જ કહેવું 'દ્વિતીયાંશનો એક લાવ' 'પંચમાંશના ત્રણ લાવ' 'ત્રણ પંચમાંશ લાવ' 'પાંચ સપ્તમાંશ લાવ.' આ રીતે અપૂર્ણાંક સંખ્યાઓના જથ્થાઓ (quantities) અને તેનાં નામોનું સાહચર્ય નિર્માણ કરવું, એ જ પાઠ નં. ૨ નો ઉદ્દેશ છે. **પાઠ નં. ૩** અપૂર્ણાંક લેખનનો ખ્યાલ.

પૂર્ણાંકમાં જેમ રેતીમાં અંકોના કાર્ડસ હોય છે અને તેનો ઉપયોગ માત્ર અંકોનાં ચિહ્નોનો પરિચય કરાવવા પૂરતો હોય છે, તે જ રીતે અહીં પણ અપૂર્ણાંકના કાર્ડસ બનાવવાં જોઈએ.

$\frac{1}{2}$	$\frac{1}{3}$	$\frac{1}{4}$	$\frac{1}{5}$	
$\frac{1}{6}$	$\frac{1}{7}$	$\frac{1}{8}$	$\frac{1}{9}$	$\frac{1}{10}$

તેમાં એક દ્વિતીયાંશના ખાનામાં $\frac{1}{2}$ નું એક, એક તૃતીયાંશના ખાનામાં $\frac{1}{3}$ $\frac{2}{3}$ એવા બે અને ચતુર્થાંશના ખાનામાં $\frac{1}{4}$ $\frac{2}{4}$ $\frac{3}{4}$ એવા ત્રણ એ રીતે $\frac{1}{10}$ ના ખાનામાં ૯ કાર્ડો રાખવા અને મોઢે બોલીને એવા જુદા જુદા કાર્ડો લાવવા લઈ જવાની રમતો લેવી. બાળકને અંકનો પરિચય પ્રથમ થઈ ગએલો હોવાથી આ કાર્ડો ઓળખવામાં મુશ્કેલી પડતી નથી. આ રમતમાં એ રીતે અપૂર્ણાંક ચિહ્નોનો પરિચય થાય છે.

પાઠ ન. ૪ અપૂર્ણાંક જથ્થાઓ અને ચિહ્નોનો સમન્વય.

પૂર્ણાંકમાં સંખ્યાઓ લાવવા લઈ જવાની રમતો આપણે કાર્ડ મૂના સેટ્સ પર અને લાકડાના ઘન ચોરસ સળીઓ વડે, સાધનો પર કરીએ છીએ તે જે રીતે અહીં આ કાર્ડોનો (હવે મોઢેથી નહિ) સ્ટૅંડપરની ફ્રેમોમાંથી અપૂર્ણાંકના જથ્થાઓ કાર્ડો પ્રમાણે બાળકો લાવેછે અને લઈ જાય છે. એથી હવે અપૂર્ણાંક બાળકો વાંચી શકશે અને તેના જથ્થાઓની સ્પષ્ટતા પણ મેળવી શકશે. આ રમતોની સાથે જ તેમને અપૂર્ણાંકમાં છેદનો અંક એ અપૂર્ણાંકના 'ઘર'નો અંક હોય છે એ વાત બાળકોના ધ્યાનમાં આવશે. તેમ જ અશ એટલે 'ઘર' માંથી માગેલા કકડાઓનો અંક હોય છે એ કલ્પના પણ બાળકો પોતાને મેળે શીખી લેશે. આ તૈયારી થાય એટલે સરવાળા બાદબાકીની કલ્પનાઓ આપવા માટે ભૂમિકો તૈયાર થઈ ગઈ એમ ગણવું. તેનો વિચાર આપણે આવતા અંકમાં કરીશું.

અપૂર્ણ ના.

'એકડો ઘૂંટતાંયે નથી આવડતો.'

આજની આપણી આ નવી શિક્ષણપદ્ધતિમાં હજુ ઘણાને વિશ્વાસ બેઠો નથી. ઘણાને એમ લાગે છે કે આ પદ્ધતિથી બાળક જલદીથી લખતાં વાંચતાં શીખતું નથી. કેળવણી એટલે એમને મન લખતાં વાંચતાં આવડે તે... બાળકને એકડો ઘૂંટતાં આવડે એટલે એમને એમ લાગે છે કે બાળક હવે કેળવણી પામતું જાય છે; પછી ભલે તેની બીજી શક્તિઓ રૂંધાતી હોય. તેનું સ્વતંત્ર વ્યક્તિત્વ ખીલે કે ન ખીલે, એની સાથે એમને નિસ્બત જ હોતી નથી. તે આવતી કાલના સમાજની કાયાપલટ કરનારી ચેતનશક્તિ છે; એ વિચાર તેઓ કદીયે મનમાં આવવા દેતા નથી. તેઓ તો કકત એટલું જ વિચારે છેકે આ બાળકે-મોટા થઈને અમને પોષવાનાં છે; અને માટે એ જલદી મેટ્રિક પાસ થાય અથવા તો કોઇ બીજી સારી ઉપાધિ મેળવે. એટલી જ એમની અભિલાષા હોય છે. તેથીજ તેઓ વારેવારે બાલશિક્ષકો પાસે આજ બૂમો મારે છે, ' માસ્તર! અમારા બાળકને તો હજુ એકડો ઘૂંટતાંયે નથી આવડતો. તે ... તમે ભણાવતા હો એમ લાગતુ નથી.' તેઓ કદીએ એમ કહેતા નથી કે અમારુ બાળક હવે શુદ્ધ રીતે બોલતાં શીખ્યું છે, ગાળો

બોલતાં અટકી ગયું છે, આનંદથી હરતાં ફરતાં અને ગમ્મત કરતાં શીખ્યું છે.

એકવાર હું મારા એક પાડોશીને ઘેર ગયેલો. તે વખતે અમારા તે પડોશીની બે છોકરીઓ ઘેર હતી. તેમાંની એક હાલ મેટ્રિક ભણે છે. તેમની નાની બેન, જેને તેઓ બેબી કહે છે, અમારા બાલમંદિરમાં આવે છે. તે બેબીની વાત નિકળતાં તે બહેને મને કહ્યું.' લાલચંદભાઈ! તમારા બાલમંદિરમાં કંઈ ભણાવતાં હો એમ લાગતુ લાગતું નથી.' મેં પૂછ્યું, ' કેમ એમ ?' ત્યારે એમણે કહ્યું, ' જુઓને, આ બેબી કેટલા વખતથી ત્યાં આવે છે. હજુ એને એકડો ઘૂંટતાંએ નથી આવડતું. સાવ બુઠ્ઠીજ રહી છે.' મેં કહ્યું, 'બહેન ! બાળમંદિરના સમયે હુ તો નિશાળે જાઉંછુ એટલે મને કંઈ ખબર નથી. છતાં મને એમ લાગે છે કે હજુ તેની ઉંમર જ એકડો ઘૂંટવા જેટલી થઈ નથી. હજુ તો એનો રમવા. કૂદવા અને નાચવાનો આ સમય છે તે વખતે તમે એને ભણાવી નાખવાની વાત કરો એ કેમ બને ? ' ત્યારે એમણે કહ્યું,' ' અરે ! ચાર વર્ષની થઈ છે ને હજુ ભણાવવાની ઉંમર નથી થઈ, એમ તમે કહો છો ? ' અત્યારે જો એ પહેલીમાં ન હોય તો પછી મેટ્રિક કયારે થાય ? ' મેં કહ્યું, ' એ વાત બાજુએ મૂકીએ. પણ લખવા વાંચવા સિવાય બીજી કંઈ કેળવણી હોય છે એમ તમે માનો છો ખરાં ?' ત્યારે આપણે કહેવું,' ' હા, હોય છે ખરી. પણ એ કંઈ ઓછી જ ઉપયોગમાં આપવાની છે ? અમારી ઈચ્છા તો એ જલદી મેટ્રિક પાસ થઇ જાય એ જ હોય. ' મે કહ્યુ,' એ ઠીક, પણ લખવા વાંચવા સિવાય એ બીજી દિશામાં પ્રગતિ કરી શકી છે એમ તમને નથી લાગ્યું ? ' ત્યારે એમણે કહ્યુ,' ' હા એક વાત જોઈ છે કે દરરોજ સાંજે અમને એક ગીત અને વાર્તા સંભળાવ્યા વિના એ સૂતી નથી કે સૂવા દેતી પણ નથી. બીજું ' નમસ્તે ' કહેતાં શીખી છે અને ચહાનાં વાસણ ઉટકતાં શીખી છે, મેં કહ્યું, 'તમને એમ નથી લાગતું કે આ એની ઘણી પ્રગતિ છે ! ' ત્યારે એમણે કહ્યું ' હા, જરૂર લાગે છે, પણ હજુ એકડો ઘૂંટતાં તો નથી આવડતો ને ?.....'

એક મૅટ્રિક સુધી-ભણેલાં બહેન પણ જ્યારે આમ બોલે ત્યારે તો ખરેખર દુઃખ થાય. જો કે સમાજમાં તો આજે એવાં કેટલાંયે બહેનો અને ભાઈઓ આવી ગેરસમજુતી કરતાં હશે. એમાંથી બચવાનો કંઈ ઉપાય ? એવો સમય કયારે આવશે જ્યારે બાળકના સર્વાંગી વિકાસ માટે મથતી પદ્ધતિને જ બધા સાચી શિક્ષણ પદ્ધતિ માનતાં થશે?

લાલચંદ ગાંધી

સેવા અને મજૂરી

કૉલેજની ગલીની છેડે સોમો મોચી હંમેશ બેસે છે. સવારના સાત સાડા સાત થાય છે કે સોમો ત્યાં હાજર હોય જ. આખો દિવસ જોડા, બૂટ, ચંપલ એવો રમને ચામડાની હોય ન હોય તે બધી વસ્તુઓ સમી કરવાનું કામ સોમો કરતો હોય છે. રસ્તાપરથી જતાં આવતાં સ્ત્રીપુરુષો ને નાના મોટા વિદ્યાર્થીઓ સોમાને કામ આપતા હોય છે. સોમો કોઈની સાથે કોઈ ભાવ તાલ કરતો નથી. રાજી ખુશીથી તેને જે કંઈ અપાય છે તે લે છે અને એ રીતે જે કંઈ મળે છે તે માટે ભગવાનનો આભાર માને છે. ફાટેલું તૂટેલું તેનું આસન છે. શરીરે એક ફાટેલુ તૂટેલું બમીસ છે અને કાળી બંડી છે. માથે એક ખાખી ટોપી છે અને તે સોમો વ્યવસ્થિત રીતે પહેરે છે. તેની સામે ચામડાના નવા જૂના ટુકડા અને તેના કામનાં સાધનો પડેલાં હોય છે. કોઈ કોઈ વાર તેની ત્રણ ચાર વર્ષની દીકરી તેની બાજુમાં ફુટપાથપર આવી બેઠી હોય છે અથવા રમતી દેખાય છે.

સોમાનો ભગવાન પરનો વિશ્વાસ અને તેનું સમાધાન જોઈને મને એક દિવસ તેને પૂછવાનું મન થયું—

'ક્યાં રહે છે તું સોમા?'

'માટુંગામાં; ત્યાં અમારા મોચી લોકોની વસ્તી છે. પાંચ સાત જણાએ મળીને એક ઓરડી રાખી છે, તે બાજુએ માહિમ રસ્તાપર મ્યુનિસિપાલિટી નથી બેસવા દેતી. બે વખત મારાં સાધનો ને દુકાનની વસ્તુઓ જપત કરીને લઇ ગયા એટલે અહીં આવ્યો છુ શેઠ.'

'કેટલા દિવસથી આ કામ તુ કરી રહ્યો છુ ?' 'શું કહું શેઠ ? હુ સારો કારીગર છું. મોટી મેટી બેગો બનાવી શકું છું. મોટા કારખાનામાં કામ કરતો હતો પરંતુ હમણાં મંદી હોવાથી કંપનીએ નોટિસ આપીને અમારુ કામ બંધ કર્યું મને થયું કે ગમે ત્યાં બેસીશ તોય પેટને સારું કંઈક મળશે. વરસ થયુ હુ આવી રીતે બેસુ છું; અને

તમારી શેઠ લોકોની મહેરબાનીથી આવા પૂરતું મેળવું છું.'

બાર વાગ્યાનો આ સમય હતો. એને ભૂખ લાગી હતી. એક મેલા લુગડામાં ભાખરીના ટુકડા બાંધેલા હતા તે છોડીને, તેને સામે મૂકીને ફરી તે વાત કરવા લાગ્યો.

* * *

બીજી એક એની જ વાત. મારા ઘરની પાસે જ એક સાંકડી ઓરડીમાં દસબાર ભૈયાઓ રહે છે. કોઈ દર જેવી સાંકડી એવી એ ઓરડીમાં જ્યાં ત્યાં લુગડાના ઢગલા પડેલા હોય છે. કોઈક ઠેકાણે ઈસ્ત્રીનું કામ તો કોઈ ખૂણામાં ગંદાં લુગડાં છૂટાં પાડીને તેનાપર નિશાનીઓ કરવાનું કામ, તો કોઈ ઠેકાણે પોટલીઓ બાંધવાનુ કામ ચાલતું હોય છે. સવારના ત્રણ વાગ્યાથી તે રાત્રે આઠ વાગ્યા સુધી આ ધોબીઓ ઉઠાવતા હોય છે. પાસે જ ધોબીનો ઘાટ છે. ત્યાં સવારથી જ ઘણી જ ગરબડ શરૂ થાય છે. કામમાંથી જેમ સમય મળે તેમ વારા ફરતા આ લોકો ફૂટપાથપર મૂકવામાં આવેલી એક તૂટેલી ખાટલીમાં અને ઓરડીની અંદરની ખાટલીમાં સૂતા દેખાય છે. ઓરડીના એક ખૂણામાં રસોઈ પણ થતી હોય છે. ઘરમાં બૈરાં છોકરાં કોઈ દેખાતાં નથી. બધા પોતાનો દેશ અને માણસો છોડીને અહીં આવ્યા છે; શા માટે ? તો કેવળ મજૂરી મેળવવા માટે.

ખાવાનું સારું નહિ, રહેવાની આ દશા અને તોય એની પરિસ્થિતિમાં જીવીને આખો દિવસ કષ્ટ શા માટે કરતા હશે આ લોકો ?

આ લોકોના કામને આપણે 'મજૂરી' તરીકે ઓળખીએ છીએ.

* * *

અમારા નાનકડા ગામમાં એક જમીનદાર છે. ગામના બધાં ઘરોમાં તેનું ઘર મોટું છે. તેના ઘરમાંનો સરસામાન ગામનાં ઘરોમાંના કોઈ પણ સરસામાન કરતા ઊંચી જાતનો છે. ઘરનું ફર્નિચર ઠીક ઠીક કળાદૃષ્ટિથી પસંદ કર્યું છે. જમીનદારનાં કપડાં, ખાણુ વગેરેમાં પણ ગામ લોકો કરતાં તફાવત છે. આ ગૃહસ્થના ઘરના મોટા દિવાનખાનામાં હંમેશ ગામલોકોની મંડળી તો બેઠી જ હોય. ગામનું બધું રાજકારણ, સમાજકારણ અહીં ચર્ચાય છે. આ જમીનદાર ગામની મ્યુનિસિપાલિટીનો પ્રમુખ છે. સવારથી જ આ પ્રમુખને ઘેર લોકોની આવજા શરૂ થાય છે. આ કામ માટે તે લોકો પાસેથી કોઈપણ જાતનો બદલો લેતા નથી. લોકો જમીનદારની આ સેવાની તારીફ કરે છે. ઘરનો સુખી હોઈને પણ જમીનદાર ઘણો જ વિનયશીલ, ઉદાર ને સેવાભાવી છે. આ જમીનદારના ઉદ્યોગને શું કહેશું આપણે, સેવા કે મજૂરી !

સેવા અને મજૂરીની કલ્પનાઓ બાબત અમારી વચ્ચે ઠીક ઠીક વાદવિવાદ થાય છે. મારી ભૂમિકા એવી કે શિક્ષકનો ધંધો પણ એક મજૂરીનો જ ધંધો છે; અને તે મજૂરી છે તેથી જ આ ધંધામાટે મને સ્વાભિમાન છે; તેમાં સંઘટના, ભંગ અને હડતાળ વગેરે મજૂર ચળવળના પ્રતીક રૂપ બનેલા કાર્યક્રમોને પણ સ્થાન મળશે તો જ શિક્ષકના ધંધાનો કંઈક ઉત્કર્ષ થઈ શકશે અને તેથી જ સાચું સમાજકાર્ય પણ અધિક વ્યવસ્થિત રીતે અને સારું થશે.

કેટલાંક એમ માને છે કે શિક્ષકનું કાર્ય સેવાનું છે. એમા માગણીઓ, હક્ક, સંઘટના અને હડતાળ વગરેને સ્થાન ન હોવુ જોઈએ. શિક્ષકની ભૂમિકા ત્યાગમય અને સેવામય એવી ઊંચી કક્ષાની હોવી જોઇએ.

અમારો આ વાદવિવાદ શું માત્ર શબ્દોની જ લડત હશે શું ?

સમાજમાં જ્યારે આચારવિચારોની ક્રાંતિ ચાલુ હોય ત્યારે તેની અસર ભાષાના શબ્દોના અર્થપર ઝડપથી થતી હોય છે. આ સંક્રમણ દરમિયાન સમાજના આચારવિચારોમાં ઝડપી ફેરફારો થતા હોય છે. તે જ વેગથી ભાષામાં જે નવા શબ્દો આવે છે તો પણ તેનો નવો અર્થ દૃઢ થતો નથી. તેથી નવા અને જૂના જમાનાની મંડળી એના એ જ શબ્દોને પોતપોતાના અર્થની દૃષ્ટિએ મહત્વ આપતા હોય છે. 'સેવા' અને 'મજૂરી' એ બે શબ્દો બાબત એવું જ થયું હોય એવું દેખાય છે. શાને 'સેવા' કહેવી ? અને શાને કહેવી 'મજૂરી' ?

મૂડીવાદી સમાજરચનામાં 'સેવા' શબ્દને વિનાવેતને કરેલું ઉપયુક્ત કામ એવો અર્થ દૃઢ થાય છે. ઉપર વર્ણન કરવામાં આવેલા જમીનદારના ઉદ્યોગને આપણે 'સેવા' કહીએ અને સોમા મોચી અથવા ભિવા ધોબીના કામને 'મજૂરી' કહીએ છીએ. કારણ આ મંડળી પોતપોતાના કામનુ મૂલ્ય સમાજ પાસેથી લેતી હોય છે. સેવા અને મજૂરી શબ્દોના અર્થમાંનો વિરોધ મૂડીવાદી સમાજરચનામાં જ વધતો હોય છે. મૂડીવાદી રચનામાં પોતાના કામનું મૂલ્ય માગનાર માણસ હમેશનો 'મજૂર' એટલે આત્મભાવનાથી કામ નહિ કરનાર તરીકે નીચલી કક્ષાનો ગણવામાં આવે છે;

એનાથી ઊલટું એવું મૂલ્ય ન માગનાર માણસના કામને વધારે પડતુ સેવાનું સ્વરૂપ આપવાનો પ્રયત્ન થતો હોય છે. પરંતુ સમાજમાં જેમ જેમ મૂડીવાદ નિયંત્રિત થઈ સમાજવાદ વધે છે, તેમ તેમ 'મજૂરી' અને 'સેવા' એ બે શબ્દો લગભગ સમાનાર્થી વપરાવાનો સંભવ વધતો હોય છે. સમાજના કોઇ પણ ક્ષેત્રનું કામ એ કેવળ મજૂરી નહિ રહેતા તે સામાજિક સેવાનું કામ છે એવુ લોકો કહેવા લાગે છે. દાખલા તરીકે અત્યારે કાપડની અછત છે. વધારેમાં વધારે કાપડ ઉત્પાદન કરવાને માટે જે મજૂરો તરફથી પ્રયત્ન થાય તો તેના તરફથી તે એક મોટી રાષ્ટ્રીય સેવા જ ગણાશે. કાપડના ઉત્પાદન સાથે તેની મજૂરીનું મૂલ્ય પણ મજૂરને વધારે મળે છે તો પણ અહીં મજૂરી એ સેવા ગણાઇ જવાનો સંભવ વધારે છે.

મૂડીવાદી સમાજરચનામાં મૂડીના વધી જતા મહત્વની સાથે 'સેવા'નું મહત્વ પણ વધતુ હોય છે. મૂડીને મળતા વધારે પડતા મહત્વને લીધે સમાજનો સર્વસામાન્ય માણસ સેવાને બદલે પૈસાને જ પોતાના સુખનું સાધન ગણીને પૈસાની પાછળ પડતો હોય છે. તેથી એવી સમાજની રચનામાં જે વ્યકિત પૈસાની પાછળ નહિ પડતા સમાજહિતનાં કાર્યોની પાછળ પોતાનું જીવન વ્યતીત કરે છે, એવી વ્યકિતઓ બહુ ઓછી હોય છે અને તેને લીધે સમાજ પણ તેમના તરફ વિશેષ લાગણીથી જોતો હોય છે. પરંતુ સમાજવાદી દુનિયામાં દરેક પ્રકારનુ કામ સમાજહિતની ભાવનાથી જ થાય; એવું નિયોજન હોવાથી 'મજૂરી' નો દરજ્જો પણ 'સેવા' સુધી પહોંચવાનો સંભવ હોય છે.

આજ આપણા દેશમાં મૂડીવાદી સમાજરચના હયમચતી દેખાય છે. સર્વોદયની ભાવના જાગૃત થતી જાય છે. આવી પરિસ્થિતિમાં સેવા અને મજૂરીમાં મૂડીવાદી રચનાનો મોટો તફાવત કાયમ રાખવાની જરૂર દેખાતી નથી. ધીમે ધીમે આપણે વર્ગહીન સમાજરચના તરફ જઈ રહ્યા છીએ. એ સ્થિતિમાં રાષ્ટ્રના કોઈ પણ કાર્યક્ષેત્રમાં કામ કરનારાઓ બધા જ 'મજૂર' અથવા બધા જ 'સેવકો' છે એવી આપણે ભાવના કેળવવાની જરૂર છે. નહિ તો 'સેવા' માત્ર જેઓની મૂડી બૅંકમાં હોય કે બીજે હોય એવા જ લોકો તરફથી થઈ શકશે અને નિર્ધન સન્તોનું કામ તેઓ કામનું મૂલ્ય લે છે માટે તે 'મજૂરી' થઈ પડવાનો સંભવ રહે છે.

આજનો શિક્ષકવર્ગ વેતન માગે છે અને તે માટે સંઘટિત થાય છે અથવા તેનાથી આગળ જઈને સરકારોને હડતાળની ધમકીઓ પણ આપે છે અથવા હડતાળ પર ઊતરે છે. તેથી તેઓને મૂડીવાદી સમાજ રચનાના 'મજૂર' કહીને ચાલવાનું નથી. આવતી કાલની સમાજવાદી રચનામાં પોતાના ક્ષેત્રમાં સમાજભાવનાથી અને જવાબદારીથી કામ કરનાર દરેક મજૂર એ જ સમાજનો સાચો સેવક છે એવી નવી ભૂમિકા છે. મૂડીવાદી સમાજરચનાનો સેવાના આદર્શની કસોટી લગાડીને શિક્ષકોએ પોતાના આજીવન માટે ચલાવેલી સંઘટનાને હીન ગણીને તેઓને 'મજૂર' અને 'સેવા' શબ્દો વચ્ચે સર્વોદય સમાજવાદી રચનામાં તફાવત રહી શકવાનો નથી.

ના.

નોંધ : ઉપરના લેખમાં શ્રી. નામલે કહે છે તે પ્રમાણે અમારી વચ્ચે આ વિષયપર ઘણીવાર ચર્ચા થાય છે પરંતુ આ વિષય અમારી વચ્ચેના જ મતભેદોનો છે એવું નથી. નૂતન બાલશિક્ષણ સંઘમાં ઘણા એવા શિક્ષકો છે અને કેટલાક બીજાઓ પણ છે કે જેઓ આ બાબત શંકાશીલ છે. આથી આ ચર્ચા અમે શિક્ષણપત્રિકામાં જાહેર રીતે કરવાનું નક્કી કર્યું કે જેથી બીજા પણ એમાં ભાગ લે અને પોતપોતાનો મતો આ બાબતમાં રજૂ કરે.

તા. ગો.

નોકરી જોઇએ

દક્ષિણામૂર્તિ ભવનનું બાળશિક્ષકનું પ્રમાણ પત્ર અને પછી ૧૫ વર્ષના બાળમંદિર તથા પ્રાથમિક શાળાના અનુભવવાળા શિક્ષકને નોકરી જોઇએ છે.

લખો.—C/o મંત્રી શિક્ષણપત્રિકા

છુક છુક ગાડી

ગાડી છૂક છૂક કરતી આવે;
ગાડી પૂ...પૂ... કરતી જાય,
ગાડી લીલે ઝંડે ચાલે;
ગાડી લાલથી રોકાય ... ગાડી.

ગાડી એક ઘંટે ચાલે,
ગાડી બે ટકોરે જાય;
ગાડી ત્રણે ત્રીજે સ્ટેશન,
ગાડી પાંચે બીજે હોય ... ગાડી.

ગાડી આગ—પાણી આતી,
ગાડી બની ગઈ મદમાતી,
ગાડી ધૂમાડો ફેલાવે,
ગાડી કાળી ચીસો પાડે ... ગાડી.

ગાડી બધાંયને મૂકી આવે;
ગાડી બધાંયને લઇ જાય,
ગાડી મેવા મીઠાઈ લાવે;
ગાડી અમને જોવી ભાવે .... ગાડી.

પુંજાલાલ કૃ. વ્યાસ
ચોગઠી

થનગનાટ !

થનગનાટ !.....થનગનાટ !
બાલવીર સાથ મળી, થનગનાટ ખેલજો
થનગનાટ !.....થનગનાટ !

આઝાદ હવે દેશમાં, બન્યા તમે આઝાદ છો;
વિનય, વિવેક શૌર્ય સાથ દિલ વિશાળ રાખજો.
થનગનાટ !.....થનગનાટ !

સ્વમાન, સત્ય, ટેક કાજ, પ્રાણને સમર્પજો;
ઉમંગ આશ મસ્તી ભરી, જીવનને દિપાવજો.
થનગનાટ !.....થનગનાટ !

ઊંચ, નીચ, રંક, રાય, ભેદ કો ન રાખજો.
હિંદ બાળ સહુ તમે છો, ભાવ ઉર રાખજો.
થનગનાટ !.....થનગનાટ !

નાનાં ભલે આજ છો, ઉમેદ ઊંચી રાખજો;
મહાન શક્તિવૃક્ષના, સાચા તમે અંકુર છો.
થનગનાટ !.....થનગનાટ !

પૂનમચંદ શાહ

એ છોતરાં મેં નથી વેર્યાં

'આ મગફળીનાં છોતરાંઓ અહીં કોણે વેર્યાં છે?' ગુસ્સે થયેલા શિક્ષકે શાળામાં આવતાં જ કચરો જોઈ, આ પ્રમાણે બૂમ મારી અને બધા વિદ્યાર્થીઓ સામે નજર ફેરવી.

તિલક ! આ પરાક્રમ તારું લાગે છે. તારા સિવાય મગફળી કોઈ ખાતું નથી; માટે તેં જ એ વેર્યાં છે. ચલ, ઉપાડી લે એને. વર્ગમાં આમ કચરો કરાય?'' શિક્ષક બોલ્યા.

'સાહેબ, એ મગફળીનાં છોતરાં મેં નથી ફેંકયાં; અને એથી હું એને ઉપાડવાનો નથી.' 'એમ કે! તું નહીં ઉપાડે?' શિક્ષકે વધુ જોરથી દમ માર્યો; પણ તિલક તો મક્કમ જ રહ્યો. અને એ શાળાને એમણે સદાની સલામ ભરી. સત્યને માટે થઈને તિલકે શાળા છોડી. જ્યારે સાચી વાતની ખબર પડી, ત્યારે મહેતાજી તિલકને વિના વાંકે શાળા છોડાવવાની પોતે કરેલી ભૂલ બદલ શિક્ષકને પશ્ચાત્તાપ થયો. તિલકને ફરી શાળામાં આવવાનું સમજાવવા એમણે પ્રયત્ન કર્યો, પણ એક વેળા ભરેલું ડગલું ગમે તેમ થાય, તોય પાછું ન પડે; એ નિયમમાં માનનાર તિલક, ફરી શાળામાં ન જ ગયો. આ તિલકે આપણને "સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક્ક છે," એ બોલતાં શિખવ્યું. એમણે આપણામાં દેશપ્રેમની ધગશ જગાડી. એને બધાં 'લોકમાન્ય તિલક' કહે છે.

— ચંપકલાલ દેવી

સુંદર અલંકાર

બાપુજી આફ્રિકામાં હતા. ત્યાના હિંદી લોકોના તેઓ નેતા હતા. જ્યાં જ્યાં હિંદી લોકોપર અન્યાય થતો ત્યાં બાપુજી સરકાર સામે લડતા. પણ લઢાઈ તલવારો કે બંદુકોની ન હતી. બાપુજી હંમેશ સત્યાગ્રહથી લડતા હતા. ઘણા હિંદી લોકો તેમની આ લડતમાં તેમના સાથી બની ગયા.

એકવાર એવો જ મોટો સત્યાગ્રહ શરૂ થયો. મોટી લડત ઊપડી. સરકારના હાથમાં જાત જાતનાં શસ્ત્રો સત્તા અને પોલિસ. બાપુજી પાસે શસ્ત્ર હોય એક સત્યાગ્રહનું.

સરકારે બાપુજીને અને બીજા હિંદીઓને જેલમાં પૂર્યા. જેમ જેમ સરકાર લોકોને જેલોમાં પૂરતી જાય તેમ તેમ સત્યાગ્રહનું જોશ વધે અને સરકારને રાજ્ય ચલાવવાની મુશ્કેલી થઈ પડી. છેવટે બાપુજીને બોલાવીને સમાધાન કરવું પડ્યું. એવા સમયમાં બાપુજી, સરકારે બધું જ આપણું માન્ય કરવું જોઈએ એવો આગ્રહ છોડી પણ દેતા; અને અર્ધું આપણું અને કંઈક સરકારનું એવું પણ સમાધાન તેઓ કરતા. આ વખતે પણ એવું જ સમાધાન થયું. પણ બાપુજીના સાથીઓને તે ન ગમ્યું. તેઓ બાપુજી પર બહુ ગુસ્સે થયા.

એકવાર સભા યોજવામાં આવી. બાપૂજી સમાધાનની બધી શરતો હિંદી લોકોને સમજાવતા હતા. સભામાં બાપુનો એક મિત્ર આલમ ઊભો થયો અને ગુસ્સામાં એણે કહ્યું, 'આમાં આપણે શું મેળવ્યું? છેવટે દસે દસ આંગળીઓની મુદ્રિકાઓ આપીને જ આપણે પરવાનો મેળવવો રહ્યો ને?

બાપુજી–હા, એ સાચું છે, પણ જેને એવી મુદ્રિકાઓ નહિ આપવી હોય તે ન જ આપે.

'તમે શું કરશો?'

'હું આપીશ.'

લોકો કહે છે તમે સરકાર તરફથી લાંચ લીધી છે. હું જાહેર કરું છું કે હવે જે કોઇ પરવાનો આવી રીતે લેવા જાય તેને હું ગોળીએ ઊડાવીશ.

બાપુજી–આપણા જ ભાઈના હાથવડે એવું મરણ આવે તો હું આનંદથી મરીશ.

ત્રણ માસ થયા હતા. પરવાનો કાઢવાની તારીખ આવી. બાપુજી અને બીજા ઘણા બધા નેતાઓએ પરવાનો કાઢવાનું નક્કી કર્યું હતું. મીર આલમે આપેલી ધમકી તે ભૂલી ગયો ન હતો.

બાપુજી અને તેમની મંડળી પરવાના લેવા માટે જતી હતી, સામે મીર આલમ અને તેની મંડળી મળી. મીર આલમે સલામ પણ ના કરી. બાપુજીએ તેનો ક્રોધ જોયો અને હસીને કહ્યું–'કેમ છો? મજામાં છો ને?'

મીર આલમે ગુસ્સામાં જવાબ આપ્યો, 'ઠીક છીએ.' બાપુની મંડળી આગળ આલી. મીર આલમ તેની પાછળ જતો હતો. કચેરીના ઝાંપાપાસે મીર આલમ બાપુજી પાસે ગયો અને તેણે પૂછ્યું, 'ક્યાં ચાલ્યા?'

પરવાના કાઢવા માટે તમારે આવવું હોય તો ચાલો ને તમે પણ. આંગળીઓ છપાવવા નહિ દેશો તેવું લાગતું હોય તો. એટલામાં બાપુજીના માથાપર પાછળથી એક લાકડી પડી. પહેલા જ ફટકામાં બાપુજી બેભાન થઈ ને નીચે પટકાયા. એવી બેભાન સ્થિતિમાં પણ બાપુજીપર મીર આલમના પઠાણ મિત્રોએ લાકડીઓ ચલાવી. બાપુજીની સાથેની મંડળી બાપુને બચાવવા ગઇ, તેઓને પણ માર પડ્યો.

પઠાણ મારીને ભાગી જતા હતા; પણ રસ્તા પરથી જતા લોકોએ તેમને પકડી પોલિસના હવાલે કર્યા. બાપુજીને એ જ બેભાન સ્થિતિમાં પાસેના કોઈ ઘરમાં લઈ જવામાં આવ્યા, દવા કરવામાં આવી; તેમનો હોઠ ચિરાઈ ગયો હતો. હાંતપર માર પડ્યો હતો તેમ જ પાંસળીઓ પરના મારથી તેમનું શરીર દુઃખતું હતું.

કેટલાક સમય પછી બાપુજી સાજા થયા.

મારી સફર છે લાંબી

મારી સફર છે લાંબી રે ભાઇલા!
મારી સફર છે લાંબી.
ઠેન નથી કો' જાય આંબી. રે ભાઇલા!
મારી સફર છે લાંબી.

લાખ જોજન દરિયાને વટાવી,
આંધિ, તોફાનોમાં ટકકર ઝીલી
રે, મારે જાવું ક્ષિતિજને વટાવી
રે, ભાઇલા! મારી સફર છે લાંબી.

તારલિયાની સૃષ્ટિ ઘૂમવી
ચંદ, સૂરજ સંગ વાતડી કરવી
રે, કરવા તેઓને સાથી
રે, ભાઇલા! મારી સફર છે લાંબી.

કંટક, ગોખરુ મારગે છો હો
વાઘ, વરૂભર્યા જંગલ છો હો
રે જોવી જંગલકુંજ સારી
રે, ભાઇલા! મારી સફર છે લાંબી

ડુંગર, ઝાડી ઘૂમવાની છે
ઝીણુ ને ખાડી ઠેકવાની છે
મારે જાવું નથી હાં થાકી
રે, ભાઇલા! મારી મુસાફરી લાંબી.

— ચોપટલાલ લ. ગોહેલ.

પૂજ્ય બાપુને અંજલી

(રાગ :—થાઓ તૈયાર સૌ યુધ્ધમાં જ્યાં મળ્યા શુરવીરના જંગ રે)

ગાંધીજી પ્રાણ હતા દેશના
તેઓ પામ્યા વિરાસન આજ રે
હીરલો હારી ગયાં
લીધું સ્વાતંત્ર્ય અહિંસા થકી
તેણે આપ્યા આત્માના ઉજાસ રે ... હીરલો

સત્યને શોધવા, ઐકય સાધવા
ધર્યો અવિચળ લેખ રે ... હીરલો
બાપુ — કસ્તુરબાની જોડલી
રહો અમર ઇચ્છે વિશ્વબાળ રે ... હીરલો

અમર રહી આપો પ્રેરણા
બાપુ સત્ય તણા અવતાર રે ... હીરલો

રાજુલા બાલમંદિર — પ્રમીલા કીકાણી

બાલમંદિરો માટે સાધનો

બાલમંદિરો માટે સાધનો બનાવેલા બહોળા અનુભવ પરથી અમારું સૂચિપત્ર મંગાવો. દરેક સાધનો વાસ્તવિક પદ્ધતિથી બનાવવામાં આવે છે.

સૂચિપત્રમાં જણાવેલ ભાવ ઉપર બાલમંદિરને ૬½ ટકા કમિશન આપવામાં આવે છે.

નૂતન શિક્ષણ સાધનાલય એન્ડ આર્ટ વર્કસ લી.

સુરેન્દ્રનગર (સૌરાષ્ટ્ર)

શિક્ષણ પત્રિકાના ફ્રેચલિયરાં

નીચેનાં પ્રકારોનો મળી શકશે.

૬ વર્ષ સુધીનાં બાળકો માટે

મીઠણ સસલી–ચિત્ર વાર્તા.	કિં. રૂ. ૧–૮–૦
બાલશિક્ષણ વિધાતા સ્વ. શ્રી. ભિજુભાઈના મૂળ તાલબદ્ધ લખાણો સાથે (બહુ રંગમાં છપાયેલી.)	
ગણિત કાપલીઓનો ધરગથુ સેટ.	કિ. રૂ. ૧
એમાં આર્ટ પેપરવાળા, સરવાળા બાદબાકી અને ગુણાકારના ચાર્ટસ તથા ૨૦૦ કાપલીઓ આવે છે	
ગણિત કાપલીઓનો બાળમંદિર સેટ.	કિ. રૂ. ૩૦
એમાં સરવાળા, બાદબાકી અને ગુણાકારના પૂઠાપર ચોંટાડેલા ચાર્ટસ તથા ૬૪૦૦ કાપલીઓને સમાવેશ કર્યો છે.	
એકાંકી ગણિતની કરડીની રમતોની કાપલીઓ	કિ. રૂ. ૧
સરવાળા બાદબાકી અને ગુણાકારના છુટ્ટા ચાર્ટસ	કિં. રૂ. ૧–૮–૦
મૂળાક્ષર પરિચય–ધરગથુ સેટ.	કિં. રૂ. ૨–૦–૦
એમાં મૂળાક્ષરોના દસ તકતાઓ તથા એક મૂળાક્ષર પોથીનો (ચિત્રંગી) સમાવેશ થાય છે.	
મૂળાક્ષર પરિચય બાળમંદિર સેટ.	કિં. રૂ. ૩–૦–૦
એમાં તકતાઓ માટે જાડું પૂઠું વાપર્યું છે.	
અક્ષરજ્ઞાન પોથી–છૂટક.	કિં. રૂ. ૦–૮–૦
મૂળાક્ષર તકતાઓ–છૂટક જાડું પૂઠું ૨–૮–૦ અને પાતળું પૂઠું ૧–૮–૦	

વી. પી. નું ખરચ જુદું જણાશે.

લખો. મંત્રી નૂતન બાળશિક્ષણ સંઘ.

વેાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઈ, ૬.

જોઈએ છીએ

મુંબઇ પૂજ્યશ્રી તારાબેન શેાડક પાસે તાલીમ પામેલા, મેટ્રિક અને ડેાવિંગ સુધી અભ્યાસ કરેલા, બાર વર્ષના ચાનુભાવી, હેરી નામેાના જાણકારને તેના બે વર્ષના અનુભવી, અને સાહિત્યકાર શિક્ષકને ગુજરાતના અથવા મુંબઇના કેાઇપણ બાલમંદિરમાં તાકીદે નેાકરી જોઇએ છીએ. મળેા યા લખેા :—

—ઈન્દુલાલ મણિશંકર કપે,
C/o કપેારેશન, આંકલાવ જિલ્લે : ખેડા.

નૂતન કેળવણીના સિદ્ધાંતોને અનુસરતી બાળાઓને ઉપયેાગી એવું શિક્ષણસાહિત્ય, બાલમંદિર અને નર્સરી સ્કુલનું અનેાખું સાહિત્ય, જ્ઞાન આપતી ઉત્તમ પ્રવૃત્તિઓ માટેનાં સાધનો, નકશા અને ચિત્રપટના લીસ્ટ માટે લખેા અથવા આ બધું નજર સમક્ષ જોવા અમદાવાદ મુલાકાત લેા.

જેચંદ તલકશી એન્ડ કાં.,
૧૪૬, ક્રાન્ધિ રેાડ, મુંબઈ ૧.

લવાજમના દર

સામાન્ય સભ્ય	રૂપિયા	૪
સક્રિય સભ્ય	,,	૪
સહાયક સભ્ય	,,	૭
સંસ્થા જોડાણના પ્રતિનિધિ	,,	૧૦
આજીવનસભ્ય	રૂપિયા ૧૦૦ થી	૫૦૦

આજીવન સભ્યના બદલામાં મફતમાં

પ્રબુદ્ધ	રા. ૧૦૦૦	જ્ઞાન	રા. ૫૦૦
શુભેચ્છક	રા. ૨૫૦	હિતેચ્છુ	રા. ૧૦૦

પરદેશમાં શિલિંગ ૬. છૂટક નકલ ૩ આના.

પત્રિકાની વ્યવસ્થા અંગેના તમામ પત્રવ્યવહાર નીચેના સરનામે કરવા વિનંતિ છે.

બી૦ બાદીભેન મૂળજી
વ્યવસ્થાપક: 'શિક્ષણપત્રિકા' કાર્યાલય,
વેાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઈ
ફે. નં. ૪૪૨૦૬

પ્રકટ પ્રકાશક—બી બાદીભેન મૂળજી. વેાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઈ. મુદ્રણસ્થાન—

મુંબઈ બાલશિક્ષણ સંઘદ્વારા પ્રકાશિત

શિક્ષણપત્રિકા

વર્ષ ૨૪ અંક ૩ જો
આસો ૧૯૪૯

નૂતન શિક્ષિકા

અગાઉની શિક્ષિકાઓ કરતાં નૂતન શિક્ષિકાઓનું કાર્ય બહુ સૂક્ષ્મ અને ગંભીર બન્યું છે. બાળક સંસ્કાર અને પૂર્ણતા શોધે છે કે એની અંદરની શક્તિઓનો નાશ કરે છે, એની જવાબદારી પણ એના ઉપર છે. જો તમારે બાળકનો વિકાસ સાધવો હોય તો તમારી જાતનો વિચાર છોડો અને આજ સુધી ગણાતા આવેલા શિક્ષિકાના પ્રવિત્ર હકકો પણ ત્યજી દો. પણ ખરી મુશ્કેલી તો એ છે કે આજની શિક્ષિકા આ સમજવા તૈયાર છે ખરી?

— મેડમ મોન્ટેસોરી —

આજીવનીઃ ફ્રા. ગિજુભાઈ બધેકા ☆ સંપાદક : નાગરદાસ ગોહેલ

અનુક્રમણિકા

૧ સેવા અને મજૂરી	...	તારાબેન મોડક	બાલ વિભાગ		
૨ નવાં ક્ષિતિજો	... ...	શેષ નામલે	૧ ટપાલી	... ...	શેષ નામલે
૩ શા માટે ? ...	... ...	... તા૦	૨ કાગળ	... ...	જમુભાઈ દાણી
૪ અપૂર્ણાંક ...	... ...	શેષ નામલે	૩ કોક કહેજો	...	... લલિત પરીખ
૫ બાળકોનું ભાષાશિક્ષણ	...	તારાબેન	૪ 'સ્વદેશી' ચા	...	બાબાભાઈ ઢેબી
૬ આદર્શ પિતૃ-શિક્ષણ	...	ઈન્દુલાલ દવે	૫ બિલાડી વાઘની માસી !	...	ના૦
૭ પ્રશ્નોત્તરી ...	... ...	... તા૦	૬ સ્વાવલંબી વિદ્યાર્થી	...	... પુ. પટેલ.

પ્રશ્નોત્તરી

(૧)

પ્રશ્ન:—ગામડાની પછાત કોમોમાં કામ કરીએ ત્યારે આપણે જેટલું કરીએ તેટલું જ થાય છે. લોકો તે ઉપાડી લેતા નથી. જેમકે બાળકોની બસ આપણે ધોઇએ, મલમ લગાડીએ તો તેઓ કરવા દે છે; પણ તેમને કહીએ કે હવે કાલે આ રીતે તમે ધોજો અને આ મલમ ચોપડજો, તો બિલકુલ કરતાં નથી. આપણે જ રોજ ને રોજ કર્યા કરીએ તો એ લોકો વધારે ને વધારે બેદરકાર અને આળસુ બને છે; અને ન કરીએ તો બાળકોની બસ ને ગૂમડાં વધ્યે જ જાય છે. એનો ઉપાય શો ?

સુમિત્રાબાઈ મરઘલ્લી, બોરડી.

જવાબ:—ઉપાય એ જ કે આપણે જ તે બધું કરવું જોઈએ. એ લોકો આપણા કામ કરવાથી વધારે આળસુ થાય છે એમ નથી, તેમને આવાં કામો બાળકો પરત્વે કરવાની ટેવ જ નથી. જેની ટેવ છે તે તેઓ કરે છે. નવી ટેવ મોટી ઉંમરે જલદી પડતી નથી. તે આપણે પાડવાની છે. જંગલમાં પગરસ્તો પડ્યો હોય તેના ઉપરથી જ બધા જાય છે. નવો ચીલો પાડવો હોય તો જે લોકોને તે પાડવો છે તેમણે જ તે ચાલી ચાલીને પાડવો જોઈએ. આરોગ્યની ટેવોની વાત પણ એવી જ છે. ગામડાંની પછાત કોમની વાત તો છોડી જ દો. શહેરનાં ભણેલાં ગણેલાંનું શું છે! એક નાની એવી નખ કાપવાની વાત લો. વર્ષોથી બાલમંદિરો તે ટેવ સાબાપોમાં પાડવા મથે છે. છતાં 'નખ કાપો'ની ચિઠ્ઠીઓ કાયમને માટે મોકલવી જ પડે છે. નવાં બાળકોનાં નવાં સાબાપો ઉપર જ મોકલવી પડે છે એમ નથી. પણ જેમનાં જુદાં જુદાં બાળકો એક પછી એક આવે છે એમ આઠ દસ વર્ષથી. જેમનો બાલમંદિર સાથે સંબંધ છે તેમના ઉપર પણ ચિઠ્ઠી મોકલવી પડે છે. અને જે ચિઠ્ઠી ન વાંચી શકે ને કહ્યું હોય તો પણ જેમને પુરસદ કે ઇચ્છા પણ હોતી નથી ત્યાં સાબાપો નથી કરતાં માટે બાળકો ગંદાં, બસવાળાં કે મોટાં નખવાળાં ચલાવી ન જ લેવાં જોઈએ. પણ બાલમંદિરો કે પ્રાથમિક શાળાનું તે જ એક મુખ્ય કામ થઈ જવું જોઈએ.

પ્રશ્ન—પણ આથી શો લાભ ? ઘરે તો તેઓ તેવાં ને તેવાં જ ગંદાં રહે છે, અને તેમનાં સાબાપોને પણ કશી કદર હોતી નથી કે આ લોકો આટલું આટલું આપણે માટે કરે છે !

જવાબ—કદર ન કરે તેનું કાંઈ નહિ. આપણો હેતુ કદર કરાવવાનો હોય જ નહિ; પણ સ્વચ્છતા ને આરોગ્ય સાધ્ય કરવાનો છે. તે વગર આપણે શિક્ષણના કોઈ પણ કાર્યમાં આગળ જઈ જ શકવાના નથી. માટે શિક્ષણના પહેલા પગથિયા તરીકે જ આ વસ્તુ લેવાની.

એ સાચું કે શાળામાં સ્વચ્છ અને ઘરમાં ગંદું રહેવાની એ ટેવો બાળકોમાં શરૂમાં દેખાય છે. પણ પૂરતા લાંબા કાળસુધી જો સ્વચ્છતાની ટેવો પાડવાનું કામ શાળામાં આગ્રહપૂર્વક ચાલુ રાખવામાં આવે અને બાળકોને જે પોતે તે કામો કેમ કરવાં તે બતાવવામાં આવે તો અમુક વર્ષોપછી—બાળકો મોટાં થયાં પછી—તેઓ પોતે જ પોતાને માટે અને ઘરનાં નાનાં બાળકો માટે એ કામ કરશે.

આ વસ્તુ સાધ્ય થવા માટે ઓછામાં ઓછા દસ પંદર વર્ષ તો આપણે સતત પ્રયત્ન ચાલુ રાખવો જોઈએ.

તા૦

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૪ અંક ૩] મુંબઈ [માર્ચ ૧૯૪૯

સેવા અને મજૂરી

ગઈ 'શિક્ષણપત્રિકા'માં શ્રી નામલેનો 'સેવા અને મજૂરી' એ શીર્ષકવાળો લેખ પ્રસિદ્ધ થયો હતો. એમાં તેમણે જે વિચારો જણાવ્યા હતા, તેથી મારા વિચારો જુદા છે. મારે મતે શિક્ષકનું કાર્ય સેવાનું છે. તેમાં માગણીઓ, હડક, સંગઠન કે હડતાળ વગેરે બાબતો આવે જ નહિ. શિક્ષકે મજૂર ન બનવું જોઈએ. શિક્ષકની ભૂમિકા ત્યાગની ને સેવાની, એટલે ઊંચી કક્ષાની હોવી જોઈએ."

તેમના પોતાના વિચારો આથી જુદા છે. તેમની દૃષ્ટિએ "પોતાના કામનું મૂલ્ય માગે એ માણસ કાંઈ તે કારણે 'મજૂર' બનતો નથી ....શિક્ષકવર્ગ વેતન માગે છે, તે માટે સંગઠિત થાય છે અથવા તેથી આગળ જઈને હડતાળ ઉપર જવાની ધમકી આપે કે પ્રત્યક્ષ હડતાળ ઉપર જાય પણ ખરા તો તેટલા માટે તેને 'મજૂર' કહીએ તે ન ચાલે. ..... કામનું મૂલ્ય માગે તે 'મજૂર' આ અર્થ તો આજની ભંડોળશાહીએ ઊભો કરેલો છે, વગેરે." આ સંબંધમાં મારા વિચારો અહીં જણાવું છું. શ્રી નામલેએ પોતાના લેખમાં ત્રણ દાખલા આપ્યા છે. એક મોચીનો, એક ધોબીનો અને એક જમીનદારનો. તેઓ કહે છે કે પહેલાં બે, લોકોની દૃષ્ટિએ મજૂરી કરનારા ગણાય છે કારણ તેઓ પોતાની સેવા માટે મૂલ્ય માગે છે; જ્યારે જમીનદાર પૈસાદાર હોવાથી તેને મૂલ્ય માગવાની જરૂર નથી, તેથી તે પોતાના કામનું રૂપિયા, આના, પાઈમાં મૂલ્ય લેતો નથી, માટે તે 'સેવા' ગણાય છે.

તેઓ લખે છે, "ભંડોળશાહી સમાજરચનામાં 'સેવા' શબ્દને વિના વેતન કરેલું ઉપયુક્ત કામ એવો અર્થ રૂઢ થયો છે. જ્યારે પેલો મોચી ને ધોબી મૂલ્ય લે છે માટે મજૂર ગણાય છે." હવે આ ફેર, ભંડોળશાહીને કારણે છે એમ તેમનું કહેવું છે.

હવે એમની આ દલીલો જોઈએ. વિનાવેતન કરેલું કામ તે સેવા અને જેનું મૂલ્ય માગવામાં આવે તે મજૂરી એ અર્થ હું માન્ય કરતી નથી. વેતન લઈને સેવા થઈ શકે છે ને મજૂરી પણ થઈ શકે છે. વિનાવેતન પણ સેવા થઈ શકે છે ને મજૂરી પણ થઈ શકે છે. કોઈ પણ કાર્ય સેવા છે કે મજૂરી છે તે, તે કાર્ય કઈ ભાવનાથી કરવામાં આવ્યું છે તેના ઉપર આધાર રાખે છે. આજે હું ભંગીનું કામ કરું તેને માટે કદાચ બીજા ભંગીઓના કરતાં વધારે પગાર પણ લઉં. કદાચ તેમના કરતાં અર્ધો લઉં ને કદાચ બિલકુલ ન લઉં. મારી જરૂરિયાત ઉપર, પગાર લેવો કે ન લેવો, ઓછો લેવો કે વધારે લેવો તેનો આધાર રહેશે. મારું કામ બીજા ભંગીઓની જેમ કરવાને બદલે–આખા ગામના આરોગ્ય ખાતાંનો એક મહત્ત્વનો ભાગ મારી પાસે છે, મારા કામમાંથી ખેતી વિભાગને હું બહુ જ કિંમતી ખાતર પૂરું પાડી શકીશ; મારું હલકું ગણાતું કામ છે, તેને હું વૈજ્ઞાનિક અને શાસ્ત્રીય રીતે તપાસીને ઊંચી કક્ષાએ લઈ જઈ શકીશ; હલકું ગણાતું કામ કરું છું માટે શરમાઈશ નહિ પણ મગરૂર થઈને તેને વિષે વાતો કરીશ. આમ વિચારું તો હું પગાર લેતાં છતાં દેશની સાચી સેવા જ કરતી હોઈશ.

મહાત્મા ગાંધીજીએ આ કામ દેશની સેવાની દૃષ્ટિએ કર્યું અને કરાવ્યું. જે બધાંએ આ દૃષ્ટિથી તે કામ કર્યું તે બધાંએ સેવા કરી છે; પછી તેમાંથી કોઈ પગાર લેતાં હશે અને કોઈ વિનાવેતન કરતાં હશે. સેવાની કિંમત પગારથી અંકાતી નથી, પણ કામ કરવાની વૃત્તિથી અંકાય છે.

બીજો એક દાખલો જોઈએ. ૧૯૨૦ ની સાલમાં ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના અમદાવાદમાં થઈ. પગારનું અમુક ધોરણ અધ્યાપકો માટે બંધાયું. જરૂર, તે મનુષ્યની જીવંત રહેવાની મૂળભૂત જરૂરિયાત પૂરતું જ હતું. તે વખતે સ્વ. શ્રી ધર્માનંદ કોસંબીનો દીકરો અમેરિકામાં ભણતો હતો, તેથી તેમની જરૂરિયાત ૩૦૦ રૂ.ની હતી. મહાત્માજીએ તેમને તેટલો પગાર આપીને પણ વિદ્યાપીઠના પ્રાધ્યાપક તરીકે લેવાની

સંમતિ આપી. બીજા બધા રૂ. ૭૫ જ લે ને કોસંબીજી રૂ. ૩૦૦ લે માટે તેમની સેવાની કિંમત જરા પણ ઓછી ગણાઈ ન હતી; કારણ, વિદ્યાપીઠમાં કામ કરનારા બધાની વૃત્તિ સાચી સેવાની જ હતી.

મજૂરની અને સેવકની વૃત્તિમાં ફેર કેવો હોય છે તેનું જરા પૃથક્કરણ હવે કરી જોઈએ.

એક માણસ કહે છે કે મને તો માત્ર રૂ. ૬૦૦ જ મળે છે, માટે હું પાંચ કલાક કામ કરું છું; રૂ. ૧૦૦૦ આપે તો બીજા પાંચ કલાક પણ કામ કરી શકું. ગોળ નાખ્યો તેટલું ગળ્યું થાય. તેટલાને તેટલા જ પગારમાં બમણું કામ શું કામ કરું ? નક્કી કરેલે ટકોરે આવીશ, ને ટકોરે ઊઠી જઈશ. હું એ કરતાં એક મિનિટ પણ વધારે બંધાએલો નથી.

બીજો માણસ કહે છે કે મારી ગરજને માટે હું પગાર લઉં છું. કામ તો મારી શક્તિથી જેટલું ઉત્તમ થાય તેટલું હું કરીશ. મારા કામનુ મહત્ત્વ મને છે, ને તે ઉત્તમ જ થવું જોઈએ એવી મને હોંશ છે, તે મારો ગર્વનો વિષય છે. માટે તે ચીવટથી ને મહેનતથી તે કામ કરું છે. કામને એક પલ્લામાં ને પગારને બીજા પલ્લામાં નાખીને એ કામ કરતો નથી, પણ જે કામ કરે તે સરસ કરવાની ખાતર કરે છે.

બન્ને પગારદાર છે. સરખો જ પગાર લેતા હશે કદાચ સરખી જ જાતનું કામ પણ કરતાં હશે, છતાં એક મજૂરવૃત્તિનો છે ને બીજો સેવા–વૃત્તિનો છે એમ હું માનું છું.

બીજો એક ભેદ છે.

મુ. શ્રી ગિજુભાઈ આફ્રિકામાં એક અંગ્રેજ વકીલને ત્યાં કારકૂનનું કામ કરતા હતા. અગિયારને ટકોરે ઑફિસમાં હાજર થતા, ને ત્રણ:કે ચાર–જે નક્કી સમય હતો તે વખતે ઊઠી જતા. એક મિનિટ પણ વધારે બેસતા નહિ. ને પેલો વકીલ કાંઈ કામ બતાવે તો ગિજુભાઈ તેને ઘડિયાળ બતાવતા ને કહેતા કે વખત થઈ ગયો, હવે કાલે. છતાં કામને વખતે જરા પણ બેદરકારીથી એ કામ કરતા નહિ. બહુ જ વ્યવસ્થિત અને સારી ઝડપથી કામ કરતા એટલે તેમનો માલિક તેમની વખતસર આવવાની તેમ જ ચાલ્યા જવાની પણ કદર કરી શકતા.

ત્રે જ ગિજુભાઈ શ્રી દ. મૂ. ભવનના બાલમંદિરમાં કામ કરવા લાગ્યા, ત્યારે દિવસના જાગૃત અવસ્થાના બધા જ કલાકો એ બાલમંદિરના, અધ્યાપનમંદિરના, શિક્ષણ પ્રવૃત્તિના કે સંઘના કામમાં જ ગાળતા હતા. ઘરના કોઈ કામમાં હોય તો પણ મનમાં રટણ એક જ બાબતનું રહેતું. ગિજુભાઈ એના એ પણ બે જગ્યાએ, બે જુદે પ્રકારે કેમ વર્તન કરતા હતા ? કારણ, પહેલું તેમને માટે માત્ર કામ હતું; બીજું તેમનું જીવનકાર્ય (Life–mission) હતું. પહેલા કામમાં તેઓ ચોરી કરતા નહિ કે અપ્રામાણિકપણું કરતા નહિ. પહેલું કામ, તેઓએ જીવનપોષણ માટે કાંઈક કરવું જોઈએ એવી રીતે કરતા હતા. વાયદા પ્રમાણે, જરા પણ કસૂર કર્યા વગર કામ કરતા હતા. બીજું કામ તેઓ બીજી જ વૃત્તિથી કરતા હતા. તે તેમના હૃદયમાં ઊગી નીકળેલું હતુ. તેની પાછળ એક પ્રચંડ તમન્ના હતી. તેની પાછળ જગતનુ ભલુ કરવાની ઈચ્છા હતી. બાળકોની ઉપર થતા જુલમને દૂર કરવા માટેની ઝંખના હતી. તેમને અંદરથી આ કરવા માટે જાણે કોઈ ધકેલતું હતુ. તેથી જ એકને, જીવન પોષણ માટે લીધેલું કામ કહીએ છીએ, ને બીજાને જીવનકાર્ય કહીએ છીએ. ગિજુભાઇ પગાર તો બન્ને જગ્યાએ લેતા હતા. કદાચ સરખો પણ હશે. છતાં બેની પાછળની પોતાની વૃત્તિમાં જબરદસ્ત આસ્માનનો ફેર છે, એકની પાછળ તેઓ પોતાની બુદ્ધિ ને શક્તિ વાપરવી જોઈએ તેટલી વાપરતા. બીજામાં તેઓ પોતાનો આત્મા રેડતા. એક હતું કામ, ને બીજું હતું જીવન.

ગિજુભાઈ બન્ને જગ્યાએ પગાર તો લેતા જ હતા. આફ્રિકામાં કેટલો લેતા ને ભાવનગરમાં કેટલો લેતા એ મોટો સવાલ નથી. કામના પ્રકારમાં, તેની પાછળની કામ કરાવનાર વૃત્તિમાં તફાવત છે તે આપણે ધ્યાનમાં લેવો જોઈએ.

ગુરુવર્ય ટાગોર જેવા કાર્યકર્તા, ધારો કે હજાર રૂપિયા પોતાને માટે લેતા હોય (હું જાણતી નથી કે તેઓ પગાર લેતા કે નહિ ને લેતા તો કેટલો લેતા) તો પણ તેમના કાર્યનો ગુણ જરા પણ ઓછો ન થાય. પોતાનુ જીવનકાર્ય ઉત્તમ રીતે પાર પાડવા માટે તેમને અમુક રીતે રહેવું જોઈએ, અમુક પહેરવું જોઈએ, અમુક ખાવુ જોઈએ. આવશ્યક હોય તો તે તેટલો પગાર ભલે લે. પગાર લે છે માટે તેઓ મજૂર થઈ જતા નથી. તેમ કોઈ જમીનદાર હોય ને સસ્થા પાસેથી પગાર લેવાની તેમને જરૂર નથી માટે ન લે તો તેટલાથી જ તેમની સેવાની કિમત વધી જતી નથી.

શિક્ષકની ભૂમિકા કેવળ નોકરીઆતપણાની ન હોય. માત્ર ઉદરભરણની ન હોય. આપણી પાસે દેશનું એક મહાન જોખમનું, નાજુક અને અત્યંત મહત્ત્વનું કામ આવ્યુ છે, એ ભાન તેમને હોવું જોઈએ. આપણે

જેની સાથે કામ કરવું છે તે મેલાં કપડાં નથી કે જૂના, નવા જોડા કે કમાવેલું ચામડું નથી, પણ કુમળાં બાળકો છે; માનવજાતિના નાના અંકુરો છે; મનુષ્યસમાજનું ભાવિ છે; દેશની ઊગતી પ્રજા છે; એ વાત જો શિક્ષક ભૂલી જાય ને આજની ભંડોળશાહીની સાથેની લડતમાં તેમને હોમવા તૈયાર થાય તો, શિક્ષકની તે વૃત્તિ યોગ્ય ગણાય? તો તેના કામની મહાન જવાબદારીનું તેને ભાન છે એમ કહી શકાય? 'આટલો પગાર આપો તો કામ કરીએ નહિ તો તમારાં છોકરાં ભલે રઝળતાં ફરે, હું કામે જવાનો નથી.' એમ શિક્ષકથી કહી શકાય જ નહિ એમ હું માનું છું.

એક વાર શિક્ષકોની હડતાળ પછી જિલ્લાના એક શિક્ષકવર્ગ સાથે મુ. નાનાભાઇ ભટ્ટ વાત કરતા હતા. તે વખતે તેઓ સૌરાષ્ટ્રના કેળવણીપ્રધાન ન હતા, એટલે તેમના શબ્દની પાછળ સત્તાનુ જોર ન હતું. પણ એક સાચા શિક્ષકના શબ્દની તેજસ્વિતા જ માત્ર હતી. લોકલ બોર્ડના શિક્ષકો સંમેલનોમાં કે કયાંઈ પણ પગાર, રજા, પ્રૉવિડંટ ફંડ વગેરેની વાતો જ કરે છે તેમ અહીં પણ તેમણે પગારની વાત છેડી. મુ. નાનાભાઈએ ઋષિકાલીન નિસ્પૃહ ગુરુની માફક સ્પષ્ટ શબ્દોમાં તેમને સંભળાવ્યું: 'ભાઈઓ, આપણે કાંઈ સુધરાઈના ભંગીઓ કે મિલના મજૂરો છીએ? 'પગાર આપો તો કામ કરીએ નહિ તો કામ બંધ પાડીએ, એમ આપણાથી કેમ કહેવાય? મોંઘવારી છે. કુટુંબનું પૂરું કરવું જોઈએ. છોકરાં અર્ધભૂખ્યાં રહે તે ન ચાલે. એ બધું હું કબૂલ કરું છું. હું તમારી જગ્યાએ હોત તો સરકારને કહેત કે જીવવા જેટલો પગાર ન આપો ત્યાં સુધી પગાર લઈશ નહિ. ભૂખ્યો રહીશ. કુટુંબને ભૂખ્યું રાખીશ, પણ નિશાળનું કામ તો ચલાવીશ. કેમ કે મારી નિશાળનાં છોકરાંનું ભણતર હું કેમ બગાડું? તે મારું પવિત્ર કાર્ય છે. તમે આમ કહેત તો ત્રણ દિવસમાં પગાર બાબતનો નિર્ણય મેળવી શકયા હોત ને તે શિક્ષકની ઊંચી ભૂમિકા ઉપર રહીને મેળવ્યો હોત ને તો આજે સમાજમાં તમારું સ્થાન પણ ઊંચે ચડત.'

મુ. નાનાભાઈએ તેમને, 'પગાર લેશો નહિ, વધારે માગશો નહિ કે સંગઠન કરશો નહિ' એમ કહ્યું નથી, પણ મજૂરની કક્ષાએ જઈ તે વૃત્તિથી કે તે રીતભાતોથી કરશો નહિ એમ કહેલું. શિક્ષકની ઊંચી ભૂમિકા, ઊંચું સ્થાન જાળવીને બાળકોના ભલાનું, મહત્ત્વની જવાબદારીનું ભાન રાખીને જાગવાનો રસ્તો બતાવ્યો.

શ્રી નામલેએ મારા મત તરીકે લખ્યું છે કે શિક્ષકનુ કાર્ય સેવાનું હોઈ તેમાં માગણીઓ, હક, સંગઠન કે હડતાળને અવકાશ જ ન હોય. હું એ બાબતમાં મુ. નાનાભાઈ સાથે પૂર્ણાંશે મળતી આવું છું. અન્યાય હોય તો તેની સામે થવું એ ધર્મકાર્ય થઈ પડે છે. શિક્ષકને તે કરવાનો હક શા માટે ન હોય?

આજે શિક્ષકવર્ગ તરફ સમાજ તરફથી કે રાજ તરફથી અન્યાય થતો હોય તો તેનો સામનો પણ કરવો જોઈએ. તે માટે સંગઠન પણ જોઈએ. પોતાનો જીવવાનો હક તેમણે સ્થાપિત પણ કરવો જોઈએ પણ તે બધું કરવાની વૃત્તિ ખરી ઊંચી હોવી જોઈએ. તેમાં પક્ષનુ રાજકારણ ભળવું ન જોઈએ. એક પક્ષનો રાજકારભાર તોડી પાડવા માટે, તેને શક્તિહીન બનાવવા માટે, બીજા રાજકારણી પક્ષો સંપ કરાવે છે; પણ તેમાં શિક્ષકોએ ભળવું ન જોઈએ. રાજસત્તા કોઈ પણ પક્ષના હાથમાં જાય તો પણ બાળકોનું શિક્ષણ, કેળવણીના સાચા સિદ્ધાન્ત ઉપર ચાલુ રહેવું જ જોઈએ. માટે જેમ બીજા શ્રમિકોના સંગઠન ઉપર રાજકારણી પક્ષો પોતાની સત્તા જમાવવાનો પ્રયત્ન કરે છે ને તેમની પાસેથી યોગ્ય વખતે કે અયોગ્ય વખતે, યોગ્ય કારણે કે અયોગ્ય કારણે, દેશનુ હિત ધ્યાનમાં લીધા વગર હડતાળ પડાવે છે, તે પ્રકારના ફાંસામાં શિક્ષક વર્ગે તો ન જ સપડાવું જોઈએ.

ભંડોળશાહીની વિરુદ્ધ કે ગરીબોના શોષણની વિરુદ્ધ શિક્ષક એક વ્યકિત તરીકે સ્વતંત્ર રીતે કામ કરી શકે છે. પણ શિક્ષકોના સંગઠને પોતાને શિક્ષક તરીકે વધારે લાયક બનાવવાનો જ પ્રયત્ન કરવો જોઈએ; ત્યાં રાજકારણ કે સમાજકારણ શા માટે?

શ્રી. નામલે સર્વોદય સમાજની વાત કરે છે. સર્વોદય સમાજનું જે મોટામાં મોટું કાર્ય છે તે શોષણરહિત ને શોષણ કરવાની ઇચ્છારહિત, ન્યાયી સમાજરચના કરવાનું છે. એવી સમાજરચનાનાં સાચાં બીજ શિક્ષકો બાળસમાજમાં વાવી શકે છે. બાળવયમાં જ સામાજિક ન્યાય અન્યાયની વાત, તેમના મન ઉપર ઠસવી જોઈએ. બાળકનું મન સીધું ને સરળ હોય છે. તેને અન્યાયની ચીડ હોય છે. બાળકોમાં આ ઉમરે સાચા ને ઊંચા સંસ્કારો રેડવાને બદલે શિક્ષક પોતે પણ એક હિસાબી માણસ થઈ જાય તો તેની શી છાપ પડે?

આ વાત થઇ સામાન્ય શિક્ષકવર્ગની. બાળશિક્ષકોની વાત થોડી જુદી છે. એકંદરે જોતાં પ્રાથમિક શિક્ષકો કરતાં બાળશિક્ષકોને વધારે પગાર મળે છે. વધારે આરામ પણ રહે છે. કારણ એ છે કે પ્રાથમિક

શાળાની શિખવવાની પદ્ધાત કઢંગી છે. જોર જોરથી રાડો પાડીને શિક્ષકને શિખવવુ પડે છે. ચાળીસ ચાળીસ છોકરાંઓને શાંત રાખતાં રાખતાં તેનું મગજ પાકી જાય છે. આપણે ત્યાં શિક્ષકોને ગળું તાણવું પડતું નથી તેમ જ ગડબડ, ધોંધાટથી થાકવાનો વખત આવતો નથી. આપણા શિક્ષકને બાળકના શીખવાના આનંદનો લાભ અને ભાગ મળે છે; તેથી સાંજ પડયે તે થાકી પાકીને લોથ થઈને જવાને બદલે, આનંદમાં ને ઉત્સાહમાં ઘેર જઈ શકે છે. એટલે એકંદરે જોતાં, બાલશિક્ષકોની સ્થિતિ પ્રાથમિક શિક્ષકો કરતાં ઘણી જ સારી છે. છતાં આજકાલ તેમાંથી કેટલાંએક, અસંતોષની ભાષા બોલવા લાગ્યા છે, અને પ્રાથમિક શિક્ષકોની જેમ, પગાર અને રજાની જ વાતોમાં પડયાં છે. મોટે ભાગે એવી ભાષા બોલવાવાળાઓને પોતાને અસંતોષનું કશું કારણ નથી હોતું પણ તેમનામાં તો માત્ર નોકર (employees) વર્ગે અસંતુષ્ટતા જ બતાવવી ને માલેકની (employers) વિરુદ્ધ બોલવું જોઈએ એ જાતની આજના વાતાવરણની–Trade union ના વાતાવરણની-છાંપ જ દેખાયા કરે છે.

ખરું જોતાં બાળશિક્ષકોએ બીજી રીતે વિચાર અને કામ કરવું જોઈએ, બાલશિક્ષણ હજી સુધી સમાજમાં પ્રસ્થાપિત થએલું નથી. માબાપો બાળકોને મોકલે છે ને પાંચ પચાસ બાલમંદિરો ચાલે છે એટલે સમાજ બાલ શિક્ષણનું હાર્દ સમજ્યો છે, એમ ન કહેવાય. સરકાર અને મ્યુનિસિપાલિટીનાં મફત બાલમંદિરો ચાલતાં નથી. જે ચાલે છે તે મોટે ભાગે બાળકોની ફી ઉપર અને સમાજના દાન ઉપર ચાલે છે. ત્યાં શિક્ષકો પગારનું ધોરણ ઊંચે ચડાવતા જ જાય તો આજે જે વર્ગનાં બાળકોને લાભ મળે છે તે પણ એનાથી વંચિત જ રહેશે. એટલે માત્ર બહુ પૈસાદારનાં બાળકો જ બાલમંદિરોમાં જઈ શકે એ પરિસ્થિતિ ઉત્પન્ન થાય. એટલે આજે જે સમાજને બાલશિક્ષકો નિરુપયોગી જણાય છે, તેથીયે વધારે નિરુપયોગી તે હવે ગણાશે. આજે આપણા બાલશિક્ષણનો પેગામ ગરીબ વર્ગમાં લઈ જવાની જરૂર છે, તેને બદલે, આપણે વધારે પૈસાદારોમાં જઈશું તો સામાન્ય સમાજમાં તદ્દન બીનજરૂરી વર્ગ ગણાઈશું. આજે લોકો આપણા તરફ એ જ દૃષ્ટિથી જુએ છે. ખાસ કરીને મુંબઈ અને અમદાવાદમાં બાલ-શિક્ષકો એ એક હાંસી પાત્ર વર્ગ બન્યો છે. કારણ તેમનામાં વિશેષ લાયકાત કે કાર્યની નિષ્ઠા કે ત્યાગ જેવું કશું સમાજને દેખાતુ નથી. ઊલટું, પૈસાનો પાછળ દોડનારો, દ્રવ્યલોભી અને વેપારી વૃત્તિવાળો માણસ સમાજને એ દેખાય છે. મુંબઈના મોટાભાગનાં બાલ-મંદિરો સ્ત્રીસમાજે ચલાવે છે, સમાજની બેનો દાન માગી માગીને લાવે છે, એટલે એ બાલમંદિરો વિષે સમાજમાં થોડી ઘણી પણ લાગણી છે. જ્યારે અમદાવાદ-માં તો એ એક પેટભરવાનો ધંધો જ થઈ પડયો છે. એટલે બાલમંદિરો કે બાળમંદિરોના શિક્ષકો વિષે સમાજમાં જરા પણ માન નથી. એકવાર સેવાગ્રામથી સંમેલનમાં, અમદાવાદનાં બાલમંદિરો જોઈ આવેલા એક નિસ્પૃહ સાધુએ આ બાલમંદિરો ને બાલશિક્ષકોનુ એવું વર્ણન કર્યું હતું કે નૂતન બાલશિક્ષણ સંઘના સંચાલકોને ત્યાં નીચું માથું કરવું પડયું હતું. આ બધાં બાલમંદિરો સંઘ સાથે જોડાતાં નથી, છતાં સંઘના કાર્યને તેમના કાર્યથી ધક્કો પહોંચે છે. આજે બાલશિક્ષક આ રીતે અધોગતિના લપસણા ઉપર છે. સ્વ. ગિજુભાઈએ જે આત્મા તેમાં રેડયો હતો, જે ધ્યેય શિક્ષકો આગળ મૂકયો હતો, જે લાખ્ખો બાળકોનો પ્રશ્ન તેમની આગળ રજૂ કર્યો હતો તે બધું જતું રહ્યું છે. તેથી જ ૨૫/૨૫ વર્ષો છતાં બાલ-શિક્ષણ કે બાલશિક્ષા, સમાજના માનને પાત્ર થયાં નથી.

કોઈ પણ નવી વસ્તુ ચાલુ કરવી હોય ત્યારે તે લાવ-નારમાં વિશેષ નિષ્ઠા, વિશેષ ત્યાગ અને પોતાની વસ્તુ-પરત્વેની સચ્ચાઈની જરૂર હોય છે. આજે મુંબઈમાં દાદરના 'શિશુવિહાર' અને અધ્યાપનમંદિરે જે થોડી ઘણી પ્રતિષ્ઠા મેળવી છે, સરકાર અને મ્યુનિસિપાલિટીનું ધ્યાન ખેંચ્યું છે, વિદ્વાનોને આકર્ષ્યા છે તે આ ત્રણ વસ્તુને બળે. ત્યાંના શિક્ષકોએ અર્ધા જ નહિ પણ પા પગારે કામ કર્યું છે એમ કહીએ તો ચાલે. ૩૦/૩૦ રૂપિયા ઉપર સંસ્થાની શરૂઆતની સ્થિતિમાં તેમણે કામ કર્યું, અને જે કામ કર્યું તે પૂર્ણ નિષ્ઠાથી, પૂર્ણ સચ્ચા-ઈથી. 'સંસ્થા ૧૦૦ રુ. બેસિક પગાર આપે તો જ રહીશુ અને મનપૂર્વક કામ કરીશું' એવું જો તેમણે કહ્યું હોત તો શિશુવિહાર કયારનું બંધ જ થઈ ગયું હોત. સારા, ભણેલા ને ગ્રેજ્યુએટો હોવા છતાં તેમણે જે ભાવ અને નિષ્ઠા બતાવી તેને જ બળે એ સંસ્થા આજ ઊભી છે. પોતાના વિષયની સાચી ઉપાસના એ વસ્તુ પણ તેની સાથે રહેલી છે. બાલશિક્ષણ નગર જેવું મોટું પ્રદર્શન જગત્ આગળ મૂકવાની શકિત, એ તે ઉપાસનાનું ફળ છે. પ્રદર્શનમાં અનેકોએ મદદ કરી હતી એ વાત સાચી, પણ બાલશિક્ષણ વિભાગમાં આ શિક્ષકોનો જ મોટો ફાળો હતો તે કબૂલ કરવું જ જોઈએ.

શિશુવિહારના શિક્ષકોના ત્યાગ વિશે ઘણી વાર એમ કહેવામાં આવે છે, કે ઠીક ઠીક સ્થિતિના કુટુંબની સ્ત્રીઓ ત્યાં કામ કરે છે માટે તે ઓછા પગારે ચલાવી શકે છે. જેમને પોતાની સ્ત્રી અને છોકરાંનું કુટુંબ ચલાવવું પડે છે તેવા પુરુષ વર્ગ કરતાં સ્ત્રીવર્ગ ઓછા પગારે ચલાવી શકે છે એ વાત હું કબૂલ કરું છું. છતાં આજકાલ તો દરેક જણે પોતાના કામનું મૂલ્ય માગવું જોઇએ એ સિદ્ધાન્ત ઉપર, સારી સ્થિતિની બેનો કે ભાઈઓ પણ ઓછા પગારે કે મફત કામ કરવાની ના જ પાડે છે. તે દૃષ્ટિથી શિશુવિહારના શિક્ષકોએ ઓછા પગારમાં કામ કર્યું તે વખાણવા લાયક જ ગણાય. તેઓ જો બાલશિક્ષક યુનિયનમાં ભળે તો આજે પણ શિશુવિહારને તાળાં દેવાનો વખત જ આવે.

મારા મત પ્રમાણે આ વિચારસરણી વિચિત્ર છે. 'અમારે પણ જીવવાનો હક્ક છે. અમે પણ અમારા કામનું પૂર્ણ મૂલ્ય માગીશું ને સમાજે તે આપવું જ જોઈએ.' પણ આજે બાલશિક્ષક કે બાલશિક્ષણ સમાજને એટલું બધું આવશ્યક લાગતું નથી કે તે કામ અટકાવી પાડે તો સમાજને થોડો સરખો પણ ધક્કો પહોંચે. મિલમજૂરો કામ અટકાવે તો મિલમાલિકોને ફટકો પડે છે; વેપારી જગતને ધક્કો પહોંચે છે અને સમાજની એક આવશ્યક વસ્તુ–વસ્ત્રોત્પાદન–ને ધક્કો પહોંચવાથી તેના તરફ સમાજ ધ્યાન આપે છે. બાલશિક્ષણ બંધ થાય તો કોને ધક્કો પહોંચવાનો છે? એક માત્ર બાળકોને અને તે બિચારાં થોડો જ પગાર વધારી આપી શકે?

મને તો શિક્ષકની વિચારભૂમિકા તદ્દન જુદી જ હોવી જોઈએ એમ લાગે છે. શિક્ષકને લોકો આગ્રહ કરીને વધારે આપે તોય જરૂરી કરતાં વધારે ન જ લેવું એવો શિક્ષકનો આગ્રહ હોવો જોઈએ. આજે બાલશિક્ષક કહે છે અમારે કાળા બજારમાંથી ૮ રૂ. પાલીના ઘઉં લેવા પડે છે. તમે સૌ ઘઉં આપો ને અમારાં છોકરાં કંઈ લાલ જ્વર ખાય?' મને તો મારાં છોકરાં લાલ જ્વર ખાય એટલું જ નહિ પણ તે ખાધા વગર મરી જાય તો તે પસંદ કરવા જેવું લાગે છે; પણ હું વધારે કમાઉં અને મારાં છોકરાંને કાળાબજારમાંથી સારા ઘઉં ને ઘી ગોળ લાવીને ખવરાવું એવો વિચાર હું કદી પણ પસંદ કરું નહિ. બીજા કોઈને નહિ–તો શિક્ષક જીવનને તો નતિક પાયો હોવો જ જોઈએ. નતિક પાયાવગરના શિક્ષકો પાસે બાળકોને ભણવા મોકલવા કરતાં તેમનું શિક્ષણ બંધ પડે તો શી હરકત છે?

કઠોર સત્ય તો એ છે કે આજનો મોટા ભાગનો બાલશિક્ષક એ ઊંચા, નૈતિક સ્થાનેથી ભ્રષ્ટ થયો છે. થોડી યોગ્યતાએ તે મોટી મોટી સાધકૉલૉજીની વાતો કરવા લાગ્યો છે. અને તેવી વાતો કરીને સામાન્ય જનતાને આંજી શકે છે. પણ વિદ્વાનો ઉપર તેની કશી છાપ નથી. તે પૈસાનો લોભિયો થઈને સવારથી રાત સુધી ટ્યુશનની પાછળ પડેલો–ગિજુભાઈના શબ્દમાં–શિકારી બન્યો છે. તેની પાસે નથી રહી સિદ્ધાન્તની ઉપાસના કે નથી કાર્યની નિષ્ઠા; અને અત્યારના જમાનાના હવામાં ઊડતા 'હક્ક' ને "માગણી' ના વિચારોથી તે ત્યાગ અને સેવા જેવી વાતોને હાસ્યાસ્પદ ગણવા લાગ્યો છે.

આ છે આપણા ૨૫–વર્ષના બાલશિક્ષણના કાર્યનો અહેવાલ. શ્રી. નામલે કહે છે કે 'સેવા' શબ્દને આજની ભંડોળશાહીએ મોટો અર્થ આપ્યો છે. ખરું જોતા હક્ક, માગણીઓ અને હડતાળ પાડવાના માનસને જ ભંડોળ–શાહીએ જન્મ આપ્યો છે. જ્યાં શોષણ છે, ત્યાં જ હક્ક સાબિત કરીને મેળવી લેવાની જરૂર ઊભી થાય છે. શિક્ષકની ઊંચી ભૂમિકા નિસ્પૃહ વૃત્તિ અને વિદ્યાવ્યાસંગનો ધ્યેય, હિંદના જૂના કાળના ઋષિઓનો આપણને મળેલો કિંમતી વારસો છે. તેને ભંડોળશાહીની ગંધ સરખીયે હોઈ ન શકે. જેને સાર્વભૌમ રાજાઓ ઊભા થઈને માન આપતાં, ને ઊંચે આસને બેસાડતા તે ગુરુસ્થાનની ભવ્ય અને ઉદાત્ત કલ્પના આપણી અણમૂલ ઝવેરાત છે.

આ જૂના જમાનાની વાતો આજના પ્રગતિવંત યુગમાં ન ચાલે એમ નાસ્તિકો કહે છે. પણ આજના જમાનામાં જ તે વાત મુ. ગિજુભાઈએ જીવી બતાવી. આજે પણ આપણી વચ્ચે મુ. નાનાભાઈ જેવા, મુ. જુગતરામભાઈ જેવા જીવતા જાગતા ગુરુવર્યો છે. મહારાષ્ટ્રમાં ગુરુવર્ય અણ્ણાસાહેબ કર્વે ૯૦ વર્ષના જીવતા ઋષિને સમતા સમિતિનું અને નાનાં ગામડાંનાં બાળકોના શિક્ષણનું કાર્ય કરતા જોઈને અખિલહિંદ પુલકિત થાય છે. મહારાષ્ટ્રમાં શિક્ષક, અધ્યાપક, પ્રાધ્યાપકોથી જુદા પડે એવા આદર્શ શિક્ષકોને ગુરુજી અથવા આચાર્ય કહેવાની પ્રથા પડી છે. સાને ગુરુજી, આચાર્ય ભાગવત, આચાર્ય ભિસે વગેરે અનેક–નામો યાદ આવી શકે તેમ છે. મુ. વિનોબાજી, મુ. કાકાસાહેબ કે મુ. કિશોરલાલભાઈ જેવા તો અખિલ હિંદના ગુરુવર્યો આપણા પ્રાંતે આપ્યા છે. એટલે આપણો જૂનો, કિંમતી વારસો ઇતિહાસની વાત ગણીને કાઢી નાખવાનો નથી પણ આચરવાનો છે એવી શ્રદ્ધા કેળવવી જોઈએ.

જગતમાં સત્ય અસત્ય, ઊંચું તે નીચું, શુભ તે અશુભનો ઝગડો ચાલ્યા જ કરે છે. અનેકવાર અશુભ શુભનું ખૂન કરે છે પણ તેથી કાંઈ તે મરવાનું નથી. એ શ્રદ્ધા કેળવવી એનું જ નામ આસ્તિકતા—ઈશ્વરમાં વિશ્વાસ.

આજનો બાલશિક્ષક ગિજુભાઈએ બતાવેલા શુભ, ઉદાત્ત માર્ગમાંથી, આજના પવનથી ચલિત થયો છે. તેણે આત્મશુદ્ધિની લાલસા રાખી મૂળની ઊંચી મૂમિકા ઉપર આવવાની જરૂર છે. નાસ્તિકોના વિચારવમળમાં સપડાઈને બાલશિક્ષકોએ પોતાને સ્થાનેથી ખસવુ ન ઘટે.

તા૦.

નવાં ક્ષિતિજો

દેશની શૈક્ષણિક કૂચ ઘણીવાર અજ્ઞાત દરિયાના પ્રવાસ જેવી રોમાંચકારી બને છે. દરિયા પરનો એવો પ્રવાસ આશાના ક્ષિતિજોપર મીટ માંડીને થતો હોય છે. 'એ દૂર દૂર કંઈક લીલું લીલું દેખાય છે, પેલા.....પેલા હુંગરા દેખાય છે, કંઈક પક્ષી જેવું ઊડતુ દેખાય છે.' એવાં સહેજ સહેજ ચિહ્નો જોવાથી પણ નાવિકોનાં મોઢાં પર આશા, ઉત્સાહ અને વિશ્વાસની રેખાઓ દેખાય છે. નવાં ક્ષિતિજો એ રીતે પ્રવાસીઓને ખૂબ જ પ્રેરક નિવડતા હોય છે. શિશુવિહાર બાલઅધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓ સાથે આ વર્ષે હું હમણાં જ વેડછી—મઢી અને બોર્ડીના પ્રવાસે જઈ આવ્યો અને ત્યાં જે કંઈ મેં જોયું તેથી મને કેટલાંક નવાં ક્ષિતિજો દેખાયાં. ક્યાં વેડછી અને ક્યાં મુંબઈ! જ્ઞાન વિજ્ઞાન, કલા અને ઉદ્યમનાં શિક્ષણ માટે આપણે હંમેશ શહેરો તરફ જોતાં આવ્યાં છીએ. ત્યાંની અવનવી વસ્તુઓથી અંજાઈ જઈને, પ્રગતિની સાચી દિશા તો શહેરોના માર્ગે જ હોઈ શકે એમ ધારીને, પોતપોતાના જીવનવિકાસનાં ચિત્રો આપણે શહેરી સંસ્કારોને અનુલક્ષીને આલેખતાં આવ્યાં છીએ. વેડછી, બોર્ડીના શિક્ષણતીર્થોની આ યાત્રાએ મારી કેટલીક કલ્પનાઓને ઠીક ઠીક ધક્કો માર્યો છે.

મુંબઈ જરૂર વિશાળ અને વૈભવશાળી છે, અને વેડછી નાનકડી, છૂટી છવાઈને અસમૃદ્ધ છે છતાં મુંબઈ વેડછીના સામાન્ય માણસની મનોદશા અને તેના ભાવિ વિશે કેટલાક વિચારો મારા મનને સ્પર્શી ગયા. મુંબઈ ભલે વિશાળ અને વૈભવશાળી હોય પણ ત્યાંના માણસને તો દિવસે દિવસે મનથી સંકુચિત, અસહાય અને અસ્વસ્થ થતો હું જોઈ છું ત્યારે નાનકડી, સાદી વેડછીનાં માણસોનાં મોઢાંપર સંસ્કારિતા, આત્મવિશ્વાસ અને જીવનોલ્લાસનો આનંદ મને દેખાય છે. મુંબઈના વૈભવશાળી વાતાવરણમાં સામાન્ય માણસ દિવસે દિવસે વધારે ને વધારે અસહાય થઈ, પોતા પરનો વિશ્વાસ ગુમાવતો દેખાય છે ત્યારે વેડછીમાં પોતાના જ પરિશ્રમના વિશ્વાસે જીવતા માણસો, કંઈક આત્મનિર્ભરતાનો સાત્ત્વિક આનંદ માણતા હોય એવું લાગ્યું.

બપોરનો સાડા ચાર વાગ્યાનો સમય હતો અને અમે વાલોદથી નિકળી વેડછીના માર્ગ પર પગવાળો પ્રવાસ કરતાં હતાં. વેડછો એ રાનીપરજ આદિવાસીઓનુ ગામ છે. આદિવાસીઓનાં ગામો આપણાં સામાન્ય ગામડાંઓની જેમ પાસે પાસેનાં ઘરોવાળાં નથી હોતાં. આઠ, દસ કે બાર ઘરોનું અથવા ઝૂંપડાઓનુ એક પુંજ એક ઠેકાણે, તો બીજું ત્યાંથી ચાર ફર્લાંગપર અને ત્રીજું, ત્યાંથી કંઈક બીજી દિશામાં બે ફર્લાંગપર. એ રીતે આદિવાસીઓનાં ઘણાં ગામો છુટ્ટાં છુટ્ટાં અથવા તો 'પાડા પાડા' વાળાં હોય છે. 'પાડો' એટલે આઠ દસ ઘરોનું એક પુંજ કે કુંજ. બપોરનો વખત થયો હતો, પગપાળો પ્રવાસ હતો, તાપ ઠીક ઠીક લાગતો હતો, પેટમાં ભૂખ પણ લાગી હતી અને એ સ્થિતિમાં અમે એક પાડામાંથી પસાર થતાં હતાં. ચોખ્ખું અને કળાત્મક રીતે લીપેલું એક ઝૂંપડું હતું. સામે એવો જ લીપેલો અને આંખને ઠંડક આપતો એક સ્વચ્છ, નાનકડો ઓટલો હતો, ઓટલાપર ઠંડો મજનો છાંયડો જોઈને અમે બધાં ત્યાં જ વિસામો લેવા બેઠાં. ઘરમાંથી બે સ્ત્રીઓ બહાર આવી. એક પુખ્ત ઉમરની અને એક યુવતી. એમનાં મોઢાંપર ખૂબ પ્રસન્નતા દેખાતી હતી. અમ જેવા થાકેલા શહેરીઓને જોઈને બન્ને હસતી હતી. એ હાસ્યમાં ઉપહાસ નહિ પણ કંઈક કુતૂહલ દેખાતું હતું. 'પાણી જોઈએ'? મોટી સ્ત્રીએ પૂછ્યું. 'પાસે જ છે હવે આશ્રમ,' કહીને અમને સાંત્વના આપી. ઘરના બારણા પાસે જ હું બેઠો હતો. બારણાની જમણી બાજુએ ઘરનો નંબર લખ્યો હતો. મેં પૂછ્યું, શું તમે વાંચી શકો છો એ આંકડો? બન્ને શરમાયા. 'આશ્રમમાં હું રાત્રે ભણવા જાઉં છું પણ હજી એ નથી શીખ્યા.' મોટી સ્ત્રીએ જવાબ આપ્યો. મેં કહ્યું, **'તમને જુગતરામ ભાઈ શું ભણાવે છે?'**

'કેમ, બધું ય ભણાવે છે અમને. હું ભણું છું,

મારી દીકરી, દીકરા બધાય ભણે છે! મેં પૂછ્યુ, 'અમને ભણાવે ખરા, જુગતરામ ભાઈ?'

તેઓ બન્ને હસી પડ્યા. બારણામાંથી મેં ડોકિયું કર્યું. ઝૂંપડામાં–પિતળનાં કેટલાંક વાસણો ચમક ચમક કરતાં હતાં. જેવું બહાર તેવું જ અંદર ચોખ્ખું મજાનું લીંપેલું હતું. કયાંક ભીંતપર માટીના રંગથી કરેલાં ચિત્રો પણ દેખાતાં હતાં. એક ખૂણામાં બે રેટિયા હતા; આંગણામાં એક મોટી કયારીમાં રીંગણીના છોડપર લચી પડેલાં રીંગણાં તડકામાં ચળકતાં હતાં. એક બાજુએ ડુંગળીની લીલી છમ કયારીઓ દેખાતી હતી. ઝૂંપડાંનું છાપરું મંગલોરી નળિયાનુ હતું. એ બન્ને સ્ત્રીઓ શરીરે સુંદર દેખાતી હતી. તેમનો પહેરવેશ, એમની રીતનો, સાદો પણ સ્વચ્છ હતો. કેશભૂષા વ્યવસ્થિત હતી.

થોડીક રમૂજી વાતચીત થયા પછી અમે ત્યાંથી ઊઠ્યાં. તે બન્ને સ્ત્રીઓ મને રસ્તો બતાવવા બહાર આવી. અમે ચાલવા લાગ્યાં. મારા મનમાં બે વાકયો ઘૂમતાં રહ્યાં;

"તમને શું ભણાવે છે જુગતરામભાઈ?"

"કેમ, તેઓ બધું'ય ભણાવે છે, અમને".

× × ×

આશ્રમમાં અમે ચોવીસ કલાક જ વાસ કર્યો હતો. પચ્ચીસ વર્ષથી પૂ. જુગતરામભાઈનો ત્યાં આશ્રમ ચાલે છે. સાદાઈ, સ્વચ્છતા, નિશ્ચય અને પ્રવૃત્તિપરાયણતાનું વાતાવરણ ત્યાં મેં જોયું. કોઈકે કહ્યું કે હવે વેડછીમાં દુનિયામાં કયાંય બની નથી એવી એક ઘટના હમણાં જ બનવા પામશે. ખેડૂતો સ્વેચ્છાએ પોતપોતાની જમીનનું ભંડોળ કરીને સહકારી ખેતીનો પ્રયોગ કરશે. રાજ્યના નિયમનથી સહકારી ખેતીના પ્રયોગો રશિયામાં કેવી રીતે થયા તે વિશે મેં વાંચ્યું હતું; પરંતુ આદિવાસી જેવી પછાત ગણાતી કોમોમાં સહકારી તત્ત્વની સમજણ અને તેથી કુળપરંપરાથી પોતાની માલિકીની જમીનો એ રીતે એક સામાજિક ભંડોળમાં આપી દેવી અને સહકારથી ઉત્પાદન કરીને, પોતાને ભાગે જે આવે તે લઈને સંતુષ્ટ રહેવું એ વાતથી પણ મને ફરી સ્મરણ થયું પેલી સ્ત્રીના જવાબનું–'કેમ તેઓ બધું ભણાવે છે અમને.'

જુગતરામભાઈની શિક્ષણની વ્યાખ્યા ખૂબ વ્યાપક છે. શાળામાં પુસ્તકોને બદલે પ્રવૃત્તિ આવે એટલે પાયાની કેળવણી સિદ્ધ થઈ એવું તેઓ માનતા નથી. જીવનસ્પર્શી કેળવણી તો જીવનના બધા અંગોપાંગોને સ્પર્શે તે જ હોઈ શકે. એ માન્યતા પર જ તેમનો બાળકેળવણીનો કે બીજી દૃષ્ટિએ લોકકેળવણીનો પ્રયોગ ચાલી રહ્યો છે. બાળકેળવણી અને લોકકેળવણી એ બન્ને ક્ષેત્રો એક જ સિક્કાની બે બાજુઓની જેમ એક બીજા સાથે સંબંધ ધરાવે છે. બાળકેળવણી માટે લોકકેળવણી જેટલી આવશ્યક છે તેટલી જ, લોકકેળવણી માટે બાળકેળવણી આવશ્યક છે, એમ માનીને જ પૂ. જુગતરામભાઈનો પ્રયોગ શરૂ થયો છે અને તેનો વિકાસ પણ એટલો સમાધાનકારક થયો છે. રેટિયો સ્કૂલમાં જ નહિ પણ ઘેરે ઘેર પહોંચાડીને તેમણે આદિવાસીઓના આર્થિક તેમ જ સામાજિક જીવનને સ્પર્શ કર્યો છે. એ રીતે ઘરેઘરમાં રેંટિયો પહોંચ્યો હોવાથી જ આશ્રમની બાલશાળામાં પણ રેટિયા માટેનુ કે કાંતવા તૂણવા માટેનું આકર્ષણ બાળકોમાં સ્વાભાવિક છે.

આશ્રમમાં જતાં જતાં તે ઝૂંપડાના ઓટલાપર અમે વિસામો લેવા બેઠાં હતાં. તે ઝૂંપડું અને તે ઝૂંપડાની અંદરની વ્યક્તિઓ અને વાતાવરણ, અમને જુગતરામભાઈની કેળવણીનો સંદેશ આપતું હતું.

વેડછીથી પાછા ફરતાં અમે શ્રી. અન્નપૂર્ણા બેનની મઢીની બાલવાડીની મુલાકાત લેવા ગયાં હતાં. એ બાલવાડીના ઉપયોગ માટે એક આદિવાસી નવયુવાને પોતાનું પોણા ભાગનું ઘર આપી દીધું છે. ભણ્યા ગણ્યા સમાજ અને સમાજવાદ વિશે ઠીક ઠીક જ્ઞાનવાન અને ઠીક ઠીક ધનવાન એવા શહેરીઓમાં પણ એવું ઔદાર્ય અને લાગણી મેં ભાગ્યે જ કોઈ શહેરમાં જોયાં છે. બાળકેળવણીનું ઉત્તમોત્તમ સાધન, લોકકેળવણી કેવી રીતે થઈ શકે અને લોકકેળવણીનું સાધન, બાળકેળવણી કેવી રીતે થઈ શકે તેનો પ્રત્યક્ષ પાઠ અમને મઢીની એ બાલવાડીમાંથી મળ્યો. કેળવણીની પ્રગતિની કૂચમાં મારે માટે આ નવાં ક્ષિતિજો હતાં. બોર્ડીની અમારી મુલાકાતની વાત હું આવતા અંકમાં કરીશ. ના.

નૂતન કેળવણીના સિદ્ધાંતોને અનુસરતી શાળાઓને ઉપયોગી એવું શિક્ષણસાહિત્ય, બાલમંદિર અને નર્સરી સ્કુલનું પ્રબોધક સાહિત્ય, જ્ઞાન આપતી ઈતર પ્રવૃત્તિઓ માટેનાં સાધનો, નકશા અને ચિત્રપટના લીસ્ટ માટે લખો અથવા આ બધું નજર સમક્ષ જોવા અવશ્ય મુલાકાત લ્યો.

જેચંદ તલકશી એન્ડ સન્સ,

૧૪૬, હાર્નબી રોડ, મુંબઈ ૧.

શા માટે ?

ટ્રેનમાં આવતાં જતાં માતાપિતાઓની તેમની બાળકો સાથે વર્તવાની રીતના અનેક વિચિત્ર દાખલા જોવાના મળે છે. તેમાંથી કેટલાએક વારંવાર દેખાય છે. નીચે થોડાએક દાખલાઓ આપું છું જે હંમેશ જોવામાં આવે છે. એ દરેકમાં માબાપો બાળકોને શા માટે હેરાન કરે છે, શા માટે 'ના' પાડયા કરે છે તે સમજાતું નથી.

ટ્રેનમાં કલાકો સુધી બેસી રહેવું એ કોઈને પણ કંટાળો આપે એવી વાત છે. બાળકોને તો તે ચોખ્ખી કેદ સમાન જ હોય છે. માબાપોએ તેમનો વખત મજામાં જાય તેમ પ્રયત્નપૂર્વક કરવું જોઈએ. કાંઈ બીજું નહિ તો બાળકો પોતાની મેળે પોતાનો વખત મજામાં ગાળવાના રસ્તાઓ શોધી કાઢે છે તેમાં તો તેમને અટકાવવા નહિ; પણ ઉલટી મદદ કરવી.

તેમ કરવાથી બાળકોનો વખત આનંદમાં જશે એટલું જ નહિ તે પણ મોટાંઓ પણ જે કંટાળી જાય છે અને તેમનું મગજ ગરમ થઈ જાય છે તે જરા ઠંડું થશે અને કંટાળો ઓછો થઈ પ્રવાસ સુખકર થશે.

(૧)

સેકંડ કલાસના ૮ માણસોના બેસવાના ડબામાં નાનાં મોટાં મળીને ૨૫ જણાં હતાં. તેમાંથી ૩/૪ જણાં ઊભાં હતાં. ઘણાં ખરાં જેમ તેમ કરી બાંકડાપર કે પેટી, બિસ્તરો કે એવું કાંઈ ગોઠવીને બેઠાં હતાં, ને એક બે છોકરાંઓ એટલી ગરદીમાં પણ સૂતાં હતાં. તેમને સામાન મૂકવાના, ઉપરના બાંકડાપર તેટલી જગ્યા પણ મુશ્કેલીથી જ મળી હતી. કારણ, તે ડબામાં સામાન પણ પુષ્કળ હતો અને કેટલાએકને ઉપર ચડીને જ બેસવું પડયું હતું. બપોરનો ચારનો વખત હોઈ અંદર તડકો આવતો હતો ને ગીરદીને કારણે ગરમી ખૂબ લાગતી હતી. તેથી જ સૌનાં મગજ પણ ગરમ થયાં હતાં.

આ ગરદીમાં બે ચાર ચાર વર્ષનાં છોકરાંઓ હતાં. એક બાંકડાપર બહુ જ થોડી જગ્યામાં બેઠો હતો ને બીજો વચ્ચે મૂકેલા એક ડબ્બાપર હતો. તે બે જણાએ એક રમત શોધી કાઢી. તે બે જણા ગાડીમાં પ્રથમ વાર જ મળ્યા હતા. તેમાંથી એક જણના બીસામાં તેણે ભેગી કરેલી અનેક વસ્તુઓ હતી. એક રંગબેરંગી કાગળ હતો. એક પેન્સિલ ને બીજી નાની નાની ઘણી વસ્તુઓ હતી. તે એક એક કાઢીને બન્ને હાથનાં આંગળાંથી પકડી રાખતો. સામેનો છોકરો તે ખેંચી લેતો અને પોતાના બીસામાં મૂકતો. એમ કરતાં કરતાં પહેલા છોકરાની પાસેની બધી વસ્તુઓ બીજા છોકરાના બીસામાં ગઈ, એટલે હવે તે હાથમાં વસ્તુઓ પકડવા લાગ્યો અને પહેલો છોકરો તે ખેંચી લેવા લાગ્યો. આમ બે ત્રણવાર વસ્તુઓ એકના બીસામાંથી બીજાના બીસામાં ગઈ ને પાછી આવી. તેમને બન્નેને આ રમતમાં ખૂબ મજા પડતી હતી, એટલું જ નહિ પણ આજુબાજુનાં બીજાં છોકરાંઓને ને મારા જેવાં મોટાંઓને પણ એ જોવામાં મજા પડતી હતી.

છોકરાઓની ખેંચાખેંચી જરા જોશમાં આવી ગઈ. એટલે પહેલા છોકરાના પિતાને લાગ્યું કે આ છોકરાઓ બાધે છે. તેમણે તે રમત અટકાવી દીધી. બીજા છોકરાની બાએ તેને એકદમ ઉપર ચડીને સૂઈ જવાનો હુકમ આપ્યો.

બન્ને છોકરા મોઢું બગાડીને છૂટા પડ્યા. પછી પહેલો છોકરો એકલો એકલો પોતાની વસ્તુઓ બીસામાંથી કાઢીને જોતો હતો ત્યાં એના પિતાનું ધ્યાન તે તરફ ગયું. તેમણે બધી વસ્તુઓનો કબજો લઈ લીધો. 'શું કામ નકામી વસ્તુઓ ભેગી કરે છે?' એમ કહીને એક એક બારીની બહાર ફેંકી દીધી.

બિચારો છોકરો અસહાય થઈને જોઈ રહ્યો હતો. તેનો આખો બજાનો, ટ્રેનની બારીમાંથી પવન જોરથી તાણીને દૂર લઈ જતો હતો.

અમે સૌ શાંત ચિત્તે એ જોતાં હતાં. કેમ કે પિતાનો પુત્ર ઉપરનો અધિકાર કેમ ઉત્થાપાય ?

(૨)

એક ઘરનાં જ દોઢ વરસથી સોળ વર્ષ સુધીનાં સાત બાળકો ને તેમની બા એ જ સેકંડ કલાસમાં પ્રવાસ કરતાં હતાં. બેસવાની પણ પૂરતી જગ્યા ન હતી. સ્ટેશન આવે ત્યારે ચા પાણી કે સંતરાં ચીકુ લેવાનો ને બાવા પીવાનો કાર્યક્રમ એક બે વાર થયો. પણ પછી તે બંધ થયો, એટલે સૌને કંટાળો આવ્યો. પેલા સોળ વર્ષના છોકરાને થયું કે નાની, દોઢ વર્ષની બેબીને તેડીને રમાડું. વચલી બેનને થયું કે મોટા ભાઈની પાસે ઉપરના બર્થપર ચડીને બેસું. ઉપર બેઠેલા એક છોકરાને થયું કે નીચે ઊતરીને બારી પાસે ઊભો રહું.

પણ તેમની બાનો એક જ હુકમ ત્રણેને મળ્યો. 'કાંઈ નથી કરવું.' બેબીને બેસવા દે અહીં જ; છોકરીએ ઉપર ચડવું નહિ; છોકરાએ નીચે ઊતરવું નહિ.

એટલામાં બેબીથી જરા મોટો દીકરો સૂતો હતો તે ઊઠ્યો અને બેબીને રમાડવા લાગ્યો.

બાએ તેના માથા ઉપર જોસથી બે ત્રણ થપાટ ચોડી દીધી.

બા ઇચ્છતી હતી કે કોઠારના ઘોડામાં ગોઠવી દીધેલા ડબ્બાઓની જેમ બાળકો પણ ગોઠવાઈ જાય ને નીચે ઉપર કે આમતેમ ન ફરે; માત્ર બાની ઇચ્છાથી જ ડબ્બાઓ જગ્યા બદલે છે તેમ જ આ સાત છોકરાંઓ પણ કરવું. પણ દુઃખની વાત એ કે તે છોકરાંઓ, ડબ્બા જેટલા ડાહ્યાં ન હતાં, એટલે કાંઈક હિલચાલ તેમનાથી થયા કરતી, અને બાનો પિત્તો જતો!

અમે સૌ આ શાંતિથી જોતાં હતાં. કારણ? તે જ. માબાપનો અધિકાર.

તા૦

અપૂર્ણાંક

(ફેબ્રુઆરીથી ચાલુ)

ગયા અંકમાં અપૂર્ણાંકનો પરિચય તેમ જ તેના લેખન અને વાચનના ચાર પાઠો બાળકો આગળ કેવી રીતે રજૂ કરવા તે આપણે જોયું. તેથી સરવાળા અને બાદબાકીનો ખ્યાલ આપવા માટેની યોગ્ય ભૂમિકા તૈયાર થાય છે.

પાઠ નં. ૫. અપૂર્ણાંકના સરવાળા અને બાદબાકીની રજુઆત.

અપૂર્ણાંક ત્રણ જાતના હોય છે : સજાતીય, વિજાતીય અને મિશ્ર. શરૂઆતમાં સજાતીય અપૂર્ણાંકોના સરવાળાના દાખલાઓ લેવા. સાધનદ્વારા અમુક જ દાખલાઓ રજૂ કરી શકાય છે. તેથી શિક્ષકે એવા જ દાખલાઓના ૨" × ૨॥" ના કાર્ડસ્ એક ડબ્બીમાં તૈયાર રાખવા. $\boxed{\frac{1}{4}+\frac{2}{4}=}$ $\boxed{\frac{1}{6}+\frac{2}{6}+\frac{4}{6}=}$ સરવાળા માટે ત્રણ અને બાદબાકી માટે ત્રણ એવી છ ડબ્બીઓ તૈયાર કરવી. સરવાળાની ત્રણ ડબ્બીનાં લેબલો નીચે મુજબ રહેશે.

'સજાતીય અપૂર્ણાંકના સરવાળા' 'વિજાતીય અપૂર્ણાંકના સરવાળા', 'મિશ્ર અપૂર્ણાંકના સરવાળા'– એ જ રીતે બાદબાકીની ડબ્બીઓપર પણ લેબલો લગાડવાં.

બાળકની ઉંમર હવે સાડાપાંચ વર્ષ જેટલી હોય છે; લેખનપર તેનો ઠીક ઠીક કાબૂ હોય છે. તેથી એ દાખલા બાળક પોતાની ગણિતની નોટમાં ઊતારી લે અને પછી પ્રત્યક્ષ સાધનવડે સરવાળો કરે. દાખલા તરીકે, બીજા કાર્ડનો દાખલો કરવો હોય તો સાધનની કોઈ ખાલી ફ્રેમોમાં તે નવાંશના ધરના અપૂર્ણાંકો એક પછી એક લે અને ગોઠવે. પછી બધા કકડા ગણે–એ રીતે જે જવાબ આવે તે પોતાની નોટમાં લખે. એ રીતે 'અપૂર્ણાંક જ્યારે એક ધરના હોય છે ત્યારે તેને સજાતીય અપૂર્ણાંક કહેવું'–એ વીગત સાધનદ્વારા બાળકના ધ્યાનપર લાવવી. સજાતીય સરવાળાની જેમ જ સજાતીય બાદબાકીની પણ રજૂઆત કરવી. દાખલા તરીકે, $\boxed{\frac{5}{6}-\frac{3}{6}=}$ એવું એક કાર્ડ છે તો તેના ધરનો દાખલો પ્રથમ નોટમાં બાળક લખે; પછી પ્રથમ ફ્રેમપર $\frac{5}{6}$ લે અને પાછળ થી $\frac{3}{6}$ તેમાંથી કાઢી લે; જે બાકી રહે તે જવાબ. તે જવાબ એ નોટમાં લખે. આ દાખલાઓનું સ્વરૂપ બાળકના ધ્યાનમાં ઝટ આવી જાય છે અને તેથી સજાતીય અપૂર્ણાંકોના સરવાળા બાદબાકી માટેનો એક સામાન્ય નિયમ, તેઓ પોતે જ શોધી કાઢી શકે છે.

'સજાતીય અપૂર્ણાંકના સરવાળા બાદબાકીમાં માત્ર અંશોના જ સરવાળા અને બાદબાકી થાય છે.'

આ નિયમ ધ્યાનમાં આવ્યા પછી બાળકો સાધનનો ઉપયોગ કર્યા વગર દાખલાઓ મનથી જ કરીને જવાબો લખવાનો પ્રયત્ન કરતાં દેખાય છે.

સજાતીય સરવાળા બાદબાકી પછી આપણે **વિજાતીય અપૂર્ણાંકના સરવાળા બાદબાકીની રજુઆત** કેમ થઈ શકે તે જોઈ એ. વિજાતીય અપૂર્ણાંકના સરવાળાની ડબ્બીમાંથી નીચે મુજબનુ એમ કાર્ડ લઈએ. $\boxed{\frac{1}{4}+\frac{1}{2}=}$ પ્રથમ ખાલી ફ્રેમપર બાળક $\frac{1}{4}$ અને $\frac{1}{2}$ ગોઠવે. પરંતુ એ બન્ને અપૂર્ણાંકો જુદા જુદા ધરના હોવાથી તેનો સરવાળો થઈ શકતો નથી. સરવાળો કરવા માટે તેમને પ્રથમ એક ધરના બનાવવા જોઈએ. કેટલીક વખત એક અપૂર્ણાંક બીજાના ધરમાં સીધો જઈ શકે છે; નહિ. તો, બન્ને અપૂર્ણાંકોને કોઈ ત્રીજા જ ધરમાં લઈ જવા પડે છે. ઉપર જે દાખલો આપ્યો છે તેમાં $\frac{1}{2}$, $\frac{1}{4}$ ના ધરમાં જઈ શકે છે. એવી રીતે ધરમાં જઈ શકે છે કે નાહ તે જોવા માટે, પ્રથમ $\frac{1}{2}$ નો અપૂર્ણાંક લઈને તેને ઉલટાવીને તેના પર $\frac{1}{4}$ ના કકડા $\frac{1}{2}$ ની બધી જગા વ્યાપે ત્યાં સુધી મોકલના $\frac{1}{2}$ ના કકડા પર એ રીતે $\frac{1}{4}$ ના બરાબર બે જ કકડા બેસી શકે

છે. એવી રીતે કોઇ પણ અપૂર્ણાંકના કકડા બીજા અપૂર્ણાંકના કકડાપર બેસી શકે ત્યારે જ, એક અપૂર્ણાંક બીજાના ઘરમાં રૂપાંતરિત થયો એમ કહી શકાય. આ વાત બાળકના ધ્યાનપર લાવવી. $\frac{1}{2}$ જ્યારે ચતુર્થાંશના ઘરમાં રૂપાંતરિત થાય ત્યારે તેના $\frac{2}{4}$ થાય અને પછી તેમાં $\frac{1}{4}$ મેળવો એટલે જવાબ $\frac{3}{4}$ થાય.

$\boxed{\frac{1}{2}+\frac{1}{3}=}$ આ દાખલામાં $\frac{1}{2}$ ના કકડાપર $\frac{1}{3}$ બેસી શકતો નથી અથવા તો $\frac{1}{3}$ ના કકડાપર $\frac{1}{2}$ બેસી શકતો નથી, એ બાળકને પ્રત્યક્ષ બતાવવું. હવે એ અપૂર્ણાંકો જો એક બીજાના ઘરમાં ન જઈ શકે તો પછી તે બન્ને જઈ શકે એવું નવું ઘર આપણે શોધવાનું રહે છે. અને તે માટે પ્રત્યક્ષ પ્રયત્ન (trials) શરૂ કરવો. ચારના ઘરમાં $\frac{1}{2}$ જાય પણ $\frac{1}{3}$ નથી જતો. પછી $\frac{1}{5}$ ના ઘરમાં $\frac{1}{2}$ નથી જતો અને $\frac{1}{3}$ પણ નથી જતો; એ ધ્યાનમાં આવશે. તેથી ષષ્ઠાંશના ઘરની ટ્રાયલ લેવાશે. એ ઘરમાં બન્ને અપૂર્ણાંકો રૂપાંતરિત થઈ શકે છે. તે રૂપાંતરિત થયા પછી $\frac{3}{6}$ અને $\frac{2}{6}$ થશે અને પછી તેનો સરવાળો $\frac{5}{6}$ થાય એ બાળકના ધ્યાનમાં આવતાં વાર લાગશે નહિ. વિજાતીય અપૂર્ણાંકના આ સરવાળાના દાખલા પરથી બાદબાકીની રજુઆત સહેજે ધ્યાનમાં આવે એવી હોવાથી તેનુ પુનરાવર્તન હુ અહીં કરતો નથી.

હવે રહ્યા મિશ્ર અપૂર્ણાંકો. મિશ્ર અપૂર્ણાંકોના સરવાળાનું કાર્ડ કંઈક નીચે મુજબ હોય છે.

$\boxed{2\frac{1}{4}+1\frac{1}{2}=}$ આ દાખલાઓ માટે થોડા મૂળ વર્તુળની સાઈઝનાં જ જાડા પૂઠાનાં લાલ વર્તુળો કાપીને તૈયાર રાખવાં.

બાળક પ્રથમ, બે વર્તુળો, પછી ચતુર્થાંશનો એક કકડો, અને પછી એક વર્તુળ અને દ્વિતીયાંશનો એક કકડો લેશે. પૂર્ણ વર્તુળો એકત્ર કરશે. વિજાતીય અપૂર્ણાંકોને સજાતીય બનાવશે અને પછી તેનો જવાબ $3\frac{3}{4}$ આવે તે જોશે અને તે પ્રમાણે નોટમાં લખશે. સરવાળામાં કોઈવાર અપૂર્ણાંકોમાંથી પૂર્ણ અંકો બને એવા પણ દાખલાઓ આપી શકાય.

દા. ત. $\boxed{2\frac{3}{4}+3\frac{1}{2}}$ અને બાદબાકીમાં પણ જ્યાં અપૂર્ણાંક છુટ્ટો કરીને લેવો પડે એવા દાખલા પણ આપી શકાય.

દા. ત. $\boxed{2\frac{1}{4}-1\frac{1}{2}}$ સાધન દ્વારા આ વસ્તુઓ પ્રત્યક્ષ હોવાથી બાળકને તે બાબતની મુશ્કેલી લાગશે નહિ. મિશ્ર અપૂર્ણાંક એટલે જેમાં પૂર્ણ અંક અને અપૂર્ણાંક હોય એવા અપૂર્ણાંકો; એ ખ્યાલ સહેજે બાળકો મેળવી લેશે.

પાઠ નં. ૬ **ગુણાકાર અને ભાગાકારની રજુઆત**

ગુણાકારમાં બે જાતની ડબ્બીઓ હોય છે. એક ડબ્બીમાં અપૂર્ણાંક અને પૂર્ણાંકના ગુણાકાર દાખલાઓ હોય છે. જેવા કે, $\boxed{\frac{3}{4}\times 2=}$ $\boxed{\frac{1}{4}\times 2=}$ એવા દાખલામાં $\frac{3}{4}$ ના કકડા બાળક બે વાર લે છે અને ખાલી ફ્રેમ પર ગોઠવે છે; તેથી તે $\frac{6}{4}$ થાય છે, તે જુએ છે. જ્યારે જ્યારે કોઈ પણ અપૂર્ણાંકને ઓછા કકડા વાળા ઘરમાં ફેરવી શકાય ત્યારે તેને ફેરવવો એવો એક નિયમ બાળકને આપવો જોઈએ. અહીં $\frac{6}{4}$ એ $\frac{3}{2}$ જેટલા જ છે એમ તેને બતાવી તે રીતે જવાબ લખવો જોઈએ; એ વાત તેના ધ્યાનપર આપણે લાવવી. આ વસ્તુ સરવાળા બાદબાકીના દાખલામાં અથવા તો તે પહેલાં પણ બાળકના ધ્યાનપર લાવી શકાય છે.

બીજી ડબ્બીમાં $\boxed{\frac{1}{2}\times\frac{1}{2}=}$ $\boxed{\frac{3}{4}\times\frac{1}{2}=}$ એ જાતના, એટલે જ્યાં ગુણ્ય અને ગુણક પણ અપૂર્ણાંક હોય છે તેવા દાખલાઓ હોય છે. એ દાખલાની સમજણ આપવા હજી એક નાનકડું સાધન ઉભેરવાની જરૂર હોય છે. એ સાધનનુ નામ છે **વિભાગેલી સોગઠીઓ** (split skitles). એમાં એક સોગઠીના બરાબર બે ભાગ, તેમ જ એક સોગઠીના ત્રણ ભાગ, તેમ જ એકના બરાબર ચાર ભાગ, અને એક આખી સોગઠી એટલી વસ્તુઓ હોય છે. હવે ધારો કે $\boxed{\frac{1}{2}\times\frac{1}{2}=}$ એ કાર્ડ છે. એમાં $\frac{1}{2}$ ૧ વાર નહિ પણ $\frac{1}{2}$ વાર લેવાનો છે; એટલે કે $\frac{1}{2}$ ના બે ભાગ કરી તેને જો એકવાર લઈએ તો $\frac{1}{4}$ થાય છે એ વાત બાલક આગળ રજુ કરવાની છે. ગુણકને માટે બે ભાગવાળી સોગઠી લઈને પેલા $\frac{1}{2}$ ના બે ભાગ કરીને અર્ધાને ભાગે કેવી રીતે $\frac{1}{4}$ આવે છે તે બાળકને બતાવવું જોઈએ.

$\boxed{\frac{3}{4}\times\frac{1}{2}=}$ એ દાખલામાં $\frac{3}{4}$ ના પ્રથમ, બે બરાબર ભાગ કરવા પડશે અને પછી $\frac{1}{2}$ સોગઠીને ભાગે $\frac{3}{8}$ કેવી રીતે આવે છે તે બતાવવુ પડશે.

ગુણાકારની જેમ જ ભાગાકારમાં પણ બે ડબ્બીઓ હોય છે. પહેલી ડબ્બીમાં ભાજ્ય અપૂર્ણાંકમાં અને ભાજક પૂર્ણ હોય છે. દા. ત.

$\boxed{\frac{3}{4}\div 2=}$ $\boxed{\frac{1}{4}\div 2=}$ આ દાખલાઓમાં **ભાગાકાર એટલે**

એકના ભાગે આવે તે. એ પૂર્ણાંકના ભાગાકારમાં જે નિયમ બાળકો શીખેલાં હોય છે તે જ અપૂર્ણાંકમાં પણ સાચો છે. એ વસ્તુ બાળકના ધ્યાનપર લાવવી જોઈએ.

$\frac{3}{4} \div 2 =$ એટલે $\frac{3}{4}$ ના બે ભાગ કરીને એકના ભાગે આવે તે ભાગાકાર, એ વાત સહેજે રજૂ કરી શકાય એવી દેખાશે. એવા કેટલાક દાખલાઓ રજૂ થયા પછી બીજી ડબ્બીના દાખલા લેવા. એમાં ભાજ્ય અને ભાજક બન્ને અપૂર્ણાંક હોય છે.

દા. $\frac{1}{2} \div \frac{1}{2} =$ $\frac{1}{2}$ ને એક $\frac{1}{2}$ ને અપાય તો ભાગાકાર કહેવાય; કારણ ભાગાકાર એટલે એકના ભાગે આવે તે. એકના ભાગે શું આવે તે જોવા માટે એ $\frac{1}{2}$ માં બીજા $\frac{1}{2}$ નો ભાગ ઉપરનો પડશે, અને એ રીતે જવાબ ૧ આવશે. હવે એજ ડબ્બીમાંથી બીજો દાખલો લઈએ.

$\frac{3}{4} \div \frac{1}{2}$ એમાં $\frac{1}{2}$ $\frac{1}{2}$ $\frac{1}{2}$

$\frac{1}{4}$ $\frac{1}{4}$ $\frac{1}{4}$

આ પરિસ્થિતિ રહેશે તેમાં એકને

$\frac{1}{4} + \frac{1}{4} = \frac{1}{2}$ એ જવાબ સ્પષ્ટ દેખાશે.

ગુણાકાર અને ભાગાકારના એ જાતના દાખલા, છ સાડા છ વર્ષનાં બાળકો કરી શકયાં હોય છે. પ્રત્યક્ષ સાધન વાપરવું એ સહેલુ હોય છે. પછી વપરાશ કરતાં કરતાં પોતાની મેળે નિયમો તરી આવે છે. બાળકને સીધા નિયમો આપવા કરતાં તે પોતે જ સાધન દ્વારા નિયમો પ્રસ્થાપિત કરે એ શિક્ષકે જોવું જોઈએ. અપૂર્ણાંકોનું લેખન અને તેના વ્યવહાર આવડી ગયા પછી અપૂર્ણાંકના સર્વ સામાન્ય દાખલા સમજવાને માટેની બાળકની પૂર્વ તયારી સારી રીતે થાય છે. **ના૦**

બાળકોનું ભાષાશિક્ષણ

(ગયા અંકથી ચાલુ)

દાખલો બીજો

એકવાર મે એક નવી રમત વિચારી. અમારા ગામડામાં શાકપીઠ એટલે રસ્તાપર જ એક એક કોથળો પાથરી તેનાપર શાક મૂકીને સૌ વેચવા બેસે. મેં કહ્યું, 'આજે હું શાકવાળી છું. જેને જે જોઈએ તે આવીને લઈ જાઓ. પણ બધાં એકી સાથે આવો તો નહિ આપું. એક એક આવો, ને એક પ્રકાર માગજો. નહિ તો મારાં શાક ખૂટી જશે. મારીપાસે મૂળા, ગાજર, ભીંડા, બટેટા, કાંદા, રીંગણાં, ટિંડોરાં, મેથીની ભાજી, દૂધી ને મરચાં એટલાં શાક હતાં.

વારાફરતી છોકરાં આવવા લાગ્યાં. કોઈ કહે ટિંડોરાં આપો. હું પૂછું, કેટલાં જોઈએ ? કોઈ કહે, પાંચ આપો. હું પાંચ ગણીને આપું. તેમને પણ કહું, 'ગણીને લેજો ભાઈ.' એક બેન આવીને કહે, મરચાં આપો. મેં પૂછયું, 'કેવાં મરચાં આપું ?' બેન કહે, "આ આપો.' મેં કહ્યું, 'લીલાં મરચાં જોઈએ ? લાલ નથી જોઈતાં ?" લાલ ને લીલાં શબ્દ બીજા બાળકોએ પણ પકડી લીધાં. કોઇ કહે, 'લાલ મરચાં આપો.' કેટલાં આપું ? 'સાત'. 'લ્યો. સાત લાલ મરચાં આપ્યાં.' હું પૂછું કેટલાં ? બાળક પણ બોલતું જાય, સાત 'લાલ મરચાં લીધાં.'

પછી તો બાળકો અંદર અંદર એ રમત રમવા લાગ્યાં. મેથીની ને મૂળાની ઝૂડી, ગણીને માગે ને લે. બીજું બધું ગણીને. કાંદામાં લાલ કાંદા, ધોળા કાંદા, રીંગણામાં, મોટા રીંગણા, લાંબા રીંગણાં, નાનકાક રીંગણાં, ભીંડામાં લાંબા ભીંડા, ટૂકા ભીંડા, એવા જુદા જુદા વિશેષણાત્મક શબ્દો હું વાપરતી ગઈ. છોકરાંઓએ એ તો પકડયા પણ પોતાના તરફથી પણ કેટલાએક શબ્દો ઉમેર્યા.

પછી તો જુદા જુદા માલની દુકાનો થવા લાગી. કોઈ વખતે દાણાની, કોઈ વખતે કપડાંની, કોઈ વખતે બીજી પરચુરણ વસ્તુની. મારે ત્યાંની દરેકે દરેક વસ્તુ મારે સાચવીને રાખવી પડતી, કેમ કે આ દુકાનની રમતમાં એ ખૂબ જ કામ આવતી.

એક દિવસ જરા મોટાં છોકરાંઓમાં મેં વિશેષણ તથા એકવચન અને બહુવચનની રમત લીધી. મારે ત્યાં બે ઘડિયાળના ખાલી ડબ્બા હતા. એકનો રંગ ભૂરો ને એકનો રાતો. એક મોટો, એક નાનો. ટુથપેસ્ટનાં બે રાતાં ને એક પીળું ખાલી બોખાં પણ હતાં. એવી જ રીતે ભમરડા, ચકરડી વગેરે લઈને અમે બે રમ્યા. સૌથી મોટો ભૂરો ડબ્બો આપો. લાંબું પીળું બોખું આપો. એક ભમરડો આપો. બે ચકરડીઓ આપો,

બંગડી, બંગડીઓ, શંખલો, શંખલાઓ વગેરે કેટલુંય ચાલ્યું.

એકવાર અમે જંગલમાં ફરવા ગયાં. એક નાળાને કાંઠે બેઠાં. છોકરાં કહે, 'ચાલો માગવાની રમત રમીએ.'

મને વિચાર થયો, અહીં શું માગીએ ? પણ તેટલામાં તો છોકરાંઓ કાંઈકિ કાંઈકિ કાંકરા, શંખલા, લાકડીઓ, ફૂલ વગેરે ભેગાં કરવા લાગ્યાં, ને રમવા પણ લાગ્યાં.

હું એક જંગલી છોડ મૂળિયાં સહિત લઈ આવી. તેનાપર ફૂલ હતાં ને નાનાં નાનાં ફળોપણ હતાં. કાંટાળો છોડ હતો, એટલે સાચવીને પકડવો પડતો.

છોકરાંઓ બેઠાં હતાં ત્યાં હું આવી ને કહ્યું, આજે માગવાની રમત નહિ. પણ બાલી બતાવવાની જે હુ બતાવું. 'આ મૂળિયાં.' 'આ થડ.' 'હરિભાઇ, મૂળિયાં બતાવો,' 'જગતભાઈ, થડ બતાવો.'

પછી તો ડાળ, પાન, ફૂલ ને એ શબ્દો તો તેમને બબર જ હતા. છ શબ્દોથી રમત ચાલી.

મારે બદલે હરિભાઇ બેઠા છોડ પાસે. પછી કુંદણેન. ને એક પછી એક ચાલ્યું.

જરાવાર પછી મેં કહ્યું, એમ તો બધાં ઝાડને આવુ તો હોય જ છે.

છોકરાંઓ આમ તેમ જોવા લાગ્યાં. જરા દૂર એક આંબલીનું ઝાડ હતું. જગતભાઈ દોડીને ગયા ને તેને અડીને કહે, 'આ થડ કે?' મેં કહ્યું, 'હા.'

પછી તો તેઓ અંદર અંદર પૂછવા લાગ્યા. પાન ડાળીઓ; ફૂલ. બધાં મને કહે, 'પણ આને ફળ ક્યાં છે?' મેં કહ્યું. 'આ રહ્યું ફળ.'

'એ તો આંબલી.' 'હા, ફળ શીંગ જેવું પણ હોય છે.' ત્યારે કિસન કહે, 'સરગવાની તો શીંગ હોય.' હરભાઈ કહે, 'પણ એને મૂળિયાં ક્યાં છે,' નરસીંગ કહે, 'એ તો ઉખેડીએ તો જમીનમાંથી નીકળશે કે? બીજાં કેટલાંક નાના નાના છોડ ઉખેડીને લાવવા લાગ્યાં. ને 'આ જુઓ મૂળિયાં' એમ કહેવા લાગ્યાં.

મને મનમાં બીકલાગી કે હવે આ વાનરસેના બધું જ ઉખેડવા મંડી પડે તો પંચાત થાય. ને વખતે મૂળિયાં જોવામાટે પપૈયા ને કેળાંના ઝાડ પણ પાડી નાખે કદાચ. એટલે ત્યાં તો રમત ચાલવા દીધી પણ બાવા બેઠાં ત્યારે સહેજ સૂચન કર્યું કે મૂળિયા સાથે, છોડ ઉખેડીએ તો છોડ મરી જાય. એટલે બાસ જરૂર હોય ત્યારે જ ઉખેડીએ નહિ તો નકામું તેને દુઃખ શું કામ દેવું?'

'શું તેને દુઃખ થાય?'

'હા જ તો. જુઓ, આપણા ક્યારામાંની મેથી મોટી થાય ત્યારે તે ઉખેડવા આવજો.'

'તેને પણ ફળ આવશે!'

'મેથીને ફૂલ હોય છે?'

'જોશું. ફૂલ ફળ આવે છે કે કેમ.'

આ પ્રમાણે વાતચીત મારફત મોઢેથી કેટલુંય ભાષા-શિક્ષણ થાય છે. વર્ષોથી આપણા મન ઉપર જે છાપ પડી છે કે ભાષાશિક્ષણ એટલે ચોપડીઓ મારફત, તે કાઢી નાખીને ભાષા એટલે બોલવાની ને સાંભળવાની વાત છે તે ધ્યાનમાં રાખી, મોઢેથી બોલીને ને બોલાવીને ભાષા-જ્ઞાન સાધવાની વાત બાલશિક્ષકોએ તો ભૂલવી ન જ જોઈએ.

તા૦

: આદર્શ (!) પિતૃશિક્ષણ :

ગયા જુલાઈ ૪૮ નો આ પ્રસંગ છે. બાર વર્ષના એક છોકરાને મેં પૂછ્યું 'ભાઈ; તમારી સ્લેટ કેમ ફૂટી?' એ બાળક ગર્ભશ્રીમંત, સ્વભાવે શાંત અને સીધો સાદો કહેવામાં આવે છે તેવો છે. મને શંકા જવાથી મેં તેને ઉપરનો પ્રશ્ન પૂછ્યો હતો.

તેણે બહુજ ધીમેથી, જાણે કે પશ્ચાત્તાપ કરતો હોય તેમ, મને જવાબ આપ્યો; 'એક છોકરાને મારતાં મારી સ્લેટ ફૂટી છે.' અસત્ય વાત જલ્દીથીને જરાપણ સંકોચ સિવાય તૂર્ત જ પ્રગટ કરાય છે, પરંતુ સત્ય વાત રજૂ કરતાં ગળામાંથી અવાજ જ નીકળી શકતો નથી. કરેલી ભૂલને લીધે અંતઃકરણ જાણે ડંખતું હોય એમ લાગે છે. અસત્યનું ફળ શરૂઆતમાં સારું માલમ પડે છે, પરંતુ આખરે તેનું પરિણામ કાતિલ ઝેર સમાન નિવડે છે. એક અસત્ય છુપાવવા સો વખત અસત્ય બોલવું પડે છે. સત્યનું ફળ શરૂઆતમાં ઠીક લાગતું નથી પરંતુ આખરે "सत्यमेव जयते।" સત્યમાં કંઈપણ છુપાવવાપણું હોતું જ નથી. **સત્ય તો સૂર્ય જેવું ઉજ્જવળ ને ચંદ્રજેવું આહલાદક છે.** એ તો અનુભવ્યે જ સમજી શકાય.

એ બાળકે ઉપર પ્રમાણે જે જવાબ આપ્યો તેથી હુ ક્ષણભર થંભી ગયો. હું ચારે બાજુ હિંસાનું જ સામ્રાજ્ય પ્રવર્તે છે. રાજાને રાજ્ય વધારવાની આકાંક્ષા હોય અને હિન્દુ–મુસલમાનના હુલ્લડમાં કોમવૃત્તિ હોય છે તેથી હિંસા વધી જાય છે પરંતુ નાનાં નિર્દોષ બાળકોમાં એવી કઈ વૃત્તિ કે આકાંક્ષા હોય છે કે જેથી તેઓ હિંસાનો પ્રયોગ આદરે? એ બાળકમાં હિંસાવૃત્તિનું બીજ કેવી રીતે પ્રવેશવા પામ્યું તે શોધવા મેં તેની ઉલટતપાસ શરૂ કરી. મેં તેને પૂછ્યું, 'તમારે તેમને સ્લેટ કેમ મારવી પડી?'

'તેણે મારી ચોપડી ફાડી નાખી તેથી.'

'તમે તમારા અધ્યાપક સાહેબને ફરિયાદ કેમ ન કરી?'

'મારા બાપુજીએ કહ્યું 'તું કે.....'

'શું?'

(જુઓ પાનું ૧૬)

ટપાલી

ટપાલી આવ્યો,
ટપાલી આવ્યો,
માથે ફેંટો, લાલ કિનારી
પગમાં ચંપલ બ્હલે કોથળી,
કાને પેન્સિલ, હાથે ટપાલ
ધમ ધમ ચાલતો, ઘર ઘર ફરતો
ટપાલ આવ્યો,
ટપાલી આવ્યો.

એક પૂછે, 'છે કંઈ મારું'
હા હા કહેતાં, મોઢું અનેરું!
બીજો પૂછે, 'છે કંઈ મારું'
ના ના કહેતા, મોઢું અનેરું!
ટપાલી આવ્યો,
ટપાલી આવ્યો.

કોઈનું કાર્ડ ને કોઈનો કાગળ
મની ઑર્ડર ને વી. પી. પાર્સલ
ટપાલી મોઢાં જોતો જોતો
હા હા! ના! ના!! કહેતો કહેતો
ટપાલી આવ્યો,
ટપાલી આવ્યો.

કેટલાં મોઢાં, કેટલાં નામો,
કેટલાં કાગળ ને કેવા અક્ષર
ટપાલી બધું જોતો જોતો
સૌને સૌનું દેતો દેતો
ટપાલી આવ્યો,
ટપાલી આવ્યો.

કાગળ

ટપાલી આવ્યો,
કાગળ લાવ્યો.
રંગ બેરંગી, નાના મોટા,
કાગળ લઈને ભૂકતો દોટા.
ઊતર ચડ ને આ ઘર તે ઘર
હરતો ફરતો, ચશ્મા ધોટા.
ટપાલી આવ્યો,
કાગળ લાવ્યો.

બાબો પૂછે, 'બાપાનો છે?'
કાકી પૂછે, 'કાકાનો છે?'
ઘરને આંગણ સૌએ પૂછે,
'મારો છે કે? 'મારો છે કે?
ટપાલી આવ્યો,
કાગળ લાવ્યો.

કાગળ લેતું કોઈ હસે છે,
ખુશી થઈને બક્ષિસ દે છે;
કાગળ જોતું કોઈ રડે છે,
આંખેથી આંસુઓ વહે છે.
ટપાલી આવ્યો,
કાગળ લાવ્યો.

'આવો, આવો,' કોઈ બોલાવે,
'જાઓ, પધારો,' કોઈ સુણાવે;
સુખ ને દુખના કાગળ દેતો
સાંજે પડે ને ઘેર સિધાવે.
ટપાલી આવ્યો,
કાગળ લાવ્યો.

જયુભાઈ દાણી

કોક કહેાને !

કોક કહેાને આકાશ આખું ધૂમતો
ને દિન ભૂરો તપતો
એ સૂર્ય રાતે કયાં રે છૂપે ?
મને કહેાને કે સાંજ પડે કયાંથી
ને નાની નાની વાદળી
રંગ લહેર નચવ્યાં કરે ?
જરી કહેાને કે સાંજ પડયે તારા
મીઠું મીઠું મલકંતા
કયાંથી આવી ચમકી ઊઠે ?
સહેજ કહેાને કે ઝબુક ઝબુક ઝમકી
આકાશથીએ વિજળી
કયાં રે જઈ છૂપતી હશે ?
કોક કહેાને—કહેાને વાતો મારી—
કાં ગણે બધાં ગાંડી ?
ને કેમ બધાં હસતાં હશે ?

લલિત પરીખ

'સ્વદેશી' ચા

આગગાડીના પ્રવાસમાં મદ્રાસના સ્ટેશનપર એક મજેદાર પ્રસંગ બન્યો.

ગાડી છૂટવાને પંદર વીસ મિનિટની વાર હતી. સવારનો સમય એટલે ચા કૉફીવાળા ફેરિયાઓની બૂમો વધારે પ્રમાણમાં સંભળાતી હતી.

'એઈ હિંદુ ચાય' 'ચાય હિંદુ'
'એ મુસ્લિમ ચાય' 'ચાય મુસ્લિમ'

ગાડીના એક ડબ્બામાંના એક બહેનના કાનને આ બૂમોમાં કંઈક વિચિત્ર લાગ્યું. ચા કેવી રીતે હિંદુ અને મુસ્લિમ હોઈ શકે ? આઝાદ હિંદની સેનામાં આ બહેને કામ કર્યું હતું. હિંદુ અને મુસ્લિમોમાં એવો કોઈ ભેદ નથી એ તેમણે આઝાદીની લડતમાં પ્રત્યક્ષ જોયું હતું. બધે બધા મિલાવીને એ આઝાદ સેનામાં હિંદુ-મુસ્લિમો સાથે લઢયા હતા અને જીવ્યા હતા.

મોટેથી બૂમ પાડીને ડબ્બામાં બેઠેલા આ બહેને કહ્યું 'એ ચાય' 'એ ચાય'.

'હિંદુ ચાય, હિંદુ ચાય' બૂમો પાડતો પાડતો એક છોકરો આવ્યો. એ છોકરાને ઊભા રહેવાનું કહીને ફરી બૂમ પાડી 'એ ચાય, એ ચાય'.

સામેથી 'મુસ્લિમ ચાય' વાળો છોકરો જતો હતો. એ પણ ચા લઈ ને આવ્યો.

બન્ને છોકરાઓને બોલાવતા આ બહેન શું કરે છે, તે તરફ ઘણાં મુસાફરોનું લક્ષ ગયું. બધાં જોવા લાગ્યાં.

બન્ને છોકરાંઓએ પોતપોતાના ચાના કપ ભરીને તૈયાર રાખ્યા.

એક છોકરાનો કપ હાથમાં લઈને, બીજા છોકરાની કિટલીમાં રેડ્યો અને છોકરાના હાથમાં બધી ચાની કિંમત આપીને કહ્યું, જા હવે વેચ આપણી આ 'સ્વદેશી ચા'; હિંદુ મુસ્લિમ ચાહ એક થયો છે.

બીજા છોકરાને પણ એમ જ કહ્યું: હવે દેશને 'દેશી ચા'ની જ વધારે જરૂર છે.

આજુ બાજુના લોકો જોતા જ રહ્યા.
ફેરીઆઓ હસી પડ્યા અને બૂમો પાડવા લાગ્યા.
'એ ચાય દેશી-સ્વદેશી ચાય.'

ડબ્બામાં 'દેશી ચા'ની ચર્ચા ચાલી.
'એ ચાય દેશી-સ્વદેશી ચાય.'
કોણ છે, કોણ છે, આ બહેન ?
એ હતા આ આઝાદ સેનાના એક સેનાની.
એમનું નામ કૅપ્ટન લક્ષ્મી.
ઘણાં કહે 'સાચી, સાચી વાત છે.'
ચા એક—કાં તો ગંદી હોઈ શકે,
કાં તો ચોખ્ખી હોઈ શકે.
એમાં હિંદુ અને મુસ્લિમ શું ?
એટલામાં ગાર્ડની લીલી ફરફરી.
ગાડીની સીટી સંભળાઈ,
છુક ભક્ છુક ભક્ કરતી ગાડી ચાલવા લાગી,
અને સાથે સાથે ચર્ચા પણ.

આબાસાહેબ દેવી

બિલાડી વાઘની માસી કેવી રીતે ?

જેવી મા તેવું તેનું બાળક અથવા બચ્ચું.
ચકલીનું બચ્ચું ચકલી જેવું,
કાગડીનું કાગડી જેવું,
કાબરનું કાબર જેવું,
કૂતરીનું કૂતરી જેવું,
ગાયનું ગાય જેવું,
વાઘણનું વાઘણ જેવું,
અને બિલાડીનું બિલાડી જેવું.
જેવું માનું અંગ તેવું જ તેના બચ્ચાનું.
બિલાડી કંઈ વાઘની મા નથી
કારણ બિલાડીનાં બચ્ચાં મોટાં થાય
ત્યારે તે કંઈ વાઘ બની શકતાં નથી.
વાઘનું કદ મોટું અને બિલાડીનું નાનું જ રહે છે.
વાઘ અને બિલાડીના રંગમાં પણ ફેરફાર
તો બરો જ.
વાઘ અને બિલાડીનાં પરાક્રમમાં પણ
ફરેક તો બરો જ—
અને તેમ છતાં આપણે
બિલાડીને 'ઘરનો વાઘ' કહીએ છીએ.
બિલાડીને 'વાઘની માસી' કહીએ છીએ,
તેનું કારણ ? બિલાડી અને વાઘમાં
સરખાપણું પણ ઘણું છે.
જેવું શરીર વાઘનું તેવું લગભગ બિલાડીનું.
ટૂંકી ગરદન, મૂછો, આંખો, મોઢું ને દાંત
પગ, પંજા, નહોર, ધડ અને પૂંછડી—એ બધાં
એક બીજાની સાથે કેટલાં મળતાં છે ?
વાઘની છબી મોટી પાડીએ અને
બિલાડીની નાની રાખીને બન્ને સરખા કદની
કરીએ તો કંઈ છબી વાઘની અને કંઈ બિલાડીની
તે કહેવું મુશ્કેલ પડશે.
બિલાડી, વાઘ, ચિત્તા, સિંહ, અમેરિકામાં
દેખાતો પ્યૂમા,
અને લિંક્સ જેવાં પ્રાણીઓનાં શરીરમાં
ઘણું સરખાપણું છે.
તેઓના વાળમાં સરખાપણું છે.
તેઓના દાંતમાં સરખાપણું છે.
તેઓના પંજા અને નહોરમાં સરખાપણું છે.
તેથી પ્રાણીઓના અભ્યાસકોએ આ
બધાં પ્રાણીઓને એક કુટુંબના પ્રાણીઓ
તરીકે ઓળખાવ્યાં છે.
વાઘ અને બિલાડી એ બન્ને પ્રાણીઓ
જૂના જમાનામાં કોઈ એક જ પ્રાણીના
વારસો હોય એવું તેમને લાગ્યું.
વાઘ જે રીતે ચાલે તેજ ઢબે
બિલાડી ચાલે છે; જમીનપર પગ મૂકે છે,
ત્યારે સહેજ પણ અવાજ ન થવા દે.
વાઘ જે રીતે પોતાનું શરીર ચોખ્ખું કરવા માટે
પોતાના શરીરને ચાટે તે જ રીતે બિલાડી પણ
ચાટે છે.

પોતાનું ભક્ષ્ય જોતાં જ જે જાતના એના હાવ
ભાવ થાય છે, બહાર કાઢે છે, પંજા ઊગામે છે,
પૂંછડી ઊંચી થાય છે, એ વર્તન બન્ને પ્રાણી-
ઓમાં તદ્દન એક સરખું દેખાય છે.

એ પ્રાણીઓની રમત, બાવાપીવાની રીત,
બચ્ચાંઓને રમાડવાની રીત, સૂઈ જવાની ને આરામ
લેવાની રીત, પોતાના બચ્ચાને ધવરાવાની રીત—
એ બધામાં ખૂબ મળતાપણું હોય છે.

એવી સરખી ટેવો અને સરખાં શરીરનાં
અંગોવાળાં પ્રાણીઓ જ્યાં જ્યાં મળી આવ્યાં
છે, તે બધાં એક જ કુટુંબનાં હોવાં જોઇએ એવું
અભ્યાસકોનું માનવું છે.

વાઘજાતિની માની મા અને બિલાડી જાતિની
માની મા, કોઈ એક જ જાતનું પ્રાણી હોઇ શકે,
એવું અભ્યાસકોને લાગ્યું છે. જૂના જમાનાના
એવાં પ્રાણીઓના પિંજરો પણ જમીનમાંથી
મળી આવ્યાં છે, અને તેથી જ બિલાડીને આપણે
વાઘની માસી તરીકે ઓળખીએ છીએ.

ના૦

સ્વાવલંબી વિદ્યાર્થી

ગ્રીસમાં ક્લિેન્થિસ નામે એક યુવક, એથેન્સની તત્ત્વજ્ઞાનની કોલેજમાં ભણતો હતો. ક્લિેન્થિસ ઘણો જ ગરીબ હતો. તેના શરીર ઉપર પૂરાં કપડાં પણ ન હતાં; પણ કોલેજમાં દરરોજ જે ફી આપવી પડતી, તે ક્લિેન્થિસ રોજ નિયમ પ્રમાણે આપી દેતો હતો. ભણવામાં તે એટલો હોશિયાર હતો, કે બીજા બધા વિદ્યાર્થી તેની ઈર્ષા કરતા. કેટલાક લોકોને વહેમ આવ્યો કે 'ક્લિેન્થિસ જે રોજની ફીના પૈસા આપે છે તે જરૂર કયાંકથી ચોરીને લાવતો હશે. કેમ કે તેની પાસે તો ફાટેલાં કપડાં સિવાય બીજું કંઈ છે જ નહિ.' અને તેઓએ છેવટે તેને ચોર કહીને પકડાવી લીધો. મામલો અદાલતમાં ગયો. ક્લિેન્થિસે નિર્ભયતાથી ન્યાયાધીશને કહ્યું, 'હું બિલકુલ નિર્દોષ છું. મારા પરનો ચોરીનો આરોપ બધી રીતે ખોટો છે. હું મારી આ હકીકતના સમર્થનમાં બે સાક્ષીઓ રજુ કરવા ઈચ્છું છું.''

સાક્ષીઓને બોલાવવામાં આવ્યા. પહેલો સાક્ષી હતો એક માળી. તેણે કહ્યું, 'આ યુવક દરરોજ મારા બગીચામાં આવીને કૂવામાંથી પાણી ખેંચે છે. અને એને માટે એને થોડા પૈસા મજરીમાં આપવામાં આવે છે.'

બીજા સાક્ષી એક ડોસીમા હતા. એણે કહ્યું, "હું ઘરડી છું. મારા ઘરમાં કોઈ દળનાર નથી. આ યુવક દરરોજ મારે ઘેર આવી લોટ દળી જાય છે; અને એના બદલામાં મારી પાસેથી પોતાની મજૂરીના પૈસા લઇ જાય છે."

આ પ્રમાણે શારીરિક મહેનત કરીને ક્લિેન્થિસ થોડા આના દરરોજ કમાતો અને તેનાથી પોતાનો નિર્વાહ તથા કોલેજની ફી ભરતો. ક્લિેન્થિસની આ ઇમાનદારીની કમાઈની વાત સાંભળીને ન્યાયાધીશ ઘણા જ રાજી થયા અને તેમણે એને એટલી બધી મદદ કરી, કે જેથી તેને ભણવા માટે હવે મજૂરી જ કરવી ન પડે. પરંતુ ભલા ક્લિેન્થિસે મદદનો સ્વીકાર ન કર્યો, અને કહ્યું, "હું પોતે મહેનત કરીને જ ભણવા ઈચ્છું છું. કોઇ પાસેથી દાન લેવાની મારે જરૂર નથી, મારી ઇચ્છા નથી."

તેના ગુરુમહાશયે પણ તે સ્વાવલંબી યુવકની વાતનું સમર્થન કર્યું અને તેણે મદદ ન લીધી તેથી પોતાની પ્રસન્નતા જાહેર કરી!

હિંદી પરથી પુરુષોત્તમ હરિભાઇ પટેલ

(૧૨ મા પાનથી ચાલુ)

'જે આપણી સ્લેટ ફોડે કે ચોપડી ફાડે તેને માટે રિયાદ ન કરતાં જાતે એને મારવું.'

આવું આદર્શ (!) પિતૃશિક્ષણ સાંભળીને હું તો સડક જ થઈ ગયો. એ બાળકને મારે શું કહેવું ? હું જરા વિચારવમળમાં ગૂંથાયો કે શબ્દોથી શિખામણ આપવા કરતાં પ્રત્યક્ષ અનુભવથી અહિંસા–શિક્ષણ અપાય તો ઠીક. એટલામાં એક દૃશ્ય મારી નજરે પડ્યું. મેં તે તેને બતાવીને કહ્યું, 'જુઓ ભાઈ, આ કૂતરાને કોઈએ કેટલું બધું માર્યું છે ? એનું લોહી વહેતું બંધ થતું નથી ! એને કેટલી પીડા થતી હશે ! તમે જેને સ્લેટ મારી છે તેમને કેટલી બધી વેદના થતી હશે ?'

સાચો ગુન્હેગાર હમેશાં નીચી જ દૃષ્ટિ રાખે છે; જાણે કે ધરતીમાતા માર્ગ આપે તો અંદર સમાઈ જાઉં. એ બાળકના સંબંધમાં પણ એમ જ બન્યું.

હિંસાના પ્રત્યક્ષ ઉદાહરણથી એ બાળકનું આદર્શ (!) પિતૃશિક્ષણ બદલાયું. તૂર્ત જ તેણે ઊઠીને કૂતરાના ઘા ઉપર પાણી રેડીને બોરીક પાવડરની છાંટ લગાવી; એટલું જ નહિ પરંતુ બીજે દિવસે માર ખાનાર બાળકની પાસે જઈને પોતાના કૃત્ય બદલ દિલગીરી દર્શાવી. મને સંપૂર્ણ ખાતરી થઈ ચૂકી કે એ બાળક પૂજ્ય ગાંધીજીના અહિંસાને માર્ગે ચડી ચૂકયો છે.

બાળકનું માનસ બદલાયું, પરંતુ ચિનગારી મૂકનાર વર્ગ કે જે પોતાને બાળક કરતાં વધુ અક્કલવાળા માને છે એવાઓ બાળકને આદર્શ (!) પિતૃશિક્ષણ આપતાં કયારે અટકશે ???

ઇન્દુલાલ મણિશંકર દવે.

ખાસ બાલ બુંદિયો માટે

આખાનાં સચિત્ર પાઠય પુસ્તકો.

ન જોયાં હોય તો આજેજ મંગાવો.

ચાલો જાણવા જોવા : લેખકો : વરધાઇ પટેલ અને અંબાલાલ ઇનામદાર. નાનાં બાળકો વાંચી શકે તેવા મોટા ટાઇપમાં અને સહેલાઈથી સમજી શકે તેવી ભાષામાં સુંદર ૧૫ દ્વિરંગી ચિત્રો સહિત, આ પ્રાથમિક ધોરણ પહેલાની ભૂગોળ છે.

૩૨ પાનાં કિંમત ૮ આના.

બાલ જગત : લેખકો : વરધલાઈ પટેલ અને અંબાલાલ ઇનામદાર.

પ્રા. ધોરણ બીજાની ભૂગોળ. ૧૦૦ ચિત્રો. ત્રણ દ્વિરંગી ચિત્રો. બાળકોની ભાષામાં, બાળકોને ગમે અને સાથે તેમનામાં સ્વદેશ અને પરદેશ વિષે વધુ જાણવાની ઈચ્છા કરે તેવી રીતે લખાયેલી. સુંદર ચિત્રોથી સુશોભિત. આ ભૂગોળ બાળકોને એકવાર હાથમાં લીધા પછી છોડવી નહિ ગમે એટલી સરસ છે. ફુલસ કેપ સાઇઝનાં ૫૬ પાનાં.

પાંચમી આવૃત્તિ કિંમત ૧૦ આના.

આપણો ગુજરાતદેશ : લે. વરધલાઈ પટેલ અને અંબાલાલ ઇનામદાર.

પ્રા. ધોરણ ત્રીજા માટે ગુજરાતની ભૌગોલિક દૃષ્ટિએ એનું આર્થિક અને સામાજિક જીવન ગૂંથતી ભૂગોળ. આમાં ગુજરાતના લોકો તથા સ્થળો વગેરેનાં સુંદર ચિત્રો છે.

ત્રીજી આવૃત્તિ કિંમત ૧૦ આના.

દેશ દેશાવરનાં : લે. વરધલાઇ પટેલ, અંબાલાલ ઇનામદાર, સોમલાઈ પટેલ.

પ્રા. ધોરણ ચોથા માટે નવા અભ્યાસક્રમ અનુસાર ભૂગોળનું મંજૂર થયલું આ એક જ પાઠય પુસ્તક છે. લોકજીવન અને ભૌગોલિક સંયોગોની ગંથણી કરતું, રસમય શૈલીમાં લખાયેલું, અનેક ચિત્રો તથા નકશાઓથી ભરપૂર છે.

૧૦ મી આવૃત્તિ ૧૫૨ પાનાં કિંમત ૧૨ આના,

સુંદર ગણિત : ભાગ ૧ થી ૧૦૦, ૧ લો, ૨ જો, ૩ જો, ૪ થો.

લેખકો : વરધલાઇ પટેલ અને મણિલાલ શાહ.

બાળકોને ગણિતમાં ચિત્રો દ્વારા રસ ઉત્પન્ન કરવો અને ગણિતના પાઠો સહેલાઇથી શીખવી દેવા એ હેતુથી આ પુસ્તકો યોજવામાં આવ્યાં છે. કિં ૮ આના

વિદ્યાવિજય બુક કંપનીનાં પબ્લિશર્સ લિમિટેડ.

૩, વજીર બિલ્ડીંગ, મુંબઈ નં. ૨.

વિદ્યાવિજય બાલગ્રંથાવલી : ક્રમાંક, વિષય અને કિંમતની

ખાસ યોજના તથા ભાગ. ૧ ૨ ૩ અને ૪

આ બાલગ્રંથાવલીનું પ્રકાશન પ્રવેશથી અમારી કંપની તરફથી.

'જૈન હિતેચ્છુ'નો બાળવિકાસ અંક

સર્વસામાન્ય વાચકો માટે ચલાવવામાં આવતા માસિકોના સંચાલકો વર્ષમાં એક મહિનાનો અંક કેવળ બાળક વિશે વિચારવાને પ્રેરાય એ આપણી બાળક પ્રત્યે થતી જતી જાગૃતિનુ સૂચક ગણી શકાય. ઈન્દોરથી શ્રી. નાથુલાલ જૈન અને શ્રી. ભંવરલાલ જૈન તરફથી સંપાદિત થતા 'જૈન હિતેચ્છુ' માસિકના સંચાલકોએ તેમનો ફેબ્રુઆરી માસનો અંક 'બાલવિકાસ વિશેષાંક' તરીકે પ્રસિદ્ધ કર્યો છે અને એ રીતે આપણા સ્વતંત્ર અને પ્રગતિશીલ રાષ્ટ્ર-ઘડતરમાં એક મૂલગામી છતાં દુર્લક્ષિત એવાં પ્રશ્ન પરત્વે સૌનું ધ્યાન વિશેષ રીતે ખેંચ્યુ છે તે માટે જૈન હિતેચ્છુના સંપાદકો તેમજ સંચાલકોનું અમે હાર્દિક અભિનંદન કરીએ છીએ. આ અંકમાં આપણા દેશના મુખી શ્રી. ચક્રવર્તી રાજગોપાલાચાર્યથી માંડી એક બાળશિક્ષક સુધી બાલજીવનનાં વિવિધ પાસાંઓ પર પ્રકાશ પાડવાનો પ્રયત્ન કર્યો છે. અંક નિર્મિતિમાં સમાજને જુદા જુદા દૃષ્ટિબિંદુથી જોનારાં અને જુદાં જુદાં કાર્યક્ષેત્રોમાં સેવા આપતાં લેખક લેખિકાઓનો સહકાર સાધવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે અને તે ઘણે અંશે સફળ થયો છે. 'પ્રકૃતિ ઔર બાલક' માં સ્વ. મહાકવિ રવીન્દ્રનાથનું ઉદ્બોધન, શ્રી. કાશીનાથ ત્રિવેદીનું રાષ્ટ્રીય ઘડતરમાં 'બાલવિકાસ કી જરુરત ઔર મહત્વ, શ્રી. તારાબેન મોડકના બાલશિક્ષણકા વિકાસ' નામના લેખોમાં, બાલશિક્ષણ વિષયના વિચારોમાં 'પ્રકૃતિ' 'રાજ્ય' અને 'સમય' સાથે કઈ કઈ રીતે સુધારા થવા જોઈએ તેનું સૂચન વાચકોને મળશે. શ્રીમતી હુલ બ્રાઈચિનો 'બાલક, બાલક ઔર સ્કૂલ' અને 'બાલ વિકાસકી ભૂમિકા' એ લેખો પણ અનેક વિચારોને જગા આપે એવા છે. આચાર્ય શ્રી. બન્સીધરજી તેમ જ શ્રી. મુક્તા અડચુલેના લેખો નવી બાળકેળવણીને પ્રેરક છે. બચ્ચોંકી દુનિયામાં લીધેલું બાલ સાહિત્ય, સાહિત્યકાર અને બાલોદય સંસ્થાઓપર લખાએલી ટૂંકી નોંધો બાળકોના ક્ષેત્રમાં કામ કરતા સેવકોને અને શિક્ષકોને ઉપયોગી નિવડશે. વિચાર પ્રબોધક મોટેરાઓના લેખો સાથે બાલ પરિશિષ્ટમાં થોડું બાલ સાહિત્ય પણ પીરસવામાં આવ્યું છે. એ રીતે બાલજીવનનાં સર્વાંગોને સ્પર્શતું સાહિત્ય કુશળતાપૂર્વક સંપાદન કરીને સામાન્ય વાચકો આગળ ધરવામાટે વાંચકો પણ અમારી સાથે જૈનહિતેચ્છુ ને અભિનંદન આપશે એમાં અમને શંકા લાગતી નથી.

સં.

બાલમંદિરો માટે સાધનો

બાળમંદિરો માટે સાધનો બરીદતા પહેલા અમારું સૂચિપત્ર મંગાવો. દરેક સાધનો શાસ્ત્રીય પદ્ધતિથી બનાવવામાં આવે છે.

સૂચિપત્રમાં જણાવેલ ભાવ ઉપર બાલમંદિરનેસિશનશક્ષણ આપવામાં આવે છે. એ

નૂતન ગિફ્ટ વર્કસસાધનાલય લી ૬½ ટકા કંકુન્ડ

સુરેન્દ્રનગર (સૌરાષ્ટ્ર)

શિક્ષણ પત્રિકાના કાર્યાલયમાં

નીચેનાં પ્રકાશનો મળી શકશે.

૬ વર્ષસુધીનાં બાળકો માટે

બીકણ સસલી–ચિત્ર વાર્તા. કિં. રુ. ૧–૮–૦
બાલશિક્ષણ વિધાતા સ્વ. શ્રી. ગિજુભાઈના
મૂળ તાલબદ્ધ લખાણો સાથે (ત્રણ રંગમાં છપાએલી.)
ગણિત કાપલીઓનો બરગથુ સેટ. કિ. રુ. ૧
એમાં આર્ટ પેપરવાળા, સરવાળા બાદબાકી અને
ગુણાકારના ચાર્ટસ તથા ૨૦૦ કાપલીઓ આવે છે
ગણિત કાપલીઓનો બાળમંદિર સેટ. કિ. રુ. ૩૦
એમાં સરવાળા, બાદબાકી અને ગુણાકારના
પૂંઠાપર ચોંટાડેલા ચાર્ટસ તથા ૯૪૦૦ કાપલીઓનો
સમાવેશ કર્યો છે.
એકાંકી ગણિતની કરડીની રમતોની કાપલીઓ કિ. રૂ. ૧
સરવાળા બાદબાકી અને ગુણાકારના છુટ્ટા ચાર્ટસ
કિં. રુ. ૧–૮–૦
મૂળાક્ષર પરિચય–બરગથુ સેટ. કિં. રૂ. ૨–૦–૦
એમાં મૂળાક્ષરોના દસ તકતાઓ તથા
એક મૂળાક્ષર પોથીનો (ત્રિરંગી) સમાવેશ થાય છે.
મૂળાક્ષર પરિચય બાળમંદિર સેટ. કિં રુ. ૩–૦–૦
એમાં તકતાઓ માટે જાડું પૂંઠું વાપર્યું છે.
અક્ષરજ્ઞાન પોથી–છૂટક. કિં. રુ. ૦–૮–૦
મૂળાક્ષર તકતાઓ–છૂટક જાડું પૂંઠું ૨–૮–૦ અને
પાતળું પૂંઠું ૧–૮–૦

વી. પી. નું ખરચ જુદું ગણાશે.
લખો. મંત્રી નૂતન બાળશિક્ષણ સંઘ.
શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઈ, ૬.

મુદ્રક પ્રકાશક:–શ્રી બાબીબેન મૂળજી, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર મુંબઈ. મુદ્રણસ્થળ–રામકૃષ્ણ પ્રિં. પ્રેસ, મુંબઈ.

નૂતન બાલશિક્ષણ સંઘદ્વારા પ્રકાશિત

શિક્ષણપત્રિકા

વર્ષ ૨૪ અંક ૪ થો
એપ્રિલ ૧૯૪૯

કહેવાય છે કે મનુષ્ય તો પરિસ્થિતિએ બનાવેલું પ્રાણી છે.

પણ એ જ કાંઈ અબાધિત સત્ય નથી. મનુષ્ય ધારે તો પરિસ્થિતિનો શિકાર ન બનવાનું બળ તેનામાં છે.

એટલું જ નહિ પણ પરિસ્થિતિને નભાવીને પોતાને જોઇએ તેવી પરિસ્થિતિ નિર્માણ કરવાનું સામર્થ્ય પણ તેનામાં છે.

'પરિસ્થિતિથી હાર્યા' એ તો નિર્બળના ઉદ્‌ગારો છે!

અંતરાત્માની પ્રેરણાથી ઉચ્ચ ભૂમિકા તરફ જવાનો, વિરુદ્ધ પરિસ્થિતિમાં પણ સતત પ્રયત્ન કર્યા જ કરવો એ જ બળવાનનું કામ.

વ્યવસ્થાપક : કુ. ગિજુભાઇ બધેકા ☆ સંપાદક : તારાબેન મોદી

અનુક્રમણિકા

૧	શિક્ષણ અને સમાજજીવન ...	તારાબેન મોડક
૨	યાદ કરું છું ને	પૂનમચંદ શાહ
૩	એક માતાની નોંધ	લી. મં,
૪	મારી બાલવાડી	અનૂતાઈ
૫	નૂ. બા. શિ. સંઘનો અહેવાલ ...	તારાબેન
૬	નોંધ	તારાબેન

બાલ વિભાગ

૧	બાપુ સાંભરે રે	ભાનુભાઈ
૨	વસંત ઋતુ	૨. મોરબીયા
૩	ચકલીબેન ...	મગનલાલ વ્યાસ
૪	જમનાબાનું હેત ...	જમુભાઈ દાણી
૫	પ્રદીપ	ઈશ્વરાચાર્ય
૬	ઓળખો છો ? ...	બાબાભાઈ ઢેઢી

નોંધ

વ્યવસ્થાપક મંડળના નિર્ણયો.

માર્ચની ૧૩ મીએ નૂતન બાલશિક્ષણ સંઘના વ્યવસ્થાપક મંડળની બેઠક થઈ ગઈ, તે વખતે ઘણા અગત્યના નિર્ણયો લેવાયા.

પહેલે દિવસે આગલા વર્ષનો સંઘનો અહેવાલ વંચાયો. તેમ જ શાખાઓના અને નિરીક્ષકોના અહેવાલો સભા સમક્ષ રજૂ થયા. સંઘનો સામાન્ય અહેવાલ આ જ અંકમાં બીજે છપાયો છે. ૧૯૪૮માં સંઘે સ્વ. ગિજુભાઈ સ્મારક પ્રકાશન શરૂ કર્યું તે માટે નૂ. બા. શિ. સંઘને ધન્યવાદ ઘટે છે. સંઘે પહેલાં શિક્ષણ પત્રિકાથી કામ શરૂ કર્યું. તે ૧૯૪૦ સુધી તેટલું, એક જ કામ ચાલતું હતું. પછી ૪૦ ની સાલમાં બંધારણ અને તે મુજબના કાર્યકર્તા મંડળની પહેલી ચૂંટણી થઈ. હેતુ એ કે કાર્યકર્તાઓએ જુદા જુદા વિભાગમાં સંઘનું પ્રચાર કામ કરવું. પછી તે વ્યવસ્થા બરાબર ન ચાલી એટલે, ૪૩ ની સાલમાં નવી યોજના કરી અને બંધારણમાં વ્યવસ્થાની દૃષ્ટિએ મોટા ફેરફારો કરવામાં આવ્યા. તે મુજબ વ્ય. મંડળમાં ૧૪ જણા ચૂંટાઈને આવે. તેમાં ૯ જણા સક્રિય પ્રતિનિધિ સભ્યો હોય, ૧ સામાન્ય, ૨ આજીવન સભ્યોમાંથી અને ૨ સહાયકમાંથી આવે. દર ત્રણ વર્ષે આમાંના અર્ધા નિવૃત્ત થાય એ ધોરણ રાખવામાં આવ્યું. તેમ જ ભાષામંત્રીઓની યોજના પણ થઈ. મુખ્ય મંત્રીએ ત્રણ ભાષા વિભાગમાં કામ કરવા માટે ત્રણ ભાષામંત્રો નીમવા અને તેમણે પોતાના વિભાગમાં શાખાઓ કાઢવી. શાખાઓ પોતાના સ્વતંત્ર વ્ય. મંડળો રાખે, વગેરે. આમ આખો શાખા વિભાગ તે વખતથી શરૂ થયો. અને તે યોજના બહુ જ સારી હતી અને હજુ ચાલે છે, આજે સંઘની નવ શાખા ચાલે છે.

૧૯૪૦ માં જ, બાલમંદિરો સંઘ સાથે જોડાય અને સંઘ તેમનું નિરીક્ષણ કરે એમ નક્કી કરવામાં આવ્યું. એ એક અગત્યનું કામ ધીમે ધીમે વધતું જાય છે અને સંઘ હવે એક મુખ્ય નિરીક્ષક અને ત્રણ ઉપમ નિરીક્ષકો કામ કરે છે. હજી સુધી એ કામ માનદ નિરીક્ષકોથી જ ચાલે છે. આ વર્ષે વ્ય. મંડળે વૈતનિક નિરીક્ષકો નીમી એ કામ વધુ સંગીન પાયા ઉપર મૂકવાની વાત ચર્ચી અને તેને માટે આ સાલના અંદાજપત્રકમાં સમાસ પણ કર્યો છે.

૧૯૪૫ માં સંઘે બીજી એક નવી ને મહત્ત્વની પ્રવૃત્તિ હાથ ધરી, તે ગ્રામ બાલશિક્ષકકેન્દ્રની સ્થાપના છે. આજની દેશની જરૂરિયાતો જોતાં આ પ્રવૃત્તિ ખૂબ મહત્ત્વ ધરાવે છે. ગયા મહિનામાં મધ્યસ્થ સરકારના કેળવણીપ્રધાનના મંત્રી ડૉ. તારાચંદ મુંબઈ આવ્યા હતા. તેમને કેળવણીની મુખ્ય મુખ્ય સંસ્થાઓની મુલાકાત લઈ જવામાં આવ્યા. તેમાં ગ્રામબાલશિક્ષાકેન્દ્રની મુલાકાત પણ સરકાર તરફથી યોજવામાં આવી હતી.

૧૯૪૮ માં ગિજુભાઈ સ્મારક પ્રકાશનની શરૂઆત કરવામાં આવી. કાંઈ નવું અને અગત્યનું કામ સંઘ હાથ ધરે છે અને આગળ ધપાવે છે. આમ સંઘના, ધીમે પગલે પણ નિશ્ચિત રીતે પ્રગતિ કરતા કાર્યને માટે સંઘને ધન્યવાદ ઘટે છે.

[અનુસંધાન પાનું ૧૩ મું]

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૪-અંક ૪] મુંબઈ [એપ્રિલ ૧૯૪૯

શિક્ષણ અને સમાજજીવન

હમણાં જ મેં એક જૂની, સાઠ વર્ષ પહેલાં લખેલી નવલકથા વાંચી. બધો જ સુધારો શિક્ષણથી જ થઈ શકે એવી આત્યંતિક શ્રદ્ધા એ લેખકમાં દેખાઈ. લેખકની એ શ્રદ્ધા આજની સ્થિતિમાં અત્યંત કરુણ લાગી. લેખકને ખાતરીપૂર્વક લાગતું હતું કે બાળકોને સારું શિક્ષણ મળ્યું એટલે તેઓ સુધારી જવાનાં. દરેક પ્રકારની સુધારણા શિક્ષણથી જ થઈ શકશે અને એક વાર સમાજ સુધર્યો કે દેશની આબાદી થવાની જ એવી આ લેખકની વિચારસરણી તેમાં દેખાતી હતી.

સાઠ વર્ષ પછી, આજે આપણે શું જોઈએ છીએ? પહેલા કરતાં સ્ત્રીશિક્ષણનો પ્રચાર પુષ્કળ જ થયો છે. મધ્યમ વર્ગ અથવા ઉજળિયાત વર્ગમાં એક પણ છોકરો શિક્ષણ લીધા વિના રહી ગયેલો મળવાનો જ નહીં. ખેતી કરનારામાં અને પછાત ગણાતી જાતિઓ સુધી શિક્ષણ પહોંચાડવાના શક્ય તેટલા બધા પ્રયત્નો નથી થયા તો પણ આ સાઠ વર્ષોમાં પુષ્કળ પ્રયત્નો થયા જ છે અને જ્ઞાનનો પ્રકાશ ઘણો પ્રસરેલો જોવામાં આવે છે. પણ આ શિક્ષણથી સમાજ સુધારણા થઈ છે ખરી? હા. કેટલાંક બાળકોમાં સુધારો થયેલો દેખાય છે; થોડાં ઘણાં પુનર્લગ્નો થયાં, થોડાં આંતરજાતીય લગ્નો થયાં, કેટલેક અંશે જ્ઞાતિભેદ તૂટ્યો, થોડી ઘણી અસ્પૃશ્યતા દૂર થઈ, સમાજ સુધારકોના પ્રયત્નોને થોડો ઘણો યશ મળ્યો છે. પરંતુ રાષ્ટ્રની દૃષ્ટિએ આને આપણે સામાજિક સુધારો કહી શકીએ નહીં.

જ્ઞાતિદ્વેષનું નિર્મૂલન થયું છે ખરું? ઊંચ નીચની ભાવના, શ્રેષ્ઠ અને કનિષ્ઠની ભાવના ગઈ છે ખરી? ધર્માંધતા અથવા ધર્મદ્વેષ નષ્ટ થયો છે ખરો? જુદા જુદા ધર્મમાં માનનારાઓમાં એક બીજાને વિષે પ્રેમ કે આદર દેખાય છે ખરો? મતમતાંતર સંબંધી અથવા આચારભિન્નતા સંબંધી સહિષ્ણુતા વધેલી દેખાય છે?

એક વ્યક્તિ અથવા એક વર્ગની, બીજાનું શોષણ કરી તેને કચરી નાખી પોતે જ માલદાર બનવાની વૃત્તિ, લુપ્ત થઈ ખરી? સમાજમાં રહેતી પ્રત્યેક વ્યક્તિને ન્યાય મળે, સ્વાભિમાનપૂર્વક જીવતાં આવડે એવી પરિસ્થિતિ આજના સમાજમાં છે?

આ બધા પ્રશ્નોનો જવાબ જો આપણે હકારથી આપી શકીએ તો આપણે કહી શકીએ કે આપણું સમાજ-જીવન સાચે જ સુધર્યું; આપણે મનુષ્ય થયાં, અને માનવીને શોભે તેવી રીતે જીવતાં શીખ્યાં. પણ વસ્તુસ્થિતિ એવી છે કે આ પ્રત્યેક પ્રશ્નનો જવાબ નકારમાં જ આપવો પડે તેમ છે. પ્રત્યેક બાબતમાં આપણી સ્થિતિ સુધરવાને બદલે બગડી છે. જાતિદ્વેષ ઓછો ન થતાં ઊલટો વધ્યો છે; બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અથવા શૂદ્રો હોટેલમાં બેસીને એક જ પ્રકારનું અને એક જ ટેબલ પર સાથે સાથે કદાચ જમતાં થયાં હશે; થોડાં આંતરજાતીય લગ્નો પણ થયાં હશે. પરંતુ તે સાથે જ આપણો જાતિભેદ કે જાતિ-દ્વેષ સંપૂર્ણપણે નાશ પામ્યો છે એમ કહી શકાય તેમ નથી. ઊલટું, પ્રત્યેક નાની કે મોટી, આગળ વધેલી કે પછાત જાતિને પોતાનું જાતિઅભિમાન, પોતાની જાતિ-નું શ્રેષ્ઠત્વ જ વધુ દેખાવા લાગ્યુ છે. અને આગળ વધેલી જ જાતિને પાછળ ખેંચીને પોતે આગળ કેમ જઈ શકે એ માટે પ્રયત્ન થઈ રહેલો આજે વધુ પ્રમાણમાં દેખાય છે. એકાદ પછાત જાતિ થોડી ઘણી પણ હજી જાગ્રત થઈને થઈ ત્યાં તો તે પોતાને અથવા પોતાની જાતિને માટે કેટલી નોકરીઓ, કેટલા પ્રમાણમાં પ્રતિનિધિત્વ મળે છે આ જ ભાષામાં વાત કરવા માંડશે અને આગળ વધેલા લોકોએ પોતાને પાછળ રાખ્યા, દબાવ્યા, અજ્ઞા-નમાં સબડવા દીધા કે ભૂખે મર્યા એમ કહીને અને પોતાની ઉન્નતિ કરવાને બદલે, બધી શક્તિ, આગળ વધેલા લોકોનો દ્વેષ કરવામાં અને તેમને પાછળ ખેંચવામાં જ ખર્ચવા માંડશે. આ પ્રમાણે આજે તો જાતિ-દ્વેષ જાણે ખૂબ ઉભરાઈ જતો હોય તેમ મને લાગે છે.

આ રીતે જ પરધર્મીઓની બાબતમાં અજ્ઞાનના કાળમાં જે જ્ઞાતિ જ્ઞાતિ વચ્ચે અથવા પરધર્મીઓ વચ્ચે પ્રેમ, સહકાર અને પરસ્પરને મદદ કરવાની જે વૃત્તિ

હતી તેનો હવે તો સંપૂર્ણ લોપ થયેલો દેખાય છે. અને તે એટલો ઊંડો પહોંચેલો દેખાય છે કે આપણે મનુષ્ય છીએ કે શું છીએ એની શંકા ઉત્પન્ન થાય છે.

આનો અર્થ શો? શિક્ષણથી સમાજ સુધારો થવો જ જોઈએ એ શ્રદ્ધાને ભૂલ સમજવી કે શિક્ષકોએ પોતાનું કામ યોગ્ય રીતે કર્યું નહીં, યોગ્ય શિક્ષણ આપ્યું નહીં, એમ કહેવું?

શિક્ષકોએ લખતાં વાંચતાં શીખવ્યું, ગણિત ભૂગોળ શીખવ્યાં, પણ જાતિભેદ ભૂલતાં, પરધર્મીઓ પ્રત્યે આદર રાખતાં શીખવ્યું કે? એકંદરે માનવધર્મનું શિક્ષણ આપણી શાળામાં, આપણી કોલેજોમાં, આપણી ધર્મ-પીઠોમાં કોઈએ આપ્યું ખરું? ઉત્તર દેવો પડે છે કે માણસે માણસ રહીને કેમ જીવવું એ વિષયનો હજુ શિક્ષણમાં સમાવેશ થયો નથી. આ મુખ્ય વસ્તુ સિવાય બાકીના અનેક વિષયો શીખવવામાં આવ્યા પરંતુ માનવતાનું શિક્ષણ જ ન અપાયું. આનું જ આ પરિણામ આજે આપણે જોઈએ છીએ. અજ્ઞાની મનુષ્ય, ભલે અજ્ઞાનને કારણે, પણ જે થોડો મનુષ્ય રહેલો તે આજે, આજના આવા શિક્ષણને કારણે રાક્ષસ બનેલો દેખાય છે. આ પરિસ્થિતિ ફક્ત આપણા જ દેશમાં છે એવું નથી. આજે આખી દુનિયાભરમાં શિક્ષણપદ્ધતિ, શિક્ષણના વિષયો અને શાળાના જીવનમાં મળનાર શિક્ષણ, સમાજની દૃષ્ટિએ બધું ફરી તપાસવાની જરૂર ઊભી થઈ છે.

શાળામાં ઠેઠ બાળશાળાથી માંડીને ઉચ્ચતમ શિક્ષણ સુધી શિક્ષણનો મુખ્ય વિષય સામાજિક શિક્ષણ એ જ હોવો જોઈએ, તો જ પહેલાં નિર્દેશ કરેલ નવલકથા-કારની, શિક્ષણથી જગતને સુધારવાની આશા ખરી ઠરશે.

આ પ્રશ્નનો જેટલો વધુ વિચાર કરીએ અને જેટલો વધુ અનુભવ લઈએ તેટલા પરથી લાગતું જાય છે કે આપણા સામાજિક રોગનાં મૂળ ખૂબ જ ઊંડાં ગયાં છે અને તેનો ઉકેલ અને ઉપચાર પણ આપણે એટલો જ જલદી કરવો જોઈએ.

આજે શાળાશિક્ષણમાં એક નવા વિષયનો સમા. કરવામાં આવ્યો છે. જેમ મૂળ ઉદ્યોગને સ્થાન મળ્યું છે તેમ જ સમાજજીવન (Community life) ને પણ શિક્ષણમાં યોગ્ય સ્થાન મળ્યું છે. શિક્ષણની યોગ્ય દિશામાં કરેલી આ અતિશય મહત્ત્વની સુધારણા છે.

મનુષ્યે સમાજમાં કેમ જીવવું એનું શિક્ષણ મળવું એ જ અત્યંત મહત્ત્વનું છે. અને તે શિક્ષણની શરૂઆત, મનુષ્ય સમાજમાં ભળવા લાગે ત્યારથી જ થવી જોઈએ. બાળક એક બે વર્ષનું થાય એટલે તે બીજા બાળકો સાથે હળવા મળવા માંડે છે. ત્યારથી જ સમાજમાં કેમ વર્તવું તેના શિક્ષણની શરૂઆત આપણે કરવી જોઈએ. બાલપણથી જ સમાજશિક્ષણ આપવાની ખાસ જરૂર છે.

સમાજ શિક્ષણમાં મુખ્યતઃ નીચેની બાબતોનો સમાવેશ કરવો જોઈએ.

૧. સમાજમાં જીવવાની કળા શીખવવી બીજાના જીવવાનો અવકાશ અને તક છીનવી લીધા વિના, પોતે કેમ જીવવું એ જ મુખ્ય વાત શીખવાની છે. (Live and let live) પોતે જીવવું અને બીજાને જીવવા દેવા એ જ સાચા સામાજિક જીવનનું મુખ્ય સૂત્ર છે.

૨. સામાજિક જવાબદારી એટલે શું તે ઉત્તમ રીતે જાણવું અને તેને આચારમાં ઊતારતાં આવડવું એ બીજી મહત્ત્વની વાત છે.

૩. ત્રીજી વાત એટલે સંકુચિત વિચાર, સંકુચિત દૃષ્ટિ છોડવી; પોતાપૂરતો અથવા પોતાનાં જ માણસો પૂરતો વિચાર કરવો તેમાંથી જ સામાજિક હાનિ થાય છે. આજે આપણે બધાં આનાથી જ પીડાઈએ છીએ.

આ તત્ત્વો શિક્ષણમાં કેવી રીતે ગૂંથી શકાય એ જ શિક્ષણશાસ્ત્રીઓને ખરો પ્રશ્ન છે અને તેના ઉકેલ માટે પ્રયત્નોની શરૂઆત થઈ ચૂકી છે તે આપણી પ્રગતિનું એક સુચિહ્ન છે. આ બધાને શિક્ષણક્રમમાં કેમ સ્થાન આપવું તેનો વિચાર આપણે આગળ ઉપર કરીશું.

યાદ કરું છું ને આંખ ભીની થાય છે.

શનિવારનો દિવસ હતો. એક પછી એક બાળક આવતાં હતાં અને ફરવા જવા તૈયાર થયેલી હરોળમાં જોડાતાં હતાં. પ્રવાસ અંગેની જરૂરી વાતો હું કરતો જતો હતો. એક હાથમાં લોટો અને બીજા હાથની આંગળીએ વળગાડેલું એક બાળક લઈને ઉજળિયાત જેવા લાગતા એક ગૃહસ્થે બાલમંદિરના પ્રવેશદ્વારમાં પગ મૂક્યો, અને એમની લાક્ષણિક-શૈલીમાં એમણે એમનો હેતુ રજૂ કર્યો, 'માસ્તર, આને બેસાડવાનો છે.' પરિસ્થિતિ જોઈ મને લાગ્યું કે જાજરુમાં બેસાડવાની વાત છે. એટલે ધીમેથી મેં જાજરુવાળી ગલી બતાવી, અને તરત

જ ભાઇએ ચોખવટ કરી. 'હું તો એને નિશાળમાં બેસાડવા આવ્યો છું'. ઘડીભર તો હું આભો જ બની ગયો. કંઈ બોલું તે પહેલાં જ એ ગૃહસ્થે ઉમેર્યું. 'આ દરવાજે ઝાડે ફરવા જતો હતો તે મારા મનથી એમ થયું કે લાવ, બેય કામ પતાવતો આવું.' એમને મન બાળકને બાલમંદિરમાં મૂકવો એનું મહત્ત્વ મળવિસર્જનની ક્રિયાથી વધારે ન હતું. શાંતિથી ઘેર જઇ, તૈયાર થઈ અને પછી નિરાંતે આવવા મં સૂચવ્યું અને 'ફરી ધક્કો રહ્યો' એ ગણુગણાટ સાથે એ ગૃહસ્થે પીઠ ફેરવી. પછી કયારેય પણ એ પાછા દેખાયા નથી. પણ એ ખુલ્લું શરીર, મેલું ધોતિયું, બભા ઉપર નાખેલો એનો છેડો અને જાજરુ જવાનો લોટો આજે પણ આંખ આગળથી ખસતાં નથી.

\+ \+ \+

બાલમંદિરનો સમય થઈ ગયો હતો. સંગીતની રમઝટ ચાલતી હતી. શિક્ષકો ગીત ગાતા હતા, અને બાળકો એમાં સૂર પૂરાવતાં હતાં. કયાંક કયાંક અભિનય પણ દેખાતો હતો. આખું એ વાતાવરણ આહ્લાદક હતું. કોઈનો પગરવ સંભાળાયો અને ધ્યાન બીજી તરફ ગયું. બારણા પાસે જ સુંદર કપડાંઓમાં સજજ એવા એક ગૃહસ્થ જોયા. મોઢામાં ધૂમાડો, હાથમાં સિગરેટ અને બંભા પર બાળક–આ એમનો તાદૃશ ચિતાર. સંગીતના વાતાવરણમાં મુગ્ધ થએલા એ ભાઈ, થોડીવાર તો ત્યાં જ ઊભા રહ્યા પણ સંગીત પૂરું થતાની સાથે જ બીડીના બાકીના બે ચાર દમ જોરથી એમણે મારી લીધા. ઠૂંઠું આંગણામાં ફેંકયું અને એ જ ધૂમાડાવાળા મોઢાથી બાળકને બે બચ્ચીઓ કરી અને તેને નીચે મૂકયો. 'માસ્તર, આને સંભાળજો' એ ભલામણ સાથે એ પાછા ફર્યા. બીજું ગીત શરૂ થયું અને આ કરુણ કાવ્ય દિલ પર ઊંડો ઘા કરી ઘડી ભરને માટે અદૃસ્ય થયું.

બપોરનો લગભગ એક વાગ્યો હશે. દરેક શિક્ષક પોતપોતાના ઓરડામાં કામે લાગી ગયા હતા. કાર્યાલયમાં બેઠો બેઠો હું થોડું દફ્તરી કામ કરી રહ્યો હતો. એટલામાં દૂરથી એક અવાજ આવ્યો, 'કયાં ગયા માસ્તર?' આ સાંભળતાં જ ઊભો થઈને હું આંગણામાં આવ્યો. પોતાની નિરાધારતાને રુદનદ્વારા વ્યકત કરતું એક બાળક પ્રવેશદ્વારમાં પેઠું અને એની પાછળ જ વિફરેલી વાઘણ જેવાં એક બહેન હાથમાં ડંડૂકા સાથે 'મારા રોયા, નિશાળે જતાં જોર આવે છે? આજ તો, બધુંયે માસ્તરને કહી દેવાની છું.' ની બૂમો પાડતાં પાછળ આવી રહ્યાં હતાં. મને જોઈને જ એમણે મારી સામે બાળકને ધક્કો માર્યો અને હાથમાંનું ડંડીકું મને આપવા પ્રયત્ન કર્યો. 'લ્યો માસ્તર, આ રાખો; ના માને તો ઝૂડજો'. થોડીવાર આ નાટક જોઈ રહ્યા પછી તરત જ એ બહેનને મેં ધીરેથી કહ્યું, 'લ્યો, આ તમારી લાકડી; ઘેર લઈ જાઓ અને આ છોકરાને પણ ઘેર લઈ જાઓ. એની ઇચ્છા થાય ત્યારે એને અહીં મોકલજો. રડાવીને મૂકી જવા માગતા હો તો અમે બા. મં.માં નહિ રાખીએ.' થોડીવાર તો એ બહેન શાંત રહ્યાં પણ શું જવાબ આપવો એ સૂઝતાં રડતા બાળકને હાથ પકડીને ઢસરડયું, અને પાછાફરી ચાલવા માંડયું. જતાં જતાં 'તારો તો અહિંયાંય ધડો નથી. તું તો અધ્યારુના જ દાવનો છે.' એ જાતના એમના બાળકને ઉદ્દેશીને બોલેલા શબ્દોનો અવાજ કાન પર અથડાવતાં ગયાં. એ બહેન એટલાં બધાં ઉશ્કેરાયેલાં હતાં કે મારી કોઈ વાત સાંભળવા તૈયાર ન હતાં. ઉતાવળે પગલે એ ચાલ્યાં ગયાં, અને ભારે હૈયે હુ પાછો ફરી બાલમ દિરમાં આવ્યો.

આ બધા પ્રસંગો આજે પણ એટલા જ તાજા છે. જે તે વ્યકિતઓને મળવા અને એનો ઉકેલ લાવવા સફળ પ્રયત્નો પણ કર્યા છે, અને છતાંયે જ્યારે જ્યારે યાદ કરું છું ત્યારે ત્યારે સમાજની આ કરુણતા કંપાવી મૂકે છે. આ બધા પ્રસંગોએ બાલશિક્ષણની ઉપયોગિતા અને મુશ્કેલીઓ વિષે મને ખૂબ જ સભાન કર્યો છે. શહેરમાં અને સ્પષ્ટ સમજણ સાથે ચાલતા એક બાલમ દિરમાં પણ જો આ અનુભવ થતા હોય તો બીજાં અનેક નાનાં મોટાં બાલમ દિરની શી દશા હશે, એ સહેજે કલ્પી શકાય એમ છે. બાલશિક્ષણનું કાર્ય એ ફકત શિક્ષકોનો જ ઈજારો કે જવાબદારી નથી. પણ ઘર, સમાજ અને સરકાર સૌના તરફથી એક સરખું અને સતત ધ્યાન માગી લે છે એ પ્રતીતિ દિવસે દિવસે વધારે ને વધારે દૃઢ થતી જાય છે. જ્યારે માબાપો ફકત સંતાનોની હયાતીમાં અને એમને પ્રેમ કરવામાં જ આનંદ માણવાને બદલે એમને સમજવા માંડશે, સમાજનો દરેક ડાહ્યો અને સુશિક્ષિત ગણાતો માણસ પોતાના બાળક માટે જે કંઇ ઇચ્છે છે તે સમગ્ર સમાજનાં બાળકો માટે કરતો થશે, લશ્કર, વ્યવસ્થા અને અનેક યોજનાઓની પાછળ જરૂરી બધો જ ખર્ચ કરતી સરકાર, નવસમાજની રચનામાં, પાયાની ઈંટ સમા બાલશિક્ષણને, કેળવણીના આવશ્યક અંગ તરીકે સ્વીકારશે અને એની પાછળ ધ્યાન આપશે, શિક્ષક પોતાના ધંધાને એક વિશેષ પ્રકારના ધ્યેયલક્ષી જીવનની ભાવનાથી દીપાવશે અને પોતાના કાર્યને અસીમ શ્રધ્ધા, અખૂટ પ્રેમ અને અણીશુદ્ધ ચારિત્ર્યની ત્રિપૂટિથી નવાજશે, તે દિવસે જ 'યાદ કરતાંયે આંખ ભીની થઈ જાય' એવા આ કરુણ પ્રસંગો સદાને માટે સમાજમાંથી દૂર થશે.

પૂનમચંદ શાહ

એક માતાની નોંધ

[ક્ષી. અં...]

(બાળક ક. ની જન્મથી આઠ માસ સુધીની નોંધ અહીં આપી નથી. જન્મ વખતે વજન : ૭ રતલ.

તા. ૧૦–૪–૧૯૩૯, ઉમ્મર : ૮ માસ પૂરા.

અ. વજન : ૨૨ રતલ : ૧૨½ ઔંસ

ક. ને નીચલા બે દાંત ફૂટ્યા છે. ધાવણ બંધ કર્યું છે. પૅરિજ [બાફેલું થૂલું] પાઉં, દૂધ અને શાકભાજીનું પાણી જેવું ગાળેલું સૂપ આપું છું. ઉપરાંત હવે દ્રાક્ષ, નારંગી અને સફરજન મલમલના કકડામાં બાંધી તેને ચાવવા આપું છું.

'બા', 'પપા', 'મમ્' બોલે છે.

તા. ૮–૫–૧૯૩૯, ઉમ્મર : ૯ માસ પૂરા.

આણુ વજન : ૨૩ : ૪½ – વધારો ૮ ઔંસ

આણું આવ્યાં. ક.ને ઢીલો ભાત આપું છું.

પેટ પર પડીને ખસે છે. 'પ્લે પૅન' (play pan) ના કકડાને ઝાલી ચાલે છે. ચાલણગાડી [walker] માં દોડાદોડી કરે છે. ઘૂંટણીએ ચાલવા યત્ન કરે છે પણ થોડીવારમાં પડી જાય છે.

શીખેલા નવા શબ્દો : 'મા', 'મામા', 'દા', 'તા', 'આ'.

તા. ૫–૬–૧૯૩૯, ઉમ્મર : ૧૦ માસ

નૈનિતાલ. વજન : ૨૪– ૧૦½ : વધારો ૧.૬

ઉપરના બે દાંત ફૂટ્યા છે. બાફીને બારીક કરેલાં ગાજર, ફણસી અને ભાજી શરૂ કર્યાં છે. ગાજર નથી ભાવતાં. ભાજી સ્વાદથી ખાય છે, પણ તદ્દન પચાવી શકતો નથી. ફણસી સદતી હોય એમ લાગે છે.

પોતે બેઠો થાય છે. કોઈ વસ્તુના આધારે ઊભો થઈ શકે છે. ઘૂંટણીએ ચાલે છે.

'તાઈ', 'આઈ', બોલે છે.

બહુ આનંદ અને સંતોષથી રહે છે. ગુલાબી થયો છે.

તા. ૩૦–૬–૧૯૩૯. તા. ૨૬મીએ બેચેન હતો. ૨૭ મીએ સવારે ૩ વાગે ૧૦૩ તાવ હતો. બપોરે તાવ ઊતરી જતાં નૈનિતાલ છોડ્યું. છાતીમાં શરદીના અવાજ સંભળાય છે. ઉધરસ આવે છે. નાક દ્રવે છે. પાંચમો દાંત ફૂટતો હોય એમ લાગે છે; બાકી ખુશીમાં રહે છે.

તા. ૨૭–૭–૧૯૩૯, ઉ. ૧૧ મારા પૂરા.

અ. વજન ૨૫. ૮½.–વધારો ૧૪ ઔંસ.

છ દાંત દેખાય છે. ખીચડી, ફૂલકો, દૂધી, ચોળા, કે તૂરિયાનું શાક, પીસેલા ચિકુ, પપૈયાં, કેળાં અને ટામેટાં તથા શેકેલા પાંઉ ખાય છે.

અમારો હાથ ઝાલી ચાલે છે.

તન્દુરસ્ત અને પ્રસન્ન રહે છે.

તા. ૨૪–૮–૧૯૩૯, ઉમ્મર વર્ષ ૧ પૂરું

મુખઈ, આઠમો દાંત દેખાય છે.

જમવા બેસે છે ત્યારે પાસે જે બેઠું હોય તેને પોતાના હાથથી ખવરાવવા જાય છે. ઇંગિતથી ઘણું સમજાવવા મથે છે. બે દિવસથી કાંઈપણ આધાર વિના ચાલે છે અને પોતાના આ નવા 'પરાક્રમ' થી ઘણો જ રાજી થાય છે.

નૈનિતાલ ગયાં ત્યારથી લાકડાનાં સાધનોથી રમે છે. લાકડાના દાંડામાં રંગીન નાનાં મોટાં ચકરડાં પરોવે છે. ક્રમ જાળવી શકતો નથી. તે ક્રિયાથી હાથના સ્નાયુઓ ઉપર જે સંયમ આવ્યો છે તેથી હવે બાટલીઓનાં ઢાંકણાં ઉઘાડીને વાસી શકે છે. બારણાં ઉઘાડવાં અને વાસવાં ખૂબ જ ગમે છે. ગુલાબી મિનારો ગોઠવી શકે છે. કાગળ પેન્સિલ લઈ લખવા મથે છે. મંજીરાં વગાડે છે. તબલાં ઉપર હાથ અજમાવે છે.

સ્વભાવ ખૂબ મળતાવડો છે. બે પરિચિતો પાસે પણ જતાં બાસ અચકાતો નથી.

બબ સંતોષ અને આનન્દથી રહે છે.

તા. ૭–૯–૧૯૩૯, ઉમ્મર ૧. ૧. પૂરા

અ. વજન ૨૬. વધારો ૭½ ઔંસ.

પૅર (Pear) ભાવે છે.

સંગીત વાગે છે ત્યારે નાચે છે.

મોટર પહેલેથી ખૂબ ગમતી આવી છે. તેમાં બેસવાનો ને ફરવાનો ખૂબ શોખ છે.

'બા પચી' 'બા ભાઈ' 'ચીબુ ચીબુ' 'અહીંઆ' 'મમ્ મમ્' એમ જાતજાતનું બોલવા બબ યત્ન કરે છે.

તા. ૨૬–૯–૩૯ વજન ૨૫—૧૨ બટાડો ૪ ઔંસ

અ. ઊંચાઈ ૩૦ ઇંચ ૮ દોરા

શૂળો ફૂટતી હોય તેમ લાગે છે. જરાક શરદી થઈ છે, અને ઉધરસ આવે છે. હમણાંથી ગરમી ઘણી પડે છે, તેથી પહેલાં કરતાં ઓછું ખાય છે. બાકી બબ આનન્દમાં રહે છે.

ચાલવું બહુ ગમે છે.

ફૂલો પાછળ તો જાણે ગાંડો છે. પક્ષીઓને જોઈ બહુ રાજી થાય છે. ફૂલો તોડવાં કે વસ્તુઓને અડકયા કરવું, કે ચીજો ભાંગવી તોડવી એમાં તેને રસ નથી પણ દૂરથી જ ઘણી વસ્તુઓને જોઈ બધા રસ માણે છે.

કોઈ સૂઈ ગયું હોય કે આંખો મીચીને પડી રહ્યું હોય તો તેને તેના વિષે બહુ ચિંતા થઈ આવે છે. રખે તે માંદું તો નહીં હોય ને ? તેના મોં પર, તેના અવાજમાં તેમ જ બીજા હાવભાવમાં વ્યથા તરી આવે છે. જો સૂઈ રહેલી વ્યક્તિ જાગે કે આંખો બોલે તો તે ખુશી ખુશી થાય છે. હું જો મોટરસાયકલ કે ઘોડાપર બેસું તો તેને ભય રહે છે, કે હું પડી જઈશ; એટલે રડે છે અને આંસુથી ગાલ ભીના થઈ જાય છે. આ ભય દૂર કરવાનો પ્રયત્ન કર્યો છે; તેને પણ તે પર બેસાડયો તેથી ગભરાટ કાંઈક અંશે ઓછો થયો છે.

ની—કે જે ચારેક મહિના તેનાથી નાની છે તે અહીં આવી ત્યારે ક.ને તે બિલકુલ નહોતું રુચ્યું. પોતાની તરફનું બીજાનું લક્ષ કાંઈ ઓછું થતું જણાય તો તેને જરીક ખૂંચે છે. શરુઆતમાં થોડી ક્ષણ પોતાનો વિરોધ દર્શાવ્યો પણ પછી તે જુદો રહીને પોતાની રમતમાં સંતોષ લેવા લાગ્યો.

બાગમાં જે બાળકો આવે છે તેનાથી તે બહુ આકર્ષાય છે. તેઓ ટોળે મળી તેની પાછળ ફરે છે આટલી નાની વયે સહુનો માનીતો અને સરદાર બની ફરે તે તેને માટે સારું નથી તેમ મને લાગે છે; તેથી તે વસ્તુસ્થિતિ ટાળવા માટે, તે પોતાની જેવડાં જ બાળકોને વધુ મળે તે માટે કોઈ એક શાળામાં એકાદ કલાક તેને લઈ જવો કે નહીં તેનો વિચાર હું કરું છું.

તા. ૫–૧૦–૧૯૩૯, ઉમ્મર : ૧. ૨
અ. વજન : ૨૬. ૬.
વધારો ૧૦ ઔંસ.

લાકડાના ચોરસ મણકા તારમાં પરોવે છે. દડા પેટી ગોઠવે છે. હવે જે કાંઈ જુએ છે તેને એકદમ ધ્યાનમાં લઈ અનુસરે છે. હું જ્યારે ચીતરું છું ત્યારે તે પણ પોતાની મેળે પીંછાં લઈ તેને રંગમાં બોળી, કાગળ ઉપર ફેરવે છે. ટેલીફોન ઉપાડી રીસીવર કાને લઈ અસ્પષ્ટ બોલે છે. કોઈને સાદ પાડીએ તો સાંભળેલા શબ્દો ફરી ઉચ્ચારવા મથે છે.

તા. ૧૮–૧૦–૧૯૩૯, ઉમ્મર : ૧. ૨
અ. વજન : ૨૭
વધારો ૧૦ ઔંસ.

ક. નાનો હતો ત્યારે તેને નહાવું ગમતું. તે વખતે એ એટલો શાન્ત રહેતો કે જોનારને અજાયબી સાથે હર્ષ થાય. પણ હમણાંથી તે કજિયો કરતો; તેથી છેલ્લા પખવાડિયાથી મેં જાતે જ તેને નવરાવવો શરૂ કર્યો છે. તેલ ચોળી, સાબુ કે ચણાના લોટથી તેને નવરાવું છું. હવે તે આનન્દથી નહાય છે. હાથે તેલ ચોળવા અને સાબુ લગાડવા યત્ન કરે છે. મેલાં કપડાંની ડોલમાં પોતાનાં કપડાં નાખી આવે છે.

રોજ સવારે પ્રાણીગૃહમાં પક્ષીઓ જોવા જાય છે. હરણ, નેલી (મોટી ગ્રેટ ડેન કૂતરી) અને કબૂતર વગેરેને બહુ હેત કરે છે.

હમણાંથી હું 'મોન્ટેસોરી પદ્ધતિ' વાંચું છું. મને તેમાંથી પ્રકાશ અને પ્રેરણા મળે છે.

તેનો કાર્યક્રમ નીચે પ્રમાણે યોજ્યો છે.

સવારે ૯ વાગે નહાવું. ૯॥ વાગે ખાવું. ૧૦ થી ૧૧॥ સૂવું. ૧૧॥ થી ૧૨॥ રમવું.

૧૧॥ થી ૧૨॥ તેની સાથે હું રમું છું. તેને જેમાં રસ પડે, તે અમે બોલવીએ છીએ. દા. તરીકે, નૃત્ય કરીએ છીએ. તબલાં, મંજીરાં તથા બંજરી વગાડીએ છીએ. એક જણ સંતાઈ જાય અને તે અવાજ કરે; તે અવાજ સાંભળી તેને શોધી કાઢવાની અને સંતાડેલી વસ્તુને શોધવાની રમતો રમીએ છીએ. મોન્ટેસોરી સાધનોથી રમીએ છીએ. કોઈવાર રમકડાંથી પણ રમીએ છીએ. બૉલ અને બૅટથી રમે છે. કાચના જાડા મણકા તારમાં પરોવવાનું કામ તે બહુ એકાગ્રતાથી કરે છે. પ્લેસ્ટીસીનના દડા બનાવીએ છીએ. રેતીમાં બહુ મઝા પડે છે.

હવે ક.ને કાંઈ કહીએ તો તે તરત જ સમજે છે. 'બહાર જાઓ' 'અંદર આવો', 'બેસો', 'ત્યાં મૂકી દો', 'કાગાભાઈ ક્યાં છે ?' [પક્ષીને તે 'કાગાભાઈ' કહે છે.] 'સરસ ફૂલ' [તો ફૂલ બતાવે] 'ચાંદામામા' [તો ઊંચે ચાંદાને બતાવે.]

તા. ૮–૧૧–૧૯૩૯, ઉમ્મર ૧—૩
અ. વજન ૨૭—૫ વધારો ૫ ઔંસ

ક. ને બૂટ પહેરવા બહુ ગમે છે. તેના પપ્પાના બૂટ કાઢવા, ચંપલ લાવી તેમને પહેરાવવા, બારા વાળ ઓળવા વગેરેમાં રચ્યો પચ્યો રહે છે. ઢીંગલીને સુવરાવવી, બેસારવું, પીવરાવવું વગેરે રમતમાં તે રોકાએલો રહે છે.

બનાવટી પક્ષીઓને પંપાળવાં અને તેમને સાથે લઈ ફરવું તેને અતિશય ગમે છે.

મણકા પરોવવામાં તેને એટલો બધો રસ પડયો છે કે રોજ આ કામમાં વીસેક મિનિટ તલ્લીન બની એ છીએ. ચાવીથી ચાલે તેવાં રમકડાંમાં ચાવી નાખવી અને ફેરવવી અને તેમને હાલતાં ચાલતાં જોવામાં તે એકાગ્ર બની જાય છે.

તેને વળી ખંડિત વસ્તુથી આઘાત લાગતો હોય તેમ તેને જોતાં 'ઝુ.....હા.....' 'ઝુ.....હા.....' એમ કરે છે. તેના મોં ઉપર વેદના તરે છે, અને તે તરફ અમારું ધ્યાન તે ખેંચે છે. એને કાંઇ ભાંગવું તોડવું ગમતું નથી. ભાંગેલી તૂટેલી વસ્તુઓ તરફ કરુણા બતાવે છે.

અઠવાડિયામાં એકવાર તબલાં સાંભળવાનો કાર્યક્રમ ગોઠવ્યો છે. તબલાં કે સંગીત સાંભળી ક. 'ખેપા' ની જેમ મસ્તીથી નાચે છે.

લાંબાં લાંબાં વાક્યો (છૂટા શબ્દો અસ્પષ્ટ) બોલ્યાં જ કરે છે. ઇંગિતથી ભાવ પ્રકટ કરવા મથતો હોય છે. આ ખૂબ મધુર લાગે છે.

હમણાંથી ખૂબ ગંભતી અને આનન્દી જણાય છે. પપા (ક.ના નાના) અને તેના મામા ગૌ. સાથે બહુ માયા થઈ છે. તેને જે જે લોકો ગમે છે તેમને બોલાવવા, તેમની આંગળી ઝાલી ચાલવું, અથવા તેમની સાથે જુદી જુદી રમતો રમવી, તેમનું અનુકરણ કરવું, તેને અત્યન્ત પ્રિય થઈ પડ્યાં છે. આ સ્વભાવ હમણાંથી વધારે ખીલ્યો છે.

તેને બીજાં બાળકો સાથે રમવાની સગવડ કરી આપી છે. દરેક સોમવારે તેની ઉંમરનાં તેમ જ તેનાથી જરાક મોટાં પાંચ સાત બાળકોને ઘેર બોલાવું છું. અમે રમતો રમીએ, અખાડામાં હીંચકા ખાઈએ, લપસણીએ લપસીએ, પક્ષીઓ જોઈએ અને છેલ્લે નાસ્તો લઈ છૂટાં પડીએ છીએ.

ગુરુવારે હું તેને લઈ કોઈને ઘેર જાઉં છું. તેને આમાં ખૂબ મઝા આવે છે, અને તે સંકોચ વિના, મુક્તપણે, હર્ષથી બધાં સાથે હળે ભળે અને રમે છે.

આ પ્રસંગોથી તેની સામાજિક વૃત્તિ સારી રીતે પોષાય છે.

તા. ૩–૧૨–૧૯૩૯ ઉંમર ૧. ૪ પૂરા
અ. વજન ૨૮-૨½
વધારો ૧૩½ ઔંસ.

હવે સરસ ઋતુ છે એટલે સવારે ૧૦-૧૧ વચ્ચે અમે બાગમાં જઈ રમીએ છીએ ક્યારાઓ અને નાળાંઓનાં વહેતાં પાણીમાં કાગળની હોડીઓ, સૂકાં પાંદડાં વગેરે તરતાં મૂકી અમે તેની પાછળ દોડીએ છીએ. ઝરતાં પાણી અને વહી જતાં નાળાં અને કૂવામાંથી પમ્પ વડે ઊછળતાં પાણીને જોઈને તે ખૂબ રાજી થાય છે. પાણીમાં અમે ચાલીએ છીએ. પછી પતંગિયાં, બિસકોલી ઇત્યાદિ પ્રાણીઓને અવલોકીએ છીએ. રેતીમાં રમીએ છીએ, ગ્રામોફોન વગાડી નાચીએ છીએ. બહાર અથવા ઘરમાં બાલોપયોગી સાધનોનો ઉપયોગ કરીએ છીએ. દફ્તાની પહેલી પેટી હસ્તગત થઈ ગઈ છે. મણકામાં પહેલાં જેટલો રસ રહ્યો નથી.

અમારા જ વાંકને લીધે સમયસર અમે તેની બે ટેવો યોગ્ય રીતે નથી કેળવી તેથી હવે તે ટેવો ભૂંસાતી જ નથી. એક તો જ્યાં ત્યાં ભીનું કરી નાંખવું. અને બીજું બાટલી સિવાય દૂધ જ ના પીવું.

ભીનું કરે તો પોતે જ લૂછી નાખવાનો આગ્રહ રાખે છે. વાળવું સાધારણ ગમે છે. અમુક વસ્તુ જ્યાંથી લીધી હોય ત્યાં જ પાછી મૂકી આવે છે.

વાગ્યુ હોય, કે દુખતું હોય તો તે બતાવે છે. પ્રણામ કરે છે. 'આજો' 'તાતા' કહે છે; સલામ કરે છે; હાથ વતી મીઠીઓ કરે છે. (kiss blow કરે છે.) અને મનમાં આવે તો મોં ચૂમીઓથી ભરી દે છે.

જાણીતાં કે અજાણ્યાં લોકોને બોલાવવાં, પાસે બેસાડવાં, સાથે આવવા કહેવું તેને બહુ ગમે છે. બધાં સાથે વિનાસંકોચે ભળે છે.

વળી તેને અમુક વસ્તુ ગમે અને ન ગમે તે હવે સ્પષ્ટ વ્યક્ત કરે છે. અમુક કપડું અથવા ચીજ ન ગમે તો ધસીને ના પાડે. ગુલાબી અને લાલ રંગ પ્રિય છે. તેવા રંગનાં કપડાં હોંશે હોંશે પહેરે છે. હાથ આપે અને પહેરવામાં સહકાર અને મદદ આપે. ન ગમતી ચીજ પહેરાવવા જઇએ તો સ્પષ્ટ અણગમો બતાવે અને આડો થાય; અમુક જ બૂટ ગમે છે.

તેના કાન ખૂબ તીક્ષ્ણ થયા છે. દૂરથી ગુજરાત કૉલેજનો ઘંટ સંભળાય ત્યારે ચૂપ થઈ જાય, મોં પર જિજ્ઞાસા તરવરે, આંગળી ઊંચી કરી આપણને સાંભળવા કહે. આગગાડીનો અવાજ એકદમ પકડે છે. મોટરનાં હૉર્ન ઓળખે છે અને તેના પપાની મોટર આવતી હોય તો એકદમ જાણી જાય છે. પક્ષીઓના અવાજ સાંભળે છે અને તેમનું અનુકરણ કરે છે.

ચિત્રોની પોથીઓ જોવી બહુ ગમે છે. ખાસ કરીને પશુપંખીની ચોપડીઓ. ચિત્રોને ઓળખે છે : 'કાકા' [પક્ષી], 'ફૂ' [ફૂલ], 'પપા' [એટલે કોઈપણ માણસ], 'ટટુ' [ઘોડો], ઘોડાના ચિત્રને જોઈ ડચકારા બોલાવે છે.

વિચાર કરું છું અને દિંગ બનું છું. હમણાં જ થોડા વખત પર ક. ભાગ્યે જ હાલીચાલી શકતો હતો. તેમાંથી ઘૂંટણીએ ચાલતો થયો અને હવે તે જાતે ચાલવા લાગ્યો છે ! પહેલાં માત્ર રડવાનો અવાજ સંભળાતો હતો. પછી

થોડા જ સમયમાં વચ્ચે વચ્ચે હસવાનો ખિલખિલાટ અને અસ્પષ્ટ ઉદ્‌ગારોનો કિલબિલાટ સંભળાવા લાગ્યો. અને આજે તે અસ્પષ્ટ શબ્દો બોલ્યા જ કરે છે. પક્ષીઓને 'કાકાભાઈ' અથવા 'કૉંકૉં', કૂતરાને 'કુકુ', મોટરને 'પપમ્', પિતાને 'પપા', મને 'મા' અથવા 'મમ્મા', બોરાકને 'મમ્', ફૂલને 'ફૂ', શોફરને 'પટા', માલીને 'કિત્તા', હમાલને 'નાથા', આયાને 'શાત્તા', તે ઉપરાંત 'આપો' 'આવો' 'અહીંઆ' એ શબ્દો બોલે છે એટલે વસ્તુને નામસંજ્ઞા સાથે જોડી શકે છે. સંબોધી, બતાવી અને સમજાવી શકે છે.

કુટુમ્બમાં મણિપુરી નૃત્યશિક્ષક આવ્યા છે તેથી અઠવાડિયામાં બે વાર હું નૃત્ય શીખું છું; ક. તે જુએ છે. નૃત્ય કરું છું ત્યારે રસ ન પડતો હોય એમ દેખીતી રીતે જણાય પણ આમ છતાં ઘણી વસ્તુ પકડે છે તે પાછળથી જણાય છે અને આશ્ચર્ય પામું છું. બેસતા વર્ષને દિવસે ઉદયશંકરનું નૃત્ય જોવા ગયાં હતાં. થોડીવાર તેને ગમ્યું.

દિવાળીમાં ફટાકડા ફોડયા હતા. પહેલે અનુભવે તો ખૂબ મઝા આવી. કોઠી, કોડિયાં, મશાલ, તારામંડળ વગેરે આતશબાજીએ આનન્દ કરાવ્યો. મોટા ટેટા પણ ફોડ્યા અને 'ભમ ભમ' કહી ખૂબ ખુશી બતાવી. પણ રાત્રે ઊંઘમાંથી સફાળે ઊઠી જઈ તે રડતો તેથી ટેટા સિવાય બીજા ફટાકેડા ફોડવાનું જ હવે રાખ્યું છે.

તા. ૩–૧–૪૦ ઉં. ૧—૫

અ. વજન ૨૮–૫ વધારો ૨½ ઔંસ

ક. ને રાતે અચાનક ઉધરસ આવવા લાગી. બીજી સાંજે જરાક તાવ હતો. છાતીમાં શરદીની અસર જણાઈ. ઉધરસ વધતી જતી હતી. રાત્રે વધારે ઉધરસ આવતી. લગભગ અઠવાડિયું ખૂબ સંભાળવું પડયું. પીટીન [Pietin] નાં. ૨ અને. ૩ ઈન્જેકશન બે વાર આપવાથી ઘણો ફાયદો થયો. હવે ઉધરસની કાંઈ નિશાની નથી.

તેના ભોજનનો કાર્યક્રમ નીચે પ્રમાણે ગોઠવ્યો છે—

સમય.	બોરાક.
સવારે ૫॥—	દૂધ.
,, ૯॥—	ટમાટાનું સૂપ, ટમાટાં અને છૂંદેલા, બાફેલા બટાકા; શેકેલા પાઉં સાથે, દૂધ.
,, ૧૧॥—	મોસંબીનો રસ
બપોરે ૧॥—	રોટલી, જુદી જુદી જાતનાં દૂધિયાં શાક, છૂંદેલું કેળું, દૂધ.
બપોરે ૩॥—	મોસંબીનો રસ, નેસ્ટ્રોવિટ [Nestrovit]
સાંજે ૬॥—	ભાત, લચકો દાળ, વારા ફરતી દૂધિયાં શાક, સારેવહું.

સાંજે ૮॥— દૂધ.

ક. નો શબ્દકોષ વધતો જાય છે; એ બધાંની નોંધ કરવી મુશ્કેલ છે. ગાયને 'ગા', રેલગાડીને 'પપ્ પપ્, પપ્ પપ્, કૂ.....' તેને સંભાળે છે તે લક્ષ્મણને 'ભૈયા', બેચર હમાલને 'બેચા' કહે છે. જ્યાં સુધી અમુક વસ્તુને તે સમજતો નથી અથવા તેને આપણે કાંઈ કહીએ તે ગ્રહણ નથી કરી શકતો ત્યાં સુધી તે હુંકારો ભણ્યા કરે છે.

ગઈકાલે મારાં, પહેલાંના ચિત્રો મે ગોઠવવા કાઢયાં હતાં. તે જોવાં ક. બેઠો. અર્ધો કલાક સુધી તલ્લીન બની તે જોયાં. તેની નજર બહુ ઝીણી છે. નાની નાની વસ્તુઓએ તેનું ધ્યાન ખેચ્યું અને તેણે તે બધી મને બતાવી. વાંદરો લાડુના પાત્ર તરફ જાય છે તેવું એક ચિત્ર હતું. લાડુના પાત્રમાં હાથ નાખી તેણે ખાવાનો યત્ન કર્યો, અને 'મમ્ મમ્' કરી આનન્દથી પુકાર કરવા માંડયો.

ચોપડીઓ અને ભીતો પરનાં ચિત્રો જોવાં બહુ ગમે છે. દીવાલ પર બુદ્ધસુજાતાનું ચિત્ર જોઈ સુજાતાના હાથમાં રહેલું પાત્ર બતાવી મને કહે, 'મમ્ મમ્'. તેના માથામાં ફૂલ હતાં તે દર્શાવી કહે 'ફૂ'.

મોટરનાં ચિત્રો જોવાં ખૂબ રુચે છે. તેથી તેને તેનાં કેટલૉગ આપ્યાં છે. વળી પોતાથી બેસી શકાય તેવડી મોટી અને ચાવીથી ચાલે તેવડી નાની મોટરો અને રેલગાડી વગેરે રમકડાં તેના પપા લાવ્યાં છે એટલે તેની પાછળ મનથી સમય ગાળે છે. ખરી રેલગાડી જોવી તેને બહુ ગમે છે.

નાતાલને દિવસે પહેલી જ વાર તેની સાથે અમે સીનેમામાં ગયાં. બાળકો માટે કાર્યક્રમ યોજ્યો હતો. બહુ સારી પસંદગી નહોતી. તેને નિરીક્ષણ કરવામાં રસ પડયો. જેમ ચિત્રમાં વસ્તુઓ ઓળખવી ગમે છે, તેમ અહીં પણ ગમી. હલનચલન સાથે સંગીત પણ હોવાથી વિશેષ રસ પડયો હશે.

રોજ સવારે મ. અને હું તેને માટે પતંગ ઉડાવીએ છીએ. 'પતમ્ પતમ્' કહીને તે ઘેલો થઈ જાય છે, અને પતંગની પાછળ આકાશમાં ઊડી જવા યત્ન કરે છે. દોરી પકડવી અને દોરીના ઠમકા મારવા તેને ગમે છે.

બાગમાં માટીનો એક ટેકરો કરાવ્યો છે તે ઉપર ચઢવું, ઊતરવું, લપસવું તેને બહુ ગમે છે. ઢાળ ઉપર દોડાદોડી કરે છે.

બૉલ-બેટ પણ બહુ ગમે છે. પીંગપોંગની રમત જોઈ ખૂબ ખુશી થાય છે.

દડાની બીજી પેટી ઉપર યત્ન કરે છે પણ જરી અઘરી પડે છે; તેથી લાંબો વખત રસ પડતો નથી. અવાજની

ડાબલીઓ (Sound boxes)માંથી મેં તેને બે જોડી આપી હતી. એક સૌથી મોટા અને (એક સૌથી ઝીણા અવાજની ડબ્બીની જોડી) તે બેને હલાવી, અવાજ પારખી બરોબર મેળવે છે. ભૌમિતિક આકૃતિનાં લાકડાનાં ચોકઠાં (wooden insect frame) માં ગોળ, ચોરસ અને ત્રિકોણ સહેલાઈથી ગોઠવી દે છે. હાથના સ્નાયુઓનો સંયમ અને દૃષ્ટિની ચોકસાઇ 'શેપ પોસ્ટિંગ ઍપેરેટસ [Shape Posting Apparatus] થી કેળવાયા. [આ મોન્ટેસોરી સાધન નથી પણ બાલ કેળવણીના સાધન તરીકે લેખી શકાય.]

હમણાંની ઋતુને લઈને દિવસો બહુ રળિયામણા લાગે છે. એક સવારે અમે ખેતરો અને આંબાવાડિયામાં ફર્યાં. ઘેટાં અને બકરીનાં બચ્ચાં પંપાળ્યાં. ખેતરોમાં પડાવ નાખીને વણઝારાનાં ઊંટ જોયાં, આંબાતળે ઢોરો ચારતાં છોકરાંઓને રમતાં જોયાં, અને કોશ ખેંચતા બાળદને જોયા.

અમારા કૂવા પાસે ફાલસાની ઝાડીમાં પાંચ કુરકુરિયાં જન્મ્યાં છે. ત્યાં અમે રોજ જઈએ છીએ. તેમની સામે તે બહુ મૃદુતાથી રમે છે. હવે દૂધ પણ પીવડાવે છે. કુરકુરિયાને ઊંચકીને ખોળામાં બેસાડી આનંદ માને છે.

એક દિવસે મદારીને બોલાવી માંકડાં અને સાપનો ખેલ જોયો હતો.

ક. ની સાથે મને એક પ્રકારની પૂર્ણ સાથીદારી લાગે છે. તેની સાથે કાંઈપણ કરવામાં મારું મન એકસ્વર બની જાય છે. પ્રત્યેક વસ્તુ તરફ તે એવો પ્રતિધ્વનિ આપે છે, કે મારું હૃદય નાચી ઊઠે છે. બાગમાં ફરતી વખતે પક્ષીઓના અવાજ એકચિત્તે સાંભળે છે, અને મને સાંભળવા કહે છે. પછી તેમનું તે અનુકરણ કરે છે. પવનનો સિત્કાર વાંસના ઉપવનમાંથી સંભળાય છે અને તે આંગળી ઊંચી કરી, મુગ્ધ બની મને સાંભળવા કહે છે. તે ફૂલો સૂંઘે છે. પ્રાણી પંખી પર હેત કરે છે. સંગીત સાંભળે છે અને નાચે ડોલે છે. સાથે ફરે છે અને આનન્દ કરાવે છે. દરેક વસ્તુને અવલોકી પોતાનો પ્રતિશબ્દ આપે છે.

ખંડિત વસ્તુ તરફ તેનું ધ્યાન તરત જ ખેંચાય છે અને તે દુભાય છે. ઝૂ...હા...ઝૂહા'એમ કહી પોતાને વાગ્યું હોય તેમ વેદના બતાવે. તેનાં મામા ગૌ. ના કપાળ પર નાના મસા જેવું છે; તે પર આંગળી મૂકી બતાવે. કાંઇ ફાટી ગયું હોય, કોઈમાં છિદ્ર પણ હોય તો તે તરત જ દેખાડે. કોઈને ઘેર જઈએ તો આવી વસ્તુઓ દેખાડી અમને વિનોદ સાથે સંકોચશીલ બનાવી દે છે. અખંડ વસ્તુને તોડતો નથી. ખંડિત વસ્તુને જોડવાનો યત્ન કરે છે અને તે જોડાય નહીં તો જાણીબૂઝીને તોડી-ફોડી તેને ફેંકી દે છે.

ક. માસ્તર, પપા (ક. ના નાના), ગૌ. (મામા) ગી. અને ગિ. (માસી), ચિ. તથા લક્ષ્મણ, શોફર અને આયા સાથે તેને સૌથી વધારે પરિચય છે.

માસ્તરને જોઈને તો તે ખિલખિલાટ કરતો, હાથ ઊછાળતો દોડે છે, અને તેમની આંગળી ઝાલી ફરે છે. તેના નાના ચશ્મા તાણીને પહેરી લે છે. તેમની સાથે ટેલીફોનની રમત અને સન્તાકુકડી રમે છે. નાનાની લિફ્ટમાં ઉપર નીચે જાય, આવે અને પક્ષીગૃહમાં ફરવા જાય છે. મામા તેની ટીંગાટોળી કરે છે. ૨. જે પહેલાં તેને સંભાળતાં હતાં તે અમારે ત્યાંથી છૂટાં થયાં છે પણ જ્યારે ક. લાંબે વખતે તેમને મળે છે ત્યારે તેમને ભેટી પડે છે, અને તદ્દન નાના શિશુની જેમ અસહાય બની, તેમના ખોળામાં સૂઈ જઈ એકપણ શબ્દ બોલ્યા વગર લાડ કરતો પડી રહે છે.

તે તેના 'પપા'ની પાછળ ઘેલો જ રહે છે. પપા સાથે રમવું સૌથી વધારે ગમે છે. મ. તેને ઉછાળે, (જોનારનો તો જીવ ઊંચો થઈ જાય એમ તેની સાથે વર્તે) તેને ગોળ ગોળ ફેરવે તો તેને ખૂબ ગમે છે. તે મિલમાં હોય અને તેને પૂછીએ તો ક. કહે, 'પપા પમ્ ગયા'. (પપા મોટરમાં ગયા) પાછી ફરતી મોટરનો અવાજ સાંભળી હર્ષભેર 'પપા' 'પપા' કરતો દોડે છે. એમ તેમ કોઈવાર 'પપા' એમ મોટે સાદે બૂમો મારે છે. પપા કોઈ બીજા બાળકને લે અને રમાડે તો તે વખતે 'ના' 'ના' એમ વિરોધ પણ કરે.

તેનામાં ચાંચલ્ય નથી. અહીંથી અમે જૂવાળ ગયાં હતાં. તે એક તળાવ છે. જતાં આવતાં ચાલીસ માઈલથી વધારે થાય છે. રસ્તો ખરાબ હોવાથી પાંચેક કલાક થયા. તેમ છતાં તે આરામથી બેઠો.

ખૂલ આનન્દ—છલકાતા આનન્દમાં રહે છે. મનની અપૂર્વ શાન્તિ દેખાય છે.

—મારી બાલવાડી—

પત્ર પહેલો

ચિ૦ બેન પાર્વતી,

તારો પત્ર મળ્યો. એક નાનકડા ગામમાં તું બાલવાડી ચલાવે છે, અને ૨૫–૩૦ બાળકો નિયમિત આવે છે એ સાંભળી આનંદ થયો. એ જ રીતે ખંતથી કામ ચલાવીશ તો તારી બાલવાડી ખીલશે જ.

હું પરમ દિવસ અહીંથી દોઢ માઈલ દૂર આવેલા મોટા તળાવપર ગઈ હતી. ત્યાં પંદર વીસ વાલીં લોકોનાં ઝૂંપડાં છે. સાંજના જ ગયેલી એટલે પુરુષો બધા બીડી પીતા ઝૂંપડીઓને બારણે જ બેઠા હતા. સ્ત્રીઓ ટાપટીપ કરીને વાળ હોળી, પહેરેલાં અને જૂનાંપુરાણાં કપડાંને જ જરા ઠીકઠાક કરીને પુરુષો સાથે જ ગપ્પાં મારતી ઊભી હતી. કેટલાંક બાળકો ત્યાં જ આસપાસ રમતાં હતાં. કેટલાકનાં ઢોર ધેર પાછાં આવતાં હતાં, અને ઢોરની પાછળ એમનાં છોકરાંઓ પણ ચારતાં હતાં. બહુ મોટી ઉમરનાં તો તેઓ ન હોતાં જ. હશે, પાંચથી બાર વર્ષ સુધીનાં. બધાં ઘણા ખરા પુરુષો અને છોકરાઓને શરીરે માત્ર લંગોટી જ હતી; કોઈ એકાદાએ ફાટયું તૂટયું પહેરણ પહેરેલું. સ્ત્રીઓની તંદુરસ્તી સારી લાગી. જુવાન પુરુષો જ ઠીકઠાક સશક્ત હતા. બિચારાં ઘરડાં બુઢ્ઢાં તો ખૂબ જ દુબળાં દેખાયાં નાનાં નાનાં બાળકોનાં તો હાથપગ દોરડી અને પેટ ગાગરડી. બધાને કૃમિ તો હતા જ. ખસ, ખરજવાનું તો પૂછવું જ નહીં.

આવા આ લોકોનું નિરીક્ષણ કરતાં એક વાત મારા ધ્યાનમાં આવી તે એ કે તેમનાં ઘર, આંગણાં લીંપી ગૂંપીને ખૂબ જ ચોખ્ખાં રાખ્યાં હતાં. કયાંક ભીંતો ઉપર હાથથી પંજા પાડીને રંગના આકારો પણ આલેખેલા, એકંદરે આ લોકોને પણ કલાત્મક જીવન જીવતાં તો આવડે છે ખરું.

મેં હળવે હળવે આ લોકો સાથે વાતો કરવાની શરૂઆત કરી. આ જગા કોની? ઝૂંપડી કોણે બાંધી? કામ પર કયાં જાઓ છો? વગેરે વગેરે. પહેલાં તો કોઈ જ જવાબ ન દે. પણ પછી મેં એમનાં બાળકોની બાબતમાં વાતચીત શરૂ કરી. હું પાસે જ, ઓરડીમાં રહું છું કહીને મારી ઓળખાણ આપી. તમારાં બાળકો માટે એક શાળા હું શરૂ કરવાની છું એમ પણ કહ્યું. એટલે ધીમે ધીમે એમને વિશ્વાસ બેઠો. પછી તો થોડાં સ્ત્રી પુરુષો મારી પાસે આવ્યાં અને અમે લહેરથી એક કલાક સુધી વાતો કરી. પહેલાં તો મેં એમને પૂછયું : 'તમારી ભાષા કઈ? મરાઠી કે ગુજરાતી?' પણ કોઈ કંઈ સમજ્યુ જ નહીં. પછી મેં મરાઠીમાં બોલીને જ પૂછયું કે આ ભાષા તમે સમજો છો? એટલે એક જણે મરાઠીમાં જ મને કહ્યું કે હા, હા, સમજીએ છીએ. પણ પાછો પોતાના છોકરાને સાથે એ બોલ્યો તે ગુજરાતીમાં. પછી હું ગુજરાતીમાં જ તેમની સાથે બોલવા લાગી એટલે એમના ચહેરા ખીલી ઊઠયા. મને ખબર પડી કે એમની ખરી ભાષા ગુજરાતી છે. પણ પોતે બોલે છે તે ગુજરાતી ભાષા છે, એવું જ્ઞાન તેમને કયાંથી હોય? પછી ધીમે ધીમે ગુજરાતીમાં જ બીજી વાતો કરવાની શરૂઆત કરી. આ વાલીં લોકો પાસેના ડુંગરાઓમાંથી વાંસના ભારા લાવે, લાકડાના ભારા લાવે; ઘાસની મોસમનાં ઘાસ વાઢવા રોજ જાય, ડાંગરની લાવણી કે કાપણી વખતે તેઓ દાડી કરે અને પોતાનું પેટ ભરે. સ્ત્રીઓ પણ આવી જ મજૂરી કરે છે. ઈંટોની ભઠ્ઠીઓ પર કે કડિયાઓના હાથ નીચે કામ કરતી આ સ્ત્રીઓ કોઈ વાર દેખાય છે ખરી. છોકરાં જરા મોટાં થયાં કે ઢોર ચારવાં જાય. ટૂંકામાં બધાં જ પોતાનાં પેટ માટે મહેનત કરે છે અને તો પણ વરસના ત્રણસો સાઠે દિવસ અધભૂખ્યાં જ હોય છે. તેમને સરકારે જગા આપી છે. ત્યાં પોતાની મહેનતથી તેઓએ ઝૂપડાં બાંધ્યાં છે. ભાતનું ઓસામણ અને માછલી એ તેમનું મુખ્ય ખાણું. જંગલમાં જુદાં જુદાં ઝાડોનાં ફળ અને તળાવની કમળ કાકડી એ એમનાં છોકરાંઓનો ભાગ [પ્રિય ખોરાક]. ઘણાઓના ચાર ચાર પાંચ પાંચ બાળકો બે ચાર વરસનાં થઈને મરણ પામેલાં. સરકારે દારૂ બંધ કર્યો તે તેમને બહુ પસંદ ન પડયું. એમને ચાર માઈલથી રેશન લાવવું પડે છે અને તે પણ નિયમિત મળતું નથી, એવી એમની ફરિયાદ છે. કારણ કે તેમને બિચારાંને અઠવાડિયાનું ભેગું રેશન લાવવાનું પોષાય તેમ નથી. રોજ પૈસા કમાઈને એનુ જ અનાજ લાવવાનું એમને ફાવે.

આવી તો કેટલીયે સુખદુઃખની વાતો થઈ. મને પણ તેમણે પૂછયું, તું કયાં રહે છે? તારે ધેર કોણ છે? તારો ધણી કયાં છે? મરી ગયો પછી બીજાં લગન કેમ ન કર્યાં? વગેરે. મેં પણ નિખાલસપણે જવાબો આપ્યા. પછી કહ્યું, અહીં મારે એક નિશાળ શરૂ કરવી છે. કરું ને'?

'અરે બાઈ, કેટલાંય આવીને કહી ગયાં. પણ હજી કોઈએ નિશાળ શરૂ કરી નથી.' એક જણે કંટાળીને કહ્યું.' 'એમ ને! ભલે. હું હવે આવતી કાલે આવીશ

હો !' મેં તેમને આશ્વાસન આપ્યું અને ઘેર આવવા નીકળી. પણ તે માયાળુ લોકોને મારી મહેમાનગતી કરવાનો વિચાર થયો. એકદમ એકજણ ઝૂપડીમાં ગયો અને ખોબો ભરીને બોર લઈ આવ્યો. તાજાં અને મીઠાં એ બોર હતાં. અમે સૌએ બેસીને ખાધાં અને એમને જયહિંદ કરીને ઘેર પાછી આવી. મનમાં આખી રાત આ લોકોનો જ વિચાર ચાલતો હતો. આજ ફરી મોટા તળાવ પર ગયેલી. આજે હું જરા વહેલી ગયેલી. પુરુષો નહોતાં પણ સ્ત્રીઓ અને બાળકો મારી વાટ જોતાં હતાં. છોકરાં ઘણાં હતાં. ત્રણથી માંડીને બાર વર્ષ સુધીનાં છોકરાં અને છોકરીઓ ત્યાં હતાં. કોઈને નિશાળના સરકાર નહોતા. અક્ષરનો આંકડોય આવડતો નહોતો. હાથ પગ અને મોઢાં ધોઈને અને તેમને આવડે તેવા વાળ હોળીને આ બધાં મારી વાટ જોતાં હતાં. આજે તેમને ભણવાનું મળશે એવી આશાથી તેમની આતુરતા ક્ષણે ક્ષણે વધતી હતી. ખૂબ પ્રેમથી તેમણે મારું સ્વાગત કર્યું. પછી તે છોકરાંઓને લઈને બાલવાડી માટે જગા શોધવા હું તેમની સાથે નીકળી. થોડીકવાર ચાલ્યા ત્યાં એક મેદાનમાં, આંબા નીચેની એક જગા પસંદ કરી. પાછળ ઊંચો એવો ડુંગર, પાસે જ કમળથી પ્રફુલ્લિત તળાવ, આજુબાજુનાં નાળિયેરી, આંબલી, લીંબુ વગેરેનાં ઝાડો અને બરાબર માથે જ આંબાનું ઘટાદાર છત્ર. આવી વિશાળ, સુંદર જગા છે. તરત જ અમે જગા સાફ કરવાની શરૂઆત કરી. ખજૂરીની જ સાવરણી કરેલી. સફાઈ કરી રહ્યા પછી અમે કુંડાળામાં બેઠાં અને રઘુપતિ રાઘવની ધૂન શરૂ કરી. પછી એક બે બાળગીતો ગાયાં. એક વાર્તા કહી. છોકરાંઓ ખૂબ જ આનંદમાં હતાં. 'આપણે આપણી આ વાડીનું નામ શું રાખીશું ?' મેં પૂછ્યું. નાનકડાં મગજને કામે લાગ્યાં. અતિશય પવિત્ર જગા એટલે એમની દૃષ્ટિએ મંદિર. એટલે આપણી આ શાળાને પણ કંઈક મંદિર એવું નામ આપીએ એવું તેમને લાગતું હતું. છેવટે મેં સૂચવ્યું. આપણે બાલમંદિર કહીશું કે ? બધાં નાચવા માંડ્યાં. પણ બાલમંદિર તો બધાં બાળકોની શાળાને કહેવાય. તો પછી આપણી શાળાને આ જુદી કેવી રીતે ઓળખવી ? ફરી સૌ માથું ખજવાળવા લાગ્યાં. 'આંબા નીચેની વાડી એવું કહીશું ?' એકે કહ્યું, મેં કહ્યું. ભલે, આંબાવાડી કહીશું,' બધાને બહુ જ પસંદ પડ્યું. નામકરણ બદલ બે નાળિયેર વધેરાં. વાડીની જગામાં બધે પાણી છાંટ્યું. બધાએ મળીને કોપરું ખાધું, આમ અમારી બાલવાડીનું આજે ઉદ્ઘાટન થયું. હવે તેનો વિસ્તાર થતો જશે' એમ જણાવતી જઈશ, તું તારી વાડીનો વૃત્તાંત જણાવજે

બોરડી, તા. ૨૬-૧-૪૯

તારા અનૂતાઈ
અનુ: યશવંત

નૂતન બાલશિક્ષણ સંઘ

૧૯૪૮ ની સાલનો અહેવાલ.

૧૯૪૮ ની સાલમાં નૂતન બાલશિક્ષણ સંઘનાં, પહેલાં હતાં તે બધાં કામો ચાલુ રહ્યાં હતાં, અને તે ઉપરાંત એક બે નવાં કામો પણ શરૂ કરવામાં આવ્યા હતાં. તે બધાંનો અહેવાલ નીચેપ્રમાણે છે.

૧. શિક્ષણપત્રિકા

આ વરસ શિક્ષણપત્રિકાનું કામ કરકસરના ધોરણથી લેવામાં આવ્યું હતું, કારણ કે ગયે વખતે કરેલા સુધારને કારણે શિક્ષણપત્રિકામાં લગભગ રૂ. ૫૦૦૦) જેટલી ખોટ સંઘને સહન કરવી પડી હતી. કરકસરમાં ખાસ તો ચિત્રો મૂકવાનું બંધ કર્યું, વેતનિક તંત્રી રાખેલા નહી, અને કાર્યાલયનો ખર્ચ પણ ઘટાડવામાં આવ્યો. પરિણામે અમને જણાવતાં આનંદ થાય છે કે શિક્ષણપત્રિકામાં ધાર્યા પ્રમાણે આ વરસે આવક થઈ છે, અને ખર્ચ પણ આવકની અંદર જ રહ્યો છે.

શિક્ષણપત્રિકાની સીધી આવક, તથા રૂ. ૧૦૦૦) નું દાન મળીને કુલ રુ. ૧૨૦૦૦) થાય છે, જ્યારે ખર્ચ, આગલા વર્ષના રૂ. ૧૫૦૦) જેટલા દેવાનાં બિલો ચૂકવ્યાં પછી પણ રુ. ૧૧૦૦૦) થાય છે. એ ઉપરથી એમ દેખાય છે કે પહેલેથી ચાલતું આવ્યું છે તેમ જ નિર્વેતન તંત્રીઓ જ શિ, પ. ચલાવે તે જ જરૂરનું છે. તેમ જ અત્યારની મોંઘવારીમાં ચિત્ર વગેરે દાખલ કરવાં હોય તો લવાજમ આજના કરતાં ઘણું વધારવું પડે. પણ આ માસિક મુખ્યત્વે બાલશિક્ષણનો સંદેશો ઘેર ઘેર પહોંચાડવાના ઉદ્દેશથી ચલાવવામાં આવે છે, તેથી લવાજમ વધારવું એ યોગ્ય લાગતું નથી.

શિ. પ. ના ગ્રાહકો દર વરસે થોડા થોડા ઘટે છે એ ઘણા જ દુઃખની વાત છે. શ્રી. બાબીબેન મૂળજી અને શાખાઓમાંથી કેટલાક ઉત્સાહી કાર્યકરો ગ્રાહકો વધારવા ખૂબ મહેનત કરે છે છતાં ગ્રાહકોની સંખ્યા ઘટી છે, એ નીચેના આંકડાઓ પરથી દેખાશે.

ગુજરાતી શિક્ષણપત્રિકા

૪૭ ની ગ્રાહકસંખ્યા	૪૮ માં ઘટયા
૧૯૦૨	૪૧૧

૪૮ માં વધ્યા	૪૮ આખરે ગ્રાહકસંખ્યા
૨૮૨	૧૮૭૩

મરાઠી શિક્ષણપત્રિકા

૪૭ ની ગ્રાહક સંખ્યા	વધ્યા	ઘટયા	ફુલ
૮૪૨	૨૧૨	૧૫૧	૭૮૧

હિંદી શિક્ષણપત્રિકા

૪૭ ની ગ્રાહક સંખ્યા	૧૭૭	૩૩૬	૬૬૦
૫૦૧			

શિ. ૫. ના પ્રચાર માટે ખાસ કરીને બે યોજનાઓ વિચારાઈ છે. ડિસ્ટ્રિકટ લોકલ બોર્ડની શાળાઓમાં વધારે શિ. ૫.ઓ લેવાય તે માટે પ્રયત્નો ચાલુ છે. ૧૯૪૯માં તે સંબંધમાં પૂરતો પ્રયત્ન કરવા ધાર્યું છે.

ઉપરાંત, સંઘની સાથે જોડાએલી શાળાઓમાં આવતાં બાળકોનાં વાલીઓને શિ. ૫. લેવાનો આગ્રહ કરી શકાય. દાદરના શિશુવિહારે કેટલાંયે વર્ષોથી તેમનાં બાળકોનાં વાલીઓને શિ. ૫. ફરજિયાત લેવાનું કર્યું છે. છતાં કોઈ પણ વાલીએ એની સામે વાંધો ઉઠાવ્યો નથી. આ જ ધોરણ મુંબઈની બીજી શાળાઓ અવશ્ય સ્વીકારી શકે અને તે માટે પ્રયત્નો ચાલુ છે.

પત્રિકાનાં લખાણ અને ભાષા શુદ્ધિ તરફ નવા વરસથી વધારે ધ્યાન આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. ગુજરાતી પત્રિકાનું , ભાષા શુદ્ધિ વગેરેનું કામ શ્રી. જમુભાઈ દાણી-ને, અને મરાઠી પત્રિકાનું એ કામ શ્રી. ભાસ્કરરાવ કર્વેને સોંપવામાં આવે તો આ બાબત ઘણું સંતોષકારક પરિણામ આવશે, એમ અમને આશા છે.

પત્રિકાના લેખો લખનારાઓની સંખ્યા જરાપણ વધતી નથી એ એક ખૂંચે એવી વાત છે. આ ક્ષેત્રમાં, કામ કરનારા તેમ જ શિક્ષણ અંગે મૌલિક વિચાર કરનારા લેખકોને વારંવાર વિનંતી કરવામાં આવે છે. છતાં બહારથી આવતા લેખોની સંખ્યા થોડી જ હોય છે તેથી તંત્રી ઉપરનો ભાર જરાપણ ઓછો થતો નથી. અમારી વિનતિ છે કે સૌ લેખકો અને વિચારકો આમાં સહાય કરે.

શિ. ૫. ની વ્યવસ્થાનું કામ શ્રી. બાબીબેન મૂળજીએ ઘણી જ મહેનત અને ખંતથી કર્યું છે. હિન્દી શિક્ષણ-પત્રિકાની બધી જ જવાબદારી શ્રી. કાશીનાથજી તેમ જ તેમના મદદનીશ શ્રી. શંકરભાઈ ત્રિવેદીએ ઉપાડી લીધી છે. શ્રી. કાશીનાથજી મારફત મધ્ય ભારતમાં તેનો પ્રચાર પણ સારી રીતે થઈ રહ્યો છે.

૨, ગ્રામ બાલશિક્ષા કેન્દ્ર, બોરડી.

આ સંસ્થા પોતાનું કામ ખંત અને ઉત્સાહથી કરે છે અને દિવસે દિવસે વિકસતી જાય છે. ગામડાંઓમાં કામ કરવામાં કેટકેટલી મુશ્કેલીઓ આવે છે તેનો ખ્યાલ કાર્ય-કર્તાઓને છે. મુખ્ય અડચણ, કાર્યકર્તાઓનો પોતાનો જ શહેરી દૃષ્ટિકોણ બદલી ગ્રામોદ્ધારની દૃષ્ટિ જ મન આગળ રાખી કામ કરવું એ છે. ગામડાનાં લોકોમાં ગમે તેટલો ભળવાનો પ્રયત્ન કરવા છતાં કાર્યકર્તા તેમને માટે બહારના માણસ જેવો જ રહે છે, એ દેખાઈ આવે છે. આનો અર્થ, ત્યાં કાર્ય થતું નથી કે કાર્ય નિરાશાજનક છે, એવો નથી. કાર્યકર્તા જાગ્રત છે; રોજ વિચારતો પણ રહે છે, એટલે સંસ્થા દર વર્ષે એક એક કદમ આગે બઢે જ છે. આ સંસ્થાનો સ્વતંત્ર ને વીગતવાર અહેવાલ પછીના અંકમાં આવશે.

૩ નિરીક્ષણ.

મુખ્ય નિરીક્ષક શ્રી. તારાબાઈ મોડકે આ વખતે નિરીક્ષણનું કામ શ્રી. સ. આ. કેળકર, સૌ૦ સરલાતાઈ દેવધર અને સૌ૦ કમલિનીબાઈ દામલેને સોંપ્યું હતું.

શ્રી. કેળકરે જુલાઈ ઓગસ્ટમાં મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં બાલમંદિરોનું નિરીક્ષણ કર્યું. તેમની સાથે ગુજરાતી ભાષામંત્રી શ્રી. કમળાશંકર પંડિત અને કેટલેક ઠેકાણે મધ્ય ગુજરાત શાખાના મંત્રી શ્રી. નટુભાઈ બરાનપુરિયા ફરેલા.

સૌ૦ સરલાતાઈ દેવધરે મુખ્યત્વે મુંબઈનાં બાલ-મંદિરોનું નિરીક્ષણ કર્યું હતું. સૌ૦ કમલિનીબાઈ આ વખતે નિરીક્ષણનું કામ કરી શક્યાં ન હતાં.

આ બધાંનાં નિરીક્ષણનો વીગતવાર અહેવાલ હવે પછી પ્રગટ થશે.

૪. શાખાઓનું કામ:—

ગુજરાતમાં ચાર, સૌરાષ્ટ્રમાં એક, કચ્છ એક, મહા-રાષ્ટ્ર એક, **મધ્યપ્રાંત એક અને મધ્યભારત એક,** એમ એક દર નવ શાખાઓ છે. તેમાંની કેટલીક શાખા-ઓનો અહેવાલ આગળ આવશે.

આ શાખાઓમાં કચ્છની શાખાએ લગભગ કશું જ કર્યું નથી. મધ્યપ્રાન્તમાં નાગપુરમાંની શાખાએ આ જ સુધી શાખાનું બહુ કામ નથી કર્યું તો પણ શાખાઓના કાર્યકર્તાઓએ બાલમંદિર ખૂબ જ પરિ-શ્રમથી ચલાવ્યું છે અને એ માટે એક સુંદર અને સ્વતંત્ર મકાન ગયે વર્ષે બંધાવ્યું છે. આ વખતે પોતાના શિક્ષ-કોને વિશેષ તાલીમ આપીને ત્યાં અધ્યાપન મંદિર પણ શરૂ કરવાનો વિચાર એમણે કર્યો છે.

મધ્યભારતમાં ઈંદોરમાં હિન્દી શિક્ષણપત્રિકા ચાલે છે. પત્રિકા માટે શ્રી. કાશીનાથજી પ્રચાર કરે છે. ત્યાંના શાખામંત્રી પોતાનું જ બાલમંદિર ચલાવે છે, તેથી

શાખાને નામે આ સિવાય કોઈ પ્રવૃત્તિ ચાલતી ન હોવાથી શાખાના અહેવાલ તરીકે કશું આપી શકાતું નથી. બાકી ત્યાં પણ બાલશિક્ષણનું કામ ધીમે ધીમે બલવત્તર બની રહ્યું છે.

બધાથી પાછળ શરૂ થએલી એ પૂના શાખા છે. તેનો ઉત્સાહ ખૂબ જ છે. તે જ પ્રમાણે ગુજરાતમાં ઉત્તર ગુજરાત શાખા બૂબજ કાર્યશીલ છે. મુંબઈની શાખાએ આ વરસે બાલશિક્ષણ નગરની મોટી યોજનો પાર પાડી. બાકીની શાખાઓનાં કામ સાધારણ રીતે ધીમાં જ ચાલે છે. આ નવા વરસમાં બધી શાખાઓમાં નવું બળ આવે એવું ઇચ્છીએ.

૫. સંમેલનો વગેરે

આ વર્ષે શાખાઓનાં કે મધ્યસ્થનાં ખાસ સંમેલનો થયાં નથી, પણ દાદરના શિશુવિહાર મંડળ સાથે મળીને, મુંબઈ શાખા અને મધ્યસ્થ શાખાએ બાલશિક્ષણ નગરનું મોટું પ્રદર્શન સફળતાપૂર્વક પાર પાડયું તે નોંધવા લાયક મુદ્દો છે. પ્રાથમિક ખર્ચનો ભાર પણ એમણે ઉપાડયો હતો અને પ્રત્યક્ષ કાર્યમાં પણ પૂરેપૂરો ભાગ લીધો હતો. એકંદરે પ્રદર્શનની દૃષ્ટિએ આખો કાર્યક્રમ સારી રીતે યશસ્વી થયો ગણાય. બેાટ આવશે કે.કેમ એવી બીક પણ શરૂઆતમાં રહેતી હતી; તે દૃષ્ટિએ રૂા ૫૭૦૦૦ ની આવકમાંથી ત્રીસ હજાર ખર્ચના બાદ જતાં બન્ને સંસ્થાઓને રૂ. તેર તેર હજાર જેટલી આવક મળી એ પ્રાપ્તિ પણ ઠીક ગણી શકાય; જોકે સંઘનાં કામો અને ખર્ચ જે ગતિએ વધે છે તે દૃષ્ટિએ આ આવક ઘણી જ ઓછી છે. બીજાં અનેક કામોને માટે મુંબઈમાં સહેલાઈથી ફંડ ઊભાં થાય છે ત્યારે બાલશિક્ષણ જેવા અગત્યના કામ માટે હંમેશ નાણાની તાણ રહે છે; આ સ્થિતિ શા માટે રહે છે એનું કારણ શોધવું જોઈએ એમ લાગે છે. એને અંગેની એકાદ કાયમી સમિતિ અને કાયમી યોજના ઘડાય એ જરૂરનું છે.

બાલશિક્ષણ નગરનો સમગ્ર અહેવાલ તેની સમિતિ તરફથી બહાર પડવાનો છે. એટલે તે વિષે અહીં વધારે લખવાની ખાસ આવશ્યકતા દેખાતી નથી. આવાં પ્રદર્શનો જુદા જુદા વિભાગોમાં આપણી શાખાઓમાં કરવાની ઇચ્છા ઘણાને થઇ છે. તે જ પ્રમાણે મુંબઈ, અમદાવાદ, વડોદરા, પૂના જેવાં સ્થળોએ એવાં કાયમી પ્રદર્શનો, ત્યાંના કોર્પોરેશન અથવા મ્યુનિસિપાલિટીઓ તરફથી રચાય અને તેનો લાભ ત્યાંનાં બાળકો દૂરથી લઈ શકે એવો પ્રયત્ન આપણા સંઘ તરફથી કરવામાં આવે એ ઇચ્છવા જેવું છે. એવા પ્રયત્નને યશ મળવાના સંયોગો હાલ ઘણા દેખાય છે.

૬. ગિજુભાઈ સ્મારક પ્રકાશન સમિતિ

આ વરસે સંઘે હાથ ધરેલી નવી પ્રવૃત્તિ તે ગિજુભાઈ સ્મારક પ્રકાશન છે. આજથી નવ વરસ પહેલાં શ્રી. પોપટલાલ ચુડગર અને બીજા મિત્રોએ ગિજુભાઈ સ્મારક તરીકે ભેગી કરેલી રૂ. ૧૧ હજારની જે રકમ તેમણે સંઘને સોંપી તેમનું સ્મારક કોઈ પુસ્તક પ્રકાશનના રૂપમાં થાય તેવી ઇચ્છા બતાવેલી. યુદ્ધકાળમાં એવી કોઈ પ્રવૃત્તિ હાથ ધરવી મુશ્કેલ હતી, એટલે વચલા ગાળામાં એવી કોઈ યોજના અમલમાં લાવી શકાઈ નથી. તે વખતે વિચારવિનિમય થયો હતો. આ વરસે એ પ્રકાશનો શરૂ કર્યાં છે. એની વ્યવસ્થા માટે નૂ. બા. શિ. સંઘે એક પેટા સમિતિ નીમી છે; તેના સભ્યો નીચે પ્રમાણે છે.

૧ શ્રી. તારાબેન પ્રેમચંદ [પ્રમુખ]
૨ શ્રી. તારાબેન મોડક [નિમંત્રક]
૩ શ્રી. બાબીબેન મૂળજી [સભ્ય]
૪ શ્રી. ગોપાળરાવ વિદ્વાંસ ,,
૫ શ્રી. જમુભાઈ દાણી ,,
૬ શ્રી. શેષ નામલે ,,
૭ શ્રી. વિનાયક પંડયા ,,

હાલ તુરત માટે પુસ્તકો રાખવાં અને વેચવાનું કામ શ્રી. બાબીબેનને સોંપવામાં આવ્યું છે; અને હિસાબ વગેરે શ્રી. તારાબેન પ્રેમચંદ જુએ છે. પણ તેના વેચાણ વગેરેની કાયમી યોજના વિચારાઈ રહી છે. આ યોજના અંગે હાલ તુરત ત્રણેક પ્રકાશનો હાથ ધરવામાં આવ્યાં છે. ૧. ચિત્ર પુસ્તકો. આ દૃષ્ટિએ 'બીકણ સસલી' ગુજરાતીમાં, અને મરાઠીમાં 'ભીતરા સસા' છપાયાં છે. ૨. અંકગણિતનાં પૂંઠાંઓ અને કાપલીઓ. એનો ઉપયોગ બાલમંદિરોમાં સારો થઈ રહ્યો છે. ૩. ભૌમિતિક આકૃતિઓ. એનાં પુસ્તકો પણ છપાઈ ગયાં છે.

આ પ્રકાશનોમાં ગણિત-ભૂમિતિનું સાહિત્ય શ્રી. નામલેની મહેનતથી શકય બન્યું છે. શ્રી. વિનાયક પંડયાએ ચિત્રોની પોતાને મળેલી રકમ સ્મારક ફંડને જ આપી છે. એટલું જ નહીં પણ તેઓ આ સાહિત્યનો પ્રચાર કરવા માટે ખૂબ મહેનત કરી રહ્યા છે.

૭ સરકારી મદદ

આ વર્ષે સંઘના કાર્ય માટે મુંબઈ સરકાર તરફથી સારી મદદ મળી છે. ગ્રા. બા. અધ્યાપન મંદિર અને બાલવાડી બેઉની મળીને સરકાર પાસેથી રૂા ૩૦૦૦ ની મદદ મળતી હતી. બૂ. તા. શાળા માટે સંઘને જેટલો ખર્ચ થતો તેટલો સરકાર પાસેથી મળતો હતો. આ વર્ષે

સંઘના પૂર્વ પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રમાં જેટલો ખર્ચ થયો હતો એ માટે રૂા ૨૦૦૦ જુદા જ મળ્યા છે. આ સિવાય ગ્રા. બા. શિક્ષાકેન્દ્ર જો ખેતી વાડીની યોજના કરે તો તેના પ્રાથમિક ખર્ચ માટે રૂા ૩૫૦૦, અને ચાલુ ખર્ચ માટે રૂા ૪૦૦૦, સુધી લોન તરીકે આપવાનું સરકારને નક્કી કર્યું છે.

આ ઉપરાંત સૌરાષ્ટ્ર સરકારે, કાઠિયાવાડમાં નૂ. બા. શિ. સંઘ, બાલમંદિરોનું જે નિરીક્ષણ અને માર્ગદર્શન કરે છે તે કામને લક્ષમાં લઈને, રૂા ૨૫૦ ની મદદ કરવાનું નક્કી કર્યું છે.

સંઘને હવે સૌથી વધુ ખોટ ગ્રા. બા. શિ. કેન્દ્રમાં જ આવે છે. સરકારની ખાસ મદદ આ નિરીક્ષણ કાર્ય માટે મળી એમ માનીએ તો હવે શાખા પોતાનો ખર્ચ પોતાની મેળે ચલાવી શકશે. શિક્ષણપ્રત્રિકા પણ વધુ પ્રયત્ન કરીને સ્વાવલંબી બનાવી શકશે. પણ ગ્રા. બા. શિ. કેન્દ્રએ હંમેશા ખોટમાં જ ચાલવાનું. દાદરમાં શિશુવિહાર મંડળ, બાલમંદિર અને અધ્યાપન મંદિર સાથે સાથે ચલાવે છે; પણ તે શહેરમાં ચાલતું હોવાથી બાળકોની ફી મેળવી શકે છે, જ્યારે ગામડામાં ફી રાખી શકાય નહીં. ઉલટું સ્નાન, દવાદારુ, દૂધ, નાસ્તો વગેરેનો ખર્ચ ત્યાં આપણે જ કરવો પડે છે. દર વર્ષે આટલો ખર્ચ પૂરો કરવો મુશ્કેલ લાગે છે. એમાં શિક્ષણરસિકોનો સક્રિય ફાળો આવશ્યક છે.

સંઘના આ વિવિધ કાર્યમાં જે જે ભાઈબહેનોએ સહાય કરી છે એ બધાંનો આ સ્થળે આભાર માનીએ છીએ અને તેમનો રસ અને સહકાર ચાલુ રહે અને વધે એવું ઈચ્છીએ છીએ.

તારાબેન મોડક.

શ્રી. કમળાશંકર પંડિત

[કવરના ૨ જા પાનથી ચાલુ]

વડોદરાના શિશુભારતી બાલમંદિરના સંસ્થાપક અને સ્વ. ગિજુભાઈના એક અનન્ય વિદ્યાર્થી શ્રી. કમલાશંકર પંડિત નૂ. બા. શિ. સંઘના ગુજરાતી ભાષાના મંત્રી હતા. ૧૯૪૩ માં તેમની પહેલી નિમણૂક થઈ. સને ૧૯૪૬ માં બીજી વાર એ જ નીમાયા. ગુજરાતની શાખાઓની સ્થાપના તેમને જ આભારી છે. પાંચ વર્ષ સુધી તેમણે ઘણા જ ખંત અને જાતમહેનતથી નિર્વેતન કામ કર્યું. કચ્છ અને કાઠિયાવાડમાં પણ તેમના પ્રયત્નથી શાખાઓ સ્થપાઈ. ચાર પાંચ વિભાગીય સંમેલનો થયાં. એ ઉપરાંત પ્રચારનું કામ પણ તેઓ કરતા. નિરીક્ષકોની સાથે એ પ્રવાસે નીકળતા ત્યારે સાથે સાથે પ્રચારનું કામ ચાલતું.

આ વર્ષે તેઓએ ભાષામંત્રીપદનુ રાજીનામું આપ્યું છે તેનું કારણ તેમની કૌટુંબિક પરિસ્થિતિ છે. સંઘને તે ઘણા જ દુઃખની સાથે સ્વીકારવું પડયું છે. છતાં ભાઈ પંડિતજીનો કાગળ છે કે 'ભાષામંત્રી ન હોવા છતાં મારાથી બનતું કામ તો કરીશ જ.' સંઘના કાર્ય સાથે તેઓ કેટલા એકરૂપ થઈ ગયા છે તે આ ઉપરથી સ્પષ્ટ થાય છે.

શિક્ષણ પત્રિકાનું વિકેન્દ્રીકરણ

આ વખતની બેઠકમાં બીજો એક અગત્યનો નિર્ણય શિક્ષણપત્રિકાના સંબંધમાં લેવાયો. મરાઠી પત્રિકા પૂના શાખાને સોંપવામાં આવી. તેનું અમુક અંશે સંપાદન, છપામણી, રવાનગી અને તમામ વ્યવસ્થા પૂના શાખાના પ્રમુખ અને વ્ય. મંડળના ચૂંટાઈને આવેલા એક સભ્ય શ્રી. માલિનીબાઈ પરાંજપે B. A. ને સોંપવામાં આવી છે. મરાઠી પત્રિકા માટે એક સંપાદક મંડળ પણ રાખવામાં આવ્યું છે. તેમાં શ્રી. તારાબેન મોડકની સાથે શ્રી. મ. પરાંજપે, શ્રી. કમલિનીબાઈ દામલે અને શ્રી. ભાસ્કરરાવ કર્વે, પૂનાના એ ત્રણ જણ રાખવામાં આવ્યા છે. શ્રી. માલિનીબાઈ એ આજ વર્ષે મૅડમ મૉંટીસોરીનો કોર્સ કર્યો, અને તેમાં ફર્સ્ટ ક્લાસમાં પહેલે નંબરે પાસ થયાં છે. તેમની નોંધો ખૂબ જ વખણાઈ છે. શ્રી. કમલિનીબાઈ એમ. એ. બી. ટી છે; તેમણે પણ મૅડમનો કોર્સ કર્યો અને વિશેષ ગુણ (distniction) મેળવ્યા હતા. તેઓ હાલ પૂનામાં ચાલતા બાલઅધ્યાપન મંદિરના આચાર્ય છે. શ્રી. કર્વે એ ગુરુવર્ય અણ્ણાસાહેબ કર્વેના ચિરંજીવી છે, અને બાલમાનસશાસ્ત્ર, બાલમનનું રહસ્ય વગેરે પુસ્તકોના લેખક છે. તેઓ ગુરુ અણ્ણાસાહેબ સાથે પાશ્ચાત્ય દેશોમાં ફર્યા છે અને ત્યાંની શિક્ષણશાસ્ત્રની ઉપાધિ પણ તેમણે મેળવી છે. ટૂંકમાં, મરાઠી પત્રિકાનું કામ આમ સદ્ધર પાયા ઉપર આ વર્ષે મૂકાય છે. વ્યવસ્થા વિભાગમાં પૂના શાખાના એક મંત્રી, શ્રી. જોગળેકર મદદ કરવાના છે એ આનંદની વાત છે.

આ વ્યવસ્થાના ફેરફારને કારણે ગુજરાતી પત્રિકા પણ છૂટી થઈ ગઈ. ૧૯૪૦ માં ત્રણે પત્રિકાઓ વ્યવસ્થાની સગવડને કારણે એકત્ર કરી શ્રી. તારાબેન પાસે લાવવામાં આવી હતી. હવે તેમનું કામ પણ વધ્યું છે અને સંઘનાં બીજાં કામો પણ વધતાં ગયાં છે, એટલે એ ત્રણે જુદી થાય ને જુદા જુદા

[અનુસંધાનં કવર પેજ ૩]

બાલવિલાસ

વર્ષ ૨૪ : અંક ૪ થો : એપ્રિલ ૧૯૪૯

"બાપુ સાંભરે રે"

★〰★

હું તો વહેલો જાગું ને બાપુ સાંભરે રે,
મારું મનડું તો તલ્લીન થાય રેઃ
હું તો વહેલો જાગું ને બાપુ સાંભરે રે.

હું તો તૂનાઈ કરું ને બાપુ સાંભરે રે.
મારી પૂણીનાં ફૂલડાં વેરાય રેઃ
હું તો તૂનાઈ કરું ને બાપુ સાંભરે રે,

હું તો રેંટિયો કાંતું ને બાપુ સાંભરે રે.
મારા સૂતરના તાર સરી જાય રેઃ
હું તો રેંટિયો કાંતું ને બાપુ સાંભરે રે.

હું તો કાપડ વણું ને બાપુ સાંભરે રે,
મારી બાદી મજાની વણાય રેઃ
હું તો બાદી વણું ને બાપુ સાંભરે રે.

હું તો ગીતા ગાઉંને બાપુ સાંભરે રે,
સત્ય, અહિંસાના સૂરો સુણાય રેઃ
હું તો ગીતા ગાઉંને બાપુ સાંભરે રે.

વેડછી — ભાનુભાઈ વાઘેલા

વસન્ત ઋતુ

મીઠી વસંત ઋતુ આવી ઓ બાળકો!
મીઠી વસંત ઋતુ આવી રે લોલ.

મહેકન્તાં ફૂલડાં લાવી ઓ બાળકો!
મહેકન્તાં ફૂલડાં લાવી રે લોલ.

વન વનનાં વૃક્ષો સુહાવી ઓ બાળકો!
વન વનનાં વૃક્ષો સુહાવી રે લોલ.

કોયલના કલરવ રેલાવી ઓ બાળકો!
કોયલના કલરવ રેલાવી રે લોલ.

જૂનાંને રૂપ નવાં લાવી ઓ બાળકો!
જૂનાં ને રૂપ નવાં લાવી રે લોલ.

મીઠી વસંત ઋતુ આવી ઓ બાળકો!
મીઠી વસંત ઋતુ આવી રે લોલ.

રતિલાલ ઓરણીઆ

ચકલીબેન

[રાગ દેશ : તાલ કહરવા]

ચકલીબેન, ચકલીબેન!
ચીં ચીં ચીં ચીં વાતો કરજો.
ચેલે કુંડે પાણી પીજો,
નેવામાંથી દાણા વીણજો,
મારે લીમડે કૂદકા દેજો... ચકલીબેન૦ [૨]

છતમાં નાનો માળો કરજો,
ઘાસ સુંવાળું ત્યાં ભરજો;
ઈંડાં ત્યાં મૂકી સાચવજો... ચકલીબેન૦ [૨]

ઈંડાંમાંથી બચ્ચાં થાશે,
જોઈ અંતર મારું હરખાશે;
પછી જગતભર ઊડી જાશો... ચકલીબેન [૨]

સ્વરલિપિ

ચકલી–	બે–ન	ચકલી–	બે–ન
નીસારે	મ–ગરે	સાનીધની	સા–સા
ચીં–ચીં–	ચીં–ચીં	વા–તો–	કરજો
મ–ગ–	સાનીધની	સા–રેગ	રે નીસા–
ચે–લી	કું–ડે–	પા–ની–	પી–જો–
મ–મ–	મગરેગ	મંપપ–	પમંપ–
ને–પાં–	માં–થી–	દા–ણા–	વીણજો–
ગપધ–	ધનીધપ	ધનીસારે	નીધપ–
મા–રે–	લીમડે–	કૂદકા—	દે–જો–
ની–સાં–	સાંરેનીધ	પધમગ	રેગસા–

બાકીની કડીઓ અંતરા મુજબ વગાડવી.

મગનલાલ વ્યાસ– સંપાદક

જમનામાનું હેત

હું ત્યારે દસેક વરસનો હતો. નરસિંહ કૂવાની પાસેના એક કારખાનામાં આંધળા જમનામા રોજ, કોઈની આંગળિયે દોરાઇ તમાકુ દળવા આવતી.

રોજ છ આઠ કલાક સુધી બંધ આંખે એ દળે અને સાંજ પડે એટલે ચાર છ પૈસા કમાઇ ઘેર જાય.

એ બિચારી આંધળી એટલે એકલી કેમ ઘેર જાય ? એણે એક યુક્તિ શોધી. જે એને ઘેર જઈ એને મૂકી આવે એને એ એક એક પાઈ રોજ આપવા લાગી. પછી તો ઘણાય છોકરા ડોશીમાને ઘેર મૂકવા જવા તૈયાર થયા. મને ય લોભ લાગ્યો. પછી તો સાંજ પડે અને બીજા છોકરાઓ ડોશીમાનો હાથ પકડે એ પહેલાં હું પહોંચી જતો અને રોજ એક પાઇ કમાઈ આવતો. સામે જ ચણામમરાવાળાની દુકાન હતી. ત્યાંથી પાઇના ચણા કે શીંગ લઇ આનંદથી ખાતો ખાતો ઘેર આવું અને બીજા દિવસની સાંજની રાહ જોઉં.

પછી ડોશીમાને મારી લત લાગી. હું મોડો જાઉં તો ય એ ઊભી રહે પણ બીજાની સાથે ઘેર ન જાય. મને ય માયા લાગી હતી; પણ એ તો પેલી દુકાનીની—પાઈની.

હુતાશણીના દિવસો આવે ને એ એના ઘરના હાંડલામાંથી બે પેશી ખજૂર કાઢીને મને આપે; તો કોઈ વાર કુલેર કરીને એક કોળિયો આપે; તો કોઈ વાર પ્રસાદની શેષ આવી હોય તો એ મારે માટે રાખી મૂકે. મને એની અને એને મારી, આમ ઠીક ઠીક માયા બંધાઈ હતી.

એ જમનામા એંશીક વરસના થઇ મરી ગયા. એ કયાંના હતા, કઈ નાતના હતા એની ય મને ખબર ન હતી. પણ એ માનવી હતા, દયાળુ હતા, પ્રેમાળ હતા એ તો મેં રોજ રોજ અનુભવેલું.

નાની એની ઓરડીમાં બીજું કોઈ માણસ ન હતું; પણ શેરીનાં છોકરાં માટે એ પૈસા બે પૈસાની ચીને લઈ ઘરમાં રાખતા ને જે ડોશીમાને ઘેર આવે તેને એ ખાવાનું આપતા.

આજે એ વાતને બત્રીસેક વરસ થયાં છે પણ હજુ જમનામાનું હેત મને યાદ આવ્યા જ કરે છે. એ નહોતી ભણી કે નહોતી ગણી; જિંદગીભર કમાઇને પાંચ પંદર રૂપિયા માંડ ભેગા કર્યા હશે. પણ શો એનો ભાવ! આંધળા, અભણ જમનામાનું હેત શી રીતે ભૂણાય ? એ જમનામા તો અનેક બાળકોની મા હતા. એ મરી ગયા છે, પણ એનું હેત કાંઇ મરી જાય છે?

જમુભાઈ દાણી.

પ્રદીપ

શિયાળાની ઋતુ હતી, એટલે પ્રદીપ ઠંડીને કારણે હાથ પગ ધોતો નહિ. આથી તેના હાથ પગ ઉપર મેલનો એટલો તો થર બાઝેલો કે બસ. પ્રદીપને તેની બા કહે, 'અલ્યા પ્રદીપ, નાહી લે. એટલે પ્રદીપે અતિશય ટાઢને લીધે એક લોટો પાણી શરીર પર ઢોળી આવે ને બહાર નીકળે.

બા જાણે કે પ્રદીપ નાહ્યો છે પણ તેના હાથ પગ કોણ જુએ? એક વખત પ્રદીપના બાપુજીએ તેના અંગ પરનો મેલ જોયો. એટલે એ પ્રદીપ અને તેની બા ઉપર તાડૂકયા. આથી પ્રદીપની બાએ પ્રદીપને કહ્યું, "અલ્યા પ્રદીપ, ચાલ આજ હું નને નવરાવું."

પણ પ્રદીપ તો, બા આંખમાં સાબુ લાવશે એ બીકે બહાર રમવા જ નાસી ગયો; થોડીવારે તેના બાપુજી તેને મારતા મારતા ઘેર લાવ્યા, ને નવરાવવા બેસાડ્યો.

જોર જુલમથી બેસાડેલા પ્રદીપના હાથપગ ઉપરનો મેલ જોઈ બાએ પણ એના ભાગની બે ચાર ધોલો લગાવી દીધી. પ્રદીપ રડતાં રડતાં નાહ્યો. કેવો વિચિત્ર પ્રદીપ!

ઓળખો છો એ વિદ્યાર્થીને ?

મદ્રાસની એક કૉલેજનો વિદ્યાર્થી, કૉલેજના પગથિયાં પર ઊભો રહી સામે આવેલાં ખેતરમાંના, પસીનાથી રેબઝેબ થયેલાં મુખડાંવાળા ખેડૂતને જોઇ રહ્યો હતો.

'અરેરે ? આવા ધૂમતડકામાં પણ આટલી સખત મજૂરી ? હું એની કઈ રીતે સેવા કરી શકું ?' એમ બોલી એણે એ અભણ ખેડૂતોને સુધારવા અને એમને ભણાવવાનો નિશ્ચય કર્યો. એક સાંજે કૉલેજના પગથિયાં ઉપરથી ઊતરી આસપાસનાં ગામડાંઓમાં ભટકવા એ ચાલી નીકળ્યો. એણે કોઈની રાહ જોઈ નહિ. એ એકલો જ ગયો. સખત તાપ હતો પણ અત્યારે એની સેવાની તમન્નાને કોઈ ડરાવી શકે એમ નહોતું. એ ગયો ગામડાંઓમાં. જ્ઞાન વિના ટળવળતા ભાંડુ-ઓને ભેગા કરી પ્રશ્ન પૂછ્યો, 'બહેનાઓ, તમને હું કંઈક શીખવું તો મારી પાસે શાંતિથી શીખો ખરા કે ?'

'જરૂર, ભણવા માટે તો અમને બહુ મન થાય છે, પણ અમને ભણાવે કોણ ? શીખેલાઓ તો અમારી ઠેકડી ઉડાવે છે, સૌ બોલી ઊઠ્યા.

'ચાલો, આજથી જ હું તમને ભણાવીશ. આ ભાંગેલા છાપરા નીચે જ આપણી શાળા."

ગામડીઆઓને આમ બોધ આપી વિદ્યાર્થી ઘેર આવ્યો. રાત્રિશાળા ચલાવવા એણે ઘેરથી ફાનસ લીધું. સાથે બે બીજા સાથી લીધા. એ પેલા ગામડામાં આવ્યો. બૂબ ઉત્સાહથી ખેડૂતો ને ગરીબો એની પાસે ભણવા આવ્યા. શાંતિથી એ દિવસનું ભણતર પૂરું થયું. વિદ્યાર્થીનો ઉત્સાહ વધ્યો. એને લાગ્યું કે, અભણ ગામડીઆઓને પણ ભણાવવામાં આવે તો એમની શક્તિના મહાન લાભો દેશને મળી શકે. એણે ભણાવવાનું ચાલુ રાખ્યું. છ મહિનામાં જ એણે આખા ગામને જ્ઞાનનું અમૃત પાયું, એમને લખતાં વાંચતાં શીખવ્યું, વ્યવહારુ ગણતાં શીખવ્યું. દેશ-પ્રેમના પાઠો પણ શીખવ્યા. પછી તો એણે આ ગાર માટીની શાળામાંથી મોટી, પાકી, સુંદર, બાંધણીવાળી શાળા ઊભી કરી. લોકો આ વિદ્યાર્થીની શક્તિ જોઈ અંજાયા. સૌ પોતાના જુવાનિયાઓને કહેવા લાગ્યા કે તમે પણ આ યુવક રાજગોપાલાચારી જેવા બની દેશની સેવા કરો. હવે ઓળખ્યો એ વિદ્યાર્થીને ? એનું નામ ચક્રવર્તી રાજગોપાલાચારી, એ છે આજના આપણા આઝાદ હિંદના ગવર્નર જનરલ.

બાબાભાઇ ઠેઠી

નૂતન કેળવણીના સિદ્ધાંતોને અનુસરતી શાળાઓને ઉપયોગી એવું શિક્ષણસાહિત્ય, બાલમંદિર અને નર્સરી સ્કુલનું પ્રબોધક સાહિત્ય, જ્ઞાન આપતી ઈતર પ્રવૃત્તિઓ માટે-નાં સાધનો, નકશા અને ચિત્રપટના લીસ્ટ માટે લખો અથવા આ બધું નજર સમક્ષ જોવા અવશ્ય મુલાકાત લ્યો.

જેચંદ તલકશી એન્ડ સન્સ,
૧૪૬, હોર્નબી રોડ, મુંબઈ ૧.

[પાન ૧૩ થી ચાલુ]

આણસો એક એક પત્રિકા હાથમાં લઈ તેને વિકસાવે એ જરૂરનું લાગવા લાગ્યું. ખાસ કરીને તે તે પત્રિકા તે તે ભાષાના કેન્દ્રમાં જાય તો જ તેનો પ્રચાર તે તે ભાષા-વિભાગમાં વધુ થાય એમ લાગ્યુ. આથી ગયે વર્ષે હિન્દી પત્રિકા શ્રી. કાશીનાથજી ત્રિવેદીને સોંપવામાં આવી અને તેનું સ્થાન પણ તેના મૂળ જન્મસ્થાને ઇંદોરમાં–લઈ જવામાં આવ્યું. તે જ વખતે, પૂનામાં મરાઠી પત્રિકાને લઈ જવામાં આવે તો સારું એમ વિચાર થયો હતો. તે આ વર્ષે હવે અમલમાં મૂકવામાં આવ્યો.

જેમ મરાઠી પત્રિકાનું સંપાદક મંડળ બનાવવામાં આવ્યુ છે, તેમ હિન્દી અને ગુજરાતીનું થવું જોઈએ. એટલે લેખનની જવાબદારી જે મોટે ભાગે એકલા તંત્રી ઉપર પડે છે તે વહેંચાઈ જાય, અને ભવિષ્યમાં શ્રી. તારાબેન અન્ય વધુ ઉપયોગી જ કામને લીધે આમાંથી નિવૃત્ત થાય તો પણ પત્રિકા આગળ ચલાવવાવાળા તૈયાર હોય. ગુજરાતી પત્રિકા હાલ તો શ્રી. વાણીબેન મૂળજી અને શ્રી. જમુભાઈ દાણીને સોંપવામાં આવી છે. તેને માટે એક સહાયક તંત્રીમંડળ નીમાય અને મુંબઈ શાખા એ આખું કામ ઉપાડી લે તે હવે શક્ય દેખાય છે. નજીકના જ ભવિષ્યમાં તેના સંબંધમાં પણ કોઈ સંગીન યોજના ઘડાશે એમ આશા છે.

સરકારી આર્થિક મદદ

આ વર્ષે નૂ. બા. શિ. સંઘના નિરીક્ષણ અને બાલ-શિક્ષણ કાર્યની કદર કરી, મુંબઇ સરકારે સંઘને રૂા. ૨૦૦૦ ની સ્વતંત્ર ગ્રાંટ આપી છે; તે ઉપરાંત ગ્રા. મા. શિ. કેન્દ્રને તેમના કામ અને હિસાબ ઉપર, ટ્રેનિંગ કોલેજોને અને બુનિયાદી શાળાને મળે છે તે ધોરણે, રૂા. ૪૫૭૯ ની ગ્રાંટ દર વર્ષની જેમ મળી છે. સૌરાષ્ટ્ર સરકારે પણ રૂા ૨૫૦ જેટલી મદદ કરવાનું અભિવચન આપ્યું છે. એ બધી વાતો બાલશિક્ષણનું ઉજ્જવળ ભાવી બતાવે છે. બાનગી પ્રયત્નોથી ગમે તેટલો પ્રચાર થાય પણ તેને સાર્વત્રિક કરવાનું કામ તો સરકાર જ કરી શકે; મુંબઈ સરકારે અને સૌરાષ્ટ્ર સરકારે એ કર્યું છે તે માટે એમને અભિનંદન.

અત્યારસુધી બધી પ્રાંતિક સરકારો અને મધ્યસ્થ સરકાર એમ જ કહેતી હતી કે પૂર્વ પ્રાથમિક શિક્ષણ બહુ સારુ છે પરંતુ આજે એ હાથ ધરવા માટે અમારી પાસે નાણાં નથી; અમારે પહેલાં પ્રાથમિક શિક્ષણ સાર્વત્રિક કરવું છે; બધી પ્રાથમિક શાળામાં મૂલ્યોદ્યોગ પદ્ધતિ દાખલ કરવી છે; નિરક્ષરતા અને અજ્ઞાન જે આપણા દેશમાં સાગર જેટલા વિસ્તૃત છે તે હટાવવા છે. માધ્યમિક, ઉચ્ચ અને અતિ ઉચ્ચ શિક્ષણ જે ચાલુ જ છે તેમાં યોગ્ય સુધારા કરવા છે, એટલે પૂર્વપ્રાથમિક જેવા એક નવા અને સર્વ-વ્યાપી કામની જવાબદારી અમે અત્યારે ન લઈ શકીએ. કોઈ પણ વિચાર કરનાર વ્યક્તિને એ વાત ત્યારે સ્વીકા-રવી પણ પડતી. છતાં મુંબઈ પ્રાંતની સરકારે આ દિશામાં પણ સંગીન પગલું ભર્યું છે તે માટે સરકારને અને ખાસ કરી કેળવણી પ્રધાન ના. ખેરસાહેબને ખૂબ જ ધન્યવાદ ઘટે છે. આ વર્ષના અંદાજપત્રમાં મુંબઈ સરકારે પૂર્વપ્રાથમિક બાલમંદિરો માટે ૪૦ હજારની નાની એવી રકમ મંજૂર કરી છે. એ રકમ ભલે નાની હોય તો પણ એક નવી વાતની શરૂઆત થઈ છે અને પૂર્વપ્રાથમિક શિક્ષણની અગત્યનો સ્વીકાર થયો છે એ વાત મહત્ત્વની છે.

આ ઉપરાંત, સરકારે: અધ્યાપન નિયંત્રણનુ કામ પોતાની પાસે લીધું. ગયા ત્રણ વર્ષથી સરકારમાન્ય એવું એક પૂર્વપ્રાથમિક અધ્યાપન નિયંત્રણ બોર્ડ એ કામ કરતું હતું. તેના ઉપર બાલઅધ્યાપન મંદિર, દાદર, અને પૂના તરફથી ચાર સભ્યો, નૂ. બા. શિ. સંઘના બે સભ્યો અને બે મુંબઈ સરકારના સભ્યો રહેતા. એ બોર્ડ, અભ્યાસક્રમ નક્કી કરવો, પરીક્ષા લેવી, પ્રમાણ-પત્રો આપવાં અને અધ્યાપન મંદિરોનું નિરીક્ષણ કરવું એટલાં કામો માટે સરકારે જુદુ બોર્ડ નીમી તેના ઉપર એ સંસ્થાના પ્રતિનિધિઓને લીધા છે. આ વાત પણ અત્યંત અભિનંદનીય છે. ખાસ તો પૂર્વ પ્રાથમિક શિક્ષણનો સરકારે વિચાર કરવા માંડયો છે એ જ એક શુભ ચિહ્ન છે. સુંદર પ્રારંભ છે.

સ્વ. ગિજુભાઈ જેવા સમર્થ કેળવણીકાર પોતાનુ અધ્યાપનમંદિર ચલાવે અને શ્રી. દક્ષિણામૂર્તિ ભવનના નિયામક શ્રી. નાનાભાઈ ભટ્ટ પ્રમાણપત્ર આપે એ વાત જુદી હતી. પણ હવે જ્યારે અનેક અધ્યાપન મંદિરો નીકળવાનો સંભવ છે ત્યારે તેનુ નિયંત્રણ થવું જરૂરી હતું. આમ થાય તો જ તેના અભ્યાસક્રમમાં અને અધ્યાપનમાં કાંઈક એકવાક્યતા રહે અને અમુક ધોરણ પણ સચવાય. સરકારી તંત્રમાં, યંત્રવત્પણું વધારે હોય છે એ વાત સાચી, તેથી ઘણીવાર નવી દિશામાં થતો વિકાસ રૂંધાવાનો સંભવ છે, પણ આજને તબક્કે તો અધ્યાપનકાર્યને, સરકારનિયંત્રણ લાભકારક જ છે એમાં શંકા નથી. જે દિવસે સરકારનું કામકાજ યંત્રવત્ થઈ જશે તે વખતે નવા ગિજુભાઈ પણ એ બંધનો તોડવા માટે અને નવા ચીલા પાડવા માટે નિર્માણ થશે જ.

ત્રા.૦

Regd. No. 2241

કચ્છમાં તાલીમ વર્ગ

આવતા મે વેકેશન દરમિયાન કચ્છ ભીદડા ખાતે શ્રી- કે. વી. ઓ. જૈન એજ્યુકેશનલ સોસાયટી તરફથી "શિક્ષણ તાલીમ વર્ગ" યોજવામાં આવ્યો છે.

આ વર્ગમાં તાલીમ આપવા માટે શિક્ષણ નિષ્ણાતોનો સહકાર મળ્યો છે; એટલું જ નહિ પણ મુંબઈમાં તાજેતરમાં એકઠી મળેલી શિક્ષણસંસ્થાના સંચાલકો તથા કેળવણીરસિકોની સભાએ, આ વર્ગની યોજનાને આવકાર આપી. સંપૂર્ણ સાથ આપવા તૈયારી બતાવી છે. સર્વે સંચાલકોએ પોતાની શાળાના શિક્ષકોને આ તાલીમવર્ગમાં મોકલવા નિર્ણય કરેલ છે.

વર્ગ સાથે એક શિક્ષણપ્રદર્શન પણ યોજવામાં આવનાર છે. સૌને આ માટે આમંત્રણ છે.

ટે. નં. ૨૦૪૪૬ ટેલીગ્રામ: Deshikothi

ક્યાંથી ખરીદી કરશો ?

મુંબઇના

સૌથી અપ-ટુ-ધ-મિનિટ સ્ટોરમાં

સગવડ સાથે ખાત્રી પૂર્વક

ખરીદી કરવા પધારો

સુતરાઉ, ગરમ તથા રેશમી કાપડ

ફરનીશીંગ તથા હાઉસહોલ્ડ લિનન

બનારસી સિલ્ક સાડીઓ, જુદા જુદા

ડિલજીત રંગોમાં – બ્લાઉઝ પીસીઝ,

લેધર ગુડ્ઝ

લેટ આપવા લાયક નોવેલ્ટીઝ

ઊંચી કવૉલિટીનો માલ

વાજબી ભાવથી મળશે.

બૉમ્બે સ્વદેશી કોઓપરેટીવ સ્ટોર્સ, લિમિટેડ.

સર ફિરોઝશાહ મહેતા રોડ, ફોર્ટ મુંબઈ.

: શાખાઓ :

મહાત્મા ગાંધી રોડ, પૂના

જેમ્સ સ્ટ્રીટ, સિકન્દરાબાદ

આગ અકસ્માત જિંદગી

મોટર દરિયાઈ વર્કમેન્સ કોમ્પેન્સેશન

સર્વ પ્રકારનું વીમાકામ

સરળ શરતોથી થાય છે.

લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને

સંતોષકારક મહેનતાણું;

એજન્સી કે પ્રતિનિધિત્વ જરૂરી સાહિત્ય

મંગાવો.

ધી ઇન્ડીઅન ગ્લોબ ઇન્સ્યુરન્સ કં. લિ

—: હેડ ઑફિસ :—

૩૧૫–૩૨૧ પ્રોક્ટર ચેમ્બર્સ, હૉર્નબી રોડ

મુંબઈ.

શિક્ષણ પત્રિકાના કાર્યાલયમાં

નીચેનાં પ્રકાશનો મળી શકશે.

૭ વર્ષસુધીનાં બાળકો માટે

બીકણ સસલી–ચિત્ર વાર્તા. કિં. રૂ. ૧–૮–૦

બાલશિક્ષણ વિધાતા સ્વ. શ્રી. ગિજુભાઈના

મૂળ તાલબદ્ધ લખાણો સાથે (ત્રણ રંગમાં છપાએલી.)

ગણિત કાપલીઓનો ઘરગથ્થુ સેટ. કિ. રૂ. ૧

એમાં આર્ટ પેપરવાળા, સરવાળા બાદબાકી અને

ગુણાકારના ચાર્ટસ તથા ૨૦૦ કાપલીઓ આવે છે

ગણિત કાપલીઓનો બાળમંદિર સેટ. કિ. રૂ. ૩૦

એમાં સરવાળા, બાદબાકી અને ગુણાકારના

પૂંઠાપર ચોંટાડેલા ચાર્ટસ તથા ૬૪૦૦ કાપલીઓનો

સમાવેશ કર્યો છે.

એકાંકી ગણિતની કરડીની રમતોની કાપલીઓ કિ. રૂ. ૧

સરવાળા બાદબાકી અને ગુણાકારના છુટ્ટા ચાર્ટસ

કિં. રૂ. ૨–૦–૦ કિં. રૂ. ૧–૮–૦

મૂળાક્ષર પરિચય–ઘરગથ્થુ સેટ.

એમાં મૂળાક્ષરોના દસ તકતાઓ તથા

એક મૂળાક્ષર પોથીનો (ત્રિરંગી) સમાવેશ થાય છે.

મૂળાક્ષર પરિચય બાળમંદિર સેટ. કિં રૂ. ૩–૦–૦

એમાં તકતાઓ માટે જાડું પૂઠું વાપર્યું છે.

અક્ષરજ્ઞાન પોથી–છૂટક. કિં. રૂ. ૦–૮–૦

મૂળાક્ષર તકતાઓ–છૂટક જાડું પૂઠું ૨–૮–૦ અને

પાતળું પૂઠું ૧–૮–૦

વી. પી. નુ ખરચ જુદું ગણાશે.

લખો. મંત્રી નૂતન બાળશિક્ષણ સંઘ.

શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઈ, ૬.

નૂતન બાલશિક્ષણ સંઘદ્વારા પ્રકાશિત

શિક્ષક ભાઈબહેનોને

વર્ષ ૨૪ : : મે ૧૯૪૯ : : અંક ૫ મો

શિક્ષક ભાઈબહેનોને

હું તમારી પાસે જે માગું છું તે શ્રદ્ધા, શ્રમ અને એકનિષ્ઠા.

તમને મેં જે શીખવ્યું છે તેની ઉપાસના કરજો. ઉપાસનામાં રહસ્યના ઊંડા અર્થનું જ્ઞાન, ક્રિયાની ઝીણવટ, ઉદ્દામ કલ્પના અને શ્રદ્ધાની આવશ્યકતા છે. આ વસ્તુઓ તમારામાં હશે તો પથ્થરમાંથી પણ દેવ પ્રગટશે એવો મારો વિશ્વાસ છે. મારી શ્રદ્ધા છે કે જો આપણે શિક્ષકો દસ વર્ષ સુધી એકધારી શિક્ષણની ઉપાસના કરીશું તો આપણે આપણા દેશમાં એક નવો જ યુગ લાવી શકીશું. આપણે આપણામાં વિશ્વાસ અને ઈશ્વરમાં શ્રદ્ધા રાખી આપણા કદમ ઉપાડીએ તો વિજય તો તયાર છે.

—ગિજુભાઈ બધેકા—

: આદ્યતંત્રી :
સ્વ. ગિજુભાઈ બધેકા

: સંપાદક : : સહસંપાદક :

અનુક્રમણિકા

૧. આ કઇ પ્રહાત ઃ.....તા૦
૨. આજના શિક્ષકનું કાર્ય ...લાભશંકર વ્યાસ
૩. ગ્રામશાળામાં સ્વચ્છતા .....તા૦
૪. શિશુવિહાર બાલઅધ્યાપન મંદિર.....તા૦
૫. નૂતન શિક્ષણ-સંમેલન.....
૬. ગ્રામ બાલશિક્ષા કેન્દ્ર-બોરડી .....

બાલવિભાગ

૧. ટીકડી .....કૃષ્ણલાલ પારેખ
૨. આવો આવો.....મૂળદેવ પંડ્યા
૩. વિદ્યાનું બળ.....પુરુષોત્તમ પટેલ
૪. મહર્ષિ અણ્ણા કર્વે.....બાબાભાઇ ઢેઢી

ગુજરાતી શિક્ષણપત્રિકા

: વ્યવસ્થા :
શ્રી બાબીબેન મૂળજી

: સંપાદન :
શ્રી જમુભાઈ દાણી

ગયા અંકમાં જાહેર કર્યા પ્રમાણે આ માસથી મરાઠી પત્રિકા પૂના ઉઠી છે; ગુજરાતી પત્રિકા મુંબઇમાં જ શ્રી. બાબીબેન મૂળજી પાસે ચાલુ રહી છે. તેમણે છેલ્લાં ઘણાં વર્ષોથી ગુજરાતી, મરાઠી અને હિંદી પત્રિકાની વ્યવસ્થાનું કામ ઘણા જ ખંત અને મહેનતથી સંભાળ્યું છે. તેઓ પત્રિકાના સાચા પ્રચારક છે કારણ, એ જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં પત્રિકાનો પ્રચાર કરવાનું ભૂલતાં નથી. તેમને આંગણે આવનારાઓને પણ તેઓ સંઘની પત્રિકા વિષે તથા પ્રવૃત્તિઓમાં સહાય કરવા વિષે કહેતા જ હોય છે. ઉપરાંત, સંઘ માટે નાણાં ભેગા કરવાનું કાર્ય પણ તેઓ એટલા જ ઉત્સાહથી કર્યે જાય છે. એકંદરે એમ કહી શકાય કે એમણે સંઘનું અને પત્રિકાનું કામ પોતાનું કરીને સ્વીકાર્યું છે. એમનો આ ઉત્સાહ અનુકરણીય છે.

એકને માથે રહેતો ભાર ઘટે અને ભાષાવાર વ્યવસ્થા થતાં કાર્ય સરળ ને સુંદર થાય એ હેતુથી અમે પત્રિકાનું વિકેન્દ્રીકરણ કરવાનું ઠરાવ્યું છે. આ રીતે હવેથી શ્રી બાબીબેન પાસે ત્રણેય પત્રિકાની સામાન્ય દેખરેખનું તથા ગુજરાતી પત્રિકાની સંપૂર્ણ વ્યવસ્થાનું કામ રહેશે. ગ્રાહકોએ સર્વ પત્રવ્યવહાર એમને નામે કરવો. તા.

ગુજરાતી શિક્ષણપત્રિકાના સંપાદનકાર્યમાં હવેથી શ્રી જમુભાઇ દાણી સહાય કરવાના હોઇ, એમને સહસંપાદક તરીકે નિમવામાં આવ્યા છે. એમને આથી આનંદ થાય છે. અત્યાર સુધી શ્રી ગોપાળરાવ કુલકર્ણી અને રામભાઇ પાઠક વગેરેએ એ કામ કર્યું હતું, પણ કેટલાક સંજોગોને કારણે એમને એ કામ છોડવું પડ્યું. પરિણામે થોડો વખત જરા અવ્યવસ્થા રહી હતી એ અમારા ખ્યાલમાં છે.

હવેથી શ્રી જમુભાઇ દાણી જેવા સારા લેખક તથા સ્વ. ગિજુભાઇના શિક્ષણઆદર્શોથી વીસેક વર્ષથી સુપરિચિત એવા સંઘના એ જૂના મિત્રે આ કામ ઉપાડ્યું છે એથી વધુ આશા જન્મે છે. શ્રી બાબીબેન મૂળજી જેવા ઉત્સાહી અને મહેનતુ વ્યવસ્થાપક અને જમુભાઇ દાણી જેવા ચોકસાઇવાળા અને કાર્યમાં વ્યવસ્થાવાળા સહસંપાદકની જોડલી ગુજરાતી શિક્ષણપત્રિકાના કામને ખૂબ આગળ વધારશે તેમાં શંકા નથી.

સૌ વાચકો વધુ નહિ તો દર વરસે એમના એક નવા મિત્રને કે સગાને નૂ. બા. શિ. સંઘના સભ્ય બનાવી 'શિક્ષણપત્રિકા'માં અને સંઘના બાળશિક્ષણના કાર્યમાં રસ લેતા કરે એવી સૌને અમારી વિનંતી છે.

લેખો વગેરે માટેનો પત્રવ્યવહાર, શ્રી જમુભાઇ દાણી, 'સહસંપાદક, શિ. પ.' જ્યેવેટસ્કી લેાજ, મુંબઇ ૭ ને સિરનામે કરવો. તા.

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૪ : અંક ૫] મુંબઈ [મે, ૧૯૪૯

આ કઈ પદ્ધતિ કહેવાય ?

અનેક વારે એવા ઉદ્‌ગારો સંભળાય છે કે "આ શું ? આ તો થઇ પ્રાથમિક શાળાની પધ્ધતિ ! આ કંઇ મોંટીસોરી પધ્ધતિ કહેવાય ?

વાત પણ સાચી હોય છે. આપણાં બાલ-મંદિરોમાં ઘણીવાર શિક્ષકો પ્રાથમિક શાળાની ચાલુ પધ્ધતિ ઉપર ઊતરી જાય છે. ઘણીવાર મોંટીસોરી પધ્ધતિએ કામ 'ચાલતું' હોય; છતાં દેખાવ પ્રાથમિક શાળાનો હોઇ શકે છે. ઘણીવાર કામ પ્રાથમિક શાળાની રીતે જ ચાલતું' હોય, છતાં દેખાવ મોંટીસોરી પધ્ધતિનો હોય છે.

આ સંબંધમાં ખૂબ ઝીણવટથી વિચાર કરવો જોઇએ, અને શિક્ષકોએ મન સાથે ચોખ્ખવટ કરી લેવી જોઇએ. તેમ જ આપણે જાણી જોઇને અમુક હદે આપણાં હંમેશના રસ્તા પરથી ખસ્યાં હોઇએ તો તેની પણ જાગૃતિ આપણને હોવી જોઇએ. કયાં સુધી ખસવું ? શા માટે ખસવું ? અને કયારે પાછા મૂળ રસ્તા પર આવવું એનો વિવેક ચોખ્ખો હોય તો અનેક યોગ્ય પ્રયોગો પણ થઇ શકે છે. એટલું જ નહિ પણ તેની આવશ્યકતા પણ હોય છે. બાળકો કંઇ યંત્રો હોતાં નથી. તેઓ વિધવિધ દર્શન કરાવે છે. તે બધાં આપણી પાસે વિચાર ને વિવેક માગે છે.

આ સંબંધે ચોકકસ ખ્યાલ આવી શકે માટે થોડાએક નજરે જોએલા દાખલા આપું.

(૧)

સારું સમૃદ્ધ ગણાતું બાલમંદિર હતું. બાળકો વર્ગમાં આવ્યાં. બાળમંદિરના નોકરે તેમને માટે આસનો પહેલેથી જ પાથરી રાખ્યાં હતાં. શિક્ષકે બાળકોને આસન પર બેસવાની સૂચના આપી. પછી એક એકને મોતીનો પ્યાલો અને દોરો આપ્યો. બધાં બાળકો મોતી પરોવવા લાગ્યાં. બાળકો દોરો મોઢામાં નાખીને થૂંકથી ભીંજવીને અણીદાર કરતાં ધ્યાન રાખતો હતો. અર્ધો એક કલાક એ કામ ચાલ્યું. પછી બધાંની પાસેથી પ્યાલા લઇ લેવામાં આવ્યા.

આ કઇ પધ્ધતિ ?

કિંડરગાર્ટન, એટલે હાલ પ્રાથમિક શાળામાં ચાલે છે તે.

(૨)

શિક્ષકે મંજીરા વગાડીને છોકરાંઓને ઓરડામાં ભેગાં કર્યાં. ઓરડામાં બાળકોને બેસવા માટે આસનો પાથર્યાં હતાં. એક બાજુએ શિક્ષક માટે આસન હતું. તેની સામે એક પાટલી હતી ને તેના પર માટીનો ગોળો હતો. સામેના તગારામાં એવા ઘણા ગોળો હતા. તેની બાજુએ પાટલીઓનો ઢગલો હતો.

શિક્ષકે કહ્યું, "કાલે આપણે કુંભારને ત્યાં ગયાં હતાં તે વખતે તમે કહેતાં હતાં કે "અમને માટી આપો." જુઓ, આજે હું કુંભારને ત્યાંથી ભીની માટી લાવી છું, અને આ પાટલી પર માટી કામ કરું છું. તમારામાંથી જેમને માટીનાં રમકડાં બનાવવાં હોય તે આવો; અહીંથી પાટલી લ્યો. એક માટીનો ગોળો લ્યો અને તમારી જગ્યાએ બેસી જાઓ.

એક છોકરો—શું બનાવીએ ?

શિક્ષક—તમારે જે બનાવવું હોય તે બનાવો. હું તો આવા મણકા બનાવું છું; કાલે સૂકાઇ જશે એટલે તેને રંગીશ. આપણને પરોવવામાં કામ લાગશે.

એક છોકરું—હું પણ મણકા બનાવીશ,

બીજું—હું પણ.

ત્રીજું હું તો બળદ બનાવીશ.

ચોથું—હું તો જે આ ચૂલો બનાવું છું.

શિક્ષક—તમારે જે બનાવવું હોય તે બનાવજો.

અર્ધો કલાક કામ ચાલ્યું. ૧૮–૨૦ બાળકો પ્રથમ આવેલાં. તેમાંથી આઠેક ત્યાં ટકી રહ્યાં હતાં. બીજાં થોડુંક કામ કરીને ચાલ્યાં ગયાં. કેટલાંએકે હાથ જ અડાડ્યો નહિ. ખાલી જેવાં જ બેઠાં હતાં. જ્યારે કેટલાંએક શિક્ષક ઊઠી ગયા પછી પણ માટી કામ કરતાં જ હતાં.

આ કઇ પદ્ધતિ? મોંટીસોરી પદ્ધતિ, જે બાલમંદિરોમાં ચલાવવાનો શિક્ષકનો દાવો હોય છે.

(૩)

આજે તો નવો ઉપક્રમ દાખલ કર્યો હતો. બાલમંદિરમાં રાંધવાનું કામ દાખલ કરવામાં આવ્યું. શિક્ષકે કહ્યું, "ચાલો, આજે પૂરી બનાવવી છે. આસનો પર હારબંધ બેસી જાઓ."

બધાં છોકરાંઓને વ્યવસ્થિત રીતે બેસાડવામાં આવ્યાં.

શિક્ષક–રમાબેન, બધાંની સામે એક એક નાની ચટાઇ મૂકો. મોહનભાઇ, તમે દરેકને એક એક થાળી આપો. જસુબેન, તમે આ પાટલી વેલણ આપો. ગુલાબબેન, પાંચ પાંચ ગુંડલા દરેકને આપી આવો.

આવી ગયાં બધાંને? જુઓ, હવે હું જેમ વણું છું તેમ પૂરી વણવાની, અને આ થાળીમાં મૂકવાની. વણાઇ જાય પછી શારદાબેનને આપી આવજો; તે સગડી પાસે બેસીને શેકે છે.

દરેકે પાંચ પાંચ પૂરીઓ વણીને શારદાબેનને આપી. કોઇ કહેતાં હતાં, "અમારે હજી વણવી છે." શિક્ષકે કહ્યું, 'ગુંડલાં ખલાસ થયાં.' વગેરે.

આ કઇ પદ્ધતિ? ફ્રિંડરગાર્ટન ને મોંટીસોરીનું મિશ્રણ.

બાળકોને મોટાં મોટાં રમાડવાં નહિ. સાચું કામ આપવું. રસોઇ વગેરે જેવા જીવનવ્યવહારના કામમાં ભાગ લેવા દેવાં. જે કાંઇ કામ કરવું હોય તે બાળકે વ્યવસ્થિત રીતે પૂરું અને સરસ રીતે કરવું–એ બધાં મોંટીસોરીનાં તત્વો ખરાં; પણ વર્ગપદ્ધતિએ કામ લેવામાં આવ્યું, એટલી પ્રાથમિક શાળાની પદ્ધતિ તો ખરી જ.

(૪)

રસોઇનું એક બીજું દૃશ્ય મેં જોયું.

બાલમંદિરના શિક્ષકે કહ્યું, "આજે અમારે ત્યાં રસોઇ છે. અમે બધાં મળીને રાંધવાનાં ને સાથે બેસીને આજે જમવાનાં છીએ."

શિક્ષક મને જ્યારે એ કહેતા હતા ત્યારે એક બાળક પાસે ઊભું હતું; તેણે કહ્યું, "આજે અમે અહીં જ ભાત ખાવાનાં."

શિક્ષકે સમજાવ્યું કે બાલમંદિરમાં હંમેશ શાક રોટલી તો બધાં સાથે મળીને ખાય જ છે. ડબામાં રોટલી કે રોટલો લાવવો ને બાલમંદિરમાં બાળકોએ શાક સુધારી આપવું અને ગંગાબેને શાક બનાવવું. પછી બધાંએ મળી, પિરસી કારવી, જમવાનો પરિપાઠ તો છે જ. પણ આજની વિશેષતા સૌને લાગે છે તે અહીં દાળભાત ખાવાનાં છે તેની.

મેં જોયું તો દરેક ઓરડામાં એક એક કામ ચાલતું હતું. આ ઓશરીપર મોટા તાસમાં બાફેલા બટેટાં હતા. જેને તે ફોલવા આવવું હોય તે એક આસન લઇને આવતું. થાળીઓના ઢગલામાંથી એક થાળી લેતું. બેત્રણ બટેટાં લઇને પોતાના આસનપર જઇને બેસતું. ફોલેલાં બટેટાં પછી સુધારવાવાળી ટોળીને આપી દેતું. છાલ કચરાની ટોપલીમાં નાખતું. વધારે જોતાં હોય તો બીજાં બે બટેટાં લાવતું

હું ત્યાંથી બીજા ઓરડામાં ગઇ. ત્યાં ચોખા વીણવાનું કામ ચાલતું હતું. આ ઓરડામાં જરા મોટાં બાળકો ભેગાં થયાં હતાં. સાથે અધ્યાપન મંદિરના મોટા વિદ્યાર્થીઓ પણ બે ત્રણ હતા. ત્યાંનું કામ પણ વ્યવસ્થિત અને હોંશથી ચાલતું દેખાયું. વચ્ચે વચ્ચે છોકરાંઓ કાંઇક ઝીણું લાવીને દેખાડતાં. "આ કાઢવાનું કે?" શિક્ષક "હા." "ના" કહેતા. વીણેલા ચોખા મોટા તપેલામાં પડતા હતા. કાંકરા ને બીજો કચરો કેટલો નીકળ્યો તે છોકરાંઓ એક બીજાને બતાવતાં હતાં.

ત્યાંથી ત્રીજા ઓરડામાં ગઇ. ત્યાં ટમેટાં ને કાકડી કાપવાનું કામ ચાલતું હતું. છોકરાંઓમાં કેટલાંએક ઘણાં જ નાનાં દેખાતાં હતાં. છતાં છરી વાપરવાની તેમની આવડત બહુ સારી દેખાતી

હતી. ત્યાં જ એક બાજુએ એક બે જણાં બાંડણીમાં કાંઇક બાંડતાં હતાં. જોયું તો શીંગ ને દાળિયા દેખાયા. શિક્ષકે જણાવ્યું કે આ બધું પેલી કચુંબરમાં નાખવાનું છે. સૌથી આશ્ચર્ય તો લાગ્યું પેલા ચટણી વાટનારનું. કેરી, પુદિનો ને ટોપરૂં વાટવાનો જબરો પ્રયત્ન ચાલુ હતો, છીપરની નીચે કાગળ હતો, એટલે નીચે પડતું તે ઉપાડીને છીપર ઉપર લેવાતું હતું. હાથ દુખવા આવે એટલે છોકરું ઊઠી જતું; ત્યાં તો બીજા કોઇને મન થઇ આવતું.

આગળના ઓરડામાં મોટું ટોળું ને મોટું કારખાનું દેખાયું. લોટ ચાળવાથી માંડીને પુરીઓ તળવા સુધીની ક્રિયાઓ અહીં ચાલતી હતી મોટાં નાનાં બાળકો અને શિક્ષક ને મોટા વિદ્યાર્થીઓ પણ દેખાતાં હતાં. એક બાળક પૂરી તળવા પણ બેઠું હતું. કોઇ લોટ બાંધે; કોઇ તે ગૂંદે; કોઇ ગુંડલાં કરે તો કોઇ વણે-એમ ચાલતું હતું. શિક્ષકે કહ્યું કે કેટલાંએક છોકરાંઓ જે પહેલેથી અહીં આવ્યાં છે તે ઘણે ભાગે બધું પૂરું થયા પછી જ ઊઠશે. કેટલાંએકની આવજા ચાલતી હતી. કોઇ લોટ ચાળીને જ ચાલ્યાં જાય? તો કોઇ પાંચ પૂરી વણીને જતાં રહેતાં. કોઇ છોકરાંઓ દરેક કામમાં થોડો થોડો વખત આપતાં ને બધા ઓરડામાં ફરી વળતાં હતાં; જ્યારે કેટલાંએકે જાણે એક એક વિભાગની જવાબદારી માથે લીધી હોય તેમ તે જ વિભાગમાં પહેલેથી છેલ્લે સુધી રહેતાં.

આટલાં બધાં છોકરાંઓનું છૂટથી જવા આવવાનું ચાલતું હતું; છતાં એકંદર કામમાં જે વ્યવસ્થિતપણું દેખાતું તે ખરેખર આનંદ પમાડે તેવું હતું.

આ કઇ પધ્ધતિ ? મોંટીસોરી પધ્ધતિનું સાચું દર્શન અહીં થતું હતું, એમ કહી શકાય.

ત્યારે આ બે પધ્ધતિમાં ખાસ ભેદ શો ? આવી કઇ બાબતો ખાસ પધ્ધતિની કે સિધ્ધાન્તની દર્શક ગણવી ?

સિધ્ધાન્ત અથવા તત્ત્વના મુખ્ય ત્રણ ભેદ ગણવા. ૧. કિંડર ગાર્ટન અથવા આજની પ્રોથમિક શાળામાં પ્રચલિત પધ્ધતિમાં વર્ગશિક્ષણ છે. જ્યારે મોંટીસોરી પધ્ધતિમાં વ્યકિતશિક્ષણ છે.

૨. પ્રચલિત શાળામાં શિક્ષકે બતાવવાનું, દરેક પગલે આગળનું શિખવાડવાનું અને આખા વર્ગે તે જ રીતે એકી સાથે તે શીખવાનું એટલે શિક્ષક બતાવે તેમ કરવાનો પ્રયત્ન કરવાનો.

મોંટેસોરી પધ્ધતિમાં શું કરવું, કેવી રીતે કરવું ને કયાંસુધી કરવું એ બાળક ઉપર છોડવામાં આવે છે. શિક્ષકની હાજરી હોય છે ખરી, પણ તે જરૂર જણાય ત્યાં માર્ગસૂચન કરવા પૂરતી જ. સ્વપ્રયત્ન, સ્વયંસ્ફુર્તિ, અને પોતાની પસંદગીથી પોતાની જ કલ્પના વિકસાવવી, પોતાનું મગજ ચલાવવું, અંદરના અસ્પષ્ટ વિચારોને ક્રિયા દ્વારા સ્પષ્ટ ને વ્યવસ્થિત કરવા માટે બાળકો મથે છે. અને બાળકોને તેમ કરવાની સગવડ કરી આપવાનું કામ શિક્ષકનું હોય છે; આજ છે મોંટેસોરી પધ્ધતિનું મર્મ અથવા હાર્દ છે.

૩. કિંડરગાર્ટનની પધ્ધતિમાં કાલ્પનિક કામો અને ખોટું ખોટું કરવું, એટલે કયું છે એમ માની લેવું-એવાં કામોને ઉત્તેજવામાં આવે છે. જેમકે ઢીંગલીની રમત; ઢીંગલીની ચાપાટી ઢીંગલીનું ઘર, વગેરે.

એને બદલે મોંટીસોરી પધ્ધતિમાં સાચ્ચાં પોતાના જીવનનાં કામોને સ્થાન આપવામાં આવે છે. ઢીંગલીની નહિ પણ બાળકોની જ પાર્ટી હોય, ને ત્યાં સાચેસાચ રાંધવાનું ને ખાવાનું હોઇ શકે. ઢીંગલીને સુવાડવાનું ને તેને માટે નરમ બિછાનું બનાવવાને બદલે કૂતરાંનાં ગલુડિયાં કે સસલાં કે પોપટ એવાં પ્રાણીને પાળવાં કે નાનાં બાળકોને રાખવાં વગેરે કામો બાલમંદિરોમાં રાખવામાં આવે છે. ઘરઘર જેવી રમત કે જેમાં બધું કાલ્પનિક હોય છે. મમરાનો ભાત ને તેની ટિકલી જેવી રોટલી ને ખોટું ખોટું જરા જરા ખાઇને જમ્યાનો આનંદ મેળવવાને બદલે, સાચ્ચી રસોઇ, સાચ્ચી જમવાની તૈયારી, સાચ્ચું જેસી ઊઠી શકાએ એવું ઝૂંપડું કે માંડવો બનાવવો એ કામો બાળકો માટે ખરાં ને યોગ્ય છે. કારણ એથી એ કામ સાચેસાચ કર્યાનો તેમને સંતોષ મળે છે, અને કામની સાચી આવડત આવે છે. બીજા કામની ખરી જવાબદારી લેતાં પણ આવડે

છે, અને સૌથી મહત્વનો લાભ તો કામમાંથી જે સંયમ અથવા શિસ્ત આવે છે તે એમાંથી જ મળે છે.

સમૂહમાં પાઠ લેવો હોય તો તેની પાછળની શિક્ષકની ભૂમિકા (શિક્ષકના મનમાં સ્પષ્ટ હોવી જોઇએ. એકવાર કે અનેકવાર બધાનું એ કામ તરફ ધ્યાન ખેંચવા માટે ભલે બધાંને ભેગાં કરીને શિક્ષક તે કામ પોતે કરી બતાવે અને પછી થોડાં બાળકો પણ ઊઠીને કરે ને બધાં જુએ. એ રીતે જ વાળવાનો, ધૂળ ઝાટકવાનો, માટીકામ, કાતરકામ કે એવા પાઠો સમૂહગત આપી શકાય. આવા સમૂહગત પાઠ આપવામાં તે તે કામ સંબંધેની સામાન્ય વ્યવસ્થા બધાંની નજરે આણવાનો પણ હેતુ હોઇ શકે, પણ આવા સમૂહગત પાઠને વર્ગ વર્ગશિક્ષણના પ્રાથમિક શાળાના કામમાં આપણે ફેરવી ન નાખીએ, તેનું શિક્ષકે ખાસ ધ્યાન રાખવાનું છે. પેલા મોતી પરોવવાના પાઠો જેવા જ માટીકામ, કાતરકામ, તકલીકામ, વગેરે લેવાતા ઘણાં બાલમંદિરોમાં દેખાય છે, એટલું જ નહિ તો અધ્યાપન મંદિરોમાં વિદ્યાર્થીઓ પણ એમ કરતા કોઇ કોઇ વાર દેખાય છે. એનું કારણ તો મૂળ એ કે વ્યક્તિગત કરતાં વર્ગશિક્ષણમાં બધાંની ઉપર ધ્યાન રાખવું ને વર્ગનું શિસ્ત જાળવવું સહેલું પડે છે. અને બીજું એ કે જે રીતે પોતે શીખ્યા હતા તે રસ્તે અજાણપણે શિક્ષક ચડી જાય છે. માટે આ સંબંધમાં શિક્ષકોએ જાગૃત રહેવું જોઇએ, અને પોતાના કામની રીત તપાસતા રહેવું જોઇએ.

પહેલાં લખ્યું છે તેમ પ્રયોગની ખાતર આપણે કોઇવાર કાંઇક કરીએ તો તે માત્ર પ્રયોગના રૂપમાં જ હોવું જોઇએ, જેમકે, ઘણાં છોકરાંઓ એકાદ કામ તરફ આવતાં જ ન હોય, દા. ત. ગણિત. તો એ દિવસ બાલમંદિરનાં બીજાં બધાં સાધનો કબાટમાં બંધ કરી દઇને માત્ર ગણિતનાં જ બહાર કાઢી રાખીએ. શું થાય છે તે જોવા ખાતર તેમ કર્યું હોય તો, તે પ્રયોગ કહેવાય; પણ આ કાયમી વાત ન બની જાય તે તો જોવું જ જોઇએ.

તા૦

આજના શિક્ષકનું કાર્ય

પ્રિય શિક્ષકભાઇઓ તેમ જ બહેનો,

તમે સૌ મારે 'કંઇક કહેવું' એવી માગણી કરી રહ્યાં છો. શું કહેવું એ પ્રશ્ન છે કારણ કે જ્યારે તમારી જોડે એકત્વ અનુભવતો હોઉં એવું લાગે છે ત્યારે તમારા જીવનની નાની-નાની બાબતોને પણ ધ્યાનમાં લીધા વગર રહી શકતો નથી. એ બાબતો તમને ગમશે કે નહિ એ વિચાર કરું ત્યારે મન પાછું પડે છે. પણ આજે તો કેટલાક મુદ્દાઓ તમારી પાસે મૂકવા માગું જ છું. તમે સૌ એ મુદ્દાઓ નહિ સ્વીકારો તો મને હરકત નથી પણ તેના તરફ દુર્લક્ષ તો નહિ જ કરો—મનન કરશો, વિચારશો અને જીવનમાં તેનું યોગ્ય મૂલ્ય અને સ્થાન આપશો એવી આશા છે.

તમે અહીં કઇ દૃષ્ટિથી અભ્યાસ કરવા આવ્યા છો. એ જાણવાનું જરૂરી એટલા માટે નથી ગણાતો કે આપણું આજનું, કેળવણી પ્રત્યેનું મૂલ્ય બદલાઇ ગયું છે; તેથી આપણી કેળવણીની વ્યાખ્યા, અભ્યાસની દૃષ્ટિ, આપણું ભાવિ જીવન, બાળક પ્રત્યેનું આપણું વલણ વગેરે પણ બદલાયા છે. હું જો તમને પૂછું કે શા માટે તમે અહીં આવ્યા છો? અને તમે કહો કે આ અભ્યાસ કરવાથી અમારા જીવનનો આર્થિક પ્રશ્ન ઉકલે એ અમારી દૃષ્ટિ છે; તો મને એમ થાય કે હવે કહેવું શું? જે ધ્યેય માટે તમે આવ્યા છો એ ધ્યેયે પહોંચવાની લાયકાત તમે મેળવી રહ્યા હો અને વર્ષાંતે ત્યાં પહોંચી જાઓ પછી કંઇ કહેવાનું રહે ખરું! એમ છતાં, કંઇ પૂછ્યા સિવાય, મારે જે કહેવાનું છે તે જ કહીશ. આપણે કેળવણીના કાર્યને એક ધંધો માની કામ કરવા લાગી ગયાં છીએ, પણ એ ધંધો નથી; એ પવિત્ર અને ઉચ્ચ કાર્ય છે. એમાં જે કોઇ ગમે તે કારણસર પડ્યું હોય તો તેમાં પડ્યા પછી એ કાર્યને પૂરા પ્રેમપૂર્વક

અપનાવીને, પ્રામાણિક અને વફાદાર બનવા જેટલું પાવિત્ર્ય જાળવીએ તોયે ઘણું. એ કાર્યમાં કંઈક આપવાનું અને બદલામાં કંઈક લેવાનું હોત તો જુદી વાત થાત–પણ કેળવણીનું કાર્ય—બાળકો વચ્ચે રહીને તેમને કેળવવાં એટલે શું, એ વિચારીએ ત્યારે એમ થાય કે એ કાર્યને આપણે સમજવા પ્રયત્ન ન કરીએ એ વસ્તુ ચલાવી ન લેવાય. ચલાવી લેવાની વૃત્તિ કોઇ પણ ક્ષેત્રમાં ખતરનાક છે, પણ આ ક્ષેત્રમાં એ વૃત્તિ જાણ્યે અજાણ્યે પોષાય તો આખા સમાજજીવનને તૂટી પડતાં, ગેર વ્યવસ્થા ફેલાતાં વાર નહિ લાગે. એક માળી જેવી રીતે ફૂલછોડને ઊછેરવા માટે છોડને અનુકૂળ પરિસ્થિતિ ઊભી કરે છે; પૂરતો પ્રકાશ, યોગ્ય ખાતર, પૂરતી હવા અને જરૂરી પાણી મળે તે માટે સતત કાળજી રાખે છે એ જ રીતે બાળકને ખીલવવા માટે શિક્ષકે ઉત્તમ પરિસ્થિતિ પેદા કરવી એ જ તેનું મુખ્ય કાર્ય બને છે.

જો આ કાર્ય આટલું મહત્ત્વનું હોય તો હું તમારી પાસે એ વિશે મારા વિચારો રજૂ ન કરું તે ઠીક ન કહેવાય.

બીજું, આપણે અનેક મુશ્કેલીઓ વચ્ચે જ જીવવાનું અને કાર્ય કરવાનું છે. ત્યારે મને વારંવાર એમ થાય છે કે શિક્ષકના જીવનમાં જે સામાજિક અને આર્થિક મુશ્કેલીઓ છે તે દૂર થઇ શકે તે માટે પણ શિક્ષકે એક એવી ઉત્તમ પ્રકારની પ્રતિષ્ઠા ઊભી કરવી પડશે કે જેથી પ્રજા અને સરકાર શિક્ષકનું કાર્ય, મહત્ત્વ અને સ્થાન સમજી તેને યોગ્ય ન્યાય આપે.

આથી આપણે હવે એ વિચારવાનું છે–કે શિક્ષકે ઉત્તમ પ્રકારની કેળવણી આપવી એટલે શું? કઇ જાતની પરિસ્થિતિ પેદા કરવી? ખૂબ જ ટૂંકમાં કહું તો એમ કહી શકાય કે બાળકના ચૈતન્યનો અથવા માનવચૈતન્યનો વિકાસ કરાવવો એનું નામ કેળવણી. જો આટલું આપણને સમજાય તો આપણે આપણા જીવન પ્રત્યે, આપણા વ્યવસાય પ્રત્યે કોઇ જુદી દૃષ્ટિએ જોવું પડશે. જો માનવ ચૈતન્યના વિકારનું કામ જ આપણે હાથ ધર્યું હોય તો તે કાર્ય શું છે એ વિચાર્યા સિવાય કઇ રીતે કાર્યમાં સફળતા પ્રાપ્ત થાય? આજે આપણે બાળકના શરીરનો, એની બુદ્ધિના વિકાસનો વિચાર થોડે ઘણે અંશે કરીએ છીએ. શરીરના વિકાસમાં પણ ઊંડી દૃષ્ટિ કેળવીને કામ કરીએ છીએ એમ તો કઇ રીતે કહી શકાય? વ્યાયામનું સ્થાન, આહારશાસ્ત્રના નિયમો વગેરે વિશે હજુ આપણે ઊંડા ઊતર્યા નથી–એમ છતાં શરીરનો વિચાર આપણે છોડી દીધો નથી એટલો જ સંતોષ માની શકીએ–જો માનવો હોય તો. એ જ વાત બુદ્ધિના પ્રદેશને લાગુ પાડી શકાય. બુદ્ધિ કેવા પ્રકારની છે, આપણાં આજના શિક્ષણ ક્રમમાં તેનું કેવું સ્થાન છે તે બધું આપણે ઊંડાણથી વિચારતા હોઇએ તેવું દેખાતું નથી. શુધ્ધ અને અશુધ્ધ બુદ્ધિ, રચનાત્મક Constructive અને વિવેચનાત્મક Critical બુધ્ધિ વગેરે ભેદ હજુ આપણે જોતાં થયા નથી. જો કે આ તરફ આપણું લક્ષ છે જ એમ તો કહેવું પડશે જ–આપણી દૃષ્ટિ સ્પષ્ટ નથી એ વાત આપણને સમજાય તો શરીર અને બુધ્ધિના વિકાસમાં આપણે કંઇક વિશેષ કરવા તરફ જઇ શકીશું.

પણ જે પ્રદેશ તરફ આપણે ડોકિયું નથી કર્યું તે તો મનનો પ્રદેશ છે. મનના વિકાસની શકયતા ખરી! અને તે પણ આપણે હાથે! અથવા શિક્ષકો એ કહી શકે ખરા! હકીકત એમ છે કે મનના પ્રદેશમાં આપણે પહોંચી શકયા નથી, પહોંચવાનો પ્રયત્ન કરી શકતા નથી. મન એટલું સૂક્ષ્મ છે કે તે પ્રદેશમાં ન જઇએ તો પણ બાહ્ય વ્યાપારો ચાલતા હોય–બૂબ સારી રીતે ચાલતા હોય તેવું આપણને દેખાય છે કોઇક વાર એમ પણ બને છે કે સુક્ષ્મ પ્રદેશોને અગમ્ય ગણી અને અગમ્યતાની કિંમત ઓછી આંકી આપણે એ પ્રદેશનું મૂલ્ય ભૂલી જઇએ છીએ હું તમારી આગળ બાલશિક્ષણની વાતો ન કરતાં કંઇક વધારે ઊંડા પ્રદેશમાં પહોંચી જતો હોઉં એવું તમને લાગશે. પણ મને હંમેશાં એમ લાગ્યા જ કર્યું છે કે આપણે એ પ્રદેશને ભૂલી જઇશું તો આપણું કાર્ય એનું યોગ્ય સ્થાન ગુમાવી બેસશે. 'સા વિદ્યા યા વિમુક્તયે'નું સૂત્ર નકામુ

થઇ પડશે. મન અને બુદ્ધિની શુદ્ધિ ઉપર જીવનના પ્રશ્નોનો ઉકેલ આધાર રાખે છે. સંસારયાત્રા સુખમય જાય એટલો સ્થૂલ અર્થ આપણે ઉપરના સૂત્રનો કરીએ તો પણ વિદ્યા કઇ જાતની હોવી જોઇએ તે આપણને સહેજે સમજાશે. જો કે ખરી વાત એ છે કે વિદ્યા અર્થાત્ કેળવણી એવી હોવી જોઇએ કે માનવ મુકત બને–પૂર્ણ બને.

આપણને હવે આપણાં કાર્યનું મહત્ત્વ અને કઠિનતા સમજાશે. આપણી સમક્ષ મહાન કાર્ય ઊભું છે તે વાત સ્પષ્ટ થાય છે. આપણો ધંધો શરીરના રક્ષણ માટે કપડાં અથવા શરીરને ટકાવવા માટે અન્ન પાણી પૂરાં પાડવાં એટલો જ નથી (એનું શાસ્ત્ર પણ આ કાર્ય–શિક્ષણકાર્યમાં આવી જાય છે) પણ ચૈતન્યનો પૂર્ણ આવિર્ભાવ છે. આવું આવિષ્કરણ કયારે શકય બને અને તે માટે આપણે શું બનવું જોઇએ તે ખ્યાલ આમાંથી સ્પષ્ટ થશે. (શું કરવું જોઇએ તેનાં કરતાં શું બનવું જોઇએ એ શબ્દપ્રયોગ તમે સમજી શકયા હશો.)

ઉપરની વાત આંતરચેતનાના વિકાસની થઇ. પણ તેની સાથે સાથે બાળકને ખીલવવા માટે બાહ્ય પરિસ્થિતિ ઉપર પણ ધ્યાન આપવાનું છે. આંતર અને બાહ્ય પરિસ્થિતિ ઉપર બાળકના સંપૂર્ણ વિકાસનો ખ્યાલ અવલંબે છે. આંતર વિકાસ માટે શિક્ષક કેન્દ્રમાં રહેવું પડશે અથવા કેન્દ્ર બનવું પડશે. બાહ્ય પરિસ્થિતિના સર્જન માટે આખુંયે વાતાવરણ, શાળાનું મકાન, આજુબાજુનો પ્રદેશ, ખુલ્લી હવા, બાળકનો આહાર, તેનો સંપર્ક, વગેરે ઉપર આધાર રહે છે.

આની સાથે બાળક પ્રત્યેનું આપણું વલણ, કેવું હોવું જોઇએ તે વિશે સંપૂર્ણ રીતે હું અત્યારે નહિ બોલું પણ ટૂંકમાં એટલું જણાવીશ કે આપણું બોલવું ચાલવું, આપણું વર્તન, બાળકના વિકાસને પોષક બને એ તરફ આપણે જાગ્રત રહેવું જોઇએ. જાગ્રત અવસ્થા એ કોઇ પણ શિક્ષકના મનમાં અગત્યનો ભાગ ભજવે છે. મેં ઘણીએ વખત જોયું છે કે ઉત્તમ ગણાતા શિક્ષકો બાળકોના મનને સમજી કાર્ય કરી શકતા નથી, અથવા કયા ભાવથી કઇ રીતે બોલીશું કે જેથી બાળક આપણી તરફ ખેંચાશે અને તેનું જીવન ખીલશે તે જાણતા નથી: એવી કુનેહ જ તેનામાં નથી હોતી. પરિણામે તેમની શિખવવાની પધ્ધતિ અથવા શિક્ષણવિષયક જ્ઞાન ઉત્તમ હોવા છતાં બાળકના જીવનની ખીલવણીમાં ખૂબ ઓછો ફાળો એ આપી શકે છે. મને તો એમ કહેવાનું મન થાય છે કે સમાજના અનેક કલહો, બાળકની અનેક વિકૃતિઓ, કાર્યમાં નડતી અનેક મુશ્કેલીઓ ત્યારે લોપાઇ જશે, જ્યારે કોઇ પણ વ્યકિત સામી વ્યકિતના ચૈતન્યનો અને હૃદયનો વિચાર કરીને બોલશે અને જીવશે આપણા હૃદયમાં બાળકો પ્રત્યે હેત ઊભરાતું હોય પણ આપણું બોલવું પ્રેમાળ ન હોય કે આપણા અવાજ (Tone) માં કંઇક ખામી હોય અથવા બોલતી વખતે વિચાર ન કરીએ કે આપણા અવાજની ગતિ, નમ્રતા વગેરે ઉપર ઘણો આધાર રહે છે ત્યારે પણ કેટલું કામ બગડે છે. આપણે જાણીએ છીએ છતાં તે તરફ દુર્લક્ષ કરીએ છીએ અને નાની વસ્તુઓમાંથી ઘણાંએ વિપરિત પરિણામો–ઝગડાઓ, અસંતોષ અને ગેરસમજનાં મૂળ ઊભાં થાય છે.

આ બધી વાતો તમને ખૂબ કઠિન લાગશે. તેમાંયે સમાજ, પ્રજા અને સરકાર આજે જે રીતનું વર્તન શિક્ષક તરફ બતાવે છે તે જોતાં આવું બધું કરવાનું મન પણ ન થાય એ તદ્દન સ્વાભાવિક છે. પણ મારે કહેવું જ છે તો એ પણ કહી દઉં કે પ્રજા અને સરકારને સાચી પરિસ્થિતિનું ભાન કરાવનાર, નવા સમાજનું દર્શન કરાવનાર માત્ર શિક્ષક છે. શિક્ષક તરફ કઇ જાતનું વલણ રાખવું તે સમજાવવાનું કામ પણ શિક્ષકનું જ છે અથવા શિક્ષકનું કાર્ય પોતે જ એક વાર બોલશે કે પ્રજા અને સરકારે કઇ જાતનું વર્તન શિક્ષક આલમ તરફ રાખવું જોઇએ. આજે આપણી પ્રતિષ્ઠા કયાંયે નથી એ હું જાણું છું; આજે આપણું સ્થાન ઘણું નીચું ગયું છે. પણ તેને માટે એક જ ઉપાય છે અને તે છે પ્રતિષ્ઠાની પુનઃસ્થાપના માટે શિક્ષકોએ જ કમ્મર કસવી. કમ્મર કસવી એટલે ઝગડવું કે લડવું એ નહિ; પણ પોતાના કાર્યથી અવિરત

—શ્રમથી, શિક્ષકનું કાર્ય સમાજની ઉન્નતિ માટે છે એમ સમાજને લાગે તેવું ચારિત્ર્ય રજૂ કરવું. શિક્ષક પોતાનું કાર્ય બંધ કરશે તો સમાજ અવનતિને માર્ગે ધસડાઇ જશે એવું માબાપ અને સરકારને લાગે, તેવું કરીને પોતાનું યોગ્ય સ્થાન ઊભું કરવું પડશે. આ શક્ય છે એમાં શંકા નથી. ઉમદા અને પ્રાણવાન ચારિત્ર્યવાળા શિક્ષકો આ વાતાવરણ ઊભું કરી શકશે અને આખી શિક્ષકઆલમને તેનાથી લાભ મળશે જ.

હવે વધારે કહેતો નથી.

સૌ આનંદપૂર્વક આ વસ્તુનો વિચાર કરશો તો મારા મુદ્દાઓ તમને વિશેષ સમજાશે.

ભારત વિદ્યાલય, કરાડી — લાલશંકર વ્યાસ, આચાર્ય

ગ્રામ શાળામાં સ્વચ્છતાનું ધોરણ

એક ગ્રામશાળા હતી. શિક્ષક સફાઇનો કાર્યક્રમ લેતો હતો. બાળકોની અંગસ્વચ્છતા તરફ ખૂબ ધ્યાન અપાતું હતું. આંખ નાક સાફ કરવાં, માથું ઓળવું, ગુમડાંઓને દવા ચોપડવી એ બધાં ઉપર એ ખાસ ભાર આપતો હતો.

ધીમે ધીમે લાગવા માંડયું કે ફકત થયેલાં ગુમડાં ધોવાથી અને દવા ચોપડવાથી ખસ જતી નથી. એવાં જે બાળકો ઘેર આઠ આઠ દિવસે જ નહાય છે તેમને શાળામાં જ સ્નાન કરાવવાની સગવડ કરી આપી.

ઠંડા પાણીથી બાળકો માંદાં પડે છે. એવી ફરિયાદ આવવા માંડી—શિક્ષકનો, સ્વચ્છતા પૂરેપૂરી લાવવી જ છે એવો દૃઢ નિશ્ચય હતો તેણે ગરમ પાણીની સગવડ પણ કરી.

તો પણ ખસ મટી નહીં. ખૂબ વિચાર કર્યો ત્યારે ખ્યાલ આવ્યો કે કપડાં તે જ પહેર્યાં કરે અને એકલાં નહાય એથી ખસ કેમ મટે? બાળકોનાં કપડાં ધોવાની વ્યવસ્થા પણ થઇ. બાળકો અને શિક્ષકો મળીને કપડાં ધુએ એવી રીતે શરૂઆત થઇ. ધીમે ધીમે કપડાં સાબુના પાણીમાં બાફવાનું શરૂ થયું. સતત બે વર્ષ આ કાર્યક્રમ ચાલ્યો. રજા હોય—તો પણ બાળકો નહાવા તો આવે જ એવો એક શિરસ્તો બાળકોએ જ શરૂ કર્યો. બાળકો આવીને, નહાઇને, કપડાં ધોઇને ચાલ્યાં જાય. એવો કે શાળામાં આવવાની સગવડ ન હોય તો પણ સ્નાન કરવા આવવાનું તો કદી ભૂલતાં જ નહીં.

શિક્ષકને સંતોષ થયો. કોઇ પણ એક વાત પર છેવટ સુધી ખંતપૂર્વક મંડયા રહીએ તો એ સિદ્ધ થાય જ છે. બાળકોને બસ થવાનું, આંખો આવવાનું તો લગભગ બંધ જ થયું. બાળકો ખૂબ જ સ્વચ્છ અને વ્યવસ્થિત લાગવા માંડયાં. માથું ઓળેલાં, નખ કાપેલાં, શરીર ઘસીને નહાઇ, ધોયેલાં કપડાં પહેરેલાં સ્વચ્છ બાળકોને જોઇ તેમને સંતોષ થવા માંડયો. પહેલાં તો વર્ગમાં પગ મૂકયો કે કપડાંની બદબો આવવાની જ. આંખો, શરીર બધું ધૂળ ધૂળ અને ગુમડાં પરુ પરૂથી ભરેલાં જ દેખાવાનાં. કપડાં ફાટલાં તૂટલાં તો હોય જ પણ કાળાં કાળાં મેશ જેવાં જ હોવાનાં! તે હવે સ્વચ્છ અને વ્યવસ્થિત જોઇને શિક્ષકો પોતાની પીઠ થાબડતા કે ગ્રામશાળાનું એક મોટું ને મહત્વનું અને સિદ્ધ કરવું ખૂબ જ કઠણ તેવું આ કામ આપણે સિદ્ધ તો કર્યું જ! સરકારે નકકી કરેલ સફાઇનો કાર્યક્રમ બાળકોની અંગસ્વચ્છતા પૂરતો તો પૂર્ણાંશે સિધ્ધ કર્યો!

શાળામાં એક દિવસે મોટા શહેરમાંથી એક મોટા અધિકારી શાળાનું નિરીક્ષણ કરવા આવ્યા.

બાળકોને તેમણે વારંવાર જોયાં. પછી નાખુશ થઇ માથું ધૂણાવ્યું.

અધિકારી—આ બાળકોનાં કપડાં આટલાં મેલાં? તે સ્વચ્છ નથી શું.....

'આ તો ધોયેલાં જ પહેરેલાં છે. અમે શાળામાં જ રોજ કપડાં ધોઇએ છીએ. બાળકો અહીં જ નહાય છે." શિક્ષકે જરા અભિમાન અને આત્મસંતોષની ભાવનાથી કહ્યું.

અધિકારી—તો તમારું સ્વચ્છતાનું ધોરણ ખૂબ જ નીચું લાગે છે. આ કરતાં ઘણાં વધુ સ્વચ્છ કપડાં હોવાં જોઇએ.

શિક્ષક–હા. અમારાં ગામડાઓનાં ધોરણે તો આ કપડાં સ્વચ્છ જ કહેવાય. શહેરો કરતાં અહીંનું ધોરણ જરા ઊતરતું તો ખરું જ.

અધિકારી મન પર એવી છાપ લઇને ગયા કે હજી સુધી સ્વચ્છતાનું ધોરણ ઘણું જ નીચું છે અને સુધારણાને પુષ્કળ અવકાશ છે.

શિક્ષક વિચારમાં પડયો. શું આપણે હજી કાચાને કાચા! આપણને સિધ્ધ થયેલી લાગતી હતી તે હજી સિધ્ધ કરવાની જ બાકી રહી કે? હવે શું કરવું, ઉચિત થશે? કપડાં આપણે ધોઇએ એ કરતાં ધોબી પાસે જ ધોવરાવવાં જોઇએ. તો જ અધિકારી વર્ગને આપણી સ્વચ્છતાનો ખ્યાલ આવશે.

પ...ણ! હજી રોજના ગરમ પાણી અને સાબુ તેલનો ખર્ચ તો ખાતાએ મંજૂર કર્યો નથી. ઘરના પંદરના રૂપિયા પચીસ તો એમાં નાખ્યા છે. તો આ ધોબીનાં કપડાંનો ખર્ચ ખાતું આપશે કે બાળકોનાં માબાપ આપશે!

આજે જ મંગીની મા કહેતી હતી ને કે સવારે બાળકો ભૂખ્યાં જ આવે છે, મારવાડી પૈસા દેતો નથી કેમકે નવો કાયદો થવાથી તે તો ગુસ્સે થયો છે.....મંગીની મા ટોપલીઓ બનાવે છે, બજારમાં જઇને વેચે છે અને તેના રોકડા પૈસા તે જ દિવસે માગીને...લાવીને ખાય છે. પછી જુવાર અને નહીં તો કોદરા લાવીને દળે છે ત્યારે રોટલા કરે. અને બાળકોને શાળામાંથી બાર એક વાગ્યે જમવા બોલાવી લાવે છે. હવે એને કેમ કહુ કે મંગીનાં કપડાં ધોબીને દેવાં છે તે બે આના દેવાના છે...

હવે શું કરવું?

તો હવે શાંતિથી બેસો. પૈસા વિના જે થાય તે કરીશું અને ઉપરીઓની 'સ્વચ્છતા બરાબર નથી' એ ટીકા આનંદથી અને શાંતિથી સાંભળી લેશું.

આ પ્રશ્ન ખરેખર ગંભીરતાથી વિચારવા જેવો તો છે.

આમાં મુખ્યત્વે બે પ્રશ્ન છે. તેની ઉપર સરકારે નિર્ણય કરી શિક્ષકોને માર્ગદર્શન કરવું જોઇએ.

પહેલો પ્રશ્ન સ્વચ્છતાના ધોરણનો. ગ્રામ-વિભાગોમાં જેવા બધાં જ માણસો ખેતીકામ કે બીજા ઉદ્યોગધંધાઓમાં હોય છે તેમને શહેરી રિવાજ મુજબ સફેદ કપડાંનું સ્વચ્છતાનું ધોરણ સ્વીકારવું શક્ય છે? એ શક્ય હોય તો છે ખરું?

મારા મતે તો તે શક્ય હોય કે યોગ્ય જ નથી. ગળીદાર સફેદી એ વિલાસ છે. કપડાંને ઉકળતાં પાણીમાં બા તે યોગ્ય રીતે સ્વચ્છ–એટલે આરોગ્યના થઇ જાય છે. ગળીવાળાં, ઘડીદાર છતાં કેટલીકવાર અસ્વચ્છ હોય છે. પણ નિશાળમાં ચામડીના રોગીઓનાં કપડા અને ગરમ પાણીમાં સાફ કરીએ એટલે થઇ જાય છે. ઉકળતા પાણીમાં કંઇ દવા નાખવાથી તે આરોગ્યદૃષ્ટિએ એટલે રોગજંતુ વિનાનું થઇ જાય છે. ધૂળ કચરો–મેલ કાઢી નાખવાની. બાકી ધણું ખરું માટી ધૂળથી જ ભરેલાં રોગ ફકત પાણીમાં જ ધોઇ નાખીએ અને થોડો કપડાને લાગે તો કઇ હરકત ન ફકત માટી જ નહીં પણ ચૂલાની મેશ માથાનું તેલ કે બીજું તેલ વગેરે ખૂબ જ ગંદુ થાય છે, ત્યારે તેને ધોવા અથવા એવો કોઇ પદાર્થ–જેમાં તેલ કોલસાની, કે બીજી રીતે કાળા થયેલ કરે તેની જરૂર પડે છે આજે સાબુ સોડા મોંઘા જ પડે છે. એટલે બાળકોને યોગ્ય કલ્પના આવે એ માટે થોડો પાણીમાં મેળવી તેમાં કપડાં ધોવા માટે શાળામાં જ કરવું જોઈએ. પણ આટ ઘડીદાર, ગળી દીધેલાં જેવાં સ્વચ્છ પણ આરોગ્યદ્રષ્ટિએ સંપૂર્ણ સ્વચ્છ જેવાં ગમે તેટલાં સ્વચ્છ તો થશે જ. આને ધોરણ આપણે સ્વીકારવું જોઇએ. શહેરના ઇસ્ત્રીબંધ કપડાં ગામડાંઓમાં લાગે છે. સમગ્ર જનતાનું ધોરણ આ શહેરી ઉજળિયાત વર્ગ જેવું–રોજ પહેરવાનું રહયું છે. પ્રાચ્યાત્ય લોકો ઇસ્ત્રીનાં કપડાં ઘરમાં પહેરવાનો નિ થોડા લોકોમાં છે. રોજ કપડાં સ્વ હાથે જ ઇસ્ત્રી કરી, સરસ ઘડી કરી રીત સાર્વત્રિક થાય તો તે ધોરણ

તેનહિ હોય તો વિદ્યાર્થીઓને 'બાળક્રીડાંગણ પ્રવેશ પરીક્ષા' જૂનના બીજા અઠવાડિયામાં આપવી પડશે. એ પરીક્ષામાં જે વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ પાસ થશે, તેઓ જ બાળક્રીડાંગણનો અભ્યાસક્રમ લઇ શકશે.

જેઓને આ અભ્યાસક્રમોની વધારે માહિતી જોઇતી હોય તેઓ શ્રી. તારાબેન મોડક, નિયામક, શિશુવિહાર, ૧૨૮, હિંદુ કોલોની, દાદર, બદલે સરનામે બે આનાની ટિકિટો બીડીને બાલઅધ્યાપન મંદિરનું માહિતીપત્રક તથા અરજીનો નમૂનો મંગાવી લઈ શકે છે.

☆

મુંબઈનું શ્રી નૂતન બાલશિક્ષણ અને શિક્ષક સ્નેહસંમેલન

મલાડના આદર્શ દુગ્ધાલયની આંબાવાડીમાં રવિવાર તા. ૧૦ એપ્રિલના રોજ નૂતન બાલશિક્ષણ સંઘની સ્થાનિક શાખા તથા નૂતન બાલશિક્ષક સંઘ તરફથી એક સ્નેહ સંમેલન, બાળ કેળવણીકાર શ્રી. તારાબેન મોડકના પ્રમુખપદે યોજવામાં આવ્યું હતું. સવારના નવ વાગે સંમેલનની શરૂઆત શ્રી. રમેશભાઇ મહેતાના 'મંદિર તારું વિશ્વરુપાળું' એ પ્રાર્થનાગીતથી થઇ હતી. પ્રાર્થના પછી નૂતન બાળશિક્ષણ સંઘની સ્થાનિક શાખાના મંત્રી શ્રી. બાબીબેન મૂળજીએ તથા નૂ. બા. શિક્ષક સંઘના પ્રમુખ શ્રી. નામલેએ સંચાલકો, શિક્ષકો તથા બાળકેળવણીમાં રસ લેતા ભાઇબહેનોને આવકાર આપ્યો હતો. શિક્ષક સંઘની ભૂમિકા સ્પષ્ટ કરતાં શ્રી. નામલેએ કહ્યું હતું કે સમાજમાં બાળક ઉપેક્ષિત રહે તો જેમ શિક્ષણનો કંઇ અર્થ નથી તેમ જ જો શિક્ષક ઉપેક્ષિત રહે તો પણ શિક્ષણ પ્રગતિ કરી શકશે નહિ. શિક્ષણસંઘના ઉદ્દેશો પાર પાડવાની દ્રષ્ટિએ શિક્ષકો સંઘટિત થઇને કાર્યક્ષમ થવાનો વિચાર કરે તો તે તરફ શંકાની દ્રષ્ટિએ કે પૂર્વગ્રહની દ્રષ્ટિએ ન જોવાની વિનતિ એમણે કરી હતી. શ્રી. બાબીબેને કહ્યું હતું કે શિક્ષણસંઘ અને શિક્ષકસંઘ એ બન્નેનું લક્ષ્ય એક જ છે, અને તે બાળક. શિક્ષકોએ એ લક્ષ્ય પર દ્રષ્ટિ રાખીને જ પોતાનું સંગઠન કરવું જોઇએ અને તેથી આજે નહિ તો કાલે શિક્ષકો અને સંઘ એક થઇ જવા જોઇએ.

આવકાર પછી સંમેલનપ્રમુખશ્રી. તારાબેનનું અત્યંત ઉદ્બોધક ભાષણ થયું. તેમાં તેમણે શિક્ષકસંઘની સ્થાપનાને આવકારતાં કહ્યું કે કારણ વગર કોઇ ઘટનાઓ બનતી નથી. શિક્ષકસંઘ સ્થપાયો છે એ ઘટના બની છે, અને તેથી તેનાં માટેનાં આવશ્યક કારણો અસ્તિત્વમાં હશે એમ જ આપણે માની લઇએ. પોતાની અગવડો સગવડોનો વિચાર પોતે જ્યાં કરી શકે, સંગઠિત થઇને તે બાબત કંઇક વિચારી શકે. એવું સ્થાન શિક્ષકને જોઇતું હતું તે તેમને મળી ગયું છે. શિક્ષકોના સંગઠન સામે મારો વિરોધ નથી; સંગઠનને તો હું આવકારું છું પરંતુ એ સંગઠનને યુનિયનોની જેમ કેવળ અસંતોષ પર જ રચાયેલાં નહિ હોવાં જોઇએ. રચનાત્મક કાર્યની દ્રષ્ટિ રાખીને જે કોઇ પણ જાતનાં સંગઠનો થતાં હોય તો હું તેને જરૂર આવકારીશ, એ રચનાત્મક કાર્ય કરતાં કરતાં જે જે વિક્ષેપો વ્યક્તિના જીવનમાં આવે તેવા જ વિક્ષેપો સંગઠનની સામે પણ આવવાનો સંભવ છે, તે બાબતની ચેતવણી આપતાં શ્રી. તારાબેને, શિક્ષકોએ પગારની માગણી કરીને પછી પણ કેવી નિર્લેપવૃત્તિ કેળવવી જોઇએ. તેનું ઉદ્બોધન કર્યું હતું. બધાંને સંબોધતાં તેમણે કહ્યું બાળશિક્ષણનું કાર્ય આગળ ધપાવવા માટે બાળકો માટેનો કર દરેક વ્યક્તિ પર નાખવો જોઇએ અને આપણા આર્થિક પ્રશ્નોની એ રીતે કાયમી વ્યવસ્થા કરવી જોઇએ.

શ્રી. તારાબેનના ભાષણ પછી શ્રી. કુલકર્ણી, શ્રી. ચંદુભાઇ વ્યાસ, શ્રી, ઇંદુબેન શાહ, શ્રી. ઇશ્વરભાઇ પરીખ, શ્રી. પ્રભુભાઇ ઉપાધ્યાયે બાળ કેળવણી વિષે પોતાના અનુભવો અને ખ્યાલો રજૂ કર્યા.

સંમેલનમાં ભાગ લેનાર ભાઇબહેનોને પોતાની સાથે રોટી કે પૂરી લાવવાની સૂચના અગાઉથી આપવામાં આવી હતી. ટુંક વખતમાં જ શિક્ષકસંઘના કાર્યકર્તાઓએ શાક, કચુંબર, છાસ વગેરેની સુંદર વ્યવસ્થા કરી હતી, બધાં મળીને ૧૨૦ ભાઇ બહેનો મુંબઇના જુદા જુદા વિભાગોમાંથી આવ્યા હતા. એટલાં બધાંની ભોજનનીતૈયારી કેવળ બે જ કલાકમાં કરવાનું શ્રેય જેમ શિક્ષક સંઘના કોઇ કર્તાઓને ફાળે જાય છે તેમ જ તે આદર્શ દુગ્ધાલયના સંચાલકોએ જે આત્મિયતાથી બધી જાતની સગવડો કરી આપી તેને ફાળે પણ ઘણે અંશે જાય છે. શ્રી. વિમળાબેન, શ્રી. દેવલતાબેન, મૃદુલાબેન, શ્રી. ભાઇલાલભાઇ, શ્રી. પટેલ વગેરે મંડળીના ઉત્સાહને લીધે જ આ કાર્ય એટલું સુંદર ને સફળ બન્યું.

દોઢ વાગ્યા પછી શિક્ષકોએ તૈયાર કરેલા શિક્ષણસાધનોનું એક નાનું સરખું પ્રદર્શન યોજાયું હતું. શ્રી. ભગિની સમાજ બાલમંદિરમાં યોજવામાં આવતા કેટલાંક ચાર્ટસ, તેમ જ લીંડી બજારની નર્સરી સ્કૂલમાંથી આવેલા હસ્તવ્યવસાયના નમૂના શિશુવિહારમાંથી આવેલું થોડું વ્યાકરણસાહિત્ય બાળમંદિરોને ઘણું ઉપયોગી હતું.

બપોરે સંમેલને એક જ ઠરાવ કર્યો, અને તે ઠરાવથી પગારના પ્રશ્નનું નિરાકરણ કરવા માટે સંચાલકો તથા શિક્ષકોની એક સંયુકત પગાર ધોરણસમિતિની નિમણૂંક કરી.

ચાર વાગ્યા પછી મનોરંજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. શ્રી. જયંતભાઇ શુકલ, શ્રી. રમેશભાઇ, શ્રીમતી શાહ વગેરેએ ભાગ લીધો હતો. રાસ અને ગરબાનાં મોટાં મોટાં ઘુમતાં કુંડાળાં શ્રી દક્ષિણામૂર્તિમાં યોજવામાં આવતાં ઉદ્બોધક રાસ અને ગરબાની યાદ આપતાં હતાં.

છેલ્લે આભાર પ્રદર્શીત અને વંદેમાતરમ્ બાદ સાડાપાંચ વાગે સંમેલનની પૂર્ણાહુતિ થઇ હતી.

☆

ગ્રામ બાલશિક્ષા કેન્દ્ર—બોરડી

બાલમંદિર

વિદ્યાર્થી : ગયા વર્ષ સુધી હરિજનોનાં બાળકો આવતાં હતાં એટલે સવર્ણોનાં બાળકો આવતાં અચકાતાં, પણ આ વર્ષે તે વિરોધ નહિ જેવો જ રહ્યો છે. બોરડીમાં અગળ વધેલા લોકો વાડીવાળાનાં બાળકો બધાં જ આવવા લાગ્યાં છે પારસીઓનાં બાળકો પણ આવવા લાગ્યાં છે.

'૪૭–'૪૮ સાલમાં હાજરી પત્રકમાં સાધારણ રીતે ૩૦ થી ૪૦ બાળકો નોંધાયાં છે. આ સિવાય સાત આઠ દિવસ જ, વચ્ચે વચ્ચે આવી જનાર બાળકો તો ઘણાં છે. નોંધાએલાં અને વણનોંધાએલાં બાળકો મળીને વીસથી પિસ્તાળીશ સુધી સંખ્યા રહે છે.

ગેરહાજરીનાં કારણો: ૧. બરજવું, માતા, ઓરી, મેલેરિયા, અને બીજા રોગો, ૨. લગ્નકાર્ય ૩. કારજ, ૪. બહારગામ જવું.

સાધનો : આ વર્ષે ઇન્દ્રિયશિક્ષણનાં સાધનો બધાં જ રાખ્યાં છે. જેમાં સ્પર્શનાં બધાં સાધનો અને અવાજની ડાબલીઓ અહીં જ બનાવવામાં આવ્યાં છે. આજ સુધી અવાજની ડાબલીઓ નકામા કાગળોમાંથી બનતી હતી, પણ હવે વાંસની અવાજની ડાબલીઓ બનાવી છે. ભાષા, ગણિતનાં ઘણાં ખરાં સાધનો સ્થાનિક વસ્તુનો ઉપયોગ કરી શકાય એટલા ઓછા ખર્ચમાં બનાવાય છે. રંગકામ, માટીકામ, શિવણ, આ બધા હસ્ત વ્યવસાયોમાં બાળકોની પ્રગતિ થાય છે. ખજૂરીનાં પાનની ચટાઇ બનાવવાની શરૂઆત થઇ છે, પીંજીને પૂણી બનાવવી, તકલી ઉપર સુતર કાંતવું એ બાળકોના પ્રિય વિષયો છે.

વિજ્ઞાન : જુદાં જુદાં પાન, ફૂલ, પીંછા, શંખ, બીઆં, વગેરેનો સંગ્રહ કરવામાં આવ્યો

છે. જીવતા શંખો, રેશમના કીડા, મધમાખીઓનું અવલોકન, ઝાડના બધા ભાગોનો પરિચય.

સ્વચ્છતા : હરિજનોનાં બાળકો નહાવા માટે આવે છે; તેમને સંસ્થા તરફથી કપડાં અપાયાં છે. કપડાં રોજ બાફીને ધોવાય છે, તેને પરિણામે ખરજવાં બંધ થઇ ગયો છે, સાવ મફત જ ન આપવા એવું વિચારી હમણાં કપડાંની કિંમતનો ચોથો ભાગ પ્રત્યેક પાસેથી લેવાનો નિર્ણય કર્યો હતો. બે આનો, ચાર આના કરી કરીને બે ચાર જણ પાસેથી પૈસા વસૂલ કર્યા. બાકીનાઓ પાસેથી ટોપલીઓ, સાવરણીઓ વગેરે રૂપમાં પૈસા વસુલ કરવા એમ ધાર્યું છે. બધાં જ બાળકોનાં હાથ પગ ધોવા, વાળ હોળવા, નખ કાપવા વગેરે કામો ચાલુ જ છે.

એકંદરે શરૂઆત કરતાં બાલમંદિરમાં આવતાં બાળકોનાં ખરજવાનું પ્રમાણ બહુ જ ઓછું છે, આંખ આવવાનો રોગ તો આ વખતે નહોતો જ એમ કહીએ તો ચાલે.

નાસ્તો : આજ સુધી કેળાં, પપૈયાં, ખજૂર, ધાણી અને કોરાં-સૂકાં ફળો રખાતાં હતાં. હવે સમય સાડાઅગિયારથી ચાર નક્કી થવાથી વચ્ચેના સમયે પૂરા ભોજનની જરૂર લાગવાથી ઘેરથી ભાખરી રોટલી લાવવાનું કહેવામાં આવે છે. અહીં એકલું શાક જ બાળકો સમક્ષ બનાવવામાં આવે છે. બાળકો ભાજી સમારે છે, પીરસે છે, થાળીઓ માંજવામાં પહેલાં કરતાં વધુ કાળજી રાખવા લાગ્યાં છે, કારણ તેલવાળી થાળીઓ સ્વચ્છ કરવી પડે છે. હરિજનોનાં બાળકો પણ ઘેરથી બહુ આનંદથી રોટલી લાવે છે.

પ્રવાસ : કુંભારવાડા, સુતારનાં ઘરો, વાંસનો ધંધો કરનારાં, વગેરે જુદા જુદા કારીગરોને ત્યાં નાના નાના પ્રવાસો થયા. શંખ વીણવા માટે સમુદ્ર પર પણ ગયેલાં. બે જુદી જુદી વાડીઓ જોઇ.

પ્રદર્શન : એકદળ ધાન્ય, દ્વિદળ ધાન્ય, ભાજીઓ, શાક, મસાલા, પાંદડાં, ફૂલો, આ બધી વસ્તુઓનું જુદે જુદે વખતે પ્રદર્શન થયું.

ઉત્સવપ્રારંભ : દસ જુન ૧૯૪૮ એ ત્રાંત સમારંભ થયો ત્યારે બાલવાડી ચલાવી બતાવી હતી. બાળકોએ મનોરંજન કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

કસ્તુરબા દિનના દિવસે ગામના માણસોને બોલાવી તેમની સમક્ષ બાલવાડી ચલાવી બતાવી હતી.

આ ઉપરાંત સંક્રાંતિ, બાળદિન, ગાંધી જયંતિ, ગાંધી પુણ્યતિથિ વગેરે જે જે કાર્યક્રમ થાય તે છે બધામાં બાળકોનો ભાગ હોય છે જ, અને પ્રસંગે બહારની બધી બાલવાડીઓનાં બાળકો પણ આવે છે. આ વર્ષે એવા બે મેળાવડા થયા આ મેળાવડા વખતે બાળકોને બેસાડવાં, નાસ્તો પીરસવો એવાં કામો બાળકોને સોંપવામાં આવ્યા હતાં.

૨. અધ્યાપન મંદિર

વિદ્યાર્થી—'૪૭-'૪૮ સાલમાં શરૂઆતથી જ ૩૧ વિદ્યાર્થી હતાં. ચાર વિદ્યાર્થી અને સત્ત વિદ્યાર્થિનીઓ. એમાં કસ્તુરબા સ્મારક તરફથી ચૌદ વિદ્યાર્થિનીઓ હતી. (ગુજરાત ૮ કલકતા ૧, ઇન્દોર ૧, ઓરિસ્સા ૧, મધ્યપ્રાંત ૩,) આ સિવાય સંયુકત પ્રાંત, વડોદરા, રાજપીપળા અને ગુજરાતમાંથી વિદ્યાર્થીઓ આવેલા. આમાંથી ત્રણ પહેલા સત્રમાં આવી ન શકયાં. ૨૮ જણ પરીક્ષામાં બેઠાં. ૨૧ વિદ્યાર્થીઓને બાલ-ઘરનું પ્રમાણપત્ર મળ્યું. ૭ વિદ્યાર્થીઓને ક્રીડાંગણનું પ્રમાણપત્ર મળ્યું.

૧૯૪૮-૪૯

શરૂઆતમાં વિદ્યાર્થી તેત્રીશ ભાઇઓ પાંચ અને બહેનો અઠ્ઠાવીશ: (આમાંથી ચોવીસ વસતીગૃહમાં ભાઇઓ બધા જ વસતી ગૃહમાં રહે છે. કસ્તુરબા ટ્રસ્ટ તરફથી ચાર વિદ્યાર્થિનીઓ (૧) ઇન્દોર, ૧ સી, પી. ૧ દિલ્હી, ૧ રાજપુતાના) બાકીનાઓમાંથી ખંભાતના સાત જણ છે. વર્ધા, મુંબઇ, વડોદરા. ઇન્દોર, મધ્ય ગુજરાત, મહારાષ્ટ્રથી પણ બીજા ભાઇબેનો આવ્યાં છે. મારવાડી સમાજમાંથી બે બેનો અને એક ભાઇ પણ આવ્યાં છે.

વસતીગૃહ વ્યવસ્થા

આ વર્ષે લોકશાહી પધ્ધતિથી આ બધી વ્યવસ્થા ચાલે છે; નવ જણના મંત્રીમંડળમાં એક જણને પ્રધાન મંત્રી ચૂંટી બધો કારભાર ચલાવાય છે. જરૂર પડે છે ત્યાં આમસભા પણ થાય છે. તેઓ જ બધા પ્રશ્નો ઉકેલે છે.

અવલોકન, પાઠ, વગેરે

દરરોજ બારથી બે વાગ્યા સુધી બાલ-મંદિરમાં બધાં અવલોકન કરે છે, તેની નોંધ લે છે. તે બધી તારાબેન મોડક પોતે જ તપાસે છે. પાઠ આપવામાં આવે છે. ટીકા પાઠ પણ થાય છે.

વ્યાખ્યાનોઃ

શિક્ષણપદ્ધતિ, પ્રચલિત પ્રશ્ન–શ્રી તારાબેન મોડક.

માનસશાસ્ત્ર, આરોગ્યશાસ્ત્ર, વિજ્ઞાન–શ્રી. સ. આ. કેળકર.

હસ્તવ્યવસાય, ઑફિસકામ શ્રી–અનુતાઈ વાઘ

આ પ્રમાણે વિષયોની વહેંચણી કરીને પૂ. પ્રા. નિ. સમિતિનો અભ્યાસક્રમ પ્રમાણે વિષયો લેવાય છે.

શૈક્ષણિક પ્રવાસઃ—

'૪૭–'૪૮ માં વેડછી, મઢી, સુરત, બ્રજરાઇ, કરાડી, એમ એક ગુજરાતનો અને પૂના, મુંબઇ, હિંગણે. એમ બીજો મહારાષ્ટ્રનો મળી બે મોટા પ્રવાસો થયા. પ્રવાસમાં શક્ય હોય ત્યાંસુધી હમાલી, ટાંગા કે ગાડા વગેરે કરવાનાં જ નહીં. આ માટે બહુ જ ટીકા થાય છે. આ પ્રવાસ શ્રી. સ. આ. કેળકરે ખૂબ જ યશસ્વી રીતે પાર પાડયો.

'૪૮–'૪૯ માં પૂના તથા મુંબઇનો પ્રવાસ થયો. બાલશિક્ષણ નગર માટે પોણો મહિનો બધા વિદ્યાર્થીઓ તથા શિક્ષકો મુંબઇ આવ્યાં હતાં ને તેથી બહુ જ ફાયદો થયો.

હસ્તવ્યવસાયઃ—

શક્ય એટલી અહીં જ પેદા થતી વસ્તુઓનો ઉપયોગ કરવાનુ ધોરણ રાખ્યું છે. તે પ્રમાણે નારીએળ, કેળ, ખજૂરી વગેરેમાંથી વસ્તુઓ બનાવાય છે.

સાધનોઃ અવાજની દાબડીઓ, સ્પર્શનાં પૂઠાંઓ, રેતિયા અક્ષરો, (કાચિયો કાગળ બનાવીને) બટન, ફ્રેમ્સ, વગેરે સાધનો બનાવવામાં આવ્યાં છે.

સામાન્ય જ્ઞાનઃ—

નિત્યનિરાળા વિષયો ઉપર ચર્ચાઓ થાય છે. માસિકનો ખાસ અંક નીકળે છે. ગયે વર્ષે 'જ્યોતિ' નામનું માસિક નીકળતું હતું. આ વર્ષે 'ત્રિવેણી' નામક માસિક નીકળે છે.

ગુજરાતી, મરાઠી, હિન્દી, અંગ્રેજી વગેરે છાપાંઓ આવે છે. માસિકો પણ ત્રણે ભાષામાં આવે છે. ગાંધી જયંતિ, ગાંધીપુણ્યતિથિ, કસ્તુરબા દિન, સંક્રાંતિ, વગેરે દિવસો ઉજવાયા. અખંડ સૂત્રયજ્ઞ, ભજન, ગ્રામસફાઇ, આના જેવા કાર્યક્રમ આ દિવસે યોજવામાં આવે છે. સત્રાંત સમારંભમાં પંતપ્રધાન શ્રી. બાળાસાહેબ ખેરે અધ્યક્ષપદ સ્વીકારેલું હતું

બહારની બાલવાડીઓઃ—

ગયે વર્ષે કમલવાડી, હળપતિનિવાસ, માંગેલવાડી, અને ઝાઇ આમ ચાર ઠેકાણે બાલવાડીઓ ચાલતી હતી

આ વર્ષે ગામથી દોઢ માઇલ દૂર એવા ચાર ઠેકાણે ચ ર બાલવાડીઓ ચાલે છે. તે બાલવાડી એક એક કાયમી ટુકડીને કાયમી સોંપી દીધેલી છે. 'રજિસ્ટર, જનરલ રજિસ્ટર, ડેઇલ્ટોક વગેરે સર્વની નોંધના ચોપડા તેઓ પોતે જ રાખે છે. એટલે સંચાલનની કલ્પના વિદ્યાર્થીઓને આવે છે.

ઝાઇ : માંગેલા, મચ્છીમારલોકો. શાળા છે. ભાષા ગુજરાતી. બાળકો નાનાં ૧૫–૨૦, મોટાં ૧૫–૨૦.

મોટાતળાવ : વાલી લોકો. શાળા નથી. નાનાં મોટાં મળીને બાળકો કુલ ૨૦. ભાષા ગુજરાતી.

બાવળીપાડા : લોકો વાર્લી. શાળા નથી. બાળકો નાનાં મોટાં મળીને કુલ ૨૦, ભાષા મરાઠી.

નાનાતળાવ : દુબળા લોકો શાળા નથી. નાનાં મોટાં બાળકો ૨૦. ભાષા ગુજરાતી.

બોરડીની ઉત્તરે માઇલ દોઢ માઇલ પર પહેલી, બીજી અને ચોથી બાલવાડીઓ છે. બાવળીપાડા બાલવાડી બોરડીની દક્ષિણે માઇલ દોઢ પર આવેલી છે.

આ વાડીઓમાં વિશેષતઃ સ્વચ્છતા, હસ્ત વ્યવસાય, ગીતો, રમતો અને વાર્તાઓ તથા થોડા અક્ષરજ્ઞાન અને અંકજ્ઞાન લેવામાં આવે છે, હાથ પગ ધોવાં, વેણી પહેરવી, બરજવા પર મલમ ચોપડવો વગેરે કાર્યક્રમ રોજ બધે ઠેકાણે થાય જ છે, હાથ પગ ધોવા માટે સાબુને બદલે હમણાં અરીઠાનો ઉપયોગ થાય છે.

આ બાલવાડીઓ દ્વારા ગામડાંના લોકો સાથે ભળીને કામ કેવી રીતે કરવું એની પ્રત્યક્ષ કલ્પના વિદ્યાર્થીને આવે છે.

ટીકડી

ગાડી ઉપડી જ્યારે,
એ અંદર આવ્યો ત્યારે,
આનાની બે બે,
બે આનાની ચાર, ૧

ટીકડીવાળો આવ્યો,
ગાતો ગાતો લાવ્યો,
આનાની બે બે.
બે આનાની ચાર. ૨

લાલ પીળી ને લીલી,
ગળી ગળી ગુલાબી,
આનાની બે બે.
બે આનાની ચાર.—૩

મ્હોંએ પાણી છૂટે,
એ બાળ અને બાળાને,
આનાની બે બે.
બે આનાની ચાર.—૪

ભચડી કડ કડ કડ કડ,
આતો એક કુમાર,
આનાની બે બે.
બે આનાની ચાર.—૫

ગરીબ બાળાના બેટા,
ટગર ટગર બે નેતા,
આનાની બે બે.
બે આનાની ચાર.—૬

જોતાં આશે આશે,
પૈસા ન મળે પાસે,
આનાની બે બે.
બે આનાની ચાર.—૭

ગાડી ઊભી જ્યારે,
એ ઊતરી ચાલ્યો ત્યારે,
આનાની બે બે.
બે આનાની ચાર.—૮

ધનિક ટીકડી આતા,
ગરીબ ડુસકાં આતાં,
આનાની બે બે.
બે આનાની ચાર.—૯

સ્વરાજ આશ્રમ,
વેડછી.

કૃષ્ણલાલ ભ. પારેખ.

આવો આવો

આવો આવો અહીં રમીએ,
ભાઈ, બેન! આવો આવો, અહીં રમીએ.
નાનાં મોટાં સૌ મળીએ,
ભાઈ, બેન! આવો આવો, અહીં રમીએ.
મીઠી મીઠી વાતો કહીએ,
ભાઇ, બેન! આવો આવો, અહીં રમીએ.
રાસ ગીત રૂડાં લઇએ,
ભાઇ, બેન! આવો આવો, અહીં રમીએ.
આવો સઘળાં ફરવા જઈએ,
સાથે ઉજાણી કરીએ,
ભાઇ, બેન! આવો આવો, અહીં રમીએ,
ના'વે સૂરજદાદા તો—
ચાંદા મામાને કહીએ,
ભાઇ, બેન! આવો આવો, અહીં રમીએ.

મૂળદેવ પંડ્યા.

—: વિદ્યાનું બળ :—

જયપૂરના રાજા જયસિંહ અને દિલ્હીના બાદશાહ ઔરંગજેબને કોઇ કારણથી અણબનાવ હતો. ઔરંગજેબ જયસિંહથી તેનો બદલો લેવા ઘણા પ્રયત્નો કરી રહ્યો હતો, પણ તે પોતાની અક્કલમંદીથી તેના હાથમાં આવતો નથી.

જયસિંહના મરણ પછી બાદશાહે તેના છોકરાને પકડી મંગાવ્યો. રાજકુમાર હજી સુધી વિદ્યા શીખવામાં લાગ્યો હતો, અને સંસારનો વહેવાર જાણતો ન હતો. નીકળતી વખતે તેના મિત્રોએ પોતપોતાની બુદ્ધિ પ્રમાણે બાદશાહના સવાલોના જવાબ શીખવ્યા. રાજકુમારે કહ્યું "કદાચ આ સિવાય બીજા કોઇ પ્રશ્ન પૂછવામાં આવે તો શું જવાબ આપું?" તેની માએ કહ્યું "દીકરા, એવું થાય તો તારી અક્કલ પ્રમાણે જવાબ આપજે."

જ્યારે રાજકુમાર બાદશાહની પાસે પહોંચ્યા ત્યારે બાદશાહે તેના બંને હાથ પકડીને, લાલ પીળી આંખો કરીને કહ્યું, "તારા બાપે મારી સાથે ઘણી દુશ્મનાવટ કરી છે; બોલ, હું તેના બદલામાં તેને શી સજા કરું?

રાજકુમારે નમ્રતાથી ઉત્તર આપ્યો. "હજુર, પરણતી વખતે પુરુષ સ્ત્રીનો એક હાથ પકડે છે; અને તેથી આખરુને ખાતર આખી જિંદગી સુધી તેનું ભરણપોષણ કરે છે. આપે તો મારા બેઉ હાથ પકડયા છે; હવે મને શી બીક છે?"

ઔરંગજેબ આ બુદ્ધિવાળા ઉત્તરથી રાજી થયો અને પોતાની પાસેનું રાજ આપીને તેનું નામ "સવાઇ જયસિંહ પાડયું."

પુરુષોત્તમ હ. પટેલ.

બાલમંદિરો માટે સાધનો

બાલમંદિરો માટે સાધનો ખરીદતાં પહેલાં અમારું સૂચિપત્ર મંગાવો.
દરેક સાધન શાસ્ત્રીય પધ્ધતિથી નિષ્ણાતોની નજર તળે બનાવવામાં આવે છે.
સૂચિપત્રમાં જણાવેલા ભાવ ઉપર ખાસ બાલ મંદિરોને ૬। ટકા કમિશન આપવામાં આવે છે.
લખો–મંગાવો.
નૂતન શિક્ષણ—સાધનાલય, એન્ડ આર્ટ વર્કસ–લી.
સુરેન્દ્રનગર–સૌરાષ્ટ્ર

મહર્ષિ અણ્ણા કર્વે

ધોંડુ ભારે હઠીલો છોકરો. જે વાતની એ જીદ પકડે એ વાતને ન મૂકે. એક વખત ભાઇસાહેબ જમવા બેઠા. ત્યાં કોણ જાણે શું, કે તેને શેકેલા ચણા ખાવાનું મન થયું. બસ, ચણા જ ખાવાની હઠ એણે પકડી. જમવાની થાળી તો તૈયાર જ જતી, પણ ભાઇને તો જમવા કરતાં શેકેલા ચણા જ ખાવા હતા. એ રડવા લાગ્યો. માતાપિતા કંટાળ્યાં. આખરે એની વાત કબૂલ રહી; એને ચણા મળ્યા.

રત્નાગિરી જિલ્લાના દાપોલી તાલુકાના મુરુડ ગામમાં એ રહે. એ વેળાનું મુરુદ સુંદર તાડ અને સોપારીનાં ઝાડોથી દીપતું હતું. હવા પણ બહુ મઝાની. આવા આનંદી, મસ્ત વાતાવરણમાં ઉછરી ધોંડુ મજબૂત બન્યો, બુદ્ધિશાળી બન્યો. એનામાં નિર્મળ ગુણો રેડવા માતાપિતા ભારે જહેમત લેતાં. પિતાનું નામ રઘુનાથ ભટ્ટ. એમને બે પુત્રો અને એક પુત્રી. એમાંનું એક રત્ન તે આપણા આ હઠીલા સાહેબ.

ધોંડુ ભણવામાં ભારે મહેનતુ. મસ્તીમાં પણ પહેલો નંબર. ઝાડ પર ચડી કેરી તોડવામાં ભલભલાને હરાવે, એવો બહાદૂર. ધોંડુની પરીક્ષા હવે નજીક આવી. છઠ્ઠા ધોરણમાં એ ભણે. એ ધોરણની પરીક્ષા આપવી હોય તો બે જ સ્થળોએ અપાય—એક રત્નાગિરીમાં ને બીજી મુંબઇમાં. મુરુડથી રત્નાગિરી ખાસ્સું ત્રીસ માઈલ દૂર. ત્યાંની પરીક્ષા પણ અઘરી. મુંબઇની પરીક્ષા એનાથી જરા સહેલી. ધોંડુ અને એના મિત્રોએ મુંબઇમાં પરીક્ષા આપવાનું વિચાર્યું. એકમતે પાંચે મિત્રોએ મુંબઈને જ પસંદગી આપી. એ દહાડા હતા ભારે વરસાદના. રાત્રે બાર વાગે આંજલ્યાની બાડીમાંથી મુંબઇ જનારું વહાણ ઊપડે. ધોંડુ ને એના મિત્રો સમયસર બંદરે પહોંચી ગયા, પરંતુ કમનસીબે વર્ષાના તોફાનને લીધે વહાણ ન ઊપડી શકયું. બિચારો ધોંડુ શું કરે હવે ? પણ એ કંઇ હિંમત હારે એવો નહોતો. સતારા ભણી જવા એમણે પગ ઉપાડયા. થોડે જતાં ધોંડુને એક ઓળખીતા ફોજદાર સાહેબનો ભેટો થયો. "અરે ધોંડુ ! આવી ઘેરાયેલી રાત તું અહીં કયાંથી ધોંડુ?" અને એના દોસ્તદારોએ પોતાની કથની કહી સંભળાવી. ભલા ફોજદાર સાહેબે સામાન મૂકવા એમને એક ઘોડો ભાડે કરી આપ્યો. ઘોડા પર સામાન મૂકી ધોંડુને તેની મંડળી આગળ વધી. ઘોડો ય ઘરડો બબ્બ. મહા કષ્ટ વેઠી એણે ધોંડુને સતારે પહોંચાડયો.

પરીક્ષાને એક જ દહાડો બાકી હતો. ધોંડુને જરા ટાઢક વળી. કાલે એ પરીક્ષામાં બેસવાનો હતો. પહેલાં તો પરીક્ષામાં બેસવા માટે નામ નોંધાવવા તેઓ ગયા. પણ નસીબ એક ડગલું આગળ ને આગળ. પરીક્ષામાં બેસવા માટેના સવાલ–જવાબો પૂછાતાં ધોંડુની ઉંમરનો પ્રશ્ન ઉપસ્થિત થયો. પ્રશ્ન પૂછનારને એની ઉંમર વિષે શંકા થઇ, ને ધોંડુને પરીક્ષામાં ન બેસવા દેવાનું જાહેર થયું. આટઆટલી મહેનત કરીને અંતે નિરાશા ! ના ! ધોંડુ એમ કંઇ નિરાશ થાય એમ નહોતો. છઠ્ઠા ધોરણની પરીક્ષા પાસ કરવાની મકકમ મને એણે પ્રતિજ્ઞા લીધી હતી; એનો ભંગ કેમ કરાય ? કોલ્હાપુરને માર્ગે એ ઊપડયો. ત્યાં એના એક ઓળખીતા માસ્તર હતા. એ કોલ્હાપુર આવી પહોંચ્યો. માસ્તરને મોઢું દેખાડયું. બધી વાત કરી, બસ ધોંડુને પરીક્ષામાં બેસવાનો પરવાનો મળ્યો. એ જીત્યો. પરીક્ષામાં બેસી એ છઠ્ઠા ધોરણનું નાવ અનેક સંકટો વેઠી એણે પસાર કર્યું. આ વિદ્યાર્થી ધોંડુ, આગળ જતાં શિક્ષક બન્યો. સ્ત્રીશિક્ષણનું કામ એણે હાથમાં લીધું. આજે ય ધોંડો કેશવ કર્વેની સ્ત્રીશિક્ષણસંસ્થાઓ દેશભરમાં પ્રસરી અનેક સ્ત્રીઓની સેવાનું, સમાજસેવાનું મહાન કાર્ય કરી રહી છે. વ્યવહારથી માંડીને મોટામાં મોટું ભણતર આ વિદ્યાપીઠમાં મળે છે, ને એના ભીષ્મપિતા સમા મહર્ષિ અણ્ણા કર્વે આજે ય એ જોઇ આંખો ઠારે છે. અણ્ણા ઘણું જીવો.

બાબાભાઇ ઠેઠી.

પ્રશ્નોત્તરી

પ્રશ્ન–બાળકોમાં ઘોંઘાટ કરવાની ટેવ તેમ જ અવ્યવસ્થિત રીતે રમવું, કૂદવું, તેમને ગમતું હોય એમ દેખાય છે. એ બાબતમાં શું કરવું જોઇએ ? બાળકો આ ટેવોથી મુક્ત કેવી રીતે બની શકે ? એ અંગે આપના વિચારો જાણવાની મને જરૂર લાગે છે.

લાંબિશંકર વ્યાસ. કરાડી.

જવાબ—ઘોંઘાટનો પ્રશ્ન દરેક શાળાને મૂંઝવનારો છે. આપણી જૂની ઢબની શાળામાં સોટી કે એવા કોઇ ધાકથી જ તે દબાવવામાં આવે છે. પણ તેથી તેની ટેવ જતી નથી. શિક્ષક અથવા કોઇ ઉપરી કે જે શાંતિ પ્રસ્થાપિત કરવા માંગે છે તેમની હાજરી હોય ત્યારે જ અને ત્યાં સુધી જ એ શાંતિ રહે છે. તેઓ આઘા જાય કે છોકરાંઓ વધારે ગડબડ ઘોંઘાટ કરવા પ્રેરાય છે તેનું કારણ તો પહેલી પ્રસ્થાપિત થએલી શાંતિ, દબાણથી અને બીકથી સાધ્ય કરેલી હતી એ છે.

ધીમે બોલવાથી, ધીમે ચાલવાથી એકંદરે બધાંને જ કેવો લાભ થાય છે એ વસ્તુ વારંવાર પાઠ આપીને તેમના ધ્યાન પર લાવવા જોઇએ. એ પ્રકારની શાંતિ સ્થાપવાની જવાબદારી તેમના ઉપર જ મૂકવી જોઇએ. આપણે હોઇએ કે ન હોઇએ એની સાથે એનો કશો સંબંધ નથી એ વસ્તુ તેમણે જાણવાની છે.

પછી જાણ્યા છતાં, ટેવથી કોઇવાર બાળકોથી ઘોંઘાટ થઇ જાય છે. તેને માટે, તેમને યાદ આપવા માટે, કંઇક આવાજનું સાધન રાખવું, જેમકે અમુક પ્રકારની જુદી ઘંટડી અથવા શંખ ફૂંકવાનું કે એવો કોઇક પ્રકાર અને તે અવાજ તરફ ધ્યાન રાખીને, તે વગાડીને સૂચના આપવાનું કામ કોઇ બાળકનેજ સોંપવું. એટલે કોઇ વાર શિક્ષકો કે મહેમાનો ગડબડ કરતા હોય તો પણ એ વગાડીને સૂચના આપી શકે એવું રાખ્યું હોય તો બાળકોને શાંત રહેવા સામે વાંધો ઉત્પન્ન થતો નથી. ઊલટું ગડબડ ઘોંઘાટને લીધે કેટલી તકલીફ બધાંને—એટલે ગડબડ કરનારા સિવાય બીજા બધાંને થાય છે તે તેમના ધ્યાનમાં આવે છે. સારાંશ એ કે ધીમે બોલવું, ધીમે ચાલવું, દાદરા પરથી ઊતરતાં ચડતાં બનતાં સુધી ઓછો અવાજ થાય તેમ કરવું; એકીસાથે બધાંએ બોલવું નહિ વગેરે નિયમોમાં બધાંની સગવડ છે તેથી તેમ કરવું એ વસ્તુ બરાબર થવી જોઇએ.

આપણી સંસ્થાઓમાં મોટે ભાગે થાય છે શું કે નિયમો માત્ર વિદ્યાર્થીઓ માટે હોય છે ને શિક્ષકો, મેમાનો કે ટ્રેનિંગ કોલેજના વિદ્યાર્થી પોતે કામ કરતી વખતે તેટલી જ ગડબડ ને ઘોંઘાટ કરી મૂકે છે. આથી છોકરાંઓ પાસેથી શાંતિની અપેક્ષા રાખવામાં આવે છે એથી તેની સામે બાળકોનો વિરોધ બંધાય છે. તેથી જ એ ઘોંઘાટનો પ્રશ્ન મોટો ને વકટ થઇ પડે છે ઘરની ટેવ, ઘરના મોટા માણસોની ટેવ એ પણ એક મોટું કારણ આ પ્રશ્નને વધારે વિકટ કરે છે.

કામ કરતી વખતે અથવા કામની જગ્યાએ, વાચનાલયમાં, ભોજનાલયમાં વગેરે સ્થળે શાંતિની અપેક્ષા રાખીએ, ત્યારે એવાં પણ સ્થળો તેમને બતાવવાં જોઇએ અથવા તેમને માટે રાખવાં જોઇએ કે જ્યાં તેઓ મન માને તેટલી ગડબડ કરી શકે. બધી જ જગ્યાએ જો ધીમે બોલવાનો નિયમ રાખીએ તો ઘણાં બાળકોને તે ભારે પડે છે પાછળથી ટેવ પડી જાય અને તે જ ગમવા લાગે એટલે પછી છૂટમાં પણ બહુ તાણીને બોલવાનું ઘણાંખરાંને ગમતું નથી. પણ શરૂઆતમાં ધ્યાન રાખીને ધીમે બોલવાથી જ્ઞાનતંતુ ઉપર અને મગજ ઉપર એક જાતનું તાણ રહે છે. તેમાંથી વચ્ચે છૂટકારો મળવો જોઇએ. એ છૂટકારો જેમને જોઇએ તેમને લેવાની છૂટ રાખવી એટલું જાણીને 'હવે કરો ઘોંઘાટ,' 'કરો અવાજ,' 'ખૂબ જોરથી રાડો પાડો' વગેરે કહીને બહાર ઊતેજન આપવાની જરૂર નથી; જેમને જરૂર હોય તે છૂટ લઇ શકે છે.

તે સિવાય બધાં સાંભળી શકે એટલા જોરથી બોલવું, હુકમ આપવા, દૂરથી ખબર આપવી વગેરે બાબતો રમત વખતે રાખવામાં આવે તો મોટેથી બોલવાની શક્તિનો યોગ્ય જગ્યાએ ઉપયોગ કરવાની પણ ટેવ પડે.

કેટલાંએક છોકરાંઓને અવાજ તે ગડબડ કરીને પોતા તરફ ધ્યાન ખેંચવાનું મન થાય છે. કેટલાએકમા મોટો ઘાટો કાઢીને બીજાને ચૂપ કરવાની ટેવ હોય છે. એવાં બધાને જુદા પાડીને, તેમની વિકૃતિનાં કારણો શોધીને તેનો ઉપચાર થાય તો આવી ટેવો નિકળી જાય.

બાકી સામાન્યતઃ આપણી આગળ જે આ પ્રશ્ન અવારનવાર આવે છે, તેનું કારણ તો આપણા લોકોમાં બાહ્ય તરફ ધ્યાન આપવાની ટેવ નથી એ છે. સામાન્યતઃ આપણને નિષ્કારણ ઘાંટો કાઢીને બોલવાની ટેવ હોય છે. સામાન્ય જનતાનું ધોરણ વધારે સંસ્કારી બનતું જશે તેમ તેમ શાળાના આ પ્રશ્નનો ઉકેલ પણ સહેલો બનતો જશે.

ત.

Regd. NO. 2241

નૂતન કેળવણીના સિદ્ધાંતોને અનુસરતી શાળાઓને ઉપયોગી એવું શિક્ષણસાહિત્ય. બાલ મંદિર અને નર્સરી સ્કુલનું પ્રબોધક સાહિત્ય, જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિઓ માટેનાં સાધનો, નકશા અને ચિત્રપટના લીસ્ટ માટે લખો અથવા આ બધું નજર સમક્ષ જોવા અવશ્ય મુલાકાત લ્યો.

જેચંદ તલકશી એન્ડ સન્સ,

૧૪૬, હોર્નબી રોડ, મુંબઈ ૧.

ટે. નં. ૨૦૪૪૩ ટેલીગ્રામ: Deshikothi

ક્યાંથી ખરીદી કરશો?

મુંબઇના

સૌથી અપ-ટુ-ધ-મિનિટ સ્ટોરમાં

સગવડ સાથે ખાત્રી પૂર્વક

ખરીદી કરવા પધારો

સુતરાઉ, ગરમ તથા રેશમી કાપડ ફરનીશીંગ તથા હાઉસહોલ્ડ લિનન બનારસી સિલ્ક સાડીઓ, જુદા જુદા દિલજીત રંગોમાં - ગ્લાઉઝ પીસીઝ, લેધર ગુડ્ઝ

ભેટ આપવા લાયક નોવેલ્ટીઝ

ઊંચી ક્વૉલિટીનો માલ

વાજબી ભાવથી મળશે.

બૉમ્બે સ્વદેશી કોઓપરેટીવ સ્ટોર્સ, લિમિટેડ.

સર ફિરોઝશાહ મહેતા રોડ, ફોર્ટ મુંબઈ.

: શાખાઓ :

મહાત્મા ગાંધી રોડ, પૂના — જેમ્સ સ્ટ્રીટ, સિકન્દરાબાદ

આગ અકસ્માત જિંદગી

મોટર દરિયાઇ વર્કમેન્સ કોમ્પેન્સેશન

સર્વ પ્રકારનું વીમાકામ

સરળ શરતોથી થાય છે.

લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને

સંતોષકારક મહેનતાણું:

એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય મંગાવો.

ધી ઇન્ડીઅન ગ્લોબ ઇન્સ્યુરન્સ કં. લી.

—:હેડ ઑફીસ:—

૩૧૫-૩૨૧ પ્રોસ્પેકટ ચેમ્બર્સ, હૉર્નબી રોડ, મુંબઈ.

શિક્ષણ પત્રિકાના કાર્યાલયમાં નીચેનાં પ્રકાશનો મળી શકશે.

છ વર્ષ સુધીનાં બાળકો માટે

બીકણ સસલી—ચિત્ર વાર્તા. કિં. રુ. ૧-૮-૦

બાલશિક્ષણ વિધાતા સ્વ. શ્રી. ગિજુભાઇના મૂળ તાલબદ્ધ લખાણો સાથે (ત્રણ રંગમાં છપાએલી.)

ગણિત કાપલીઓનો ઘરગથ્થુ સેટ કિ. રુ. ૧

એમાં આર્ટ પેપરવાળા, સરવાળા બાદબાકી અને ગુણાકારના ચાર્ટસ તથા ૨૦૦ કાપલીઓ આવે છે.

ગણિત કાપલીઓનો બાળમંદિર સેટ કિ. રુ. ૩૦-

એમાં સરવાળા, બાદબાકી અને ગુણાકારના પૂઠાપર ચોંટાડેલા ચાર્ટસ તથા ૯૪૦૦ કાપલીઓનો સમાવેશ કર્યો છે.

એકાંકી ગણિતની કરંડીની રમતોની કાપલીએ કિ રુ. ૧

સરવાળા બાદબાકી અને ગુણાકારના છુટ્ટા ચાર્ટસ કિ. રુ. ૨-૦-૦

મૂળાક્ષર પરિચય-ઘરગથ્થુ સેટ, કિ. રુ. ૧-૮-૦

એમાં મૂળાક્ષરોના દસ તકતાઓ તથા એક મૂળાક્ષર પોથીનો (ત્રિરંગી) સમાવેશ થાય છે.

મૂળાક્ષર પરિચય બાળમંદિર સેટ. કિ. રુ. ૩-૦-૦

એમાં તકતાઓ માટે જાડું પૂઠું વાપર્યું છે.

અક્ષરજ્ઞાન પોથી છૂટક. કિં રુ. ૦-૮-૦

મૂળાક્ષર તકતાઓ-છૂટક જાડું પૂઠું ૨-૮-૦ અને પાતળું પૂઠું ૧-૮-૦

વી. પી. નું ખરચ જુદું ગણાશે.

લખો. મંત્રી નૂતન બાળશિક્ષણ સંઘ

શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ, ૬.

પ્રકાશક:-શ્રી બાબીભેન મૂળજી, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ. ૬

નૂતન બાલશિક્ષણ સંઘદ્વારા પ્રકાશિત

શિક્ષણ

વર્ષ ૨૪ : : જુન ૧૯૪૯ : : અંક ૬ ઠ્ઠો

સાચું શિક્ષણ

પોથાં પઢાવો, શાસ્ત્રો પઢાવો
જ્ઞાન ને વિજ્ઞાન પઢાવો
બુદ્ધિ વધારો, કળા વધારો
ભાવનાના ફુવારા ઉડાડો
પણ જીવન વ્યવહારમાં
એક બીજાની છેતરપિંડી, એક બીજાનું શોષણ,
એક બીજા સાથેની મારામારી, એક બીજાની લૂંટાલૂંટ,
ચાલુ રાખો
એ કાંઇ શિક્ષણ કહેવાય ?
એક બીજાની ચુકેલી જોતાં શીખવો,
એક બીજાની સાથે સહકાર કરતાં શીખવો,
એક બીજાના ગુણ જોતાં શીખવો,
એક બીજાના દોષો મટાડતાં શીખવો,
ઉચ્ચ નહિ, નીચ નહિ, આગળ નહિ, પાછળ નહિ,
માત્ર ઉત્તમ માણસ બનતાં શીખવો,
એજ સાચું શિક્ષણ–માનવતાનું શિક્ષણ.

તા.

: આદ્યતંત્રી :
સ્વ. ગિજુભાઇ બધેકા

: સંપાદક : : સહસંપાદક :

અનુક્રમણિકા

૧. ગ્રામ બાલઅધ્યાપન મંદિર... ...સંચાલક
૨. શ્રી. તારાબેનનો સંદેશ... ... ...
૩. માનવતાનું શિક્ષણ... ... શ્રી. માવળંકર
૪. એ છે પ્રાથમિક શિક્ષણનો મહા પ્રશ્ન ... ... તં.
૫. બાલમંદિરોમાં વ્યાકરણશિક્ષણ ... ના.
૬. બાલમંદિરોનું નિરીક્ષણ ... સ. કેળકર
૭. એક માતાની નોંધ ... ... લી. મ.
૮. નૂતનશિક્ષણની વિચારણા ... દેવદત્ત પટેલ

બાલવિભાગ

૧. આવું છે આ મુંબઇ ગામ... ...બાબીબેન
૨. આવ વાદળી... ... પોપટલાલ ગોહેલ
૩. ગોવાળોનો શોર ... ... મૂળદેવ પંડ્યા
૪. પ્રાર્થના સાથે પ્રયત્ન ... ... પુ. પટેલ
૫. બાપુની પ્રસાદી ... ... બાબાભાઇ

ગિજુભાઈની દસમી સંવત્સરી

બાલ-પૂજા

આજ કાલ કરતાં ગિજુભાઇને ગયાં દસ વરસ જેટલો લાંબો કાળ વહી ગયો છે. આ દસ વરસમાં ગુજરાતે, ગુજરાતના ધનિક વર્ગે, ગુજરાતની આમ જનતાએ, બાળશિક્ષણના રસિકો અને સેવકોએ, પ્રકાશકોએ અને પ્રચારકોએ, વકતાઓએ અને બાળ શાસ્ત્રવૈજ્ઞાનિકોએ ગિજુભાઇના બીજા હૃદય જેવાં બનેલાં અતિપ્રિય બાળકો માટે શું કર્યું છે એનો વિચારણાનો આ સમય છે. આપણને મોઘેરું સ્વરાજ્ય હાથ લાધ્યું છે, પણ આપણે બાળકોની સ્વયંસ્ફૂર્તિને પોષી છે ખરી? આપણે કરોડોના અંદાજપત્રો પસાર કરીએ છીએ, પણ શેરી શેરીનાં બાલક્રીડાંગણોના ખરચ્ચ અપાય છે ખરાં? મોટી ઉપાધિ લેવા જનાર આજે પરદેશમાં મહાલે છે; આપણે બાળકોને એના પ્રિય વાતાવરણમાં ગેલ કરવા દીધાં છે ખરાં? સ્વર્ગસ્થ ગિજુભાઇનો આત્મા આજે પોકારે છે કે ઓ હિંદ! તારા બાલધનને પૂજ; એનું સન્માન કર; એના આત્માનો ઉઘાડ થવા દે; એમાં જ તારો ઉદ્ધાર છે.

આફ્રિકામાં સંવત્સર દિન

જુનની ૨૩ મીએ ગિજુભાઇની દસમી સંવત્સરી છે એ નિમિત્તે, પૂર્વ આફ્રિકા નૂ. બા. શિ. સંઘની શાખા અત્યંત ઉપયોગી કાર્યક્રમ સૂચવી રહી છે. અનેક સ્થળે આજે ગિજુભાઇના શિષ્યો ને ભકતો ત્યાં કામ કરી રહયા છે; એ સૌ જે ખંતથી અને ઉત્સાહથી કાર્ય કરી રહયા છે એ જોતાં દિલ ખુશ થાય છે. આ શાખા ટૂંક વખતમાં જ 'બાળકોનું હકનામું' એ નામની પત્રિકા બહાર પાડનાર છે. એમની વિનંતિ છે કે આ દિવસે દરેક સંસ્થા અને બાલપ્રિય સર્વ "બાલ દેવો ભવ"નો મંત્ર સમજવા મથે; આ દિવસે બાળકોને ગિજુભાઇની વાતો કહો; સાથે બેસી ગીતો ગાઓ; એનાં નાટકો જુઓ; સાથે પુસ્તકો વાંચો; બાળકોના કામનું પ્રદર્શન ગોઠવો, 'બાળકોને ન મારો,' એ સૂત્ર ઘેર ઘેર લગાવો; માબાપોને બાળશિક્ષણમાં રસ લેતાં કરો, સંઘપર્યટનો ગોઠવો; ગિજુભાઇના સ્મારક રૂપ રહેલી 'શિક્ષણ પત્રિકા'ના ગ્રાહકો વધારો; ગિજુભાઇના કામથી સૌ કોઇને પરિચિત કરો; જ્યાં જ્યાં જે જે બાળકોને જે જે રીતે ઉલ્લાસવંતાં કરાય તે બધામાં સાથ આપો.

જ. દ.

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૪ : અંક ૬] મુંબઈ [જુન, ૧૯૪૯

ગ્રામ બાલઅધ્યાપન મંદિર

(બોરડીમાં થયેલ મહોત્સવ)

નૂતન બાલશિક્ષણસંઘ તરફથી ચાલતા બોરડીના ગ્રામ બાલઅધ્યાપન મંદિરનો વાર્ષિક મેળાવડો તા. ૧-લી મે ના રોજ માનનીય શ્રી-દાદા-સાહેબ માવળંકરને પ્રમુખસ્થાને યોજાયો હતો. સંઘના પ્રમુખ શ્રી સરલાબેન સારાભાઇ, સરોજબેન ચોધ, કપિલાબેન મહેતા, સવિતાબેન પારેખ તેમ જ જૂના વિદ્યાર્થીઓ પણ હાજર હતા.

તા૦ ૩૦ મીએ એપ્રિલનો દિવસ અહીંની બાલવાડીમાં યોજાયેલું પ્રદર્શન જોવામાં અને પાસેના ગામની બાલવાડી જોવામાં મેમાનોએ ગાળ્યો હતો. આ પ્રદર્શન નાનું હતું છતાં એમાં કેટલીએક વિશિષ્ટતા હતી. બોરડી ગામના જીવનને ઉપયોગી દૃષ્ટિ આપવા માટે એક પદાર્થપાઠ (Projeci) રજૂ થયેલ હતો. શાકભાજી, ફળ વગેરે મૂકવામાં આવ્યાં હતા. ત્યાં ચાલતા ધંધાઓનું કામ બતાવવામાં આવ્યું હતું. ઉપરાંત, અહીંના આદિવાસી લોકો ડુંગરની ઉપજ વેચીને ગુજરાન ચલાવે છે તેનો ખ્યાલ પણ અપાયો હતો સંસ્થાને આંગણે ઊગેલાં ઝાડ, છોડનાં પાન વગેરેનો પ્રત્યક્ષ પરિચય સપ્રયોગ અને વૈજ્ઞાનિક રીતે અપાયો હતો. એ ખૂબ રસપ્રદ હતું.

એક વિભાગમાં બાળકો તથા અ. મંદિરના વિદ્યાર્થીઓના હસ્તવ્યવસાયની ચીજો મૂકેલી હતી. એમાં ત્યાં મળતી વસ્તુઓમાંથી સાદડી વગેરે બાસ ધ્યાન ખેંચે તેવાં હતાં. શિક્ષણનાં સાધનો તૈયાર કરવાનો પ્રયત્ન પણ સારો ગણાય.

બપોરે માંડવામાં બાલવાડી ચલાવવામાં આવી હતી. અસંખ્ય લોકો વિંટળાયેલા હતા છતાં બાળકો પોતપોતાની પ્રવૃત્તિમાં તલ્લીન હતો, આ દૃશ્ય આનંદદાયી હતું.

સાંજે અહીંથી દોઢ માઇલ ઉપર આવેલા મોટાતળાવ નામના ગામડામાં આદિવાસીઓના વાસમાં ચાલતી બાલવાડી જોવા પ્રમુખશ્રી ગયા. ત્યાંનાં બાળકોએ માટી કામમાં જે કળા ઊતારી હતી એ નોંધવા જેવી હતી: આ સિવાય, તુણાઇ, કંતાઇ, સીવણ તથા અક્ષરજ્ઞાનની પ્રવૃત્તિ પણ ચાલતી હતી. સાદડી ઉપર બેસી મહેમાનોએ બાળકોનું સંગીત સાંભળ્યું, નૃત્ય જોયું, આનંદ વ્યકત કર્યો. ઝૂંપડીની દિવાલોમાં ચિતરેલત્રો મોહક લાગ્યાં.

તા૦ ૧ લી ના રોજ મુખ્ય ઉત્સવ સમારંભ થયો. શ્રી સરલાદેવીએ સૌનું હાર્દિક સ્વાગત કર્યું, અને ત્રણ વર્ષ દરમિયાન અહીં થયેલા કામનો પરિચય આપ્યો. પછી બાળકો તરફથી મનોરંજક કાર્યક્રમ અપાયો. લોકગીતો ગાઇ, લોકવાર્તાઓ અભિનયમાં ઉતારી આનંદ આપ્યો. ત્યાંના બાલ અધ્યાપન વર્ગે 'અહિંસા, સત્ય, અસ્તેય'-એ એકાદશ વ્રતોનાં સૂચક દૃષ્યો સુદર રીતે રજૂ કર્યાં. રાસ અને ગરબા તથા 'મંત્રી મંડળ' નામનો વિનોદાત્મક સંવાદ ધ્યાન ખેંચે તેવા હતા.

આ કાર્યક્રમ બાદ શ્રી તારાબેન મોડક ગ્રામ-બાલશિક્ષા કેન્દ્રનાં કામોની સવિસ્તર માહિતી આપી. શ્રી સુલભાબાઇ પાણુંદિકર, શ્રી સાવે, શ્રી ધનુભાઇ વગેરેએ સંસ્થાના કામ વિશે સંતોષ વ્યકત કર્યો અને ગ્રામવાસીઓ કઇ રીતે સહકાર આપી શકે તે બતાવ્યું.

અંતમાં, પ્રમુખશ્રી દાદા સાહેબ માવળંકરે બાલશિક્ષણનું મહત્વ સમજાવતું બહુ જ મનનીય ભાષણ કર્યું જે આ અંકમાં અન્યત્ર આપવામાં આવ્યું છે.

આ વાર્ષિક મેળાવડો અનેક રીતે સુંદર થયો અને સફળ થયો. પ્રમાણમાં સારી એવી હાજરી ગ્રામજનોની હતી. અનેક ધંધાદારી બહેનોએ પણ આમાં ઊંડો રસ લીધો એ ખાસ આનંદની વાત છે.

નૂતન બાલશિક્ષણસંઘનું કામ આમ ગામડાઓમાં નવું ચેતન આણી રહ્યું છે એ ખરેખર આનંદની અને ગૌરવની વાત છે.

સંચાલક ગ્રા. બા. કેન્દ્ર.

જન્મગાંઠ પ્રસંગે
શ્રી. તારાબેનનો સંદેશ

ગયા મહિનામાં બોરીના ગ્રામ અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓએ શ્રી. તારાબેન મોડકની જન્મગાંઠ ઉજવી. તે પ્રસંગે શ્રી. તારાબેન જે બોલ્યા તે એકલા આ વર્ષના વિદ્યાર્થીઓને જ નહિ પણ તમામ વિદ્યાર્થીઓને માટે પણ સંદેશા રૂપ છે તેથી અહીં આપીએ છીએ.

તેમણે કહ્યું;–

"આજે તમે મારી જન્મગાંઠ ઉજવો છો. તે નિમિત્તે મિષ્ટાન્ન જમો ને રજા ભોગવો એ તો ઠીક છે. રોજના સખ્ત કામમાંથી આરામ અને આનંદ મેળવવાના આવા પ્રસંગો વિદ્યાર્થીઓએ શોધવા જ જોઇએ. પણ તમે અનેક શુભેચ્છાઓ સાથે મારી વર્ષગાંઠ ઉજવી તેથી મને તીવ્રતાથી સાંભરી આવ્યું છે કે હવે કામ કરવા જેવાં મારાં વર્ષો ઓછાં થતાં જાય છે. કામ હજી કેટલું થોડું થયું છે, અને કેટલું બધું બાકી છે! એ જ વિચાર આજે મને વધારેમાં વધારે આવે છે.

તમે જ્યારે સામે આવો, મારા ઉપર શુભેચ્છાઓ વર્ષાવો છો ત્યારે મારે તમને સંભારી આપવું જ જોઇએ કે આ કામ એવું છે કે માત્ર શુભેચ્છાથી પાર પડવાનું નથી. તમે મને ગુરુ માનીને મારી પાસે આવો છો, તેથી મને ગુરુદક્ષિણા માગવાનો હક્ક મળે છે.

તમે સૌએ મારા દિલનાં દર્દ વાંચ્યાં હશે, ત્યારે હું દક્ષિણામાં એ જ માગું છું કે એને તમે મટાડી દો. હું સાઠની પાસે જતી જાઉં છું. તમે જુવાન છો, તમારા હાથપગમાં જોર છે, તમારા હૈયામાં નવ–જુવાનનો ઉત્સાહ ને ઉમેદ છે. એ જોઇને જ હું માગે ભાર આજે તમારા ખભા પર મૂકું છું.

બાળકોના જીવનવિકાસનો માર્ગ અણરૂંધ્યો કરવા પાછળ તમારી જિંદગી ખરચજો; એને જ તમારું જીવન કાર્ય બનાવજો; તેમ કરવામાં જે મુશ્કેલીઓ નડે તે વેઠવાની ઇશ્વર તમને બળ આપશે

નૂતન બાળશિક્ષણ સંઘના પ્રેરણાદાતા–ગુરુ સ્વ. ગિજુભાઇએ શરૂ કરેલું– માનવવિકાસનું આ મહદ્ કાર્ય અધૂરું ન રહી જાય તે જોજો; એને અમર બનાવજો

માનવતાનું શિક્ષણ

(માનનીય શ્રી. દાદાસાહેબ માવળંકરે બોરીના ગ્રામબાલ અધ્યાપન મંદિરના ઉત્સવ પ્રસંગે પ્રમુખ સ્થાનેથી આપેલું ભાષણ)

આજે હું તમને ખાસ કોઇ નવી વાતો કહેવાનો નથી. હું જે કહેવાનો છું તે ઘણું જૂનું છે, છતાં હજી સુધી આપણે ગળે ઊતર્યું નથી. આપણને આપણા ધ્યેયની બરાબર કલ્પના નથી. જેમકાશીએ જવું છે તેમ રોજ કહેતા રહીએ તો ત્યાં પહોંચવું છે તે નજર આગળ રહે, તેમ આપણે પણ આપણા સામુદાયિક અને વ્યક્તિ જીવન કેવું હોવું જોઇએ તેનો આદર્શ નજર આગળ રાખવા ખાતર વારંવાર તેને વિશે વાત કરવી જોઇએ. અશિક્ષિત લોકોની વાત છોડી દઇએ પણ સુશિક્ષિત ગણાતા લોકોને પણ તેની કલ્પના ઘણી ઓછી છે. મ્યુનિસિપાલિટીની સભામાં પણ આઠ આઠ દસ દસ લોક એકી સાથે બોલવા લાગે છે અને એટલી

ગડબડ મચાવે છે કે કોઇ કોઇનું સાંભળી શકતા નથી. એ શું બતાવે છે? એ જ કે આપણું શિક્ષણ બરાબર થયું નથી સારાં કપડાં પહેરવાં એ કંઇ ખરું શિક્ષણ નથી. શિક્ષણનું તે એક અંગ હશે, પણ શિક્ષણમાં બીજી ઘણી બાબતોનો સમાવેશ થવો જોઇએ. આપણા ગામમાં ઘણી ગંદકી હોય છે અને તે આપણે કરીએ છીએ અને તેમ છતાં કહીએ છીએ કે મ્યુનિસિપાલિટી બરાબર કામ કરતી નથી. આનું કારણ આપણું શિક્ષણ છે. આપણું આરોગ્ય કેમ સાચવવું, શું ખાવું, શું પીવું, એ બધી બાબતોનો સમાવેશ શિક્ષણમાં થાય છે; નહીં કે એકલું અક્ષરજ્ઞાન.

આવા સારા શિક્ષણની આવશ્યકતા સ્ત્રીઓને વિશેષ છે. કારણ બધા મહાન સ્ત્રીઓ કે પુરુષો તેમની માતાના ખોળામાં જ ઉછરીને મોટા થાય છે. સમાજમાં જે સુધારાઓ થવા જોઇએ તેનું મહત્વ જો સ્ત્રીઓને સમજાય તો તેવા સંસ્કારોને તેમનાં બાળકોને આપશે; અને તેથી આપણું સામાજિક અને વ્યક્તિગત જીવન સુધરશે. લેખનવાચન આદિ પુસ્તકિયું શિક્ષણ તો ગૌણ પ્રકારનું છે. માનવ-ભૂમિકા પર જીવતાં શીખવું એ જ ખરું શિક્ષણ. પણ આજે એવું શિક્ષણ B.A.M.A. થયેલા લોકોમાં પણ દેખાતું નથી. 'બાળકોને નિશાળે શું કામ મોકલો છો?' એમ માબાપોને પૂછીએ તો જે જવાબો મળે છે, તે ઉપરથી આપણે શિક્ષણનો શો અર્થ કરીએ છીએ તે જણાશે. 'બીજાં છોકરાંઓ જાય છે, માટે અમારા છોકરાંઓને મોકલીએ છીએ; અથવા ભણવાથી અર્થ પ્રાપ્તિનું સાધન મળી જાય છે.' આ પ્રકારના જવાબો મળે છે. કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને પણ એમણે શા માટે ભણવું જોઇએ તે સમજાતું નથી. જીવનશિક્ષણ એ ખરું શિક્ષણ છે. આપણે આજે જીવીએ છીએ, પણ આપણા દેશ માટે શું કરીએ છીએ? બીજાઓને ઉપયોગી થવા સારું શું કરીએ છીએ? બીજાઓને એ પ્રશ્નો સારા, સુરક્ષિત લોકો આગળ પણ ઊભા થતા નથી. આપણે પૈસાની જેટલી કિંમત કરીએ છીએ તેટલી, ચારિત્ર્ય અથવા શીલની કરતા નથી; અને એ બરાબર નથી.

આપણી સરકાર પણ સંરક્ષણ ખાતા ઉપર તથા ગૃહખાતા ઉપર કોટયાવધિક રૂપિયા ખર્ચે છે; પણ શિક્ષણ ક્ષેત્રમાં શું કરવું જોઇએ તેનો વિચાર હજી થતો નથી. ખરું જોતાં આપણે માટે એ જ વસ્તુ સારા મહત્વની છે. એક અન્નનું ઉત્પાદન અને બીજું, માનવતાના પાયાપર રચાયેલું શિક્ષણ. શિક્ષણક્ષેત્રમાં મહાન કાર્ય કરીએ છીએ એમ માનનારા આપણાં વિશ્વ વિદ્યાલયો પણ પ્રાથમિક કે પૂર્વપ્રાથમિક શિક્ષણ હાથ ધરતા નથી. તેથી આજે શિક્ષણનો પાયો યોગ્ય પ્રકારે નંખાતો નથી.

ગયાં પચીસ વર્ષમાં આપણો જગત સાથેનો સંબંધ વધ્યો છે, અને જગત ઝપાટાબંધ બદલાય છે. આપણાં બાળકો જે વીસ વરસ પછી નાગરિક થવાના છે તેમને તે વખતે ઉપયોગી થશે એવું શિક્ષણ આપણે આજે આપવું જોઇએ, એ જ આપણી આગળ ખરો પ્રશ્ન છે.

પહેલાનો સમાજ જુદો હતો; અત્યારનો જુદો છે, આપણે આપણું ધ્યેય પહેલાં નક્કી કરવું જોઇએ. તે ધ્યેયને પહોંચવા, યોગ્ય એવું શિક્ષણ આપણાં બાળકોને આપણે આપવું જોઇએ.

આ પ્રશ્ન સરકાર ઉકેલી શકશે નહિ, કારણ સરકાર એ તંત્ર હોય છે જ્યારે શિક્ષક તંત્ર નહિ, પણ હૃદય થવું જોઇએ. એટલા માટે જ અહીંની બાલવાડી જેવી સંસ્થામાં કામ કરનાર વ્યક્તિઓએ શિક્ષણનું કામ હાથમાં લેવું જોઇએ.

શિક્ષણનો ઉદ્દેશ ૫–૧૦ મહાન વિદ્વાન નિર્માણ કરવાનો નથી, પણ સર્વ સાધારણ જનતાની સર્વ સાધારણ કક્ષા ઊંચી લાવવાનો છે.

આપણા દેશમાં, આખી દુનિયામાં નહીં એવા મહાન પુરૂષ મહાત્મા ગાંધી નિપજ્યા, પણ આપણા દેશના માણસોની સરાસરી કક્ષા જોઇએ તો પાશ્ચાત્ય દેશોની સરાસરી કક્ષા કરતાં ઘણી જ નીચી છે એમ દેખાય છે. તેથી સર્વ સાધારણ માણસોની શિક્ષા વધારવા માટે તેમનું શિક્ષણ પહેલાં હાથ ધરવું એ જ સ્વરાજ્યના ઘડતરનું ખરું કામ છે; ગઇ કાલે મોટા તળાવ ઉપર આદિવાસી લોકોમાં ચાલતી બાળવાડી જોઇને સ્વરાજ્યના ઘડતરનું કામ અહીં, બોડીમાં ચાલે છે તે નજરે આવ્યું; અને એ જ ખરો પ્રયત્ન છે.

એ છે પ્રાથમિક શિક્ષણનો મહાપ્રશ્ન

અત્યંત ઉલ્લાસ સાથે અમે અમારા શહેરનાં નાનાં પરાંઓમાં પ્રવેશ કર્યો. અમને એમ લાગતું હતું કે અમે ત્યાં જઇશું એટલે બધાં બાળકોને એકઠાં કરીશું અને અમે જે રીતે યોજના કરેલી તે મુજબ એમની અંદર કામ શરૂ કરીશું. પણ અમે કલ્પ્યું હતું એના કરતાં અમારી આશાને વધુ સફળતા સાંપડી. અમારી આજુબાજુ પરાંનાં નાનાં અને મોટાં છોકરાંઓ વિંટળાઇ વળ્યાં. શહેરી લોકો ભાગ્યે જ એમના વાસમાં આવતાં; એટલે એમને મન તો અમે પ્રાણીસંગ્રહનાં પ્રાણીઓ હોઇએ એવાં જણાયાં.

પ્રથમ દિવસે મળેલી સફળતાથી અમને ખૂબ ઉત્સાહ આવ્યો. અમે ગીતો ગાયાં અને વાર્તાઓ કહી; એ બધું બાળકોએ આંખના ચમકાર સાથે સાંભળ્યું. પછી અમે જગ્યાની સાફસુફી કરી અને બાળકોનાં હાથ, પગ અને મોં ધોયાં. એનાં કપડાંઓ તરફ અમે જાણી જોઇને હમણાં ધ્યાન ન આપ્યું પણ એનાં તૂટેલાં ઝૂંપડાંઓની અંદરની સ્વચ્છતાનાં વખાણ કર્યાં. આમ તે દિવસે તો અમે અમારા કાર્યની પરિપૂર્ણતાના આનંદથી સૂતાં.

બીજે દિવસે લોકોના પૂરા-સહકારથી આદિવાસીઓના વાસમાં, અમારા ધાર્યા મુજબની ત્યાંનાં બાળશિક્ષણમાં જે સફળતા મળેલી—તેની અમે વાતો કરતા રહ્યા અને અનેક વિચારો કર્યા. અમે એમને જણાવ્યું કે આજસુધી આ કામનો કોઇએ વિચાર જ કર્યો ન હતો અને કોઇ એમનાં આ સ્થળે આવ્યું ન હતું, તેથી કશું કામ થઇ શકયું ન હતું. આજ સુધી આપણે એ લોકોને અજ્ઞાન, અભણ અને પછાત જ માન્યા હતા અને તેમની તરફ દુર્લક્ષ સેવ્યું હતું.

તે પછીને દિવસે પણ અમને એવી જ સફળતા મળી. મોટાંઓ જે કે આવતાં ઓછાં થઇ ગયાં હતાં પણ ત્રીસેક નાનાં બાળકો તો ભેગાં થયાં જ. એમાંનાં કેટલાંક જરા મોટા પણ હતાં. અમે એમને પૂછ્યું કે તમે નિશાળે કેમ નથી જતા ? તમને ખબર નથી કે પ્રાથમિક શિક્ષણ હવે પણ જો બાજુમાં કોઇ શાળા કાઢવામાં આવે તો અમે આવવા ને ભણવા તૈયાર છીએ. છેવટે અમે પૂર્વપ્રાથમિક શિક્ષણની સાથે સાથે મોટાં બાળકોના શિક્ષણ માટે કાંઇક કરવાનું ઠરાવ્યું અને મોટાંઓને પણ સમજાવ્યું કે અક્ષરજ્ઞાનયોજનામાં તેઓ ભાગ લે, અને વર્ગોમાં આવતા થાય. આ સાંભળીને કોઇએ અમને ના તો ન કહી પણ અક્ષરજ્ઞાન માટેના વર્ગની વાત સાંભળીને ખડખડાટ હસવા લાગ્યા. અમને લાગ્યું કે એમના આવાસમાં આવી શાળા થવાથી એમને આનંદ થશે.

બેએક અઠવાડિયાં આમ પસાર થયાં. અમે જોયું કે દિવસે દિવસે બાળકોની સંખ્યા ઘટતી જતી હતી. અમે માની લીધું કે બાજુના ઝૂંપડામાં લગ્ન હતા તેથી આમ થયું હશે, એથી અમે લગ્ન સમારંભમાં ભાગ લીધો. એમનાં લગ્નગીતો અમે શીખ્યાં અને એમની સંગે બેસીને એ ગાયાં. અમે લોકોના સામાજિક રીતરિવાજ અને રૂઢિઓ વિષે વાત કરી અને તેનો અભ્યાસ કર્યો. અમારામાં રહેલી સમાજ-સુધારણાની વૃત્તિ અમને શાંતિથી બેસવા દે તેમ ન હતું. એટલે જેને લીધે એ લોકો દેવાદાર થઇ જાય છે એવા ખરાબ રિવાજોની અમે ટીકા કરી. અમે એમને સમજાવ્યું કે તાડી, દારૂ વગેરેને કારણે જ શેઠીઆઓ એમને પૈસા ધીરી લૂંટે છે માટે બધાએ એક થઇ એ રિવાજને કાઢવા મથવું. અમારી આ વાત સાંભળી, નિશાળ કાઢવાની વાત સાંભળીને એ લોકો જેવું હસેલા તેમ હસી પડયા. જ્યારે અમે બહુ દબાણ કરવા લાગ્યા ત્યારે એમનો એક મોવડી અમને કહેવા લાગ્યો કે તમે તમારું કામ કર્યા કરો; અમારામાં માથું મારવાની તમારે શી જરૂર છે !

આથી અમને જરાક નિરાશા આવી. પણ અમે માની લીધું કે આવાં કામોમાં ઉતાવળે કાંઇ પરિણામ ન પણ આવે; એટલે આપણે તો ધીરજ અને શાંતિથી કામ ચલાવ્યે રાખવું; અને જેમ વખત જશે તેમ તેમ એમના ઉપર કાંઇક અસર થશે જ.

રહ્યાં. કેટલીક વાર તો એટલાંય ન હતાં; ત્યારે આ બધાં ગયાં કયાં ? એ સૌ એમના પોતાના કામમાં પરોવાયેલાં હતાં. સૂકાઈ ગયેલાં ખાબોચિયાં એ ખોદતાં અને તેમાંથી ઘાસનાં મૂળિયાં કાઢી કાઢીને ખાતાં હતાં. અમે કેટલાક જણાએ એમની સાથે એ કામ કરવા માંડયું, પણ એથી કાંઈ વળ્યું નહિ. અમને હવે સમજાયું કે અમે એમને અમારી પ્રવૃત્તિઓ માટે આકર્ષી શકયા નથી. ઘણાં અમારાં ગીતો અને રમત તરફ હસતાં કેટલાં અમારી મશ્કરી કરતાં; કેટલાકે તે અમારી સામે વિરોધ પણ કરવા માંડયો. એમણે અમને પૂછયું કે તમે અમારા માટે ખાવાનું લઈને કેમ નથી આવ્યા ? તમે અમને કપડાં કેમ નથી આપતાં ? અમે વર્ગમાં આવીને કામ કરીએ છીએ તો એના પૈસા કેમ નથી આપતા ? વગેરેથી અમને સ્પષ્ટ થયું કે અમે ત્યાં જે જાતનું કામ કરી રહ્યા હતાં એમાં કોઈને રસ ન હતો. બે વરસના નાનો બાળક સુધ્ધાં પણ અમારાં ગીતો અને વાર્તાને બદલે બોદી બોદીને મૂળિયાં ભેગાં કરવામાં વધુ રસ બતાવતો.

આ બધાંએ અમારી આંખ ઉઘાડી. હવે અમે જાણ્યું કે અહીંનો ખરો પ્રશ્ન તે ભૂખનો છે અને તેથી એ સિવાયની બીજી પ્રવૃત્તિ માત્ર હાસ્યાસ્પદ છે. એટલું જ નહિ પણ આવાં બાળકોને મોટરની વાત કરવી અને તેમાં કેવું ફરવા જઈ શકાય છે—એવા પાઠ આપવા ને વાતો કરવી, એમાં માત્ર લાગણીહીનતા જ રહેલી છે. જ્યારે પેટમાં ભૂખથી આગ લાગી હોય ત્યારે એમને ચિત્રકામ કરવાનું અને સીવવાનું તથા માટી કામ અને શબ્દલેખન કરવાનું કેમ કહી શકાય ! એમને વળી સ્વચ્છતાની શી પડી છે ! પેટની ભૂખ શાંત કરવા માટે જ્યારે એ વલખાં મારી રહ્યાં હોય ત્યારે વાળ ઓળવામાં અને આંખ, ચામડી સાફ રાખવામાં એમને શો રસ આવી શકે !

ભૂખમરો ! હા, આ ભૂખ એ જ મહા પ્રશ્ન છે. ત્યારે બીજી બાજુએ ચાર ચાર વાર પેટ ભરી ખાનારાઓ એની મુશ્કેલીની વાતો કરે છે ! કેટ કેટલી મહાન યોજનાઓ ! શી આપણી ગ્રામોદ્ધાર પ્રવૃત્તિઓ ! શું આપણું ફરજિયાત શિક્ષણ ! કેવી આપણી હસ્તવ્યવસાય કરતી શાળાઓ ! શી આપણી બુનિયાદી શાળાઓ ! કેવું આપણું પ્રૌઢ-શિક્ષણ ! શાંગહાઇ અને પ્લાસ્ટીકની ઉપરની આપણી ફિલ્મોનું કેવું દર્શન !!.....જીવનની આવી બધી વસ્તુઓ આજ એમની ભૂખ પાસે મૂર્ખામીભરી લાગે છે. આવી ભૂખથી એ રિબાતા હોય ત્યારે આપણે એમની પાસે ધૃષ્ટતાપૂર્વક સ્વચ્છતાની અને સમાજસુધારાની વાતો કરીએ તો કોઇને ઠાર કરી નાખે તોય મને તો આશ્ચર્ય નહિ થાય.

પુજ્ય ગાંધીજીના શબ્દોનું પાછળનું ગંભીર રહસ્ય હવે મને સમજાય છે ને એ શબ્દો મારા કાનમાં ગૂંજી ઊઠે છે. એક વખત ગામડાના પછાત વર્ગોમાં કંઈ જાતનું શિક્ષણકામ હું કરવાનો છું એની વાતો ઉત્સાહથી એમને કરી રહ્યો હતો. એ આંખા પ્રશ્ન વિષેનું મારું અજ્ઞાન અને બીન-અનુભવ તેઓ જોઇ ગયાં હશે. એ તો મહાત્મા હતાં એટલે બાળશિક્ષણને માટે હું જે કામ કરવા ઇચ્છતી હતી એ ત્યાં અસ્થાને હતું, એમ કહી કાંઇ મને એમણે નિરાશ ન કરી. પણ એક જ સીધો સવાલ મને પૂછયો; "તું આ બધાં બાળકોને ખાઇ શકાય તેવું ઘાસ કયાંથી મળે, એને રાંધીને કેમ ખાઇ શકાય એ શીખવીશ ?" મેં તો પહેલાં કોઇ દિવસ આવી વાત સાંભળી ન હતી કે વિચારી પણ ન હતી. છતાં મેં વિનયથી જવાબ આપ્યો કે જી, હા; હું એ જાણવા મથીશ. પછી એમણે મને કહ્યું કે એમની માને એમણે આવા ઘાસનો આવો ઉપયોગ કરતાં જોયેલાં એટલે એમને એ બધાની ખબર છે, જ્ઞાન છે.

બસ, હવે મને સમજાયું કે આ બાળકોના શિક્ષણમાં મહત્વની વાત કઇ છે ! પ્રથમ તો ખાઇ શકાય એવું કાંઇક ઊગાડતાં એમને શીખવવું જોઇએ; વાચન, લેખન, ગણિત, સફાઇ અને હસ્ત ઉદ્યોગ પણ પછી જ આપી શકાય, શિક્ષણે તો ભણનારના મુખ્ય પ્રશ્નનો ઉકેલ સૌથી પહેલાં કરવો જોઇએ. આપણે જો આવે વખતે એમને ભણવાનું ફરજિયાત કરીએ તો એમને ભૂખ્યાં રાખીએ છીએ. અને ભૂખ્યા પેટે એ શું ભણી

શકવાનાં ? એટલે જેનાથી ભૂખ સંતોષાતી ન હોય તેવામાં એમને કયાંથી રસ આવવાનો ? એ તો અત્યારે જે વિશાળ ખેતરો ખોદી રહ્યાં છે તે એમની ભૂખને સંતોષી શકે એવાં મૂળિયાં મેળવવાને માટે. હવે આ કાળે શિક્ષણની બીજી વાતોને બદલે આ જમીન ખોદયા બાદ, અંદર કાંઇ વાવવામાં આવે તો એ ઊગ્યા બાદ, એ પોતે એ ખાઇ શકશે એમ બતાવવામાં આવે તો એમનામાં એ માટેનો કુદરતી રસ જાગશે; કારણ ? એ રસ એમના જીવનની આવશ્યક જરૂરિયાતોમાંથી ઊભો થાય છે. બાળપણમાં વાંચેલી 'સેન્ડફૂડ' અને મરટન'ની વાતમાં છુપાયેલો ઊંડો ભેદ અને અર્થ હવે મને સમજાય છે.

મને લાગે છે કે આવાં સ્થળોમાં આપણે દરેકને જમીનનો ટૂકડો, દશ બાળકો અને શિક્ષકને કાંઇક વાવીને, ઉત્પાદન કરીને ખાવાનું શીખવી શકીએ; બટાટા, શિંગોડાં, મગફળી, મકાઇ અને જુવાર વગેરે જે તેઓ ઉગાડે તે તેમને ખાવાં મળે તો કેવું સારું ! જ્યાં સુધી એમનાં પેટ ભરાયાં નથી, ત્યાં સુધી એમને બીજું ન શીખવી શકાય તો કાંઇ નહિ. હાં ! જ્યારે જ્યારે એ લોકોને ફાઝલ વખત મળે ત્યારે ત્યારે શિક્ષકે એમને વાતો દ્વારા, ચર્ચાદ્વારા અથવા કોઇ હાથઉદ્યોગ અને કળા દ્વારા એમનાં માનસનો વિકાસ કરાવવો જોઇએ. પણ આ બધામાં મુખ્ય શિક્ષણ તે પોતાનું અનાજ પોતે મેળવતાં શીખે એ જ છે. પછી મધ કેમ મેળવવું, ઢોર કેમ ઉછેરવાં, વગેરે સહાયક ધંધાઓ પણ ઉમેરી શકાય. મુખ્યત્વે તો, ખાઇ કે પી શકાય એવા પદાર્થો મેળવતાં શીખવું એ જ ખરું કાર્ય એમને માટે છે અને તેથી એવાં કામો માટે પ્રોત્સાહન આપવું. શરુઆતમાં કદાચ કપડાં વગર કે લુંગી જેવા નાના કકડાથી ચલાવી શકશે. પણ જેનો પેટનો ખાડો પૂરાયો ન હોય તેને ભણવાનું કહેવું એ અત્યંત અમાનુષી છે, અવૈજ્ઞાનિક છે અને માનસશાસ્ત્રીય દૃષ્ટિએ વિઘાતક છે. એટલે, જ્યાં સુધી એમના જીવનની આ પ્રાથમિક અને આવશ્યક જરૂરિયાતોને નહિ પહોંચી શકીએ ત્યાં સુધી શિક્ષણની બધી મહાયોજનાઓ નિષ્ફળ જ થવાની.

આજના પ્રાથમિક શિક્ષણનો આ ખરો પ્રશ્ન છે અને આપણે આ મૂળ અને ખરા પ્રશ્નનો હિંમતપૂર્વક ઉકેલ કરવો જ જોઇએ.

અનુ. જયભિખુ દાણી તા.

બાલમંદિરોમાં વ્યાકરણશિક્ષણ

વ્યાકરણ વિશેના આપણા પૂર્વગ્રહો પ્રથમ દૂર થવા જોઇએ. વ્યાકરણ એટલે નિર્જીવ દેહનું હાડપિંજર નહિ પરંતુ જીવનના વિકાસ સાથે અંગોપાંગોથી ખીલતી ને વિકસતી ભાષાના સુંદર દેહનું હાડપિંજર; આમ જો બધા સમજશે તો તો ભાષાવિકાસમાં વ્યાકરણનું શું સ્થાન છે તે સમજવું મુશ્કેલ નહિ બને. વ્યાકરણ એટલે જીવતી અને વિકસતી ભાષાનું જીવતું અને વિકસતું બંધારણ. લાકડાનાં ચોખટાઓની જેમ તે જડ અથવા સ્થિતિસ્થાપક હોતું નથી પરંતુ દિનપ્રતિદિન વિશાળ ને વિશાળ થતા કોઇ ભાષાવૃક્ષના થડ જેવું તે સ્થિર તેમ જ નિત્ય નવું થતું અને વિકસતું હોય છે. હાડપિંજર વિના સુંદર શરીર કેવું ? અથવા તો થડ વિના મહાવૃક્ષ કેવું ? આ પ્રશ્નોની જેમ જ વ્યાકરણ વિના સુંદર ભાષા કેવી, એ પ્રશ્ન આપણા મનને પૂછવો ઘટે.

'તો શું બાલમંદિરમાં પણ આપણે બાળક પાસેથી વ્યાકરણના યમ-નિયમો ગોખાવવા અને ભાષાશિક્ષણમાં સ્થાન આપવું, એમ તમે કહેવા માગો છો ?' ગણિતની જેમ વ્યાકરણ પણ એક અમૂર્ત વિષય (abstract) છે. ભલભલાં તે સમજતાં નથી. તો બિચારા નાનાં બાળકો પર બોજો નાખવાની આ શી વાત તમે કરી રહ્યા છો, એની તમને ખબર છે ?

હા ! વ્યાકરણ એ અમૂર્ત વિષય છે અને તેથી જ તે ગણિત વિષયની જેમ જ બુધ્ધિ તથા મનના વિકાસને પોષક એવો એક વિષય હું ગણું છું. મારી સમજ પ્રમાણે વ્યાકરણનો સંબંધ ભાષાવિકાસની સાથે છે તેનાં કરતાં પણ તેનો સંબંધ બુધ્ધિ અથવા મનના વિકાસ સાથે છે એમ કહું તો તે વધારે સારું છે. કારણ, ભાષાવિકાસ એ તો બુધ્ધિ અથવા મનોવિકાસનું કેવળ એક બાહ્યાંગ છે. વિકસનું સાચું સ્થાન તો બુધ્ધિ અથવા મન જ છે. બાળક આપણી વચ્ચે જન્મે છે અને કુદરતી પ્રેરણાવડે આપણી વચ્ચે જીવવા માટે તેને આપણી દુનિયાના એક અભ્યાસક અથવા તો વિદ્યાર્થી થવું પડે છે. આપણી દુનિયાની બીજી અનેક વસ્તુ સાથે બાળક દુનિયાની ભાષાનું પણ એક મહાન ઉપાસક બનતું હોય છે. આપણી ભાષાના ઉચ્ચારો, આપણા શબ્દો, તેના ઉચ્ચારોની બારીક હલક ઝલક, તેનો વિશિષ્ટ ઉપયોગ એ બધું શીખી લેવાનો તેનો સતત પ્રયત્ન હોય છે. જન્મતઃ સમાજનું, તેની ભાષાનું કે પરિસ્થિતિનું જેને શુન્યવત્ ભાન હોય છે તે જ બાળક બીજા વર્ષને અંતે જીવનવ્યવહારને આવશ્યક એટલી બધી ભાષા સમજતું દેખાય છે. સો વડે ગણાય એટલા શબ્દો અને તેનો ઉપયોગ તે કરતું દેખાય છે. વિશેષ આશ્ચર્યની વાત તો એ કે આ બધો ભાષાનો વ્યવહાર વ્યાકરણની દૃષ્ટિએ પણ ઘણે ભાગે અણિશુધ્ધ હોય છે.

આપણે માની લીધું છે કે બાળક તો ભાષા સહેજે શીખી લે છે; તેમાં તેને કશી મુશ્કેલી પડતી નથી. તે બધું 'સ્વાભાવિક' થાય છે તેમાં કશી આપણને 'નવાઈ' નથી લાગતી. પરંતુ જે કંઈ 'સ્વાભાવિક' રીતે અથવા તો 'સહેજે' થાય છે એવું આપણને લાગે છે તેની પછવાડે કેટલો બધો પ્રયત્ન હોય છે તે જરા ઝીણવટથી તપાસવાં બેસીએ તો એ 'સ્વભાવિકતા' પ્રાપ્ત કરવા બાળક પોતાના તનમનની બધી શક્તિઓનો ઉપયોગ કરીને કેવું સતત પ્રયત્નશીલ રહે છે તેનો ખ્યાલ સહેજે આવશે. સરકસમાં તાર પર ખૂબ જ સ્વાભાવિક રીતે નાચનાર નટની જેમ જ બાળક ભાષાને હાથ કરવા અને સ્વાભાવિક બનાવવા રીતસર અથાક પ્રયત્ન પૂર્વક કસરત કરતું હોય છે.

બાળમંદિરમાં અઢી ત્રણ વરસનાં બાળકો દાખલ થાય છે. ઘરના વાતાવરણમાં જે અનુભવો થયા અને તેના પરથી ભાષાના જે સંસ્કારો થયા તે લઈને બાળક બાલમંદિરમાં પ્રવેશે છે. તેની બુધ્ધિ અથવા મન ખૂબજ વિકસાભિમુખ હોય છે. હજીએ બાળક ભાષાનો એક અભિજાત વિદ્યાર્થી હોય છે, તે કોણ નહિ કબૂલ કરે? ભાષા શીખવાના એના પ્રાકૃતિક પ્રયત્નોમાં એને જ્યાં જ્યાંથી યોગ્ય મદદ મળે છે તે બાળક કૃતજ્ઞ થઈને ખૂબ આનંદથી સ્વીકારતું હોય છે. બાળક ઘણે ભાગે વ્યાકરણની દૃષ્ટિએ અણિશુધ્ધ હોય છે. એ 'સ્વભાવિકતા' પાછળ પણ તેના અથાક પ્રયત્નો હોય છે, 'બા' ચા પીધો કહેવાય કે પીધું કહેવાય ? 'બાપા ! હાથી આવી ! હાથી આવી !!' એ બોલીમાં જ તું બાળક પોતાની હાંસી થાય છે તે સમજીને બીજી વખતે બરાબર 'હાથી આવ્યો ! હાથી આવ્યો' કરે છે. 'એક હોય તો 'કાગડો' અને બહુ હોય તો 'કાગડા' નહિ' એવી મૂંઝવણો એથી ત્રણ વર્ષનાં બાળકોને પણ થતી હોય છે. બાળકોના આ પ્રયત્નો આપણે યોગ્ય રીતે સમજતા રહેશું તો બાળશિક્ષણમાં કે બાળમંદિરમાં વ્યાકરણવિષયને સ્થાન આપવું કે ન આપવું એ વિશે બાલમંદિરના શિક્ષકોને પ્રશ્ન જ રહેશે નહિ.

પોતાના મનમાં જે શબ્દો વારંવાર મંથન પામતા હોય એવા શબ્દોનો ઝીણવટભર્યો અભ્યાસ બાળકોને ખૂબ ખૂબ ગમતો હોય છે એ બાળમંદિરના શિક્ષકોને કહેવાની જરૂર નથી. આ સમયની બાળકની સંવેદન, ક્ષમતા અને તેને લીધે બુધ્ધિ અને મનનાં ક્ષેત્રો પણ બીજ ગ્રહણ કરવા માટે તૈયાર કરેલી જમીન જેવા હોય છે. આ સમયમાં સૂક્ષ્મ અનુભવના અને તેની સાથો સાથ વ્યાકરણ અને ભાષાના બીજો વાવો કે પછી તે પોતાની મેળે તે ઉગશે એટલું જ નહિ પણ પોતાના વિકાસક દ્રવ્યો પણ ખેંચી લેવા વધારે પ્રયત્નશીલ થશે.

બાળમંદિરની કેળવણીમાં ભાષાવિકાસને પોષક

એવી વ્યાકરણની રમતોમાં ત્રણ પગથિયાં મને દેખાય છે. બાળમંદિરમાં આવે ત્યાંથી તે તેને વાચન આવડે તે પહેલાના સમય સુધીની એટલે કે ૨॥ થી ૫ વર્ષ સુધીની રમતોને આપણે પહેલા પગથિયા તરીકે ગણી લઇએ. પાંચ વર્ષની આજુ આજુમાં બાળકો શબ્દચિઠ્ઠીઓ વાંચે છે: ત્યાંથી આગળનો એક વર્ષનો કાળ એ સંજ્ઞાત્મક વ્યાકરણની (Symbolic Grammar) રમતોનો કાળ ગણીએ, અને તેને બીજા પગથિયા તરીકે ઓળખીએ. છઠ્ઠા વર્ષની આજુબાજુમાં વ્યાકરણવિષયની આપણે જે આગળની રમતો આપીશું તેને ત્રીજું પગથિયા તરીકે ગણીશું. વ્યાકરણશિક્ષણની આ લેખમાળામાં આપણે આ ત્રણ પગથિયાં તરીકે કઇ કઇ રમતો કેવી રીતે આપી શકાય તેનો હવે વિચાર કરીએ.

મૌખિક વ્યાકરણની રમતો

એક વચનબહુવચનની મૌખિક રમતો.

સાધનનું વર્ણન: આ સાધનનું નામ 'મૌખિક વચન પેટી, સામાન્યતઃ તે ૮"+૧૨"×૨" સાઇઝની હોય છે અને અંદર ૬ ખાનાં હોય છે. ખાનાંઓમાં જે વસ્તુઓનાં નામોનાં વચનોમાં રૂપાંતરો થાય છે એવી વસ્તુઓ મૂકવામાં આવે છે. દરેક વસ્તુના ૬ ૬ નંગ હોય છે.

હેતુ: નામોનાં એકવચન અને બહુ વચનનાં રૂપોમાં થતો ભેદ બાળક આગળ રજૂ કરવો.

બાળકની પૂર્વ તૈયારી:—બાળક બાળમંદિરમાં દાખલ થયા પછી સ્થિર થઇને શિક્ષકનું કહ્યું સાંભળતું થાય એટલે આવી રમતોમાં ભાગ લેવા માટે બાળકને સૂચન કરવું.

રજૂઆત: આ રમત ઘણે ભાગે સામુદાયિક હોય છે. તેની રજૂઆત પ્રથમતઃ શિક્ષક કરે. એ રજૂઆત માટે યોગ્ય સમય નાસ્તાની તૈયારી ચાલે છે ત્યારે હોય છે એ વખતે બધાં બાળકો સ્વાભાવિક રીતે જ એકઠાં થાય છે. સમુદાયની વચ્ચોવચ એકાદું બાજઠ મૂકવું અને તેના પર વચનપેટી મૂકવી. આ વચનપેટીમાં (૧) મણકા (૨) પેન્સિલો (૩) કોડીઓ (૪) બંગડીઓ (૫) બટન (૬) દડા વગેરે વસ્તુઓ હોય છે. શિક્ષક દરેક બાળકનુ નામ બોલીને શાંતિથી આજ્ઞા કરે છે: લીલીબેન, પેન્સિલ—લાવો. લીલી બહેન પેન્સિલ લાવે છે. હવે લીલીબેન, પેન્સિલો લાવો.' એ પ્રમાણે શિક્ષક બાળકની કક્ષા, અભિમુખતા બોળખીને આ આજ્ઞાઓમાં ફેરફાર કરે છે. 'રમણભાઇને મણકા આપી આવો.' 'રમણભાઇને મણકો આપી આવો.' જરૂર જણાય તો શરૂઆતમાં એક વચન અને બહુવચનનાં રૂપો વિશે ટૂંકમાં વાત કરવી. આ રીતે સામુદાયિક પાઠ આપ્યા પછી બાળકો અંદર અંદર સાધનની મદદ લઇને સ્વાધ્યાય પણ કરતાં દેખાય છે.

લક્ષ સેવવા જેવો મુદ્દો એકવચન અને બહુવચનનાં રૂપોનો જરા વધારે સ્પષ્ટ ઉચ્ચાર કરીને તે તરફ ધ્યાન જાય એવું કરવું. શરૂઆતમાં પરિચિત નામો પસંદ કરવાં, આગળ જતાં અપરિચિત નામો પણ લઇ શકાય. વચનપેટીમાં યોજી શકાય એવી કેટલીક યાદીઓ.

૧. ડબ્બીઓ, ટાંકણીઓ, રબર (૨) કૂચીઓ, કાગળો, કાતરો (૩) ફૂલો, ઘબ્બાઓ, પૈસા ૪. બાટલીઓ, પરમિડિયાં (૫) દાણા, શંખ, બીલીઓ (૬) પવાલા, ટીક્કીઓ, છિપલીઓ.

આગળના અંકમાં—વ્યાકરણની અન્ય રમતો વિશે વિચારીશું.

બાલમંદિરોનું નિરીક્ષણ

જુલાઇ ૧૯૪૮ અને જાન્યુઆરી ૧૯૪૯ આ બે મહિનામાં મળીને દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, આ પ્રદેશોમાં બધાં મળીને ૩૨ બાલ મંદિરોનું નિરીક્ષણ થયું. તેમાં દક્ષિણ ગુજરાતમાં ચાર, મધ્ય ગુજરાતમાં ૧૬, અને સૌરાષ્ટ્રનાં ૧૨ બાલમંદિર આવે છે. આ બધામાં દ. ગુજરાતમાં રાંદેર, મ. ગુજરાતમાં પેટલાદ અને સૌરાષ્ટ્રમાં મોરબી, પાલીતાણા અને જામનગરમાં બે બાલમંદિર એમ કુલ્લે ૭ બાલમંદિર સંઘ સાથે ન જોડાએલાં અને બાકીનાં ૨૬ બાલમંદિરો તો બા. શિ. સંઘ સાથે જોડાએલાં

છે. આ સિવાય ઇન્દોરનું બાલનિકેતન એ આ વર્ષે જ વિધિપૂર્વક નૂ બા. શિ. સંઘ સાથે જોડવામાં આવ્યું ને તેનું પણ નિરીક્ષણ થયું છે. નાગપુર ૧, મદ્રાસ ૧, મધ્ય ગુજરાતમાં ૬, ઉત્તર ગુજરાતમાં સાધારણ ૧૦, અને સૌરાષ્ટ્રમાં ૧ –૧૫ બાલમંદિરોનું નિરીક્ષણ બાકી છે.

શૈક્ષણિક કક્ષા :–

જીવનભારતી સુરત, શિશુભારતી વડોદરા અને બાલનિકેતન ઇન્દોર, આ બાલમંદિરો પદ્ધતિસર ચાલે છે. એમનું શ્રેય શ્રી. કુસુમબેન શાહ, શ્રી, કમળાશંકર પંડિત અને તેમના મદદનીશ શ્રી. રામભાઇ, અને શ્રી. મોરોપંત તથા શ્રી. શાલિની ભાઇ મોંઘેને જાય છે. સૌરાષ્ટ્રમાં રાજ્ય બાલમંદિર વઢવાણ, રાજ્ય બાલમંદિર રાજકોટ અને રાજ્ય બાલમંદિર પોરબંદર, આ બધાં ઉલ્લેખ કરવા જેવા છે.

બાકીનાં બા. મં. પૈકી ૮–૧૦ મધ્યમ કોટિનાં અને કેટલાક તેથી પણ નીચી કક્ષાના છે.

શિક્ષકોનો દરજ્જો અને સંખ્યા –

આ બધાં બાલમંદિરોમાં મળીને કુલ લગભગ ૮૦ શિક્ષકો છે. આ બધામાં, બા. મં. ના કામનું જ ખાસ શિક્ષણ લીધું હોય તેવા શિક્ષકો, સાધારણ રીતે ૩૫ છે. આમાં મોન્ટી ડીપ્લોમાવાળા ૧૩ અને ગિજુભાઇના વખતના જૂના ૧૩, અને શિશુવિહાર દાદર તથા આ. બા. શિક્ષાકેન્દ્ર બોરડીમાં શ્રી. તારાબેન મોડક પાસે શિક્ષણ લીધેલા શિક્ષકો સાધારણ રીતે છે. ઘણાંખરાં ખાસ શિક્ષણ લીધેલા–શિક્ષકોમાં પણ નવી દૃષ્ટિનો અભાવ અને એને કારણે જૂની રીત દેખાઇ આવે છે. ઓછું શિક્ષણ લીધેલાં શિક્ષકો મોન્ટી. નો ત્રણ મહિનાનો અભ્યાસ ક્રમ યોગ્ય રીતે ઝીલીને પચાવી શકતાં નથી એમ લાગે છે. જૂની પધતિથી અક્ષરજ્ઞાન અને ગણિત શીખવવાનો આગ્રહ કેટલાક ઠેકાણે પાલક અને સંચાલક રાખે છે એટલે શિક્ષકોને તેમ કરવું જ પડે છે એમ પણ સમજાયું.

સાધનો અને બીજું

ઇન્દ્રિયશિક્ષણનાં સાધનો હોવા છતાં એનો યોગ્ય ઉપયોગ થતો નથી. તથા ઘણાંખરાં શિક્ષકો બાળકોએ સાધનોથી કઇ રીતે રમવું તે દેખાડી શકતાં નથી. સાધનોમાં તૂટફૂટ થાય તે તરફ કેટલાક શિક્ષકો યોગ્ય ધ્યાન આપતા નથી. હાથે જ સાધનો તૈયાર કરવા તરફ ખાસ ધ્યાન આપવું એવી તો કલ્પના જ નથી. હસ્તવ્યવસાય અને જીવનવ્યવહારની તાલીમનાં કામો ઘણીખરી શાળાઓમાં નથી જ એમ લાગે છે

મુતરડી અને સંડાસની વ્યવસ્થા હોય તો ચાલુ રાખવી અને તેનો યોગ્ય ઉપયોગ કરવો; નં હોય તો તૈયાર કરવાં આ બાબત તરફ લક્ષ નથી. બા. મં. માં નખ કાપવા, અને બીજાં સ્વચ્છતાના કામો કરવા એ જ સ્વાવલંબનના શિક્ષણના કાર્ય પ્રદેશમાં જ લેવાવું જોઇએ, એનું જ્ઞાન કેટલાક શિક્ષકોને નથી. સ્વચ્છતાની દૃષ્ટિએ ભાવનગરમાં નવીન શરૂ થયેલ કલ્યાણ કેન્દ્રના બાલમંદિરનું કામ ઠીક ચાલે છે. ત્યાં ફકત મીલમજુરોનાં બાળકો જ આવે છે. હાથપગ ધોવાની ખાસ વ્યવસ્થા અને મીઠાના પાણીના કોગળાનો વિશિષ્ટ કાર્યક્રમ છે.

સંચાલકોનો દૃષ્ટિકોણ

બાનગી સંસ્થાનાના સંચાલકોના દૃષ્ટિકોણ ને શિક્ષકોના દૃષ્ટિકોણ સાથે કોઇ કોઇવાર મેળ બેસતો નથી. કોઇ કોઇ વાર આ વિશેષ શિક્ષણની દૃષ્ટિ હોય તેવા સાર્વજનિક સંસ્થાઓના મંત્રીઓ પણ મળે છે. તેઓ પોતાનો કક્કો જ ખરો માને છે. કેટલેક ઠેકાણે શિક્ષકોને કામનો યોગ્ય બદલો મળે છે. સાધારણ રીતે શિક્ષકોના પગારનો મુદ્દો તકરારી જ હોય છે. એ તરફ સંચાલક વર્ગ દુર્લક્ષ જ કરે છે, એમ શિક્ષકોનું કહેવું છે. પગાર વધારા માટે જ કેટલાક શિક્ષકો એક સંસ્થામાંથી બીજી સંસ્થામા અને એક ગામમાંથી બીજા ગામમાં જાય છે. પંદર વીસ વર્ષ સતત એક જ બા. મં. માં કામ કરવાને કારણે પોતાનું જ કામ છે, એ દૃષ્ટિએ કામ કરનાર શિક્ષકો સૌરાષ્ટ્રનાં બા. મંદિરોમાં ભાગ્યે જ મળે છે.

સાંપત્તિક સ્થિતિ અને સ્થળ :–

સંસ્થાઓની સાંપત્તિક સ્થિતિ સાધારણ

રીતે સારી દેખાય છે. ઘણાં શ્રીમંત માણસો આ કામને મદદ કરે છે અને એકવાર ચાલુ થયેલું કામ પૈસાને અભાવે બંધ પડયું એવું બહુ જ ઓછું જોવામાં આવ્યું છે. જમા ખર્ચનો મેળ મેળવવા માટે થોડી ખોટને સવાલ ઘણીખરી સંસ્થાઓને હોય જ છે.

કેટલાંક બા. મંદિરોને જગા ઓછી હોય છે પણ બત્રીસ બાલમંદિરોમાંથી આવાં તો પાંચ છ જ છે. ઊલટું, કેટલીક સંસ્થાઓએ બાંધેલી ભવ્ય ઇમારતોમાં બાળકોનો જ અભાવ હોય છે! આ સ્થિતિ ન્યારી, વસો એવે ઠેકાણે છે. સૌરાષ્ટ્રનાં કેટલાંક બાલમંદિરોની ભવ્ય ઇમારતો અને સુસજ્જ સાધનોની તુલના તો અહીં કરવી જ મુશ્કેલ લાગે છે.

મધ્ય ભારતઃ—

ઇન્દોરનું બાલનિકેતન, આ વર્ષે સંઘ સાથે જોડવામાં આવ્યું. તેનું આ વર્ષે નિરીક્ષણ પણ થયું. એ સારી રીતે ચાલતાં બા. મંદિરોમાંનું એક છે. ઇન્દોરમાં બીજાં પણ ચાર પાંચ બાલમંદિરો છે. તેમાંથી કેટલાકને મુલાકાત આપી શકાઇ. અહીં બાલશિક્ષણના કામ માટે ખૂબ ઉત્સાહ છે અને યોગ્ય દિશાસૂચન મળે તો કામ પણ વધુ સુંદર થાય. અત્યાર સુધી તો આ નૂતન શિક્ષણનો પ્રચાર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કેટલાક પ્રમાણમાં મહારાષ્ટ્રમાં થયા છે. તેથી મધ્યભારત એટલે કે હિન્દી ભાષાભાષી પ્રાંતોમાં આનો પ્રચાર કરવાની દૃષ્ટિએ ઇન્દોર તરફ સંઘે ધ્યાન આપવું જોઇએ, અને શકય એટલું જલદી હિન્દી ભાષામાં બાલઅધ્યાપન મંદિર શરૂ કરવું જોઇએ એમ લાગે છે. આ કામ માટે જોઇતાં નાણાં તે બે પ્રાન્તોમાંથી જ ઊભાં કરી શકાશે. તેને સંઘનું પીઠબળ હોવું જોઇએ.

પ્રચારકાર્ય—

નિરીક્ષણના પ્રવાસમાં બસો, પીજ, સોજિત્રા બંબાત અને ધર્મજ આ ઠેકાણે મેં તથા શ્રી. કમળાશંકર પંડિતે સંઘ સંબંધી તથા બાલ શિક્ષણના નવા દૃષ્ટિકોણ મુજબ વ્યાખ્યાન દીધાં. ૨૫–૩૦ નવાં સભ્યો બનાવ્યાં; તેમાંનાં ત્રણ જીવન સભ્યો થયાં છે.

નિરીક્ષણકાર્ય :-

એક દિવસના આવા નિરીક્ષણ કામથી કંઇ બહુ ફાયદો નથી થતો. સામાન્ય સૂચના કરી શકેય છે સૂચતાનો પૂરો અમલ કરવા માટે, શિક્ષકોને મદદ કરવા માટે, નિરીક્ષકોએ પ્રત્યેક ગામમાં ઓછામાં ઓછા એક બે દિવસ, અને શકય હોય તો તેથી પણ વધુ રહેવું જોઇએ. આઠ આંઠ, દસ દસ બાલમંદિરોના જૂથમાં ફકત તેટલા જ બાલમંદિરો માટે આદર્શ બા. મં. ચલાવી બતાવવું અને શિક્ષણમાં કઇ કઇ બાબતો તરફ દુર્લક્ષ થાય છે અને તે કઇ કઇ રીતે કરવું તે તથા ગણિત તથા ભાષા આધુનિક પધ્ધતિથી કઇ રીતે શીખવવા અને હાથથી જ કયાં કયાં સાધનો કેવી રીતે બનાવવાં એ દર્શાવવું જોઇએ. આ માટે થનાર ખર્ચ બા. મંદિરો પાસેથી જ મળવો જોઇએ. દસ રૂપિયાને બદલે ૩૦ રૂપિયા જોડાણ રૂપે રાખીએ તો કોણ આપે એ જરા જોઇ લેવું જોઇએ નિરીક્ષકનો ભોજનખર્ચ તેમ જ રહેવાની વ્યવસ્થા, જોડાએલાં બાલમંદિરોનાં સંચાલકો તરફથી થઇ શકેપણ આ કામ માટે પૂરો સમય આપનાર જુદો નિરીક્ષક નીમવો જોઇએ. આ કામ માટે જે વધુ ખર્ચ સંઘને કરવો પડે તે મેળવવા માટે જોડાએલી સંસ્થાઓમાં કામ કરનારાં શિક્ષકો અને સંસ્થાનાં સંચાલકોનો સહકાર મળશે એવી આશા જરૂર રાખી શકાય.

દ. ગુજરાત અને મ૦ ગુજરાતનાં નિરીક્ષણ કામમાં શ્રી. કમળા શંકર પડિત અને કેટલેક ઠેકાણે શ્રી. નટુભાઇ બરાનપુરિયા મારી સાથે આવેલા. સૌરાષ્ટ્રમા શ્રી પ્રેમશંકર ભટ્ટે મદદ કરેલી. આ સૌએ પોતે મુશ્કેલી વેઠીને, આ કામને પોતાનું ગણી ભાગ લીધો છે, તે માટે એમનો અભારી છું.

સ. આ કેળકર
નિરીક્ષક.
રા. બા. શિ. સંઘ

એક માતાની નોંધ

(ખંડ બીજો)

તા. ૯: ૨: ૪૦ ઉમ્મર :૧–૬

સ્થળ: અ. વજન: ૨૮. ૭ વધારે ૨ ઔંસ

તા.૧૬–૧–૪૦ના રોજ...પડી ગયો હતો. સખ્ત છોલાયું હોવાથી Anti Tetenus (એન્ટી ટીટેનેસ)નુ ઇન્જેકશન આપ્યું હતું.

હમણાં જ એક પખવડિયાનો પ્રવાસ કરી અમે પાછાં ફર્યાં. મુંબાઇ, બેંગલોર અને મદ્રાસ ...એ પ્રવાસમાં ઘણી મઝા કરી અને કરાવી.

પહેલા તો મુંબઇમાં સમુદ્ર જોયો. સમજણા થયા પછી આ પ્રથમ દર્શન હતું. આ અવસર માટે હું ઉત્કંઠાથી રાહ જોતી હતી. અમે જુહુ ગયાં, 'ભૂ' કહી તેની સામે...દોડ્યો અને પાણી આગળ ઊભા રહી લાંબા વખત સુધી જોયાં કર્યું. પછી આનન્દના પોકાર કરી તે હસવા લાગ્યો. અફળાઇને પાછાં ફરતાં સમુદ્રનાં સફીણ તરંગોમાં થોડીવાર પછી અમે ચાલ્યાં, અને રેતીમાં દોડ્યા. છીપલાં વીણ્યાં અને કિનારા પર પડેલી હોડીમાં બેઠાં. પછી વાળુકામાં બેઠાં બેઠાં બહુવાર સુધી આકાશ અને સાગરને જોયાં. સૂર્ય ક્ષિતિજથી ઊંચે હતો અને તરંગોમાં તે ચળકાટ મારતો હતો. તે અસ્ત થતાં, નારીએળીનું પાણી પી અમે પાછા વળ્યાં.

સમુદ્રનો બીજો અને ત્રીજો અનુભવ મર્યસમાં થયો. અદિયારમાં અમારો મુકામ હતો. પ્રાતઃ-વેળાએ અમો દરિયા પર જતાં. વિશાલ પટ પર રેતી અત્યન્ત સ્નિગ્ધ હતી. મોજાંની સાથે માછી-મારો નાનાં હોડકામાં બેસી દરિયામાં જતાં હતાં. શંખને 'શ', નાવને 'ના' એમ પદાર્થોને ઓળખતો ...ખૂબ હર્ષ હવે પામતો હતો.

દરિયાકિનારેથી અમે અદિયારના કાનનમાં થઇ ઘેર પાછાં આવતાં. સરુનાં વનમાં તેનાં ફળને 'ફ' કહી તે વીણતો હતો. નાળિયેરીનાં ઊંચાં મુકુટને ઝૂલતો જોયો અને પવનનો સિત્કાર સાંભળ્યો. માર્ગમાં ફૂલો જોયાં અને દૂરથી તેની સુવાસ લીધી; પાંદડાંને 'પાન' કહી એણે ઓળખ્યાં અને તેમાં છુપાયેલાં ફૂલો નીરખ્યાં. જમીન પર વેરાયેલાં બીજને 'બી' કહી એકઠાં કર્યાં, વડછાયામાં પંખીના મેળાને અને દોડતી બિસકોલીઓને જોઇ તેમનો કિલ્લોલ સાંભળ્યો અને તેનું અનુકરણ કર્યું. સરવરિયામાં કમલદલ જોયાં. ઊંચી નીચી ભૂમિ હતી. ઢાળ પર ચઢીને નીચે દોડીને આવ્યાં અને પાછાં ચઢ્યાં.

પછી એક દિવસે મત્સ્યગૃહ (acquarium) જોયું. રંગરંગની અને વિધવિધ આકારની માછલીને ક્રીડા કરતી જોઇ.

મુંબઇમાં અમે પ્રાણીસંગ્રહ (ઝૂ) જોવા ગયાં હતાં. તે દિવસે અમે હાથી પર બેઠાં. શા... (આયા) નીચે સામાન સાચવવા રહી અને અમે તેને મૂકીને હાથી પર ચઢ્યાં. હાથીએ ચાલવા માંડ્યું. શા...નીચે રહી ગઇ છે તે ખ્યાલ... ને જરાય ન રુચ્યો. તેણે મોટેથી રડવા માંડ્યું. શા...ને હવે લેવાય તેમ જ નહોતું. હાથી પરથી ઊતર્યા પછી પણ તે અપ્રસન્ન જ રહ્યો. તેથી ધાર્યા જેટલી મઝા ન આવી. વાઘ, સિંહ, સીલ, વાંદરા વગેરે જોવામાં રસ પડ્યો.

મુંબઇમાં આ... સાથે હતો અમારા ઘરમાં —એકલો જ બાળક હોવાથી તેને પોતાની વસ્તુ કોઇ લે કે વાપરે તે ગમતું નથી. આ....તેની ગાડીમાં બેસે તો ...કજિયા કરે અને રડે. મેં આગ્રહ કર્યો તેથી તેણે જીવ બાળ્યો. આ સ્વભાવ પ્રવાસમાં બહુ ઓછો થઇ ગયો. સાથે ની...હતી. તેઓ સાથે જ જમતાં, રમતાં અને ફરવા જતાં. તેથી...ને ઘણો લાભ થયો. ની...ની વસ્તુ પોતે ન લે પણ પોતાની વસ્તુ ની...લે તો તે તેને ન ગમે. તેની વસ્તુ ની...લે. અને તેને મોંમાં નાખે, પંજાડે કે એવો કોઇ દુરુપયોગ કરે તો 'ના, ના' કહી તેને .. સુધારે

...અનેક ઉપયોગી અને વ્યવહારુ શબ્દો શીખ્યો છે. ગાયને 'ગા,' કૂતરાને 'કુકુ', હાથીને 'હાયી' અને બાળકને 'બાબા'. મને જાતજાતનાં નામ દઇ બોલાવે છે. 'બે,' (ઘરમાં અને સહુ 'બેન' કહે છે તેથી) 'મમ્મા,' 'મમી' 'મા' 'લી'. તેના

નાનાને 'દાદાજી' મામાને 'મામા' કહે છે. 'મામાને તાં' (મામાને ત્યાં), 'બા' (બહાર), 'પપમમાં' (મોટરમાં), 'ચા,' 'ડબ્બો' દૂધ-'સૂપ' 'પાઉ" 'બટન' (બટન) 'ખુરચુ' (ખુરશી)' ચમ્પ' (ચમ્પલ), 'બૂ' (બૂટ)—આ શબ્દોનો ચોકકસ પ્રયોગ કરે છે. 'આપો' 'બા,' 'ધો' એવા ક્રિયાપદો વાપરે છે.

તેને બૂટ બહુ જ ગમે છે. અમારા જોડા પહેરી ઘરમાં ફરે છે. પગરખાંની ત્રણચાર જોડી ભેળસેળ પડી હોય તો તેને સરખી રીતે જૂદી કરી નાખે છે.

ડબ્બીમાં ડબ્બીઓ આવે છે તેવી ૧૨ ડબ્બીના નાના સેટને, ઢાંકણાં વાસી બરોબર ગોઠવી દે છે. રમકડાંનું નાનું ચાનું મેજ, ખુરશીઓ અને ટીસેટથી રમે છે. મેજ પર ટીસેટ ગોઠવે ને કિટલીમાંથી પ્યાલામાં કાલ્પનિક ચા રેડે, પ્યાલામાંથી ચા પીએ અને આપણને પીવરાવે.

મદ્રાસમાં...અમારાથી વધારે અળગો રહયો હતો તેથી—અને મને લાગે છે કે નોકરો સાથે રહીને તેને ઘણું ઓછું આવ્યું હશે. પ્રવાસને અંતે તેનો સ્વભાવ ચીઢકણો અને હઠીલો જણાતો હતો. નહાતી અને જમતી વખતે ખૂબ રડે, ફરવા જઇએ તો ચાલે નહીં અને તેડી લેવાનું કહે. આવો સ્વભાવ થઇ જવા માટે મને અમારો જ વાંક લાગે છે. તેને માટે સારાં માણસો હું મેળવી શકી નથી, અને અમે ન હોઇએ તો બાળકનું કામ નોકરો જેવું તેવું, અવ્યવસ્થિત અને અસ્વચ્છ રીતે કરે. આ ઉમ્મરે બાળકને તેવું જરાયે ગમતું નથી. તેને કોઇ સમજે નહીં, તેના પર કંટાળી નોકરો છણકા કરે અને તેને ધમકાવે, ઉતાવળ કરે, તેની તરફ ધ્યાન ન આપે અને નોકરો માંહોમાંહે ગપ્પાં મારવા બેસે.

વળી મેં જોયું છે, કે બાળક હંમેશ કોઇને કોઇ પ્રવૃત્તિમાં ગૂથાએલું જ હોય છે. આપણે તેની પાસે બીજું કાંઇ કરાવવું હોય (દા. ત. તે રમતું હોય અને નાહવા કે જમવાનો સમય થયો હોય) અને કાંઇ પણ સૂચન વગર તેને એકદમ તેની પ્રવૃત્તિમાંથી આપણે ઉપાડી લઇને બીજામાં વળગાડવા યત્ન કરીએ તો તેને તે જરાયે ગમતું નથી. ધારો કે આપણે કાંઇ કામ કરતાં હોઇએ ત્યાં એકાએક કોઇ પ્રચંડ રાક્ષસ આપણને બળજબરીથી ઊંચકી લે અને કાંઇ પણ કહયા વગર બીજે કયાંક આપણને ઉપાડી જઇ કામે વળગાડી દે તો આપણને કેવું લાગે? એવું જ એને ય લાગે છે. પહેલાં તો બાળક વાણીથી વિરોધ કરે છે, પછી રડે છે અને પછી હાથપગ પછાડે છે. પછી હઠ પકડી તે નવી કોઇ પણ પ્રવૃત્તિનો અસહકાર કરે છે. આને બદલે બાળક કોઇ કાર્યમાં રત હોય તો તેમાંથી ધીમે રહી વાતચીતથી બીજા કાર્યમાં રસ ઉત્પન્ન કરી તેનું મન આકર્ષી લઇ તેની સંમતિથી આપણે નવી પ્રવૃત્તિમાં તેને હળવે રહીને દોરીએ તો તે ઉત્સાહ અને આનંદ સાથે સહકાર આપે છે

ઉપર જણાવેલી મુશ્કેલી જાણ્યા પછી તેને માટે કોઇ સારા સાથીદાર (કમ્પેનિયન)ની મને બહુ જરૂર લાગે છે. આ ઇરાદાથી જ મેડમ મોન્ટેસોરીના કોર્સ વખતે હું અદિયાર ગઇ અને ત્યાં લાયક શિક્ષક માટે જાહેરખબર આપી. આ કોર્સમાં અભ્યાસ કરતા એક આધેડ વયનાં બાઇને મારો વિચાર ઘણો વિચિત્ર લાગ્યો. તેમણે મને કહયું, 'આ ઉમ્મરે બાળક શું કરી શકે? તેને વળી શિક્ષકની શી જરૂર?' હું ઉતાવળમાં હતી; મેં કહયું, 'આ પ્રશ્ન લંબાણથી આપણે પછી ચર્ચીશું.'

બીજી સવારે કોર્સમાં આવેલાં શિક્ષક વિદ્યાર્થીઓ માટે ચાલતાં બાલમન્દિરમાં...ને લક્ષમાં હું ગઇ. શિક્ષકો સાધનો વડે પ્રયોગ કરતાં હતાં અને બાળકોના કામનું નિરીક્ષણ કરતાં હતાં. બીજે ઘોંઘાટ કે બાળકોની તરફ ધ્યાન આપ્યા વિના ખંડમાં દાખલ થતાંની સાથે જ...સીધો સાધનો તરફ ગયો. ભૌમિતિક આકૃતિની લાકડાની ફ્રેમ, દટાની પેટી અને મિનારો એક પછી તેણે લીધાં અને ગોઠવ્યાં. લગભગ પોણો કલાક સુધી ગંભીર અને એકાગ્ર ચિત્તે તેણે આ કામ કર્યું. કેટલાંક તેની પ્રવૃત્તિશીલતા જોઇ આશ્ચર્ય પામ્યાં. ગઇ કાલવાળાં બાઇ પણ ત્યાં જ હતાં. તેમણે પૂછયું 'આ બાળક કેટલાં વર્ષનું છે!' મેં કહયું, 'દોઢ વર્ષનું,' તે બોલ્યાં, 'ત્યારે તો મારા ગઇ કાલના પ્રશ્નનો ઉત્તર મને મળી ગયો છે.'

લી. મં.

નૂતન શિક્ષણની વિચારણા

બાલ-શિક્ષણ અને તેમાંયે નૂતન-શિક્ષણના સિધ્ધાન્તોનો અભ્યાસ કરી આ ક્ષેત્રમાં કામ કરતાં હું જે જોઉં છું, અનુભવું છું અને સાંભળું છું, તેમ બાલ શિક્ષણનો સાચો હેતુ પાર પાડતાં, પાર પાડવા પ્રયત્નશીલ અને તેમ કરવા મનોરથો સેવતાં બહુ જ ઓછાં બાલમંદિરો અને બાલશિક્ષકો છે, એમ કહેવામાં જરાયે ખોટું નહિ જ લેખાય.

આજકાલ બાલમંદિરોની ભૂખ શહેરો તેમ જ ગામડાંઓમાં જાગી છે એ સાચું, છતાં અને લાગે છે તેમ તે સાચી ભૂખ નથી. જો તે ભૂખ સાચી જ હોય તો પેટ પૂરતું જમવું જ રહ્યું. મતલબ કે બાલકેળવણીનો મૂળ હેતુ સાચવવો જ જોઇએ. પણ મોટા ભાગનાં બાલમંદિરોમાં બહુ જ ઓછું, અલ્પે કંઇ જ નહિ જેવું કાર્ય થતું હોય છે. શહેરોમાં જે બાનગી માલિકીની શાળાઓ હોય છે તેમનો આદર્શ વધુ અંશે પૈસા કમાવામાં હોય છે. ગામડાંઓમાં જે હોય છે તે અનુકરણની ખાતર, અથવા ગામની શોભા વધારનાર એક સંસ્થા તરીકે, યા તો સાર્વજનિક સંસ્થાના સંચાલક બની, પોતે હોદ્દો લઇ, પોતાની જાતને બીજા કરતાં ઉચ્ચ લેખાવા માટે પણ કંઇ ઓછાં બાલમંદિરો ચાલતાં નથી. બાલમંદિરો ચલાવવાનો હેતુ જો આટલેથી જ પૂરો થતો હોય તો બીજો કોઇ પ્રશ્ન જ ઊભો થતો નથી. પણ બાલ-શિક્ષણમાં માનવાવાળાઓનો દાવો છે કે બાળકોને સર્વાંગી શિક્ષણ મળવું જોઇએ. શું ઉપર બતાવેલા હેતુથી ચાલતાં બાલમંદિરો સર્વાંગી તો શું પણ એકે અંગનો સાચો વિકાસ કરનાર નીવડતાં હશે ખરાં?

હવે સવાલ એ ઊભો થાય છે કે બાલ-શિક્ષણનો હેતુ સાર્થક થાય તે માટે શું કરવું ઘટે? રસ્તા તો ઘણા હોય છે પણ સરળ અને શક્ય હોય તે રસ્તે જવું જ બધા માટે હિતકર છે.— હિંદભરમાં નૂ. બા. શિ. સંઘ એ એક જ એવી સંસ્થા છે જે નૂતન શિક્ષણના વિકાસ અંગે રચાએલી છે, અને જે પોતાની જુદી જુદી શાખાઓ મારફતે પ્રચારકાર્ય કરે છે. આ સંઘના સભ્યોમાં શિક્ષકો, સંચાલકો અને મા-બાપો (આમ જનતા) એમ ત્રણે આવશ્યક અંગોનો સમાવેશ થએલો છે. જેથી સંઘનું કામ મારી દૃષ્ટિએ સહેલું બની જતાં બહુ મુશ્કેલીઓ નહિ આવે.

સંઘે સૌથી પ્રથમ તો સંચાલકોને પોતાની ફરજો સમજાવતાં નીચેના મુદ્દાઓ બરાબર સમજાવવા જોઇએ; બાલમંદિરો શિક્ષકો વગર ચાલી શકતાં નથી જ એ વાત તો નિર્વિવાદ છે. પછી ભલે તે ટ્રેઇન્ડ હોય કે અન ટ્રેઇન્ડ હોય. તેને ૫૦ રૂપીઆ પગાર આપવો પડતો હોય કે ૭૫ રૂ. અને થોડાં ઘણાં બ સાધનો, વપરાશ માટે કે શોભા માટે પણ વસાવવાં જ પડે છે. મકાન ભાડે અથવા તો મફત પણ મેળવવું જ પડે છે. બાળકોને નાસ્તો આપવો જ પડે છે. પછી ભલે તે લાલચને પોષનાર બને કે શિક્ષણના એક અંગનો વિકાસ કરે. એટલે ધ્યાનમાં એક જ વાત લેવાની છે કે પોતાનું બાલમંદિર ચલાવવા માટે પૈસા તો ખર્ચવા જ પડે છે તો પછી તે પૈસાનો સદુપયોગ થાય તે શાં માટે ન જોવું? ટ્રેઇન્ડ અને દૃષ્ટિવાળો શિક્ષક મેળવી, થોડો વધારે પગાર આપીને બાલ સિદ્ધાન્ત અનુસાર, બાલ-વિકાસક એવું કામ શા માટે ન લેવું? સાધનો હોય છે તો તેને શા માટે શોભારૂપ જ રાખવાં અથવા તો તેનો દુરુપયોગ થવા દેવો? મકાનનું ભાડું ખર્ચવાનું જ છે તો પછી તેને બાગ-બગીચા અને ક્રીડાંગણથી શા માટે ન સજાવવું? નાસ્તો એ ચણા-મગફળીનો મટી સ્વચ્છતા-વ્યવસ્થા — સ્વાશ્રય — આરોગ્ય અને રાંધણકળાની ખૂબીઓનો વિકાસક શા માટે ન બનાવવો? આ બધી બાબતોમાં સંચાલકોની સંકુચિત મનોદશા દૂર થાય તો કેવો અવનવો ફેરફાર થઇ શકે તે કલ્પી શકાય તેમ છે.

સાથે સાથે શિક્ષકોને પેટ પૂરતું મળતું હોય તો તેમણે પણ પોતાની ફરજ કલાકો અને સિક્કાની સરખામણીથી ન કરતાં ધ્યેયને વળગી

(અનુસંધાન માટે જુઓ પૂઠું ૩ જીજું.)

બાલવિભાગ

આવું છે આ મુંબઈ ગામ

એક બાજુ મોટર,
બીજી બાજુ ટ્રામ;
કેમ કરીને ચાલવું?
આ તો મુંબઇ ગામ.— ૧

મુંબઇ ગામમાં ટ્રામો ઘણી
બસો દોડતી બન્ને ભણી;
વિકટોરિયાવાળા માને એમનું રાજ
જેમણે લાલ ટોપીનું પહેર્યું તાજ.—૨

બટારાવાળાની બટબટ ઝાઝી,
રસ્તો મળે તો થાય રાજી;
હાથેગાડી હડસેલા બાય
સાયકલ સરસર ચાલી જાય.—૩

નાકે નાકે ચોકી હોય
સિપાઇ બડાંગ ઊભો હોય;
આજુ બાજુ નજર કરે
રખે કોઇ ભટકી જઇ મરે.—૪

હાથ બતાવી રસ્તો કરે
રાત દિ સલામી ભરે;
સહુ કોઇનું એ રાખે ધ્યાન
લોકો એને દેતાં માન.—૫

મનુ કનુ બે નવા હતા
આજે મુંબઇ આવ્યા હતા;
બાઇ પીને ફરવા ગયા
ભીડ જોઇ મૂંઝાઇ ગયા.—૬

કયાં જવું તે સૂઝયું નહિ.
કોઇને એમણે પૂછયું નહિ;
રસ્તા વચ્ચે ઘેરાઇ ગયા
જે બાઘા જેવા ઊભા રહ્યા.—૭

સિપાઇની ત્યાં પડી નજર
કનુની પાછળ મોટર બડી;
ભૂંગળ મારે ફરી ફરી,
પણ કનુ ના સાંભળતો જરી.—૮

રસ્તો આખો રોકાઇ ગયો
મોટરોથી ભરાઇ ગયો.
કનુ મનુ સમજ્યા નહિ
આગળ પાછળ બસ્યા નહિ.—૯

ત્યાં તો આવ્યો એક ભાઇ
પહેરી હતી લીલી ટાઇ;
કનુ મનુના ઝાલ્યા હાથ
લઇ ગયો પોતાની સાથ.—૧૦

બાજુએ જઇને વાત કહી
રસ્તે ઊભા રહીએ નહિ;
મારું માની ડાહ્યા થાવ
પગદંડી પર ચાલ્યા જાવ.—૧૧

આ સપાસનું રાખો ધ્યાન
નહિ તો કોઇ જાશે જાન,
ડાબી બાજુ ચાલ્યા કરો
મુંબઇ આખી મહાલ્યા કરો.—૧૨

મનુ કનુ એ સમજી ગયા
મુંબઇ આખી ફરતા રહ્યા.

બાબીબેન મૂળજી

આવ વાદળી

વર્ષાગીત

આવ વાદળી ધીરી ધીરી.
વિનતિ લેજે મારી માની
આવ વાદળી....

ધરા સૂકે છે ધૂળ ઊડે છે,
ઊના ઊના પવન ફૂંકે છે;
આકાશે ઉમટે વંટોળો,
કટાળી થાકયાં છે લોકો,
ધાર દૂધની દેને વરસી
આવ વાદળી....

પંખી બેઠાં વાટે તારી,
તાપથકી તે શોધે બારી;
પશુઓ પેલાં જળ પોકારે,
સૂકી નદીયું આવા ધાયે,
દે અમૃતથી તું છલકાવી.
આવ વાદળી....

મોર ટહૂકી સાદ કરે છે,
આનંદે એ નાચ કરે છે;
ખેતર પેલો ખેડૂત ઊભો
ટગી ટગીને સામે જોતો,
કરને પૂરી આશા એની
આવ વાદળી....

તું આવ્યે સૌ જીવો જીવે,
વેલી, વૃક્ષો હર્ષે સૂએ;
આને સૌ તારા ઉપકારો,
વહી રહે આનંદ પ્રવાહો
જો ધરતી રે, ના તરસી
આવ વાદળી....

— પોપટલાલ ગોહેલ.

ગોવાળોનો શોર

ગમ્મતમાં ગરકાવ બન્યા
રોટલા ઘરના ભૂલી ગયા;
ભૂલથી બધાં ટોળે મળ્યાં
આંબલી પીપળી રમી રહ્યાં.
રમતાં વગડો કેવો હસ્યો,
ગોવાળોને મન એ વસ્યો.

—મૂળદેવ પંડ્યા

પ્રાર્થના સાથે પ્રયત્ન

એક નિશાળમાં એક વિદ્યાર્થી ઘણો હોશિયાર હતો. તેનું નામ સુધીર હતું. શિક્ષક જે પૂછે તેનો જવાબ ઝટ દઈને એ આપતો.

એક દિવસ બીજા વિદ્યાર્થીઓએ પૂછ્યું કે ભાઈ! તું આવું સરસ લેસન કેવી રીતે કરી લાવે છે?

પેલા છોકરાએ જવાબ આપ્યો: "હું સવારમાં વહેલો ઊઠી નાહીને સરસ્વતીદેવીને પ્રાર્થના કરું છું કે મારો પાઠ મને બરાબર યાદ રહે."

બીજે દિવસે એક બાળકને કંઈપણ લેસન આવડ્યું નહિ; એટલે તે હોશિયાર વિદ્યાર્થીને પૂછવા ગયો કે મેં પણ બૂબ પ્રાર્થના કરી હતી, છતાં મને કાલ કરતાં આજ વધારે સારું આવડ્યું નહિ; તેનું કારણ શું?

ત્યારે પેલા છોકરાએ કહ્યું કે "તમ પ્રાર્થના તો કરી પણ જાતે કંઈ વાંચ્યું હતું બરું?'

બાળકે જવાબ આપ્યો "ના" સુધીરે કહ્યું" ત્યારે તમને કઈ રીતે આવડે! તમે પ્રાર્થના કરી, પરંતુ પ્રયત્ન કર્યો નહિ; જેમ થાળી આપણી સામે પડી હોય પરતુ હાથ વડે મોંમાં મૂકયા વિના બાવાનો સ્વાદ આવતો નથી, અને ધરાઇ શકીશું નહિ તેમ ફકત પ્રાર્થના કર્યા છતાં અને લેસન તૈયાર ન કરવાથી નિશાળમાં આવડતું નથી.

પુરુષોત્તમ હ. પટેલ.

બાપુની પ્રસાદી

ઘણાંને લાગે છે કે ગાંધીજી ગંભીર માણસ હતા; તેમના જીવનમાં કળા નહોતી બપતી, ગમ્મત નહોતી જોતી, પરંતુ આ સાવ ભૂલ જ છે. કાઠિઆવાડમાં વસો નામનું નાનકડું સંસ્થાન છે. દરબાર ગોપાળદાસ તે સંસ્થાનના માલિક. ગાંધીજી આફ્રિકાથી આવ્યા પછી તેમના સિધ્ધાંતોની અસર દરબાર ગોપાલદાસ ઉપર ભારે થઈ. તેમણે પોતાનું નાનકડું સંસ્થાન આદર્શ કરવાનું ઠેરવ્યું. ગામમાં શિક્ષણનો પ્રચાર શરૂ થયો. સ્વચ્છતા શરૂ થઈ. ન્યાયમંદિર શરૂ થયું. ત્યાં રાજ્યના અમલદારો પર પણ બટલો ચલાવવામાં આવતો. ગામમાં જુદી જુદી કળાઓને પણ ઉ-તેજન આપવામાં આવ્યું. બધાં ભેગા મળી નૃત્ય–ગરબા વગેરેના ઉત્સવો ગોઠવવા લાગ્યા.

એકંદરે વસો, ગોકુળની જેમ થનગનવા લાગ્યું. એવેળા દરબાર ગોપાળદાસના મનમાં આવ્યું કે આપણી ગ્રામ્યનૃત્યકળા શહેરવાસીઓને બતાવવી. તેમણે અમદાવાદ આવવાનું ઠેરવ્યું. વસોની ગ્રામ્ય કળાવાન મંડળી લઇ દરબાર ગોપાલદાસ અમદાવાદ આવ્યા. અમદાવાદ શહેરના ગ્રામ્યનૃત્યનો અતિ સુંદર કાર્યક્રમ થયો. પ્રયોગ પછી દરબાર ગોપાલદાસ સાબરમતી આશ્રમમાં ગાંધીજીને મળવા ગયા. બાપુ ગ્રામ્યનૃત્યકળાનો ખેલ શહેરવાસીઓને બહુપસંદ પડયો; હો "કે" તે બોલ્યા.

પરંતુ તમે તો તે પહેલાં શહેરમાં દેખાડયું. મારા આશ્રમમાં નથી દેખાડયું" બાપુએ કહ્યું.

"તમારા આશ્રમમાં દેખાડું?".

"પૂછો છો શું? ગામડાઓની નિષ્પાપ કળાનો હું ચાહક છું."

બીજે દિવસે આશ્રમમાં તે ગ્રામ્ય કળાવંતોએ મહાત્માજી સામે અત્યંત સુંદર કાર્યક્રમ કર્યો. કાર્યક્રમ ચાલુ હતો. મહાત્માજી દરબાર ગોપાળદાસને કહેવા લાગ્યા "વસોનો રાજા પોતાના ગામડીઆ ગામમાં આવો ખેલમાં ભાગ લે છે, એની મને બબર છે. તો અહીં એ કેમ ભાગ નથી લેતો? ગોપાળકૃષ્ણ ગોપાળ આમ રમતાં કેમ શરમાય?" તરત જ દરબાર ગોપાળદાસ પોતે ઊઠયા ને ગ્રામ્યકળાવંતોની સાથે તે સામેલ થયા, અને નાચતાં નાચતાં પોતાનું દેહભાન ભૂલ્યા. તેમને અપાર આનંદ થયો. ગાંધીજી ખુશ થયા. બીજે દિવસે આશ્રમમાં તે સર્વે કળાવંતોને ગાંધીજીએ મોટા પ્રેમથી જમણ આપ્યું. અને તે પોતે જ તેમને પિરસનાર બન્યા. બાપુ આવા કળાપ્રેમી હતા. ગ્રામજીવનમાં આનંદ રેડનાર શુદ્ધ અને નિષ્પાપ કળા બાપુજીને અત્યંત પ્રિય હતી.

(મરાઠી પરથી) બાબાભાઈ દેઢી.

બાલમંદિરો માટે સાધનો

બાલમંદિરો માટે સાધનો ખરીદતાં પહેલાં અમારું સૂચિપત્ર મંગાવો.

દરેક સાધન શાસ્ત્રીય પધ્ધતિથી નિષ્ણાતોની નજર તળે બનાવવામાં આવે છે.

સૂચિપત્રમાં જણાવેલા ભાવ ઉપર ખાસ બાલ મંદિરોને ૬૦ ટકા કમિશન આપવામાં આવે છે.

લખો–મંગાવો..

નૂતન શિક્ષણ—સાધનાલય, એન્ડ આર્ટ વર્કસ લી.

સુરેન્દ્રનગર-સૌરાષ્ટ્ર

નૂતન શિક્ષણની વિચારણા

(૧૩ મા પાનાનું ચાલુ)

રહી પોતાનું સાચું કર્તવ્ય શું છે તે બરાબર સમજે અને તે પ્રમાણે વર્તે તો આજે ટીકાપાત્ર બને ઠેકડી કરવાનું સાધન જનતાને જે મળી રહે છે તે આપો આપ અટકી જશે ને સમાજનું જે સૌથી શ્રેષ્ઠ અને આવશ્યક અંગ શિક્ષક છે, તે પૂરવાર થશે.

આ બધું જો બધા જ શિક્ષકો અને બધા જ સંચાલકો પોત પોતાના બાલમંદિર પૂરતું કરી લે તો એ કે બાલમંદિર ઊંધે રસ્તે જતું કે પાછળ પડી ગએલું નહિ જણાય, અને આપોઆપ પોતાનું કયું અંગ નબળું છે તે જોઇ શકશે અને તેને સબળ બનાવી શકશે.

ઉપરના મુદ્દાઓ શિક્ષકો અને સંચાલકો આગળ વારંવાર લાવવા અને સમજાવવા માટે નૂ. બા. શિ. સંઘે પ્રયત્નશીલ રહેવું જોઇએ. તેણે યોગ્ય માર્ગદર્શન માટે યોગ્ય નિરીક્ષકો મારફતે સાચી દોરવણી આપવી જોઇએ. ઘણાં બાલમંદિરો તરફથી મને ફરિયાદ મળ્યા કરે છે કે આપણાં બાલમંદિરોના આ પ્રકારના નિરીક્ષણથી શિક્ષક સંસ્થા–સંચાલક કે બાળકોને શું લાભ? સાચે જ હું પણ મારા અનુભવથી કહું જ કે અમારા વિભાગમાં છેલ્લા બે ત્રણ વરસથી જે જાતનું નિરીક્ષણ થાય છે તેનાથી કંઇજ અર્થ સરનાર નથી. તેના કરતાં બાલમંદિરોની સાચી દોરવણી માટે લાલ તાત્કાલિક ચીજો અમલમાં મૂકવા જેવી નીચેની યોજના દેખાય છે, જે સૌ સમક્ષ મૂકવા પ્રેરાઉં છું.

નૂ. બા. શિ. સંઘ પોતાની જુદી જુદી શાખાઓ માટે જે પ્રચાર કાર્ય કરે છે. તે દરેક શાખાઓમાં એક અથવા વિસ્તૃત અને શક્ય હોય તો બે એવાં, સંઘ તરફથી બાલમંદિરો ચાલવાં જોઇએ; જેનું ખર્ચ તે ગામ અથવા વિભાગમાંથી મળી આવે. કોઇ જગ્યાએ તે શક્ય ન હોય તો સંઘે તે ઉપાડી લેવા તૈયાર રહેવું જોઇએ. આ બાલમંદિરનો હેતુ એક આદર્શ, સર્વાંગી શિક્ષણ આપનાર બાલ–શિક્ષણની સંસ્થા બનવાનો હોવો જોઇએ. ત્યાં એક કે બે કાયમી, દીર્ઘ–દૃષ્ટિવાળા શિક્ષકો રહે અને બીજા બે તે વિભાગનાં બાલમંદિરોમાં એકેક માસ માટે જાય. તે જ્યાં જાય તે બાલમંદિરના એક શિક્ષક, સંઘ તરફથી ચાલતા બાલમંદિરમાં એક માસ સુધી કામ કરી આવે. આ રીતે બધાં જ બાલમંદિરોના શિક્ષકોને અઠવાડિયે નવાર લાભ મળતો રહેશે, ને ટૂંક સમયમાં જ બાલશિક્ષણની સૂરત બદલાઇ જશે.

આજે કીડીના વેગે પણ આગળ ન વધી શકતું બાલ શિક્ષણનું કાર્ય, આ અને આવા અભ્યંતરાથી જરૂર ફાયદો આપશે. કારણકે બાલમંદિરના આવા અભ્યંતરાથી સંચાલકોને પોતાની સાચી ફરજનું ભાન થશે. શિક્ષકોની બેદરકારી નીકળી જશે તેઓ કાર્યરત રહેશે અને તેનાથી પોતાના બાળકોને, થનાર લાભથી આમજનતાને સાથ મળતાં, આપણે જે કરવું છે તે માટે સરળતા થઇ જશે.

બાલશિક્ષકોની એક હંમેશની ફરિયાદ એ હોય છે કે અમારા કાર્યમાં માબાપોનો જરા પણ સહકાર નથી મળતો. આ વાત બરાબર છે અને તેનાં કારણોમાં આપણે જ દોષપાત્ર છીએ–તે એ રીતે કે આપણે માબાપોને આપણી બાળકેળવણીની દૃષ્ટિની ભૂખ જગાડી શકયા નથી. આપણને આપણા કામમાં શ્રધ્ધા નથી માટે જ આમ બને છે. ઉપરાંત સંઘ પ્રચારકાર્ય આદરે તો તેમાં આમજનતાને જ એટલે કે દેશને જ ખરો લાભ છે, અને તો આ કાર્યમાં શ્રધ્ધા રાખનારા કેમ ન મળી આવે, બાલ–શિક્ષણપ્રેમીઓ સુંદર બાલમંદિરો ચલાવી બતાવે અને સમાજમાં બાળકનું શું સ્થાન છે તે માબાપોને સમજાવે એ ખૂબ જ જરૂરનું છું. જે ચાલે છે, એમ જ હવે વધુ વખત આપણું રગસિયું ગાડું આગળ વધશે તો તે બાળકોના હિત માટે તો તે નથી જ. તો હવે આ સ્વતંત્ર દેશમાં સ્વાતંત્ર્ય પ્રેમી બાળકો માટે કંઇક પણ કરી છૂટવા દરેક બાલપ્રેમી તત્પર થાય એ જ અભ્યર્થના.

દેવદત્ત પટેલ

Regd. NO. 2241

નૂતન કેળવણીના સિદ્ધાંતોને અનુસરતી શાળાઓને ઉપયોગી એવું શિક્ષણસાહિત્ય, બાલ-મંદિર અને નર્સરી સ્કુલનું પ્રબોધક સાહિત્ય, જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિઓ માટેનાં સાધનો, નકશા અને ચિત્રપટના લીસ્ટ માટે લખો અથવા આ બધું નજર સમક્ષ જોવા અવશ્ય મુલાકાત લ્યો.

જેચંદ તલકશી એન્ડ સન્સ,

૧૪૬, હોર્નબી રોડ, મુંબઈ ૧.

બાળ અકસ્માત જિંદગી

મોટર દરિયાઇ વર્કમેન્સ કોમ્પેન્સેશન
સર્વ પ્રકારનું વીમાકામ
સરળ શરતોથી થાય છે.
લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને
સંતોષકારક મહેનતાણું:
એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય મંગાવો.

ધી ઇન્ડીઅન ગ્લોબ ઇન્સ્યુરન્સ કં. લી.

—:હેડ ઑફિસ:—
૩૧૫–૩૨૧ પ્રોસ્પેક્ટ ચેમ્બર્સ, હૉર્નબી રોડ, મુંબઈ.

ટે. નં. ૨૦૪૪૩ ટેલીગ્રામ: Deshikothi

ક્યાંથી ખરીદી કરશો?

મુંબઇના
સૌથી અપ-ટુ-ધ-મિનિટ સ્ટોરમાં
સગવડ સાથે ખાત્રી પૂર્વક
ખરીદી કરવા પધારો
સુતરાઉ, ગરમ તથા રેશમી કાપડ
ફર્નીશીંગ તથા હાઉસહોલ્ડ લિનન
બનારસી સિલ્ક સાડીઓ, જુદા જુદા
ડિલજીત રંગોમાં – બ્લાઉઝ પીસીઝ,
લેધર ગુડ્ઝ
ભેટ આપવા લાયક નોવેલ્ટીઝ
ઊંચી ક્વૉલિટીનો માલ
વાજબી ભાવથી મળશે.

બૉમ્બે સ્વદેશી કોઓપરેટીવ સ્ટોર્સ, લિમિટેડ.

સર ફિરોઝશાહ મહેતા રોડ, ફોર્ટ મુંબઈ.

: શાખાઓ :

મહાત્મા ગાંધી રોડ, પૂના — જેમ્સ સ્ટ્રીટ, સિકન્દરાબાદ

શિક્ષણ પત્રિકાના કાર્યાલયમ નીચેનાં પ્રકાશનો મળી શકશે.

છ વર્ષ સુધીનાં બાળકો માટે

બીકણ સસલી–ચિત્રવાર્તા કિં. રુ. ૧–૮–૦
બાલશિક્ષણ વિધાતા સ્વ. શ્રી. ગિજુભાઇના મૂળ તાલબદ્ધ લખાણો સાથે (ત્રણ રંગમાં છપાએલી.)
ગણિત કાપલીઓનો ધરગથ્થુ સેટ કિ. રુ. ૧ –
એમાં આર્ટ પેપરવાળા, સરવાળા બાદબાકી અને ગુણાકારના ચાર્ટસ તથા ૨૦૦ કાપલીઓ આવે છે.
ગણિત કાપલીઓનો બાળમંદિર સેટ કિ. રુ. ૩૦
એમાં સરવાળા, બાદબાકી અને ગુણાકારના પૂઠાપર ચોંટાડેલા ચાર્ટસ તથા ૯૪૦૦ કાપલીઓનો સમાવેશ કર્યો છે.
એકાંકી ગણિતની કરંડીની રમતોની કાપલીઓ કિ. રુ. ,
સરવાળા, બાદબાકી અને ગુણાકારના છુટ્ટા ચાર્ટસ
કિ. રુ ૨–૦–૦
મૂળાક્ષર પરિચય–ધરગથુ સેટ. કિ. રુ. ૧–૮–૦
એમાં મૂળાક્ષરોના દસ તકતાઓ તથા
એક મૂળાક્ષર પોથીનો (ત્રિરંગી) સમાવેશ થાય છે.
મૂળાક્ષર પરિચય બાળમંદિર સેટ. કિ. રુ. ૩–૦–૦
એમાં તકતાઓ માટે જાડું પૂઠું વાપર્યું છે.
અક્ષરજ્ઞાન પોથી છૂટક. કિં રુ. ૦–૮–૦
મૂળાક્ષર તકતાઓ–છૂટક જાડું પૂઠું ૨–૮–૦ અને
પાતળું પૂઠું ૧–૮–૦

વી. પી. નું ખરચ જુદું ગણાશે.
લખો. મંત્રી નૂતન બાળશિક્ષણ સંઘ
શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ, ૬.

પ્રકાશક:–શ્રી બાબીભેન મૂળજી, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ. ૬

નૂતન બાલશિક્ષણ સંઘદ્વારા પ્રકાશિત

કેળવણી

: અંક ૭ મો : : જુલાઇ ૧૯૪૬ : વર્ષ ૨૪ :

સ્પર્ધા ને પ્રેમ

સ્પર્ધા જીવનમાં ઝેર ઘોળવે છે,
કામમાં આડે આવે છે.
સ્પર્ધા સ્વાર્થ વધારે છે,
દ્વેષ ને ઇર્ષા વધારે છે.
સ્પર્ધાથી બીજાંના ગુણ દેખાતા નથી,
બીજાની સરસાઇ જોવાતી નથી.
સ્પર્ધાથી બીજાની સાથે સહકાર થતો નથી,
આનંદમાં ભાગ લેવાતો નથી.

પ્રેમનું આથી ઊલટું છે

પ્રેમથી પ્રેમ વધે છે-મિત્રતા ને દોસ્તી વધે છે.
પ્રેમથી સહકાર વધે છે-મદદ ને સહાય વધે છે.
સ્પર્ધાનું લક્ષ્ય પોતાનો જશ હોય છે.
પ્રેમનું લક્ષ્ય ઉત્તમ કાર્યસિદ્ધિ હોય છે.
તેથી
સ્પર્ધાને હાંકી કાઢો ને પ્રેમનું રાજ્ય સ્થાપો.

તારાબેન મોડક

: આદ્યતંત્રી :
સ્વ. ગિજુભાઇ બધેકા

: સંપાદક :
તારાબેન મોડક

: સહસંપાદક :
જયુભાઇ દાણી

અનુક્રમણિકા

૧. વિદાયપ્રવચન ... ... તારાબેન
૨. એક માતાની નોંધ ... ... લી. મ.
૩. મારી જાહેર વિજ્ઞપ્તિ ... ... તા.
૪. પ્રવાસ સુખદ હો ... ... બા. + જ.
૫. અંકુશ ... ... પૂનમચંદ
૬. આપણી બાળવાડીઓ ... ... તા.
૭. નોંધપોથીનાં પાન ... ... દેવદત્ત
૮. બાળશિક્ષણનગર-ટૂંક અહેવાલ ... ...

બાલવિભાગ

મેહુલિયાને ... ... કૃ. પારેખ
વાદળીની વાત ... ... સૂર્યા દાણી
શું હું તોફાની ? ... ... જસુભાઇ દાણી
બાપુની મજાદી ... ... બાબાભાઇ

નોંધ

બાલમંદિર-નિરીક્ષણ

ગયા માર્ચ માસમાં સંઘ તરફથી નિયુક્ત થયેલા નિરીક્ષકોનાં નામ શિક્ષણ-પત્રિકામાં છપાઇ ગયાં છે; એ નામાવલિમાં શ્રી નર્મદાબેન રાવળનું નામ છાપવું રહી ગયેલું તે બદલ અમે દિલગીર છીએ. તેઓએ શ્રી રામભાઈ પાઠક સાથે સૌરાષ્ટ્ર તથા ઉત્તર ગુજરાતનાં બાલમંદિરોનું નિરીક્ષણકાર્ય કર્યું હતું અને આ વર્ષે પણ સંઘની વિનતિ સ્વીકારીને નિરીક્ષણ અર્થે નીકળશે.

*

શ્રી. રતિલાલ વ્યાસ

સૌરાષ્ટ્ર સરકાર તરફથી ચાલતા રાજકોટનાં સ્થાનિક બાલમંદિરોના આચાર્ય શ્રી. રતિલાલ ગૌ. વ્યાસ ૫૮ વર્ષની ઉંમરે હવે નિવૃત્ત થાય છે. સન ૧૯૨૨ માં રાજકોટના મહારાજા શ્રી લાખાજીરાજે જે ૯/૧૦ બાલમંદિરો ઊભાં કર્યાં હતાં તેનું સંચાલન ૧૯૨૫થી શ્રી. રતિલાલભાઇને સોંપાયેલું. એમણે એ કાર્યથી રાજકોટની પ્રજામાં ખૂબ રસ કેળવ્યો છે અને સંસ્કારિતા સીંચી છે. ૧૯૪૫ના મોન્ટેસોરી વર્ગમાં અને હમણા મુંબઇમાં થયેલ બાલશિક્ષણનગરમાં પણ એમણે હાજરી આપેલી. આપણા સુપ્રસિદ્ધ બાલગીતકવિ ત્રિભુવન વ્યાસના તેઓ ભાઇ છે...એમની લાંબી સેવા બદલ અમે શ્રી. રતિલાલભાઇને અભિનંદન આપીએ છીએ.

*

કચ્છ શિક્ષકસંઘ

કચ્છમાં બિદડા મુકામે એકત્ર થયેલા શિક્ષકોને એક સંયુક્ત શિક્ષકસંઘની આવશ્યકતા જણાતાં એક શિક્ષકસંઘની સ્થાપના પહેલી જુનથી ત્યાં કરવામાં આવી છે. કેળવણીમાં રસ લેનારા અગિયાર જણની એક સમિતિ નિમાઈ છે. પ્રમુખ તરીકે શ્રી મેઘજી ડી. ગુર્જર, બજાનચી તરીકે શ્રી દેવકાં બહેન અને મંત્રીઓ તરીકે શ્રી પરમાણંદ કોટક અને મહેશ્વર બુચ ચૂંટાયાં છે.

*

મોન્ટેસોરી પરિષદમાં શ્રી તારાબેન

શ્રી તારાબેન મોડક આગામી ઓગસ્ટ માસમાં ધટલીમાં ભરાનાર મોન્ટેસોરી પરિષદમાં જવા માટે તૈયારી કરી રહ્યા છે. આ અંકમાં એમની "વિજ્ઞપ્તિ" પ્રગટ કરેલી છે તે પ્રત્યે દરેક વાચકનું અને શિક્ષણરસિકનું ધ્યાન દોરીએ છીએ અને આવા વિરલ સંમેલનમાં આપણી શુભેચ્છાઓ સંગે તેઓ ત્યાં જાય છે એ વિષે આનંદ વ્યક્ત

(અનુસંધાન માટે જુઓ કવરપેજ ૩ જું)

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૪ : અંક ૭] મુંબઈ [જુલાઇ, ૧૯૪૯

વિદ્યાર્થીઓને વિદાયપ્રવચન

[ગ્રામ બાલ અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓ સમક્ષ, તે સૌને વિદાય આપતી વખતે શ્રી. તારાબેને કરેલું પ્રવચન નીચે રજૂ કરીએ છીએ. સ. સં]

તમે બધાં અહીં મારું આ છેલ્લું ભાષણ સાંભળવા બેઠા છો, પણ તમારું મન તો જવાની ધમાલમાં પડ્યું હશે. કોઇનો બિસ્તરો બાંધવો બાકી હશે, કોઇને પૈસાની લેવડદેવડ કરવાની હશે, કોઇને સરનામું આપવું હશે અને કોઇને લેવું હશે, વગેરે. પણ આ બધા વિચારોને થોડા સમય માટે મનમાંથી દૂર કરી, સ્થિર થઇ, મારે જે થોડા શબ્દો કહેવા છે તે શાંતિથી સાંભળજો. આ ભાષણ પરીક્ષા પાસ થવા માટે નથી, અને એટલે જ વધારે મહત્વનું છે; તમારે વધારેમાં વધારે એ ધ્યાન રાખવા યોગ્ય છે એમ હું માનું છું; કારણ કે તે તમારે આચરણમાં મૂકવાનું છે.

તમે અહીં શીખવા આવ્યા હતા, તે શીખ્યા પણ ખરા. પણ સાથે સાથે તમે અમને પણ શીખવીને જાઓ છો. આપણે આટલું બધું સાથે રહ્યા. તેમાં તમારી ભૂલો થઇ હશે; અમારી પણ ભૂલો થઈ હશે. આ બધામાંથી આપણે બધાએ શીખવા યોગ્ય શીખવાનું છે. તમે અહીં રહીને જેટલું ઓછું શીખી જશો, તેટલી તમારી ખામી તો ગણાશે જ; તે સાથે સાથે અમારી શિક્ષકોની પણ ખામી ગણાશે. હવે તો તમે શિક્ષક થશો; અને ત્યારે યાદ રાખજો કે તમારા બાળકને ન આવડે, તેનામાં કચાશ રહે તો તે કચાશ તમારી શિક્ષકની જ ગણાય. આ દૃષ્ટિ હશે તો જ તમારાથી બાળકોની સાચી સેવા થઇ શકશે.

આજે આપણા સમગ્ર હિતની દૃષ્ટિએ મારે એ ત્રણ મહત્વની વાતો તરફ તમારું ખાસ ધ્યાન ખેંચવું છે. તેના ઉપર હું આજે વીગતથી ભાષણ કરવાની નથી, પણ મહત્વની વાતો તરીકે તમારી આગળ માત્ર મૂકું છું. તમે તે હમેશ યાદ રાખજો. વર્તનમાં ઉતારશો. પહેલી વાત જેને હું આજની દેશની પરિસ્થિતિની દૃષ્ટિએ અત્યંત મહત્વની ગણું છું, તે પ્રાંતીય ભાવના વિષેની છે. આજે ચારે બાજુએ પ્રાંતીયતાનું ઝેર વધતુ જાય છે. આ ઝેર ચેપી રોગની માફક ઝપાટાબંધ દેશમાં ચારે બાજુએ પ્રસરતું હોય તેવું જણાવા લાગ્યું છે. આપણે ત્યાં પણ એ રોગના જંતુઓ અસર કરી ગયા છે. અહીંથી બહાર જશો તો વ્યાપક રૂપમાં આ પ્રાંતીયતાનું ઝેર નજરે ચઢશે આપણે બાલશિક્ષકોએ તો કદાપિ એ ઝેરની અસર નીચે આવી ન જવું જોઇએ. આપણે જુદાજુદા પ્રાંતના જે બધાં અહીં ભેગાં થયાં છીએ, તેમણે તો એક બીજા સાથે પ્રેમભર્યા સહકારથી કાર્યો કરવાનો ધ્યેય રાખવો જોઇએ, અને તે પ્રમાણે જ કાર્યો પણ કરવાં જોઇએ. નાનો દાખલો આપું. બીજા પ્રાંતનું ખાણું પણ ન ચાખવા જેવી હીન પ્રાંતીયતામાં પણ કેટલાક સપડાયા હોય છે. ત્યારે સાચી વાત તો એ છે કે બીજા પ્રાંતનું ચાખવું તો ઠીક પણ તે વસ્તુને સુંદર રીતે બનાવતાં પણ શીખવું જોઇએ. મારો જ દાખલો લ્યો ને! મને કાઠિયાવાડનાં ઢોકળાં બિલકુલ ન ભાવતા. પણ મેં જોયું કે કાઠિયાવાડ ગુજરાતના લોકોને તો ઢોકળાનું આકર્ષણ બહુ જબરું છે; ત્યારે મેં તે સ્વાદ કેળવ્યો, અને પછી સ્વાદની દૃષ્ટિએ મને ગમ્યાં પણ ખરા.

આવી રીતે જુદા જુદા પ્રાંતના લોકો જ્યા ભેગા થતા હોય ત્યાં પહેલા તો શક્ય હોય તેટલી સહિષ્ણુતા કેળવવી જોઇએ. એ માત્ર સહિષ્ણુતા પણ બસ નથી. એક બીજા પાસેથી જે કંઈ સારું હોય તે શીખી લેવું જોઇએ.

આવી જ રીતે જુદી જુદી જાતિ અને ધર્મની બાબતમાં પણ હવે તો આપણે વિશાળ દૃષ્ટિ રાખવાની જરૂર ઊભી થઇ છે. આપણે બધાં એક જ જાતના, એટલે મનુષ્ય જાતના છીએ. આપણામાં એક જ ધર્મ હોઇ શકે અને તે માનવધર્મ. આ માનવ-ધર્મ પ્રાપ્ત કરવા માટે ઊંચા પ્રકારની સામાજિકતા કેળવવી જોઇશે. આપણી સંકુચિત દૃષ્ટિને અને ટૂંકી સ્વાર્થવૃત્તિને કાઢયે જ છૂટકો છે.

એટલું જ અગત્યનું બીજું એ છે કે આપણું નૈતિક ધોરણ આપણે ઊંચું કરવાનું છે. અસત્ય બોલવું, એ આજના બુદ્ધિશાળી વર્ગમાં શિષ્ટ મનાઇ ગયું છે. આપણે નાના બાળકો વચ્ચે કામ કરવાનું છે. નીતિની જે ભાવના, નીતિનું જે ધોરણ તે આપણી પાસે જોશે, અને તેમને મળેલા વાતાવરણમાં જોશે તો તે ગ્રહણ કરશે. માટે ખૂબ કાળજી રાખી, એકે એક વસ્તુ પાછળની તમારી ભાવના અને વર્તન તપાસતાં રહેજો.

હવે શિક્ષણ વિષે. વાત કહું. આગળ જે મે બધી વાતો કરી તેટલી જ મહત્વની આ શિક્ષણની વાત છે. અમારા કોઇ વિદ્યાર્થી મારફત તેના કામથી અમને કોઈ વખત કીર્તિ પણ મળશે તો કોઇના કામથી અપકીર્તિ પણ મળશે. તમે બધાએ પરીક્ષા આપી. કોઇ પહેલે નંબરે પાસ થશો; કોઈ બીજે નંબરે, તો કોઈ છેલ્લે નંબરે, તમને સર્ટીફિકેટ મળશે, પણ પછી જ્યારે તમે કામ ઉપર ચડશો તે દિવસથી જ તમારું સાચું શિક્ષણ શરૂ થશે. અત્યાર સુધી અમે કહ્યું તે તમે સાંભળ્યું, ને અમે બતાવ્યું તે જોયું. હવે તમે સત્ય જોશો. જ્યારે પ્રત્યક્ષ અનુભવ કરીએ ત્યારે જ સત્યનું દર્શન થાય. કામ કરતાં કરતા કોઇ પણ સવાલો ઊભા થાય, સમજવા જેવું લાગે તે વખતે તમે તમારી અહીં નોંધેલી નોટો જોઇ જજો ને તેમાંથી શોધજો તમારા સવાલોના જવાબ એમાથી મળશે. તે વખતે એ નોધોમાથી અમે કહેલી બાબતો વિષે ઊંડા અર્થો નીકળતા તમે ભાળશો.

અમે ભણતા તે વખતે મારી બહેનપણીઓ પરીક્ષાને અંતે ચોપડીઓ અને નોટો ફેંકી દેવાનો સમારંભ કરેલો. તેટલો. ત્રાસ તેને ભણવાનો અને પરીક્ષાનો છૂટેલો. તમે પણ પરીક્ષામાંથી છૂટવાનો આનંદ લો તે તો ઠીક છે, પણ તમારાં પુસ્તકો અને તમારી નોધપોથીઓની તો ખાસ દરકાર રાખજો. કારણ કે તમારા પ્રત્યક્ષ કામની મુશ્કેલી-ઓનું નિરાકરણ એ વાંધો જ કરશે; એ તમારું જ્ઞાન તાજું રાખશે. તમારા જ્ઞાનને હંમેશાં તાજું રાખજો. તાજું રાખવા માટે, તમારા પ્રત્યક્ષ કામની મુશ્કેલીઓ દૂર કરવા માટે, સંસ્થાના દરવાજા સદાએ ખુલ્લા જ છે. તમારો આવવાનો અધિકાર કાયમનો છે.

હવે સાધનો વિષે મુંબઇના બાલશિક્ષણ નગર વખતના અનુભવથી દિવસે દિવસે મારા મનમાં સાધનોનું મહત્વ વધતું જ જાય છે. દહાણુંમાં પણ મેં એ જોયું. આપણા આકર્ષણે નહિ પણ સાધનોના આકર્ષણે જ બાળકો મધમાખીની જેમ સાધનોને વળગી પડે છે. જાણે કે મીઠાઈ બાવાની મળી. તેમ છતા, આપણે ભૂલવું ન જોઇએ કે સાધન એ સાધન જ છે; એની પણ મર્યાદા છે. જો સાધન નહિ મળે તોયે બાળક કુદરતી ઢબે પોતાનો વિકાસ તો કરશે જ. એટલે આપણે જોવાનું છે તે બાળકોનો ખીલતો આત્મા. જીવન નિભાવવા માટે સમૃદ્ધિવાનને ત્યાં માખણ, ઘી, દૂધ, મિષ્ટાન્ન, અને મેવા વગેરે મળતું હશે. આપણે એમ માનીને બેસીએ કે એવી વસ્તુ વગર જીવાશે જ નહિ તો કેમ ચાલશે? અસંખ્ય માણસો રોટીદાળથી ચલાવે છે. તે જ દૃષ્ટિએ અમુક સાધનો મળે તો જ બાલવાડી ચાલી શકે તેવું ન માનશો. આ દુનિયા-રૂપી સમૃદ્ધ સૃષ્ટિને ન ભૂલશો. જ્યાં જશો ત્યા તે પોતાની સમૃધ્ધિ વડે તમને નવાજવા તૈયાર જ બેઠી હશે. તેના પ્રાણીઓ, વનસ્પતિઓ, જીવજંતુઓ, સૂરજ, ચાંદા, તારાઓ આ વિશાળ સમુદ્ર તરફ તમે દૃષ્ટિ રાખજો તમને ઘણું બધું મળશે. "નામલે

ભાઇના ચાર્ટ્સ નથી માટે વનસ્પતિશાસ્ત્ર વિષે કેમ વાત કરી શકાશે ?" આવી મૂંઝવણ અનુભવતા નહિ. નામલેભાઇના જે ચાર્ટ્સ બન્યા છે તો આ સૃષ્ટિ ઉપરથી ને ? તે સૃષ્ટિ તો તમારી સામે પણ ખુલ્લી પડી છે. તો સાધનો વગર હતાશતા કદી અનુભવશો! નહિ.

એક બીજી વાત પણ આ ગ્રામ બાલ અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓએ ખ્યાલમાં રાખવાની છે; તે છે દેશની પરિસ્થિતિ. આ દેશની પરિસ્થિતિ સમજીને જ તમારે સાધનો વગેરેની વાત કરવાની છે. આ બધી પદ્ધતિના સાર રૂપે આપણે જોવાનું છે તે તો બાળકનો વિકાસ...સાધનો તો નિર્જીવ છે; બાળક જીવંત છે. તેનું નિરીક્ષણ કરજો. જોતાં રહેજો કે કેવી કળી ફૂટી છે. ! કેવાં પાન આવ્યાં છે. ! કેવી ડાળીઓ નીકળી છે ! તેના વિકાસમાં મદદરૂપ થજો. તેને જાતે જ વિકાસ સાધવા દેજો. તેના માર્ગમાંથી મુશ્કેલી દૂર કરજો.

હવે તમારી પાસે મારે એક ર્ી માગવાની રહી ગઇ છે, તે માગી લઉં છું. એને ગુરુદક્ષિણા જેવું મોટું નામ તો નથી આપી શકતી.

તમે કોઈ પણ સંસ્થામા જોડાશો ત્યા પગાર લઇને કામ કરશો તે તો બરાબર છે. પણ તે સાથે સાથે તમે અહીં જેમ બહારની બાલવાડી ચલાવી તેવી જ રીતે ગરીબો માટે તેમની જગ્યાએ જઇને એકાદ કલાક માટે પણ બાલવાડી ચલાવજો. આ મારો તમારે પાસેની છેવટની ર્ી છે.

અને જે સંસ્થામાં જાઓ તે સંસ્થાને આપણા નૂતન બાલશિક્ષણ સંઘ સાથે જોડજો, તેમ જ વ્યક્તિગત પણ તમે સંઘના સામાન્ય સભાસદ થજો. શિક્ષણપત્રિકા વાચજો. પત્રિકાને તમારો માની તેને સમૃદ્ધ બનાવવા કંઇક ને કંઈ લખતા પણ રહેજો. છેવટે તમારા ભવિષ્યના કાર્યમાં તમે સફળતા પ્રાપ્ત કરો તેવી અંતરની આશિષ આપું છું. પ્રભુ આપણું કલ્યાણ કરો.

એક માતાની નોંધ

તા. ૧૦-૩-૪૦ સ્થળ : અ. ઉમ્મર : ૧-૭. વજન : ૨૯-૦ વધારો ૬ ઔંસ.

હમણાં શહેરમાં બળિયા ચાલે છે તેથી ગઇકાલે તેને હાથે બે બળિયા ટંકાવ્યા છે. ડોકટરની આગળ ખૂબ ડાહ્યો બની જાય છે. ખુરશી કે બોળામાં બેસી બરોબર તપાસવા દે છે, અને ઉપચાર કરવા દે છે. ગયે મહિને તેના કાનમાં જરા સોજો આવ્યો હતો; કાનની ચામડી પર દરદ પણ દેખાતું હતું. બાયાને હાથે બસ થઈ હતી–તેનો ચેપ લાગ્યો હશે, અને તેને દુખતું હશે તેમ ધારી અમે ડોકટર પાસે તેને લઇ ગયાં. ઓપરેશન થિએટરમાં તેને તપાસ્યો. તદ્દન અજાણી જગ્યા અને બીજા લોકો હતા છતાં નિર્ભય થઇને બેઠો. પિચકારીથી કાન ધોવડાવ્યો અને દવા લગડાવી. તેના વર્તનથી દવાખાનાનાં માણસો નવાઇ પામ્યાં. હવે કાનની અન્દરનું અને ચામડીનું દરદ મટી ગયું છે.

પરમ દિવસે જ મેડમ મોન્ટેસોરી આવીને પાછાં ગયા. તે ત્રણેક દિવસ અહીં રોકાય હત. તેમના આગમનની પૂર્વતૈયારીમાં ત્રણેક અઠવાડિયા સુધી મારો ઘણો સમય ગયો હશે; એથી પ્રમાણમા ...સાથે બધો જ વખત ગળાતો નહોતો.

નવા શબ્દોમાં ઊંટ, હંસ, હરણ, ભાત, પ્લે (પ્લેટ) ચમચો, બોલ, બે (બેટ) પેન, ડોલ, કાકી, કઇબા, દાદી, જીભ, દાંત, નાક, કાન જા શીખ્યો છે. હમણાંથી બેત્રણ શબ્દો સાથે બોલી વાકય જેવું કાઇક રચે છે, અને પોતાના વિચાર વ્યકત કરે છે. 'બાબાનો મમમ્ આપો,' 'મા મમમ્ બા,' 'પેલી પપમ્,' 'દાદાજી પપમ્,' (દાદાજીની પપમ) 'મામાને તા' (મામાને ત્યા) 'પપા પમ્ ગયા.' વળી શબ્દો અને વ્યકિતઓને પૂર્વાનુસંબંધથી (associations) સભારે અને પારખે છે. તેના

દાદીને બંગલે જતા 'બા' 'કાકા' 'એલચી' એમ કહે છે કારણ કે બા ત્યા એલચી આપે છે તેં તેને બહુ ભાવે છે.

વળી હવે તો પોતાના શરીરના અંગો પારખે છે. વાળ, કાન, આંખ, નાક, જીભ, દાંત, પેટ, હાથ, આંગળી, નખ, પગ. તેને કહીએ "બાબા, ક્યાં કરું ? કયાં કરું !" એટલે કપાળ, ગાલ, હાથ, એક પછી એક આગળીઓ, પગ વગેરે ધરે છે, અને ઘણીવાર શા * કે લા × થી વિદાય લેતા મંડળીમાં બેઠેલાં કુટુમ્બીજનોને મીઠી કરવા માટે હાથ અને માથું ધરે છે, અને કોઇવાર પોતે જ મીઠી કરવા લાગે છે,

હમણાંથી કાગળ ઉપર લીંટા કરવામાં તેને સૌથી વધારે મઝા પડે છે. તે વખતે તે ધારે છે કે તે ચીતરે છે અને હર્ષઘેલો બની, 'એ કાગા', (પક્ષી), 'એ પપમ્' (મોટર), 'એ ગાય' એમ પોકારો કરે છે. રંગીન અને સાદી પેનસિલ અને કલમ સારી રીતે ઝાલે છે અને ચીતરવામા ખૂબ વખત ગાળે છે.

ચિત્રો જોવાં પણ ખૂબ ગમે છે. તેમા અનેક વસ્તુઓ પારખે છે. એક દિવસ પપા (તેના નાના) —ના ઓરડામાં ફરતા ફરતાં પાળી પરથી એક સમૂહછબી તેના હાથમાં આવી. છબીમા છેક છેલ્લે દાદાજીનું ફક્ત મો દેખાતું હતું. તરત જ તે દોડતો દોડતો તે લઇને આવ્યો અને આનન્દથી કહેવા લાગ્યો, 'દાદાજી !' 'દાદાજી !'

તેને દાદાજી બહુ જ ગમે છે. દાદાજી દાંતનું ચોકઠું કાઢે છે તે જોવું બહુ ગમે છે. કોઇવાર દાદાજીને 'તતમ્મા' (ટેલીફોન) જોડે છે. પહેલાં રિસીવર ઉપાડે છે અને કાને ધરે છે, ડાયલ ફેરવે છે. સ્વીચહુક હળવે હળવે દબાવે છે. ધ્યાનથી સાંભળે છે. 'દાદાજી' ને બોલાવે છે પણ દાદાજીનો ફોન આવે તો બોલતો નથી. ચકોર બની રસપૂર્વક હેતથી દાદાજીની વાતો સાંભળે છે.

* બોસાળ
× દાદીમાનું ઘર

તેને બાગમા બેઠા બેઠા બેઠાં એક દિવસ પીપળાનું પાન બતાવ્યું અને કહ્યું કે 'બીજું પાન આપો.' એટલે જમીન પર ખરી પડેલાં તેવા જ પાન વીણીને તેણે મને આપ્યા. એ જ પ્રમાણે બદામના લાલ પાન લાવ્યો. પોતાનો સફળ પ્રયોગ જોઈ તેને ખૂબ હર્ષ થયો. પછી બીજા પ્રકારનાં પાન પણ પારખવા લાગ્યો. નામથી નહીં પણ રૂપ અને રંગથી; તેવી જ રીતે ફૂલ મંગાવ્યા અને તે પણ તેણે તે જ રીતે છૂટા કર્યાં અને જોડીમા ગોઠવ્યા. (ફૂલ તોડ્યાં નહીં પણ વેરાએલા ફૂલ વીણ્યા.)

મને લાગે છે કે મોન્ટેસોરી સાધનો જ્ઞાનને ચોકકસ અને દૃઢ કરવા માટે છેલ્લાં પગથિયા જેવા છે. ઘણીવાર પહેલા પગથિયાં રૂપે પણ ઘણા જ ઉત્તમ છે. પ્રસ્તુ છેક જ નાનાં બાળકને કોઇવાર મોજુદ સાધનમાં તરત જ રસ પડતો નથી. આવે વખતે પૂર્વતૈયારી રૂપે બીજી કેટલીક વસ્તુઓ રસિક અને ગુણકારી નીવડે છે; દાખલા તરીકે, રંગની તકતીઓ (મોન્ટેસોરી સાધન)મા તેને અત્યારે રસ પડતો નથી. તેમને પારખવી કે ગોઠવવી પણ તેને રુચતી નથી; પણ એક જ માપની ચમ્પલની જુદાજુદા રંગની મખમલની જોડીઓ, ફૂલો, પાન, વગેરે પારખીને ગોઠવવાની રમતમા એને આનન્દ આવે છે. રંગનો ખ્યાલ (Colour sense) વિકસ્યો જ હોવો જોઇએ, નહીં તો તેને ગોઠવી ન શકે. મને લાગે છે કે આ પ્રમાણે રસ ઉત્પન્ન કરી, કેળવી, તેને રંગની તકતીનું સાધન છેવટે આપ્યું હોય તો તે તેને આનન્દથી સ્વીકારે અને તેમાંથી જ્ઞાન પણ પ્રાપ્ત કરે.

માણસમા અનેક વૃત્તિ (Instincts) હોય છે પણ તેને યોગ્ય માર્ગ (Right channel) મળવો જોઇએ. આ વૃત્તિઓનો યોગ્ય ઉપયોગ થાય તો તે સારામાં પરિવર્તન પામે વસ્તુઓ ફેંકવી એ પણ એક વૃત્તિ છે પણ દરેક વસ્તુ ન ફેંકાય. દડાપેટી સાથે રમતાં રમતાં બાળકને ફેંકવાનું મન થઇ આવે અને તે દડા ફેંકવા માંડે તો તેને હાથમાં દડો આપી. જેમ ફાવે તેમ ફેંકવા

દેવો, અને દફાપેટી બસેડી લેવી. પછી ફેંકવાનું મન થાય તો દડો ફેંકાય એમ તે આનાથી સમજી જાય છે. ઠોકવાનું મન થાય તો ઠોકવાનું સાધન તે લે છે. Hammering apparatus એ મોન્ટેસોરી સાધન નથી પણ બાલોપયોગી શિક્ષણાત્મક સાધન તરીકે બજારમાં વેચાય છે. આ સાધન અત્યન્ત ઉત્તમ છે. બટનની ફ્રેમને બાળક ગળામાં પહેરી લેતું હોય તો માળા આપી તે લાગણી સંતોષવી આ પ્રમાણે વૃત્તિઓને સાચો અને સર્જનાત્મક માર્ગ (outlet) મળી જતાં બાળકની વૃત્તિ દબાતી (Supress થતી) નથી, તે હતાશ (frustrate) થતો નથી, તેનો રસ સુકાઈ જતો નથી પણ તે પોતાનો વિકાસ સાધતો જ રહે છે. આ પ્રસંગો આપણી પાસે અવલોકનશક્તિ, કલ્પના અને દાક્ષિણ્ય (Common Sense) નો અખૂટ ખજાનો માંગી લે છે.

હવે ...ને બાળકને મળવું અને તેમની સાથે રમવું ખૂબ ગમે છે. તે મળતાવડો (Social) અને નમ્ર બન્યો છે.

લી. સ.

મારી જાહેર વિજ્ઞપ્તિ

આ વર્ષે ઓગસ્ટની ૨૨ થી ૨૯ સુધીના દિવસોમાં આંઠમી અંતરરાષ્ટ્રિય મોન્ટેસોરી પરિષદ ભરાવાની છે; આ માટે મને આમંત્રણ મળ્યું છે તેથી આનંદ થાય છે.

આ પરિષદમાં ચર્ચાવાનો મુખ્ય વિષય "જગતની પુનર્રચનામાં માનવનું ઘડતર" એ છે. મૅડમ મોન્ટેસોરી પોતે આ વિષય ઉપર ત્યાં એક વ્યાખ્યાન-માળા આપવાના છે. તે ઉપરાંત શ્રી મારિયો મોન્ટેસોરી, માનસશાસ્ત્રના નિયમો ઉપર મોન્ટેસોરી પદ્ધતિ કેવી રીતે રચાયેલી છે, તે વિષે વ્યાખ્યાનો આપશે. દેશદેશના બીજા વક્તાઓ પણ આ પ્રસંગે શિક્ષણવિષયક ભાષણો આપશે.

આ વ્યાખ્યાનો ઉપરાંત બીજો એક મુખ્ય લાભ ત્યાં એ મળશે કે આ ક્ષેત્રમાં કામ કરતા અન્ય દેશોના બધા કાર્યકર્તાઓ ત્યાં ભેગા થશે. તેમની સાથેની ઓળખાણથી, તે તે દેશોમાં શું શું ચાલી રહ્યું છે તેની માહિતી મળી શકશે. વ્યાખ્યાનો તો કદાચ પછી પુસ્તકાકારે છપાશે ને વાંચવાનાં મળી શકશે પણ બધા સાથેનો પ્રત્યક્ષ સંપર્ક અને ચર્ચાનો લાભ વિશેષ છે એમ મને લાગે છે.

યુરોપનાં સર્વ દેશોમાં અત્યારે યુદ્ધ પછીની પુનર્રચના ચાલી રહી છે. માનવજીવનના આજના બધા પ્રશ્નો દરેક દેશ કેવી રીતે ઉકેલવા મથે છે, તેનો પ્રત્યક્ષ અભ્યાસ ત્યાં શક્ય લાગે છે. શિક્ષણનો જ એક વિષય લઈએ તો પણ ત્યાંનાં ગામડાંઓમાં શું ચાલે છે? મજૂરો માટે ત્યાં શી યોજના છે! પૂર્વ પ્રાથમિક શિક્ષણને ત્યાં કેવું સ્થાન છે! તેમ જ માનસશાસ્ત્રના સંશોધકો ત્યાં શું કરી રહ્યા છે, વગેરે અનેક વાતો જાતે જોઈને, તેનો અભ્યાસ કરીને આવવાનું મને યોગ્ય લાગે છે. આવી જાતના વધુ અભ્યાસ અને અનુભવ માટે હું યુરોપથી પછી અમેરિકા પણ જઈ આવવાની ઉચ્છા રાખું છું.

અત્યાર સુધી સ્વ. ગિજુભાઈ પાસેથી જાણ્યું છે તે અને મારી મેળે મેં જે વાંચ્યું, વિચાર્યું અને અનુભવ્યું છે તેના બળ પર સતત છવ્વીશ વર્ષ સુધી બાળશિક્ષણના ક્ષેત્રમાં મેં શક્ય તેટલું કામ કર્યું છે. હવે થોડા મહિના એ ચાલુ કામમાંથી નિવૃત્ત થઈ, દેશાટન કરી વધારે તાજી થવાનું મને મન થયું છે. તાજી થઈને ત્યાંથી આવ્યા બાદ આગળનું આયુષ્ય જેટલું—થોડું કે વધારે—હશે તે ગામડામાં અને તે પણ તદ્દન પછાત અને દબાએલા વર્ગનાં બાળકોના કામમાં જ વિતાવવાની ઇચ્છા હું ધરાવું છું.

એટલે આનંદથી હું મારા મિત્રોને, મારા વિદ્યાર્થી વિદ્યાર્થિનીઓને તેમ જ તમામ બાલ-શિક્ષણરસિકોને જાહેર વિનંતી કરું છું. છ કે આઠ માસના મારા આ પ્રવાસનો ખર્ચ લગભગ રૂા. ૨૦,૦૦૦ (વીસ હજાર) થશે એમ લાગે છે. જો બે હજાર જણ, દરેક માત્ર ૧૦-૧૦ રૂપિયા આપે તોય આ રકમ ભેગી થઈ શકે. પણ એટલા જણ

કદાચ નથી મળતું. વળી અત્યારે વખત ઓછો છે, એટલે હું મારા સર્વ મિત્રોને તથા શિષ્યોને વિનંતી કરું છું કે તમને વધારેમા વધારે જેટલી રકમ મોકલવાની ઇચ્છા થાય તેટલી મારા ઉપર જલદી મોકલી આપશો ? સામાન્ય રીતે રૂ. ૧૦,૧૦૦ અને ૧૦૦૦ આપી શકે એવા ત્રણ પ્રકારો મેં મિત્રોના કલ્પ્યા છે. હું આશા સેવું છું કે આ પ્રમાણે જો દરેક જણ પોતાની યોગ્ય રકમ મને મોકલી આપશે તો દેશાવરની મારી આ ઇચ્છા જરૂર ફળીભૂત થશે. માટે જેમને મારા આ પ્રવાસ-નિધિમાં પોતાનો ફાળો સ્વેચ્છાથી આપવાનું દિલ થાય તેમણે, આ વિજ્ઞપ્તિ વાંચીને તરત રકમ મોકલી આપવી અથવા પોતાનો આંકડો જણાવી દેવો. શિક્ષણના ઓવા વિરલ પ્રવાસ માટે તમને હું વિનંતી કરી શકું એવી શ્રધ્ધાથી વિરમું છું; તમારા સત્વર પ્રત્યુત્તરની આશા સેવું છું.

: પત્રવ્યવહાર :
તારાબેન મોડક
વ્યવસ્થાપક પ્રવાસનિધિ
૧૧૮, હિંદુ કોલોની,
દાદર, મુંબઈ ૧૪.

શ્રી તારાબેન !

તમારો પ્રવાસ સુખદ, સફળ હો !

હિંદના બાળશિક્ષણના સંગીન અને વ્યાપક કાર્યમાં સ્વ. ગિજુભાઇને પ્રથમ દિવસથી સાથ આપનાર અને આજ સુધી એ જ ક્ષેત્રમાં અખંડ અને અદમ્ય ઉત્સાહથી કાર્યમગ્ન રહેનાર જે બહુ ઓછી વ્યક્તિઓ છે તેમાં શ્રી તારાબેન મોડકનું સ્થાન પ્રથમ છે. પચીસ વર્ષથી તેઓ એ જ ઉત્સાહ અને ખંતથી બાળશિક્ષણ અને નૂ. બા. શિ. સંઘની પ્રગતિના કાર્યમાં નિઃસ્વાર્થભાવે મંડ્યા રહ્યા છે. નથી જોયો એમણે થાક કે નથી વિચાર્યો આરામ. આજે આટલે વરસે તેઓ પરદેશના શિક્ષણ-પ્રવાસે જવા માટે તૈયાર થયા છે તેની પાછળ પણ, એમણે જીવનપ્રવૃત્તિ જેવા માનેલા આ બાળશિક્ષણને કાજે કાંઇક નવું જોમ આવવાની; અહીંના કાર્યને વધુ વેગવંત બનાવવાની જ ભાવના રહેલી છે. એમના એ પ્રવાસને અમે સંઘના સર્વ સભ્યો વતી સફળતા ઇચ્છીએ છીએ.

આ અંકમાં અન્યત્ર એમની એક જાહેર વિજ્ઞપ્તિ પ્રસિદ્ધ થઈ છે. પ્રવાસને માટે કલ્પેલી રૂ. વીસ હજારની રકમ મેળવવી એ એમના નામ અને કામને કારણે જરાય મોટી નથી. ઠેર ઠેર શ્રી તારાબેનના વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિનીઓ અને મિત્રો આજે કામ કરી રહ્યા છે. એ બધાં અને સંઘના સભ્યો ધારે તો ખૂબ જ ટૂંક સમયમાં આટલી રકમ, જરાય મહેનત વગર ભેગી કરી શકે. આ પ્રવાસનિધિનો સંચય એ શ્રી તારાબેનનો જ ન ગણતાં બાળ શિક્ષણના કાર્ય માટેનો છે, સંઘની પ્રવૃત્તિના વેગ માટેનો છે, એમણે ઇચ્છેલા પછાત અને દબાએલાં બાળકોની સેવાની પૂર્વતૈયારીઓ છે એમ માની, સૌ ભાઇબહેનો યથાશક્તિ ફૂલપાંદડી મોકલી આપે એવી અમારી વિનંતી છે.

શ્રી તારાબેનને અમે સૌ વતી અત્યંત સુખદ સફર ઇચ્છીએ છીએ.

બાબીબેન મૂલજી
જમુભાઇ દાણી

આંકડા શા

"ધાકમાં નહિ રાખો તો બાળકો બગડી જશે; કાબુમાં નહીં રાખો તો બૈરાં ફાટી જશે; દાબમાં નહિ રાખો તો નોકરો માથે ચઢશે; અંકુશ નહિ રાખો તો અવ્યવસ્થા ઊભી થશે." આ અને આવી વાતો લગભગ બધે જ સંભળાય છે. સંસ્થા, સમાજ કે સરકાર કોઇને પણ ચલાવવા અંકુશ અનિવાર્ય લાગે છે. એ માન્યતા એટલી તો રૂઢ થઈ ગઇ છે, કે સુશિક્ષિત અને સંસ્કારી ગણાતી વ્યક્તિઓ પણ સામાન્યત. આ રીતે જ વિચારે છે. બાહ્ય રીતે નિરંકુશ દેખાતી છતાંયે સ્વયંકુશથી

ચાલતી વ્યકિત કે સંસ્થાની કોઇ કલ્પના યે કરવા માગતું નથી; એ માટે પ્રયત્ન પણ કરવા ઇચ્છતું નથી. ટૂંકે રસ્તે સહુ કોઇ દોડે છે, અને ધોરી રસ્તાને ધક્કો મારે છે. વખતો વખત વાપર્યા પછી એ પણ એવો થઇ જાય છે, કે જતે દિવસે એની ગણના સસ્તા અને સરળને બદલે સાચા અને સારા માર્ગમાં થઇ જાય છે. અંકુશ પ્રતિષ્ઠા મેળવે છે, અને અનિવાર્ય અનિષ્ટ તરીકે શરૂ થયેલી એની કારકીર્દિ સુવ્યવસ્થા મીટે પ્રાથમિક અને પરમ આવશ્યક જરૂરીઆતમાં પરિણમે છે.

ભંગીઓ સાથે જે ગાળ દઇને વાત ન કરીએ તો વાંકા જ ચાલે એમ સુધરાઇ માને; કારકુનો સાથે કડકાઇથી કામ ન લઇએ તો આળસુ બની જાય એમ અમલદારો માને; વિદ્યાર્થીઓને વખતો વખત ટોકતા ન રહીએ તો એ સીધા ન ચાલે એમ અધિકારીઓ માને; અને ત્યાં સુધી તો ઠીક પણ જ્યારે ભંગીઓ, કારકુનો કે વિદ્યાર્થીઓ પોતે પણ પોતાને વિષે એમ જ માનતા થાય ત્યારે તો એ કરુણતાની પરાકાષ્ટા જ ગણવી રહીને ?

શૈક્ષણિક સંસ્થાઓની સ્થિતિ કાંઇ ઓછી દિલ-દ્રાવક નથી. શિસ્ત અને નિયમનના અંકુશ તળે વિદ્યાર્થીઓ કચડાય છે. એમનો વિકાસ રૂંધાય છે. ઊગતી પેઢીને ગુલામ બનાવાય છે. સંસ્થા ચલા-વવી હોય તો સમયપત્રકની જડ અને નિયમનની ધૂંસરી અનિવાર્ય લેખાય છે. વિદ્યાર્થીઓ એ સ્વીકારે છે; કારણ ન સ્વીકારે તો બરતરફી રાહ જોઇને જ બેઠી હોય છે. એક, એ નહિ પણ લગભગ બધી જ સંસ્થાઓની આ જ મનોદશા અને કાર્ય-પ્રણાલિ જોવામાં આવે છે. વાસ્તવમાં જે તત્ત્વ મળે છે, એને વિદ્યાર્થીઓ સવાયું કરીને પછીની પ્રજાને આપે છે. દિવસે દિવસે પુરાણા આશ્રમો અને ગુરુકુલોની કલ્પના ફકત શાંતિ સમયનું સ્વપ્ન કે ભાષણ માટેનું ભાથું જ બની રહે છે.

નિયમન, કાયદો, તકેદારી આ બધાં અંકુશનાં જ બીજાં નામો છે. અંકુશનો વિચાર કરીએ એટલે બે વર્ગો આંખ સામે આવે છે. એક અંકુશ પળાવનાર, અને બીજો અંકુશ પાળનાર. બન્ને પોત-પોતાના હિતનો વિચાર કરે છે. એકને મન અંકુશ અનિવાર્ય આવશ્યકતા છે, અને એની અવગણના એ અવ્યવસ્થાની આંધી છે. એનું પાલન થવું જોઇએ, એમ માને છે. એમ કરાવવા માટે કોઇ-પણ રીતે આગ્રહ રાખે છે. બીજાને મન અંકુશ એ પોતાની સ્વતંત્રતા પરનો કાપ છે, અને એને તાબે થવું એ પોતાનું અપમાન છે. શકય હોય ત્યા સુધી એનો વિરોધ કરે છે, અને સહન ન થાય તો છેવટે એમાથી રસ્તા કાઢવા તો મથે જ છે.

સરકાર કાયદા ઘડે છે; પળાવવા માટે પોલિસ રાખે છે. ભંગ થતાં એના માટે શિક્ષા નકકી કરે છે. ન્યાયના નાટક પર એ છેલ્લો અંક ભજવાઇ જાય છે, અને જેલના સળિયા એનું નિવાસસ્થાન બની જાય છે. એ કહેવાતા કેદીઓ કે ગુનેગારો દિવસે દિવસે વધારે ને વધારે ગુન્હાહિત મનોદશાવાળા બનતા જાય છે. જેલો, ગુન્હેગાર માણસને વ્યવ-સ્થિત કરવાનું સાધન હોવા છતાયે એનું માનસ એ વ્યવસ્થિત નથી જ કરતી અને કદી કરશે પણ નહિ; એ કાર્ય માટે તો બાપુજીના પંથે ચાલનાર અને પાયામાં પૂરાઇ જનાર સમાજ-સેવકો જ જોઇશે.

અંકુશનો જન્મ અવિશ્વાસમાંથી થાય છે. સત્તા અને શિક્ષા એનો ખોરાક છે, અથડામણ અને અનીતિ એનાં અનિવાર્ય પરિણામ છે. અવ્ય-વસ્થાને ટાળવા માટે ઊભો કરેલો અંકુશ એ તો અસ્વચ્છતાને ઢાંકવા માટે વાપરેલ કાગળ જેવો છે. વખત જતા જેમ કાગળ કોહવાય છે, અને પોતે જ કચરો બની જાય છે, એમ અંકુશ પણ પોતે જ અવ્યવસ્થી બની જાય છે.

અંકુશ આવ્યો એટલે કાળો બજાર આવવાનો. આગલાં બારણાનાં તાળાં અખંડ રાખી પાછલી પછીતેથી સ્વાર્થ સાધી લેવાની નીતિ એનું નામ જ કાળો બજાર. અનીતિ અને ગેરરીતિ એ તો એની ગરથુથીનાં ઓસડ છે. નાની ફોડકીની માફક શરૂ થયેલું આ અનિષ્ટ કયારેક તો દેશવ્યાપી સડો બની જાય છે અને સમગ્ર સમાજ એનાથી ત્રાસી જાય છે. અનીતિનું ચલણ જ્યાં ને ત્યાં દેખાય છે. સરવાળે સહુ કોઇ ઇચ્છે છે કે અરાજકતા અને અંધાધુંધી ફેલાશે તો સહી લઇશું, મરી

જઈશું તો બહેતર. પણ અંકુશ તો ન જ જોઈએ. બાપુજીએ મરતાં પહેલાં જ અંકુશની ભયંકરતામાંથી આપણને છોડાવ્યા હતા અને પરિણામે ધાન્યના ઢગલા અને ખાંડની બોરીઓ બજારમાં દેખાવા માંડી હતી; પણ વળી પાછો અંકુશ પ્રવર્તી રહ્યો છે. કારણ, એ પછીની પરિસ્થિતિને આપણે નૈતિક દૃષ્ટિએ ન વિચારી. અંકુશોનો નાશ એ આપણે બોસડ જ ગણ્યું: દર્દ હળવું થયું એટલે પરેજી છોડવા માંડી. ડોકટરને ભૂલવા માંડ્યા, અને વળી રોગમાં પટકાયા; દરમિયાન પેલો કુશળ વૈદ્ય તો પરવારી ગયો કે જેને દુન્યવી દ્રવ્યની પડી ન હતી; પણ સુખી, સંતોષી અને તંદુરસ્ત સમાજની જ જેને ચિંતા હતી. એ જ કોટિનો બીજો શક્તિશાળી વૈદ્ય ન મળે ત્યાં સુધી તો બજારમાં જે હોય તે જ મળે ને?

અંકુશ વિનાનું તંત્ર એટલે અંકુશ બહારનું તંત્ર નહિ પણ સ્વતંત્ર–સ્વૈરવિહારની છુટ નહિ પણ સંયમી અને સાત્વિક જીવન, પ્રેમ અને ત્યાગના પાયા પર રચાયેલું સ્વરાજ્ય. અંકુશ વિનાની પરિસ્થિતિ, એની વિધેયાત્મક બાજુ, પણ છે અને એ પ્રેમ. પ્રેમ એટલે બીજાઓને કાજે પોતે સહન કરવું અને અંકુશ એટલે પોતાઓને કાજે બીજાઓને સહન કરાવવું.

અંકુશ સાચે જ વિશ્વનું એક મોટામાં મોટું અનિષ્ટ છે. પણ એ વિનાની સ્થિતિ અશક્ય નહિ તોયે મુશ્કેલ, અતિ મુશ્કેલ તો જરૂર છે. પણ એનો અર્થ એ નથી થતો કે એ પ્રેમનો માર્ગ મૂકી દેવા જેવો છે. માનવકલ્યાણ માટે નિશ્ચિત માર્ગ પણ એ જ છે. પ્રગતિનો પંથ જો કાંટાવાળો ન હોય તો પ્રગતિની કિંમત શું? સિધ્ધાંતને સાચવવામાં તો શરીરને સુકાવી નાખવું પડે અને વખત આવ્યે સમર્પી પણ દેવું પડે. એ તૈયારી હોય તો જ નવો ચીલો પાડી શકાય.

"કિલ્લોલ," પાટણ — **પૂનમચંદ શાહ**

આપણી બાળવાડીઓ

આપણે ચાર ચાર મહિનાથી બહારની બાલવાડીઓ ચલાવીએ છીએ. તેના પ્રમાણમાં આપણને ખાસ કશું ફળ દેખાતું નથી. આપણી એકપણ બાલવાડી ફૂલીફાલી હોય એમ હજુ થયું નથી. બાવળીપાડાની સાવ બંધ કરી દેવાનો વખત આવ્યો છે, જ્યારે બીજી ત્રણ જીવતી રહી છે, એટલું જ. એટલે હવે વિચાર કરવાનો રહ્યો કે આમ શા માટે બને છે?

પહેલાં તો આપણા પોતાનામાં જે કંઈ ખામી હોય તે પ્રથમ જોઈ લેવી ઘટે. આપણા પોતાનામાં અંદરનો ખરો ઉત્સાહ છે? કે આપણે પરાણે આવી પડેલા બોજા તરીકે જ આ કામ ઉઠાવી છીએ? એક રીતે ગણીએ તો આપણી બાલવાડી એ આપણી અંદરના ઉત્સાહનો, અંદરની ધગશ અને તમન્નાનો અરીસો જ હોય છે. આપણું પોતાનું જ મોઢું આપણે ત્યાં જોઈ લેવાનું રહે છે.

બીજું, આપણી શક્તિ, બુધ્ધિ કે જ્ઞાન એનો આપણે પૂરેપૂરો ઉપયોગ કરી લીધો છે? એ પણ પ્રશ્ન આપણે આપણી જાતને પૂછવાનો રહે છે. બાલક્રીડાંગણમાં જેટલા વિષયો આપણે શીખ્યા છીએ તે બધા આપણે આપણી બાલવાડીમાં અજમાવ્યા છે?

આ આત્મપરીક્ષણ માટે નીચેના પ્રશ્નો આપું છું. દરેક બાલવાડીસંચાલકે દર અઠવાડિયે એ પ્રશ્ન પોતાને પૂછવા અને જવાબો લખી કાઢવા. બાકી 'હા' 'ના' એટલો જ જવાબ ચાલશે.

૧. સ્વચ્છતા લઉં છું?
   અંગ સ્વચ્છતા?
   આજુબાજુની સ્વચ્છતા?
   સ્નાન, કપડાં ધોવા, જુ કાઢવી
   વગેરે વિશેષ
   કાર્યક્રમ રાખું છું?
૨. વ્યવસ્થાને અંગે કાંઈ ખાસ
   લીધું છે?
૩. જીવનવ્યવહારનાં કામોમાં

શું શું લઉં છું ?
ત્યાંની ખાસ પરિસ્થિતિમાં
કાંઇ ખાસ લીધું છે ?

૪. હસ્તવ્યવસાયનાં કામોમાં
શું શું લઉં છું ?
ત્યાંની ખાસ પરિસ્થિતિને
યોગ્ય, એવા હસ્તવ્યવસાય
શોધ્યા છે ?
દર અઠવાડિયે શું થયું તેની
સંગ્રહ કરું છું ? નોંધ રાખું છું ?

૫. ભાષાશિક્ષણ માટે શું કરું છું ?
ઉચ્ચારશિક્ષણ લઉં છું ?
માતચીત કરું છું ?
વાતચીતની નોંધ રાખું છું ?
વાતચીતમાં પ્રગતિ દેખાય છે ?
ચિત્ર પરથી વાતચીત કરું છું ?
જોડકણાં બોલું છું ? નોંધ કરું છું ?
વાર્તા કહું છું ? નોંધ કરું છું ?
ગીતો બોલું છું ? નોંધ કરું છું ?
જોડકણાં સાથે રમતો રમાડું છું ? નોંધ ?
નાટકો કરીએ છીએ ? નોંધ ?
પુસ્તકવાંચન કરું છું ? નોંધ ?

૬. શરીરવિકાસ માટે શું કરું છું ?
ઝાડે ચઢવું, ટિંગાવું, હીંચકા ખાવાનું રાખું છું ?
આંધળો પાટો, લંગડી કે એવી રમતો ?
બેઠા બેઠા રમવાની રમતો ?
કવાયત, માર્ચીંગ કે અખાડાની રમતો ?

૭. પ્રવાસ રાખું છું ?
ભૌગોલિક દૃષ્ટિએ ?
વૈજ્ઞાનિક ,, ?
સૃષ્ટિદર્શનની ,, ?
મનુષ્ય જીવનપરિચયની દૃષ્ટિએ ?

૮. ચિત્રકામ, રંગોળી કે કળાનાં કામો ?

આ ઉપરાંત આપણા પોતાના જ્ઞાન કે અનુભવમાં કાંઇ વધારો થયો છે ? દેશની ગરીબાઇનો કાંઇક વિશેષ ખ્યાલ આવ્યો છે ? પછાત કોમોના જીવનની પૂર્ણ કલ્પના આવી છે ? તેમના રિવાજો, તેમના આચારવિચારો, તેમની માન્યતાઓ, તેમનું સામાજિક જીવન, તેમનો નીતિ-નિયમો, તેમનું ધાર્મિક જીવન, એ વિષે આપણે કાંઇ વધારે જાણ્યું છે ? આપણા પોતાના અભ્યાસમાં કાંઇક તો વધારો થવો જ જોઇએ. નહિ તો આ બધી મહેનત નકામી જ છે.

મારી કલ્પના પ્રમાણે આ બાલવાડીઓમાં હજુ સુધી પ્રાણ આવ્યો નથી; માત્ર કલેવર ઊભું થયું છે. પ્રાણ તો આપણે ફૂંકવાનો છે. પહેલાં આપણા પોતાનામાં—એટલે બાલવાડીમાં તે લાવવાનું છે.

અહીંની બાલવાડી તે સંસ્થાની; બહારની તે આપણી પોતાની, અહીંની બાલવાડીમાં જોશું, શીખવા જેવું હશે તે શીખીશું, ને પોતાની બાલવાડીમાં તેમાંથી વધારેમાં વધારે લઇ જઇશું. પોતાની પરિસ્થિતિમાં બંધ બેસતું આવે તેટલું લઇશું. તે પ્રમાણે યોગ્ય ફેરફાર સાથે લઇશું. બાલવાડીને ખીલવશું ને જાતે અનુભવમાં, જ્ઞાનમાં, વિચારમાં અને પ્રયોગ કરવામાં વધારે સમૃધ્ધ બનીને જઇશું.

તારાબેન મોડક

નોંધપોથીનાં પાન ફેરવતાં

મારી નોંધપોથીનાં પાનાં ફેરવતાં, ગામડાના એક બાલમંદિરમાંથી, મારે માટે નોંધપાત્ર બનેલો બનાવ આપની સમક્ષ મૂકવા પ્રેરાઉં છું.

બાલમંદિરના મકાન નજીક જ લીમડાનાં ત્રણ ચાર વૃક્ષ ગ્રામજનોને શીતળ છાંય આપવા ઊભેલાં હતાં. ઝાડોના થડ પાસે જ વિશાળ ઓટલો હતો. જો કે આ ઓટલો બાલમંદિરના મકાન અંગે ન હતો, છતાં પણ અમો તેને ઓરડાની બહારની સફાઇના કામ માટે ઉપયોગમાં લેતા. સૂપડી અને સાવરણીનો ઉપયોગ ઓરડાની અંદર તો બાળકો બરાબર કરતાં જ, પણ બહારની સફાઇને આપણી ફરજ માનતાં હું જેની વાત કરું છું તે વિશાળ

એટલો, બાલમંદિરનાં બાળકો માટે હમેશના પોતાનાં કામો પૈકીનું એક માની બાલમંદિરમાં આવતાં જ સાફ થઇ જતો.

પાનખર ઋતુનું મંડાણ થયું અને બાળકોને ધૂળ ઉપરાંત ઝાડ પરથી ખરી પડેલાં સૂકાં તથા પાકાં પાન વીણી કે વાળીને ઢગલા કરી અને બતાવવામાં ખૂબ જ આનંદ આવતો. લીમડાનાં પાન ખરે છે તેની સાથે સાથ તે સંયુકત પાનની ડાંડી–જેને આપણે સળીના નામથી ઓળખીએ છીએ તે પણ–નીચે તૂટી પડવા લાગી. શરૂઆતમાં થોડી જ સળીઓ દેખાતી પણ થોડા જ દિવસમાં ઢગલાબંધ સળીઓ એટલા ઉપર પથરાઇ જવા લાગી. સળીઓ ભેગી કરવામાં બાળકોને મઝા પડતી જોઇ મને વિચાર થયો, કે તેની કઇ કઇ રમતો યોજતાં બાળકોનો માનસિક વિકાસ સાધી શકાય છે ! કંઇક વિચાર કરી હું બાળકો સાથે સફાઇ કાર્યમાં સામેલ થયો. બાળકોને પ્રથમ કરંડિયામાં સળીઓ એકઠી કરવા સૂચન કર્યું. પછી તો જોત જોતામાં કરંડિયો ભરાઇ ગયો. સફાઇનું કામ આટોપી લઇ અમો બાલમંદિરમાં ગયા. બાળકોને કરંડિયામાંથી બધી સળીઓ વહેંચી આપી, તે સઘળીને એક ડીંટે કરવા બતાવ્યું. આ કામ અર્ધોએક કલાક ચાલ્યું હશે. બધી જ સળીઓ લગભગ વ્યવસ્થિત ગોઠવાઇ ગઇ.

બાળકોમાં વર્ગીકરણની દૃષ્ટિ આવે તે ખૂબ જ આવશ્યક છે, એમ સમજી પ્રથમ સાવ સૂકાઇ ગએલી અને બીજી લીલી (પાકી ગએલી) એમ બે જાતની સળીઓ તરફ ધ્યાન ખેંચી, જુદી પાડવા સૂચવ્યું. બાળકો હોંશે હોંશે વર્ગીકરણ કરવા લાગ્યાં અને તરત જ તે કામ પણ પતી ગયું. વર્ગીકરણની બાબતમાં ઊંડા ઉતરતાં લાંબી અને ટૂંકી, તથા જાડી અને પાતળી જે જોનો ખ્યાલ ઇન્દ્રિયવિકાસના સાધનોથી મેળવ્યો હતો–તેથી બાળકોને તે જાતનું વર્ગીકરણ કરતાં જરાએ વાર ન લાગી.

ઘણી વખત જો શિક્ષકમાં દૃષ્ટિ ન હોય તો બાળકો મૂંઝવણમાં મૂકી દે છે, તેમ આ કાર્યમાં બાળકો એટલાં તો રત થઇ ગયાં હતાં કે પોકાર થવા લાગ્યા. 'ભાઇ, હવે શું કહીએ ?' મારી સામે જ ચોગાન સાફ કરવા માટે વાંસની સળીઓમાંથી બનાવેલ હાથઝાડુ ઊભું મુકેલું હતું. તેની સામે આંગળી ચીંધી મેં કહ્યું, 'આવા ઘણાં ઝાડુ આપણે બનાવીએ.' આમ કહેતાં વાર જ કેટલાંક બાળકો એકી સાથે બધી સળીઓ જે હાથમાં ન સમાઇ રહે તેટલી બધી હતી તે ઉંચકીને તેનાથી વાળવા પ્રયત્ન કરતાં જણાયાં. કેટલાંક મોટાં બાળકોએ તેને બાંધવા, દોરી માગી, જ્યારે કેટલાંકે કેટલા જાડા બનાવવા, કેટલી સળીઓ લેવી તે વિષે પ્રશ્નો પૂછવા માંડયા. દરેક બાળકને મીણીઆ દોરાના કટકા કાપી કાપીને આપ્યા. પછી એક ઝાડુ મેં બાંધી બતાવ્યું. બાળકો તેમ કરવા લાગ્યાં. શરૂઆતમાં તો બાળકોને બાંધવામાં ઘણી મુશ્કેલીઓ નડી, તે હું જોઇ શકયો. દોરી બાંધવા જતાં સળીઓ વેરાઇ જાય. તેને ઠીક કરવા જતાં દોરીનો છેડા પડી જાય, પણ બાળકોમાં તો પેલા કરોળિયા જેટલો ધંત હતો, અને તેથી આખરે ઘણાં તેમાં સફળ થયાં કેટલાંકને મેં મદદ કરી. ઝાડુ બનાવવાથી જે આનંદ તેમના ચહેરા ઉપર તરવરતો હતો તે ઉપરથી સમજી શકાતું કે જાણે તેમને એક મહાન ઉદ્યોગ આજે હાથ લાગી ગયો હતો,

પણ આ કામ આટલેથી બસ ન થયું. તેના બીજા પણ કેટકેટલા અને કયા કયા ઉપયોગ થઇ શકે છે તે શોધવા બાળકો યત્ન કરવા લાગ્યાં. એક બાળક ઊઠયું અને મોઇની પેટી લઇ આવ્યું. બધી મોઇઓ કઢી નાખી. મોઇને બદલે બરાબર ગણી ગણીને લીમડાની સળીઓ ગોઠવી દીધી. બાળકની કલ્પનાશકિતથી હું મુગ્ધ થઇ ગયો, અને મને પણ બાળકો સમક્ષ નવી રમતો મૂકવાનું સુઝયું.

ઘણાં બાળકો ૧ થી ૧૦ સુધી ગણી શકતાં હતાં. તેમને ૧૦–૧૦ સળી ગણી જુદી જુદી મૂકવા સૂચવ્યુ. આથી બાળકોને પોતાની પાસે કેટકેટલી સળીઓ છે તેની સંખ્યાનો સુદર રીતે ખ્યાલ આપી શકાયો. વળી એક કરતાં બીજાનું કામ કેટલું વધારે કે કેટલું ઓછું છે તે પણ. તેમનું

ગણવાનું કામ પત્યા પછી, તેમની સામે પહેલી હારમાં જેની સૌથી વધારે હતી તે ગોઠવાવી. બીજી હારમાં તેથી ઓછી, ત્રીજીમાં તેથી ઓછી અને છેલ્લીમાં સૌથી ઓછી એમ વ્યવસ્થિત ગોઠવતાં બાળકોને સુંદર ખ્યાલ આવી શકયો. આ રીતે સળીઓની રમતથી ગણિતશિક્ષણનું કામ આટલી હદ સુધી અમો કરી શકયા.

આ જ રીતે એક દિવસ સળીઓ વીણી લાવ્યા પછી બહારના ચોગાનમાં મેં એક ઝૂંપડું બાંધવાની વાત બાળકો આગળ મૂકી. બાળકોએ આ વાત હર્ષભેર વધાવી લીધી. થોડા તુવરના સૂકા છોડનાં લાકડાંમાંથી અમોએ થાંભલા વગેરે મેળવી લીધું. બાળકોએ ખાડા ખોદયા અને માટી પૂરી. વાંસ બાંધવાના કામમાં બાળકોએ મદદ કરી. પછી ઝૂંપડાં ઉપરની છત માટે જે ઘાસ પાથરવામાં આવે છે તેને બદલે સળીઓ પાથરવાની વાત કરી; ત્યાં તો મારા બતાવ્યા પ્રમાણે વ્યવસ્થિત રીતે ઝૂંપડું છવાઇ ગયું. આ ઝૂંપડાનું છત રોજ રોજ અમો ઉપાડી લેતા અને બાળકો રોજ રોજ ફરીથી ગોઠવતાં.

આ સળીઓના કટકા કાગળ ઉપર ચોરસ, લંબ ચોરસ અને ત્રિકોણની આકૃતિઓ ઉપર ચિટકાવી સુંદર ડીઝાઇનો તૈયાર કરતાં. વળી લીમડાનાં બીજાં અંગો પાન (તેનાં ફૂલ સાથે) ફૂલદાની ગોઠવવામાં તથા તેની લીંબોળીઓ રંગોળીમાં વાપરવામાં બાળકોને ખૂબ મઝા આવતી. તેનાં પાનનો સ્વાદ, લીંબોળીઓનો સ્વાદ તથા લીલા, સૂકાં અને પાકેલાં પાન તથા લીંબોળીઓના રંગનો ખ્યાલ બાળકોને હવે બરાબર આવી ગયો હતો. ઉપરાંત નાનાં નાનાં બાળકો પણ ઝાડના ભાગ–મૂળ, થડ, ડાળ, ડાળી, પાંખડી, પાન, ડીંટુ, નસ, ઠળીઓ, ફળ, વગેરે શબ્દો મેળવી તેમના શબ્દકોષમાં ઠીક ઠીક વધારો કરી શકયાં હતાં, તથા પ્રત્યક્ષ અનુભવ મેળવી શકયાં હતાં. આ રીતે કંઇક અંશે વિજ્ઞાનની માહિતી પણ તેમને મળી શકી હતી.

આ લખવા પાછળ એ જ હેતુ સમાએલો છે કે બાળકને ખૂબ જ માનસિક ભૂખ હોય છે, અને તે વાતાવરણમાંથી સંતોષવા મથે છે શિક્ષકો જો જરાક દૃષ્ટિ કેળવે તો એક જ વસ્તુ જે હંમેશાં આપણી નજર સમક્ષ રહેલી હોય છે તેમાંથી કેટકેટલી વાનગીઓ પીરસી શકે છે, અને એ રીતે બાળકનો વિકાસ સાધવા ઉપરાંત બાળકોને પોતા તરફ વધુને વધુ આકર્ષી શકે છે. આ જાતની દૃષ્ટિ બાલ–શિક્ષક જેટલી વધારે કેળવે તેટલી ઓછી છે.

દેવદત્ત પટેલ

બાલશિક્ષણ નગર

ટૂંક અહેવાલ

(ગયા ઓકટોબરમાં મુંબઇમાં યોજાયેલ બાલશિક્ષણ નગરનો વિસ્તૃત અહેવાલ, તેની સમિતિ તરફથી જુદી પત્રિકા રૂપે પ્રગટ થનાર છે; એનો ટૂંક સાર શિ. પ. ના વાંચકો માટે અહીં રજૂ કરીએ છીએ. સં.)

અનેક શિક્ષકો, માબાપો, બાળકો અને સર્વ શિક્ષણરસિકોની પ્રશંસા પામેલ આ બાલશિક્ષણ નગરની યોજનાના મહાસ્વપ્નનું માન શ્રી તારાબેન મોડકને ઘટે છે. શિશુવિહાર મંડળની વ્યવસ્થાપક સમિતિ સમક્ષ એમણે આ સ્વપ્ન રજૂ કરતાં કહેલું કે આવું પ્રદર્શન ભરાય ત્યારે બાળકોને માટે જ એ મુખ્યત્વે હોય અને એમાં બાળકો, એનાં સાધનો અને સાહિત્યનો લાભ છૂટથી લઇ શકે તેવું થવું જોઇએ.

પછી તો નૂતન બાલશિક્ષણ સંઘના સભ્યોને આ વિચારની જાણ થતાં સૌને એમ લાગ્યું કે આવું પ્રદર્શન તો નૂ. બા. શિ. સંઘ અને શિશુવિહારના સંયુકત સહકારથી થવું જોઇએ. બેઉ સંસ્થાના સભ્યો મળ્યા અને બાલશિક્ષણની આવી પ્રવૃત્તિઓમાં રસ લેતા મુંબઇના નાગરિકોનું એક સભ્યમંડળ નીમાયું. સંચાલન અને કાર્યવાહી

સમિતિમાં નીચેના સભ્યો ચૂંટાયા.

શ્રી સરલાદેવી સારાભાઇ, ...પ્રમુખ
નૂ. બા. શિ. સંઘ
,, ગો. ર. પરાંજપે .....પ્રમુખ
શિ. વિ. મંડળ
શ્રી. તારાબેન મા. પ્રેમચંદ.....અધ્યક્ષ
શ્રી. માલિનીબાઇ પરાંજપે .....ઉપાધ્યક્ષ
,, જયશ્રીબેન રાયજી ..... ,,
,, ચંદુલાલ મો. ઝવેરી .....ખજાનચી
,, વા. ર. પટવર્ધન ..... ,,
,, તારાબેન મોડક ... } મંત્રીઓ
,, સરોજબેન પોધ ... }
,, બાબીબેન મૂળજી ... }
,, મનુતાઇ આગટે ... }

ઉપસમિતિઓનાં નિમંત્રકો

શ્રી. સરોજબેન પોધ .....સંગ્રહાલય
,, સુશીલાબાઇ જોશી .....આરોગ્ય
,, શેષ નામલે .....શિક્ષણ
,, સરલાતાઇ દેવધર .....રંજન
,, એમી રૂસ્તમજી .....વાચનાલય
,, લીલા ભાગવત .....બાબાપ-ખંડ
,, લીલાતાઇ રૈળે .....હાટ
,, બાબીબેન મૂળજી .....સ્વયંસેવકો
,, જયવંતી કાજી .....ઉપાહાર
,, મૃણાલિની મજુમદાર ..... ,,
,, જી. વી. દેવધર .....બાંધકામ

૧૯૪૮ ના માર્ચ અને જુલાઇમાં આ બધી સમિતિઓએ ઝડપભેર કામ શરૂ કર્યું. સહાયકો વધવા લાગ્યા અને એકાદ ઓફિસની જરૂર જણાવા લાગી. સ્વ. ગિજુભાઇના શિષ્ય અને ધલોરા ફર્નિશર્સના માલેક શ્રી. કાંતિભાઇ કારીઆએ પોતાને ત્યાં જગ્યા આપી અને કામનો વેગ વધ્યો. વિલ્સન કોલેજના સંચાલકોએ બા. શિ. નગરને માટે પોતાનું મકાન આપવાની ઉદારતા બતાવી અને સંપૂર્ણ સહકાર આપ્યો. નગરનું કામ આમ શરૂઆતથી જ સારો સત્કાર પામી રહ્યું.

પછી તો પ્રદર્શનની યોજવાની પરિચયપત્રિકાઓ પ્રગટ થઇ; અનેક બાળમંદિરોમાં આ વાત રજૂ કરવા ખાસ મિટિંગો થઇ; સપ્ટેમ્બરની 'શિક્ષણ-પત્રિકા'માં વિસ્તૃત માહિતી રજૂ થઇ, શ્રી તારાબેન પ્રેમચંદે તાજમહાલમાં મુંબઇના વર્તમાનપત્રોના પ્રતિનિધિની સભા આમંત્રી અને પ્રચાર આગળ વધ્યો; અનેક સ્થળે લેખો પણ પ્રગટ થયા. શ્રીમતી સરલાદેવી સારાભાઇ અમદાવાદથી અને શ્રી માલિનીબાઇ પરાંજપે પુનાથી આ કાર્યમાં સહાય આપવા આવી પહોંચ્યા.

દસમી ઓકટોબરે તો વિલ્સન કૉલેજના ખંડો ગુંજવા લાગ્યા. નીચે આનંદ બજાર, ઉપાહારગૃહ, ક્રીડાંગણ, ઘોડિયાઘર, બાબાપો માટેનો ખંડ, રંજનખંડ અને જાતજાતની બીજી દુકાનો ગોઠવાઇ ગઇ. પહેલે માળે બાળકોનો કળાખંડ, સંગ્રહાલય અને હસ્તકલામંદિર ગોઠવાયાં; બીજે માળે આરોગ્ય, પ્રવૃત્તિખંડો, વાચનાલય, ભાષા, વિજ્ઞાનગણિતનાં સાધનો રજૂ થયાં. વ્યાખ્યાનો માટે રંજનખંડમાં વ્યવસ્થા થઇ અને પ્રવૃત્તિમાં નવો ઉત્સાહ અને જોશ ઉમેરાયાં.

ઉદ્‌ઘાટન પ્રસંગે પંતપ્રધાન શ્રી બાળાસાહેબ ખેર અને ડો. મૅરિયા મોન્ટેસોરીએ સૌ શિક્ષકોને ખૂબ પ્રેરણા આપી. અનેક સંદેશાઓ વંચાયા, શ્રી તારાબેન પ્રેમચંદ, શ્રી સરલાદેવી સારાભાઇ, શ્રી. પરાંજપે, શ્રી તારાબેન મોડક અને શ્રી બાબીબેન મૂળજીએ પ્રસંગોચિત વિવેચનો કર્યાં અને સ્વર્ગસ્થ ગિજુભાઇનું પ્રથમ સચિત્ર પ્રકાશન 'બીકણ સસલી' શ્રી ખેરે પ્રગટ કર્યું.

આ પંદર દિવસો દરમ્યાન શિક્ષકો માટે એક સંસ્કાર વર્ગ રાખવામાં આવ્યો હતો; કેળવણીને માટે ડો. મેન્ડેસોરી અને બીજાઓનાં વ્યાખ્યાનો યોજાયાં હતાં; માબાપો માટે વાર્તાલાપ રહેતો; શિક્ષણવિષયક ફિલ્મો બતાવવામાં આવતી; બાળકોના પ્રવૃત્તિખંડોમાં શિક્ષક શિક્ષિકાઓ સહાય કરતા. માબાપો એ પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરી શકે એવી વ્યવસ્થા પણ રાખી હતી.

આ પ્રવૃત્તિખંડોનો, કુલ પાંચેક હજાર બાળકોએ સક્રિય ઉપયોગ કર્યો હતો; નિરીક્ષકો તરીકે લગભગ પચીસેક હજાર લોકો આવેલા. ડો. મોન્ટેસોરી

એનું નિરીક્ષણ કરતાં બોલેલા, 'બાળકો આટલી સ્વતંત્ર રીતે આ બધાં સાધનોનો યથેચ્છ ઉપયોગ કરી આટલી મોટી સંખ્યામાં લાભ લઇ શકે એવો આ પ્રયોગ કદાચ આખા જગતમાં, આટલા મોટા પાયા ઉપર આ પ્રહેલો જ લાગે છે.' એમને આ પ્રદર્શનથી ખૂબ જ આનંદ થયો હતો.

બાલવાચનાલય વિભાગનો લાભ બાળકોએ ખૂબ જ રસથી લીધો હતો. ગુજરાતી, મરાઠી, અંગ્રેજી વગેરે મળીને લગભગ ૧૬૦૦ પુસ્તકો મૂકવામાં આવ્યાં હતાં. ત્રણથી ૮ વર્ષનાં કુલ ૧૧૧૦ બાળકોએ આ ખંડનો આનંદ લીધો હતો.

શિક્ષકો માટેના સંસ્કારવર્ગમાં ધાર્યા કરતાં ઘણી મોટી સંખ્યા હાજર રહેલી. કુલ વીસ વ્યાખ્યાનો અપાયાં અને તેમાં લગભગ ૫૦ શિક્ષણકોરોએ હાજરી આપી હતી. શ્રી. તારાબેન મોડક, સરલાદેવી સારાભાઇ, નાનાભાઇ ભટ્ટ, મારીઓ મોન્ટેસોરી, કાશીનાથજી ત્રિવેદી અને હરભાઇ ત્રિવેદી મુખ્ય વકતાઓ હતા. વર્ગને છેલ્લે દિવસે બાલકન-જી બારી તરફથી શ્રીમતી મસાની અને શ્રી. પ્રભુભાઇ ઉપાધ્યાયે બધાનો સત્કાર કર્યો હતો.

ડો. મોન્ટેસોરીએ શૈક્ષણિક વ્યાખ્યાનમાળામાં છ ભાષણો આપી ઘર, શાળા, સમાજમાં બાળકને ક્રમ પ્રગતિવંત રાખી શકાય એનું માર્ગદર્શન કરાવ્યું હતું. આ માળામાં અન્ય પ્રવચનો પણ આપવામાં આવ્યાં હતાં.

અલ્પાહાર વિભાગે અને મનોરંજન વિભાગે પ્રેક્ષકોનું ખૂબ જ આકર્ષણ કર્યું હતું. એક બાજુ નાનાં બાળકો પોતે જ નાનો અલ્પાહાર વિભાગ ચલાવતાં અને એ દૃશ્ય અત્યંત રમ્ય હતું.

મનોરંજન માટે રોજ બેએક કલાકનો વિવિધ કાર્યક્રમ રહેતો. જુદાં જુદાં બાળમંદિરોનાં બાળકોએ એમાં રસથી ભાગ લીધો હતો. કોઇ વાર ફિલ્મ બતાવવામાં આવતી તો કોઇ વાર શિક્ષકો પણ કાર્યક્રમ આપતા અનેક બાળકો અને સંસ્થાઓ આ રીતે પરસ્પરના પરિચયમાં આવી શકયાં હતા એ એને મોટો લાભ હતો.

કલા વિભાગ અને વસ્તુ સંગ્રહાલય તૈયાર કરવામાં શ્રી સરોજબેન ચોધ, પ્રભાત સેન, શ્રી ડોંગરકરી, શ્રી ચાંદભાઇ વગેરેની મહેનત અજબ હતી. અનેક દૃષ્ટિએ અભ્યાસ અને રસને પોષક એવી અસંખ્ય વસ્તુઓ રજૂ કરી એમણે ઘણાંને આકર્ષ્યા હતા.

વિભાગીય કાર્યકરોએ, સમિતિસભ્યોએ, મંત્રીમંડળે, સ્વયંસેવકોએ આ પ્રદર્શન અંગે જે જહેમત ઊઠાવી હતી એ ખરેખર અભિનંદનીય છે. પ્રદર્શનની સફળતા એ સૌને આભારી છે. આ સ્થળે અમે તેમનો ઉપકાર માનીએ છીએ.

આખા પ્રદર્શન પાછળની પ્રેરણા મોન્ટેસોરી પધ્ધતિના વિધાયક ડો. મોન્ટેસરી હતા. એમની હાજરીએ મુંબઇમાં ખૂબ જ જીવન રેડયું હતું. બાળકોને દેવો તરીકે દેખાડનાર એ ડો. મોન્ટેસોરીને, પ્રદર્શનના છેલ્લા દિવસે મુંબઇ યુનિ૦ ના પદવીદાનખંડમાં મુંબઇની જુદી જુદી ૫૬ શિક્ષણ સંસ્થાઓ તરફથી સંયુકત માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. મોન્ટેસરી આ ભાવનીતરતા પ્રસંગથી ખૂબ જ આનંદ પામ્યા હતા અને હિંદ માટેની તેમની ઊંડી લાગણો અને આશા વ્યકત કર્યાં હતાં.

આ પ્રદર્શન અંગે જમા બાજુમાં ટિકિટ વેચાણના રૂ૧૭૧૫, મોન્ટેસોરી વ્યાખ્યાનમાળા કાયમી ટિકિટોના ૭૦૦૦; સંસ્કાર વર્ગમાંથી ૨૦૦૦, દૈનિક ટિકિટોમાંથી ૭૦૦૦: અલ્પાહાર વિભાગમાંથી ૨૦૦૦ તથા બીજી પરચુરણ આવક ગણતાં કુલ રૂા. ૫૫૩૯૨ મળ્યા હતા. જેમાંથી, મંડપ, શણગાર, વસ્તુખરીદ, છપાઇ, જાહેરાત, સ્વયંસેવકનો ભોજનખર્ચ, ઓફિસ ખર્ચ, પ્રવાસ ખર્ચ, ડો. મોન્ટેસોરી માટેનો ખર્ચ વગેરે પેટે રૂા. ૩૦૦૦૦ જેટલો ખર્ચ જતાં બાકીની રકમ નૂતન બાલશિક્ષણ સંઘ અને શિશુ વિહાર મંડળને સરખે ભાગે ભેટ મળી છે.

પ્રદર્શનને પરિણામે જે બાલશિક્ષણરસ જાગ્યો છે તે અખંડ રહે એવું ઇચ્છીએ છીએ.

મંત્રીઓ,
બા. શિ. ન.

બાલવિભાગ

મેહુલિયાજી

આજ મારું દિલડું નાચ રે,
મારું મનડું નાચે રે;
મેહુલિયાજી!—મારું.

તારાં વાદળાંની રમત,
તારી વીજળીની ચમક,
તારા ગડગડાટે રે—મારું.

આજ ટહૂકે મોર ઢેલ,
કરે છમા છમ્મ ગેલ,
એના થનગનાટે રે—મારું.

આજ ગાય પંખી ગાન,
મારા મનને આવે તાન,
એવા તનમનાટે રે—મારું.

કરતી વર્ષા નાચ આજ,
પહેરી જલબિન્દુનો સાજ,
એના રણુરણાટે રે—મારું.

ધો ધો ધો ધો પાણી ધાય,
હૃદય શિશુ કૂદતાં કૂદતાં,
એવા ખળભળાટે રે—મારું.

સ્વરાજ આશ્રમ વેડછી. કૃષ્ણલાલ લ. પારેખ.

વાદળીની વાત

આકાશે સૂરજ ઢંકાયો
અંધારાં વાદળાં ઉભરાયાં
પવનરાજે સરદારી લીધી
વાદળ સેનાએ વધાવી લીધી.
ગડગડતી નોબત વાગી
વીજળીના ચમકારા ચાલ્યા.
મીઠો ટહૂકાર કર્યો
આળકોએ મળી સાદ દીધોઃ
'આવ મેહૂલિયા, આવ!'
મેહૂલો ઊતરી આવ્યો.
જળબંબોળ! જળબંબોળ.
છોકરાંઓ છબછબિયે નીકળ્યા
સૌએ પૂછવા માંડયું:
'હેં વાદળી! તું આ પાણી
ક્યાંથી ચોરી લાવી?
તારી વાત તો કહે.'

ટપકતી વાદળી થંભી ગઈ.
કહેઃ
"નદી, સરોવર અને સાગર,
ઝરા, ઝરણાં ને વાવ,
કૂવા, તળાવ અને ઝાડ-ઝાડી,
ત્યાં થઈને હું આવું છું.
પાણી ચોરી ચોરીને
વાદળાંઓમાં હું ઠાલવું છું.
લઉં છું તેને પાછું દઉં છું.
હું આવું છું ને વરસું છું.
નાનાં નાનાં બાળ નહાય છે.
મોટાં મોટાં ઝાડ નહાય છે.
મેદાન ને ખેતર નહાય છે.
પર્વત અને ટેકરીઓ નહાય છે.
નોનાં ને મોટાં નહાય છે.
નદી ને નાળાં નહાય છે.
સરોવર ને સાગર નહાય છે.
આ મારી રમ્મત;
થાય તમને ગમ્મત.

સૂર્યા દાણી

શું હું તોફાની ?

રસુ નિશાળે જતી હતી,
દમુ એની સાથે હતી
રસ્તામાં વરસાદ પડ્યો.
દમુ ભીંજાઈ ગઇ.
કેળાંની છાલ આવી ને
એ ગબડી પડી.
કપડાં બરડાયાં અને
દમુ રડવા લાગી.
"શાળામાં બહેન વઢશે તો!"
એ બોલવા લાગી.
રસુ એને સમજાવવા લાગી.
ઊભાં રહીને કપડાં સાફ કરી દીધાં.
મીઠી મશ્કરી કરીને હસાવી.
શાળાએ પહોંચ્યા ત્યાં તો
ઘંટ વાગી ગયો હતો.
સૌ વર્ગમાં હતાં.
રસુ મોડી પહોંચી.
બહેનને પૂછે છે :
"બહેન, અંદર આવું ?"
જોયા, પૂછ્યા, જાણ્યા વગર
બહેન તાડૂક્યાં :
"ક્યાં રોકાઇ ગઇ હતી ?
તોફાની !"

× ×

રવિવારની રજા હતી.
સુરેશ અને પરેશ
મેદાનમાં રમતાં હતાં.
સુરેશ હીંચકે ચડ્યો હતો.
હાથ સર્યો અને સુરેશ
નીચે ધબકાયો.
પરેશ દોડી આવ્યો.
રસ્તાના લોકો આવ્યા.
જુએ છે તો માથામાંથી
લોહીની ધાર વહે છે.
પગ પણ મોચવાયેલો.
ઉપાડીને સૌ એને લઇ ગયા.
સામે જ દાક્તર હતા.
પાટા પીંડી કરી અને
ઘેર મૂકી આવ્યા.
પરેશ સાથે જ હતો.
માંડીને બધી વાત કરી.
સુરેશના મા અને બાપે
પરેશનો આભાર માન્યો.
પણ ઘેર પહોંચતાં
પરેશને મોડું થયું.
બાપ કહે " કેમ અલ્યા!
તોફાની!
અડધી રાત સુધી
ક્યાં રખડતો હતો ?"

☆

રસુએ દમુને મદદ કરી
અને શાળાએ મોડી પહોંચી;
પરેશે સુરેશને મદદ કરી
અને ઘેર મોડો પહોંચ્યો.
રસુ અને પરેશ
તમને પૂછેછે કે
"શું હું....તોફાની ?"

જયુભાઈ દાણી

બાપુની પ્રસાદી

નાનાં બાળકો એટલે આનંદ; છોટાં ભૂલકાંઓ એટલે જગતની આશા, બાળકો એટલે નિર્મળતા; બાળકો એટલે ઉત્સાહ; મુકત પુરુષ પાસે એક પ્રકારની બાળકની વૃત્તિ હોય છે. મહાત્માજી બાળકો જેવાં નિષ્પાપ હતાં એટલે જ તેમની વાતને બાળકની વાત કહીને જ હું આરંભ કરનાર છું.

મહાત્માજીને બાળકો બહુ ગમતાં. બધા ધર્માત્મા જુઓ. બાળકો પર તેમનો બહુ પ્રેમ હોય. મહંમદ પયગંબરને રસ્તામાં બાળકો મળે તો તે તેમને બાનુએ લઈ જઇ કહે, વાર્તા કહો. ઇશુખ્રિસ્ત પણ બાળકોના મોટા પ્રેમી; અને આપણા ભગવાન ગોપાળકૃષ્ણ તે પણ ગોપાળબાળો સંગાથ રમનારા. મહાત્માજીનેય બાળકો માટે અત્યંત પ્રેમ. ફરવા જતાં તે બાળકોને સાથે લેવાનાં. જુહુના સમુદ્રતીર પર બાળકની લાકડી પકડી મહાત્માજી હસતાં જાય છે એવું ચિત્ર તમે જોયું જ હશે. પરંતુ હું જે વાત કહેવાનો છું તે સાબરમતી આશ્રમની છે.

નિયમ પ્રમાણે આશ્રમમાંથી બાપુજી ફરવા નિકળ્યા. આશ્રમનાં બાળકોય નીકળ્યાં. હસતા ખેલતાં ફરવું શરૂ થયું. ફરતી વેળા મહાત્માજીના પ્રશ્ન-ઉત્તર ચાલુ જ હોય.

"બાપુ, તમને એક પૂછું"? એક બાળકે પ્રશ્ન કર્યો.

"હા, બેટા."

"અહિંસા એટલે બીજાને દુઃખ ન આપવું એ જ અર્થને?"

"બરોબર."

"ત્યારે તમે હસતાં હસતાં અમને ગાલે ચુંબન લો છો, એ હિંસા કે અહિંસા?"

"અરે લુચ્ચાઓ" એમ કહેતાં મોટેથી હસી બાપુએ તેને ગાલે જોરથી ચુંબન કર્યું. તાળીઓ વગાડી "બાપુ ચીડાયા, બાપુ ચીડાયા" એમ કહી બાળકો હસવા લાગ્યાં, મહા પુરુષ પોતે પણ તે હાસ્યરસમાં રંગાઇ ગયા.

મહાત્માજી નિર્ભય હતા. પ્રચંડ હિંસા સામે તેમણે આત્મબળથી માથું ઊંચકયું. મરણ તો તેમને કયારેય ડરાવી શકતું નહીં. તેમના જેટલી નિર્ભયતા, બીજા કોનામાં હોય? મૃત્યુ એ તેમનો સન્મિત્ર જ હતો.

પરંતુ મહાત્માજી પોતાની તબિયતની અત્યંત કાળજી લેતા. શરીરનું દુબળાપણું એટલે પાપ એવું તે માનતા. "આ દેહ પર સમાજની માલિકી છે; સમાજની તે અમૂલ્ય ચીજ છે. એનો દુરુપયોગ કરવાનો મને હક્ક નથી." એવી તેમની ભાવના હતી.

એક વેળા બાપુજી ફરવા નીકળ્યા. માર્ગમાં તેમને ઠેસ લાગી. તેમના અંગુઠામાંથી લોહી વહેવા લાગ્યું. બાજુમાં કસ્તુરબા હતા જ.

"બા! જલદી તેલપટ્ટી લાવ. મારા અંગુઠાને બાંધ". બાપુજી બોલ્યા.

બા વિનોદ કરતાં બોલ્યા, "મરણની બીક અને દુઃખ તમને નથી એમ તમે કહો છો ને! પછી જરા ઠેસ લાગી, કયાંક થોડું લોહી નીકળ્યું, તેમાં એટલું ગભરાવાનું શું કારણ?"

બાપુજી ગંભીરપણે બોલ્યા, "બા, આ શરીરની માલિકી જનતાની છે. મારા ગાફેલપણાથી ને અંગુઠામાં પાણી પડે ને તે વધારે બગડે તો મને ૭/૮ દિવસ કામ કરવું કઠણ થઈ પડશે. એ કારણે લોકોનું કેટલું નુકશાન થશે? જો દવા ન કરું તો લોકોએ મારા પર મૂકેલા વિશ્વાસનો મેં ઘાત કર્યો કહેવાશે."

બા શરમાયા. તેમણે તાબડતોબ મલમપટ્ટી આણી બાપુના અંગુઠાને બાંધી.

રાષ્ટ્રના હિતની કેટલી કાળજી હતી બાપુને!

(મરાઠી પરથી) બાબાભાઈ ઢેઢી

(૨ જા કવરપેજથી ચાલુ)

કરીએ છીએ. એમની વિજ્ઞપ્તિ ટૂંક સમયમાં પૂરી થાએ એમ ઇચ્છીએ છીએ. સંઘના સર્વ સભ્યો વતી અમે એમને સફળ સફર વાંછીએ છીએ.

*

પૂર્વ આફ્રિકામાં ગિજુભાઈ–શતાબ્દી

તા. ૨૩ મી સ્વ. ગિજુભાઇની પુણ્યતિથિ હોઈ પૂર્વ આફ્રિકાના કેનિયા, જંગબાર, ટાંગાનિકા અને યુગાંડા એમ બધા જ પ્રાંતોના મુખ્ય શહેરોમાં વિવિધ કાર્યક્રમ યોજ્યો હતો અને સંઘના કાર્યને વધુ લોકપ્રિય કરવા પ્રયાસ થયો હતો. આ બધા કાર્યક્રમોમાં શિક્ષકો, માબાપો અને આમ જનતાએ ઊંડો રસ લીધો હતો. કોઈ સ્થળે વ્યાખ્યાન થયાં તો કોઇ સ્થળે ગીતો, નાટક વગેરેનો રંજન કાર્યક્રમ થયો. માબાપોની સભાઓ ભરાઇ. ગિજુભાઇનાં સૂત્રોવાળાં હસ્તપત્રો વહેચવામાં આવ્યાં. સુંદર પ્રદર્શનો ભરાયાં અને પૂ. આ. નૂ. બા. શિ. સંઘ તરફથી 'બાળકોનું હકનામું' છપાવીને નર્સરી સ્કૂલોનાં તમામ બાળકોને વહેંચવામાં આવ્યું.

*

ગ્રામ બાલ–અધ્યાપન મંદિર
વાર્ષિક પરીક્ષા

જુન ૧૯૪૯ માં બાલ–અધ્યાપન મંદિર, ઓડીમાં 'બાલઘર' તથા 'બાલ ક્રીડાંગણ'માં મળીને કુલ ૨૮ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા. એમાંથી ૧૯ વિદ્યાર્થીઓ 'બાલઘર'માં અને ૬ વિદ્યાર્થી 'બાલક્રીડાંગણ'માં પાસ થયા છે. ૨ વિદ્યાર્થીઓ બાલક્રીડાંગણના એક વિભાગ (પ્રાત્યક્ષિક)માં પાસ થયા છે. ગુણાંકના અનુક્રમમાં નામો નીચે મુજબ છે.

*

બાલઘર પરીક્ષા

૧) કેસર સારડા ૨) શેષમલજી ચોરડિયા ૩) માલતીબેન શાહ ૪) મનોરમા સોવની ૫) કેસરબેન ડોડિયા ૬) રામીબેન પટેલ ૭) ચંદ્રકાન્તાબેન વ્યાસ ૮) શાન્તાબેન કાબરા ૯) હીરાબેન શુકલ ૧૦) રતિલાલ પુરોહિત ૧૧) સરયુબેન ઝવેરી ૧૨) સવિતાબેન જે. શાહ ૧૩) પાર્વતી બહેન ગૌર ૧૪) ઇન્દુમતી રાવળ ૧૫) પદ્માબેન સાદી ૧૬) જયશંકર દવે ૧૭) જયાબેન પંડ્યા ૧૮) શંકરભાઈ પુરાણી, ૧૯) લલિતાબેન શુકલ.

*

ક્રીડાંગણ પરીક્ષા

૧) શારદાબાબા લક્ષ્મણદાસ ૨) વીણાબેન ભટ્ટ ૩) રાધાબાઇ ભાટે ૪) લીલાબેન પંડિત ૫) કાન્તાબેન શાહ ૬) રમાબેન ત્રિવેદી શ્રી. કમળાબેન દેશાઇ તથા રેવાબેન પુરોહિત બાલક્રીડાંગણના એક વિભાગ (પ્રાત્યક્ષિક)માં પાસ છે.

તારાબેન મોડક;
સંચાલિકા, ગ્રામ બાલશિક્ષા કેંદ્ર, ઓડી.

બાલમંદિરો માટે સાધનો

બાલમંદિરો માટે સાધનો ખરીદતાં પહેલાં અમારું સૂચિપત્ર મંગાવો.
દરેક સાધન શાસ્ત્રીય પધ્ધતિથી નિષ્ણાતોની નજર તળે બનાવવામાં આવે છે.
સૂચિપત્રમાં જણાવેલા ભાવ ઉપર ખાસ બાલ મંદિરોને ૬⅓ ટકા કમિશન આપવામાં આવે છે.
લખો–મંગાવો.
નૂતન શિક્ષણ—સાધનાલય, એન્ડ આર્ટ વર્કસ લી.
સુરેન્દ્રનગર–સૌરાષ્ટ્ર

જલ્દી જણાવો

સ્વર્ગસ્થ ગિજુભાઇ અને શ્રી તારાબેન મોડકનાં અભ્યાસપૂર્ણ લેખોથી ભરપૂર 'શિક્ષણપત્રિકા'ના પાછલાં વર્ષોના અંકો બંધાઇને તૈયાર થાય છે. વધુ માહિતી માટે લખો–વ્યવસ્થાપક, શિક્ષણપત્રિકા

Regd. NO. 2241

નૂતન કેળવણીના સિદ્ધાંતોને અનુસરતી શાળાઓને ઉપયોગી એવું શિક્ષણસાહિત્ય. બોલ મંદિર અને નર્સરી સ્કુલનું પ્રબોધક સાહિત્ય, જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિઓ માટેનાં સાધનો, નકશા બ્રશ ચિત્રપટનો લીસ્ટ માટે લખો અથવા આ બધું નજર સમક્ષ જોતા અવશ્ય મુલાકાત લ્યો.

જોય'દ તલકશી એન્ડ સન્સ,

૧૪૬, હોર્નબી રોડ, મુંબઈ ૧.

ટે. નં. ૨૦૪૪૩ ટેલીગ્રામ: Deshikothi

ક્યાંથી ખરીદી કરશો?

મુંબઇના

પ્રથમ અપ-ટુ-ધ-મિનિટ સ્ટોરમાં

સગવડ સાથે ખાત્રી પૂર્વક

ખરીદી કરવા પધારો

સુતરાઉ, ગરમ તથા રેશમી કાપડ ફરનીશીંગ તથા હાઉસહોલ્ડ લિનન બનારસી સિલ્ક સાડીઓ, જુદા જુદા ડિલજીત રંગોમાં - બ્લાઉઝ પીસીઝ, લેધર ગુડ્ઝ

ભેટ આપવા લાયક નોવેલ્ટીઝ

ઊંચી ક્વૉલિટીનો માલ

વાજબી ભાવથી મળશે.

બૉમ્બે સ્વદેશી કોઓપરેટીવ સ્ટોર્સ, લિમિટેડ.

સર ફિરોઝશાહ મહેતા રોડ, ફોર્ટ મુંબઈ.

: શાખાઓ :

મહાત્મા ગાંધી રોડ, પૂના — જેમ્સ સ્ટ્રીટ, સિકન્દરાબાદ

આગ અકસ્માત જિંદગી

મોટર ફાયર વર્કમેન્સ કોમ્પેન્સેશન

સર્વ પ્રકારનું વીમાકામ

સરળ શરતોથી થાય છે.

લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને

સંતોષકારક મહેનતાણું:

એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય મંગાવો.

ધી ઇન્ડીઅન ગ્લોબ ઇન્સ્યુરન્સ કં. લી.

—:હેડ ઑફિસ:—

૩૧૫-૩૨૧ પ્રોસ્પેક્ટ ચેમ્બર્સ, હૉર્નબી રોડ, મુંબઈ.

શિક્ષણ પત્રિકાના કાર્યાલયમાં નીચેનાં પ્રકાશનો મળી શકશે.

૬ વર્ષ સુધીનાં બાળકો માટે

બીકણ સસલી-ચિત્ર વાર્તા. કિં. રુ. ૧-૮-૦

બાલશિક્ષણ વિધાતા સ્વ. શ્રી. ગિજુભાઇના મૂળ તાલબદ્ધ લખાણો સાથે (ત્રણ રંગમાં છપાએલી.)

ગણિત કાપલીઓનો ઘરગથુ સેટ કિ. રુ. ૧

એમાં આર્ટ પેપરવાળા, રંગવાળા બાદબાકી અને ગુણાકારના ચાર્ટસ તથા ૨૦૦ કાપલીઓ આવે છે.

ગણિત કાપલીઓનો બાળમંદિર સેટ કિ. રુ. ૩૦

એમાં રંગવાળા, બાદબાકી અને ગુણાકારના પૂઠાપર ચોંટાડેલા ચાર્ટસ તથા ૯૪૦૦ કાપલીઓનો સમાવેશ કર્યો છે.

એકાંકી ગણિતની કરંડીની રમતોની કાપલીઓ કિ. રુ. ૧

રંગવાળા બાદબાકી અને ગુણાકારના છુટ્ટા ચાર્ટસ કિ. રુ. ૨-૦-૦

મૂળાક્ષર પરિચય-ઘરગથુ સેટ, કિ. રુ. ૧-૮-૦

એમાં મૂળાક્ષરોના દસ તકતાઓ તથા એક મૂળાક્ષર પોથીનો (ત્રિરંગી) સમાવેશ થાય છે.

મૂળાક્ષર પરિચય બાળમંદિર સેટ. કિ. રુ. ૩-૦-૦

એમાં તકતાઓ માટે જાડું પૂઠું વાપર્યું છે.

અક્ષરસ્નાન પોથી છૂટક. કિં રુ. ૦-૮-૦

મૂળાક્ષર તકતાઓ-છૂટક જાડું પૂઠું ૨-૮-૦ અને પાતળું પૂઠું ૧-૮-૦

વી. પી. નું ખરચ જુદું ગણાશે.

લખો. મંત્રી નૂતન બાળશિક્ષણ સંઘ શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ, ૬.

પ્રકાશક:—ફ્રા બાબીઓન મૂળજી, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ. ૬

મુદ્રણસ્થળ—રા. પુ. આર્ય પ્રકાશ પ્રેસ, કાકડવાડી, મુંબઇ ૪.

ગિજુભાઈ બાલશિક્ષણ સંઘદ્વારા પ્રકાશિત

શિક્ષક

વર્ષ ૨૪ : : ઓગસ્ટ ૧૯૪૯ : : અંક ૮ મો

ચારિત્ર્ય

આદર્શ સ્થિતિમાં બધી કેળવણી તો માબાપની નીચે જ હોય—આદર્શ સ્થિતિમાં બાહ્ય મદદ તો ઓછામાં ઓછી હોવી જોઈએ.

મેં હૃદયની કેળવણીને એટલે કે ચારિત્રની બીજવણીને પ્રથમ પદ આપ્યું છે. ગમે તેવી જાતનાં વાતાવરણોમાં ઉછરેલાં બાળકો અને બાળાઓને ઓછા-વત્તા પ્રમાણમાં આ આપી શકાય, એમ વિચારી હું રાત અને દિવસ એમની સાથે પિતારૂપે રહેતો રહેતો હતો.

ચારિત્રને મેં તેમની કેળવણીના પાયારૂપ માનેલ છે. પાયો પાકો થાય તો બીજું બાળકો અવકાશ મળ્યે મદદ લઈને કે આપબળે મેળવી લેશે.

ગાંધીજી

: આદ્યતંત્રી :

સ્વ. ગિજુભાઈ બધેકા

: સંપાદક : તારાબેન મોડક

: સહસંપાદક : જયંતિભાઈ દાણી

અનુક્રમણિકા

મુખ્ય વિભાગ

૧. મારો આનંદ ... ... તારાબેન મોડક
૨. એક માતાની નોંધ ... ... ની. મ.
૩. પહેલાં અને પછી ... વિમલા પંડ્યા
૪. જન્મદાતાની જવાબદારી ... મ. બીલીમોરિયા
૫. સમાજ અને શિક્ષક ... વિનોદ રાવળ
૬. એમાં-શું ? ... ... બાલસુકુંદ ભટ્ટ
૭. બાળકને પ્રિય નથી ... ઈશ્વરાચાર્ય

બાલ વિભાગ

મોટાં થાશું ને જગ ... ... પૂનમચંદ શાહ
એ ડૂત ! તુજને ... ... શિશુકુમાર
બાલમંદિરમાં ... ... મૂળદેવ પંડ્યા
નાની ચંદૂક ... ... શાંતિભાઇ પંડ્યા
સિંહ ... ... નિર્મળા શાહ
સત્યવાદી સુરેશ ... ... જસભાઇ પટેલ
સ્વરાજ્ય–માસ ઓગસ્ટ ... જમુભાઇ દાણી

—સંપાદકની નોંધ—

ઝોળી ભરનાર ભાઇબહેનોનો

શ્રી તારાબેન આભાર માને છેઃ-

'તમે મોકલેલી રકમ મને પહોંચી છે. ટીપે ટીપે સરોવર ભરાય એ રીતે મારી ઝોળી છલકાઇ ગઇ છે. આ વેળા તો હું યુરોપનો જ પ્રવાસ કરી પાછી આવું છું, એટલે મળી છે તે રકમ મને પૂરતી થશે. આપની ભેટ પાછળ પ્રેમ, સદિચ્છા અને શુભેચ્છા છે તેથી મારું હૃદય ભાવભીનું થાય છે. મારે મન કોઇ રકમ નાની કે મોટી નથી. એની પાછળના ભાવની જ ખરી કિંમત છે. પ્રવાસમાંથી હું વધારેમાં વધારે મેળવવા પ્રયાસ કરીશ અને તેનો ઉપયોગ શિક્ષણની અહની સેવામાં કરીશ.' તા.

શ્રી તારાબેન પરદેશમાં

આ પત્રિકા વાંચકોના હાથમાં આવશે ત્યારે તો શ્રી. તારાબેન યુરોપમાં ફરી રહ્યાં હશે. પંદરમી ઓગસ્ટના શુભ અને મંગળ દિને તેઓ વિમાનીપાંખે ચઢીને ઊડ્યાં. સ્વરાજ્યનાં આપણાં સ્વપ્નાં આ પુણ્યદિને આવ્યાં પડ્યાં તેમ તારાબેનનાં શિક્ષણ-પ્રવાસનાં અનેક સ્વપ્નાંઓ સર્વ રીતે સફળતાથી પાર પડો એમ સૌ બાલપ્રેમીઓ તરફથી આપણે એમને ઇચ્છીએ છીએ. હિંદની વિશિષ્ટ શિક્ષણદૃષ્ટિ એમની પ્રવાસપર્યાત્રમાં શ્રી. તારાબેન અનેકને દાખવવા ભાગ્યશાળી થશે.

રોમ, નેપલ્સ વગેરે સ્થળો જોઇ તેઓ ૨૧મીએ સેન્ટ રેમોમાં પહોંચશે. તા. ૨૨મીથી:૨૯મી સુધી મોન્ટેસોરી પરિષદ–સપ્તાહ ચાલશે. મહત્વનાં સર્વ સ્થળોની મુલાકાત માટે યોગ્ય વ્યવસ્થા થઇ રહી છે. પરિષદ પૂરી થયા બાદ શિક્ષણનું અનેકવિધ કાર્ય જોવા માટે ફ્રાન્સ, સ્વિટઝરલેન્ડ, ઇંગ્લાંડ, આયર્લેન્ડ, સ્કોટલેન્ડ, નોર્વે, સ્વીડન, ડેન્માર્ક, હોલેન્ડ, બેલ્જિયમ, જર્મની અને પેલેસ્ટાઇન–એટલા દેશોની મુલાકાત લેવાની એમની મનીષા છે સોવિયેટ રશિયાની શિક્ષણ સંસ્થાઓ પણ જોઇ લેવાની ધારણા છે; પણ એ તો અનિશ્ચિત...લાંબો પ્રવાસ પૂરો કરી નવેમ્બરના અધવચ્ચમાં તેઓ હિંદ પાછા ફરશે.

બાલકેળવણી-સંમેલન

સમસ્ત ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રના ચુનંદા બાલકેળવણી કાર્યકરો એકત્રિત થઇ અભિપ્રાયોની આપ લે કરે અને પરસ્પરનો સંબંધ તાજો કરે એવા હેતુથી એક સંમેલન જન્માષ્ટમીના તહેવારોમાં વઢવાણ મુકામે યોજવામાં આવ્યું હતું. બાળકેળવણીમાં કાર્ય કરતા ઘણા ભાઇબહેનોએ ત્યાં હાજરી આપી હતી. બાલસાહિત્ય

(જુઓ–પૂઠું નં. ૩)

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૪ : અંક ૮] મુંબઈ [ઓગસ્ટ, ૧૯૪૯

મારો આનંદ

ગયો આખો માસ મારા જીવનમાં એક અત્યંત આનંદદાયક કાળ હતો. તપ્ત થએલી સૂકી જમીન, નભમાંથી થએલી પહેલી જલવૃષ્ટિથી ભીની થાય છે. ઠંડી થાય છે, તરસી હતી તે તૃપ્ત થાય છે. મારા ઉપર ગયા મહિનામાં એવી જ પ્રેમવૃષ્ટિ મારા મિત્રો તરફથી થઇ છે. મેં મારા મિત્રોને વિનતિ કરી; વિદ્યાર્થીઓને વિનતિ કરી; તેમની આગળ મેં મારી ઝોળી ધરી. તેઓએ અંતરની ઊર્મિથી મારા ઉપર જાણે ગુલાબનો વરસાદ વરસાવ્યો; કોઇએ કાગળો લખ્યા; કોઇએ મની-ઓર્ડરની કૂપનો ઉપર એક એક બબ્બે લીટીઓ લખી; કોઇએ પ્રત્યક્ષ મળીને શબ્દોમાં ભાવ વ્યકત કર્યો; તો કેટલાંએકે ચહેરાપરના ભાવ અને ભાવ-ભીની આંખથી જ પોતાને કહેવું હતું તે કહ્યું. આમ દર્શાવેલી શુભેચ્છાઓ અને પ્રેમથી મારું હૃદય ભરાઇ આવે છે. હીરામાણેકનો કે ચાંદીસોનાનો વરસાદ વરસ્યો હોત તો તે માથા પર ધડાધડ વાગત. આ તો પ્રેમનો વર્ષાવ; તેથી જ રૂપિયા, આના, પાઇમાં એની કદી પણ કિંમત કરી શકાય નહીં, એવો એ છે. આથી હું પણ મારા મિત્રોનો આભાર નથી માનતી, પણ માત્ર મારા આનંદની ઊર્મિઓ વ્યકત કરી વિરમું છું.

મને કોન્ફરન્સનું આમંત્રણ જુનની ૨૦ મીના અરસામાં મળ્યું.. તે સ્વીકારવાની મને ઇચ્છા થઇ: મારા વિજ્ઞપ્તિપત્રમાં લખ્યા પ્રમાણે જગતના અનેક સ્થાનેથી આ ક્ષેત્રમાં કામ કરનારાઓ ત્યાં એકત્ર થશે; તેમનો પરિચય સાધવો, બાલશિક્ષણ સંબંધે તેમની સાથે ચર્ચા કરવી, અને તેમના દેશમાં શું ચાલે છે તે જાણવું, મને બહુ જ મહ-ત્વનું લાગ્યું. બીજા દેશોમાં માનવજીવનના પ્રશ્નોનો ઉકેલ કઇ રીતે કરવામાં આવે છે તે જાતે જોઇને અભ્યાસવાની ઉત્કંઠા તો મને ઘણા દિવસોથી હતી જ.

પ્રશ્ન હતો–આર્થિક વ્યવસ્થા કેમ થશે? આટલા થોડા દિવસમાં ખર્ચ પૂરતી રકમ કેમ કરતાં ભેગી થશે?

શું સરકાર તરફ નજર નાખવી? ધનિક મિત્રો પાસે માગણી કરવી? જે જે સંસ્થાઓમાં મેં આટલાં વર્ષો કામ કર્યું તેમને કહેવું કે મને મોકલો જ? કે મારી પાસે જે કંઈ થોડું ઘણું છે તે વાપરી નાખવું?

મને આમાંનો એક પણ રસ્તો ગમ્યો નહીં. સરકાર પાસેથી વધારેમાં વધારે જેટલા પૈસા મેળવી શકાય તેટલા તો હું નૂ. બા. શિ. સંઘના કાર્યને માટે માગવાનું પસંદ કરું. ધનિક મિત્રો પાસે પણ કાર્યને માટે જ દાન માગું. સંસ્થાઓને કહેવા જતાં પહેલાં તો તેમને મારો વિચાર પસંદ આવવો જોઇએ. મારું કોન્ફરન્સમાં જવું બધાને જ પસંદ પડશે એમ પણ કેમ કહેવાય! ને બીજું, બંધારણીય રીતે કામ શરૂ થતાં જ કેટલો ય વખત જાય. મારી પોતાની સિલક વાપરી નાખું તો મારી માંદી દીકરી માટે ભાવિ વ્યવસ્થાનું શું? આ પ્રમાણે મને ઉપરમાંનો એકેય વિચાર રુચ્યો નહિ. આખરે કેટલાકે મારી પાસે વિચાર મૂકયો કે તેઓ મિત્ર તરીકે જાહેર વિનતિ કરીને રકમ ભેગી કરે. તે પરથી મને સૂઝયું કે મારા મિત્રો અને વિદ્યા-થીઓ પાસે હું પોતે જ કેમ ન માગું? સ્વેચ્છાથી, અંતરના ખરા ભાવથી, જેમને જે આપવાનું મન થાય તે તેઓ ખરા પ્રેમથી આપે અને તે સ્વીકા-રવામાં મને ખૂબ આનંદ થશે. આજકાલ જે રીતે

નિધિ ભેગા કરવામાં આવે છે અને જે વૃત્તિથી આંકડાઓ ભરવામાં આવે છે તે રીતે મારા માટે નાણાં ભેગાં થાય એ તો મને અસહ્ય લાગે; સમાજ-કાર્ય માટે પણ એવી રીતે ફંડ થાય છે ત્યારે મનને કેટલું દુઃખ અનુભવવું પડે છે તેનો અનુભવ તો બાલશિક્ષણ નગર વખતે આવેલો હજુ તાજો જ છે. એવાં ફંડોના વિચારથી જ મને કંપારી છૂટે છે.

વિજ્ઞપ્તિ-પત્ર કાઢતી વખતે આવા આવા વિચારો મારા મનમાં આવ્યા. મેં વિજ્ઞપ્તિ પત્ર મોકલ્યું, અને વળતી ટપાલે જ પ્રત્યુત્તરો આવવા લાગ્યા. હું જેમને માતાતુલ્ય અને ગુરુ-સ્થાને માનું છું અને જેમને સમાજકાર્ય માટે અત્યંત ધગશ છે એવા ડો. રખમાબાઈનું શુભ હસ્તે મારા પ્રવાસનિધિની શરૂઆત થઈ. ગુરુવર્ય ધોંડો કેશવ કર્વે, સાને ગુરુજી, આચાર્ય ભિષે વગેરેના દસ દસ રૂપિયા તો હું મૂલ્યવાન આશિષ જ ગણું છું; ત્યાર પછી રોજ ને રોજ ટપાલથી મારા પર પ્રેમની અને શુભેચ્છાઓની વૃષ્ટિ શરૂ થઈ, અને તેથી જ આ ગયો મહિનો મારા આયુષ્યનો એક ધન્યકાળ છે, એમ મને લાગ્યું. પ્રેમની લેણદેણ મોંઘેરી છે એ અનુભવ્યું.

મારા વિનતિપત્રના સંબંધમાં મારા કેટલા-એક મિત્રોએ મારી પાસે જુદા જુદા વિચારો પ્રદર્શિત કર્યા. તેમાંના થોડાએકના સંબંધમાં અહીં ખુલાસો કરું, મારા વિચારો જાહેર કરું એ મને ઉચિત લાગે છે.

મારે વિષે અત્યંત પ્રેમભાવ રાખનારા ઘણા જૂના વિદ્યાર્થીમિત્રે અત્યંત દુઃખ સાથે લખેલો પત્ર છે. આટઆટલાં વર્ષો નિઃસ્વાર્થપણે અને કેવળ સેવાભાવથી જનતાનું કાર્ય કર્યું છતાંયે જ્યારે તમને પૈસાની જરૂર પડી ત્યારે તમારા વિદ્યાર્થીઓ પાસે દસ દસ રૂપિયાની તમારે ભીખ માગવી પડે છે, તેનું એને દુઃખ થાય છે. ઢગલા-બંધ સંપત્તિના માલિક થઈ બેઠેલા લોકોએ આવો પ્રસંગ શા માટે આવવા દેવો, એ પ્રશ્ન પણ એમને મૂંઝવે છે.

તેમના આ વિચાર પાછળ મારે માટેનો અત્યંત પ્રેમ અને આદર છે, એ હું સમજું છું. અને તેમની જેમ વિચાર કરનારા બીજાઓને પણ આ સંબંધમાં મારા વિચાર જણાવવા જરૂરી છે.

પહેલી વાત તો એ કે 'વિનતિપત્ર મોકલીને સૌની પાસે દસ દસ રૂપિયા માગવાનો મારા ઉપર દુઃખદ પ્રસંગ આવ્યો છે' એમ તેમણે આને ગણવું નહીં, પણ મારા સ્વભાવને અને વિચાર-શ્રેણીને માફક આવે એવો. અને જેને હું વધારે માનભર્યો ગણું છું એવો એ માર્ગ, મેં સ્વેચ્છાથી લીધો છે એ વાત સ્વીકારવી. આ અંગેનું સ્પષ્ટી-કરણ મેં ઉપર આપ્યું છે. પ્રેમથી આપેલાં શબ-રીનાં બોર જેવી, મને આપેલા પૈસાની કિંમત હું આંકું છું. તેથી જ આ રસ્તો મને વધારે પ્રિય લાગ્યો છે. બીજું અઢળક ધન છે એવી એક બે વ્યક્તિ પાસેથી દસ-વીસ હજાર મેળવી લેવા કરતાં, બે હજાર પાસેથી દસ દસ કે વીસહજાર પાસેથી એકએક રૂપિયો મેળવવો હું વધારે પસંદ કરું. પૈસાની કિંમત તો આપણે જેટલી આંકીએ તેટલી જ છે પણ ! મનુષ્યના પ્રેમ, સહાનુભૂતિ શુભેચ્છા અને શુભાશિષની કિંમત તો અગણિત જ છે. મારા વિજ્ઞપ્તિપત્રમાં મેં માત્ર નાણાની માગણી કરી નહોતી પણ સહૃદયતાની માગણી કરી છે અને તે મને મળી એટલે મારું હૃદય હર્ષથી ઉભરાય છે. મારા મિત્રે જે શ્રીમંતો સંબંધી ટકોર કરી છે તે પણ મને બરાબર નથી લાગતી. આજની પ્રચલિત વિચારસરણી છે કે ધનિકોને, આટલું બધું ધન ભેગું કરીને તેના માલિક થઈ બેસવાનો હક્ક નથી; અને બીજું, જેમની પાસે ધન છે તેમણે સાર્વ-જનિક કાર્યમાં તે ખર્ચીને સંપત્તિ એકઠી કરવાનું પાપ ધોઈ નાખવું જોઈએ.

દેશની સંપત્તિની વહેંચણી કેવી રીતે થવી જોઈએ એ સંબંધમાં મારા વિચારો ગમે તે હોય, તો પણ શ્રીમંત-મિત્રોએ મારી અગંત જરૂરિયાતો પૂરી પાડવી, એવી અપેક્ષા મેં રાખી નથી, અને રાખવી મને યોગ્ય લાગતી નથી. જે દિવસે હું એવી અપેક્ષા રાખતી થઈશ તે દિવસે હું એ શ્રીમં-તોની આશ્રિત બનવાની; અને પરિણામે તે જ ક્ષણે અમારી મિત્રતાનો સંબંધ તૂટી જશે.

તેથી, મારા મિત્રને મારું આગ્રહપૂર્વક એ કહેવું છે કે હું મારી વિજ્ઞપ્તિ અને તેના પ્રત્યુત્તરો તરફ જે દૃષ્ટિથી જોઉં છું તે દૃષ્ટિ તમે સમજો; અને તો તમને દુઃખી થવાનું કારણ રહેશે નહિ.

વળી બીજા બે ચાર મિત્રોએ કહ્યું છે કે મારે જાતે વિનતિ કરી પૈસા ભેગા કરવા એના કરતાં બીજાઓએ એ ભેગા કરી, એક થેલી તરીકે મને અર્પણ કરવામાં આવ્યા હોત તો તે વધારે સારુ, માનભર્યું લાગત.

આ બાબતમાં પણ મારા વિચારો થોડા જુદા છે. પહેલી વાત તો એ કે મારા મિત્રોને હું વિનતિ કરું, એટલે કે મિત્રતાના હકકથી તેમની સિલકમાંથી હું ભાગ પડાવું; તો તેમાં મારા સૌષ્ઠવ (Grace) ધક્કો લાગવા જેવું કશું નથી. ઉલટી, ઉપર લખ્યા પ્રમાણેની પ્રેમની આ લેણદેણ વધારે સુંદર હોય છે એમ મને લાગે છે; કેમકે, આમાં મારો અને મને આપનારાઓનો સીધો સંબંધ આવ્યો છે. મારે માટે બીજા કોઈ નાણાં ભેગાં કરવા નીકળત તો તેમને ઉલટીસુલટી વાતો સાંભળવી પડત અને જાતજાતની ચર્ચા અને દબાણ પછી મહા મુસીબતે મળેલી રકમ સ્વીકારવી પડત. આમાં શી મધુરતા છે? મારા મિત્રો પાસે મારે માગવું, અને મૈત્રીની ખાતર તેમણે કંઈ આપવું અથવા ન આપવું એ બધું જ મને વધારે સુંદર લાગે છે. હું કોઇને આગ્રહ કે દબાણ કરવા ગઇ નથી. જેમને જે ઠીક લાગ્યું તે તેમણે મોકલ્યું, અને મેં તેનો સાભાર સ્વીકાર કર્યો. જેમણે કશું જ નથી મોકલ્યું તેમને માટે તો મને વધારે કૃતજ્ઞતા લાગે છે. ઇચ્છા ન હોય અથવા—બીજા કોઇ કારણસર આપવાનો વિચાર ન હોય છતાં નિધિ ભેગા કરનારે ગળે પડીને થેલીમાં નાણાં ભરાવવાં પડે છે, એમાં કઇ જાતની મીઠાશ છે? મારે માટે તો આવું કંઇ થયું હોત તો મને જરા પણ ગમત નહિ.

બીજું, થેલી ભેગી કરવાને માટે પણ વ્યકિત પણ એટલી મહાન હોય તો જ તે ઠીક લાગે; દરેક કાર્યકર્તાને માટે જો થેલીઓ નીકળે તો તે અર્પણ કરવામાં કશો જ અર્થ પડી રહે નહિ.

આ પ્રમાણે, ઉપર નિર્દેશ કરેલી ભાવનાથી મેં મારું વિજ્ઞપ્તિપત્ર મોકલ્યું અને તે જ ભાવનાથી મને પ્રત્યુત્તર મળ્યો; એટલે મને ઘણો જ આનંદ થાય છે.

મારા શિક્ષકમિત્રો તરફથી—મોટે ભાગે એ મારા વિદ્યાર્થીઓ જ છે—મેં ઘણીવાર આંચકો અનુભવ્યો છે. કેટલીકવાર તો અમુક રકમ પાછી જ ફેરવી દેવી, એવું પણ મન થયેલું, તો પણ આપનારાની ઉત્કટ ભાવના ધ્યાનમાં લઇને મેં એ સ્વીકારી છે. જેમ તેમ કરી મહિનાની પચીસમી તારીખ સુધી પગારના પૈસા પહોંચાડનારના અને છેલ્લા પાંચ છ દિવસ ખાલી બિસ્સે ફરનારા મારા મિત્રોના ગજવાને, મેં મોટું એવું એક કાણું આ મહિને પાડયું છે. એ વિચારે મારું મન ઘણી વાર ઉદ્વિગ્ન બની જાય છે; છતાં એક બીજા વિચારથી હું મારા મનનું સમાધાન કરી લઉં છું; અને તે એ કે જેમને સગાં અને પોતિકાં ગણ્યાં તેઓ મારે માટે સ્વેચ્છાથી મુશ્કેલીમાં ઊતરતા હોય તો તેમ કરવા દેવામાં વાંધો નથી. એક બીજાને માટે દુઃખ સહન કરવામાં જ સગપણ—સંબંધ દૃઢ થાય છે. વધે છે.

મારા આ પ્રવાસથી મારા કાર્યને લાભ થશે, એવી મારી પ્રામાણિક માન્યતા હોઇ, આ વિજ્ઞપ્તિ બહાર પાડી. મારા મનની આ ઘણી જૂની ઇચ્છા હતી. મને કેટલીએક શંકાઓ છે; કેટલીએક વાતો પ્રત્યક્ષ જોઇ સ્પષ્ટ કરી લેવાની જિજ્ઞાસા છે, તેથી મેં જવાનો વિચાર કર્યો છે, રોજના કામથી થોડા દિવસ નિવૃત્ત થઇ, પોતાના વિચારો અને આગળના યોજના વધુ પાકી કરવાની મારી ઇચ્છા છે. તે આમ પૂર્ણ થાય છે તેથી મને આનંદ થાય છે.

આપણે એક પ્રકારે વિચાર અને યોજના કરીએ છીએ, જ્યારે ઇશ્વરી યોજના અકળ છે. મારા દેશની આજની કટોકટીની પરિસ્થિતિમાં હું મારા પ્રવાસના અનુભવથી વધારે ઉપયોગી થઇ શકું એવી મારી ઇચ્છા છે; તે પાર પાડવા ઇશ્વરના હાથમાં છે.

તારાબેન મોડક

એક માતાની નોંધ

તા. ૬–૪–૪૦ ઉમ્મર : ૧.૮ સ્થળ : અ. વજન : ૨૮.૬ ઘટાડો–૧૦ ઔંસ.

તબિયત જરા નરમ થયા પછી હમણાં જ * પાછો ઠીક થયો છે. આઠ દાંત તો હતા અને પાછા એક સામટા બીજા આઠ દાંત ફૂટયા. તેથી પહેલાં શરદી થઈ અને પછી તાવ આવ્યો. ૧૦૨ સુધી તાવ ચઢયો પણ એક દિવસ પછી ઊતરી ગયો. મોઢું આવી ગયું હતું અને ખાઇ નહોતો શકતો. કદાચ ટૂથપેસ્ટ વાપરવું શરૂ કર્યું તેથી મોઢું આવ્યું હશે. પણ હવે એ તદ્દન સારો છે. આ કારણોસર ૧૦ ઔંસ જેટલું વજન ઘટયું છે.

તા. ૧૮–૩–૪૦એ શ્રી. હ ભ ને મેં બોલાવ્યા હતા. અમે *ની સાથે રમવા તથા કામ કરવાનો પ્રયોગ શરૂ કરવાનું નક્કી કર્યું. ૨૫ મી તારીખ સુધી તો પૂરું તૈયારી રૂપે જ ગાળ્યા. ઘરમાં અનુકૂળ અને સુન્દર વાતાવરણ ઘડવા માંડયું. ઘરમાં જે સાધનો હતાં તે તપાસ્યાં. બજારથી અનુરૂપ સાધનો લઇ આવ્યાં અને બીજાં જે નહોતાં તે પરગામથી મંગાવ્યાં. કઇ જાતની પ્રવૃત્તિ, કેવી રીતે વ્યવસ્થિત રૂપમાં એની આગળ ધરવી તેનો વિચાર કર્યો. આ અરસામાં * પણ હ.ભાઇ સાથે પરિચિત થયો; 'ભાઇ'ને માટે તત્પર રહેવા લાગ્યો.

૨૪ મીએ ધૂળેટી હતી એટલે સાંજે લગભગ પન્દરેક બાળકોને હોળી રમવા નોતર્યાં હતાં. કેમ્યૂડાનાં પાણી, ગુલાબી રંગનાં જળનાં કુંડાં, અબીલ–ગુલાલ તથા પુષ્પોની થાળીઓ લીલી ઘરોમાં મૂકયાં હતાં. પિચકારીથી અને હાથથી તે ઉડાડી ખૂબ આનંદ કર્યો. તે જ દિવસે મારવાડીઓને ગાવા, નાચવા તથા રાસ લેવા નોતર્યા હતાં. ચિત્રવિચિત્ર મોહક પોષાક સજી ૧૫૦ જેટલાં તેઓ ઢોલ, મંજિરાં અને ઘૂઘરા સાથે રમતાં હતાં. હોળી ખેલી, નહાઇ અમે બગીચીમાં બેસી ધાણી, ચણા, ખજૂર વગેરે આરોગ્યાં. છેલ્લે હોળી પ્રકટાવી. અન્ધારામાં અગ્નિની જ્વાળાઓ ઊંચે ઊંચે ઝબકારા મારવા લાગી. એવી રીતે આખો ઉત્સવ ખૂબ આનન્દથી ઊજવ્યો.

૨૫ મીથી આજ સુધી નાનાવિધ પ્રવૃત્તિઓ વધારે વ્યવસ્થિત સ્વરૂપમાં કરવા માંડી છે.

(૧) નળવાળાં માટીના કૂજામાંથી જગ, કાચના પ્યાલા અને નાના મોટા વાટકાઓમાં પાણી ભરવાનું અને ઉલેચવાનું તથા ઢોળાએલું પાણી પાછળથી લૂછી નાખવાનું.

(૨) પાત્રો લૂછવાના ઉપયોગમાં લીધેલા વસ્ત્રને સૂકવવાનું અને પાત્રોને પાછાં સ્વસ્થાને વ્યવસ્થિત રીતે ગોઠવવાનાં.

(૩) અનાજમાં પ્રથમ શેરેક ઘઉં ડબ્બામાં રાખી, વાટકાથી કે ખોબા વડે થાળીઓમાં કાઢવાના, કાંકરા વીણવાના, એક જગ્યાએથી બીજી જગ્યાએ સંભાળીને લઇ જવાના, અને બીજા ડબ્બામાં ભરવાના.

(૪) ફૂલ વીણવાનાં. (ઝાડ નીચે અમે પહેલેથી સુગન્ધીવાળાં–ત્રણેક જાતનાં ફૂલ–જેવાં કે ચંપો, ગુલાબ કે જૂઇ વેરી રાખીએ છીએ. તેની વિવેકશક્તિ ખીલ્યા પહેલાં તે ફૂલ તોડે નહીં તે માટે પહેલેથી તેની તૈયારી કરી રાખીએ છીએ.) આમાંથી ફૂલના પ્રકાર, ગન્ધ અને રંગને નામથી પારખીએ છીએ.

(૫) કૂવાની આગળ એક નાળું બનાવરાવ્યું છે. તેમાં હોડીઓ, ફૂલ, સૂકાં પાંદડાં અને પડિયા તરતા મૂકીએ છીએ

(૬) શંખ, છીપ, અને કોડીઓનો સંગ્રહ છે. તેને માત્ર જોવામાં અને ગોઠવવામાં અનેરો આનન્દ આવે છે.

તે ઉપરાંત લાકડાના પાટિયા પર પ્લાસ્ટીસીનથી અનેક જાતના આકારો ઘડવાની, રંગીન પેનસિલ વડે નાનાવિધ આકારો કાગળ પર દોરવાની, મણકા પરોવવાની (આને માટે ખૂબ આકર્ષક મણકા મેળવ્યા છે) પ્રવૃત્તિ કરીએ છીએ; બંગલા–પેટીથી રમીએ છીએ. કાગળની હોડીઓ અને ટોપીઓ બનાવીએ છીએ.

દડાની બે પેટીઓના દડાનું મિશ્રણ કરી દઇએ તો તેને બરોબર ગોઠવી દે છે. પહેલી ત્રણ પેટીઓ અને ગુલાબી મિનારો ગોઠવતાં આવડે છે.

ભૌમિતિક આકૃતિમાં ત્રિકોણ, ગોળ અને ચોરસને પારખવા લાગ્યો છે. છ ખાનાંની ભૌમિતિક આકૃતિની પેટીમાં નાનાં મોટાં વર્તુલ ગોઠવવાં સહેલાં પડે છે. ચતુષ્કોણ આકૃતિઓના ખાનાને પણ લેવા માંડયું છે અને લાંબી ટૂંકી બાજુવાળાં જુદા જુદા ચતુષ્કોણ ગોઠવવા યત્ન કરે છે. પશુ-પક્ષીની તથા બીજી ચિત્રોવાળી ચોપડીઓ જોઇએ છીએ. તેમાં ચિત્રોવાળા લીસ્સા કાગળ અને જેના પર અક્ષર છાપેલા હોય તેવા બરબચડા કાગળને તે સ્પર્શવા લાગ્યો છે. તેવી જ રીતે પોતાના શરીર અને વસ્ત્રોને સ્પર્શવા લાગ્યો છે. તેથી સ્પર્શનાં પાટિયાં આપવાનો સુયોગ આવ્યો છે જાણી, તેની આંગળ અમે તે ધર્યાં અને તેને સ્પર્શવામાં તેને ખૂબ મઝા આવી.

મોટરો જોવી અને માટી તથા પેનસિલથી બનાવવી એને બહુ ગમે છે. ચોપડીઓમાં છાપેલાં ચિત્રોમાંથી પણ મોટરો શોધવી બહુ ગમે છે. મોટર બનાવતી વખતે એનું એક અંગ અધૂરું હોય તો તરત જ તે આપણું ધ્યાન ખેંચે છે.

હવે ચીતરતી વખતે તે જેમ તેમ નહીં પણ પ્રયોજનપૂર્વક લીંટા કરવા મથે છે. કુંડાળું અનિયમિત કરે છે અને કહે છેઃ 'કુંડળુ', 'બૉલ'. પાણી ઢોળાયું હોય કે ખાતાં ખાતાં થાળી ખરડાઇ હોય અથવા કોઇ કાપડના વણાટમાં અમસ્તાં જ આકાર વણ્યા હોય તો તેને તેમાં કાલ્પનિક ઘણા આકારો દેખાય છે અને કહે છે 'આ પંપમ્', 'આ ઘોડો.'

છેલ્લા મહિનાથી તે ખૂબ બોલતાં શીખ્યો છે. એ બધા શબ્દોને નોંધવા હવે મુશ્કેલ લાગે છે. ફકત બે જ અક્ષરના નહીં પણ ત્રણ અને ચાર અક્ષરના શબ્દો સરળતાથી બોલે છે. એક વખતે કોઇએ ઉચ્ચારેલો શબ્દ તરત જ ઝીલે છે અને તેને ફરીથી ઉચ્ચારવામાં અને તેનું પુનરાવર્તન કરવામાં લહાવો માણે છે. 'બેનજી', 'બેન', 'લી', (આમ ત્રણે નામથી મને બોલાવે છે.) 'દાદી', 'બાણુ', 'કાળુ', 'હરણુ', 'ઊંટ', 'મોર', 'પોપટ', 'હંસ', 'કુકુગાડી', 'ઘોડાગાડી', 'પાપડ', 'પાણી', 'ઘઉં', 'કપ', 'કાંટો', 'ચમ્પો', (ચમચો), 'પ્લેટ', 'છરી', 'લઇ જા', 'દોડી જા'. આવા તો રોજ રોજ અનેક શબ્દો શીખે છે અને હું ચકિત થાઉં છું. કોઇ વાર બીજા પાસે અશુદ્ધ ઉચ્ચાર સાંભળે છે તો તરત જ તે પકડી લે છે. વચ્ચે કોઇ નોકર પાસેથી સાંભળીને 'પોંણી', (પાણી), 'કોંટો', (કાંટો) 'ખુરચીમાં', (ખુરશીમાં) એવા બોટા ઉચ્ચારો તેણે કરવા માંડયા હતા.

હમણાંથી દાદાજી (નાના) એને અત્યન્ત પ્રિય થઇ ગયા છે. દાદાજીની ઝંખના થાય છે, 'દાદાજીના દાંત ભમ' (પડી ગયા) એ જોઇ ખૂબ રમૂજ થાય છે. દાદાજી સાથે હવે ફોન પર વાત કરે છે.

દાદાજી : બાબલા ! બહેનજી કયાં છે ?
બાબલો : આ રહી.
દા. : બાબલા ! પપા કયાં છે ?
બા. : પમ્ ગીયા. (મોટરમાં બહાર ગયા)
દા. : મેં (ઘેર) કેમ બોલે ?
બા. : મેં.....
દા. : કુકુ (કૂતરુ) ?
બા. : ભુ ભુ (ભસી બતાવે).
દા. : બાબા, આવજે.
બા. : તાતા, દાદાજી, જે જે ! આજો (આવજો). એમ કહી ફોનમાં જ બે મીઠી ભરે.

પ્રસંગોચિત સરલ ભાષામાં અમે જોડકણાં જોડી કાઢી લલકારીએ છીએ.

'... 'બાબા, ધીમા ધીમા આવો,
'નવર'ગી ' ફૂલો લાવો.'

એટલે તે પણ દિવસમાં અનેકવાર તે ટૂક લલકારે છે.

'બાબા, ધીમા ધીમા આવો.'

અને કોઇકવાર

'દાદા, ધીમા ધીમા આવો.'

હવે તો દાદી પણ બહુ ગમે છે. અહીંથી બહાર નીકળીએ અને લા. વાળુ ઘર આવે તો 'બા', 'કાકા', 'બલચી' (એલચી)ને યાદ કરે.

બનેલી કે જોએલી વસ્તુની વાત કરીએ તો એકાગ્ર બની સાંભળે છે અને વચ્ચે ટહુકા પૂરે છે. કોઇવાર પ્રશ્નો પૂછીએ તો જવાબ આપે છેઃ

'બાબા ! તું બાને ત્યાં ગયો હતો ?'

'ના' (એને હજી હા-નાનો ભેદ બરોબર આવડતો નથી.)

'ત્યાં કોણ કોણ હતું, વહાલકા ?'

'કાકા.'

'અને બીજું ?'

'ફઇબા.'

ગરમ ઠંડું જાણે છે. 'આ ગરમ' એમ કહે છે. નાના મોટાનો ભેદ જાણે છે. ના...ની પપમ્', 'મો...ટી પપમ્'

એકથી વધારે વસ્તુઓ હોય તો બે, ત્રણ, કે ચાર છે એમ જાણતાં શીખ્યો છે. પણ બે ત્રણ ચારનો ભેદ બરોબર સમજ્યો નથી. ઘરની પાછલી બાજુ બે મોટર પડી રહે છે. તે જોઈ અમે જમતા હતા ત્યાં આવી કહે, 'પપા ! પેલી બે પપમ્', વળી બીજે વખતે હર્ષમાં આવી જઈ કહે છે, 'આ બે હાથ', 'ની. (લી.) બે કાન.'

દૂર દૂરથી અમારી મોટરના મશીનનો કે હોર્નનો અવાજ પારખે અને 'પપા' માટે આતુર થઇ રહે. કોઇવાર તો એટલો સૂક્ષ્મ ધ્વનિ હોય છે કે અમે તો તે સાંભળ્યો પણ ન હોય છતાં તે અમારું ધ્યાન ખેંચે છે.

કોઇ વાર તેને ઘણું'એ કહેવું હોય છે, પણ શબ્દોમાં ઉચ્ચારી શકતો નથી; ત્યારે આતુરતાથી તેનું મુખ એકાએક ઝળહળી ઊઠે છે અને આંખો ચમકી ઊઠે છે, અને હાથ વડે એ ઊર્મિને તે વ્યકત કરવા મથે છે.

લી. મ.

પહેલું અને પછી

'ચાલો ભાઇ, દાતણ કરો.' 'તું દાતણ લાવ તો કરું.' 'હવે લે ને તારે હાથે; નાનો થવા જાય છે!' 'અહં. તું દાતણ લાવ તો જ'...અને બાએ દાતણ આપ્યું. ભાઇએ દાતણ કર્યું.

૦ ૦ ૦

'ચાલો ભાઇ, ન્હાવા', 'હું નહીં આવું; પહેલા બેનને ન્હવડાવ; પછી હું ન્હાઇશ, 'પણ બેનને 'છી' કરવાની બાકી છે.'' હું નહી જા.' બાએ બેનને ન્હવડાવી પછી જ ભાઇ ન્હાયા.

૦ ૦ ૦

'ચાલો જમી લ્યો હવે. થાળી પિરસી.' 'અંહ, મને ગોળ આપ તો રોટલી જમું,' 'શાક પણ જો, કેવું સરસ છે! તને ભાવે તેવું.' 'અહં, ગોળ આપો.' બાએ ગોળ આપ્યો અને ભાઇ જમ્યા.

૦ ૦ ૦

ભાઇને હવે તો પહેલાં અને પછીનું ભૂત ગયું છે. દરેક સૂચન વખતે સામી શરત મૂકી તાની હઠ પૂરી કરાવી પછી જ બાનું માનવું વી ટેવ પડી ગઈ છે. આમાંથી દરેક વાતમાં બાનું માનવું જોઇએ, અથવા તો બા કહે છે તે કરવું એ જ બરાબર છે, એનું ભાઇને બિલકુલ ભાન નથી એમ માનવાની કાંઇ જરૂર નથી. બાળક કાયમ આપણું માને એવી ઇચ્છા રાખવી યોગ્ય નથી. બાળક આપણી વાત સમજે અને એ એને યોગ્ય લાગે એવી ઇચ્છા વડીલોએ રાખવાની છે. પણ ઘણાં બાળકો નાની મોટી વાતમાં વડીલોની સામે આવી શરતો મૂકતાં દેખાય છે. એનું કારણ શું હશે ?

આવી શરતો મૂકવાનું બાળકો વડીલો પાસેથી જ તો શીખ્યા નથીને, એ તપાસી લેવાની જરૂર છે જ્યારે વડીલો જ 'ચાલ, ડાહ્યો થઇ જા; તો પિપરમીટ આપીશ.' 'એવું જ્યારે ને ત્યારે કહેતા હોય છે ત્યારે એ જ હથિયાર પછી બાળક આપણી સામે વાપરે છે ને એમાં શી નવાઇ ? પિપરમીટ આપશો તો ડાહ્યો થઇશ' એ જ એનું સ્વાભાવિક પરિણામ છે. ધારો કે ઘરમાં આવી જાતની રીતભાત ન ચાલતી હોય તો એ ટેવ પડવાનાં બીજાં કારણો પણ હોઇ શકે.

ક્યારેક આ શરતોની પાછળ એમની અપૂર્ણ ઇચ્છા વ્યકત કરવાની તક લેવાનો ઇરાદો દેખાય છે. ધારો કે બા રોજ બેબીના દાંત ઘસતી હોય અને બાપુજીના હાથમાં દાતણ આપતી હોય; તો

ભાઇને આટલી સેવા માગવાનું મન થાય તો નવાઇ નહીં; હંમેશા હસતે મોઢે ઝટપટ દાતણ કરનાર ભાઇ એકાદ દિવસ આવી હઠ પકડે તો ખાસ અજુગતું નથી.

રોજ ઊઠીને નહાવાની ઉતાવળ માત્ર ભાઇને માટે જ થતી હોય અને એમ્બી નિરાંતે પ્રાતઃ વિધિ પતાવ્યા પછી, અને બાપુજી પોતાનું છાપું વાંચી લીધા પછી મોડા મોડા નહાતા હોય તો ભાઇને પણ થાય કે કોઇક બેહાનું કાઢીને મોડેથી ન્હાવાનું મળી જાય તો કેવું સારું ?

આવી અવ્યકત ઇચ્છા ઉપરાંત, કયારેક બાળકો માત્ર માને સતાવવા માટે પણ આવી શરતો મૂકતાં હોય છે. પોતાના સાથીઓને–ખાસ કરીને નાનાં સાથીઓને–પરેશાન કરીને હસવાનો લહાવો બાળકો લાગ મળે ત્યારે લેતાં જ હોય છે; અને મોટાઓ પણ કયાંએ નથી લેતા ? આપણાથી ગરીબ, આપણા કરતાં ઓછી બુધ્ધિ કે શાન્તિ ધરાવનારા માણસોને અનઆવડત જોઇને આપણે વધારે ડાહ્યા-ડમરા છીએ એવો સંતોષ મોટાઓ પણ લેતાં જ હોય છે. પણ તેમાંય આપણાથી વધારે શકિતવાળા માણસોને બનાવવાની તક મળે તો કોઈ છોડે જ નહીં: બાળક પણ એવી જ રીતે મા પાસેથી વાત સાચી કરી લેવાનો સંતોષ લેતું હોય છે.

આ સિવાય બાળક કંટાળી ગયું હોય, કોઇ પણ કારણથી તનમનથી તંદુરસ્ત ન હોય ત્યારે આવી માગણીઓ અણસમજ્યે કરતું હોય છે. ખાસ કરીને શારીરિક માંદગી પછી આવા પ્રસંગો જ્યારે ત્યારે આવતા હોય છે; અને એ સ્વભાવ વિશેષ સામાન્યતઃ બધાના ધ્યાનમાં આવેલો હોઇ માંદગીમાંથી ઊઠેલા બાળકની આવી માગણીઓનો સ્વીકાર અસ્વીકાર બનતા સુધી યોગ્ય રીતે જ થતો હોય છે.

પણ જે બાળક માંદું નથી, છતાંય રોજ ઊઠીને આવી રીતે કરતું હોય છે તેને માટે ઘરના વડીલોએ વિચાર કરવાની જરૂર છે. એ ટેવ એક જાતની માંદગી જ છે; એમ સમજીને, જેમ ખસ કે ગુમડું થાય તો એના ઉપાય લેવાય છે અને પસ દેખાય તો લઇ નાખવાની કાળજી ઘરમાંથી દરેક વ્યકિત લે છે, તેમ જ આવા બાળક સાથે વાત કરવાની રીતભાત કેવી હોવી જોઇએ એનો વિચાર ઘરના સૌ વડીલોએ કરી એ પ્રમાણે ચાલવું જોઇએ.

શું કરવું જોઇએ તે કહેવું સહેલું નથી. પણ બાળક આવું શેને લીધે કરે છે તે ખોળી કાઢવાની મહેનત જરૂર થવી જોઇએ. અને એનું કારણ મળી જાય પછી એની કઇ માગણીનો સ્વીકાર કરવો અને કઇનો નહીં, તે નકકી કરવાની તરત ખબર પડશે.

એક વસ્તુ સાચી કે બાળક માગણી કરે ત્યારે પહેલાં ના પાડીને કે એકાદ દલીલ મૂકીને પછી એની વાત સ્વીકારી લેવા કરતાં, એની ઇચ્છાનું જોર કેટલું છે તેમ જ કેટલું દુઃખી થવાનું છે તેનો વિચાર કરી લેવો જોઇએ.

એની સામે કોઇનું ધ્યાન નથી, એમ માનીને બાળક આવી માગણીઓ મૂકતું હોય તો એને વધારે વહાલની જરૂર છે એમ સમજી એના તરફથી માગણીઓ મૂકાતી જાય તે પહેલાં જ એની વહાલની ઇચ્છા પૂરી કરવી તે વધારે સારું છે; અને એવું ન હોય ત્યારે એની માગણીઓને ધુતકારવી તો નહીં જ પણ એને ધ્યાનમાં જ ન લેવી અને મકકમ રહેવું વધાર સારું હોય છે.

વિમલ પંડયા

મૉન્ટે શિક્ષિકા જોઇએ છે

અમદાવાદમાં ચાલતી 'શ્રેયસ્' શાળાના શિશુવિભાગ (૨ થી ૬ વર્ષની ઉમરનાં બાળકો માટે મૉન્ટેસોરી તાલીમ લીધેલા અનુભવી શિક્ષિકા કે શિક્ષકની જરૂર છે. પોતાને વિષેની પૂરી માહિતી આપી, શ્રી. ગૌતમ સારાભાઇ, શાહીબાગ, અમદાવાદ–૪ને.

જન-મદ્દાની જવાબદારી

હાલમાં આપણે કટોકટીના સમયમાંથી પસાર થઇ રહ્યા છીએ. વર્ષોની મહેનત પછી, હિન્દ આઝાદ થયું છે. દરેક જણ બોલતું સંભળાય છે કે કઇ રીતની પુનર્રચના કરવી કે જેથી દરેક કોમ સુલેહ અને શાંતિથી રહી શકે. આજે આપણને જાત જાતના સુધારા નજરે પડે છે; પણ આ સર્વ સુધારાઓમાં જે સૌથી વધુ અગત્યનો સુધારો છે તેને માટે જોઇતું ધ્યાન અપાતું હોય એમ લાગતું નથી. 'આજનું શિક્ષણ દોષિત છે, એ દરેક જણ કબૂલ કરે છે. ચોપડીઓ ગોખીને પરીક્ષાઓ આપવી એ તે કાંઇ કેળવણી કહેવાય? નિશાળ અને કોલેજની આજની કહેવાતી કેળવણી લીધા પછી છોકરાંઓ એકલપેટાં અને સ્વાર્થી થઇ જાય છે એ આપણે જોઇએ છીએ. જે કહેવાતો ગ્રેડયુએટ ખૂન કરી શકે, લૂંટ ચલાવી શકે–સ્ત્રીઓની લાજ લૂંટી શકે એવો થતો હોય, તો સ્વભાવિક રીતે આપણને લાગે છે કે વીસમી સદીની કેળવણી તદ્દન નિષ્ફળ નીવડી છે.

રાજ્ય તરફથી અપાતી યાંત્રિક કેળવણીના ગેરફાયદા આપણે ગઇ લડાઇ દરમિયાન જોઇ લીધા છે. જર્મન જેવી મહાન પ્રજા આજે પડી ભાંગી છે. છ વર્ષની વયે, બાળકોને માતપિતાના હાથમાંથી લઇ સરકારે ઉછેર્યાં. તેઓનો બાંધો મજબૂત બને અને તેની વૃત્તિઓ ઉશ્કેરાય એવો ખોરાક બગડાવ્યો. પ્રેમ અને દયાના સદ્‌ગુણો દાબી દીધા. સત્તા મેળવવી તે શિખવ્યું. પરિણામે તેઓના મુખભાવ બદલાતા ગયા અને તેમના ચહેરા ઉપર જડતા આવતી ગઇ. ૧૦ થી ૧૨ વર્ષનાં છોકરાંઓને, રસ્તા ઉપરથી લડાઇનાં ગીતો ગાતાં. સરઘસમાં જતાં મેં જોયાં છે. જે જડતા, જે ક્રૂરતા તેઓના ચહેરામાં હતી તે જોઇને કોઇ પણ માતા યા બહેન બળાપો કર્યા વિના રહે નહિ. એક કમિશનરે તો ટીકા પણ કરી કે આ લોકને શા માટે ઉછેરવામાં આવે છે? તોપનો સામનો કરવા પછી તેઓની નીતિ રીતિ પણ સૈનિકના જેવી જ થવાની. ટૂંકમાં, જર્મન પ્રજાને તો લડવૈયા જોઇતા હતા, માટે તેણે છોકરાઓના પશુસ્વભાવને પોષ્યો, ઉછેર્યો–તેઓના શરીરમાંના એકે એક અણુને સાત વર્ષમાં બદલી નાખ્યું અને એમને માનવી મટાડી પશુ બનાવ્યાં. પરિણામ એ આવ્યું કે ૧૪ વર્ષની યુવાન વયે તે છોકરાઓએ લડાઇની જોખમદારી માથે લીધી, અને જે દેશો એમણે જીત્યા તેની પર ખૂબ જુલમ કર્યો. સ્ત્રીઓની ઉપર અત્યાચાર કર્યા. જો સાત વર્ષમાં એક બાળકને આમ ખોટી કેળવણી આપી ઇનસાનમાંથી હેવાન બનાવી શકાય છે તો આપણે શા માટે એ જ સાત વર્ષમાં એના પશુસ્વભાવને દાબી, પ્રેમ અને દયાની લાગણીઓ એનામાં ખીલવી, એમને દૈવી શકિતવાળાં ન બનાવી શકીએ? ઊંડાણથી તપાસીશું તો માલમ પડશે કે આ બધાનું ખરું કારણ આજનું ખામીભર્યું શિક્ષણ અને માબાપ તેમ જ શિક્ષકોનું બાળમાનસનું અજ્ઞાન છે.

બાળકોની જિંદગીનું સુકાન આપણે હાથમાં લઇએ તે અગાઉ આપણે ઘણા મુદ્દાઓ ધ્યાનમાં રાખવાની જરૂર છે. આપણે કમનસીબે લગ્નનું મહત્વ આજે આપણે આગલા જમાના કરતાં ઘણું ઓછું સમજીએ છીએ. લગ્નની નેમ કાંઇ મોજ મજા કરવાની કે વિલાસ ભોગવવાની નથી પ્રભુની મહાન યોજના તો એ છે કે લગ્ન દ્વારા એ જીવો વધુ પ્રગતિ કરી શકે. લગ્ન એ એક પવિત્ર જોડાણ છે અને તેની નેમ, પ્રભુની આ મહાન યોજનાના કાર્યમાં મદદ કરવાની છે; સુંદર ને બુદ્ધિશાળી બાળકો પેદા કરવાની છે. આ બાળકો, એ કાંઇ તાવેલું સીસું નથી કે જેને માબાપ યા શિક્ષકે નકકી કરેલાં બીબાંમાં નાંખી, એમાંથી ગમે તેવો ઘાટ ઘડી શકાય. એ બાળકો તો પોતાના જન્મ સાથે સારી ને માઠી એવી ખાસિયતો લઇને જન્મે છે. આપણે એની શકિતઓને જોઇ, એ રીતે એને ઉછેરીએ તો આપણે આ દુનિયાને સ્વર્ગમાં ફેરવી શકીએ.

બાળક એ એક આત્મા છે. દરેક બાળક એની ખાસિયત અને શકિતને બીજ રૂપે સાથે લઇને જન્મે છે. જેમ એક હોશિયાર માળી અમુક

જાતનાં ફૂલોમાંથી જાત જાતનાં નવાં ને સુંદર ફૂલો બનાવી શકે છે તેમ આપણે જો કુદરતના કાયદા જાણીએ તો આપણાં બાળકોને જંગલી છોડની માફક નહિ, પણ શાસ્ત્રીય રીતે ઉછેરી શકીએ. હિન્દને માટે ખરેખર એક કમનસીબીની વાત છે કે એક નોકર અથવા કારકૂન રાખવો હોય તો તેની લાયકાત માટે પરીક્ષા લેવામાં આવે છે, પણ માતા થવા માટે સમાજનું કોઇ પણ જાતનું બંધન જ નથી. જો આપણે ભવિષ્યમાં સારાં શહેરીઓ અને મહાન માણસો જોઇતા હોય તો દરેક શાળા સાથે એક એક માતૃમંડળની પણ સ્થાપના કરવી જોઇએ કે જ્યાં ભવિષ્યની માતાઓ, બાળકો માટે શું જરૂરી છે અને શું બીન જરૂરી છે તેની માહિતી લઇ શકે, અભ્યાસ કરી શકે, માર્ગદર્શન મેળવી શકે.

જીવનમાં ખોરાક એક બહુ અગત્યનો ભાગ ભજવે છે. આપણે એક સારું ઘર બાંધવું હોય તો તે માટે ઇંટ, ચૂનો વગેરે સારાં જોઇએ; તેમ બાળકનું શરીર માતાના ગર્ભમાં યોગ્ય રીતે બાંધવા માટે કેલશિયમ, ફોસ્ફરસ વગેરેની જરૂર પડે છે. જો આ પદાર્થ પૂરતા પ્રમાણમાં ન મળે તો અંદરનું બાળક નબળું (rickety) જન્મે છે. બાળકને પોતાનું શરીર ટકાવી રાખવા ઉપરાંત મોટા થઇ વિકાસ કરવાનો હોય છે. આ બંને કાર્ય એક સાથે કરવાને માટે બાળકને વધારે શકિત જોઇએ, અને તે એક નબળા બાળકમાં હોતી નથી, એ વાત ખાસ ધ્યાનમાં લેવા જેવી છે. જ્યારે આવા કોઇ બાળક માટે આપણે–શિક્ષકો માબાપોને પૂછપરછ કરીએ છીએ તો જવાબ મળે છે કે એ તો પહેલેથી દૂબળું જ જન્મ્યું હતું. જો માતા ફરીથી બાળકની ઉમેદવાર હોય અને તેને કહેવામાં આવે કે તમારે ત્યાં સારું બાળક આવે માટે તમે ભાજી, દૂધ, લીલી તરકારી ખાઓ, તો આપણને જવાબ આપે છે કે એ તો મને ન ભાવે. આનું કારણ શું? આપણે નાનાં હતાં ત્યારે જીભને સ્વાદિયું લાગે તે જમતાં હતાં. હવે આપણે શું જરૂરી છે અને શું બીનજરૂરી છે તે જાણી, ખોરાક નકકી કરવો જોઇએ. આથી સમતોલ ખોરાકની માહિતીની માતાઓને બહુ જરૂર છે.

બીજી પણ એક જરૂરી બાબત છે. બાળકની ઉમેદવાર માતાએ પોતાનું જીવન પવિત્ર રાખવું, ખુશાલ રહેવું, સારું વાંચન કરવું, ઊંચી ભાવના રાખવી; કારણ તે વખતે માતા જે વિચારે છે, ઉચ્ચારે છે, અને જે રીતનું જીવન ગુજારે છે તેની છાપ જન્મનાર બાળક ઉપર પડે છે. વિલાયતનો એક બનાવ જાણવા જેવો છે, એક પાંચ પૈસે સુખી માબાપને ઘરે બે દીકરા હતા. એક ગણિતશાસ્ત્રી હતો, બીજો કજિયાખોર હતો. જ્યારે માનસ–પૃથક્કરણ શાસ્ત્રીએ એનું નિરીક્ષણ કર્યું ત્યારે માલૂમ પડયું કે મોટા દીકરાના જન્મની અગાઉ, જ્યારે તેની માતા સગર્ભા હતી ત્યારે પિતા ગણિતના પરીક્ષક હતા; માતા ભણેલી હોવાથી તેમાં ઉમંગ લેતી હતી ને મદદ કરતી હતી. પરિણામે બાળક ગણિતની લાયકાતવાળું જન્મ્યું. બીજા દીકરાના જન્મ અગાઉ, ઘરના વડીલ મરણ પામ્યા હતા; ઘરમાં કોર્ટ દરબારના કજિયા ચાલતા હતા; ઘરમાં એક બીજા જોડે અણબનાવ હતો. પરિણામે એ વખતે જન્મેલ બાળક કજિયાખોર નીકળ્યું.

હિંદને આજે વીર નરો જોઇએ છે, દેશભકતો જોઇએ છે, સાચના સિપાઇઓ જોઇએ છે; જેઓ એમ કહી શકે કે દેશ, સમાજ અને સ્ત્રીનું રક્ષણ કરવું એ મારો ધર્મ છે; દેશની સેવા કરવી એમાં જીવનનો આનંદ છે; નીતિ વગરની જિંદગી ગુજારવી એ પશુતા છે. આજે નજર નાખતાં લાગે છે કે માતાઓ સ્વાર્થી બની ગઇ છે; મોજ મજામાં પડી ગઇ છે; નોકરોની દયા પર બાળકોને ઉછેરી રહી છે. જ્યાં આ દશા હોય ત્યાં ભવિષ્યની પ્રજા કયાંથી સારી થાય?

એક બીજો દાખલો જોઇએ. ઓસ્ટ્રેલિયામાં એક છોકરી મરવા પડી હતી. એ કાંઇક બડબડાટ કરતી હતી. શું બોલે છે તે કોઇ સમજી શકતું ન હોતું. ત્યાં એક ઇટાલિયન ડોકટર આવ્યો. તેણે એ બકવાટ સાંભળ્યો ને કહ્યું કે એ તો મારી ભાષા બોલે છે. "શું બોલે છે?" પૂછતાં, જરા અચકાઇને એણે કહ્યું કે એ છોકરી પ્રેમની વાતો

કહે છે, કાંઇ ગાળો બોલે છે. માનસ-પૃથક્કરણની રીતે શોધ કરતાં માલૂમ પડયું કે તે બાળકીને ઇટાલિયન નોકરડીએ ઉછેરી હતી અને તે જ્યારે બાળકીને ફરવા લઇ જતી ત્યારે એ જે ગંદી વાતો કરતી તે આ છોકરીના કાનમાં પડયા કરેલી હતી. પછી દબાઇ રહેલી બચપણની એ છાપ, આંદગીમાં મનનો કાબુ જતો રહેતાં, આ રીતે બહાર આવી હતી બાળકનું જીવન આમ માતાની સાથે કેટલું જોડાયેલું છે તેનો ખ્યાલ આ આપશે. એટલે જ કહેવાયું છે કે 'જે હાથ ઝૂલાવે પારણું, તે વિશ્વની મહારાણી છે,' માતૃપદ એ આમ પવિત્ર કાર્ય છે.

મહેરાં ફ. બીલીઆ.

સમાજ અને શિક્ષક

આજની શિક્ષણ પદ્ધતિ તરફ કોઇનીયે મીટ મંડાય છે, ત્યારે તો પ્રથમ દર્શને આજનો શિક્ષક –બાળકોનો ભવિષ્યવિધાતા–જાણે કે પોતાની કક્ષાએથી પતન પામેલો લાગે છે. પરંતુ દરેકે ખ્યાલ બાંધતા પહેલાં વસ્તુસ્થિતિના હાર્દને તપાસવાનું ભૂલી જવું, એ પણ ખરેખર, અન્યાય જ છે.

આજે સમાજ અને સરકાર શિક્ષકવર્ગ પાસેથી સેવા અને ઉચ્ચ ભૂમિકાની અપેક્ષા રાખે છે. હા, જરૂર માનવસ્વભાવ જ એવો છે, પરંતુ આપણે તે વર્ગને સામા પલ્લામાં શું આપી રહ્યા છીએ ? અને શું ખરેખર તે યોગ્ય – છે ? તે ભૂલવું ન જોઇએ. અરે, આ બદલાની વાત તો જવા દો, પણ આપણે તેમની દરકાર રાખીએ છીએ કે નહીં તે આપણે આપણા હૃદયને પૂછવું જોઇએ.

ત્યારે આજે તો આપણો પ્રવાહ ઉલટી જ દિશામાં વહે છે. સાથે સાથે મોટી આશાની ઇમારતો ખડી કરી, બણગાં ફૂંકવા સિવાય તેમાં કંઇ હોતું નથી; વધારે કહું તો તત્ત્વજ્ઞાનની પરાકાષ્ટાએ જઇને અસાધરણ વાતો કરી, સમાજમાં પોતાની વાહ વાહ પોકરાવ્યા સિવાય આજે આપણે કાંઇ પણ કરતા નથી. તેને બદલે સામા માણસો પાસેથી આપણે સેવા અને કાર્યનિષ્ઠા માગીએ છીએ. આજે આઝાદીના જમાનામાં ય આપણે બેદરકારી, પરાધીનતા અને તેની તરફ આંખમીંચામણા કર્યા સિવાય કાંઇ આપતા નથી. અને જો કદાચ આવો વર્ગ આપણી બેદરકારી સામે કાંઇ પગલાં ભરે તો તેને 'સુગર કવેાટેડ કવિનાઇન' આપીને કહીએ છીએ કે ભાઇ, તમે તો પ્રજાના સેવક; તમે તો બાળવિધાતા અને તમે જ જો આવું કરશો તો બિચારાં બાળકોના ભવિષ્યનું શું થશે ?' પણ આપણા આ સ્વાર્થી પડદા પાછળ ખરેખર આવા વર્ગનું વર્તમાન ઢાંકવા પ્રયાસ થાય છે, અને તેમની સ્થિતિનો પણ વિચાર કરવાની આપણે એક પણ તક લેતા નથી.

ઘણા લોકો તો આગળ વધીને કહે છે કે દરેક શિક્ષક સ્વ. ગિજુભાઇ તથા નાનાભાઇ અને અણણા સાહેબ જેવા ઉત્તમ સેવાભાવી કેમ ના બને? અને આવા પરમ સેવાભાવીઓના દાખલા ટાંકે છે; પણ જો દરેક દરેક જણ ગાંધીજી બની જાત તો આજે પૂજ્ય ગાંધીજી દુનિયાના પૂજનીય બન્યા તે પૂજ્ય બનત કે કેમ એ એક સવાલ થઇ પડે છે. ખુદ બ્રહ્માએ પણ દરેક મનુષ્યને ભિન્ન શક્તિશાળી પેદા કર્યો છે. તો પછી આવી આશા રાખવી એ શું યોગ્ય છે? અને બધા જ જો એક સરખા હોત તો હિંદ જરૂર ગુરુદેશ બનત પણ આજે તેમ નથી. ત્યારે ઘણા એવો આક્ષેપ કરે છે કે તેમના જેવી ભાવના શિક્ષકો કેમ નથી રાખતા ? પરંતુ આજે દીવા જેવું સ્પષ્ટ છે કે શિક્ષણક્ષેત્રની સ્થિતિ તો 'જેને કોઇ ના પરણે તેને બેતરપાળ પરણે' જેવી થઇ છે.

હાલનો શિક્ષિક એક સાધારણ સ્થિતિનો હોય છે, અને તેને પોતાના કુટુંબનું પોષણ કરવાનું હોય છે, એટલે તે ગમે તેવો ભાવનાશાળી હોય તો પણ પોતાના કુટુંબનિર્વાહ અર્થે પણ તેને ટયુશનના શિકારી બનવું પડે છે. તે પોતાના ધંધામાં રચ્યો પચ્યો હોય તેથી તેને બીજો ધંધો આવડતો નથી. આજની અસહ્ય આર્થિક ભીંસ મધ્યમ વર્ગને પૂરેપૂરો કચડે છે–તેનો ખ્યાલ પણ આપણે દરેકે

કરવો જ જોઇએ. ભાવના જ રાખીને તે બેસી રહે તો શું તેનાં બાળકો એ ભાવનાનાં બચકાં ભરશે કે ફાકા મારશે ?

આજે ભલે લોકો ગમે તેમ વાતો કરે, પરંતુ ખરું જોતાં તો ભવિષ્યની પ્રજાની આજે કોઇનેય દરકાર નથી. જો પ્રજાને ઉચ્ચ શિક્ષણની આવશ્યતા હોય તો પ્રજાએ શિક્ષકવર્ગની યોગ્ય કદર કરવી જ પડશે. ભલે લોકો આજે સેવાની વાતો કરે પરંતુ નહીં જેવી ગણતરી સિવાય આજે કોઇ સમાજ-સેવક એવો નથી કે જેણે પોતાનું પેટ બાળ્યું હોય !

હવે જો સમાજને આજની સ્થિતિમાં આવા ઉત્તમ પ્રકારના શિક્ષકો જોઇએ, તો સમાજે પરમેશ્વરને પ્રાર્થના કરવી જોઇએ કે જેથી આજના ધનિકવર્ગમાં સેવાનું અખંડ ઝરણું વહે અને તેમાંથી જો સમાજનાં ધન અને મનુષ્યસેવાના બન્ને અંગો મેળવી શકાય તો કદાચ આપણે આજની સ્થિતિમાં ઉત્તમ શિક્ષકો મેળવી શકીએ. નહીં તો આજની વિષમ પરિસ્થિતિમાં ઉત્તમોત્તમ શિક્ષકની વાંછના એક મૃગજળ સમાન જ બની ગઇ છે, તેનું આપણને સ્પષ્ટ દર્શન હમેશ થયા કરે છે.

હવે આગળ વધીને આપણે જો જોઇએ તો ઘણા લોકો શિક્ષકોને આવી પરિસ્થિતિમાં વચલો માર્ગ સૂચવે છે, અને કહે છે કે જો શિક્ષકોને અન્યાય થાય તો તેમણે હડતાલના શસ્ત્રથી લડી બાળકોનું ભવિષ્ય ન બગાડતાં અસહકારનો આશરો લઇ પોતાની જાતે દુઃખ વહોરી લઇ અન્યાય સામે મોરચો માંડવો. પરંતુ અમદાવાદ મ્યુનિસીપલ પ્રાથમિક શિક્ષકોનો પ્રશ્ન આજે કોઇ ભૂલી નહીં ગયું હોય. સહન કરનારને કેટલાએ મદદ કરી છે તે પણ ધ્યાનમાં દરેકે લેવું જોઇએ.

જો શિક્ષકો પ્રત્યે લક્ષ નહીં અપાય તો જરૂર ભવિષ્યની પ્રજા અને સમાજનું અધઃપતન થશે અને સેવા, ત્યાગ અને ઉચ્ચ ભાવનાની વાતો પોથીમાંનાં રીંગણાં જેવી જ નીવડશે તો તેમાં નવાઇ નહીં.

એટલે જો ભાવનાશાળી શિક્ષકો અને ઉચ્ચતર શિક્ષણની આપણાં બાળકો માટે જરૂર હોય તો પ્રથમ શિક્ષકો પ્રત્યે સમાજે પ્રેમ અને આદરભાવના કેળવવી જ રહી; આખા શિક્ષકવર્ગની પ્રત્યે સંપૂર્ણ સહાનુભૂતિ રાખવી જ જોઇએ. પછી જો તેમાં કાંઇ પણ ગેરવર્તન હોય તો તેની સંપૂર્ણપણે નસિયત થઇ શકે અને તેની સામે દરેક શક્ય પગલું ભરી શકાય.

અહીં આપણે બાલશિક્ષણસંસ્થા વિષેની વિચારણા પણ કરીએ તો તે અસ્થાને નહીં લેખાય. આજની કોઇ પણ સંસ્થાની કાર્યવાહી કઇ રીતે ચાલે છે, તે જોવાની આપણી પ્રથમ ફરજ છે.

આજે આપણે બાળશિક્ષણસંસ્થાના ઊંડાણમાં જઇએ તો આપણને તરત જ ખ્યાલ આવે છે કે મુખ્યત્વે આજની બાળશિક્ષણસંસ્થાઓનું સંચાલન મધ્યમ વર્ગના માણસો દ્વારા થઇ રહ્યું છે. એ વર્ગ દરેક રીતે ધસાઇ ગએલો છે, માટે તે વર્ગ પાસે સંસ્થા ચલાવવા મૂડી હોતી નથી અને પછી તેઓ ભાવનાશાળી હોય તો પણ તેમને જુદો માર્ગ લેવો જ પડે છે.

આવી સંસ્થાના સંચાલન માટે તેના સંચાલકોને ફકત બે જ માર્ગ ગ્રહણ કરવાના રહ્યા; તેમાં પ્રથમ માર્ગ તરીકે તેમણે આપણા દાનવીરો છે તેમની પાસેથી આર્થિક મદદ મેળવી સંચાલન કરવું, અને બીજા ઉપાય તરીકે આવી સંસ્થાના સંચાલકોએ સંસ્થાનો થોડો બોજો બાલકોના વાલીઓને શિરે અને થોડો પોતાને શિરે ઉપાડવો રહ્યો. આવી સંસ્થાઓ તરફ સરકાર પણ કંઇજ લક્ષ આપતી નથી. તેથી આજે દરેકને આવી સંસ્થાઓ દ્રવ્યલોભી અને વેપારી ધોરણે ચાલે તેવું લાગે છે. માટે દરેકે વિચાર કરવો જોઇએ.

બીજી બાજુ, આપણે આવી સંસ્થાઓને ઉપલકીઆ દૃષ્ટિથી જોઇ એકદમ એની ઉપર પ્રહાર કરતાં પહેલાં જરૂર વિચાર કરવો જોઇએ; કારણ કે આજે આવી સંસ્થાઓને સરકારી તથા સ્થાનિક મંજૂરીના નિયમોનું પાલન કરવું પડે છે. સમાજને પણ મંજૂરીના સિક્કાનો મોહ છે. તેથી આવી સંસ્થાઓને ઘણી હાલાકી તથા બીનજરૂરી એવા ઘણા નિયમો અમલવડતામાં મૂકે છે. તો દરેકે આવી

સંસ્થાની આર્થિક તેમ જ સામાજિક સ્થિતિનો અભ્યાસ કરવો જોઇએ અને એના ઉંડાણમાં પણ જવાની તસ્દી લેવી જોઇએ. સંસ્થાઓ સામે કરેલા સામાજિક આક્ષેપો કેટલા ટકા સાચા છે ? તેનો વિચાર દરેકે કરવો જ જોઇએ, અને પોતાની જાતને પણ તે સ્થિતિમાં મૂકી વિચાર કરવો જોઇએ.

આજે ઘણા સ્વ. ગિજુભાઇની વાતો કરે છે; પણ દરેક જણ ગિજુભાઇ થઇ શકતા નથી. તેનો ફાળો વગેરે ધ્યાનમાં રાખી તેની કદર, સામાન્ય કક્ષા પર રહીને કરવી જોઇએ. આવી તુલના કર્યા પછી જ તેમની પાસે આપણે કોઇ પણ માગણી કરી શકીએ; તેના વિકાસ માટે તેને પૂરો તક મળવી જોઇએ, સામાન્ય ધોરણપર તેની કાર્ય-શક્તિનું ધોરણ અંકાવું જોઇએ, અને તે વખતે તેની વિચારણા કરવી જોઇએ.

જો આ પ્રમાણે નહીં બને તો પછી પરિણામ શૂન્યમાં જ પરિણમશે, તેમાં શંકાને સ્થાન નથી. કોઇ પણ સંસ્થાની કક્ષા ઇચ્છતા પહેલાં તેની વસ્તુસ્થિતિનો પૂરો અભ્યાસ કરવો જોઇએ. સમાજની પ્રગતિ માટે પ્રથમ દરેક વ્યક્તિએ પોતાની ફરજોનો ખ્યાલ રાખી, ઉચ્ચ કક્ષાએ જવાનો પ્રયત્ન આરંભી દેવો. અને જો આ પ્રયત્ન શરૂ થશે તો સમાજનું દૂષણ અને લેભાગુ વર્ગ પોતાની મેળે દૂર થશે અને સમાજ ઉચ્ચતાને પામશે અને ભવિષ્યની પ્રજા પણ વધુ સંસ્કાર પામશે.

વિનોદ ર. રાવળ

"એમાં શું ?"

શોખ તો ઘણા પ્રકારના હોય છે, પણ કેટલાકમાંથી કુટેવો પણ જન્મે છે. એ કુટેવો ફક્ત બેકાળજી અથવા તો 'એમાં શું ?' એ વૃત્તિમાંથી પણ જન્મે છે. જેમકે જમવા બેસતી વખતે હાથ પગ ધોઇને ન બેઠા, તો તેમાં શું ? પલાંઠી વાળીને શાંતિથી જમવા ન બેઠા, તેમાં શું ? મોઢામાંથી તુંકારો કે અપશબ્દ નીકળી ગયો, તેમાં શું ? ગમે ત્યાં થૂંકયા, તેમાં શું ? જરા જૂઠું બોલાઇ ગયું, તેમાં શું ? કોઇની વસ્તુ લઇ લીધી, તેમાં શું ? આ એમાં શું અને તેમાં શું ? ની નાની અટારીમાંથી જ માણસ અનેક ખૂરી આદતોથી ભરેલા મહાસાગરમાં પડતું મૂકે છે અને પછી તો તે કુટેવોના મહાસાગરમાંથી બહાર આવવા ઇચ્છતો હોય છતાં પછી તો કુટેવો જ એને છોડતી નથી. આ કુટેવોથી માણસને પોતાને તો નુકશાન થયું જ હોય છે, પણ એથી અનેકગણું નુકશાન તો બાળકને થાય છે કે જે એનું અનુકરણ કરે છે. એટલે આ ભૂલકાંઓની ખાતર પણ માણસે કેટલીક બાબતોમાં પોતાની જાત ઉપર અંકુશ મૂકવો જોઇએ.

એક વખત એક ઉમરલાયક પુરુષને હું મળીને એમના ઘરમાંથી બહાર નીકળ્યો ત્યારે તેઓ ઠેઠ બારી સુધી વળાવવા આવ્યા. મેં કહ્યું, આપે શા માટે તસ્દી લીધી ? એમણે કહ્યું, હું નહિ આવું તો મારી વૃધ્ધાવસ્થાને લીધે આપને ખોટું નહિ લાગે પણ આ મારાં ભુલકાં બાળકો એ શીખે એટલા માટે જ હું આવું છું. આનું નામ કેળવણી નાહ તો બીજું શું ?

બાલમુકુંદ ભટ્ટ

બાળકને અવ્યવસ્થા પ્રિય નથી

સાડા છ્શનો ટકોરો વાગ્યો હતો. હું પાટલે બેસી જમતો હતો. ચોકમાં આમ તેમ સાદડીઓ પડી હતી. થાળી, લોટા ને વાટકા એક બાજુ બંડકાયેલાં હતાં

એટલામાં રસેશભાઇ આવ્યા ને તેમને ચોકમાં પડેલી અસ્તવ્યસ્ત વસ્તુઓમાં અવ્યવસ્થા જણાઇ. સુંદર ને સુઘડ ન જણાયું, તેમણે એક પછી એક સાદડી ઉપાડી ને એની નિયત જગાએ વ્યવસ્થિત રીતે સરખી ગોઠવીને મૂકી. પણ આટલેથી તે ન અટકયા. તેમણે લોટા, વાટકા પણ એક બાજુ, અવરજવરમાં અડચણરૂપ ન થાય તે રીતે મૂકયા.

હજીયે તેમને કયાંક અવ્યવસ્થા જણાતી હતી. મને પણ ખ્યાલ નહોતો કે ઘીની બરણીનું ઢાંકણું ઉધાડીને નીચે મૂકેલું હોવાથી સુઘડતાને ખંમીરૂપ છે; પણ રસેશભાઇનું ધ્યાન એવી સૂક્ષ્મ-આપણને નજીવી જણાતી વાત પર-પડયું. તેમને એમાં અવ્યવસ્થા જણાઇ. તેમણે બરણીનું ઢાંકણું લીધું ને બરાબર ઢાંકયું.

આટલું બધું એમણે કયું તે કંઇ અમારા કહેવાથી કે શિખવાડયાથી નહોતું કયું એ તો તેમના અંતરમાં-હૈયામાં જન્મેલી સુવ્યવસ્થાની દૃષ્ટિએ તેમ કરવા તેમને પ્રેર્યા હતા.

મને થયું, આપણે માનીએ છીએ કે બાળકો વ્યવસ્થાને ચોખ્ખાઇમાં શું સમજે ! મારો એ ભ્રમ રસેશભાઇની આવી, ઘણાની નજર ક્ષુલ્લક જણાતી મહાન વાતથી દૂર થયો. મને થયું સાચે જ બાળકો દેવ છે.

ઇશ્વરાચાર્ય

મોટાં થાશું ને જગ દોરશું

ભલે નાનાં નાનાં બાલ અમે આજે રે
કાલ અમે મોટા થાશું ને જગ દોરશું...ભલે.

ખડતલ શરીર, મન મોટું બનાવશું,
હૈયામાં હિત બધી દુનિયાનું ધારશું;
સાચા માનવ બની જીવતર જીવશું રે,
અમે મોટા થાશું ને જગ દોરશું...ભલે.

ઊંચ-નીચ ભેદો આ દુનિયાના ટાળવા,
નાતો, જાતો ને ધર્મવાડાઓ તોડવા;
બધી શક્તિ અમારી વિશ્વ-ચરણે ધરશું રે,
અમે મોટા થાશું ને જગ દોરશું...ભલે.

જગનાં અંધારાં દૂર દૂર હાંકવા,
સાચા તે જ્ઞાનનો દીવો પ્રગટાવવા;
અમે જાતે સળગી ઘેર ઘેર ઘૂમશું રે,
અમે મોટા થાશું ને જગ દોરશું...ભલે.

પૈસાના જોરે આજ માનવી મપાય છે,
કોઈ કરે કામ, કોઇ બેસીને ખાય છે;
કરી સર્વોદય સાચો સમાજ રચશું રે,
અમે મોટા થાશું ને જગ દોરશું...ભલે.

પૂનમચંદ શાહ

ખેડૂત ! તુજને

રોજ કરે તું મહેનત ન્યારા !
ખેડૂત ! તુજને નમું નમું:

અન્નનો દાતા, જગનો ત્રાતા,
ખેડૂત ! તુજને નમું નમું...૧

મોટાં મોટાં ધરતી—ઢેફાં,
ખોજ ખેંચતો જોઉં તને;

કેડ વળેલો થાક ભરેલો,
શાંત ચહેરો, જોઉં તને...૨

વહેલા સાદે ઘંટી—નાદે
ધર, ખેત રે ખેડ કરે;

માટી માંથી મોલ ઉપજે,
'મહેનત જય જય કાર કરે'...૩

આશ્રય તારે ત્યાં કો આવે,
છાશ રોટલો મળે મળે;

હસતું મુખડું તારું મલકે,
પાછું કોઇ કદી ના વળે...૪

નિત્ય ગાઉં હું તારાં ગાન,
ખેડૂત ! તુજને નમું નમું;

અન્નનો દાતા જગનો ત્રાતા,
ખેડૂત ! તુજને નમું નમું...૫

શિશુકુમાર

બાલ મંદિરમાં ગયા:

બા જાગ્યા,
બાપુજી જાગ્યા,
બહેની જાગી,
ભાઇ જાગ્યેા.
બા કહે – બાબાભાઇ, જાગેા.
બા કહે – બેબીબેન, જાગેા.
આળસ મરડી, ભાઇ ઊઠયેા;
બહેનીને ધૂમ પાડી
આનંદથી કહે–
જય જય બા, જય જય ભાઇ:
જય જય બાપુ, જય જય ગાંધી.

(ગાંધીજીનેા ફેાટેા જોઇ)

ભાઇ ! જય જય !
બહેની ! જય જય !
ડીલ ચેાળી,
નાહી ધેાઇ,
વાળ ઓળી,
નાસ્તેા કરી,
બાબાભાઇ તૈયાર થઇ ગયા.
બેબીબેન તૈયાર થઇ ગયા.
બેઉ મેાટરમાં બેસી ગયાં,
બાલમંદિર પહેાંચી ગયાં.

ગુરુજી ! જય જય.
રમેશભાઇ ! જય જય.
કુંજલતા ! જય જય.
સૌ રમવા લાગી ગયાં.
ગીતેા ગાવા લાગ્યાં.
વાતેા કહેવા લાગ્યાં.
રમેશભાઇ–બેબીબેન લખી રહ્યાં;
લખી રહયાં ને ભાઇ રમી રહ્યાં.

—મૂળદેવ પંડયા

નાની બંદૂક

નાની બંદૂક મારી નાની બંદૂક
નાનકડા હાથમાં નાની બંદૂક;
કેવી શેાભે મારા નાનકડા હાથમાં
ખભે લટકાવું મારી નાની બંદૂક.....૧

ઘેાડેા ચડાવીને નિશાન તાકી,
ફડાફડ ફેાડું મારી નાની બંદૂક;
નાને સપાઇ થઇ, ધમધમ ચાલતેા–
'આવી જાવ' 'આવી જાવ' સૌને પડકારતેા.....૨

બા, બાપુ, બેની, સૌએ હરખાશે
'વાહ કેવેા બહાદુર !' કહી મેાઢું મલકાવશે;
નાની બંદૂક મારી નાની બંદૂક
નાનકડા હાથમાં નાની બંદૂક.....૩

શાંતિભાઇ પંડયા

આટલું કરેા છેા ?

પ્રિય બાલમિત્રેા, તમે આટલું કરેા છેા ?
રેાજ સવારમાં વહેલા ઊઠેા છેા ?
દાતણ કરીને નાહેા છેા ?
નાહીને પેાતાના પાઠ તૈયાર કરેા છેા ?
લખવામાં સારા અક્ષરેા કાઢેા છેા ?
બેાલવામાં વિવેક રાખેા છેા ?
શરીરે અને કપડાંથી સ્વચ્છ રહેા છેા ?
મેાટેરાંને માન આપેા છેા ?
હંમેશાં સાચું બેાલેા છેા ?
દીનદુખિયાંને મદદ કરેા છેા ?
રેાજ રેંટિયેા કાંતેા છેા ?

આટલું ન કરતા હેા તેા હવેથી યાદ રાખીને કરજો. એનાથી તમને ઘણેા ફાયદેા થશે; બધાં તમેાને ચાહશે, અને માનથી બેાલાવશે.

પુરુષેાત્તમ હ. પટેલ

સત્યવાદી સુરેશ

નાનું એવું ગામ હતું. તેમાં આજે ડેપ્યુટી સાહેબ આવવાના હતા. નિશાળમાં છોકરાં આમથી તેમ દોડતાં હતાં. માસ્તર પણ હાંફળા ફાંફળા સરભરા માટે દોડા દોડ કરવા મંડી પડયા હતા. વખત થયો, અને ડેપ્યુટી આવ્યા; વિઝીટ કરવા મંડયા. ત્રીજા ધોરણની વિઝીટ; તે ધોરણમાં સુરેશ નામનો એક આઠેક વર્ષનો છોકરો ભણતો હતો. સુરેશ ઉંમરમાં નાનો પણ સાચા બોલો હતો. કદી પણ તે કોઇની જોડે કજિયો કંકાસ કરતો નહિ; કદી પણ નિશાળમાં કે ઘેર ચોરી કરતો નહિ. તેના આવા વર્તનને લીધે, તે સર્વને પ્રિય થઇ પડયો હતો. ડેપ્યુટીએ તેના વર્ગની પરીક્ષા લેવા માંડી. ગણિતનો એક દાખલો લખાવવામાં આવ્યો, અને ડેપ્યુટી સાહેબ બીજા કામમાં લાગ્યા. તેમનું આડું ધ્યાન દેખીને છોકરાઓ અંદર અંદર જોવા લાગ્યા. માસ્તર પણ પરિણામ સારું આવે એ આશાએ કંઇ પણ બોલ્યા નહિ! સાહેબે જ્યારે દાખલો જોયો ત્યારે દરેકનો ખરો દીઠો. એકલા સુરેશનો જ ખોટો પડેલો દીઠો. સાહેબ બધું સમજી ગયા. ફરીથી બીજો લખાવવામાં આવ્યો. તેમાં પણ છોકરાઓ જોઇને લખી લાવ્યા; પણ આ વખતે એવું બન્યું કે, જે છોકરો પહેલે નંબરે પાસ થતો હતો, તે જ છોકરે ખોટો હિસાબ ગણ્યો હતો. સર્વેએ એક પછી એક તેના પ્રમાણે જ દાખલો ગણ્યો, એટલે બધાના જ દાખલા ખોટા પડયા; જ્યારે સુરેશે પોતાની મેળે જ ગણ્યો હતો, એટલે એના એકલાનો જ ખરો પડયો. આથી ડેપ્યુટી સાહેબ ખુશ થઇ ગયા અને બોલ્યા, "છોકરાઓ! હું જોઉં છું કે તમે બધા જ ચોરી કરીને ગણી લાવ્યા છો. જ્યારે આ સુરેશે પોતાની મેળે જ ગણ્યો છે આથી હું ઘણો જ ખુશ થાઉં છું, અને સુરેશનો પહેલો દાખલો પણ ખરો આપું છું. આમ સુરેશને એક ને બદલે બે ખરા મળ્યા. માટે ભાઇઓ! ચોરીને બદલે આપણે જરાક જાતમહેનત કરીશું, તો જ ખરા સફળ થઇશું.

જશભાઇ ઝ. પટેલ.

સ્વરાજ્ય—૧૫ મી ઓગસ્ટ

આપણા હિંદના સુંદર અને આનંદદાયક તહેવારોમાં ૧૫ મી ઓગસ્ટનો દિવસ અત્યંત જરૂરી છે. છેલ્લાં પોણોસો વર્ષથી આપણા હિન્દને પરદેશી લોકોના હાથમાંથી છોડાવવા માટે ઘણા ઘણા નેતાઓએ જુદી જુદી જાતના પ્રયત્નો કરેલા. વર્ષો સુધી સભાઓ ભરીને ઠરાવો ઘડેલા અને અંગ્રેજ સરકારને મોકલેલા. હિંદના દાદા દાદાભાઇ નવરોજી, લોકમાન્ય ટિળક, બિપિનચંદ્ર પાલ, લાલા લજપતરાય, ડો૰ એની બેસંટ, દેશબંધુ દાસ, કવિવર ટાગોર, સુભાષચંદ્ર બોઝ—બધાંએ દેસની સેવા ખાતર જ જીવન ગાળ્યું અને હિંદને સ્વરાજ્ય મળે એવું ઝંખતાં ઝંખતાં તેઓ અવસાન પામ્યા. ૧૯૪૨ પછી હિંદ વધુ જાગ્યું. હિંદના એક છેડેથી બીજા છેડા સુધી હિંદની સ્વતંત્રતા માટે પોકાર ઊઠયો, અને ૧૯૪૭ માં આપણે સ્વરાજ્ય મેળવ્યું.

આખા હિંદમાં ખુશાલી ફેલાઇ ગઇ. લોકોએ આનંદ અને ઉત્સવ કર્યા, રોશનીથી હિંદ ઝળહળી ઊઠયું. પણ એ ખુશાલી લાંબો વખત ન ટકી. હિંદના બાપુ—ગાંધીજીનું વિચિત્ર રીતે મૃત્યુ થયું, હિંદના દરેક વતનીએ દુઃખ અનુભવ્યું; જગત આખાએ એમના મૃત્યુ પાછળ આંસુ સાર્યાં. હજારો અને લાખો સ્થળે નાની અને મોટી સભાઓ થઇ અને એમનાં ગુણગાન ગવાયાં...

પણ સ્વરાજ્યનો સાચો આનંદ આપણાં મોં ઉપર કયાં છે? ગાંધીજી અને ટાગોરના નામથી શોભતું હિંદ અને હિંદીઓ, આપણે હજુ કયાં બન્યા છીએ? આપણે કેટલા હિંદીઓને હજુ સત્ય, અહિંસા, સર્વપ્રેમ, દુઃખીની સેવા—ગાંધી-

જીના એ બધા મંત્રો ઝીલ્યા છે ! આપણે કયાં હજુ બીજા પ્રાંતના ભાઇઓને સમાનભાઇ ગણીએ છીએ, આપણે કયાં હજુ મુસલીમ બિરાદરોને મિત્ર બનાવ્યા છે ! આપણે કયાં હજુ હરિજનોને ઉલ્લાસથી આમંત્રણ આપીએ છીએ ! આપણે કયાં હજુ ગામડાંમાં જઇ ગરીબોની સાથે આનંદ કરતાં થયા છીએ ! આપણે કયાં હજુ રાત અને દિવસ આપણી વહાલી માતૃભૂમિનો વિચાર કરીએ છીએ ?

અને આ બધું ન થાય તો સ્વરાજ્ય મળ્યું શું કામનું ! સ્વરાજ્ય એટલે આનંદ; આપણે બીજાને આનંદી બનાવીએ છીએ ? સ્વરાજ્ય એટલે સુંદર જીવન; આપણે સાચા નાગરિક છીએ ? હિંદનું સ્વરાજ્ય એટલે હિંદમાં કોઇ દુ:ખી ભાઇબેન ન રહે તે; આપણે બીજાં દુ:ખીને મદદ કરીએ છીએ ? સ્વરાજ્ય એટલે તંદુરસ્તી; આપણે દરેક બાળકને તંદુરસ્ત જોઇએ છીએ ? સ્વરાજ્ય એટલે માતૃભાષા પરનો પ્રેમ; આપણે હિંદી શીખવા માંડયા છીએ ! સ્વરાજ્ય એટલે સ્વદેશી; આપણે દેશમાં બનતી ચીજો વધુ વાપરીએ છીએ ? સ્વરાજ્ય એટલે સૌ થોડું ઘણું પણ ભણેલા હોય તે; આપણે અભણને ભણાવીએ છીએ ? સ્વરાજ્ય એટલે ભાઇચારો; આપણે બધા જુદા જુદા ધર્મ, જાતિ, પહેરવેશ, ભાષા, રંગ, રિવાજના લોકોની સાથે ભાઇબંધી બાંધી છે !

હિંદ સુંદર, મહાન, પવિત્ર દેશ છે. એ હિંદ આજે સ્વતંત્ર છે, એને સ્વરાજ્ય મળ્યું છે. એના આનંદમાં આપણે દરેક જણ સુંદર જીવન ગાળતા નાગરિક થઇશું અને દેશની નાની મોટી સેવા કરવામાં આનંદ માનશું તો જ આપણા ગાંધીજી અને આપણી હિંદ માતા આપણને જોઇ ખરો આનંદ પામશે. આપણે દરેક એવા વિદ્યાર્થી થવાનું યાદ રાખીશું તો જ પંદરમી ઓગસ્ટનો દિવસ સાચો, યાદગાર ગણાશે.

જમુભાઇ દાણી

સિંહ

હું છું સિંહ, વનનો રાજા,
છે ગરદન પર વાળ;
ઘોર ઘન જંગલ-પહાડમાં
રહે તો સદા કાળ.

ધીમે ધીમે ચાલું હું તો
રાજા જેવી ચાલ;
મને જોઇને પશુઓ સર્વે
થઇ જાતાં બેહાલ.

મારી મોટી એવી ગર્જના
જે કોઇ સાંભળતા;
ભયના માર્યા સુધબુધ ખોતાં
થરથર કંપંતા.

હું તો ખાઉં પશુ ને પ્રાણી
જે આવે તે લઇ જાઉં તાણી;

માણસ આવે, પશુઓ આવે
ન ફરી પાછા કો ઘર જાવે.

નિર્મળા ચંપકલાલ શાહ

બાલમંદિરો માટે સાધનો

બાલમંદિરો માટે સાધનો ખરીદતાં પહેલાં અમારું સૂચિપત્ર મંગાવો.
દરેક સાધન શાસ્ત્રીય પધ્ધતિથી નિષ્ણાતોની નજર તળે બનાવવામાં આવે છે.
સૂચિપત્રમાં જણાવેલા ભાવ ઉપર બાલ મંદિરોને ૬૦ ટકા કમિશન આપવામાં આવે છે
લખો-મંગાવો.
નૂતન શિક્ષણ—સાધનાલય, એન્ડ આર્ટ વર્કસ લી.
સુરેન્દ્રનગર—સૌરાષ્ટ્ર

(બીજા પૃષ્ઠાનું ચાલુ)

અને બાલકેળવણીને અંગે અનેક પ્રશ્નોની ચર્ચા થઇ હતી, અને પોતાના અનુભવોનું દર્શન ઘણાએ રજૂ કર્યું હતું. આવાં સંમેલનો ઘણાં ભરાય એ ઇચ્છવા યોગ્ય છે.

નુ. બા. શિ. સંઘ

વ્યવસ્થાપક મંડળનના ઠરાવો

સંઘની વ્ય. મંડળની બેઠક અવાર નવાર મળે છે. તે વેળા જે કામ થાય છે તેની માહિતી ઘણા મિત્રો પૂછાવે છે. આથી આ વેળા એની ટૂંકી માહિતી અહીં રજુ કરીએ છીએ:-

૧. સંઘ-વ્યવસ્થાપક સભાનો પ્રથમ ઠરાવ સદ્‌ગત મનુભાઇ હંકકરના દુઃખદ અને અકાળ અવસાન માટે શોક પ્રદર્શિત કરનારો હતો. સ્વ૦ મનુભાઇ સંઘના સહમંત્રી બાબીબેન મૂળજીના જ્યેષ્ઠ પુત્ર હતા. સંઘનાં પ્રકાશનો વગેરેની અનેક બાબતોમાં એમણે સંઘને કીમતી સલાહ અને સૂચના આપી માર્ગદર્શન કરાવ્યું હતું. મનુભાઇના આટલી નાની વયે થયેલ અવસાનથી અનેક કલાકારોએ સાચો મિત્ર અને કલાપ્રેમી ગુમાવ્યો છે. હિંદની કલા જરાય કલુષિત ન થાય એ એમની રાત દિવસની ઝંખના હતી. એમની અનેકવિધ પ્રવૃત્તિમાં એમણે કળાની સેવાને જ જીવનનો ખરો આનંદ માન્યો હતો...એમનાં કુટુમ્બીઓને આ અસહ્ય આઘાત સહેવાની પ્રભુ શકિત આપો; સ્વર્ગસ્થને ચિરશાંતિ બક્ષો.

૨. વ્ય. સભાનો બીજો ઠરાવ શ્રી. તારાબેનને નુ. બા. શિ. સંઘના પ્રતિનિધિ તરીકે ધ્રટલીમાં ભરાનાર આંતર રાષ્ટ્રીય પરિષદમાં મોકલવા અંગેનો હતો. વ્ય. મંડળે ચારથી છ માસની રજા આને માટે મંજૂર કરી છે.

૩. એમની ગેરહાજરી દરમિયાન નીચે પ્રમાણે કાર્યોની યોજના કરવામાં આવી છે:-

બોરડીના બા. બા. શિ. કેન્દ્રના સંચાલક તેમ જ બા. બા. અધ્યાપન મંદિરના મુખ્ય અધ્યાપક તરીકે શ્રી. સ. આ. કેળકરને નીમવામાં આવ્યા છે. સંઘના મુખ્ય મંત્રીનું કાર્યાલય બોરડીમાં જ ચાલુ રહેશે અને શ્રી સરલાદેવી સારાભાઇની સલાહથી એ કામકાજ થશે.

નિરીક્ષણને અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું હતું:-જોડાયેલી શાળાઓ અંગે પત્રવ્યવહાર શ્રી૦ કેળકર કરશે. નિરીક્ષણ કર્યા પછી એક માસની અંદર નિરીક્ષકો પોતાની નોંધ તે તે શાખા ઉપર મોકલી આપશે. સુબંધની શાખાઓના નિરીક્ષણ માટે શ્રી સરલાતાઇ દેવધર સાથે શ્રી સરોજબેન પોધ અને શ્રી. નામલેએ ભાગ લેવા એવી તેમને વિનતિ થઇ હતી. સૌરાષ્ટ્ર, ઉ-તર ગુજરાત તથા અમદાવાદની શાળાઓ તપાસવા માટે શ્રી. રામૂભાઇ પાઠક સાથે નર્મદાબેન રાવળને નિરીક્ષક તરીકે નીમવામાં આવ્યાં છે.

૪. ગુજરાતી શિક્ષણપત્રિકાનું તંત્રી-કામ શ્રી જમુભાઇ દાણીને સોંપાયું; શ્રી નામલે તેમને સહાય કરે એવી વિનતિ થઇ. મરાઠી પત્રિકાના તંત્રી તરીકેનું કામ શ્રી ભાસ્કર કર્વેને સોંપાયું અને શ્રી અનુતાઇ વાઘ એમના મેહનતાણા નિગત થયા; હિંદી પત્રિકાનું કામ શ્રી કાશીનાથજીને હસ્તક રહેશે.

તારાબેનની ગેરહાજરી દરમિયાન બોરડીના બા. બા. અ. મંદિરમાં સહાય કરવા માટે ભાઇશ્રી કમળાશંકર પંડિત વડોદરાથી આવ્યા છે એ નોંધવા જેવી વાત છે.

સુરત જિલ્લા બોર્ડે શ્રી. ગોવિંદભાઇ પટેલને બા. બા. શિ. કેન્દ્રના બુનિયાદી શાળાના પ્રયોગ માટે ત્રણ માટે વર્ષ માટે લોન તરીકે આપ્યા છે; આથી એમની નિમણૂક બુનિયાદી શાળા માટે કરવામાં આવી.

શ્રી નાનુભાઇ ભારદ્વાજ હવેથી બોરડી બાલવાડીના શિક્ષક તરીકે કામ કરશે.

શ્રી. અનુતાઇ વાઘ દાદરના શિશુવિહારમાં એપ્રિલ સુધી અધ્યાપન મંદિરનો અભ્યાસ કરવા જાય છે; સંઘે તેમને શિષ્યવૃત્તિ સાથે આ માટેની જરૂરી રજા આપી છે.

Regd. NO. 2241

આગ અકસ્માત જિંદગી

મોટર દરિયાઇ વર્કમેન્સ કોમ્પેન્સેશન
સર્વ પ્રકારનું વીમાકામ
સરળ શરતોથી થાય છે.
લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને
સંતોષકારક મહેનતાણું :
એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય મંગાવો.

ધી ઇન્ડીઅન ગ્લોબ ઇન્સ્યુરન્સ કં. લી.

—:હેડ ઑફિસ:—
૩૧૫-૩૨૧ પ્રોસ્પેકટ ચેમ્બર્સ, હૉર્નબી રોડ,
મુંબઈ.

નૂતન કેળવણીનાં સિદ્ધાંતોને અનુસરતી શાળાઓને ઉપયોગી એવું શિક્ષણસાહિત્ય, બાલ-મંદિર અને નર્સરી સ્કુલનું પ્રબોધક સાહિત્ય, જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિઓ માટેનાં સાધનો, નકશા અને ચિત્રપટના લીસ્ટ માટે લખો અથવા આ બધું નજર સમક્ષ જોવા અવશ્ય મુલાકાત લ્યો.

જેચંદ તલકશી એન્ડ સન્સ,

૧૪૬, હૉર્નબી રોડ, મુંબઈ ૧.

ટે. નં. ૨૦૪૪૩ ટેલીગ્રામ: Deshikothi

ક્યાંથી ખરીદી કરશો?

મુંબઇના
સૌથી અપ-ટુ-ડેટ-મિનિટ સ્ટોરમાં
ઝડપ સાથે ખાત્રી પૂર્વક
ખરીદી કરવા પધારો
સુતરાઉ, ગરમ તથા રેશમી કાપડ
ફર્નીશીંગ તથા હાઉસહોલ્ડ લિનન
બનારસી સિલ્ક સાડીઓ, જુદા જુદા
દિલજીત રંગોમાં – બ્લાઉઝ પીસીઝ,
લેધર ગુડ્ઝ
ભેટ આપવા લાયક નોવેલ્ટીઝ
ઊંચી ક્વૉલિટીનો માલ
વાજબી ભાવથી મળશે.

બૉમ્બે સ્વદેશી કોઓપરેટીવ સ્ટોર્સ, લિમિટેડ.

સર ફિરોઝશાહ મહેતા રોડ, ફોર્ટ મુંબઈ.

: શાખાઓ :

મહાત્મા ગાંધી રોડ, પૂના — જેમ્સ સ્ટ્રીટ, સિકન્દરાબાદ

શિક્ષણ પત્રિકાના કાર્યાલયમાં નીચેનાં પ્રકાશનો મળી શકશે.

છ વર્ષ સુધીનાં બાળકો માટે

બીકણ સસલી–ચિત્ર વાર્તા. કિં. રુ. ૧–૮–૦
બાલશિક્ષણવિધાતા સ્વ. શ્રી. ગિજુભાઇનાં મૂળ તાલબદ્ધ લખાણો સાથે (ત્રણ રંગમાં છપાએલી.)
ગણિત કાપલીઓનો ધરગથ્થુ સેટ કિ. રુ. ૧
એમાં આર્ટ પેપરવાળા, સરવાળા બાદબાકી અને ગુણાકારના ચાર્ટસ તથા ૨૦૦ કાપલીઓ આવે છે.
ગણિત કાપલીઓનો બાળમંદિર સેટ કિ. રુ. ૩૦
એમાં સરવાળા, બાદબાકી અને ગુણાકારના પૂઠાપર ચોંટાડેલા ચાર્ટસ તથા ૯૪૦૦ કાપલીઓનો સમાવેશ કર્યો છે.
એકાંકી ગણિતની કરંડીની રમતોની કાપલીઓ કિ. રુ. ૧
સરવાળા બાદબાકી અને ગુણાકારના છુટ્ટા ચાર્ટસ કિ. રુ ૨–૦–૦
મૂળાક્ષર પરિચય–ધરગથ્થુ સેટ. કિ. રુ. ૧–૮–૦
એમાં મૂળાક્ષરોના દસ તકતાઓ તથા
એક મૂળાક્ષર પોથીનો (ત્રિરંગી) સમાવેશ થાય છે.
મૂળાક્ષર પરિચય બાળમંદિર સેટ. કિ. રુ. ૩–૦–૦
એમાં તકતાઓ માટે જાડું પૂઠું વાપર્યું છે.
અક્ષરજ્ઞાન પોથી છૂટક. કિં રુ. ૦–૮–૦
મૂળાક્ષર તકતાઓ–છૂટક જાડું પૂઠું ૨–૮–૦ અને
પાતળું પૂઠું ૧–૮–૦
વી. પી. નું ખરચ જુદું ગણાશે.
લખો. મંત્રી નૂતન બાળશિક્ષણ સંઘ
શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ, ૬.

પ્રકાશક:–શ્રી બાબીજીન મૂળજી, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ. ૬
મુદ્રણસ્થળ–રા. પ્રુ. આર્ય પ્રકાશ પ્રેસ, કાકડવાડી, મુંબઇ ૪.

નૂતન બાલશિક્ષણ સંઘદ્વારા પ્રકાશિત

શિક્ષણપત્રિકા

વર્ષ ૨૪ : : સપ્ટેમ્બર ૧૯૪૯ : : અંક ૯ મો

બાળકની દિવ્યતા

"બાળક એટલે પ્રફુલ્લતા
બાળક એટલે હાસ્ય
બાળક એટલે તરવરાટ
બાળક એટલે કિલ્લોલ
બાળક એટલે ઉત્સાહ
બાળક એટલે જિજ્ઞાસા
બાળક એટલે નિર્દોષિતા
બાળક એટલે આનંદ
બાળક એટલે પ્રેમ
બાળક એટલે આશા
બાળક એટલે સુંદરતા
બાળક એટલે સ્વપ્ન
બાળક એટલે પ્રવૃત્તિ
બાળક એટલે ઉલ્લાસ
બાળક એટલે મજા
બાળક એટલે મજુરા."

જ. દ્વા.

વાર્ષિક લવાજમ ચાર રૂપિયા
છૂટક નકલ સાત આના

: વ્યવસ્થાની :
રવ. ગિજુભાઈ બધેકા

: સહસંપાદક :
જમુભાઈ દાણી

: સંપાદક :
તારાબેન મોડક

અનુક્રમણિકા

મુખ્ય વિભાગ

૧. આઠમી મૉન્ટેસોરી પરિષદ.....તારાબેન
૨. બાળમંદિરમાં વ્યાકરણ શિક્ષણ.....નાગલે
૩. પૂ. બા. પગાર ધોરણસમિતિનો અહેવાલ
૪. એક માતાની નોંધ.....બી. બ.
૫. જતાં આવતાં.....તા.
૬. એક પ્રયોગ.....અમૃતભાઇ જાની
૭. નૂ. બા. શિ. સંઘ.....તા.

બાલ વિભાગ

૧. અભિનય ગીત.....બાબીબેન મૂલજી
૨. નાળિયેરી.....દેવમાની ભટ્ટ
૩. રમણુ કે છગન.....જશુભાઇ પરેલ
૪. દિલની પ્રાર્થના.....બાબાભાઇ ઠેબી

સંપાદકની નોંધ

શ્રી. તારાબેનનો પ્રવાસ

ઇટલીની પરિષદનું કાર્ય પૂરું કરી શ્રી. તારાબેન પ્રવાસમાં આગળ વધી રહ્યા છે. ફ્લોરેન્સ, વેનિસ, મિલાન થઇને જીનીવાથી લેખો મોકલી રહ્યા છે. જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં નૂ. બા. શિ. સંઘના કાર્યનો પરિચય આપતા જાય છે અને નવું નવું જોઇ જોઇ કલમથી કાગળ ઉપર ઉતારી રહ્યા છે. આ અંકમાં એમનું થોડું રજૂ થાય છે. વધુ આવતા અંકોમાં પ્રગટ થશે. આપણો સંઘ-નાદ યુરોપમાં ગાજતો કરવા માટે શ્રી. તારાબેનને અભિનંદન!

ડૉ. મૉન્ટેસોરીની જન્મતિથિ

ગઇ તા. ૩૧મીના રોજ જગતને અનેક શહેરે ડૉ. મૉન્ટેસોરીની ૮૦મી જન્મજયંતિ ઉજવાઇ. આપણાં સૌ વતી શ્રી. તારાબેને તે પુણ્યદિને ત્યાં મેડમને ફૂલહાર અને કેક આપ્યાં. મુંબઇમાં પણ એ પ્રસંગ ઉજવાયો; જે બાલપ્રેમીઓએ પોતાનું આખું જીવન જગતનાં બાળકોમાં રહેલી દિવ્યતા અને પ્રભુતા બતાવવામાં ખરચ્યું છે એ ઘણું ઘણું જીવો અને જગતને નવપ્રકાશ આપો. એમને આપણા સૌનાં કોટિ કોટિ અભિનંદના! અભિનંદન!

બાળકેળવણી કાર્યકર સંમેલન

ગયા માસની સોળમી અને સત્તરમીએ વઢવાણમાં સમસ્ત ગુજરાત અને કાઠિયાવાડના બાળશિક્ષકોનું એક સંમેલન શ્રી. વજુભાઇ દવે તથા વઢવાણના બાળકેળવણીમાં રસ ધરાવતા અન્ય મિત્રોના ઉત્સાહથી યોજવામાં આવ્યું હતું. સંમેલનમાં પૂ. નાનાભાઇ તથા સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાના મંત્રી શ્રી. બળવંતરાય ઠાકર તથા શ્રી. પુષ્પાબેન મહેતા અને અન્ય કેળવણી અધિકારીઓએ હાજરી આપી હતી. ગુજરાત, કાઠિયાવાડને ખૂણે ખૂણેથી તથા મુંબઇનાં અગી કુલ સો ઉપરાન્ત શિક્ષકોએ હાજરી આપી હતી. સંમેલન અવિધિસર હોવાથી કોઇપણ જાતના ઠરાવો કરવાનું ન હતું પરંતુ સંમેલનમાં જે કંઇ ચર્ચા થઇ તેમાં બે મુદ્દાપર ચર્ચાનો રસ ખૂબ જામ્યો હતો. (૧) સ્વ. મિઠુભાઇ પ્રણીત નૂતન બાળકેળવણી અને સ્વ. બાપુજી પ્રણીત નઇ તાલીમની મર્યાદાઓ (૨) નૂતન બાળકેળવણીની સંસ્થાઓ કઇ રીતે આગળ પ્રગતિ કરે.

પહેલા પ્રશ્નની ચર્ચામાં શ્રી. નાગલે, શ્રી. વજુભાઇ, શ્રી. નરેન્દ્રભાઇ, શ્રી. ચંદુભાઇ વગેરેએ ભાગ લીધો હતો. ગુજરાતના નઇ તાલીમ સંઘવાળા શ્રી. બબલભાઇ મહેતાએ અને ઠરાડીવાળા શ્રી. લાભશંકરભાઇએ આમાં સુંદર સ્પષ્ટતા કરી હતી. ચર્ચાને અંતે નૂ. બા. કેળવણીના અને નઇ તાલીમના સિધ્ધાન્તો નવા માનવની સર્વાંગી કેળ-

(વધુ માટે જુઓ પાનું ૧૨ મું)

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૪ : અંક ૯] મુંબઈ [સપ્ટેમ્બર, ૧૯૪૯

આઠમી આંતરરાષ્ટ્રીય મોન્ટેસોરી પરિષદ

૧૯૨૩ ની સાલમાં હું ભાવનગર મઇ ત્યારે મેડમ મોન્ટેસોરીનું સાહિત્ય અને મોન્ટેસોરીની શાળાઓ ને તેમના પૂર્વાચાર્યો વિષેનું ઘણું ઘણું વાંચ્યું. તે જ વખતે એવી તીવ્ર ઇચ્છા મનમાં જાગેલી કે મેડમ મોન્ટેસોરીનાં પ્રત્યક્ષ દર્શન કરવાં જ જોઇએ, ને તેમનું યુરોપનું કામ નજરોનજર જોવું જ જોઇએ. તે વગર જિંદગી પૂરી કરીશ તો જાણે જીવનમાં એક ઇચ્છા અપૂર્ણ રહી જશે. તે વખતે સ્વ. ગિજુભાઇને પણ, કોઇ વખતે જવાય તો જઇશું એમ રહેતું હતું. પણ તેમની નજર આગળ ત્યાંનું જ કામ ખૂબ રહેતું; તેમનું મન, સાહિત્ય-લેખનમાં જ ખાસ કરી ગૂંથાયેલું રહેતું હતું અને તેથી હું માનું છું કે મારા જેટલી તીવ્રતા તેમનામાં ન હતી.

વરસો વહી ગયાં. આસ્તે આસ્તે મારી યુરોપની પ્રવાસની ઇચ્છા ધીમી પડતી ગઇ. સ્વ. ગિજુભાઇના સ્વર્ગવાસને કારણે મારા પર કામનો બોજો આવી પડયો ને દિવસે દિવસે એ વધતો ગયો. મારી કૌટુંબિક પરિસ્થિતિને કારણે પણ એ બધું અઘરું જ બની રહ્યું હતું. એટલે ૧૯૪૮ ના સપ્ટેમ્બરમાં જ્યારે મોન્ટેસોરીને નામે આઠમી મોન્ટે. કોન્ફરંસનું આમંત્રણ મારા પર આવ્યું ત્યારે સહેજ પણ વિચાર આવેલો નહીં કે હું એ માટે જઇશ. તે જ અરસામાં યુનેસ્કો તરફથી પણ એક આમંત્રણ આવેલું. તેને વિષે પણ મેં કંઇ ખાસ વિચાર કર્યો નહીં. તે વખતે મુંબઇમાં ઊજવાનાર બાલશિક્ષણ નગરના કામમાં જ હું પૂર્ણતઃ ગૂંથાયેલી હતી.

બાલશિક્ષણ નગરના કાર્યક્રમમાં મેડમનાં વ્યાખ્યાનો રખાયાં હતાં તેથી તેઓ ત્યાં આવ્યાં, આખું વાતાવરણ મોન્ટેસોરીના —શિક્ષણ-વિચારોથી ભરાયેલું હતું. આ વખતે શ્રી. સરલાબેન સારાભાઇના મનમાં આ વિચાર સૌથી પહેલાં આવ્યો કે આ પરિષદમાં શ્રી. નાનાભાઇ. શ્રી. આશાદેવીએ તેમ જ મારે જવું, તે ઉપરથી ને તેમની જ સૂચનાથી મારા પર આમંત્રણ આવ્યું હતું. તેમણે તે વખતે, મુંબઇ સરકાર તેમ જ સૌરાષ્ટ્ર સરકાર મુ. નાનાભાઇને અને મને મોકલે એ સંબંધમાં પ્રયત્ન કરેલો; તેમણે ત્યારે જે વાત કરી તેનાથી તો મને એ સંબંધમાં ખાસ ઉત્સાહ આવ્યો નહીં, પણ જવાનું થાય તો ઠીક એટલું જ લાગેલું.

તે વખતે પરિષદ બંધ રહી, પછી એપ્રિલમાં ફરીથી પરિષદ ભરાવાની વાત કાને આવી. તે વખતે ઓકટોબરમાં થયેલી વાતો પાછી જાગૃત થઇ. શ્રી. સરલાબેને ફરીથી મારી ઉપરના આમંત્રણ વિષે પૂછાવ્યું એટલે ઇટાલીથી મારા પર આમંત્રણ આવ્યું. હવે જવાની ઇચ્છા વધુ થવા લાગી. પણ જવાનું સાધન ક્યાંથી મેળવવું ? એ પ્રશ્ન સામે આવ્યો. અને યદૃચ્છાએ કંઇ બની જાય તો જવું, નહીં તો કંઇ નહીં; એ વૃત્તિ રાખી. એમ તો લાગતું જ હતું કે સરકાર ને મિત્રો મળીને પ્રવાસ શકય કરી આપે તો સારું પણ તેની પૂરી શકયતા લાગતી ન હતી.

આવામાં મારા અન્તેવાસી કાર્યકર્તાઓએ વિચાર સુઝાડયો; તે કહે, 'અમે બધાં મળીને તમારા માટે દસ દસ રૂપિયાનો ફાળો કરીને તમારો પ્રવાસ નિધિ ઊભો કરીએ; તમે રજા આપો; અમે પત્રક કાઢીશું અને જરૂર ફાળો ભેગો થઇ જશે.'

એ લોકોના ઉત્સાહથી અને ખંતથી મારામાં પણ સ્ફૂર્તિ જાગૃત થઇ. મને થયું કે હું પોતે જ મારા મિત્રો અને વિદ્યાર્થીઓ પાસે માગું તો કદાચ જલ્દી પ્રત્યુત્તર મળશે. તરત શ્રી. સરલાબેનની

અનુક્રમણિકા

મુખ્ય વિભાગ

૧. આઠમી મૉન્ટેસોરી પરિષદ.....તારાબેન
૨. બાળમંદિરમાં વ્યાકરણ શિક્ષણ.....નામલે
૩. પૂ. બા. પગાર ધોરણસમિતિનો અહેવાલ
૪. એક માતાની નોંધ.....બી. બ.
૫. જતાં આવતાં.....તા.
૬. એક પ્રયોગ.....અમૃતલાલ જાની
૭. નૂ. બા. શિ. સંઘ.....તા.

બાલ વિભાગ

૧. અભિનય ગીત.....બાબીબેન મૂલજી
૨. નાળિયેરી.....દેવયાની ભટ્ટ
૩. રમણ કે છગન.....જશુભાઇ પટેલ
૪. દિલની પ્રાર્થના.....બાબાભાઇ ઠેકી

સંપાદકની નોંધ

શ્રી. તારાબેનનો પ્રવાસ

પટલીની પરિષદનું કાર્ય પૂરું કરી શ્રી. તારાબેન પ્રવાસમાં આગળ વધી રહ્યા છે. ફ્લોરેન્સ, વેનિસ, મિલાન થઇને જીનીવાથી લેખો મોકલી રહ્યા છે. જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં નૂ. બા. શિ. સંઘના કાર્યનો પરિચય આપતા જાય છે અને નવું નવું જોઇ જોઇ કલમથી કાગળ ઉપર ઉતારી રહ્યા છે. આ અંકમાં એમનું થોડું રજૂ થાય છે. વધુ આવતા અંકોમાં પ્રગટ થશે. આપણો સંઘનાદ યુરોપમાં ગાજતો કરવા માટે શ્રી. તારાબેનને અભિનંદન !

ડો. મૉન્ટેસોરીની જન્મતિથિ

ગઇ તા. ૩૧મીના રોજ જગતને અનેક શહેરે ડો. મોન્ટેસોરીની ૮૦મી જન્મજયંતિ ઉજવાઇ. આપણાં સૌ વતી શ્રી. તારાબેને તે પુણ્યદિને ત્યાં મેડમને ફૂલહાર અને કેક આપ્યાં. મુંબઇમાં પણ એ પ્રસંગ ઉજવાયો; જે બાલપ્રેમીએ પોતાનું આખું જીવન જગતનાં બાળકોમાં રહેલી દિવ્યતા અને પ્રભુતા બતાવવામાં ખરચ્યું છે એ ઘણું ઘણું જીવો અને જગતને નવપ્રકાશ આપો. એમને આપણા સૌનાં કોટિ કોટિ અભિનંદના ! અભિનંદન !

બાળકેળવણી કાર્યકર સંમેલન

ગયા માસની સોળમી અને સત્તરમીએ વઢવાણમાં સમસ્ત ગુજરાત અને કાઠિયાવાડના બાળશિક્ષકોનું એક સંમેલન શ્રી. વજુભાઇ દવે તથા વઢવાણના બાળકેળવણીમાં રસ ધરાવતા અન્ય મિત્રોના ઉત્સાહથી યોજવામાં આવ્યું હતું. સંમેલનમાં પૂ. નાનાભાઇ તથા સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાના મંત્રી શ્રી. બળવંતરાય ઠાકર તથા શ્રી. પુષ્પાબેન મહેતા અને અન્ય કેળવણી અધિકારીઓએ હાજરી આપી હતી. ગુજરાત, કાઠિયાવાડને ખૂણે ખૂણેથી તથા મુંબઇના અગી કુલ સો ઉપરાન્ત શિક્ષકોએ હાજરી આપી હતી. સંમેલન અધિવેસર હોવાથી કોઇપણ જાતના ઠરાવો કરવાનું ન હતું પરંતુ સંમેલનમાં જે કંઇ ચર્ચા થઇ તેમાં બે મુદ્દાપર ચર્ચાનો રસ ખૂબ જામ્યો હતો. (૧) સ્વ. ગિજુભાઇ પ્રણીત નૂતન બાળકેળવણી અને સ્વ. બાપુજી પ્રણીત નઇ તાલીમની મર્યાદાઓ (૨) નૂતન બાળકેળવણીની સંસ્થાઓ કઇ રીતે આગળ પ્રગતિ કરે.

પહેલા પ્રશ્નની ચર્ચામાં શ્રી. નામલે, શ્રી. વજુભાઇ, શ્રી. નરેન્દ્રભાઇ, શ્રી. ચંદુભાઇ વગેરેએ ભાગ લીધો હતો. ગુજરાતના નઇ તાલીમ સંઘવાળા શ્રી. બબલભાઇ મહેતાએ અને કરાડીવાળા શ્રી. લાભશંકરભાઇએ આમાં સુંદર સ્પષ્ટતા કરી હતી. ચર્ચાને અંતે નૂ. બા. કેળવણીના અને નઇ તાલીમના સિધ્ધાન્તો નવા માનવની સર્વાંગી કેળ-

(વધુ માટે જુઓ પાનું ૧૨ મું)

સલાહ લીધી અને વિજ્ઞપ્તિ પત્રિકા બહાર પાડી. એક મહિનાની અંદર યુરોપના પ્રવાસ પૂરતી રકમ બહુ જ પ્રેમ અને ભાવપૂર્વક ભેગી થઇ અને હું તા. ૧૫ મી ઓગસ્ટે રાત્રે ૧૧ વાગ્યે વિમાન માર્ગે યુરોપ ભણી ઉપડી. આ બધું એટલા થોડા વખતમાં બની ગયું કે હજી પણ એ એક સ્વપ્નું આવ્યુ હોય એમ જ લાગે છે. ૧૯૨૩/૨૪ સાલમાં જે ઉત્કંઠા ને તનમનાટ હતા એટલા આજે રહ્યાં નથી. છતાંય જવાનું થયું તેથી મનને આનંદ તો થયો જ. અને અહીં આવીને પરિષદમાં પ્રત્યક્ષ ભાગ લીધા પછી તો તે દ્વિગુણિત થયો છે.

અમે એકંદરે ૭ જણાં હિંદમાંથી આ પરિષદ માટે આવ્યાં હીએ. શિલાણીના શ્રી. રાધા રમણ ને અમદાવાદના શ્રી. હરપ્રસાદ ભટ્ટ અમારી પહેલાં બે દિવસે અહીં આવી પહોંચ્યા હતા. કારણ પ્રદર્શન ગોઠવવાના કામમાં મદદ કરવા માટે તેમને કહેવામાં આવ્યું હતું. શ્રી ધનુભેન શાહ, શ્રી. શશીકલા પંડિત અને હું નેપલ્સ તેમ જ રોમ જઇને તા. ૨૦ મીએ અહીં આવી પહોંચ્યા. શ્રી. કાશીનાથજી ત્રિવેદી તા. ૧૮ મીએ મુંબઇથી નીકળી, રોમમાં અમારી સાથે થઇ ગયા.

સિલોનથી શ્રી. લીના વિક્રમરત્ન, કુ. હેપ્સિ ગુણશેખર તથા શ્રી. કારમન ગુણશેખર એમ ત્રણ બેનો આવી છે. સિંગાપુરથી આ બાજુએ આવતા એક ભાઇ પણ તેમની સાથે અહીં સુધી પરિષદમાં આવી ગયા. લેબનોનમાંથી એક કાર્યકર્તા બાસ આવ્યા હતા. આમ અમે ૧૨ જણા એશિયામાંથી પરિષદમાં આવ્યા મણીએ. એ-ઉપરાંત, અમદાવાદના શ્રી. મનોરમાબેન સારાભાઇ અને શ્રી. લીલીબેન લાલભાઇ પણ બે દિવસ માટે આવી ગયાં. હિન્દુસ્તાન સરકારની સૂચનાથી ઇટલીમાંના હિંદી એલચી ડૉ. મણિ, હિંદના પ્રતિનિધિ તરીકે રોમથી સેનરેમો આવ્યા હતા.

આ પરિષદમાં એકંદરે ૨૦ દેશોમાંથી ૫૦૦ પ્રતિનિધિઓ આવ્યા હતા. તેમાં એશિયા ઉપરાંત દૂરના ખંડના બે જ હતા. એક મેક્સિકો અને બીજા ચાટામારા (દક્ષિણ અમેરિકા)ની સરકારે મોકલેલા પ્રતિનિધિઓ હતા. બીજા બધા યુરોપના દેશોમાંથી આવેલા હતા. તેમાં ખાસ કરીને, સ્વીડન, સ્વીટઝરલેન્ડ, હોલેન્ડ, ફ્રાન્સ અને ઇંગ્લેંડમાં ઘણું જ કામ ચાલી રહ્યું હોય એમ-પ્રદર્શન અને વ્યાખ્યાનો પરથી લાગ્યું. ભાષણો સ્વાભાવિકપણે ઇટલિયન ભાષામાં વધારેમાં વધારે થયાં. ઇટલીના ઘણા જ વિદ્વાન પ્રોફેસરો, ધર્મગુરુઓ અને પાર્લમેન્ટના સભ્યો કેળવણીમંત્રી અને કેળવણીઅધિકારીઓએ પણ ત્યાં ભાષણો આપ્યાં. યુનેસ્કો તરફથી એક પ્રતિનિધિ બાસ એક દિવસ માટે આવીને યુનેસ્કોનો સંદેશો આપી ગયા. ૧૩ વર્ષ પછી આ આન્તરરાષ્ટ્રીય પરિષદ મળી હતી. વચ્ચેના યુધ્ધ કાળમાં યુરોપમાં બધે ભેદાનભેદાન થઇ ગયેલું. આંતરરાષ્ટ્રીય મોન્ટેસોરી એસોસિએશનના ઘણા કાર્યકર્તા યુધ્ધમાં મૃત્યુમુખે પડેલા, અને કામ તો બધે જ અવ્યવસ્થિત થઇ ગયેલું. તે આટલાં વર્ષે, બધાં જૂના મિત્રો અને કાર્યકર્તાઓને એકત્ર થઇને કામનું અને એસોસિએશનનું સંગઠન કરવાની પહેલી તક મળી.

ઇટલીમાંથી તો મેડમને હદપાર જ થવું પડ્યું હતું. તેમની શિષ્યાઓને પણ નાચ્છાગ કરતાં ફરવું પડેલું. તેમણે આખરે ભૂમિગત રહીને પણ બાલશિક્ષણનું કામ કરેલું. પરિષદના જનરલ સેક્રેટરી મિસ પાલિની રાજકુટુંબનાં બાળકોને મોન્ટેસોરી પધ્ધતિએ ભણાવતાં હતાં. જ્યારે રાજકુટુંબને ભાગવું પડ્યું ત્યારે તેમનાં શિક્ષણ-સાધનો તેમની પાસે રહી ગયેલાં; તે જ સાધનો અહીં ચાલતી પ્રાત્યક્ષિક શાળામાં વપરાતાં હતાં. ઇટલીમાં હાલ એક પણ મોન્ટેસોરી શાળા ચાલતી નથી; પણ મોન્ટેસોરીમાં માનવાવાળાં, મેડમની સાથે જૂના વખતમાં કામ કરેલા, ઘરડાં અને નવાં, તૈયાર થયેલ કામ કરવાને ઉત્સુક જુવાનિયાઓ એવાં ઘણા જ શિક્ષકો તથા પ્રાધ્યાપકો દેખાય છે. રાજ તરફથી પણ હવે મેડમની પદ્ધતિનો સ્વીકાર થશે, એવો રંગ દેખાય છે. પોપ અને ચર્ચ તરફથી તો પહેલેથી જ તેમને પીઠબળ હતું જ; તે હવે વધારે સંગીન રીતે તેમને મળશે એવું દેખાય છે.

૧૪/૧૪ વર્ષના વનવાસ પછી જેમ શ્રી. રામચંદ્ર પોતાની અયોધ્યા નગરીમાં પ્રવેશ્યા તેવું

ભવ્ય દશ્ય'ન, મેડમ મૉન્ટેસોરી ૨૨/૨૩ વર્ષ'ના જગત-ભરના પ્રવાસ પછી પોતાના દેશમાં ૮૦ મે વર્ષે પ્રવેશતાં લોકસમૂહથી સન્માનાતાં અને સ્વીકારાતાં જોઇને, જોનારની આંખમાં આન'દાશ્રુ ઉભરાય એવું સુંદર અને સુખપ્રદ એ દશ્ય હતું.

બીજા જે જે દેશોમાં કામો થાય છે ત્યાં પણ બાનગી પ્રયત્નોથી મોટે ભાગે કામો ચાલતાં દેખાય છે. આ પધ્ધતિને સરકારે પોતે સ્વીકારી લીધી હોય એવો એક પણ દેશ નથી. અહીં આવેલા ઘણાખરા કાર્ય કર્તાઓની મુશ્કેલી લગભગ સરખી જ દેખાય છે લોકોને સમજાવવા પડે; ચાલુ સરકારમાન્ય અભ્યાસક્રમની પરીક્ષા આપવી પડે: શિક્ષકો વધારે પગાર માગે ને તે માટે નાણાં કેવી રીતે ઉપજાવવાં એ પ્રશ્નો દેશના બધા કાર્ય-કર્તાઓને મૂંઝવે છે. છતાં બધાં શ્રધ્ધાથી, ભાવથી અને ઉત્સાહથી કામમાં ચોંટી રહેલાં દેખાય છે. એનું કારણ તો એ જ લાગે છે કે સત્યદર્શ'ન એ એટલું મહાન હોય છે જેને તે થયું તે તેને પછી છોડી શકતું નથી. દરેકની અંદર ભાવિને માટે જે આશાજનક ભાવના ઉભરાતી દેખાય છે તે સત્ય ધર્મ'ની પાછળ ફના થઇ જવા તૈયાર થનાર ધર્મ'-પ્રચારકોની છે, એમાં શ'કા નથી. એકે એક...કાર્ય કર્તાની સાથે મે. મૉન્ટેસોરીને જે ઉત્સાહથી ને ચળકતી આંખે અને હર્ષ'થી, મલકતે મોઢે બોલતાં સાંભળીએ ત્યારે બાલશિક્ષણનું કાર્ય જરૂર આગળ વધવાનું જ, દુનિયાના તમામ માનવીની પ્રગતિનો સાચો રસ્તો ખુલ્લો થવાનો જ, અને આજે ભૂલો પડેલો ઊંધે રસ્તે જનાર માનવ, માનવતાને સાચે રસ્તે આવવાનો જ એવી પ્રચ'ડ શ્રદ્ધા નિર્માણ થાય છે.

ભાષણો, પરિષદ, પ્રદર્શ'ન અને શાળા.

પરિષદનું કામકાજ ત્રણ વિભાગમાં વહેંચાઇ ગયું હતું. એક તો ભાષણોનો વિભાગ, બીજો પ્રદર્શ'નનો અને ત્રીજો શાળાનો. સવારે ૧૦ થી ૧ સુધી અને સાંજે ૫ થી ૮ સુધી ભાષણો ચાલતાં. સવારે ૮-૩૦ થી ૧૧ સુધી શાળા ચાલતી અને તેના અવલોકન માટે ગેલેરીમાં બેસીને જોવાની ખાસ ગોઠવણ હતી. પ્રદર્શ'ન માટે ખાસ વખત રાખવામાં આવ્યો ન હતો. સવારે ૮-૩૦ થી ૧ સુધીમાં ગમે ત્યારે પ્રદર્શ'ન જોવા જઇ શકાતું હતું.

ભાષણોઃ-૨૨ મીને દિવસે રાત્રે ૯ વાગે પરિષદનું ઉદ્ઘાટન થયું. સેનરેમોના મેયરે સૌને આવકાર્યા બાદ પરિષદના કાર્યવાહીના પ્રમુખ મેડમ મરાયા, જુવ્હેંલીનોના ભાષણ પછી દેશદેશથી આવેલા સરકારી તથા મૉન્ટેસોરી એસોસિએશનના પ્રતિનિધિ-ઓનાં ટૂકાં, સમયોચિત ભાષણો થયાં. ત્યારબાદ ઇટલીના શિક્ષણપ્રધાનશ્રીએ, ખૂબ તાળીઓના ગડગડાટ વચ્ચે, ઉત્સાહપૂર્ણ તત્ત્વ ને વિચારયુકત એવું ભાષણ કર્યું. છેલ્લે મેડમ મૉન્ટેસોરીએ પરિષદને ખુલ્લી મૂકતાં પોતાના જિંદગીભરના કાર્યના પ્રયત્નોના સારરૂપ, એવું ઉદ્બોધક ભાષણ કર્યું.

તે વખતે ચારે કોર ઉત્સાહ અને ભાવનાપૂર્ણ વાતાવરણ પથરાઇ ગયું હતું. છાપાંવાળાઓ અને ફોટોગ્રાફરોવાળાઓ તો ખૂબ દોડાદોડ કરતા હતા. સેનરેમોની મ્યુનિસિપાલિટીએ બંધાવેલા કેસિનોના આલે-શાન થિયેટરમાં આ સમારંભ ઘણી શાનદાર રીતે પાર પડયો.

બીજા દિવસથી રોજના કાર્યક્રમની શરૂઆત થઇ. સવારે મિ. મારિયો મૉન્ટેસોરીનાં તથા બીજા બે ત્રણ જણાનાં ભાષણો થયાં. સાંજે પણ રોજનાં ચાર પાંચ ભાષણો થતાં હતાં. ઉદ્ઘાટન સિવાય બુધવારે અને શુક્રવારે મેડમનાં પ્રવચનો થયાં. ત્યાર પછી તા. ૨૯ મીએ ઉપસંહારનું ભાષણ પણ તેમનું થયું. બીજાં ભાષણોમાં પાંચ છ અંગ્રેજી, થોડા ફ્રેંચ અને બીજાં બધાં ઇટલિયન ભાષામાં થયાં. મેડમનાં અને બીજાં મુખ્ય મુખ્ય ભાષણોનાં ભાષાંતરો અંગ્રેજી અને ફ્રેંચમાં વાંચી બતાવવામાં આવતાં અને કેટલાંકની છાપેલી નકલો પણ આપવામાં આવતી. એકંદરે ઘણા જ વિદ્વાનો ભેગા થયા હતા, એમાં શ'કા નથી. આ બધાં વ્યાખ્યા-તાઓનો પરિચય આવતા અંકમાં આપવા ધારું છું. તેમનાં ભાષણોના મુખ્ય મુદ્દાઓ પણ શકય શશે તેમ આપવા ઇચ્છા છે. હિંદી પ્રતિનિધિઓ-માંથી શ્રી. રમણુ, શ્રી. ભટ્ટ અને શ્રી. તારાબેન મોડકે ભાષણ કર્યાં હતાં. સિલોનની બે બેનોએ શ્રી. લીનાબેન અને જોધસે ભાષણ કર્યાં હતાં. એ બધાં અંગ્રેજીમાં જ થયાં હતાં. શ્રી. કાશીનાથ ત્રિવેદીને

સલાહ લીધી અને વિજ્ઞપ્તિ પત્રિકા બહાર પાડી. એક મહિનાની અંદર યુરોપના પ્રવાસ પૂરતી રકમ બહુ જ પ્રેમ અને ભાવપૂર્વક ભેગી થઇ અને હું તા. ૧૫ મી ઑગસ્ટે રાત્રે ૧૧ વાગ્યે વિમાન માર્ગે યુરોપ ભણી ઉપડી. આ બધું એટલા ઘોડા વખતમાં બની ગયું કે હજી પણ એ એક સ્વપ્નું આવ્યુ હોય એમ જ લાગે છે. ૧૯૨૩/૨૪ સાલમાં જે ઉત્કંઠા ને તનમનાટ હતા એટલા આજે રહ્યાં નથી. છતાંય જવાનું થયું તેથી મનને આનંદ તો થયો જ. અને અહીં આવીને પરિષદમાં પ્રત્યક્ષ ભાગ લીધા પછી તો તે દ્વિગુણિત થયો છે.

અમે એકંદરે ૭ જણાં હિંદમાંથી આ પરિષદ માટે આવ્યાં હીએ. પિલાણીના શ્રી. રાધા રમણ ને અમદાવાદના શ્રી. હરપ્રસાદ ભટ્ટ અમારી પહેલાં બે દિવસે અહીં આવી પહોંચ્યા હતા. કારણ પ્રદર્શન ગોઠવવાના કામમાં મદદ કરવા માટે તેમને કહેવામાં આવ્યું હતું. શ્રી ઇન્દુમેન શાહ, શ્રી. શશીકલા પંડિત અને હું નેપલ્સ તેમ જ રોમ જઇને તા. ૨૦ મીએ અહીં આવી પહોંચ્યા. શ્રી. કાશીનાથજી ત્રિવેદી તા. ૧૮ મીએ મુંબઇથી નીકળી, રોમમાં અમારી સાથે થઇ ગયા.

સિલોનથી શ્રી. લીના વિક્રમરત્ન, એચેાઇસ ગુણશેખર તથા શ્રી. કારમન ગુણશેખર એમ ત્રણ બેનેા આવી છે. સિંગાપુરથી આ બાજુએ આવતા એક ભાઇ પણ તેમની સાથે અહીં સુધી પરિષદમાં આવી ગયા. લેબનેાનમાંથી એક કાર્યકર્તા બાસ આવ્યા હતા. આમ અમે ૧૧ જણા એશિયામાંથી પરિષદમાં આવ્યા ગણાઇએ. એ-ઉપરાંત, અમદાવાદના શ્રી. મનોરમાબેન સારાભાઇ અને શ્રી. લીલીબેન લાલભાઇ પણ બે દિવસ માટે આવી ગયાં. હિન્દુસ્તાન સરકારની સૂચનાથી ઇટલીમાંના હિંદી એલચી ડૉ. મણિ, હિંદના પ્રતિનિધિ તરીકે રોમથી સેનરેમેા આવ્યા હતા.

આ પરિષદમાં એકંદરે ૨૦ દેશેામાંથી ૫૦૦ પ્રતિનિધિએા આવ્યા હતા. તેમાં એશિયા ઉપરાંત દૂરના ખંડનાં બે જ હતા. એક મેક્સિકેા અને બીજા ગ્વાટામારા (દક્ષિણ અમેરિકા)ની સરકારે મેાકલેલા પ્રતિનિધિએા હતા. બીજા બધા યુરોપના દેશેામાંથી આવેલા હતા. તેમાં ખાસ કરીને, સ્વીડન, સ્વીટઝરલેન્ડ, હેાલેન્ડ, ફ્રાન્સ અને ઇંગ્લેંડમાં ઘણું જ કામ ચાલી રહ્યું હેાય એમ-પ્રદર્શન અને વ્યાખ્યાનેા પરથી લાગ્યું. ભાષણેા સ્વાભાવિકપણે ઇટલિયન ભાષામાં વધારેમાં વધારે થયાં. ઇટલીના ઘણા જ વિદ્વાન પ્રેાફેસરેા, ધર્મગુરુઓ અને પાર્લમેન્ટના સભ્યેા કેળવણીમંત્રી અને કેળવણીઅધિકારીઓએ પણ ત્યાં ભાષણેા આપ્યાં. યુનેસ્કેા તરફથી એક પ્રતિનિધિ ખાસ એક દિવસ માટે આવીને યુનેસ્કેાનેા સંદેશેા આપી ગયા. ૧૪ વર્ષ પછી આ આન્તરરાષ્ટ્રીય પરિષદ મળી હતી. વચ્ચેના યુધ્ધ કાળમાં યુરોપમાં બધે બેદાનબેદાન થઇ ગયેલું. આંતરરાષ્ટ્રીય મેાન્ટેસેારી એસેાસિએશનના ઘણા કાર્યકર્તા યુધ્ધમાં મૃત્યુમુખે પડેલા, અને કામ તેા બધે જ અવ્યવસ્થિત થઇ ગયેલું. તે આટલાં વર્ષે, બધાં જૂના મિત્રેા અને કાર્યકર્તાઓને એકત્ર થઇને કામનું અને એસેાસિએશનનું સંગઠન કરવાની પહેલી તક મળી.

ઇટલીમાંથી તા મડમન હદપાર જ થવું પડયું હતું. તેમની શિષ્યાઓને પણ નાસભાગ કરતાં ફરવું પડેલું. તેમણે આખરે ભૂમિગત રહીને પણ બાલશિક્ષણનું કામ કરેલું. પરિષદના જનરલ સેક્રેટરી મિસ પાલિની રાજકુટુંબનાં બાળકેાને મેાન્ટેસેારી પધ્ધતિએ ભણાવતાં હતાં. જ્યારે રાજકુટુંબને ભાગવું પડયું ત્યારે તેમનાં શિક્ષણ-સાધનેા તેમની પાસે રહી ગયેલાં; તે જ સાધનેા અહીં ચાલતી પ્રાત્યક્ષિક શાળામાં વપરાતાં હતાં. ઇટલીમાં હાલ એક પણ મેાન્ટેસેારી શાળા ચાલતી નથી; પણ મેાન્ટેસેારીમાં માનવાવાળાં, મેડમની સાથે જૂના વખતમાં કામ કરેલા, ઘરડાં અને નવાં, તૈયાર થઇને કામ કરવાને ઉત્સુક જુવાનિયાઓ એવાં ઘણા જ શિક્ષકેા તથા પ્રાધ્યાપકેા દેખાય છે. રાજ તરફથી પણ હવે મેડમની પદ્ધતિનેા સ્વીકાર થશે, એવેા રંગ દેખાય છે. પેાપ અને ચર્ચ તરફથી તેા પહેલેથી જ તેમને પીઠબળ હતું જ; તે હવે વધારે સંગીન રીતે તેમને મળશે એવું દેખાય છે.

૧૪/૧૪ વર્ષના વનવાસ પછી જેમ શ્રી. રામચંદ્ર પેાતાની અયેાધ્યા નગરીમાં પ્રવેશ્યા તેવું

ભવ્ય દૃશ્ય, મેડમ મોન્ટેસોરી ૨૨/૨૩ વર્ષના જગત-ભરના પ્રવાસ પછી પોતાના દેશમાં ૮૦ મે વર્ષે પ્રવેશતાં લોકસમૂહથી સન્માનાતાં અને સ્વીકારાતાં જોઇને, જોનારની આંખમાં આનંદાશ્રુ ઉભરાય એવું સુંદર અને સુખપ્રદ એ દૃશ્ય હતું.

બીજા જે જે દેશોમાં કામો થાય છે ત્યાં પણ આનગી પ્રયત્નોથી મોટે ભાગે કામો ચાલતાં દેખાય છે. આ પદ્ધતિને સરકારે પોતે સ્વીકારી હોય એવો એક પણ દેશ નથી. અહીં આવેલા ઘણાખરા કાર્યકર્તાઓની મુશ્કેલી લગભગ સરખી જ દેખાય છે લોકોને સમજાવવા પડે; ચાલુ સરકારમાન્ય અભ્યાસક્રમની પરીક્ષા આપવી પડે: શિક્ષકો વધારે પગાર માગે ને તે માટે નાણાં કેવી રીતે ઉપજાવવાં એ પ્રશ્નો દેશના બધા કાર્યકર્તાઓને મૂંઝવે છે. છતાં બધાં શ્રદ્ધાથી, ભાવથી અને ઉત્સાહથી કામમાં ચોંટી રહેલાં દેખાય છે. એનું કારણ તો એ જ લાગે છે કે સત્યદર્શન થી એટલું મહાન હોય છે જેને તે થયું તે તેને પછી છોડી શકતું નથી. દરેકની અંદર ભાવિને માટે જે આશાજનક ભાવના ઉભરાતી દેખાય છે તે સત્ય ધર્મની પાછળ ફના થઇ જવા તૈયાર થનાર ધર્મ-પ્રચારકોની છે, એમાં શંકા નથી. એકે એક...દાર્યકર્તાની સાથે મે. મોન્ટેસોરીને જે ઉત્સાહથી ને ચળકતી આંખે અને હર્ષથી, ઝલકતે મોઢે બોલતાં સાંભળીએ ત્યારે બાલશિક્ષણનું કાર્ય જરૂર આગળ ધપવાનું જ, દુનિયાના તમામ માનવીની પ્રગતિનો સાચો રસ્તો ખુલ્લો થવાનો જ, અને આજે ભૂલો પડેલો ઊંધે રસ્તે જનાર માનવ, માનવતાને સાચે રસ્તે આવવાનો જ એવી પ્રચંડ શ્રદ્ધા નિર્માણ થાય છે.

ભાષણો, પરિષદ, પ્રદર્શન અને શાળા.

પરિષદનું કામકાજ ત્રણ વિભાગમાં વહેંચાઇ ગયું હતું. એક તો ભાષણોનો વિભાગ, બીજો પ્રદર્શનનો અને ત્રીજો શાળાનો. સવારે ૧૦-થી ૧ સુધી અને સાંજે ૫ થી ૮ સુધી ભાષણો ચાલતાં. સવારે ૮-૩૦ થી ૧૧ સુધી શાળા ચાલતી અને તેના અવલોકન માટે ગેલેરીમાં બેસીને જોવાની ખાસ ગોઠવણ હતી. પ્રદર્શન માટે ખાસ વખત રાખવામાં આવ્યો ન હતો. સવારે ૮-૩૦ થી ૧ સુધીમાં ગમે ત્યારે પ્રદર્શન જોવા જઇ શકાતું હતું.

ભાષણોઃ-૨૨ મીને દિવસે રાત્રે ૯ વાગે પરિષદનું ઉદ્ઘાટન થયું. સેનરેમોના મેયરે સૌને આવકાર્યા બાદ પરિષદના કાર્યવાહીના પ્રમુખ મેડમ મરાયા, જુવ્હેંલીનોના ભાષણ પછી દેશદેશથી આવેલા સરકારી તથા મોન્ટેસોરી એસોસિએશનના પ્રતિનિધિઓનાં ટૂંકાં, સમયોચિત ભાષણો થયાં. ત્યારબાદ ઇટલીના શિક્ષણમંત્રીએ, ખૂબ તાળીઓના ગડગડાટ વચ્ચે, ઉત્સાહપૂર્ણ તત્ત્વ ને વિચારયુક્ત એવું ભાષણ કર્યું. છેલ્લે મેડમ મોન્ટેસોરીએ પરિષદને ખુલ્લી મૂકતાં પોતાના જિંદગીભરના કાર્યના પ્રયત્નોના સારરૂપ, એવું ઉદ્બોધક ભાષણ કર્યું.

તે વખતે ચારે કોર ઉત્સાહ અને ભાવનાપૂર્ણ વાતાવરણ પથરાઇ ગયું હતું. છાપાંવાળાઓ અને ફોટોગ્રાફરવાળાઓ તો ખૂબ દોડાદોડ કરતા હતા. સેનરેમોની મ્યુનિસિપાલિટીએ બંધાવેલા કેસિનોના આલેશ્યાન થિયેટરમાં આ સમારંભ ઘણી શાનદાર રીતે પાર પડ્યો.

બીજા દિવસથી રોજના કાર્યક્રમની શરૂઆત થઇ. સવારે મિ. મારિયો મોન્ટેસોરીનાં તથા બીજા બે ત્રણ જણાનાં ભાષણો થયાં. સાંજે પણ રોજનાં ચાર પાંચ ભાષણો થતાં હતાં. ઉદ્ઘાટન સિવાય બુધવાર અને શુક્રવારે મેડમનાં પ્રવચનો થયાં. ત્યાર પછી તા. ૨૯ મીએ ઉપસંહારનું ભાષણ પણ તેમનું થયું. બીજાં ભાષણોમાં પાંચ છ અંગ્રેજી, થોડા ફ્રેંચ અને બીજાં બધાં ઇટેલિયન ભાષામાં થયાં. મેડમનાં અને બીજાં મુખ્ય મુખ્ય ભાષણોનાં ભાષાંતરો અંગ્રેજી અને ફ્રેંચમાં વાંચી બતાવવામાં આવતાં અને કેટલાંએકની છાપેલી નકલો પણ આપવામાં આવતી. એકંદરે ઘણા જ વિદ્વાનો ભેગા થયા હતા, એમાં શંકા નથી. આ બધાં વ્યાખ્યાતાઓનો પરિચય આવતા અંકમાં આપવા ધારું છું. તેમનાં ભાષણોના મુખ્ય મુદ્દાઓ પણ શક્ય શશે તેમ આપવા ઇચ્છા છે. હિંદી પ્રતિનિધિઓમાંથી શ્રી. રમણ, શ્રી. ભટ્ટ અને શ્રી. તારાબેન મોડકે ભાષણ કર્યાં હતાં. સિલોનની બે બેનોએ શ્રી. લીનાબેન અને જેઇસે ભાષણ કર્યાં હતાં. એ બધાં અંગ્રેજીમાં જ થયાં હતાં. શ્રી. કાશીનાથ ત્રિવેદીનો

એક દિવસનું પ્રમુખપદ આપ્યું હતું.

પ્રદર્શન માટે ઇટલી, હોલેંડ; ફ્રાન્સ, ઇંગ્લેન્ડ, સ્કોટલેંન્ડ, સ્વીડન, સિલોન અને હિંદમાંથી ઘણા નમૂના આવ્યા હતા. એનું વર્ણન બીજે વખતે વિગતવાર આપવા મથીશ.

શાળાનું અવલોકન ખૂબ જ સરસ હતું. ખાસ શાળાને માટે એક મોટા હોલમાં કેડની ઉંચાઇની ભીંત બંધાવી લઇ તેને પાનફૂલથી શણગારી હતી. ઓરડાનો અષ્ટકોણી આકાર પણ ધ્યાન ખેંચે એવો હતો. બે અષ્ટકોણી અને એક ગોળાકાર ઓરડાઓ બધાં સાધનોથી જુદા પાડયા હતા. એક નાની મંડળીનો અને એક મોટી મંડળીનો એવા બે જ ઓરડાઓ હતા. ગોળાકાર ઓરડામાં તાલીમનાં વ્યાવહારિક બધાં સાધનો હતાં. ઉપરથી ગેલેરીમાંથી અવલોકનની સગવડ સારી હતી. નીચે જોઇને, ઓરડા ફરતાં ફરી, અવલોકવાની પણ વ્યવસ્થા હતી. આ શાળાઓનાં સાધનો અને કામ વિષે પણ વિગતવાર પછી કહીશ.

ઉપરના કાર્યક્રમ ઉપરાંત એક રાત્રે પરિષદ માટે ખાસ કોન્સર્ટ ગોઠવવામાં આવ્યો હતો. પ્રસિધ્ધ સંગીતકારોના સંગીતનો ઓર્કેસ્ટ્રા સાંભળવા જેવો હતો. ૩૦ ઉપરાંત વાયોલિન, પાવાઓ, હાર્પ, કંટ-ડીઓ, પિયાનો વગેરે અનેક વાદ્યોનો સુરીલો અને સંવાદી સાથ બહુ જ આનંદદાયક હતો.

એક દિવસે, નજીકનો એક પ્રસિદ્ધ બગીચો અને દરિયા કિનારાનું એક ગામ જોવાનું પર્યટન હતું. આઠ દસ બસમાં બધાંને ત્યાં લઇ જવામાં આવ્યાં હતાં. ગામ તરફથી બધાને આવકાર અને અલ્પાહાર આપવામાં આવ્યો હતો.

છેલ્લે દિવસે મ્યુનિ. કૉંસિંનો તરફથી પરિષદના અહેવાનોને કોકટેલ પાર્ટી આપવામાં આવી હતી. અહીં ખાવા પીવા પર નિયંત્રણ ન હોવાથી પાંચસો માણસો સાથે કેકસ ને આઇસક્રમ ખાઇ શકતાં હતાં.

આ રીતે આ પરિષદ ઘણી જ સફળ રીતે પાર પડી. બધાં કામો સુવ્યવસ્થિત રીતે પાર પાડવા માટે કાર્યકરો, મંત્રી અને તેમના મદદનીશો ખૂબજ પ્રયત્ન કર્યો હતો. ગામલોકોએ પણ પરિષદને સારી રીતે આવકારી. હિંદ અને સિલોનથી આવનારાં ભાષણોનોના પોશાકની નવીનતાથી પણ ઘણાઓની આંખો ખેંચાઇ હતી,

એકંદરે ઇટલિયન લોકોએ સો પરદેશીઓને ઘણા જ પ્રેમભાવે આવકાર્યા અને પરિષદની સફળતામાં પોતાનો ફાળો યોગ્ય રીતે આપ્યો.

આ પરિષદ પછી યુરોપમાં મોન્ટેસોરી પધ્ધતિના કાર્યને ખૂબ જ વેગ મળશે અને મેડમનાં હવેનાં છેલ્લાં વર્ષોમાં તેઓ સ્થિરતાથી, સંગીન કાર્ય કરીને બાલશિક્ષણના મૂળ ઊંડાં ઉતરાવી શકશે એવી ચોક્કસ આશા બંધાય છે.

સેન રેમો — તારાબેન મોડક

બાળમંદિરમાં વ્યાકરણશિક્ષણ

: લેખાંક બીજો :

'શિક્ષણ-પત્રિકા' ના જુનના અંકમાં એક વચન બહુવચનની મૌલિક રમતો વિશે વિચાર્યું. આજે મૌલિક આપી શકાય એવી અન્ય રમતો વિશે વિચારીશું.

જાતિની મૌલિક રમતો :

૧ સાધનનું વર્ણન : આ સાધનનું નામ "મૌલિક જાતિ પેટી" વચનપેટીની જેમ જ. સામાન્યતઃ તેની સાઇઝ ૮"×૧૨"×૨ રાખવી. અંદર ૭ ખાનાંની ગોઠવણ કરવી. દરેક ખાનું અંદરથી ૩॥ × ૩॥ × ૧॥ સાઇઝનું મળે છે તેથી તેમાં રમત માટેનાં રમકડાં મૂકી શકાય છે. વચન પેટીની જેમ જ આ પ્રકારમાં પણ ઉત્સાહી શિક્ષક વસ્તુ અથવા ચિત્રરૂપે બતાવી શકાય એવા, જુદા જુદા જાતિવિષયક શબ્દો અને તેની વસ્તુઓ કે ચિત્રો ભેગાં કરી પેટીઓની સંખ્યા વધારી શકશે. દાખલા તરીકે, બજારોમાં કે મેળાઓમાં માટીનાં, લાકડાનાં કે ગાવાનાં ચિત્રો મળી શકે છે; તે મેળવીને

બળદ	ગાય
હરણ (કાળિયાર)	હરણી
ચકલો	ચકલી
પોપટ	મેના
મોર	ઢેલ
સિંહ	સિંહણ

અથવા તો—

પુરુષ	સ્ત્રી
ડોસો	ડોસી
છોકરો	છોકરી
રાજા	રાણી
મિયાં	બીબી
શેઠ	શેઠાણી

અથવા તો તો ધંદાદારીઓ પરથી—

કાણી	કાણણ
ઘોબી	ઘોબણ
કણબી	કણબણ
ધાંચી	ધાંચણ
કુંભાર	કુંભારણ
શિક્ષક	શિક્ષિકા

અથવા તો વાસણ આદિ વસ્તુઓ પરથી—

કાંકરો	કાંકરી
વાટકો	વાટકી
લોટો	લોટી
થાળ	થાળી
ડબો	ડબી
બાટલો	બાટલી

ઉપર મુજબ જાત જાતના શબ્દસંગ્રહ ચોજીને, તેની વસ્તુઓ મેળવીને, પેલી ૭ ખાનાવાળી જાતિ પેટીઓનાં ખાનાઓમાં, દરેકમાં કોઇ પણ બે, એ રીતે મૂકવી.

(૨) સાધનનો હેતુ: નામોની જાતિઓના રૂપોમાં થતો ભેદ બાળક આગળ રજૂ કરવો.

(૩) પૂર્વ તૈયારી: વચનપેટીની જેટલી જ. વચનપેટીની પછી અથવા સાડા ત્રણથી આગળનાં બાળકોને જ આ રમત આપી શકાય છે.

(૪) રજુઆત: શરૂઆતમાં આ રમત સામુદાયિક રીતે રજૂ કરવી, અને એક વાર બાળક રમતની રીત સાથે પરિચિત થાય એટલે પછી તે વ્યક્તિગત પણ રમી શકશે.

નાસ્તાની પૂર્વતૈયારીમાં અથવા તો વાર્તાના સમયમાં જ્યારે બાળકો સમૂહમાં એકઠા થાય છે, ત્યારે પ્રથમ બાળકોને પેટીની અંદરનાં ચિત્રોનો પરિચય દરેક ચિત્ર બતાવી બતાવીને શિક્ષક કહી આપે છે.

'આ બળદ નર જાતિ
તેની નારી જાતિ ગાય.'

ચકલો: ચકલાની નારી જાતિ?
ચકલી
ચકલો નર જાતિ અને
ચકલી નારી જાતિ.
પોપટની નારીજાતિ–મેના
મોરની નારીજાતિ–ઢેલ
સિંહની નારીજાતિ–સિંહણ

આ રીતે ઓળખાણ આપીને દરેક ખાનામાં પ્રથમ જાતિની જોડી ગોઠવીને જ શિક્ષક મૂકે, અને તે પેટી બાળકો વચ્ચે ગોઠવેલા બાજોઠ પર મૂકે. પછી પોતાની જગા પર બેસી બાળકો પાસે એ મંગાવે.

'સિંહ લાવો'

હીરાબેન સિંહ લાવીને શિક્ષક પાસે મૂકે. પછી 'સિંહની નારી જાતિ કોણ લાવશે!' 'સિંહની નારી જાતિ કોણ'—જ્યાંથી આવકાર મળે તે બાળકને સિંહણ લાવવાનું કહે છે. એ રીતે બધાં મિત્રોની સાથે એ રમત કરે છે. ચાર છ વખત સામુદાયિક રીતે રમતની રજુઆત થાય એટલે એ જ રમત પછી વ્યક્તિગત બને છે. એમાં બાળકો જાતિની જોડી જોડી ગોઠવે છે. વ્યક્તિગત રમવા માટે જ્યારે આ પેટી અપાય ત્યારે તેમાં નીચેની વસ્તુ ઊમેરવી. પૂંઠાના ત્રણ ઇંચના પાયાવાળા બે સમકોણ ત્રિકોણ બનાવવા; તેમાંના એક પર પુરુષ ચિતરવો અને ચિત્રની નીચે લખવું 'નર જાતિ'; બીજા ત્રિકોણ પર સ્ત્રી ચિતરવી અને નીચે લખવું 'નારી જાતિ.' આ બે ત્રિકોણો–જેનો આગળ

જતાં જાતિના પ્રતીક તરીકે જ ઉપયોગ કરવાનો છે, તે બાળક પ્રથમ સામ સામા મૂકે અને પછી પેટીની અંદરનાં રમકડાં તેની નીચે ગોઠવે છે. (પુરુષના ચિત્રની નીચે નરજાતિની વસ્તુઓ અને સ્ત્રીના ચિત્રની નીચે નારીજાતિની વસ્તુઓ)

હવે પછી પ્રશ્ન રહે છે નાન્યતર જાતિનો. એનો ખ્યાલ તો બાળકોને હોય જ છે; પરંતુ આ રમતોનો હેતુ તેને આ બાબતમાં સહેજ સભાન કરવાનો છે. નાન્યતરની કલ્પના સહેજ પાછળથી આવવી જોઈએ. જે દિવસે એ કલ્પના આપવી હોય તે દિવસે શિક્ષક, પહેલા રજૂ કરેલી કોઈ પણ જાતિપેટીમાં નીચેનો વધારો કરે. (૧) ૩ ઇંચ પાયાવાળા ત્રિકોણ પર ઝાડનું ચિત્ર દોરીને તેની નીચે લખેલું હોય 'નાન્યતર જાતિ' (૨) નીચેની ૭ વસ્તુઓ ઊમેરવી.

ઝાડ (ચિત્ર) રબ્બર, બટન, વહાણ, ટેબલ, ફૂલ. પછી નીચે મુજબ રજુઆત કરવી:

આ પેટીમાં જુદી જુદી જાતિઓની વસ્તુઓ છે. ત્રિકોણ બતાવીને—

'નર જાતિની'

'નારી જાતિની'

'તેનાં ચિહ્નો હું અહીં મૂકું છું.' એકેક વસ્તુ પેટીમાંથી કાઢવી. પ્રથમ પુરુષ, સ્ત્રી, વગેરે ચિહ્નોની નીચે રમકડાં મુકાઈ ગયાં. પછી ઝાંઠ કાઢીને પૂછવું કે આની શી જાતિ હોઈ શકે?

નર જાતિ?

નારી જાતિ?

બન્ને નથી. તેથી 'નાન્યતર જાતિ'. ત્રીજું નાન્યતર જાતિનું ઝાડવાળું ત્રિકોણનું ચિહ્ન નીચે મૂકી, તેની નીચે નાન્યતર જાતિની વસ્તુઓ ગોઠવી બતાવવી. બાળકો પછી એ જ રીતે વસ્તુઓનું જાતિવાચક વર્ગીકરણ કરશે.

શેષ નામશે

પૂર્વ પ્રાથમિક પગારધોરણ—સમિતિનો અહેવાલ

મહાડમાં યોજવામાં આવેલા નૂતન બાળ-શિક્ષણ અને શિક્ષક—સંમેલન તરફથી સંચાલકો, કાર્યકર્તાઓ અને શિક્ષકોની એક પ્રતિનિધિક પગાર-ધોરણ-સમિતિ નીમવામાં એવી હતી. શિક્ષક—સંઘે ઉપસ્થિત કરેલ પગારાદિ ધોરણોના પ્રશ્નોપર એ સભામાં ચર્ચા કરી હતી. સમાજનાં અને બાળ કેળવણીનાં વિશાળ હિતો ધ્યાનમાં લઈને સમિતિએ એકમતથી નીચે મુજબની ભલામણો, બધાં બાળ-મંદિરના સંચાલકોને કરવી, એવો મહત્વનો નિર્ણય લીધો હતો.

મુંબઇના પૂર્વ પ્રાથમિક શિક્ષકોનું પગાર-ધોરણ પ્રાથમિક શાળાના ધોરણો સાથે કંઇક અંશે મળતું થાય એવો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આશા છે કે સમિતિના આ ધોરણના દૃષ્ટિબિંદુનો સ્વીકાર બધા બાલશિક્ષકો તેમ જ સંચાલકો કરશે અને બાળમંદિરનું વ્યવસ્થાતંત્ર એકસૂત્રી અને પ્રગતિકારક બનાવવામાં શ્રી. નૂતન બાળશિક્ષણ તથા શિક્ષકસંઘના આ પ્રયત્નને વધાવી લેવામાં આવશે.

અત્યારે બાળમંદિરોમાં સામાન્યતઃ શિક્ષકોની બે શ્રેણીઓ ગોઠવામાં આવી છે. પહેલી શ્રેણીમાં જેઓને બાલઅધ્યાપન મંદિરનું 'બાલઅધ્યાપન પ્રાવિણ્ય' પ્રશસ્તિપત્ર મળ્યું હોય તે બધાનો સામા-ન્યતઃ સમાવેશ થાય; બીજી શ્રેણીમાં, જેઓને બાળક્રીડાંગણ—સંચાલકનું પ્રમાણપત્ર મળ્યું છે તેઓનો સામાન્યતઃ સમાવેશ કરવામાં આવે.

નૂતન બાલશિક્ષણ—સંઘ—માન્ય આ બે શ્રેણી સિવાય, ડો. મોન્ટેસોરીના કોર્સનું પ્રમાણપત્ર ધરા-વતા શિક્ષકોમા મેટ્રિક અથવા તત્સમ પરીક્ષા પાસ સુધી જેમની શૈક્ષણિક લાયકાત છે તેવાઓને પહેલી શ્રેણીના અને તેથી ઓછી શૈક્ષણિક લાયકાત ધરાવનારને બીજી શ્રેણીના શિક્ષકો તરીકે સ્વીકારવા; એ સિવાય વધારે ભણેલા શિક્ષકો હોય તો તેઓનો પ્રશ્ન

તે સંસ્થા અને તે શિક્ષકો પરસ્પર વિનિમયથી ધોરણ નિશ્ચિત કરે એવી ભલામણ સમિતિએ કરી છે.

નવાં ધોરણો દાખલ થતાં જૂના શિક્ષકોની સેવા, અનુભવ અને લાયકાતના પ્રમાણમાં તેઓના પગારો બાબત સંચાલકો વિચારે. આ જાહેર પગાર ધોરણો છતાં જે શિક્ષકો ઓછો પગાર લઈને અથવા વિના–પગારે સેવા આપી રહ્યા છે તેઓ અત્યારની કેટલાંક બાલમંદિરોની પરિસ્થિતિ ધ્યાનમાં લઈને પોતાની સેવા ચાલુ રાખશે એવી સમિતિની અપેક્ષા છે.

પગાર–ધોરણ

(૧) પહેલી શ્રેણીના 'પ્રવિણ' પ્રશસ્તિ–પત્ર ધરાવતા શિક્ષકો માટે :–

શરૂઆત રૂા. ૬૫+૧૦ (મુંબઇ માટે સ્થાનિક ભથ્થુ) મોંઘવારી રૂા. ૨૫. વાર્ષિક વધારો રૂા. ૫–એ રીતે ૨૦ વર્ષે ૧૭૫ સુધી.

(૨) બીજી શ્રેણીના 'બાળકીડાંગણ' પ્રમાણ પત્ર ધરાવતા શિક્ષકો માટે.

શરૂઆત રૂા. ૩૫+૧૦ (મુંબઇ માટે સ્થાનિક ભથ્થું) મોંઘવારી રૂા. ૨૫.

વાર્ષિક વધારો રૂા. ૩. એ રીતે ૨૦ વર્ષે ૧૦૫ સુધી.

(૩) આચાર્ય તરીકેની વધારે જવાબદારી સંભાળીને કામ કરતાં શિક્ષકોને માસિક રૂા. ૧૦) વધારે આપવા.

(૪) અર્ધ સમયના (પાર્ટ ટાઇમ) શિક્ષકોને પહેલી શ્રેણીમાં કલાકના રૂા. ૨૦ મોંઘવારી સાથે અને બીજી શ્રેણીમાં મોંઘવારી સાથે કલાકના રૂા. ૧૪ લેખે ગણતરી કરીને, ઉપરાંત રૂા. ૧૦ આપવા. એ શિક્ષકોને આપવાનો વાર્ષિક વધારો, સેવાના કલાકોના પ્રમાણમાં આપવો.

(૫) બાળશિક્ષકોના કામનો રોજનો સમય સામાન્ય રીતે રિસેસ સિવાય પાંચ કલાકનો ગણવો.

(૬) કોઇ પણ શિક્ષકનું કામ એક વર્ષ જોયા પછી તેને સંસ્થાએ નોકરીમાં કાયમ કરવા જોઇએ અને ત્યાર પછીના ત્રણ માસને અંતે શિક્ષકને પહેલો વધારો આપવો જોઇએ.

(૭) પ્રોવિડંટ ફંડની વ્યવસ્થા.

દરેક સંસ્થાએ શિક્ષકો પાસેથી તેમના દર માસના પગારના દરેક રૂપિયા દીઠ એક આનો લઈને તેમાં સંસ્થા તરફથી તેટલી જ રકમનો ઉમેરો કરાને, એ રકમ સુરક્ષિત–બંનેને સંમત થાય એવે–ઠેકાણે રોકવી અને જ્યારે સંસ્થામાંથી પાંચ વર્ષની સેવા આપીને મુક્ત થાય ત્યારે તેને આપવી. પ્રો. ફંડની બાબતના અન્ય નિયમો મા. શાળાના શિક્ષકોના પ્રો. ફંડની સરકારી યોજનાના ધોરણો હોવા જોઇએ. પાંચ વર્ષ પહેલાં જો કોઇ શિક્ષક સંસ્થા છોડીને જાય તો પ્રો. ફંડમાં સંસ્થાએ ઉમેરેલા નાણા પર શિક્ષકનો અધિકાર રહેશે નહિ.

(૮) રજાઓના નિયમો

વર્ષની સેવામાં 'કેજ્યુઅલ' રજા ૨૦ દિવસની આપવી. એકી સાથે એવી રજાનો સમય ૬ કરતાં વધારે દિવસ નહીં રહી શકે.

વર્ષની સેવા થએ માંદગી પેટે ૩૦ દિવસની અર્ધ પગારે રજા શિક્ષકોને આપવી. આ રજા ગણ વર્ષ સુધી ભેગી કરી શકાશે.

બાળશિક્ષણ હજી સરકારી નિયોજનથી બહાર રહ્યું છે. પ્રજાએ જ તેમાં સુયોજન ઊભું કરવાનું છે. શ્રી. નૂતન બાલશિક્ષણ અને શિક્ષક સંઘ તરફથી કરેલી આ ભલામણો એ દૃષ્ટિથી સૌ શિક્ષકો અને સંચાલકો વધાવી લે અને બાળકેળવણીને સમાજના આર્થિક જીવનમાં યોગ્ય સ્થાન આપે એવી અમારી સૌની વિનતિ છે.

નૂતન બાળશિક્ષણ સંઘની સ્થાનિક શાખા તથા નૂ. બા. શિક્ષક સંઘની સ્થાનિક શાખા તરફથી:–

ક્ષી. સરોજ ચોધ

આબીબેન મૂલજી	શેષ નામલે
સુશીલા માધવજી	પ્રભુલક્ષ્મી પટેલ
નિર્મળા હંસરાજ	મૃદુલા શેઠ

એક આતાની નોંધ

લી. મ.

તા. ૧૨-૫-૪૦ ઉમ્મર : ૧-૯ સ્થળ : અ.

અહીં આવીને પહેલે દિવસે જ સુવ્યવસ્થિત રીતે ગોઠવાઈ ગયાં અને તેથી સુગમતાથી દિનચર્યા શરૂ કરી. તળાવને કિનારે ઘર છે. ઠંડક, શાન્તિ અને એકાન્ત છે. સુન્દર અને અનુરૂપ વાતાવરણ છે. સામે ડુંગરો અને વનો, ગુફાઓ અને સાધુઓના ભગવા દેખાય છે, મન્દિરના ઘંટનાદ સંધ્યા વેળાએ કાને પડે છે. બપોરે સૂર્યનાં કિરણોથી નખીતું જળ અબ્બરખની જેમ ઝગમગે છે. રાત્રે બાલચંદ્ર અને ઝગમગતા તારાનાં હજારો પ્રતિબિમ્બ તળાવમાં પડે છે. સાંજે નવી નવી જગ્યાએ અમે ત્રણ ચાર કલાક સુધી ફરીએ છીએ, ત્યારે આ બધું અવલોકવાની ખૂબ મજા આવે છે.

* ની સાથે હું નવી દૃષ્ટિએ બધું જોઉં છું. તે દરેક વસ્તુ જોઈને તેનો સુન્દર પડઘો આપે છે તેથી ઉલ્લાસ અને ઉત્સાહ અનુભવું છું.

હમણાં તો ઊઠતાં વેંત, નહાતાં-જમતાં અને સૂતાં પહેલાં પણ-એમ આખો વખત પેનસિલ અને કાગળ લઈ કામ કર્યા જ કરે છે. કોઈવાર હું પાસે ન હોઉં અને દૂરથી પૂછું, 'બાબા, ક્યાં છે? 'આ રહી.' 'શું કરે છે?' 'કામ'. આ તેના જવાબથી મને ઘણો વિનોદ થાય છે.

હવે તો તે 'પપમ' ના ઘણો જ સ્પષ્ટ આકાર દોરે છે; પોતે દોરતો ન હોય ત્યારે બીજાને વારંવાર દોરવા આગ્રહ કરે છે. તેના પપા અહીં હોય છે ત્યારે તો તેમનો ઘણોખરો વખત 'પપમ' દોરવામાં જાય છે. હ. પણ જંપીને બેસી શકતા નથી. કોઈવાર પેનસિલથી તો કોઈવાર મણકા, શંખ, કોડી, પ્લેસ્ટીસીન અને લાકડીવતી ધૂળમાં એ જ આકારને ફરીફરી જોવા આતુર હોય છે. કોઈવાર તેને અધૂરી 'પપમ' દોરી આપીએ તો અધૂરાં અંગ-તે બરોબર પૂરાં કરે છે. મોટરનું પ્રત્યેક અંગ ચોકસાઈથી જાણે છે.

કાળી માટી પણ રાખી છે. ટીનના બીબાં વતી આકારો પાડે છે.

ફૂલછોડના કુંડામાં પાણી રેડીએ છીએ. અહીં રંગીન ફૂલો છે પણ તેની સુગન્ધ ઓછી છે. ફૂલ વીણવાની રમત પણ અમે એક વાર રમ્યાં હતાં.

'બાબા, ધીમા ધીમા આવો'
રંગી (નવરંગી) ફૂલો લાવોઃ

એમ વારંવાર લલકારે છે. મને લાગે છે, કે 'નવરંગી' શબ્દ સમજવો અને ઉચ્ચારવો એ તેની વય માટે ઘણો અઘરો છે. તેને વધારે સરલ શબ્દોવાળાં ગીતો આપવાં જોઈએ.

પાણી ભરવાનું અને ઉલેચવાનું કાર્ય તેને પહેલાંની જેમ આકર્ષી શકતું નથી, પણ ભીના પગથી પગલાં અને હાથના થાપા પાડવા અને પડછાયા જોવામાં બહુ આશ્ચર્ય થાય છે.

ફળ અને શાકનો પરિચય આપવો શરૂ કર્યો છે. તે દ્વારા સ્પર્શ તથા ગન્ધની ઇન્દ્રિયો અને ભાષા ખિલવવાનો હેતુ મનમાં છે. એમાં બહુ મજા આવે છે. ટેટી, કેરી, મોસંબી, લીંબુ અને કેળાં લીધાં છે. 'કેરી', 'ટેટી', 'નીબુ', સ્પષ્ટ બોલે છે. શાકનાં નામ જરા વધારે કઠણ હોય છે. એ પછીથી વ્યવસ્થિત રીતે લઈશું. અનાજમાં ઘઉં ઉપરાન્ત મગનો વધારો કર્યો છે. ફળ તથા અનાજ બીજા ખંડમાં રાખી હું તેનું નામ દઉં, તે લાવવાનું બાબાને કહું છું. વિના અપવાદે તે યાદ રાખી માગેલી વસ્તુ લાવે છે.

અનાજ અગાશીમાં વેરીએ છીએ. ત્યાં ચકલા આવે છે. તે હવે હેવાયાં થતાં જાય છે. તે વખતે અમે

'આવોને ચકલાં, આવો પારેવાં
ચોકમાં દાણા નાખ્યા છે.'

એ ટૂંકા ગાઈએ છીએ. ઉપરની ટૂંકા તે સ્પષ્ટ ગાય છે. 'મેં એક બિલાડી પાળી છે.'-તે હું તેની આગળ ગાઉં છું.

હ. ભાઈએ બીજાં કેટલાંક ગીતો મોકલ્યાં છે; તે બહુ ખપમાં આવશે. મેં સાંભળ્યું છે કે 'ચકલીબાઈ' 'ખિસકોલીબાઈ' એમ પરિચિત પ્રાણી-

પંખીનાં કેટલાંક ગીતો બહુ સુન્દર છે. તે મેળવવા હું ભાષને લખ્યું છે.

ચોપડીઓ જોવી અને ચિત્રવર્ણન સાંભળવું બહુ ગમે છે. વળી અભિનય કરી પોતે ચિત્રવર્ણન કરે છે. ચોપડીઓ એટલી પરિચિત બની ગઇ છે કે ઘોડી પર પડી હોય અને એ ખોલી પણ ન હોય તે પહેલાં તે તેનાં ચિત્રોનું વર્ણન કરવા મંડી જાય છે. બિલાડી અને વાંદરાં જોઇ ખૂબ લહેરમાં આવી જાય છે.

અચલગઢના મહાદેવમાં ગયાં ત્યારે ત્યાં એક પાળેલી બિલાડી હતી. ચિત્રમાં બિલાડીને તેણે જે રીતે રમાડી હતી તેમ તે તેને રમાડવા લાગ્યો.

'મિની, મિની, આમ આવ
મિની, મિની, દૂધ પી.
ચપ ચપ ચાટી જા'

આમ કહી મિનીને દૂધ પાયું અને તેને ખૂબ પંપાળી.

* નો ભાષાવિકાસ એટલો બધો ઝડપથી થાય છે કે તેની નોંધ લેવી ખૂબ મુશ્કેલ છે. હવે આખાં વાક્યો બરોબર બોલે છે. સૃષ્ટિસૌન્દર્યથી વાતાવરણ સમૃધ્ધ હોવાથી તે વનસ્પતિ અને ભૂસ્તરશાસ્ત્રની પરિભાષા સારી રીતે પકડે છે.

ઝાડ, સૂકાંપાન લીલાંપાન, બી, શીંગ, પાંદડી, પરાગ, દાંડલી, પથ્થર, ટેકરા.

કીડીઓના દર આંગળ બેસી તેમની હિલચાલ નિહાળીએ, છીએ. તેને સાકર અને અનાજ નાખીએ છીએ. તેને દોડતી જોઇએ છીએ. વાતો કરતી અને ખોરાકની ઉપયોગી વસ્તુઓ દરમાં લઇ જતી જોઇએ છીએ. ઘાયલ થએલી કીડીને બીજી કીડી ઉપાડીને લઇ જાય છે તે પણ જોઇએ છીએ. તેને આ બધું રસપ્રદ લાગે છે.

નડીઆદમાં શ્રી. મી. ને કાગળ લખી હિન્દી પક્ષીઓનાં નામો વિષે પૂછાવ્યું હતું. તેમની પાસેથી મને ઉપયોગી બાતમી મળી છે.

દેવલવાડાનાં દહેરાં તેણે બહુ ધ્યાનથી જોયાં. શિલ્પ અને ઐતિહાસિક દૃષ્ટિએ પ્રસિધ્ધ ઇમારત તેણે પહેલી જ વાર. કાંઇક સમજીને જોઇ. લગભગ બેએક કલાક સુધી ત્યાંની કોતરણી જોવામાં એને ખૂબ રસ પડ્યો. હાથી, ઘોડા, વાઘ, હંસ, માળા; ઘંટ, દીવો, દેવ, થનથન (નાચતી અપ્સરાઓ) જોજો એમ શબ્દો બોલતો બોલતો દેરાસરમાં ફર્યો.

તેને ભૌમિતિક આકૃતિઓ ખૂબ જ ગમી ગઇ છે. ત્રિકોણ, ચોરસ, ગોળ, તથા લંબગોળ આકાર, નામથી પારખે છે. કાગળ પર તે આકારો દોરાવવામાં આનંદ માને છે. તે આકારોમાં કોડીઓ તથા તેનાં નાનાં પ્રાણીઓનાં રમકડાં અમને ગોઠવવા કહે છે. પોતે તે પ્રમાણે કરવા ઇચ્છે છે પણ સુંદર પરિણામ લાવવામાં તે સફળતા પામ્યો નથી.

છ ખાનાંની ભૌમિતિક આકૃતિની પેટીમાંથી આકૃતિઓ કાઢે છે અને ગોઠવે છે. અમારી નહાવાની ઓરડીમાં સ્પિરિટનો શીશો છે. તે પર ત્રિકોણ આકારનું લેબલ છે. નહાતાં નહાતાં તે 'શા. ! જો ત્રિકોણ' એમ કહેવા લાગ્યો ત્યારે મને આનન્દ–આશ્ચર્ય થયું.

દફ્તાની પેટીથી આંખો બન્ધ કરીને રમે છે. હવે મૂંઝાતો નથી, પણ ભૌમિતિક આકૃતિની પેટી અને દફ્તાપેટી તેને હવે બહુ રસ આપતી નથી. તે કામ ઘણે અંશે તેણે સિધ્ધ કર્યું છે. હવે તેને આગળનાં સાધનો આપવાં જોઇએ તેમ લાગે છે.

મને લાગે છે, કે હવે નીચેનાં સાધનોની અતિશય આવશ્યકતા છે. લોખંડની ભૌમિતિક આકૃત્તિઓ (નંગ ૮), ભૌમિતિક આકૃતિના કાર્ડ (૩ સેટ), સ્પર્શનાં કાપડની પેટી, રંગની તકતીઓ.

હમણાં હું ડો. મોન્ટેસોરીનું 'Secret of Childhood' વાંચું છું; કેટલી સુન્દર ચોપડી છે ! મૂળ ડો. મોન્ટેસોરીએ લખેલ અને ગિજુભાઇએ અનુવાદિત કરેલ.

'મોન્ટેસોરી પધ્ધતિ' લગભગ પૂરી થવા આવી છે. ચિત્રકલાના પ્રકરણ માટે મને ઘણો મતભેદ છે. હાથમહેનત પર પણ મને ઘણા વિચાર આવ્યા છે.

નવેમ્બરમાં ગિજુભાઇ અંક

મિત્રો તરફથી, શિક્ષણ પત્રિકાનો નવેમ્બર માસનો અંક 'ગિજુભાઇ અંક' તરીકે પ્રગટ કરવાની સૂચના આવી છે. આ અંક સુંદર થાય તે માટે ગિજુભાઇનો પરિચય પામેલા સૌ ભાઇ–બહેનો એ. મના લેખો તા. ૨૦મી ઓકટોબર સુધીમાં શ્રી. જમુભાઇ દાણી–ઇલેવેટરકી લે.જ, મુંબઇ ૭ને સરનામે મોકલી દે એવી વિનતિ છે...પત્રિકાની પ્રાનસુંવ્યા મર્યાદિત છે તેથી લેખો ખૂબ જ ટૂંકા જોઇએ એ વાત સૌ લક્ષમાં રાખે એવી વિનતિ છે.

જતાં આવતાં

(૧)

આ શાકભાજીની વાડીઓ ! ટ્રેનમાંથી, ટ્રામમાંથી, બસમાંથી જ્યાં જતાં હો ત્યાં દેખાયા જ કરે છે. દ્રાક્ષના સરસ વેલા પર દ્રાક્ષના ઝૂમખા લાગ્યા હોય; ટમેટાં ને ગાજર, દૂધી ને કાકડી; ગામમાંથી નીકળો તો થોડી સરખી ખાલી જગ્યા હોય ત્યાંય નાની એવી વાડી હોયજ; કાલે જ અમે પાસેના ગામમાં ગયાં હતાં. શહેર સારું એવું મોટું દેખાતું હતું. મકાનો, દુકાનો વગેરે મુંબઇના કોટની માફક, પણ ગામમાં જ્યાં ખાલી જગ્યા હોય ત્યાં બધે શાકભાજી ને ફળોની વાડી: આપણે તો માત્ર મોઢેથી જ બોલીએ કે 'શાકભાજી ઉગાડો' પણ મુંબઇથી બોરીવલી સુધી કે ઠેઠ થાણા સુધી જાવ પણ કેટલી બધી જગ્યા ખાલી પડેલી દેખાય ! આ લોકો હિંદમાં હોત તો એમણે હું ધારું છું કે ફોર્ટમાં પણ દ્રાક્ષના વેલા ને નાના કુંડામાં ગાજર ટમેટાં વાવી દીધાં હોત. આપણે તો માત્ર વિચારો કરીએ છીએ; અમલમાં લાવવા માટે તો મનનું બળ–ઇચ્છાશક્તિ જોઇએ. આ લોકોમાં મેં એ ખૂબ જોયાં

(૨)

સેનરેમો આવતાં ને કાલે બોર્ડીઘેરે જતાં પણ એ જ જોયું કેટલાં મકાનો બોંબમારાથી પડી ગયાં છે ! કેટલાયને કાણાં પડયાં છે ! મહાયુદ્ધનો વિધ્વંસ મારી નજરે પ્રથમ જ અહીં જોઇને મને થયું–શું થયું હશે એ કુટુંબોની તે વખતે અવસ્થા ? કાલે જ મને એક કેળવણીકાર બેને કહ્યું કે અહીં તો ઠેકઠેકાણે બાળકોનાં ગામડાં છે. (Childrens villages)–મને તો નવાઇ લાગી. બાળકોનાં ગામડાં કેવાં હશે ? ને શા માટે હશે ! પછી ખબર પડી કે એ તો યુદ્ધમાં નમાયાં, નબાપા થઇ ગએલાં બાળકો માટે વસાવેલાં ગામડાં છે. આપણને તો સાંભળીને બેચેની થાય છે; ત્યારે આ લોકોને જેમને યુદ્ધનાં બધાં પરિણામો પ્રત્યક્ષ સહન કરવા પડયાં તેમને શું થતું હશે ! પણ મને લાગે છે તેઓ મુશ્કેલીમાંથી પ્રત્યક્ષ પસાર થયા માટે જ તેમનામાં વધારે હિંમત આવી છે; તેમનું મન વધારે સહન કરવા તૈયાર થયું છે. આપણે યુદ્ધની વાતો જ સાંભળીને થથરી ઊઠીએ છીએ, તેમનામાં આ ખડતલપણું આવ્યું નથી. બીજું, નવી રચના કરવાનો તેમને અવસર મળ્યો તે આપણને મળ્યો નથી. એટલે યુદ્ધના પ્રત્યક્ષ અનુભવમાંથી આપણે બચી ગયાં એ સારું થયું કે નહિ તે શંકાસ્પદ જ છે. દુ:ખ, મુશ્કેલી અને સંકટોથી માણસો વધારે ઘડાય છે; એનામાં વધારે માણસાઇ મેળવે છે; એક બીજાનાં સુખ દુ:ખ જાણી શકે છે; જ્યારે સુખમાં ને સુરક્ષિતતામાં મનની નબળાઇ જ વધે છે.

(૩)

આજે અમે સવારે પ્રદર્શનમાં જવા માટે બસ સ્ટેંડ પર દોડતાં ગયાં. ત્યાં જોયું તો એક ઝાડુવાળી, રસ્તા સાફસુફીની પોતાની સાવરણી લઇને ઊભી હતી. મને થયું કે શું આ પણ બસમાં જવાની હશે ! સાચે જ એ તો અમારી સાથે અમારા જેટલા જ રોફથી અંદર આવી ને એક બાંકડા પર બેઠી. બાંકડો હતો ચાર સીટનો; પછી જોયું તો દરેક થોભાને વખતે જૂના માણસો ઉતરતાં ને નવાં આવતાં. તે તેની પાસે જગ્યા હોય તો જરા પણ અચકાયા વગર તેની સાથે બેસતાં. સભ્યતાના બે શબ્દો કે ચહેરાપરના ભાવ પણ બતાવતા ને ઉતરવાનો વખત આવે ત્યારે ઊતરી જતા. એક સ્ત્રીએ કે પુરુષે "આ વળી કયાં ત્યાં બેઠી" એવો સહેજ પણ ભાવ બતાવ્યો નહિ. આપણે ત્યાં ભંગીયણો સારાં કપડાં પહેરીને બસમાં બેસવા આવે છે. તેને પણ જે ઓળખી જાય તે એનાથી જરા દૂર જ બેસે છે. એવું મેં નજરે જોયું છે. એ હિંદમાં પણ પોતાનું પંખાઝાડુ લઇને બસમાં બેસવા આવશે કે કેમ ને લોકો તેને સુખેથી બેસવા દેશે કે કેમ એની મને શંકા છે. નાતજાતનો વિચાર જ અહીં મનમાં ન આવે ને અસ્પૃશ્યતા પ્રયત્નપૂર્વક દૂર કરવા મથીએ એમાં કેટલો ફેર છે !

(૪)

રોમમાં સેંટ પિટર્સ અને સેંટ પોલના કેથિડ્રલ જોઇ આવ્યા ને તો ૧૦/૧૨ દિવસ થઇ ગયા. તેની ભવ્યતા, સૌંદર્ય, કલાકૌશલ્ય એ તો બધું

ત્તમ છે જ. પણ મારા મન ઉપર એક બીજી જ
પસર થઇ; સેંટ પીટર્સ જોયા પછી તે વિશેષ
ઇ. ત્યાં કેટલાંએ પૂતળાં છે. શિલ્પકળાની દૃષ્ટિએ
; તે ને જોયાં. સત્યધર્મના પ્રચારની દૃષ્ટિએ મારા
ન પર એટલી ભારે અસર થઇ કે રોજ મારા મનમાં
ક બે વાર તો એ વિચારો આવ્યા વગર રહેતા
થી. આ કેથીડ્રલમાં જ્યાં જુઓ ત્યાં ઇશુના શિષ્યો
ધસ્તંભ ઉપાડીને જતાં ચીતર્યા છે. સેંટ પીટ-
ને ઊંધે માથે ક્રોસ પર લટકાવેલો :તો કેટલીયે
ગ્યાએ ચિતરેલો દેખાય છે. સેંટ પોલે પોતાનો
મન નાગરિકત્વનો હક્ક સાબીત કરીને વધસ્તંભ
ડવાને બદલે માથું ઉડાવી લીધું. કોઇ જગ્યાએ
ઇ બાઇ છે; કોઇ જગ્યાએ કોઇ રાણી
; શિષ્યો ને બીજા માણસો તો અસંખ્ય
કે જેઓ ધર્મપ્રચારની ખાતર મૃત્યુને ભેટ્યા.
લું બધું એ બલિદાન! તેથી જ આજે ખ્રિસ્તી
ર્મમાં ધર્મશહીદોની ખૂબ પૂજા થાય છે.
પ્રેમને સેવાના ધર્મના વિચાર માટે આટલું
બલિદાન થયું ને અંતે તે ધર્મ આચાર પામ્યો તે
ધર્મની આજે શી સ્થિતિ છે? એ જ ખ્રિસ્તીઓએ
એક બીજાને બોંબથી ઉડાવી દીધાં; ને હજી એ જ
માર્ગે કારવાઇઓ ચાલી રહી છે. એકંદરે મનુષ્ય
જાતને સાચા માનવ થવું કેટલું અઘરું છે! આપણે
ત્યાં આપણે ગાંધીધર્મના ગુણ ગાઇએ છીએ.
આપણે આપણા દેશમાં ગાંધી જન્મ્યા તેનું અભિ-
માન રાખીએ છીએ: પણ ગાંધી ધર્મનો સાચા
પ્રચાર માટે કયાં થોડું યે બલિદાન આપણે
આપ્યું છે? હજી તો ગાંધીજી આપણામાંથી ગયા
ન ગયા જેવા છે ત્યાં તો તેમના મહાશિષ્યો ગણાતા
ગાંધીવાદીઓ, ગાંધીધર્મમાંથી લગભગ ખસતા
દેખાય છે. ગાંધીવાદ પાછળ ભેખ લઇને નિકળવા-
વાળા કે બલિદાન આપવાવાળા તો આંગળીને વેઢે
ગણાય એટલા પણ દેખાતા નથી.

એકંદરે સાચી માનવતા શીખવી ને શીખ-
વવી કેટલી અઘરી છે, એ વિચારથી અન ઉદ્વિગ્ન
થઇ જાય છે.

તારાબેન

એક પ્રયોગ

જીઠ્ઠાણું ચોરી કે પછી એવા બીજા પ્રશ્નોના
ઉકેલમાં બાળકો સાથે માનસશાસ્ત્રીય રીતે,
નસિક અસર કેવી રીતે ઊભી કરી શકાય તે
ચેની એક ઘટના ઉપરથી સમજાશે

એક બાલમંદિરમાં હું કાર્ય કરતો હતો.
ાં એક દિવસે ચાર વર્ષની ઉંમરના રસેશભાઇએ
ો હાથે ચીતરેલું મોરનું ચિત્ર બતાવી કહ્યું,
ઓની ભાઇ, મેં–મોર ચિતર્યો છે. (હું જાણતો
ા કે તે મોર મેટ્રીકમાં ભણતા રામુભાઇએ
ો ચિતરી આપ્યો હતો) મેં તેમની અંદર,
હું નહિ બોલવાની માનસિક અસર ઊભી થાય
ા પ્રયોગ કરવા વિચાર્યું", મેં તરત જ કહ્યું,
ક, ખૂબ સરસ, રસેશભાઇ, તમે આમાં ચિતર્યો
તેવો એક મોર મારે માટે ચિતરી લાવો. તે
યા. 'પણ મારી પાસે પેનસિલ અને કાગળ નથી,
તેમને રંગીન પેનસિલ અને કાગળ આપ્યો;
લઇ તેઓ તેમની બેઠકે ગયા. પણ મોર ચીતર-
ા કંઇ પણ પ્રયત્ન એમણે કર્યો નહિ. થોડી
તેઓ મારી નજીક બેઠેલ એક બાળક પાસે
ક કાગસર આવ્યા. એટલે મેં તેમને પૂછ્યું;
'રસેશભાઇ, તમે મોર ચિતર્યો કે!' તે બોલ્યા,
'પણ મને તેની ચાંચ ચિતરતાં નથી આવડતી.'
મેં કહ્યું, 'જેટલું આવડે તેટલું ચિતરી લાવો.' તે
ગયા. ત્યાર પછી બાલમંદિરના સમય દરમ્યાન
મારી પાસે આવતાં તે શરમાયા. તેમના 'અંતરમનમાં
તેમના અઘટિત કાર્ય માટે પશ્ચાત્તાપ થયો હતો. તેની
અસર તેમના મુખ પર સ્પષ્ટ દેખાતી હતી. અને
તેમની ભૂલ માટે તે પૂરતું હતું

ઉપરના આવા સાદા પ્રયોગને બદલે જો કોઇ વ્યકિત
બાળકને પ્રેમપૂર્વક, નમ્ર શબ્દોમાં પણ જૂઠું
નહિ બોલવાની શિખામણ આપે, અને જૂઠાણાથી
શું શું નુકશાન થાય છે તેના દાખલા દલીલો
આપી વિગતવાર સમજાવે અને એ રીતે તેના
કુમળા માનસમાં જીઠ્ઠાણાનું આખું શાસ્ત્ર આડકતરી
રીતે ઠસાવે, અને જિજ્ઞાસા વૃત્તિને તે દિશા તરફ
ઉ-તેજે તો તે યોગ્ય નથી. આવા પ્રશ્નોના ઉકેલમાં
તો તેના મન ઉપર આડકતરી રીતે અસર થાય,
તેને ભૂલ સમજાય તેવું શુધ્ધ વાતાવરણ સર્જવું
જોઇએ અને તે જ વધુ હિતકર છે, એમ મને લાગે છે.

કલકત્તા

અમૃતભાઇ જાની

(સંપાદકની નોંધ–ચાલુ)

વણીની દૃષ્ટિએ એક બીજાને પૂરક છે અને જો કંઈ તફાવત હોય તો તે સિધ્ધાન્તના વ્યવહારમાં હોઇ શકે; પરંતુ એ તો નઇ તાલીમ સંઘ અને નૂતન બાળશિક્ષણ સંઘ જો એક બીજાના કામથી વધુ પરિચિત થાય તો જ કંઈક નકકી કરી શકે એવું સૌને લાગ્યું.

બીજા મુદ્દાની છણાવટમાં કેળવણીનો એક રીતે મુખ્ય આત્મા જે શિક્ષક, તેની મુંઝવણોનો અને તેને ઊંચો લાવવાનો જ્યાં સુધી પ્રયત્ન ન થાય ત્યાં સુધી નૂતન બાળકેળવણીના ક્ષેત્રમાં કોઇ પ્રગતિ થઇ શકશે નહિ એવો સૌનો સૂર હતો. નૂતન બાળશિક્ષણ સંઘની પ્રવૃત્તિમાં સામાન્ય બાળશિક્ષક વધારેમાં વધારે રસ લે એ દૃષ્ટિએ આગળ પ્રયત્નો થવા જોઇએ એમ ઘણાંને લાગ્યું હતું. શ્રી. નામલેએ મુંબઇનો શિક્ષક સંઘ ને. બાળશિક્ષણ સંઘનું કાર્ય આગળ ધપાવવા માટે કઇ રીતે સંઘટિત થઇ રહ્યો છે તેની વિગતો રજૂ કરી હતી.

પૂ. નાનાભાઇએ વાર્તા કેવી હોવી જોઇએ એ વિશેના પોતાના મન્તવ્યો એમની વિશિષ્ઠ ઢબે રજૂ કર્યા હતા.

કેટલાંય વર્ષોથી નહિ મળ્યા હોય એવા– સ્વ. ગિજુભાઇના અને પૂ. શ્રી. તારાબેનના શિષ્યો અહીં એકત્ર થયા હતા તેનો અનોખો આનંદ સંમેલનમાં દેખાતો હતો. સાંજના મનોરંજન કાર્યક્રમો વઢવાણવાસી જનતાની ઉત્સાહભરી હાજરીમાં થયા હતા. સંમેલનની યોજના ઘડવાથી માંડીને તે છેક વ્યવસ્થા સુધીમાં શ્રી. ભોગીભાઇ, શ્રી. વજુભાઇ અને તેમના મિત્રોએ ખૂબ જ મહેનત ઊઠાવી હતી; તે માટે દરેક શિક્ષક ભાઇબહેનો તરફથી ધન્યવાદ અપાયો હતો. જે માટે આ સંમેલન યોજાયું હતું, તે ઉદ્દેશ પ્રમાણે અંશે આમ સફળ થયો હતો. બાળકેળવણીના કાર્યને આગળ ધપાવવાની શુભનિષ્ઠાથી યોજેલા આ સંમેલનના સંચાલકોને અમારા ધન્યવાદ.

નવાં પ્રકાશનો:

'બાલમિત્ર ગિજુભાઇ'–લે. સોમાભાઇ ભાવસાર

'બાળકોનાં પયગમ્બર'–હરપ્રસાદ ભટ્ટ

'રમકડું'–માસિક તંત્રી શ્રી. કિશોર ગાંધી

'મૈત્રી'–વાર્ષિક ફેલોશીપ મંડળ

ગિજુભાઇ માટે જે લખ્યું છે તેમાં બાળકો માટે ખાસ લખાયેલા આ પુસ્તકથી સુંદર ઉમેરો થાય છે. સોમાભાઇએ ગિજુભાઇનો નિકટ પરિચય સાધ્યો છે ને તેમના જીવનકાર્યને પોતાનું કાર્ય માન્યું છે. એમનું આ પુસ્તક નાનાં મોટાં સૌ વાંચે એવું ઇચ્છીએ. પ્રકાશકઃ ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ—કિંમત ચાર આના.

ભાઇ હરપ્રસાદ ભટે ડૉ. મોન્ટેસોરીના જીવન અને કાર્ય વિષે લખેલી આ પુસ્તિકામાં, મેડમના ચિરંજીવ સિધ્ધાંતો પણ છે અને જીવનકાર્યની રૂપરેખા પણ છે. ભાઇ હરપ્રસાદની બાળશિક્ષણની કાર્યદૃષ્ટિથી મેડમ પોતે મુગ્ધ છે; અને તેથી તેમને હાથે લખેલી આ નાની પુસ્તિકા બધા જ શિક્ષકોને ઘણી ઉપયોગી અને પ્રેરણાદાયક બનશે એવી અમને પૂરી શ્રધ્ધા છે. દરેક ઘરમાં અને બાલમંદિરમાં આ નકલ રાખવાની અમારી ભલામણ છે. પ્રકાશકઃ એ. એમ. આઇ (મુંબઇ શાખા) : કિંમત ચાર આના.

ગુજરાતમાંથી અનેક બાલમાસિકો આજે પ્રગટ થાય છે. છતાં બાળકોની ભૂખ હજી પૂરી સંતોષાઇ નથી. ભાઇ કિશોર ગાંધીને તંત્રીપદે શરૂ થયેલ 'રમકડું' ટૂંક સમયમાં જ બાળકોનું માનીતું થઇ ગયું છે. એમાંના વિવિધ રંગો અને ચિત્રોથી તથા જાતજાતના રસિક વાચનથી બાળકોની ભૂખ સદા સંતોષાતી રહો એવું ઇચ્છીએ છીએ; એમને સફળતા ઇચ્છીએ છીએ.

મૈત્રીભાવનાના વાતાવરણથી કામ કરવા ઝંખતી મુંબઇની ફેલોશિપ શાળાનું વાર્ષિક 'મૈત્રી' જોતાં અને તેમાંનો બાલવિભાગ વાંચતાં અમને ખૂબ આનંદ થાય છે. ૨૮ જેટલાં નાનાં ભાઇ–બહેનોના અનેક વિષયો ઉપરના રસભર્યા લેખો તથા એમનાં જ દોરેલાં, એમની જ દુનિયાનાં ચિત્રો જોતાં દિલ ખુશ થઇ જાય છે. સંસ્થાના એ વિદ્યાર્થીવર્ગને, શિક્ષકવર્ગને તથા કલાકારને અમારાં અભિનંદન,

સં.

નૂ. બા. શિ. સંઘ
હિંદમાં એણે કરેલું કાર્ય

[આઠમી આંતરરાષ્ટ્રીય મોન્ટેસોરી પરિષદમાં શ્રી. તારાબેને આપેલી રૂપરેખા]

૧૯૧૪ના એ દિવસો હતા. મેડમ મોન્ટેસોરીનાં લખાણો વાંચીને જે પ્રેરણા મળેલી એમાંથી વાલીઓના એક મંડળને એમનાં બાળકોના શાળા-શિક્ષણની પૂર્વેના સમયના જીવનમાં અપૂર્વ રસ રસ જાગ્યો. સૌ ભેગા મળ્યા ને પરિણામે નૂતન બાલશિક્ષણ સંઘની સ્થાપના થઇ. આ સંઘ એટલે બાળકના નવશિક્ષણમાં રસ લેતી વ્યકિતઓનું મંડળ.

શ્રીમતી સરલાદેવી સારાભાઇ જેઓ આ સંઘના પ્રમુખ છે તેમની સામે પણ એમનાં બાળકો માટે આ પ્રશ્ન જ આવ્યો. તેમણે બાળકોના જીવનના વિકાસ અર્થે શકય તેટલા બધા પ્રયાસો અને સરળતા ઊભી કરવા જહેમત ઉઠાવી. એ કાળમાં તો પૂર્વ પ્રાથમિક શાળા જેવું કાંઇ હતું જ નહિ એટલે એમણે ૧૯૧૫માં પોતાની જ એક બાળ-શાળા ઊભી કરી, અને તેમનાં બાળકોની પ્રગતિ માટે જરૂરી એવા પ્રયાસો આદર્યા.

લગભગ આ અરસામાં જ, સ્વર્ગસ્થ ગિજુભાઇ બધેકા જે આ નૂ. બા. શિ. સંઘના આદ્ય-સ્થાપક હતા તે પણ એના પુત્ર અને પુત્રીના બાળશિક્ષણ માટે ઊંડો રસ લઇ રહ્યા હતા. ડો. મોન્ટેસોરીનાં લખાણોથી જીવનના વિકાસને પોષક શિક્ષણ જોઇએ એવી એમની ભાવનાથી, સ્વયંસ્ફૂર્તિ ભરી પ્રવૃત્તિના એમના દર્શનથી, સ્વાતંત્ર્યના એમના સિદ્ધાંતથી, માનવબાલમાં એમણે દાખવેલી અપ્રતિમ શ્રદ્ધાથી, નિયમનની નવી દૃષ્ટિથી, ઇનામ અને શિક્ષાની પ્રથાને દૂર કરવાના એમના આગ્રહથી, ગિજુભાઇના હૈયામાં ઊંડી અસર થઇ. મોન્ટેસોરી પદ્ધતિનીઆ વિશિષ્ટતાઓએ એમનું દિલ એવું જીતી લીધું કે જ્યાં સુધી એમણે વાંચેલું 'કાસા દ બમ્બિનાનાં મુકત બાળકો'નું વર્ણન સાચું ન કરી બતાવ્યું ત્યાં સુધી શાંત થઇ બેઠા નહિ. રાત ને દિવસ એમણે આ માટે કામ કર્યું; બાળકો માટે, શિક્ષકો ને માબાપો માટે એમણે સાહિત્ય લખ્યુ અને જ્યારે ડો. મોન્ટેસોરીનાં સ્વપ્નાં સિધ્ધ થતાં જોયાં ત્યારે જ જરાક જંપ્યાં.

સંઘના ઉપપ્રમુખ અને જાણીતા વિદ્વાન શ્રી. નાનાભાઇ ભટે ગિજુભાઇના આ પ્રયાસોની કદર કરી અને મોન્ટેસોરી પધ્ધતિને મૂર્તિમંત કરવામાં ખૂબ સહાય કરી. પછી તો અનેક મિત્રોએ એમાં સાથ આપ્યો અને ૧૯૨૬માં આ સંઘની સ્થાપના થઇ.

સંઘે જે સૌથી પહેલી જરૂરી પ્રવૃત્તિ શરૂ કરી તે બાળમાનસ વિષેનું સાચું જ્ઞાન જનસમાજની પાસે રજૂ કરવાની; આને માટે સંઘે એક માસિકની યોજના કરી અને તેમાંના લેખોથી માબાપોને બતાવ્યું કે આપણે કઇ કઇ રીતે બાળકોનો વિકાસ રૂંધીએ છીએ; શિસ્ત અને વર્તન વિષેના આપણા ભૂલ ભરેલા ખ્યાલોથી આપણે બાળકોમાં કેવાં દુ:ખો ઊભાં કરીએ છીએ અને તેમનું દમન કરીએ છીએ; અ। તેમની કુમળી વયમાં આપણે કેવી ગંભીર ભૂલો કરીએ છીએ.

આ માસિક શરૂઆતમાં તો અમારા એક પ્રાંતીય ભાષામાં પ્રગટ થતું પણ આજે તે ત્રણ ભાષામાં પ્રગટ થાય છે; એમાંનુ એક હિંદી ભાષામાં પ્રગટ થાય છે જે હિંદી ભાષા આજે રાષ્ટ્રભાષા બની રહી છે. વિચારક જનતામાં આ માસિકે ઘણી નવી જાગૃતિ આપી છે. અમને આશા છે કે હજુ બીજી પ્રાતીય ભાષામાં પણ એનો સત્કાર થશે.

૧૯૨૦ થી ૧૯૩૦ નો કાળ હિંદની સામાન્ય જાગૃતિનો કાળ હતો. અમારા મહાન નેતા મહાત્મા ગાંધીજી હજુ સ્થાન જમાવી રહ્યા હતા. એમણે લોકોને સર્વદેશીય વિકાસમાં રસ લેતા કર્યા. પરિણામે

થોડા જ સમયમાં વાતાવરણમાં ઉત્સાહ ઘળકી ઊઠ્યો. રાજકીય ક્ષેત્રમાં તો વાતાવરણ ગાઢ બન્યું હતું. હિંદ પોતાની રાજકીય મહત્ત્વાકાંક્ષાઓ બર લાવી શકે માટે અનેકવિધ સુધારાઓમાં લોકો લાગી ગયા હતા.

આ કાળમાં જ ગિજુભાઈની શક્તિશાળી કલમે લોકોનાં મન જીતી લીધાં અને બાળકો સાથેનાં એમનાં કામથી એમનાં હૃદય જીતી લીધાં. ત્યારે એમણે જે જે કહ્યું અને જે જે બોલ્યા એમાં એમને ખૂબ પ્રશંસા મળી. આજે હિંદને એક ખૂણેથી બીજે ખૂણે સુધી, જગતના મહાનમાં મહાન શિક્ષણશાસ્ત્રી ડૉ. મોન્ટેસોરીનું નામ હિંદમાં ઘુમી વળ્યું છે તેનું માન આ ગિજુભાઈને છે. એમણે જ શિક્ષિત અને અર્ધશિક્ષિત માતાઓ ને કાને મોન્ટેસોરીનું નામ અને કામ પહોંચાડ્યાં છે.

ગિજુભાઈના આ કામ પહેલાં બહુ થોડા જ ડૉ. મોન્ટેસોરીનું નામ જાણતા; ઘણા ઓછા એમના સિદ્ધાન્તો જાણતા. સરકારી ટ્રેનિંગ કૉલેજમાં ભણીને બહાર નીકળતા શિક્ષકોમાં ત્યારે ઘણી વાર મોન્ટેસોરી પદ્ધતિ પરત્વેનો બધ્ધમત જણાતો. એમને આ પધ્ધતિ વિષે અતિ વિચિત્ર ખ્યાલો હતા. કેટલાક તો એમ પણ માનતા કે મોન્ટેસોરી પધ્ધતિમાં વ્યક્તિશિક્ષણ પર ભાર મૂકે છે તેથી બાળકોમાં ત્યાં સમાજભાવ હશે જ નહિ; તેઓ એક બીજા સાથે મૈત્રી નહિ રાખતા હોય... મેડમે પરો કથાઓની ઝાટકણી કાઢેલી એ ઉપરથી ઘણા એમ માનતા કે એમનાં બાલમંદિરોમાં માત્ર દૈનિક જીવનની યાંત્રિકતા જ હશે. વળી કોઈ ત્યારે એમ માનતા કે આ પધ્ધતિથી બાળકો બુદ્ધિશાળી કદાચ થશે પણ એમનામાં હૃદયની લાગણી, કળાની પ્રીતિ નહિ ખીલે; વળી કોઈ કહેતું કે આ પધ્ધતિ તો માત્ર માનસિક રીતે જે પછાત હશે એવાં બાળકો માટે જ છે. આવા વિચિત્ર ખ્યાલો ત્યારે સમાજમાં પ્રવર્તતા.

આ બધી માન્યતાઓ શિક્ષિત વર્ગમાં જડ ઘાલી રહી હતી એટલે જ્યારે નૂ. બા. શિ. સંઘ શરૂ થયો ત્યારે એનું પ્રથમ કાર્ય આ ભૂલ ભરેલા ખ્યાલો દૂર કરવા એ થઈ પડ્યું. આ બધાંમાંય સૌથી મુશ્કેલ કાર્ય તો શાળામાં શીખવાતા વિષયોનું સાચું મૂલ્યાંકન માબાપો કરે એ હતું. માબાપો આવીને ફરિયાદ કરતા કે મારું બાળક નકામો વખત બગાડે છે અને કાંઈ લખતાં શીખ્યું નથી; માત્ર રમે છે અને ચિત્ર દોરે છે; હજુ એને આંક નથી આવડતા. હજુ એ વાંચતાં નથી શીખ્યું: આ બધાની સામે માબાપોને સંતોષ આપવો અઘરો હતો. અને આજે પચીસેક વર્ષ થયાં છે છતાં હજુ માબાપો એનું મૂલ્ય સમજ્યા છે કે કેમ એની મને શંકા છે. કદાચ બીજા દેશોમાં ય અમારા જેવી જ દશા હશે...પણ હું તો અહીં આવી છું તે નવા અનુભવ લેવા; હું તો એ જોવા માગું છું કે 'આ વિષય શીખવો ને તે વિષય શીખવો' એવું સૂચવવાનું છોડી માબાપો પોતાના બાળકનાં મન, હૃદય અને શરીરના વિકાસ માટે નવું દર્શન ઝંખી રહ્યા છે કે નહિ?

અમારો આ સંઘ માસિકના પ્રકાશન ઉપરાંત બીજી અનેક પ્રવૃત્તિઓનું સંચાલન કરે છે. આજે તેની નીચે નવ શાખાઓ અને કેટલીક ઉપશાખાઓ છે. હિંદનાં શહેરો અને મામડાંમાં અમારો સંઘ અવાર નવાર પ્રદર્શનો યોજે છે અને સંમેલનો તથા પરિષદો ગોઠવે છે. આ રીતે બાળકના નવા દર્શનને પ્રજા સમક્ષ રજૂ કરે છે. આ ઉપરાંત શિક્ષકો અને માબાપો માટે અવાર નવાર વ્યાખ્યાનમાળા રાખવામાં આવે છે; સંઘની સાથે જે પૂર્વપ્રાથમિક શાળાઓ જોડાયેલી છે તેમનું નિરીક્ષણ પણ આ સંઘ કરે છે અને તેમને માર્ગદર્શન આપે છે. મુખ્યત્વે મુંબઈમાં અને છૂટી છવાઈ બીજી મળીને કુલ સોએક સંસ્થા આજે અમારા સંઘ સાથે સંકલિત છે. છેલ્લા વરસથી તો સ્વ. ગિજુભાઈ સ્મારકને નામે નવાં બાલસાહિત્ય-પ્રકાશનોનું કામ પણ શરૂ થયેલું છે.

અનુ. જ.

તા.

(અધૂરું)

બાલ વિભાગ

અભિનય ગીત

નાળિયેરી

હાં રે અમે રોજ રોજ રમવા જશું;
રમવા જશું ને વળી ભમવા જશું–હાં રે અમે

મામા સીમાડે રેતીના ઢગલા;
રેતીથી અમે સહુ રમવા જશું–હાં રે અમે

પેલા ખેતરનાં મીઠાં છે ચીભડાં;
બોર ને ચીભડાં ખાવા જશું–હાં રે અમે

મામાના ગામની ગોરી ગોરી ગાયો;
ગોરીનાં દૂધ અમે પીવા જશું–હાં રે અમે

ઊંચી ડાળે મામે બાંધ્યા છે હીંચકા;
મોટા મોટા હીંચકા ખાવા જશું–હાં રે અમે

મામાના ગામના ઊંડા ઊંડા કૂવા;
કૂવાના પાણીએ નહાવા જશું–હાં રે અમે

દીવાળીને દિન મામી રાંધેછે લાપસી;
ચણા ને લાપસી જમવા જશું–હાં રે અમે

ભગુ ભાણાનાં કાળાં ગલુડિયાં;
એ કાળાં કાબરિયાંને જોવા જશું–હાં રે અમે

ખોલી ઊંચી ડુંગરીએ હનુમાનની દેરી;
હનુમાનની દેરીએ નમવા જશું–હાં રે અમે

ચાંદની રાતે ત્યાં રામધૂન લાગે;
રામની રામધૂન ગાવા જશું–હાં રે અમે.

બાબીબેન મૂલજી

બાળકો રે!
ઓ રે;
ક્યાં ગ્યાં'તાં?
ફરવા ગ્યાં'તાં.
શું શું જોયું?
ઊંચા ઊંચા ઝાડ જોયાં,
ડાળ વિનાનાં ઝાડ જોયાં.

પાંદડાં કેવાં?
લીલાં લીલાં,
લાંબાં લાંબાં,
સામી સામી અણીયાળાં.

ફળ હતાં કે?
હા, જી હો.
ઝાડની ટોચે નાળિયેર,
મોટાં મોટાં નાળિયેર.

કેમ ખાધાં?
ચોટલી પકડી છાલ કાઢી,
ધૂમ દઈને નીચે પછાડી.

શું શું નીકળ્યું?
મીઠું મીઠું પાણી નીકળ્યું,
રાજી રાજી થઈને પીધું,
દૂધ જેવું કોપરૂં નીકળ્યું,
પેટ ભરીને ખાધું-લીધું.

દેવબાની બદૂ

રમણ થશો કે છગન ?

સો અસો ઝૂંપડાનું ગામ હતું. ગામ નાનું હોવાથી ગામમાં વાણીઆનાં એક એ ઘર જ હતાં. બીજાં જુદી જુદી કોમનાં ઘર હતાં. તે ગામમાં રમણ અને છગન નામના બે છોકરા રહેતા હતા. રમણ વાણીઆનો પૈસાદાર છોકરો હતો; જ્યારે છગન ગરીબનો દીકરો હતો.

એક દિવસે ધોમ ધખતો હતો. લોકો તાપથી આકુળવ્યાકુળ થઇ ગયા હતા. પંખીઓ પણ માળામાંથી બહાર નીકળતાં ન હતાં. તે વખતે એક ગરીબનો બાળક રમણને ઘેર આવીને બોલ્યો, "ભાઇ! પાણી પાશે? ભગવાન તમારું ભલું કરશે. મને બૂબ તરસ લાગી છે." પણ ત્યાં તો રમણ બોલી ઊઠ્યો, "છટ છટ નાલાયક, અહીં કંઈ તારો બાપ પાણી મૂકી ગયો છે, તે માગવા આવ્યો છે?" આમ કહીને રમણે તેને ધક્કો માર્યો. ગરીબ બાળક તાપમાં પડી ગયો. પણ એટલામાં એકાએક છગન ત્યાં આવી ચઢ્યો. તેણે જોયું કે એક બાળક તાપમાં પડી ગયેલો પડ્યો છે. તે તરત જ બોલ્યો. "ચાલ ભાઇ, મારે ત્યાં, હું તને પાણી પાઉં." આમ કરીને છગન તે છોકરાને પોતાને ઘેર તેડી ગયો. ઘરમાં એને શાન્તિથી બેસાડ્યો; પાણી પાયું અને ઘરમાંથી સુકકો રોટલો લાવીને બોલ્યો, "ભાઇ, આપ ગરીબ ઘરમાં બીજું તો શું હોય:

આ તું બા બે છે તે, અને પાણી પી". બાળકે તે બાધું અને આશીર્વાદ આપ્યા. "ભાઇ, ભગવાન તમારું ભલું કરે". અને તે ચાલતો થયો.

બોલો! તમે રમણ થશો કે છગન?

જશાભાઇ પટેલ

દિલની પ્રાર્થના

શહેનશાહ જહાંગીરના અદલ ઇન્સાફનો આ એક પ્રસંગ પણ બહુ સરસ છે. જહાંગીરની પ્રજા પણ કેટલી સત્યવાન હતી તે આ પરથી આપણે જાણી શકીએ છીએ.

રાજ્યના ખેડૂતો નિયમિત રીતે જે કમાણી થાય તેમાંથી અમુક મહેસૂલ રાજ્યને આપતા. એક વેળા પવિત્ર ગંગા નદી સૂકાઇ ગઇ. ખેડૂતોએ તેથી એ રસાળ જમીનમાં શાકભાજી વાવ્યાં. એમાંથી સારી ઉપજ થઇ. પ્રામાણિક ખેડૂતોએ રાજ્યને એમાંથી થોડો હિસ્સો આપ્યો. જહાંગીરને આ વાતની જાણ થઇ. એણે પ્રધાનને બોલાવી આ વર્ષે ઉપજ વધારે થવાનું કારણ પૂછ્યું. ગંગા નદી સૂકાયાની ને ખેડૂતોએ એમાં શાકભાજી વાવ્યાથી ઉપજ વધારે થયાની વાત કહી સંભળાવી.

"ગંગા નદી સૂકાઇ કેમ? શું મેં પાપ કર્યું, કે મારી પ્રજાએ કંઈ ખોટું કર્યું?" ગંગાજીના સૂકાઇ જવાથી જહાંગીરને આઘાત લાગ્યો. એણે ખેડૂતોએ જે રકમ આપી હતી તે ખેડૂતો તેમ જ ગરીબોને પાછી આપી દેવા પ્રધાનને કહ્યું. અને ગંગાના સુકાયેલાં પાણી ફરી પાછાં ફરે એ માટે જહાંગીરે સાચા દિલથી અલ્લાની બંદગી કરી. તેની બંદગી સાંભળી હોય તેમ, બીજે જ વર્ષે ગંગાનાં પાણી ઉભરાયાં. લોકો જહાંગીરની આવી ન્યાયપરાયણતા ને નિષ્કામ પ્રભુપ્રાર્થનાનું આ ફળ જોઇ દંગ થયા. કેવો બાદશાહ! કેવી પ્રજા!

બાબાભાઇ ઠેઠી

નૂતન કેળવણીના સિદ્ધાંતોને અનુસરતી શાળાઓને ઉપયોગી એવું શિક્ષણસાહિત્ય, બાલ-મંદિર અને 'નર્સરી સ્કૂલનું' પ્રબોધક સાહિત્ય, જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિઓ માટેનાં સાધનો, નકશા અને ચિત્રપટના લીસ્ટ માટે લખો અથવા આ બધું નજર સમક્ષ જોવા અવશ્ય મુલાકાત લ્યો.

જેચંદ તલકશી એન્ડ સન્સ,

૧૪૬, હોર્નબી રોડ, મુંબઈ ૧.

આગ અકસ્માત જિંદગી

બોટર ઇન્યોર વર્કમેન્સ કોમ્પેન્સેશન

સર્વ પ્રકારનું વીમાકામ

સરળ શરતોથી થાય છે.

લાગવગ બતાવતા ઉત્સાહી કાર્યકરોને

ચ'તોષકારક મહેનતાણું:

એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય મંગાવો.

ધી ધનદીઅન ગ્લોબ ધન્સ્યુરન્સ કં. લી.

—:હેડ ઑફિસ:—

૩૧૫–૩૨૧ પ્રોસ્પેક્ટ ચેમ્બર્સ, હૉર્નબી રોડ, મુંબઈ.

ટે. નં. ૨૦૪૪૩ ટેલીગ્રામ: Deshikothi

કયાંથી ખરીદી કરશો?

મુંબઇના

સૌથી અપ-ટુ-ધ-મિનિટ સ્ટોરમાં

સગવડ સાથે ખાત્રી પૂર્વક

ખરીદી કરવા પધારો.

મુતરાઉ, ગરમ તથા રેશમી કાપડ ફરનીશીંગ તથા હાઉસહોલ્ડ લિનન બનારસી સિલ્ક સાડીઓ, જુદા જુદા ડિલજીત રંગોમાં – બ્લાઉઝ પીસીઝ, લેધર શુઝ

ભેટ આપવા લાયક નોવેલ્ટીઝ

ઊંચી ક્વૉલિટીનો માલ

વાજબી ભાવથી મળશે.

દેશીએ સ્વદેશી કોઓપરેટીવ સ્ટોર્સ, લિમિટેડ.

સર ફિરોઝશાહ મહેતા રોડ, ફોર્ટ મુંબઈ.

: શાખાઓ :

મહાત્મા ગાંધી રોડ, પૂના

જેમ્સ સ્ટ્રીટ, સિકન્દરાબાદ

જરૂરી માહિતી

પત્રવ્યવહાર વખતે સભ્ય નંબર લખો તો અમારું કાર્ય ઘણું સરળ થાય.

પત્રિકાના લેખો માટેનો પત્રવ્યવહાર શ્રી. જમુભાઇ દાણી, એલેવેટરની લેન્જ, મુંબઇ ૭ ને સરનામે કરવો.

લવાજમ, ગ્રાહક, સભ્ય વગેરે માટેનો પત્ર-વ્યવહાર શ્રી. બાબીબેન મુલજી, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ ૬ ને સરનામે કરો.

નિરીક્ષણ કાર્યને માટે થાણાવાડી, બોરડી-ગોલવડ થઇને: બી. બી. સી. આઇ. રેલ્વે– એ સરનામે લખો–

લવાજમના દર.

સામાન્ય સભ્ય રૂ. ૪ સક્રિય સભ્ય રૂ. ૪

સહાયક સભ્ય રૂ. ૭

સંસ્થા જોડાણના પ્રતિનિધિ રૂ. ૧૦

આજીવન સભ્યો

મહાતા રૂ. ૧૦૦૦ દાતા રૂ. ૫૦૦

શુભેચ્છક રૂ. ૨૫૦ હિતેચ્છુ રૂ. ૧૦૦

હિંદી, મરાઠી, ગુજરાતી, શિક્ષણ—પત્રિકા

લવાજમ ચાર રૂપિયા

પરદેશમાં ૯ શિલિંગ છૂટક નકલ સાત આના

—પત્રવ્યવહાર—

શ્રી. બાબીબેન મુલજી

'શિક્ષણ પત્રિકા' કાર્યાલય

શાંતારામ નારાયણ લેન મુંબઇ ૬.

Regd. NO. 2241

સુંદરનું શિક્ષણ—સાહિત્ય

મૉન્ટેસોરી શિક્ષણ પ્રચાર માળા

લે. ગિજુભાઇ અને તારાબેન

પાના ૧૭૨ કિ. ૨-૮-૦ થોડી જ નકલો

બાળક ! માબાપોનો અણઉકલ્યો કોયડો
તારાબેન મોડક
લીલા ભાગવત
૦-૪-૦

ગણિત કાપલીઓનો ધરખશુ સેટ
સરવાળા, બાદબાકી, ગુણાકારના ચાર્ટસ
તથા ૨૦૦ કાપલી
૧-૦-૦
છુટા ચાર્ટસ રુ. ૧-૮-૦
મૂળાક્ષર-પરિચય-ધરખશુ સેટ ૨-૦-૦
અક્ષરજ્ઞાન પોથી-છૂટક ૨-૦-૦

બીકણ સસલી-ચિત્રવાર્તા
બાળશિક્ષણવિદ્યાતા ગિજુભાઇની લખેલી
ત્રણ રંગમાં છપાએલી.
૧-૮-૦

ગણિત કાપલીઓનો બાળમંદિર સેટ
સરવાળા, બાદબાકી, ગુણાકારના
પૂંઠા પર ચોંટાડેલ ચાર્ટસ અને
૬૪૦૦ કાપલીઓ
કિ. ૩૦-૦-૦
મુળાક્ષર પરિચય : બાલમંદિર સેટ ૩-૦-૦
મુળાક્ષર તકતાઓ ૨-૮-૦ ને ૧-૮-૦

વી. પી. ખરચ જુદું

લખો : શ્રી મંત્રી, નૂતન બાળશિક્ષણ સંઘ
શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ, ૬.

શિ. પત્રિકાના જૂના અંકો

અવાર નવાર અનેક શિક્ષકો તથા સંસ્થાઓ શિક્ષણપત્રિકાની જૂની ફાઇલો માટે માહિતી રજૂ કરીએ છીએ. નીચે જણાવ્યાં છે તે વર્ષોની ગુજરાતી, હિન્દી અને મરાઠી પત્રિકાના જૂના અંકો મળશે.

ગુજરાતી સાલ	મરાઠી સાલ
૧૯૩૬, ૧૯૩૭, ૧૯૪૦	૧૯૩૫, ૧૯૩૬, ૧૯૪૧
૧૯૪૧, ૧૯૪૨, ૧૯૪૪	૧૯૪૨, ૧૯૪૭ (ચાલુ)
૧૯૪૬, ૧૯૪૮, (ચાલુ)	

હિન્દી
૧૯૪૧, ૧૯૪૩, ૧૯૪૫, (ચાલુ)

દર સાલના બાર અંકો-પોસ્ટેજ સાથે રા રૂ.
„ „ „ „ (બાંધેલા) પો. સાથે ૪ રૂ.
છુટક અંક સાત આના

પ્રાપ્તિસ્થાનઃ શિક્ષણપત્રિકા કાર્યાલય
શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ ૬

બાલમંદિરો માટે સાધનો

બાલમંદિરો માટે સાધનો ખરીદતાં પહેલાં અમારું સૂચિપત્ર મંગાવો.
દરેક સાધન શાસ્ત્રીય પધ્ધતિથી નિષ્ણાતોની નજર તળે બનાવવામાં આવે છે.
સૂચિપત્રમાં જણાવેલા ભાવ ઉપર આવ બાલમંદિરોને ૬⅓ ટકા કમિશન આપવામાં આવે છે.
લખો-મંગાવો.

નૂતન શિક્ષણ—સાધનાલય, ચેન્ડ બાર્ટ વર્કસ લી.
અમે-અમદાવાદ-સૌરાષ્ટ્ર

નૂતન બાલશિક્ષણ સંઘદ્વારા પ્રકાશિત

શિક્ષણપત્રિકા

વર્ષ ૨૪ : : ઓક્ટોબર ૧૯૪૯ : : અંક ૧૦ મો

બાળકનો પૂરો વિકાસ

"બાળક નાનું છે તેથી તેની બધી ક્રિયાઓ બેશક ધીમી છે, છતાં તે સંપૂર્ણ તો છે જ. તદ્દાવત માત્ર સમય અને ગતિમાં પડે છે. પ્રેમમાં તણાઇ જઈ બાળકને આપણે પરતંત્ર બનાવી ન બેસીએ. ઉતાવળથી શાળાએ મોકલવાની ઇચ્છા રાખનાર આતા પોતે જ બાળકને કપડું પહેરાવવા મંડી જાય ત્યારે તે તેની સ્વયંસ્ફુરિત વૃત્તિને રોકી, તેના વિકાસના કાર્યમાં વિઘ્ન નાખે છે. બાળકનો પૂરો વિકાસ તેને કેવળ શાળાએ મોકલી દેવામાં નથી; કપડું જાતે પહેરવાની ક્રિયા કરવામાંજ તેનો પૂરો વિકાસ છે. માતપિતાઓ ને આટલું જાણે તો આજે ભણાવવા માટે થઇ રહેલી આટલી બધી ઉતાવળનો વહેલો અંત આવે."

: આધતંત્રી :

સ્વ. ભિખુભાઇ બાપેકા

વાર્ષિક લવાજમ ચાર રૂપિયા

છૂટક નકલ છ આના

અનુક્રમણિકા

મુખ્ય વિભાગ

૧. ગારડાની બાલવાડી... ... ... તારાબેન
૨. પ્રગતિની પગદંડી ... ... પૂનમચંદ શાહ
૩. બાળહૃદયનો પલટો ... ... ઇન્દુલાલ દવે
૪. જતાં આવતાં ... ... તારાબેન
૫. એક માતાની નોંધ... ... ...શ્રી. મ.
૬. નૂ. બા. શિ. સંઘ ... ... તા.

બાલ વિભાગ

૧. ઝાડનું મોઢું ને નાક ... ...નામલે
૨. નાનીબેન ... ... શાંતિભાઇ પંડ્યા
૩. બસ ... ... દેવયાની ભટ્ટ
૪. પ્રેમાળ જગબંધુ ... ...બાબાભાઇ

તંત્રીની નોંધ

નવેમ્બરની ગિજુભાઇ જયંતિ

ગિજુભાઇ એમના સ્થૂળ દેહથી ભલે અદૃશ્ય થયેલા દેખાય પણ એમનું કાર્ય, એમનો બાલપ્રેમ, એમનો ઉત્સાહ અને કાર્યની સફળતાની ઝંખના તથા શિક્ષકોમાં રેડેલી એમની પ્રેરણા આજે ય જવલંત ને જીવંત છે અને રહેશે. ૧૫મી નવેમ્બરે એમની જયંતિ છે આ પ્રસંગે મુંબઇની અનેક બાલશિક્ષણસંસ્થાઓ પોતપોતાનો કાર્યક્રમ ઘડી રહી છે એ જાણી આનંદ થાય છે નૂતન બાલશિક્ષક સંઘ પણ આ પ્રસંગે અનેકવિધ પ્રવૃત્તિથી ગિજુભાઇના કાર્યને વેગ આપવા મથી રહેલ છે. એ દિવસે શહેરે શહેરે માબાપોની સભા થાય; બાળકોનાં સંમેલનો થાય; ભાત ભાતના રસિક કાર્યક્રમો યોજાય; બાળકોનાં કામોનું પ્રદર્શન રચાય; ગિજુભાઇનું વિશાળ સાહિત્ય વંચાય; એમનું સાહિત્ય વધુ પ્રચાર પામે તેનો પ્રયાસ થાય; શ્રી. સોમાભાઇ ભાવસારનું 'બાલમિત્ર ગિજુભાઇ' બાળકો પાસે રજૂ થાય; જેની પાછળ ગિજુભાઇએ અપાર શક્તિ ખર્ચેલી તે 'શિક્ષણપત્રિકા'ના ગ્રાહકો વધારવા પ્રયત્ન થાય; સંઘમાં અનેક લોકોને વધુ રસ લેતા કરવામાં આવે–આવું ઘણું ઘણું કરીને આપણે ગિજુભાઇને વંદી શકીએ, એમના આત્માને આનંદ આપી શકીએ...આ પ્રસંગે એમના કાર્યને અંજલિ આપતો ખાસ અંક પ્રગટ કરવામાં આવશે એ પ્રત્યે સૌનું ધ્યાન આમંત્રીએ છીએ.

શ્રી. તારાબેનનો પ્રવાસ

યુરોપના અનેક દેશોનો પ્રવાસ કરી અત્યારે તેઓ હોલંડમાં ફરી રહ્યા છે. સ્વિટ્ઝર્લાંડ, ડેન્માર્ક, સ્વીડન વગેરેમાં થોડા દિવસો ગાળી પાંચમી નવેમ્બરે લંડન પહોંચશે. ત્યાંથી પેરિસ, ફ્રેરો થઇને ૧૫મી નવેમ્બર લગભગ હિંદની ભૂમિ ઉપર પાછા ઊતરશે એમ લાગે છે. ત્યાંના પ્રવાસના એમના અનુભવો, શિક્ષણકાર્યનું એમનું દર્શન વગેરેની રસીલી વાતો સાંભળવા સૌ શિક્ષકો ઉત્તેજિત થઇ રહ્યા છે.

વ્ય. મંડળની ચૂંટણી

નૂ બા. શિ. સંઘના વ્યવસ્થાપક મંડળની ચૂંટણીનો સમય થઇ રહ્યો છે. આ સાથે એ વિષેની બધી માહિતી આપવામાં આવે છે. પાંચ સભ્યો મુકત થશે અને તે પાંચની જગ્યા માટે પાંચની ચૂંટણી થશે. ઉમેદવારી–પત્રોનો નમૂનો, સૂચનાઓ ખાસ જોઇ જશો. નવેમ્બર અંકમાં મતપત્રકો રજૂ થશે, ચૂંટણી અને સામાન્ય સભા ડિસેમ્બરમાં રાખવામાં આવશે. દરેક સભ્ય આમાં રસ લે એવી વિનંતિ છે. જેમણે પોતાનું લવાજમ ન ભર્યું હોય તેમણે ૧૨મી નવેમ્બર સુધીમાં ભરી દેવું એવી વિનંતિ છે.

પગાર ધોરણ સમિતિ

ગયા માસમાં પગાર ધોરણ સમિતિનો જે અહેવાલ છપાયો છે તેની નીચેની સહીઓમાં બે નામ ઉમેરવાં રહી ગયાં છે તો તેની નોંધ લેશો.
પ્રભુલાલ ઉપાધ્યાય : શાન્તિભાઇ પંડ્યા

નૂતન વર્ષનાં અભિનંદન

આ અંક મળશે ત્યારે સૌ સભ્યો નવા વરસના ઉત્સાહ, આનંદ અને ઉલ્લાસથી ઘૂમી રહ્યા હશે. સંઘ તરફથી અમે સૌને સ્નેહભર્યા અભિનંદન પાઠવીએ છીએ.

સંપાદકો

નૂતન બાલશિક્ષણ સંઘની નવી ચૂંટણી

ઇ. સ ૧૯૪૬ ની સાલમાં, નૂ. બા. શિ. સંઘના વ્યવસ્થાપક મંડળની છેલ્લી ચૂંટણી થઇ હતી. આ મંડળને બંધારણ મુજબ ૩ ત્રણ વર્ષ સુધી કામ કરવાનું હતું. તે ચાલુ સાલે–૧૯૪૯ ની આખરે–એ ત્રણ વર્ષ પૂરાં થાય છે. જેથી તા. ૧૨–૧૨–'૪૯ ના રોજ નવી ચૂંટણી કરવાનું જાહેર કરીએ છીએ.

નવા ચૂંટાઇ આવેલા સભાસદો ત્યાર બાદ જાન્યુઆરીમાં સંઘના વ્યવસ્થાપક મંડળનું સૂત્ર હાથમાં લઇ શકશે.

નૂ. બા. શિ. સંઘના બંધારણની કલમ ૨ (સી) અન્વયે, વ્યવસ્થાપક મંડળમાંથી અર્ધા જૂના સભાસદોએ નિવૃત્ત થવાનું છે. તે મુજબ નીચેના સભાસદો નિવૃત્ત થાય છેઃ—

૧. શ્રી. બાબીબેન મૂળજી
૨. શ્રી. જમુભાઇ દાણી
૩. શ્રી ગંગુબાઇ પટવર્ધન
૪. શ્રી વિષ્ણુભાઇ મજમુદાર
૫. શ્રી. પ્રભુભાઇ ધોળકિયા

આ પ્રમાણે, નવી ચૂંટણીમાં પાંચ સભાસદની વરણી કરવાની છે. વ્યવસ્થાપક મંડળમાંના નીચેના સભાસદો બંધારણના નિયમાનુસાર ચાલુ રહેશેઃ—

૧. શ્રી. સરલાદેવી સારાભાઇ
૨. શ્રી. નાનાભાઇ ભટ્ટ
૩. શ્રી તારાબેન મોડક
૪. શ્રી. સરોજબેન ચોધ
૫ શ્રી સરલાતાઇ દેવધર
૬. શ્રી. માલિનીબાઇ પરાંજપે

આગામી ચૂંટણીમાં નીચે મુજબની જગ્યાઓ ખાલી છે. તે તરફ ઉમેદવારોનું લક્ષ ખેંચીએ છીએઃ—

(૧)	આજીવન સભાસદ વિભાગમાંથી	૧,	એક
(૨)	સહાયક ,, ,,	૧,	,,
(૩)	સક્રિય અને પ્રતિનિધિ ,, ,,	૨,	બે
(૪)	સામાન્ય ,, ,,	૧,	એક

સંઘકાર્ય દિનપ્રતિદિન પૂર જોશથી આગળ ધપે છે. તેમાં ઉત્સાહી અને કાર્યક્ષમ વ્યવસ્થાપકોની ખાસ જરૂર છે. તો સંઘની વ્યવસ્થા વધારે વ્યવસ્થિત અને સધ્ધર પાયા પર મૂકવાની હોંશ અને ધગશ ધરાવનારાવાળા સંઘના સભ્યો પોતાનાં ઉમેદવારી–પત્રકો વહેલી તકે ભરી મોકલે, એવી આગ્રહભરી વિનંતી છે.

ચૂંટણીમાં ચૂંટાઇ ન આવનાર ઉમેદવાર પણ સંઘકાર્યમાં સક્રિય ભાગ લઇને અવશ્ય મદદ કરી શકે છે. તો આ ચૂંટણીમાં કોઇએ નિરાશ થવાની જરૂર નથી. સંઘને તો કાર્યક્ષમ એવા હિતેચ્છુ કાર્યકર્તાઓની ખૂબ જ જરૂર છે. તો ઉત્સાહીલ સૌ કોઇ યથાશક્તિ–મતિ સંઘનું સંગીન કાર્ય કરવા આગળ આવે, એવી અમારી અભ્યર્થના છે.

તારાબેન મોડક અને બાબીબેન મૂલજી
મંત્રીઓ.

ચૂંટણીના નિયમો

૧. સામાન્ય સભાસદ ઓછામાં ઓછાં પાંચ વર્ષથી સંઘના સતત સભાસદ હોવા જોઇએ.

૨. સભાસદોએ ૧૯૪૯ની આખર સુધીનું લવાજમ ૧૨ મી નવેમ્બર સુધીમાં ભરીને તેની પાકી પાવતી મેળવેલી હોવી જોઇએ.

૩. નિવૃત્ત થનાર સભાસદ ઇચ્છા હશે તો ચૂંટણીમાં ફરી ઊભા રહી શકશે.

૪. કોઇ પણ સભાસદ પોતાનું કિંવા બીજા કોઇનું નામ ઉમેદવાર તરીકે આપી શકશે. એમણે પોતાનો સભ્યક્રમાંક પણ જણાવવો.

૫. પોતાનું નામ ઉમેદવાર તરીકે આપનારને બીજા કોઇના અનુમોદનની જરૂર નથી; પણ બીજા કોઇનું નામ સૂચવવું હોય, તો પ્રથમ તેમની સંમતિ લેવી જરૂરી છે. તેમ જ તેને માટે બીજા સભાસદના અનુમોદન બદલની સહીની પણ આવશ્યકતા છે.

૬. ઉમેદવાર-પત્રક તા. ૧૨ મી નવેમ્બર '૪૯ સુધીમાં મંત્રી, નૂતન બાળશિક્ષણ સંઘ, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર મુંબઇ નં. ૬. એ સરનામે મોકલવું.

૭. ઉમેદવાર જે વર્ગમાંથી ઊભા થવા માગે તે વર્ગનો વિભાગ રાખીને બીજા બધા બાકી વિભાગનાં નામ છેકી નાખવાના છે. જેમને બીજાનું નામ સૂચવવું હોય, તે કયા વર્ગમાંથી ઊભા રહેવાના છે, તે પણ લખવું જોઇએ.

૮. વધારે ઉમેદવાર-પત્રકની જરૂર હોય, તો તે ઉપરના સરનામેથી મંગાવી લેવા તજવીજ કરવી.

ચૂંટણી-પત્રકો

ચૂંટણીનું મતપત્રક નવેમ્બર અંક સાથે પ્રગટ થશે. તા. ૫ મી ડિસેમ્બર સુધીમાં આવેલા પત્રકો જ ગણતરીમાં લેવાશે. ચૂંટણીનો દિવસ તા. ૧૨ મી ડિસેમ્બર નિયત થયો છે. મતપત્રકની પાછળ જરૂરી સૂચનાઓ આપવામાં આવશે. તે વાંચીને પત્રકો ભરવાં.

મંત્રી

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૪ : અંક ૧૦] મુંબઇ [ઑક્ટોબર, ૧૯૪૯

ગામડાની બાલવાડી

નાના ગામડામાં બાળકોને ભેગાં કરીને આપણે જે બાલવાડી ચલાવતા હોઇએ તો ત્યાં, આપણે જે કામ શહેરમાં કરતાં હોઇએ અને જેવી રીતે કરતાં હોઇએ તે જ ઢબે ને તે બધું તેવું ને તેવું ત્યાં કરવા લાગીએ તો બંધબેસતું આવશે નહિ. આપણું કામ તે તે સ્થળે, છોડના ઉછેર જેમ, તે સ્થળની આબોહવા લઇને વધુ ઝડપથી ઊગવું જોઇએ. એક જગ્યાએ જે ચાલતું હોય તે બધું તેમને તેમ ઉપાડીને ગામડામાં લઇ જઇએ તો બરાબર ન જ થાય. એ સંબંધમાં વિચાર કર્યા વગર જે કામ થાય તો કેવું થાય છે તેના થોડાએક દાખલા નીચે આપું છું.

(૧)

આદિવાસીનાં છોકરાંઓ માટે એક બાલવાડી ચાલતી હતી. ઝૂંપડાંઓની પાસે જ આવેલી એક પારસી ભાઇની વાડીમાં છોકરાંઓને લઇ જવામાં આવ્યાં. ત્યાં કૂવા ઉપર બાળકોના હાથ–પગ ધોવાનો કાર્યક્રમ ચાલતો હતો.

શિક્ષિકાબેન સાબુ અને ત્રણ રૂમાલો લાવ્યા હતા. તેમણે પોતે હાથ, પગ ને મોઢાને સાબુ લગાડી ધોઇ બતાવ્યું; અને છોકરાંઓને તે પ્રમાણે ધોવા કહ્યું.

બાળકોના પગ ઉપર એટલો બધો મેલ હતો કે સાબુથી ઘેરાને પણ એ ગયો નહિ. પણ શિક્ષિકા બેનનું તે તરફ ધ્યાન ગયું નહિ. એણે તો પોતે જ્યાં ભણ્યા ત્યાં જે જોયું હતું તેમ કરવા માંડયું. ઝપાટા બંધ સાબુ ઘસાતો હતો. પાણીથી હાથ, પગ, મોઢું, ધોવાતાં હતાં. રૂમાલોએ લૂછાતાં હતાં કોઇ કોઇ છોકરાંઓ કપડાં વગરનાં હતાં. તેમના વાંસાપર ને છાતી, પેઢ પર ધૂળનાં પડ બાઝેલાં હતાં પગ ને ગોઠણ વગેરે પર તો મેલનાં જાડાં પડ હતાં. પણ ત્યાંની પરિસ્થિતિ જોવાનું કે ત્યાં આપણે શું કરવું જોઇએ તે વિચારવાનું, તે શિક્ષિકાને કયાંથી સૂઝે? તેણે તો જેટલું પહેલાં જોયું હતું ને જેવું જોયું હતું તેટલું કરી છૂટવા પ્રયત્ન કર્યો. પણ તે પરિસ્થિતિમાં તે બધું જ કેટલું કઠંગું હતું તેની તેને જરાયે કલ્પના આવી નહિ. ત્રણ ચાર આવી જ બાલવાડીઓ જોઇ. દરેક જગ્યાએ એને એ જ ક્રિયાઓ દેખાઇ એકને એક ઢબે લેવાતી હતી. દરેક બાલવાડીની જગ્યા જુદી જુદી જાતની હતી. દરેક જગ્યાએ કેટલીએક સગવડો હતી, કેટલીએક અગવડો હતી. કોઇ જગ્યાએ નીચે દરિયાની રેતી હતી. કોઇ જગ્યાએ ખેતરની માટી હતી. કોઇ જગ્યાએ લીલુંછમ ફળિયું હતું પણ શિક્ષિકા બહેનો એક ને એક ઢબે સાબુ લઇને ઘસતી હતી.

આ લોકો હંમેશા પોતાને ઘેર સાબુ રાખી શકશે કે કેમ તેનો પણ કોઇને વિચાર ન આવ્યો. પાણી કયાંથી લાવવું, કયાં મૂકવું? કેમ લેવું? કેમ રેડવું આવી બધી બાબતોમા શિક્ષિકા જરા પણ વિચાર કરતી હોય એમ દેખાતું નહિ. પણ તેણે તો જ્યાં શિક્ષણ લીધું હતું ત્યાં જેવું જોયું તેવું આંખ મીંચીને કર્યે જવાનું એ એક જ વાત તે જાણતી હતી. આને બદલે બીજું ઘણું તે તે સ્થળ ને પરિસ્થિતિ પ્રમાણે કરી શકાત.

જેમ કે, પેલા કૂવા ઉપર સરસ પાળ હતી. ત્યાં બાળકોને હારમા બેસાડયાં હોત, પોતે એક સરસ પથરો શોધીને લાવ્યા હોત અને પોતાના પગ

ધસીને બતાવ્યા હોત, ને પછી છોકરાંઓને કહ્યું હોત કે "હવે તમે આવો પથરો શોધી લાવો ને પોતપોતાના પગ ઘસો." તો કેવું સારું થાત!

કોઇ જગ્યાએ છોકરાંઓને નદી પર લઇ જવાય. કોઇ જગ્યાએ તળાવ પર ને કોઇ જગ્યાએ દરિયાની ભરતીમાં પણ પગનાં તળિયાં ને ગોઠણ સુધી ધસીને સાફ કરી શકાય. કોઇ જગ્યાએ પાણીની અછત હોય. કોઇ જગ્યાએ વિપુલતા હોય. કોઇ જગ્યાએ પાણી માટે દૂર જવું પડે. કોઇ જગ્યાએ કંઇ ને કોઇ જગ્યાએ કંઇ મુશ્કેલી કે સગવડ હોય. ત્યાં ત્યાં સગવડોનો પૂરેપૂરો લાભ લેવાનું અને મુશ્કેલીઓને દૂર કરવાનું, વિચારપૂર્વક કરવાનું કામ શિક્ષકોનું છે. તેને બદલે વિચાર વગર એક વાતને પકડી રાખી તે કયેં જવાથી એક જગ્યાએ યોગ્ય ને અવશ્ય દેખાતી વાત, બીજી જગ્યાએ હાસ્યાસ્પદ બને છે.

ગામડામાં કામ કરનાર માણસે સાબુની જગ્યાએ શું શું વાપરી શકાય તેનો પણ વિચાર કરવો જોઇએ. કોઇ જગ્યાએ કોઇ પ્રકારની માટી મળી આવે છે. કોઇ જગ્યાએ અમુક ફળો મળે. તે બધાંનો યોગ્ય ઉપયોગ કરીએ તો જ યોગ્ય ગણાય.

ડુંગરા ઉપર જ્યાં પુષ્કળ ચીકાકાઇનાં ઝાડ હોય ત્યાં પણ આપણે શહેરથી સાબુ મંગાવીને વાપરીએ તો તે કઢગું જ લાગે. સસ્તામાં સસ્તી છતાં આપણું કામ બરાબર સારે તેવી વસ્તુઓ પણ શોધવી જોઇએ, અને કામ કરવાની રીતમાં પણ એ જ રીતે ફેરફાર કરવા આવશ્યક હોય છે. જેમ કે, કોઇ જગ્યાએ બાળકને નવરાવવું શકય હોય તો કોઇ જગ્યાએ તેનું શરીર ભીના, જાડા લૂગડાથી કે કંતાનના કટકાથી લૂછી નાખીને કામ ચલાવવું પડે.

(૨)

બીજી એક વાત દેખાય છે, જેને ખાસ વખોડવી જોઇએ; અને તે એ છે કે શિક્ષકો ઘણી જગ્યાએ છોકરાંઓના નોકર બની જાય છે. ઝટ ઝટ છોકરાંના હાથ, પગ, મોઢું ધોઇ દેવાં, લૂછી નાખવાં, વાળ ઓળી આપવા, કપડાં પહેરાવી આપવાં, જગ્યા વાળી નાખવી, સુશોભન કરી દેવું, પાથરણાં પાથરી આપવાં, કામની વસ્તુઓ ગોઠવી આપવી વગેરે અનેક કામો શિક્ષક જાતે કરીને બેસે છે અને માને છે કે મારી બાલવાડી ઘણી વ્યવસ્થિત ને સુંદર છે.

બાલવાડી ચલાવવાનો હેતુ આની બધી તૈયારી શિક્ષકે કરી આપવાનો નથી પણ બાળકો એ કરતાં થાય એ માટે તેમની સાથે આપણે કરી દેખાડવાનો, અને બાળકોને તેમ કરવા પ્રયત્ન કરવા દેવો, એ ખરો રસ્તો છે.

તદ્દન નાનાં બાળકોને તેમના પ્રયત્ન પછી આપણે થોડી મદદ કરી બરાબર કરી દઇએ તો વાત જુદી: જેમ કે ૨૧/૨ વર્ષની છોકરી માથું ઓળવાનો પ્રયત્ન કરે પણ વાળની ગૂંચ કાઢતાં કે ચોટલો વાળતાં તેને આવડે જ નહિ તો તેને ઓળ્યા પછી આપણે ઓળી આપીએ અથવા એક બીજાનું ઓળી આપવાનું બતાવીએ, અથવા મોટાં છોકરાં નાનાંને મદદ કરે તેમ ગોઠવીએ તો વાંધો નથી પણ ઘણી જગ્યાએ તો નાનાં છોકરાંઓના ટૂંકા વાળનો સેંથો પાડવો કે તેના પર સીધી કાંસકી ફેરવવી એ પણ શિક્ષક કરી આપે છે; ને તેથીયે વધુ દુઃખદાયક વાત તો એ છે કે કેટલીએક જગ્યાએ એ કામને માટે ખાસ નોકર કે આયા જ રાખવામાં આવે છે.

ફૂલદાની ભરવી કે રંગોળી પૂરવી કે બગીચો બનાવવો એવાં કામો પણ શિક્ષકો કરે છે અને બહુ બહુ તો બાળકોને સૂચના આપીને તેમની પાસે કરાવી લેવામાં આવે છે. તેને બદલે બે ફૂલદાની કે બે રંગોળીની જગ્યા, બે બગીચાના ભાગ રાખવામાં આવે ને એકમાં શિક્ષક કર ને એકમાં બાળકોએ કરવાનું રાખીએ તો બાળકો ફરીથી તે કરતાં શીખશે. કેટલાક વાર તેઓ આપણે કરીએ તેમાંથી કલ્પના લેશે તો કેટલીકવાર તેમની પાસેથી આપણને પણ નવું જોવા જાણવાનું મળી શકશે.

અર્થાત, એ બાબત બીજે છેડે જઇને છોકરાંઓને કાંઇ મદદ કરવી જ નહિ કે આપણા સાથે લઇને કામ કરાય જ નહિ એવું ન બનવું જોઇએ. છોકરાંઓને કયારે કરી

દેખાડવું, ક્યારે અને કેટલી સૂચના આપવી, ક્યારે તેમની મેળે કરવા દેવું, અને ક્યારે આપણે મદદમાં જવું–વગેરે બાબતોમાં ખૂબ ઝીણો વિવેક કરવો જરૂરી નિવડે છે. છોકરાંઓ ન કરી શકે એવાં ભારે કામો તેમની ઉપર ભાર રૂપે ન નાંખવાં જોઇએ. તેમ જ તેમને ભારે પડશે એમ ધારીને ઝટ દઇને મદદે પણ દોડવું ન જોઇએ. ઘણીવાર છોકરાંઓ મોટું મોટું ઉપાડવાનો જ પ્રયત્ન કરે છે, ને આપણા મોઢામાંથી ઝટ શબ્દો નીકળે છે કે 'એ રહેવા દો. એ નહિ ઉપડે' વગેરે. પણ જો જરા રાહ જોઇએ તો એક બીજાની મદદ લઇને તેઓ ભારે કામો પણ પાર ઉતારતાં દેખાય છે, એટલે શિક્ષકે જરા વાટ જોઇને પછી જરૂર હોય ત્યારે જ અવશ્ય પહોંચવું જોઇએ.

(૩)

એ જ બાલવાડીમાં એક બીજું દૃશ્ય દેખાયું. છોકરાં ચીંથરેહાલ હતાં. ઘણા ખરાં છોકરાંઓએ ફાટેલાં ચીંથરાં લટકેલાં હોય એવાં કપડાં પહેર્યાં હતાં. ઘણાં છોકરાંઓનાં શરીર પર એની માના કે મોટા ભાઇનાં પોલકાં કે પહેરણ હતાં. શાળાની શિષ્ટતાની ખાતર તેઓ કપડાં પહેરીને આવ્યાં હતાં.

તે બાળકોને શિક્ષિકાબેન શીવણ શીખવતી હતી. કાડ઼ ઉપર ફ્રાણાં પાડીને રંગીન દોરાથી તે ભરાવી લેતાં હતાં. કપડાના કટકા ઉપર ફેન્સી સ્ટિચ પણ બતાવતા હતા. એ આખા દૃશ્યની વિપરીતતા તેના ધ્યાનમાં આવતી જ ન હતી. તેને પોતાને શીખવવાનો શોખ હતો; આવડત પણ હતી; અને કાંઇ સરસ કરી દેખાડવાની તેને હોંશ હતી. એટલે એ છોકરીઓ પાસેથી ભરત ભરાવી લેતાં હતાં.

એ જ જગ્યાએ ફાટલાં કપડાંને થીગડાં દેવાનું, કે મોટાં કપડાં કાપીને ને ફરીથી શીવીને તે તે છોકરાંઓનાં આપનાં કરી દેવાનું કામ ચાલતું હોત તો તે કેટલું સુનળવાળું દેખાત! થીગડાં દેવામાં પણ સુશોભિત ટાંકાનો ને રંગીન દોરાનો ઉપયોગ કરી શકાય છે. ફાટલાં તૂટલાં કપડાંમાંથી નીકળેલાં કટકામાંથી હાથ લૂછવા ને પગ લૂછવા રૂમાલો બનાવતાં હોત તો કેટલું શોભી ઊઠત!

પણ પેલી શિક્ષિકા તો જ્યાં ભણી હશે ને ત્યાં જેટલું કરાવ્યું હશે તેટલું જ ભાથું તે અહીં બાંધી લાવી હતી. તેની સાથે આંખેથી જોવાની કે મગજથી વિચારવાની શક્તિ એણે મેળવી ન હતી. એટલે તેની ટ્રેનિંગ કોલેજમાં થતા તેવાં નમૂના તે આ દૂરના નાના ગામડામાં કરાવતી હતી. પેલી સંસ્થામાં વપરાએલાં કાડ઼ંસ કદાચ બંધ મળતાં હશે, માટે અહીં તે વેચાતાં કાડ઼ંસ લઇને પણ તે જ પ્રકારનું ભરતકામ કરે તો તે કેમ ચાલે?

(૪)

બીજી એક એવી જ વાત મારા ધ્યાનમાં આવી. આ બાલવાડીઓમાં સંગીત, અભિનયગીતો ને નાટકો ચાલે છે. તેમાં પણ ઉપરની જ વાત દેખાય છે. જે ગીત કે જોડકણું જે જાતનો અભિનય અથવા નૃત્ય કે નાટક શિક્ષકે પોતાની શાળામાં અથવા બીજે કર્યાય સાંભળ્યું હોય કે જોયું હોય તેનો વિચાર કર્યા વગર, જ્યાં જાય ત્યાં ચાલુ કરવાની રીત શિક્ષકોની હોય છે. આ માટે જરા પણ કોઇ વિચાર કરતું નથી. એનો ઉત્તમ દાખલો મોટરના ગીતનો છે.

મુંબઇમાં કોઇ શાળામાં આ ગીત પ્રથમ શરૂ થયું. તેમાંના કેટલાએક શબ્દો ને અભિનય બાળકોને ગમે તેવા હોઇ, મુંબઇમાં તે પ્રચાર પામ્યું. ને હવે દરેક બાલમંદિરમાં, બાલવાડીમાં ને બાળ ક્રીડાંગણમાં તે પહોંચી ગયું છે. શરીર ઉપર કપડાં ન મળે, પેટમાં ભૂખ હોય, રહેવાના ઝૂંપડાનું ઠેકાણું ન હોય, શરીરે ફોડલાં હોય, બેસવા પાથરણું ન હોય, એવાં બાળકો આગળ જ્યારે શિક્ષક હાવ ભાવ ને જુસ્સાથી પેલું ગીત ગાય ત્યારે તે વિડંબનની પરાકાષ્ઠા જ લાગે છે.

મોટર અમારી બોલે, પમ પમ
ચાલે સરર સરર
ડ્રાઇવર મોટર ચલાવે
આપણે ફરવા લઇ જાવે,

હૅંગિંગ ગાર્ડન હિંચકા બાવા

ચોપાટી ને મ્યુઝિયમ બાગ.

ઘરની મોટર જે બાળકોને ફરવા લઈ જાય ને હેંગિંગ ગાર્ડન પર જે હીંચકા બાવાની મજા લઈ શકે, એ બાળકો આ ગીત કેટલી મજાથી ગાતાં હશે તે કલ્પના કરી શકીએ; પણ તે જ ગીત, આદિવાસીનાં ઝૂંપડાં આગળ ગવાય તો તે તેમની ગરીબ સ્થિતિની મશ્કરી કરતું નહિ લાગે ? તેમ જ ચોપાટી, જુહુ ને હૅંગિંગ ગાર્ડનના વાત સૂરત, ભાવનગર, પીજ, સોજિત્રા બધી જગ્યાએ કરીએ તો તેનાં બાળકો શો અર્થ સમજે ? પણ વિચાર કર્યા વગર જ જ્યારે કામ ચલાવવાનું હોય છે, ત્યાર પછી આ ને આના જેવાં કેટલાએ ગીતો, નૃત્યો ને નાટકો ચલ્યા જ કરે છે.

આને માટે આપણે જોડકણાં, ગીતો ને વાર્તાઓ લોકસાહિત્યમાંથી જેમ બને તેમ વધારે લેવાનો પ્રયત્ન કરવો જોઇએ. પછાત કોમો હાલના આધુનિક ગીતોનો ભાષા કે ભાવ આછા સમજી શકે છે. પણ લોક ગીતોના ભાવ તરત જ પકડી શકે છે. તેમ જ શ્રી મેઘાણી કે બીજા આધુનિક કવિનાં લોકગીત જેવા ગીતો પણ તેઓ સમજી શકે છે. પણ ત્યાના પરિસ્થિતિ, ત્યાના લોકો, તેમનું જીવન વગેરે જોઇને હમેશ પસંદગી કરવી જોઇએ. આધુનિક ગીતો ને જોડકણાં લેવા જેવાં હોય તો તેની સામે વાંધો ન જ હોય. જેમ કે

છોકરાં રે, ફરવા જશું ?
ચોખ્ખું ફળિયું, કોને ઘેર ?
ઘમ્મર ધંટી, ,, ,, ?
તળસી ક્યારો, ,, ,, ?

પણ આજકાલ બાલશિક્ષકોમાં એક વલણ દેખાય છે કે આધુનિક ગીત ને જોડકણાં જ લેવાં; તે પસંદ કરવા જેવું નથી. લોકગીત, જોડકણાં અને વાર્તાનું સ્થાન બાળસાહિત્યમાં અમર છે, ને ધ્યાનપૂર્વક તે ચાલુ રાખવાં જ જોઇએ. 'જમના પાણી ગઇ'તી,' 'વાણે ચડે' 'કાનો કાળજડાની કોર છે' વગેરે અનેક લોકગીતો એટલાં સુંદર છે કે તેમને સાવ છોડી દઇએ તે કેમ ચાલે ? જોડકણાંનું પણ એમ જ; નવાં જોડકણાંની સાથે 'ધોધ્યા ધોધા ધોધ સલામ, 'ગાય ગાય, તું મોરી માય,' વગેરે જાદાં ને રમત–જોડકણાંને શા માટે ન લેવાં ? લોકસાહિત્યમાંથી રત્નો વીણી વીણી સંઘરવાનું કામ સ્વ. ગિજુભાઇ અને શ્રી મોંઘીબેને ઘણી મહેનતથી કર્યું છે. તે શ્રમ આજે નકામો જાય છે. બાળ-શિક્ષકો તે પુસ્તકો ભૂલી ગયાં છે. બાળવાર્તા પાંચ ભાગ, બાળલોકગીત ભાગ ૧ અને ૨, તેમ જ બાળસાહિત્ય–માળામાંથી જોડકણાં, રમત જોડકણાં, વરતો ને કહેવતોના સંગ્રહો દરેક શિક્ષક પોતાના પુસ્તક–સંગ્રહમાં રાખવા જ જોઇએ. એ સિવાય શ્રી મેઘાણી, શ્રી ત્રિભુવન વ્યાસ, શ્રી ભાવસાર, શ્રી ભક્ત, શ્રી અવિનાશ વ્યાસ અને બીજા આધુનિક કવિની કવિતાઓમાંથી પસંદગી કરીને લેવામાં વાંધો નથી. મારું કહેવું એટલું જ છે કે આધુનિક સાહિત્યની સાથે લોક સાહિત્યને યોગ્ય સ્થાન આપવું જ જોઇએ. અને આધુનિક સાહિત્યમાંથી પસંદગી કરતી વખતે સ્થળ, કાળ ને પરિસ્થિતિનો પૂરેપૂરો વિવેક જાળવવો જોઇએ.

બીજી એક વાત આ સાહિત્ય સંબંધમાં અત્યંત દુઃખદાયક લાગે છે તે એ કે આપણી પાસે સાહિત્યની ઠીક ઠીક વિપુલતા છતાં કોઇ પણ બાલમંદિર કે બાલવાડીમાં જઇને ઊભા રહીએ તો એક ને એક ગીત, જોડકણું, કે વાર્તા કે નાટક જોવામાં આવે છે. આખા વર્ષમાં બાળકોને ૪૦/૫૦ નવાં ગીતો, વાર્તા, જોડકણાં સંભળાવવાં જેવાં મળી શકે તેમ હોવા છતાં મોટે ભાગે એ ત્રણ ગીતોની બહાર શિક્ષકો જતાં નથી. એ કેટલું દારિદ્ર્ય કહેવાય ?

તદ્દન સામાન્ય કોટિનો શિક્ષક પણ હોંશ ધરાવે, જાગૃત રહે, જાતે થોડો ઘણો વિચાર કરે ને પોતાનું કામ કરે તો આવા સાધારણ દોષો તો બાતરીથી દૂર કરી શકાશે.

તારાબેન

પ્રગતિની પગદંડી

જીવન એ એક વહેતો પ્રવાહ છે. એમાં ગતિ ન હોય તો મૃત્યુમાં અને જીવનમાં ફેર શો ? ગતિ વગરનું જીવન એટલે પાણી વગરનું ઝરણું. પળ પળ અને ક્ષણ ક્ષણ આપણે કંઈક કરતા રહીએ છીએ, સાચું કે ખોટું, સારું કે નરસું; લાભદાયી કે હાનિકારક અને આનું નામ જ ગતિ. ગતિ એટલે આંદોલન; ગતિ એટલે જીવન.

ગતિના અનેક પ્રકારો છે: અનુગતિ, સહગતિ, અધોગતિ વગેરે. પણ એનો સર્વોત્કૃષ્ટ પ્રકાર એટલે પ્રગતિ. પ્રત્યેક પળે જાગ્રત રહેવું, જીવંત રહેવું અને આગળ વધવા મથતા રહેવું, આ બધાં પ્રગતિ માટેનાં પ્રાણવાન તત્વો છે. પ્રગતિ તો સહુ કોઈ ઇચ્છે છે, એ માટે તલસે છે અને તનતોડ મહેનત પણ કરે છે, અને છતાંયે સમાજ ઘણીવાર એની પ્રવૃત્તિને પ્રગતિ તરીકે સ્વીકારતો નથી. કારણ એ પ્રગતિનું મધ્યબિંદુ જાતમાં જ સમાયેલું હોય છે. વિશાળ વિશ્વને કામમાં ન આવે, સમાજના સુખ અને શાંતિને વેગ ન મળે, કુદરતનાં સનાતન તત્વોની જે ઝાંખી ન કરાવે; એવી સ્વકેન્દ્રિત પ્રગતિ સરવાળે દુઃખમાં જ પરિણમે છે. એનો સાધક પોતે જ દુઃખી થાય છે, અને બીજાઓને પણ દુઃખી કરે છે. સાચી પ્રગતિ સહુના સુખનો વિચાર કરે છે. બીજાઓને પણ પ્રેરક બને છે.

આવી પ્રગતિને સમાજ આવકારે છે જરૂર પણ સહેલાઈથી સમાજ એની નીતિ રીતિને સ્વીકારી લેતો નથી. અસીમ શ્રદ્ધા, અખૂટ વિશ્વાસ, અથાગ પરિશ્રમ અને અણિશુધ્ધ ચારિત્ર્ય વિના પ્રગતિના પ્રદેશમાં નવી પગદંડી પાડવી એ બિલકુલ શક્ય નથી. કોઇ પણ નવું કાર્ય શરૂ કરો એટલે ટીકા તો આવવાની જ. એથી ગભરાયા કે ગૂંગળાયા તો સમજવું કે પડતીનાં પગરણ મંડાઇ ચૂક્યાં. ધીરજથી પરિસ્થિતિનો સામનો કરતા રહીએ અને આંતરશુધ્ધિ અને પૃથક્કરણ કરતા રહીએ તો એ જ ટીકાકારો આપણા કાર્ય પ્રત્યે ઉદાસીન બનશે. 'ભલે કર્યા કરે', 'આપણી ટીકાઓ સામે ટક્કર ઝીલીને પણ એ તો કરશે જ.' એ જાતની એમની મનોદશા ઘડાશે. આ કાળમાંથી સાંગોપાંગ બહાર આવીશું તો એ જ લોકો આપણા કાર્ય પ્રત્યે સહાનુભૂતિથી જોતા થશે. અને એ પછીનું પગથિયું એટલે સહકાર.

ટીકા, અવગણના (Criticisim) ઉદાસીનતા (Carelessness) સહાનુભૂતિ (Sympathy) આ ત્રણ પગથિયાં વટાવી ચૂક્યાં એટલે સહકાર (Co-operation) સ્વરૂપે પ્રગતિના પ્રદેશનો ચોક્કસ તબક્કો આવવાનો જ. અને ત્યારે અનેક પાત્રો આપણી મદદે આવી મળવાનાં. પછી આપણી એકની મહેનત કે સાહસ અનેકનો કાર્યપ્રદેશ બની જશે. પણ એ પગથિયે પહોંચતાં પહેલાં પડી ગયા તો એ જ પ્રગતિની પગદંડી અધોગતિની ઊંડી ખાઇમાં ધકેલી દેશે. એટલે પ્રગતિવાંચ્છુ સહુ કોઇએ અનેક મુશ્કેલીઓ વચ્ચેથી રસ્તો કાઢવાની, નિરાશાને દફનાવી દેવાની અને આનંદભેર અથડામણોનો સામનો કરવાની તૈયારી અને તટસ્થતા કેળવવી જ રહી.

પૂનમચંદ શાહ

બાળહૃદયનો પલટો

જાન્યુઆરી '૪૯નો આ બનાવ છે. કુમાર નામે પાંચ વર્ષનો એક ભાઇ ભણવા આવે છે. વિશાળ મઠના એક ભાગમાં આ બાલમંદિર બેસે છે. તેમાં એક ખૂણે જાજરૂ છે. અરવિંદના મોટા ભાઇએ, નીચેનો પ્રસંગ બન્યા પછી ત્રીજે દિવસે મને વાત કરી, 'ઇન્દુભાઇ, અરવિંદે પરમ દિવસે જાજરામાં કુરકુરિયું ફેંકી દીધું છે.' મેં કહ્યું, 'અરર ! પછી તમે શું કર્યું ?' તેમણે કહ્યું, 'ટોપલો ભરીને મીઠું મારા બાપુજીએ જાજરામાં નાખ્યું છે. અરવિંદને મારા બાપુજી મારવા મંડ્યા ત્યારે અરવિંદે કહ્યું "તું કે 'જો વધારે મારશો તો બીજું કુરકુરિયું જાજરામાં ફેંકી દઇશ.' એટલે એને છોડી મૂકયો.'

ખરેખર આ પ્રસંગ ઘણો જ કરુણ છે. ઘણાં બાળકો મોત સામે ખેલ ખેલે છે. એકવાર બાળક અગ્નિથી દાઝ્યા પછી ફરીથી દેવતાથી દૂર નાસે છે. બાળક પોતાની કુતૂહલવૃત્તિને લીધે કંઇક કંઇક–ન કરવાનું કરી બેસે છે, હું વિચારવા લાગ્યો કે એ બાળક આટલી હદે શી રીતે પહોંચ્યું ?

દેડકાં અને છોકરાંની બાલવાર્તા મને યાદ આવી. નાનાં બાળકોને પોતાની રમત આગળ બીજાનાં દુઃખનો ખ્યાલ આવતો નથી. કુરકુરિયાએ જાજરામાં ફેંકાતાં કેટલું આક્રંદ કર્યું હશે ? એ કરુણ ચીસોથી એ બાળકને ઓર આનંદ આવ્યો હશે ! આ વિશાળ વિશ્વમાં પરપિડનથી રાજી થનાર ઘણા છે.

મોટા માણસોનો એવો ખ્યાલ હોય છે કે બાળકને સુધારવા કે દાબમાં રાખવા માર સિવાય બીજી વસ્તુ નથી; પરંતુ નાનાં બાળકો એથી પણ વધુ ભયંકર કાર્ય ફરીથી કરીને સાબીત કરી આપે છે કે માર એમારા માટે નકામો છે. પ્રેમ–સત્કાર નમ્રતા બાળકને વશ કરવાની ચાવી છે.

એ બાળક ફરીથી એવું કાર્ય ન કરે તે માટે મેં પાસે બોલાવીને પૂછ્યું,

'અરવિંદભાઇ, તમે જાજરામાં કુરકુરિયું ફેંક્યું એ વાત સાચી ?'

'હા.' બહુ જ ધીમા અવાજથી તેમણે કબૂલ કર્યું.

'તમને કોઇ જાજરામાં ફેંકી દે તો ?' મેં પૂછ્યું.

'મારી બા મારા વગર (સિવાય) શું કરે ?'

'તો કુરકુરિયાની બા, [કૂતરી] કુરકુરિયા સિવાય શું કરતી હશે ?'

'બીજાં કુરકુરિયાં છે ને ?'

'તમારે બીજો ભાઇ છે ને ?'

'હું હવેથી બીજું કુરકુરિયું નહિ નાખું.'

એ બાળક પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરે છે, એટલું જ નહિ પરંતુ ભૂલેચૂકે કુરકુરિયું એની મેળે જાજરામાં ન પડી જાય તે માટે જાજરાના બારણાની સંભાળ રાખે છે. ગમે તે કાર્ય કે રમતમાં મશગુલ હોવા છતાં જાજરાનું ખુલ્લું બારણું જોતાંની સાથે જ તે કામ પડતું મૂકીને બંધ કરવા દોડે છે.

આ છે બાળહૃદયનો પલટો !!

ઇન્દુલાલ મ. દવે.

જતાં આવતાં

ફ્લૉરેન્સ એટલે તો કલાનું ધામ. જોતાં જોતાં અમારી આંખ ને ડોક દુખવા આવે. મોટ-મોટા કલાકારોની કલાકૃતિની કદર કરવા તો ઘણી નિરાંત જોઇએ, અભ્યાસ જોઇએ, અને સૌથી વધારે તો તેમને સમજવા માટેની માનસિક અને આધ્યાત્મિક પૂર્વતૈયારી જોઇએ. આ કલાકારો તો મોટા ઋષિઓ જેવા લાગે છે. માનવજીવનના જોરદાર પ્રવાહો સમજવા અને પોતાની કૃતિમાં ઉતારવા તેમણે મહાન પ્રયત્નો કર્યા છે. તે જોઇને કહેવું કે 'બહુ સુંદર' એ તો તેમનું અપમાન કહેવાય. તેમને ખરેખર સમજવા ને તેમનું રહસ્ય ને ઊંડું મંતવ્ય સમજવું ઘણું જ અઘરું છે એટલું જ ત્યાં જઇને સમજ્યું.

ફ્લોરેન્સ, વ્હેનિસ, કે બ્રસેલ્સમાં ચિત્રકલાની અને શિલ્પકલાની સાથે બીજી કલાઓ પણ ઘણી જ વિકાસ પામી છે. ગાલીચા ઉપર, આખેઆખ ચિત્રો જેવાં ચિત્રો વણવાં એ તો એક મોટી કલા અહીંયાં દેખાય છે. પેરિસમાં એના સુંદરમાં સુંદર નમૂના જોયા. અત્યારે આ કામ થાય છે કે નહિ તે ખબર નથી. મોટે ભાગે એ જતી રહી લાગે છે. એના જેટલી જ આશ્ચર્ય પમાડે એવી બીજી કલા વિકસી છે તે મોઝેકની. મોટમોટી દિવાલો ભરીને જેમ ગાલીચા છે તેવા જ ફ્લોરેન્સમાં મોઝેકનાં મોટમોટાં ચિત્રો છે. આ મોઝેકનું કામ કેમ થાય છે તે જોયું. ગાલીચામાં વણીને કે પથરા ગોઠવીને ઝીણામાં ઝીણા ભાવો બતાવવા, ઓરગેંડી જેવા પાતળા કપડાનો દેખાવ ઊભો કરવો કે ઘોડા કે માણસના સ્નાયુઓની હિલચાલ બતાવવી એ કેટલું અઘરું કામ હશે એ આ મોઝેકના સ્નાયુઓમાં પથરા ઘસતાં ને

કાપતાં ને ચોટાડતાં જોયું ત્યારે જ ખબર પડી. આ કામ, તેમ જ ફ્લોરન્સનું ચામડા ઉપરનું કામ વ્હેનિસનું કાચનું કે બ્રસેલ્સનું લેસનું, સ્વિત્ઝરલંડનું લાકડાનું તથા ભરતકામ જોઇને આનંદ સાથે અત્યંત દુઃખ થયું. આનંદ થાય એ તો સ્વભાવિક હતું, કેમકે એ બધી કળાઓ આ લોકોએ ઘણી જ, વિકસાવી છે. કેવળ અદ્‌ભુત કહીએ તો ચાલે. આ જોઇને આપણે ત્યાંનાં પાટણનાં પટોળાં વણવામાં જે અદ્‌ભુત કૌશલ્ય તે લોકોએ વિકસાવ્યું છે તે યાદ આવે છે. પાટણનાં પટોળાંની જેવી જ આ કળાની દશા થએલી જોઇને દુઃખ પણ થાય છે. હવે એ કળાઓને કળા કરીકે જીવતી રહેવું અઘરું થતું જાય છે. પહેલાંની જેમ રાજમહેલો કે મોટ-મોટાં મંદિરો હવે તેને ક્યાં સંધરે છે કે વિકસવાનો અવકાશ આપે છે? એટલે હવે તે કળાઓના અસ્ત-કાળમાં આપણને દુઃખ થાય છે કે તેમને આજના શ્રીમંતોની અને ફેશનેબલ લોકોની જરૂરિયાતો પૂરી પાડવાનો પ્રયત્ન કરવો પડે છે. આજના પૈસાદાર પ્રવાસીઓની રુચિનો અભ્યાસ કરી તેઓ ખરીદી શકે અથવા તેમને ખરીદવું ગમે, એવાં એવાં ચિત્રો-ને એવી વસ્તુઓ બનાવવા પાછળ આ કારીગરોને હવે દોડવું પડે છે. આપણે જઇએ ત્યારે જેમ લાગે છે કે ક્યાં તે કાળની અદ્‌ભુત કળા ને ક્યાં ત્યાં ઠેર ઠેર મળતી પથરાની વસ્તુઓ! તેમ જ અહીં પણ થાય છે. એક વખત બહુ જ ઊંચી ટોચે પહોંચેલી આ કળા કારીગરીને આજે "કોઇ આવશે? કોઇક ખરીદશે? તેમને શું ગમશે?" એમ વિચારી વિચારીને જીવતી જોઇને ખરેખર આંખમાં આંસુ આવે છે.

૦ ૦ ૦

સાંભળેલું કે વ્હેનિસ એ જગતમાં સૌથી સુંદર અને અદ્‌ભુત એવું શહેર છે. એ તે કેવું કે હશે એમ વિચારતાં વિચારતાં અને સુંદરતાની અનેક કલ્પના કરતાં અમે ત્યાં જઇ પહોંચ્યાં. પણ ત્યાં તો ગંદું, કાળું, પાણીથી ઘેરાએલું એવું શહેર નજરે પડ્યું. કનાલોની ગલીઓમાં હોડકામાં બેસીને ફરો તો કનાલનું પાણીએ ગંદું ને આજુ-બાજુનાં મકાનો પણ ગંદાં લાગે. બધે કચરો કચરો દેખાય. સેંટ માર્કનો મોટો ચોક જે અત્યંત પ્રસિદ્ધ છે ત્યાં બધે દુકાનો જ દુકાનો. દારૂ ને વાઇન્સ પીઓ. જિલેટી (આઇસ્ક્રીમ અથવા કુલફી મલાઇ) ખાઓ અને પ્રવાસીની દૃષ્ટિએ તૈયાર કરેલી કાચની કે ચામડાની વસ્તુઓ, કે રેશમી કાપડ ખરીદો.

અમને વ્હેનિસ શહેર જરાએ ન ગમ્યું. સાંજ પડે કે બધાં દોડે જુગારખાના તરફ જવા માટે, સ્ટીમર પકડવા. પછી રાત્રે આવે નિરાંતે બાર પીને અને જુગાર રમીને. આમાં ક્યાં સુંદરતા શોધવી? નથી લોકોના જીવનમાં, નથી પ્રવાસીને સંતોષવા નીચે ઊતરેલી કળા કારીગરીમાં, કે નથી આ ખારા પાણીમાં વસેલા, ખારાં પાણીથી ને ખારી હવાથી કાળાં કાળાં મકાનોના બનેલા આ શહેરમાં. અમારો જીવ તો કંટાળી ગયો તેમાં ઓછામાં પૂરું મુંબઇ જેવી ગરમ અને સખ્ત હવા.

તે દિવસ હતો વ્હેનિસના એક મહાન ઉત્સ-વનો. બધા ગોંડોલા મોટા કનાલમાં ભેગા થયા. આજે તેમનું મોટું સરઘસ નીકળવાનું અને બધાએના નાના ગોંડોલાની શરત થવાની હતી. આજે આખું ગામ ઉત્સવ અને તહેવારની મોજમાં હતું. મોટા કનાલની બે બાજુએ આવેલાં જૂના સરદારોનાં મકાનો જૂના ગાલિચાઓ અને રાજચિહ્નોથી શણગાર્યાં હતાં. આપણે ત્યાં કાઠિયાવાડમાં જૂના ઠાકોરોને ત્યાં જઇએ ને જેમ પહેલાંના વખતની ઘણી જ સુંદર એવી કોઇ જૂની વસ્તુ બહાર કાઢે તેવા જ આ ગાલિચા ને કિનખાબ ને શસ્ત્રાસ્ત્રોનાં રાજચિહ્નો દેખાતાં હતાં. પોતાના મકાન આગળના થાંભલા પણ બધા સરદારો રંગી શકયા ન હતાં. પણ લોકોનો ઉત્સાહ અને આનંદ તો કયાંય માતો ન હતો. આપણે પણ એક ગોંડોલો લઇને ગયા તેમનો ઉત્સવ જોવા.

ત્યાં ખબર પડી કે વ્હેનિસની મહાનતા શેમાં છે. કેટલા પ્રેમથી તેઓએ જૂના વખતના, જૂની ઢબનાં કપડાં પહેર્યાં હતાં. કેટલા અભિમાનથી એ જૂનાં હોડકાંને તેમણે શણગાર્યાં હતાં, અને ગૌરવથી કનાલમાં તેનું સરઘસ કાઢયું હતું! કેવી ઉમેદથી ને હોંશથી તેઓ સુંદર રીતે ને જલદીથી ગોંડોલા ચલાવનારાની સામે જોતાં હતાં! આ ખારા પાણી

ઉપર તેમણે જે વિજય મેળવ્યો તેનો આ ઉત્સવ જોતાં જોતાં, તેમની ઉછળતા આનંદની ઉર્મિઓ જોતાં જોતાં વિચાર આવ્યો કે આ શહેર એટલે તો મુશ્કેલીઓની સામે થઇને, તેમને જીતીને તેમના પર સ્વાર થઇને કેમ જીવી શકાય તેનું પ્રતીક છે–નમૂનો છે. એમાં જ એની મહાનતા છે. જમીન ઉપર ચારે કોર માનવ અને સૃષ્ટિનાં બળો વિરુદ્ધ કામ કરતાં હતાં, તેની સામે થઇને આ લોકો ટકી રહ્યા એટલું જ નહિ પણ દરિયાના પાણીથી ઘેવાઇ જતા નાના બેટોનું મોટું શહેર બનાવ્યું; કુદરતનાં વિરુધ્ધ બળોને પહોંચી વળવા અનેક યુક્તિઓ શોધી કાઢી; અજબ કામો કર્યાં; રાત દિવસ તેની પાછળ જાગૃત રહીને એ જીવ્યા અને ઊંચે ચડયા; કેટલી મોટી એમની જીવન-શક્તિ ! બધું ખવાઇ જાય, ઘેવાઇ જાય, કોહાઇ જાય, તે માટે આવાં મજબૂત મકાનો કરવામાં કેટલી અથાગ મહેનત ને જેહમત ઉઠાવવી પડી હશે ! બધે પાણી પાણી ફરી વળતું હશે ! તેના જ રસ્તા બનાવી ગોઠવેલા મારફત વ્યવહાર ચલાવવાની કલ્પના કરવી ને અમલમાં લાવવી મુશ્કેલીઓ સામે ડગવું નહિ, હારવું નહિ, નિરાશ થવું નહિ નિર્બળ બનવું નહિ; પણ આનંદ કરવો. મહાન યોજના ઘડવી ને પાર ઉતારવી; એ માટે કેટલું જોરદાર અને શક્તિશાળી, પ્રભાવી માનસ જોઇએ !

ખરેખર વ્હેનિસ ! તું સુંદર છો. અદ્‌ભુત છો. મહાન છો.

મારી આંખ ચારે કોર ફરી વળે છે. ગરીબોનાં ઝૂપડાં કયાં છે ? કયાં છે તેમનાં ચિથરેહાલ છોકરાં–ગુમડાંવાળાં ને હાડપિંજરવાળાં ? આગગાડીમાંથી જતાં કલાકો ને કલાકો સુધી હું તેમને શોધું છું. કયાંય દેખાતાં નથી. અમે જાણી જોઇને ગરીબ લત્તામાં ફર્યાં. ફેકટરીના મજૂરો, મચ્છીમારો, બંદર પરના મજૂરો, ખેડૂતો, ડુંગરાના નાના ગામડામાં રહેનાર પછાત કોમોનાં ઘરો ને બાળકો ખાસ જોયાં. તેમને માટેની શાળાઓ જોઇ, તેમનાં અનાથ બાલ-ગૃહો જોયાં, તેમના મજૂરનાં બાળકો માટેના કેશ અને બાલગૃહો જોયાં, કયાંય અનાથપણું દેખાયું નહિ. રોગ અને ભૂખમરો, કૃશતા, ને અપંગતા કે એવું કશું દેખાયું નહિ નાનામાં નાના ૧૦૦૦ની વસ્તીના ગામડામાં ગયા. ત્યાંની પ્રાથમિક શાળાઓ (નર્સરીસ્કૂલ) અને બાલશાળા જોઇ. ત્યાં પણ બાળકોના ચહેરા પર કે શરીર પર અને શાળાના સરસામાન પર ગરીબાઇની અસહાયતા, સારી વસ્તુની લાલસા હોવા છતાં મળવાની નથી એવી ઉદાસીનતા કે એવું કશું જ દેખાતું નથી. ખરેખર આશ્ચર્ય થાય છે. આપણે ત્યાં શેઠિયાનાં બાળકો માટે પણ હોતાં નથી એટલાં સુંદર બિછાનાઓ આ અનાથ બાળકો અને મજૂરનાં બાળકો માટે છે. મજૂરનાં બાળકો માટે એક એક હજાર બાળકો ભણી શકે એવી શાળા જોઇ. મોટા રોજમહેલ જેવું મકાન. ત્યાં શાળામાં સ્વિમિંગ બાથ, સ્નાનગૃહો, નાટકગૃહ, સિનેમાગૃહ ડોકટરી તપાસ દર અઠવાડિયે થાય. વર્ષમાં એક વખત બધાં બાળકોની (Screening) છાતીની તપાસ થાય ને ક્ષય રોગના કોઇ ભોગ ન બને તેની સંભાળ લેવાય. દાંત, આંખ, કાન, ગળું દરેક માટે ખાસ વ્યવસ્થા. દરેક બાળકને કાગળ પેન્સિલથી માંડીને દરેક વસ્તુ શાળામાંથી મળે. સંગીત માટે ઓરડો ને પિયાનો, ચિત્ર કામ માટે મોટા ખાસ ઓરડાઓ. માટી કામ, સુથારી કામ, છાપવાનું કામ, પુસ્તકો બાંધવાનું તથા પાકશાસ્ત્ર શીખવાની અહીંની લગભગ દરેક શાળામાં વ્યવસ્થા છે. નાનાં ત્રણ ચાર વર્ષનાં બાળકોને પણ ચિત્રના કાગળો, રંગ રંગીન પેન્સિલો વગેરે ભરપૂર આપવામાં આવે.

આ રીતે નહિ શાળામાં કે નહિ ગામના ગરીબ લત્તામાં કયાંયે આવશ્યક જરૂરિયાતો ન મળી શકે, ને તેથી કંગાલિયત સ્થિતિ દેખાતી નથી. કોઇ પણ રાષ્ટ્ર પોતાની પ્રજા માટે આટલું કરી શકે તે યોગ્ય રીતે યોગ્ય દિશામાં પ્રગતિ કરી રહ્યું છે એમ જ કહેવું જોઇએ. તેમનામાં હજી ઘણું સુધારા બાકી છે એમ તેમને લાગે છે ને પ્રયત્ન ચાલે છે, એ તેમના જીવંતપણાની નિશાની છે.

–આહા ! આપણે હજી કેટલું કરવાનું છે ! તે કોણ કરવાનું છે ?

સ્વિત્ઝરલંડમાં ઊંચે ડુંગરા પર કયુનીક્યુલર

આગગાડીમાં ગયાં. શું અદ્‌ભુત એ દૃશ્ય ! કુદરત અને મનુષ્ય બન્નેએ એક બીજા ઉપર ચડસાચડસી કરી છે. કોઇએ કોઇને હરાવ્યું નથી પણ એક બીજાને સહાય જ કરી છે. મનુષ્ય કુદરતનાં બળો ને જ વાપરી પોતાની બુદ્ધિશક્તિથી કુદરત ઉપર તે સ્વાર થઇ ગયો છે. આપણા પુરાણોમાં આપણે ભગીરથની વાત વાંચીએ છીએ. કોઇ જરા પ્રયત્નશીલ દેખાય તો તેણે ભગીરથ પ્રયત્નો કર્યા એમ પણ કહી નાખીએ છીએ. પણ ખરા ભગીરથો તો મને આ દેશોમાં લાગે છે. જમીનથી સીધી ત્રણ હજાર ફૂટ ઊંચાઇ ઉપર ૫૦૦ ફૂટ ઊંચે જાય ને આવે એવી લીફ્ટ અધ્ધર બેસાડી દેવી એ કોઇ ભગીરથનાં જ મનની કલ્પના હશે ને ! ત્યાં, આવી જગ્યાએ બધો સામાન કેમ લઇ ગયા હશે ને બધું કેમ બેસાડયું હશે ! આ એક જ યોજના પાર પાડતાં તો કેટલી હાડમારી ને કેટલા જણાંએ ભોગવી હશે ! કદાચ જાન પણ ખોઇ હશે. તેમ જ અહીંના ઠંડા પ્રદેશમાં ગરમ હવાથી દ્રાક્ષો ઉગાડવાની કોઇને લત લાગી હશે. કેટલીએ યુક્તિઓ તેમણે વાપરી હશે. કેટલીએ વાર નિષ્ફળ નીવડ્યા હશે. વિજ્ઞાન ને વૈજ્ઞાનિક સાધનોનો ઉપયોગ કર્યો હશે. આખરે કાચઘરોમાં જોઇએ તેટલી ગરમી આપીને ઉછેરવાની રીત શોધાઇ. આજે અમે તો સુખેથી બ્રેકફાસ્ટમાં કાળાં જાંબુડાં જેવી રસભરી દ્રાક્ષો ખાઇએ છીએ, વગર મહેનતે ને વગર મુશીબતે.

આપણા દેશમાં તો ઘણી ઓછી મહેનતે આપણે ફળ ને ધાન્યની સમૃધ્ધિ કરી શકીશું એમ લાગે છે. માત્ર તમન્ના જોઇએ. એ ભગીરથ પ્રયત્નો જોઇએ. ત્યાં ડુંગરાના કાંઠા પરથી સીધે સીધા ઉપર જતાં ને આવતાં આપણા ડુંગરા યાદ આવ્યા. આપણા હિમાલય ને વિંધ્યાચલની સાથે આપણે કયાં હજી દોસ્તી જ કરી છે ! આ પ્રયત્નશીલ લોકોએ અનેક શોધો કરી. અમારા જેવા પ્રવાસીને માટે સગવડ થઇ પણ આ દેશના લોકો તો પીઠ પર પોતાની કોથળી બાંધી, જાડા જાડા બૂટ પહેરી સ્ત્રી ને છોકરાં પગે ચાલીને સાથે ચડે છે ને ઊતરે છે ને ફ્યુનીકયુલરમાં જનાર આવનારને જાણે શરમાવે છે. એટલાં સુખસાધનો છતાં તેમના હાથપગનાં હાડકાં નિર્બળ નથી બન્યાં પણ ઊલટાં વધારે જોરદાર. અમને બે શિક્ષિકા બે જુદી જુદી જગ્યાએ મળી. બન્ને જુદે જુદે વખતે વાતવાતમાં બોલ્યા કે 'હું કદી ટ્રેન કે બસમાં જતી જ નથી. હું તો ચાલી નાખું છું.' અને એ લોકો ચાલે તે પણ કેવી ઝડપથી ! આપણે ત્યાંના જુવાન પુરુષોને પણ તેમની આધેડ ઉંમરની બેનો સાથે ચાલતાં દોડવું પડે ને પરસેવો લૂછવો પડે. આ લોકો ખરા જીવંત છે, તેઓ જિંદગી જીવે છે. તેથી જ તેઓ એટલા પ્રગતીશીલ છે.

આટલું મોટું યુદ્ધ થયું. બધું ધૂળ ભેગું થયું હતું. આજે ચાર વર્ષમાં તો બધું સમારને પહેલાંના જેવું જીવન શરૂ કરી દીધેલું દેખાય છે. એ એમના કામની ઝડપ, આવડત, પ્રગતિશીલતા ને અથાગ મહેનતનાં ફળ છે. થાકીને હારી જવું ને સરકારના દોષો કાઢયા કરવા, ને પોતે કશું ન કરવું એ તેમના સ્વભાવમાં નથી. તેથી જ તેઓ ઝડપભેર આગળ ને આગળ જાય છે.

ધન્ય છે આ ભગીરથોને ! અમારા તેમને નમ્ર પ્રણામ છે !

તા.

એક માતાની નોંધ

લી. મ.

તા. ૧૩-૬-૪૦ ઉમ્મર : ૧ વર્ષ ૧૦ માસ

આ છેલ્લા મહિનામાં *ની તબિયત અવારનવાર નરમ થઇ ગઇ હતી. તેમ છતાં વજન ઘટયું નથી પણ જે વધારો થવો જોઇતો હતો તે થયો નથી. ઊંચાઇ ખૂબ વધી છે તેથી પહેલા જેવો તે મટી લાગતો નથી. પાછળથી આખામાં બહુ ગરમી પડવા લાગી. તાવ આવવા લાગ્યો. મેલેરિયા હશે અથવા ત્યાંનું પાણી ન રુચ્યું. ચાર-પાંચ દિવસ ૩-૩॥ તાવ આવ્યો. એટલે અમે પાછા અ.

આવ્યા અને તાવ ઊતરી ગયો. તે સશકત છે એટલે માંદગીના પ્રમાણમાં અશકિત નહોતી જણાઇ. આખુથી આવી એક અઠવાડિયું અ. રહ્યા અને ત્યાર બાદ પખવાડિયું મુંબાઇ રહ્યાં.

આ બધા વખતમાં તેનો માનસિક વિકાસ બહુ જ ઝડપથી થઇ રહયો છે. તેના મનની શાન્તિ અને પ્રસન્નતા પણ તેટલાં જ છે. ભાષાવિકાસ ચમત્કાર જેવો લાગે છે. પૂરાં અર્થવાળાં વાકયો અને વિચારોનું વૈવિધ્ય ખાસ ધ્યાન ખેંચે તેવાં છે. ઉચ્ચાર ખૂબ જ સ્પષ્ટ છે. કોઇવાર 'મ' ને બદલે 'અ' બોલે છે. 'ઓટી (મોટી) પપમ્.' બીજાની બોલી ઝડપથી પકડી લે છે. કેટલીક વાર અંગ્રેજી શબ્દો બોલે છે. ટિ. એ કોઇને કહ્યું. 'Come in' એટલે એ બોલ્યો, 'કમ ઇન.'

ભૌમિતિક આકૃતિઓને જગતમાં રહેલી આસપાસની અનેક વસ્તુઓમાં જુએ છે. રસ્તાની બત્તીના બ્રેકેટ જોઇ કહે છે 'ત્રિકાણ.' ઘરનાં ટાઇલ્સ તથા બારી વગેરે જોતાં ગોળ, લંબગોળ, ચોરસ, લંબચોરસ એમ આકારો પારખતો ફરે છે. ભૌમિતિક આકૃતિની પેટીમાંથી હવે (Polygons) પંચકોણ, અષ્ટકોણ. વ આકારોનું આખું ખાનું પોતાની મેળે ગોઠવી દે છે. અનિયમિત આકૃતિઓનું ખાનું પણ ગોઠવી દે છે. કાગળમાં ચોરસ, પછી ત્રિકોણ વગેરે કપાવી અથવા કાગળના જુદા જુદા આકારની ગડીઓ કરાવીને જોવી બહુ ગમે છે. પોતે પણ તેમ કરવા મથે છે.

વળી બે હાથની ત્રણ આંગળીઓથી ત્રિકોણ બતાવી...ભાઇને કહે "મામા, જો ત્રિકોણ"

રંગ પારખવાની શકિતએ એકાએક આવિર્ભાવ કર્યો છે. પ્રીલીપ અને ટેસીના ૧-૫ ના નમ્બરીંગ બોર્ડ પર પહેલા પ્રયત્ને તે વાદળી, પીળા, સફેદ, લાલ, અને લીલા રંગોનાં સોગઠાં જુદાં કરતાં શીખી ગયો. પહેલા પહેલા તેમને નામથી પારખી શકતો નહોતો પણ આંખથી મેળવી શકતો હતો. લલ સાથે લાલ, વાદળી સાથે વાદળી એમ જુદાં કરી મૂકતો. પણ હવે ત્રણ રંગની તકતીઓની પેટીની તકતીઓની જોડીઓ કરી ગોઠવે છે. ત્રણ મુખ્ય રંગથી પારખીને નામથી ઓળખે છે. આ પછી વર્ણેન્દ્રિય કેળવાયા પછી આસપાસના દુનિયાના રંગો જોઇ હર્ષથી કહે છે, લાલ ઘર,' 'પીળી પેનસિલ.'

અધૂરાં ચિત્રો પૂરાં કરવામાં ખૂબ આનંદ પડે છે.

જરાક દોરી આપેલી, અધૂરી મોટર પોતે 'પૂરી કરું છું' કહી કાચ, પૈડાં, હુડ વગેરે બધાં અંગો પૂરાં કરે છે.

કુકડાગાડી, હંસ, ઘોડો વગેરેનાં અધૂરાં ચિત્રોમાં કુકડાગાડીનાં પૈડાં અને પાછલો ભાગ પૂરો કરે છે; નાળચામાંથી ધુમાડા કાઢે છે. હંસની ચાંચ. આંખ અને પાંખ પૂરી કરે છે અને નીચે પાણી ચિતરે છે. ઘોડાના કાન, અને પૂંછડી અને મોમાં 'ભમમ્' કાઢે છે. આવી જાતના અનેક નમૂના મારી હિસાબ અને બીજી નોંધપોથીમાંથી મળી આવશે દર બેચાર દિવસે એક આખી ડ્રોઇંગબુક તેનાં ચિત્રોથી ભરાઇ જાય છે. પટિયા અને સ્લેટ પર પેનસિલ, ચાક, સ્લેટપેન, ચરકાલ, શાહી, અને પેસ્ટલ્સ વગેરેથી કામ ચાલ્યા જ કરે છે.

લોખંડની ભૌમિતિક આકૃતિઓથી કાગળ પર આકૃતિઓ દોરવી શરૂ કરી છે. અનાજમાં મગ, વાલ, ચોળા, ચણા, અડદ, ચોખા અને તુવેરની દાળ પારખે છે. રેટી, કેળાં, ટમાટાં, કેરી, લીંબુ, દ્રાક્ષ, મોસંબી વગેરે ફળો આપીને સ્પર્શ અને ગંધનો તેમ જ સાથે સાથે પ્રમાણનો અને વજનનો ખ્યાલ આપવો શરૂ કર્યો છે." થોડું-બહુ, ચપટી, મુઠ્ઠો, બોબો, ઢગલી, ભારે, હલકું.

રોજિન્દા અનુભવોમાં સ્વાદનો પરિચય પણ કરી લઇએ છીએ.' 'મીઠું" 'તીખું", 'ખાટું".

આખો દિવસ ને ગીતો લલકાર્યા કરે છે. તાલ તરફ ધ્યાન હોતું નથી.

'મે' એક બિલાડી પાળી છે.
તે રંગે બહુ રૂપાળી છે.
તે દૂધ ખાય, દહીં ખાય.
ઘી તો ચપચપ ચાટી જાય.'

'આવોને ચકલા, આવો પારેવાં,
ચોકમાં દાણા નાખ્યા છે.

આવો પોપટડા, મેનાને આવજો (લાવજો)
ચોકમાં દાણા નાખ્યા છે.
આવો કાબરભાઇ.....વગેરે
(મૂળ ગીતમાં)
ઘઉં છે રાતા, ચોખા છે ધોળા,
ચોકમાં દાણા નાખ્યા છે.
(તેને બદલે તે બનાવે છે)
ઘઉં છે, દાળ છે, ચોખા છે,
ચોકમાં દાણા નાખ્યા છે.
બિલ્લી નહીં આવશે, કુન્તો નહીં આવશે.
ચોકમાં દાણા નાખ્યા છે.
ચક ચક કરજો, ટક ટક કરજો,
ચોકમાં દાણા નાખ્યા છે.
"બ્યાબ્યા ધીમા ધીમા આવો
નેવર'ગી ફૂલો લાવો
વાવા ફૂલો લાવો."

આટલું તો બરોબર બોલે છે અને ગાય છે. કોઇવાર વાતચીત પણ લલકારીને કરે છે.

હવે અ. પાછા આવી * ને માટે રમવાનો જુદો જ ખંડ ગોઠવ્યો છે. (અત્યાર સુધી મારા તૈયાર થવાના ઓરડામાં જ એ રમતો). હવે તેની ઉમ્મરને માટે, સાધનની દૃષ્ટિએ અમે પૂરા સંપન્ન છીએ એમ કહી શકાય. આ નવી વ્યવસ્થાનો સુન્દર લાભ એ લે છે.

હમણાં જન્તુઓ અને પ્રાણીપુષ્પો તેને બહુ આકર્ષે છે. મુંબઇમાં...તેને અને...ને (Natural History Museum) પ્રાણીસંગ્રહ :જોવા અને બસમાં ફરવા માટે લઇ ગયા હતા. મારો પગ મચકાઇ ગયો હતો, એટલે હું સાથે જઇ શકી નહોતી પણ તે બહાને છોકરાંઓની સાથે એણે ખૂબ લહેર કરી હતી.

હવે છોકરાંઓ સાથે હેતથી હળેભળે છે તથા પહેલાના જેવું કેટલુંક એકલપેટું વર્તન બતાવતો નથી.

નૂ. બા. શિ. સંઘ.

(હિંદમાં એણે કરેલું કાર્ય)

(આઠમી આંતરરાષ્ટ્રિય મોન્ટેસોરી પરિષદમાં તારાબેને આપેલી રૂપરેખા)

(ખંડ બીજો)

હમણાં હમણાં સંઘે હિંદનાં ગામડાંઓનાં, તથા, ખાસ કરીને પછાત કોમોનાં બાળકોના શિક્ષણ પરત્વે વધુ દૃષ્ટિ રાખવા માંડી છે. મુંબઇથી ૮૦ માઇલ ઉપર આવેલા એક નાના, હરિયા કાંઠાના ગામડામાં ૧૯૪૫ની આખરથી આવું એક ગ્રામબાલ શિક્ષાકેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. મુંબઇ પ્રાંતના મહાપ્રધાન અને શિક્ષણ સચીવ શ્રી. બાળાસાહેબ ખેરે એનો ઉદ્‌ઘાટન વિધિ કર્યો હતો. તેઓશ્રી અમારા આ સંઘના ટ્રસ્ટી–મંડળના પ્રમુખ પણ છે, અને સામાન્ય શિક્ષણ ઉપરાંત બાલ–શિક્ષણમાં ઊંડો રસ ધરાવે છે.

આ પ્રયોગ જો કે નવો જ છે પણ શિક્ષણમાં એણે ઘણા નવા પ્રશ્નો ઊભા કર્યા છે. આજે ગામડાંઓમાં રહેલી ગરીબાઇનો કેમ ઉકેલ કરવો એ મહાપ્રશ્ન છે. આવાં કેન્દ્રો ચલાવવા માટે પૈસા કયાંથી લાવવા? જુદે જુદે સ્થળેથી પૈસા લાવી શકે એવા કેટલાકની સહાયથી થોડાં કેન્દ્રો કદાચ ચાલે, પણ એથી પ્રશ્નનો ઉકેલ કેમ આવે? અમારો દેશ વિશાળ છે અને ખૂબ વસતીવાળો છે. એક જ જિલ્લામાં આવું કામ કરવા જઇએ તો પણ ત્યાં લાખો રૂપિયાની જરૂર રહે છે. અમારી પ્રાંતિક અને કેન્દ્ર સરકાર આ કાર્યને પણ મહત્વનું ગણે છે પણ દેશની આર્થિક રહમ આજે તો બીજાં, વધુ જરૂરી કોમોમાં એમને ખરચવી પડે છે.

બીજો મહા પ્રશ્ન એ છે કે આપણી પદ્ધતિનાં આ બધાં સાધનો ગામડામાં પણ રાખી શકાય કે નહિ? અમને એટલું તો લાગ્યું છે કે એ સાધનો જરૂરી છે જ. પણ એ બધાં કેમ અને કયાંથી મેળવવાં? અમે એવો વિચાર કરેલો કે આ સાધનો મોટી સંખ્યામાં ઊભાં કરવાં અને સસ્તાં કે મફત ગામડાંને આપવાં...પણ ગાંધીજીએ જુદી

દિશા દાખવી, એમણે કહ્યું કે જ્યાં જે વસ્તુ મળતી હોય એમાંથી, ત્યાંના જ કારીગરો પાસેથી આવાં સાધનો દરેક ગામે ઊભાં કરવાં.

ગાંધીજીની આ સૂચનામાં એમની ઊંડી અને લાંબી દ્રષ્ટિ વ્યકત થઇ છે...જીવનની એમની વિશિષ્ટ દૃષ્ટિ મુજબ એમની આ સૂચના હતી. ઉદ્યોગનું વિકેન્દ્રીકરણ કરવા માટે એમણે રેંટિયો બતાવ્યો. બીજા દેશની જેમ હિંદ સામે પણ આજે મુડીવાદ અને કેન્દ્રસ્થ ઉદ્યોગવાદના પ્રશ્નો ઊભા છે. થોડાંક મોટાં કારખાનાંઓને કારણે ગામડાં ભાંગી રહ્યાં છે એ એમણે જોયું હતું. એક કાળે જે સુંદર કારીગરો હતા એમની કળા પણ હવે ઘટતા માંડી હતી એ પણ તેઓ જોઇ શકયા. એમને એમ પણ લાગેલું કે મોટા પાયા પર કરવાના ઉત્પાદનને કારણે લોકોમાં યાંત્રિકતા આવી ગઇ હતી. વળી આમ થતાં ગામડાંનું ધન શહેરોમાં ખેંચાઇ આવ્યું અને ગામડાં વધુ ગરીબ બન્યાં. આ બધી દ્રષ્ટિ રાખીને એમણે ઉપલેા અભિપ્રાય, સાધનો વિષે અમને આપેલેા. આજે કદાચ ઓછા કુશળ હોય તેવા કળાકાર ગામડામાં હશે, પણ ધીમે ધીમે એને કેળવી શકાશે. હવે જ્યારે અમે સ્વરાજ્ય પામ્યા છીએ ત્યારે અમે અમારા આદર્શને હવે મૂર્તિમંત કરવા માગીએ છીએ.

એટલે આજે હવે અમે ગામડાં માટેનાં સાધનો અમે જાતે જ ત્યાં ઊભાં કરવા માંડયાં છે. હું માનું છું કે ડો. મોન્ટેસોરી પણ એવું જ ઇચ્છે છે કે શિક્ષકો પોતે જ પોતાનાં સાધનો તૈયાર કરે. આમાં અનેક મુશ્કેલી છે એનો અમને ખ્યાલ છે, પણ એ મુશ્કેલીનો સામનો કર્યે જ છૂટકો.

ગામડામાં કામ કરવામાં બીજી મુશ્કેલી છે તે ગામડાની પ્રજાની અજ્ઞાનતા. અજ્ઞાનને પરિણામે ખોટી ટેવો તેઓ છોડી શકતા નથી; એ ટેવોનું બરાબર તત્ત્વ જોઇ શકતા નથી. એટલે પોતાના બાળકને મારવામાં કે અપશબ્દ કહેવામાં કાંઇ ખોટું એમને જણાતું નથી; જૂની રૂઢિઓ શું કામ કાઢી નાખવી, એ તેઓ સમજતા નથી.

અત્યારે કામ કરનારાઓનો મોટો ભાગ શહેરમાં જન્મેલેા છે, અને શહેરની કેળવણી પામેલેા છે. ઘણીવાર એ ગામડાંના માનસ, ટેવો, દ્રષ્ટિબિંદુ સમજી શકતા નથી. પરિણામ એ આવે છે કે કાર્યકર અને ગામલોકો પરસ્પરને મન અજાણ્યા જેવા જ રહે છે. આ અંતર જેમ બને તેમ જલદી દૂર કરવા અમે મથી રહ્યા છીએ.

આવી મુશ્કેલીઓ છતાં અમે નિરાશા વગર એ કામમાં રસથી મંડયા રહ્યા છીએ, ને એ પ્રશ્નોમાં વધુ વધુ ઊંડા ઊતરી રહ્યા છીએ. આમ આ કામ કરતાં કરતાં અમે પણ નવું શિક્ષણ પામી રહ્યાં છીએ, અને હિંદના હાર્દ રૂપ બનેલાં ગામડાંનો સંપર્ક સાધી રહ્યાં છીએ.

છેલ્લાં પચ્ચીસ વર્ષોથી અમે મોન્ટેસોરી શિક્ષણ માટે જે કાર્ય કરી રહ્યા છીએ એને પરિણામે માનવજીવનના મુખ્ય પ્રશ્ન અમે જોઇ શકયા છીએ. આજનુ શિક્ષણ, વ્યકિતને ખરેા માનવી બનવામાં કેટલુ ઓછું સહાયક બને છે એ અમે જોઇ શકયા છીએ. વધુ જ્ઞાનની ઝંખનાને પરિણામે, પ્રકૃતિમાં રહેતી ગુપ્ત શકિતને શોધીને, અને માનવીને વધુ સુખી બનાવવાની – આપણી ધૂનમાં આપણે કેટલાય પ્રશ્નો વધારી મૂકયા છે.

મને યાદ છે કે થોડાં વર્ષો પહેલાં ઇટલીમાં એક ખૂન થયેલું. એ જાણતાં ડો. મોન્ટેસોરીને ખૂબ આઘાત થયેલો...એમને લાગ્યું હતું કે જો સાચું શિક્ષણ માનવીને મળે તો આ સંભવી જ ન શકે... પણ આજે આવું શિક્ષણ છે જ કયાં!

જેમ જેમ અમે માનવજીવનના આ મહા-પ્રશ્નનો વિચાર કરીએ છીએ તેમ તેમ અમને લાગે છે કે મંડળે બતાવેલ છે તે માર્ગે જઇશું તો જ કોઇક કાળે નવું જગત આપણે રચી શકીશું. એ જગત, એ સમાજમાં દમન અને અત્યાચાર નહિ હોય; ત્યાં બળવાન નિર્બળને નહિ દુઃખ દેતો હોય; આવા જગતમાં તો સહકાર, સ્નેહ અને સુન્યાય જ દેખાશે

બાર વરસ પહેલાં ગાંધીજીએ આપેલી, બુનિયાદી શિક્ષણની યોજના હવે હિંદ સરકારે સ્વીકારી છે, એમા ગાંધીજીએ રજૂ કરેલી બાળકની ભાવના મેડમના દર્શનને મળતી જ છે.

બાળક એના બાળપણથી જ પુખ્ત જીવન માટેની તૈયારી કરવા ઇચ્છતું હોય છે. મોટાંઓ કરે છે તે કરવાનું એને સહેજે મન થાય છે. એનાં અવયવોને અને બુદ્ધિને કસવાનું એને મન છે. એ કાંઇ માત્ર ઢીંગલી લઇને જ બેસી રહેવા નથી માગતું. આથી હવે બાળશિક્ષણમાં, બાળકની સ્વયંસ્ફૂર્તિનું ખાસ સ્થાન સ્વીકારાયું છે.

ગાંધીજીએ અને મેડમે આપણને એક જ સંદેશ આપ્યો છે અને તે સામુદાયિક જીવન, સહજીવન.

મને તો લાગે છે કે આ બધા જગતના શિક્ષણમાં આ વસ્તુઓને મુખ્ય સ્થાન મળવું જોઇએ. આજે તો બાળક એના સ્વાર્થભર્યા સમાજમાંથી, ઘરમાંથી અને શહેરમાંથી માત્ર ટૂંકી દૃષ્ટિ જ પામે છે. આજે તો બાળકને, હુરિફાઇનું અને પોતાનો સ્વાર્થ કેમ સાધવો એનું જ જ્ઞાન મળે છે. પરિણામ એ આવ્યું છે કે સહકારની વાતો માત્ર ચોપડામાં જ રહે છે અને બહુ તો પ્રવચનનો જ વિષય બની અટકે છે. પહેલી એપ્રિલથી, ધીમે ધીમે બાળક શીખે છે કે કેટલીક વાતો કહેવાની જ હોય છે ને કેટલું કે કરવાનું હોય છે. આવી અસર આજે આપણે જોઇએ છીએ, પરિણામે મારવાની શોધો વધી છે; બીજાનાં ગળાં કાપવાની હરિફાઇઓ વધી છે, અને આમ માનવ એકતા અદૃશ્ય થતી જાય છે

આપણે બધાં આજે બાળકોમાં કામ કરી રહ્યાં છીએ એટલે માનવજીવનની સાચી દિશા બતાવવાની ખરી જવાબદારી આપણી છે. આજે માનવી ગાંડો બન્યો છે; આપણે એને નિરોગી બનાવવાનો છે; આપણે જ બાળકોને 'જીવતાં અને બીજાંને જીવતા દેતાં' શિખવવાનું છે. આપણે બાળકનો સંપૂર્ણ વિકાસ સાધવા પ્રયાસ કરીએ છીએ તેથી કોઇએ એવી બીક રાખવાની જરૂર નથી કે એ સ્વાર્થી અને એકલપેટો થઇ જશે. આપણે તો એક સુંદર સમાજ ઘડવા માગીએ છીએ અને તેમાં આ વિકાસ આવશ્યક છે, અમારું નૂતન બાલશિક્ષણ સંઘ આ કાર્ય કરવા મથી રહેલ છે.

ડૉ. મોન્ટેસોરી જેવા મહાન ફિલસુફ, વિચારક અને શિક્ષણશાસ્ત્રીના માર્ગદર્શનથી આપણે સૌ સાથે હાથ મિલાવી નવું વિશ્વ સરજીએ એ જ ભાવના વ્યક્ત કરી વિરમું છું.

તારાબેન

૧૯૪૮–૪૯ ના નિરીક્ષણનો અહેવાલ

મારે મુંબઇની વીસ શાળાઓનું નિરીક્ષણ કરવાનું હતું. પૂનાની કર્વેનું શિશુવિહાર બાલમંદિર અને મુંબઇના પાંચ તેમ જ પૂનાના કર્વેની શાળાનાં ત્રણ બાલમંદિરોનું અત્યાર પુધીમાં નિરીક્ષણ થયું છે.

નિરીક્ષણ કરેલાં બાલમંદિરોમાં વાલકેશ્વરના બાલમંદિરમાં સાધનો ઘણાં છે અને વ્યવસ્થિત છે. બાકીનાં બાલમંદિરમાં હજી હસ્તલિખિત સાધનો બનાવવાં બાકી છે.

નીચે પ્રમાણેનાં બાલમંદિરોનું નિરીક્ષણ થયું છે.

વાલકેશ્વર બાલમંદિર; કે. કે. ભાટિયા બા. મં., સુમન બા. મં., હિન્દુ સ્ત્રી મંડળ, બા. મં. ક્ષત્રિય શિશુ વિહાર, પૂનાનાં શિશુવિહારો.

કેટલાંક બાલમંદિરોમાં સંચાલક અને શિક્ષકોનો સહકાર સારો છે અને પરસ્પર સંમતિથી બાલમંદિર સુંદર ચલાવે છે. પણ કેટલેક ઠેકાણે ઊલટી જ પરિસ્થિતિ દેખાય છે; આને કારણે શાળાની પ્રગતિ ને અવરોધ આવે છે એમ લાગ્યું.

પૈસાને જ લક્ષમાં રાખીને કામ કરનાર શિક્ષકોનું કામ સમાધાનકારક લાગતું નથી. એવા શિક્ષકોનું શાળામાં જરા પણ ધ્યાન હોતું નથી. તેઓને સંસ્થા પ્રત્યે પોતાપણું લાગતું નથી. એટલે શાળાના વિકાસ પ્રત્યે ધ્યાન ન દેતાં પગાર જેટલો મળે તેટલું જ કામ કરે છે. કેટલાંક એવાં પણ છે કે જેઓ દિલ દઇને હોંશપૂર્વક કામ કરે છે અને એટલે શાળામાં ઉત્સાહી અને આનંદી વાતાવરણ હોય છે.

પૈસાની દૃષ્ટિએ જ કામ કરવાની વૃત્તિને કારણે સંચાલક અને શિક્ષક સહમત થઇ શકતાં નથી. એટલે સહમત થવું એ બન્ને અવલંબતું હોઇ સંચાલક શિક્ષકને સ્પષ્ટપણે કહીને બધી પરિસ્થિતિ સમજાવી કે તો કામ સુંદર થાય,

મુંબઇમાં જે શાળાઓ આવી સમજૂતી પૂર્વક

પ્રેમાળ જગબન્ધુ

દેશબંધુ દાસનું નામ તો તમે સાંભળ્યું છેને ? આજે આપણે તેમને મહાપુરુષ તરીકે ઓળખીએ છીએ. દાસબાબુ મહાપુરુષ બન્યા, એ પછવાડે એમના દાદા જગબંધુદાસના જીવનના એક પ્રસંગે બહુ સારો ભાગ ભજવ્યો. આ પ્રસંગે જ દેશબંધુમાં ગરીબો પ્રત્યે માન ને દયાની લાગણી જન્માવી દાસ કુટુંબ આમ પૈસાદાર ખરું, પણ ગરીબો પ્રત્યે એને મમતા પણ એટલી જ.

બંગાળામાં ત્યારે ખાનદાન કુટુંબના માણસો પાલખીમાં બેસી આવજા કરતા. એક દિવસ જગબંધુ આમ પાલખીમાં બેસીને જઈ રહ્યા હતા, ત્યારે તેમણે પરસેવાથી રેબઝેબ થઇને હાંફતા એક બ્રાહ્મણને સામે જોયો. ઘડીભર પોતાની સવ મોટાઈ વિસરી જઇ જગબંધુ પાલખીમાંથી નીચે ઊતરી ગયા, ને પેલા વૃદ્ધ બ્રાહ્મણને પોતાની પાલખીમાં બેસાડી એને મુકામ પહોંચાડી આવ્યા.

કહો ! દુખિયાઓ પ્રત્યે કેવી એમની મમતા ?

આબાભાઇ ઢેઢી.

નાની બહેન

નાની છે બહેન, નાની છે બહેન
હી...હી... હસંતી નાની છે બહેન.
ગોરા ગોરા ગાલ છે, ગુલાબી હોઠ છે
તારલિયા જેવી ચમકંતી આંખ છે—નાની છે.

ધીમું ધીમું ચાલતી, ધીમું ધીમું હસતી
નાનકડા હાથથી, તાલ ધીમે દેતી
'રઘુપતિ રાઘવ' ધૂન સાથે ગાતી
હૈયાના હેતને રંગે હુલાવતી રે....નાની છે.

નાનકડી બહેનને સૌ કોઈ વહાલ કરે
બીજાં ભાંડરડાં અદેખાઈ ન કરે
ભેગાં મળી સૌ કિલકિલાટ કરે
માનવીનું હૈયું હેલે ચડે—નાની છે.

શાંતિભાઇ મ. પંડ્યા.

બસ

માળવાળી બસ
ચાલે ધસમસ
પેટ્રોલ આપતાં ફટ
દોડવા માંડે ઝટ.

ભૂંગળ વાગે પમ પમ
દોડવા માંડે ધમ ધમ.
બસ ચલાવે ડ્રાઈવર
ટિકિટ આપે કન્ડકટર

ઘંટડી વાગે ટનનન ટન
બસ થોભે સરરર સમ.

દેવયાની ભટ્ટ.

હિંદી, મરાઠી, ગુજરાતી, શિક્ષણ—પત્રિકા
લવાજમ ચાર રૂપિયા
પરદેશમાં ૯ શિલિંગ છૂટક નકલ સાત આના
—પત્રવ્યવહાર—
શ્રી. બાબીબેન મુલજી
'શિક્ષણ પત્રિકા' કાર્યાલય
શાંતારામ નારાયણ લેન અંબઈ ૯.

લવાજમના દર.
સામાન્ય સભ્ય ૩. ૪ સક્રિય સભ્ય ૩. ૪
સહાયક સભ્ય ૩. ૭
સંસ્થા જોડાણના પ્રતિનિધિ ૩. ૧૦
આજીવન સભ્યો
પ્રદાતા ૩ ૧૦૦૦ દાતા ૩ ૫૦૦
શુભેચ્છક ૩. ૨૫૦ હિતેચ્છુ ૩ ૧૦૦

બાળક્રીડાંગણનો નવો અભ્યાસક્રમ

'બાળ ક્રીડાંગણ–અભ્યાસક્રમ' વર્ષમાં બે વખત યોજાય છે. ચાલુ વર્ષનો પહેલો અભ્યાસ ક્રમ જુન આખરે શરૂ થયો હતો અને દીવાળી પહેલાં તેની પૂર્ણાહુતિ થશે. બીજા સત્રનો બે અભ્યાસક્રમ ડિસેમ્બર પહેલીથી શરૂ થશે અને માર્ચ આખરમાં પૂરો કરવામાં આવશે,

બાળક્રીડાંગણ–અભ્યાસક્રમના ઉદેશમાં અને તેના અધ્યયનના વિષયોમાં પૂર્વ પ્રાથમિક નિયંત્રણ સમિતિએ તે અભ્યાસક્રમની ઉપયોગિતા વધારવાની દૃષ્ટિએ–ઘણા ફેરફારો કર્યા છે. પૂર્વ પ્રાથમિક કેળવણીનું કામ સારી રીતે વેગવાન બનતું જાય છે. પ્રાથમિક કેળવણીએ સાત વર્ષની ઉમર ઉપરનાં બાળકોને જ પ્રાથમિક શાળામાં દાખલ કરવાની નીતિ રાખી છે, તેથી શહેરોમાં બાલમંદિરોની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે. બીજું મજૂર કલ્યાણ કેન્દ્રોમાં બાળકેળવણીની પ્રવૃત્તિને ઠીક ઠીક વેગ મળતો દેખાય છે. રેલ્વેના, મિલોના અને મોટા કારખાનાના અથવા મ્યુનસિપલ મજૂરો માટે ચાલતાં કલ્યાણ–કેન્દ્રોમાં આ બાળકેળવણીની પ્રવૃત્તિથી રચનાત્મક કાર્યની શરૂઆત થતી જાય છે. બાળકેળણવણીની તાલીમ પામેલા ભાઇ બહેનો માટેની માગણી ત્યાંથી આવ્યા જ કરે છે. મધ્યમ વર્ગમાં તાલીમ પામેલા ભાઇ બહેનો લગ–તે લગ–તે નાની નાની બાલવાડીઓ ચલાવવાનું વિચારી રહ્યા છે, એ સ્થિતિ ધ્યાનમાં લઇને પૂર્વ પ્રાથમિક નિયંત્રણ સમિતિએ આ અભ્યાસક્રમનો ઉદેશ આ અભ્યાસક્રમ પૂર્ણ કરનાર વિદ્યાર્થી માત્ર બાળક્રીડાંગણો જ નહિ પણ રીતસરની ત્રણ કલાકની બાલવાડીઓ ચલાવે અથવા બાલમંદિરોમાં મદદનીશ શિક્ષકનું કામ કરે તે માટેની આવશ્યક તાલીમ આપવાનો રાખ્યો છે.

સરકારે પૂર્વ પ્રાથમિક કેળવણીના કક્ષા સુધારવાની દૃષ્ટિએ એક પૂર્વ પ્રાથમિક કેળવણીનું બોર્ડ નીમ્યું છે. બાલવાડીઓ અને બાલમંદિરોનું નિરીક્ષણ તથા તેની જરુરિયાત પ્રમાણે આ સંસ્થાઓને મંજૂર થયેલી ગ્રાન્ટની પણ શરુઆત થઇ છે. તેથી હવે પછી સરકારે મંજૂર કરેલાં બાલમંદિરોમાં તાલીમ લીધેલા શિક્ષકોને જ રાખવાનો આદેશ સરકારે આપ્યો છે. આ તાલીમ લીધેલા શિક્ષકોમાં બાલક્રીડાંગણ–અભ્યાસક્રમ પામેલા શિક્ષકોને સરકારે માન્ય કરવાનું ધોરણ રાખ્યું છે.

ક્રીડાંગણ–અભ્યાસક્રમના આ નવા ઉદેશને અનુસરીને તેનું નામ 'બાલ અધ્યાપન પ્રવેશ' રાખવાનું પણ સૂચવવામાં આવ્યું છે. અભ્યાસ ક્રમમાં (૧) વ્યાવહારિક સ્વચ્છતા અને સ્વાશ્રય અને સામાજિક જીવનની તાલીમ (૨) મુકત પ્રવૃત્તિઃ જેમાં કાતર કામ, માટી કામ, મોતી કામ, કાંતણ, શીવણ, ભરત, બાંધ કામ, ફાડ કામ, બંગલા–પેટીઓ, બાગ કામ અને બહાર પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. (૩) ઇંદ્રિય કેળવણી (૪) ભાષા અને ગણિત જેમાં વાર્તા, પ્રવાસ સંગ્રહાલય, નાટય, શુદ્ધ ઉચ્ચારણ, અને શરૂઆતનુ લેખન વાંચન અને ગણત્રીના જ્ઞાનનો સમાવેશ કર્યો છે.

શિશુવિહાર બાલ અધ્યાપન મંદિરમાં આ નવો સુધારેલો અભ્યાસક્રમ ડિસેમ્બરની પહેલી તારીખથી શરૂ થશે. બાળકેળવણીની સંસ્થાઓ તેમ જ મંજૂર કલ્યાણ કેન્દ્રો પોતાના કાર્યકરોને તાલીમ અપાવીને તેનો પૂરો પૂરો લાભ લેશે એવી આશા છે.

અભ્યાસક્રમમાં દાખલ થવા ઇચ્છનાર વિદ્યાર્થી અથવા વિદ્યાર્થિની વહ. ફા. પાસ અથવા અંગ્રેજી ત્રીજું ધોરણ પાસ જોઇએ; તેથી ઓછું શિક્ષણ હોય એવા વિદ્યાર્થીઓ માટે તા. ૨૧–૧૧–૪૯ દિવસે શિશુવિહારમાં એક પ્રવેશ– પરીક્ષા લેવામાં આવશે. એમાં પાસ થનાર વિદ્યાર્થીઓને પછી અભ્યાક્રમમાં દાખલ કરવામાં આવશે. આ અભ્યાસ ક્રમની વધારે વીગતો અને અરજીનો નમૂનો મુખ્ય અધ્યાપક શિશુવિહાર ૧૧૫ હિંદુ કોલોની, દાદર મુંબઇ ૧૪ ને સરનામે, ટપાલ માટેના બે આના મોકલીને મંગાવશો,

ના

Regd. NO. 2241

નૂતન કેળવણીના સિદ્ધાંતોને અનુસરતી શાળાઓને ઉપયોગી એવું શિક્ષણસાહિત્ય, બાલ-મંદિર અને નર્સરી સ્કૂલનું પ્રબોધક સાહિત્ય, જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિઓ માટેનાં સાધનો, નકશા અને ચિત્રપટના લીસ્ટ માટે લખો અથવા આ બધું નજર સમક્ષ જોવા અવશ્ય મુલાકાત લ્યો.

જેચંદ તલકશી એન્ડ સન્સ,

૧૪૬, હોર્નબી રોડ, મુંબઈ ૧.

ટે. નં. ૨૦૪૪૩ ટેલીગ્રામ: Deshikothi

ક્યાંથી ખરીદી કરશો?

મુંબઇના

સૌથી અપ-ટુ-ધ-મિનિટ સ્ટોરમાં

સગવડ સાથે આંત્રી પૂર્વક

ખરીદી કરવા પધારો

સુતરાઉ, ગરમ તથા રેશમી કાયડ ફ્રેનીશીંગ તથા હાઉસહોલ્ડ લિનન બનારસી સિલ્ક સાડીઓ, જુદા જુદા ડિલ્લજીત રંગોમાં - બ્લાઉઝ પીસીઝ, લેધર ગુડ્ઝ

ભેટ આપવા લાયક નોવેલ્ટીઝ

ઊંચી ક્વૉલિટીનો માલ

વાજબી ભાવથી મળશે.

વૉરબે સ્વદેશી કોઓપરેટીવ સ્ટોર્સ, લિમિટેડ.

૩૨ ફિરોઝશાહ મહેતા રોડ, ફોર્ટ મુંબઈ.

: શાખાઓ :

મહાત્મા ગાંધી રોડ, પૂના — જેમ્સ સ્ટ્રીટ, સિકન્દરાબાદ

આગ અકસ્માત જિંદગી

સૌટર હચિસન વર્કમેન્સ કોમ્પેન્સેશન તથા પ્રકારનું વીમાકામ સરળ શરતોથી થાય છે.

લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને સંતોષકારક મહેનતાણું:

એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય મંગાવો.

ધી ધન્ડીઆન ગ્લોબ ધન્સ્યુરન્સ કં. લી.

—:હેડ ઑફિસ:—

૩૧૫-૩૨૧ ગ્રેસ્પેકટ ચેમ્બર્સ, હૉર્નબી રોડ, મુંબઈ.

જરૂરી માહિતી

પત્રવ્યવહાર વખતે સભ્ય નંબર લખો તો અમારું કાર્ય ઘણું સરળ થાય.

પત્રિકાના લેખો માટેનો પત્રવ્યવહાર શ્રી. જસુભાઇ દાણી એલેવેટરકી લોજ, મુંબઇ ૭ ને સરનામે કરવો.

લવાજમ, ગ્રાહક, સભ્ય વગેરે માટેનો પત્ર-વ્યવહાર શ્રી. આબીમેન મુલજી, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ ૬ ને સરનામે કરો.

નિરીક્ષણ કાર્યને માટે, બાલવાડી, બોરડી-ગોલવડ યઇને: બી. બી. સી. આઇ. રેલ્વે-એ સરનામે લખો-

---

બાલમંદિરો માટે સાધનો

બાલમંદિરો માટે સાધનો ખરીદતાં પહેલાં અમારું સૂચિપત્ર મંગાવો.

દરેક સાધન શાસ્ત્રીય પધ્ધતિથી નિષ્ણાતોની નજર તળે બનાવવામાં આવે છે.

સૂચિપત્રમાં જણાવેલા ભાવ ઉપર બાલ-મંદિરોને ૬૫ ટકા કમિશન આપવામાં આવે છે.

લખો-મંગાવો.

નૂતન શિક્ષણ-સાધનાલય, એન્ડ આર્ટ વર્કસ લી.

સુરેન્દ્રનગર-સૌરાષ્ટ્ર

પ્રકાશક:-શ્રી આબીમેન મૂલજી, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ. ૬
મુદ્રણસ્થળ-રા. પુ. આર્ય પ્રકાશ પ્રેસ, કાકડવાડી, મુંબઇ ૪.

ગુજરાત વિદ્યાપીઠ દ્વારા સંચાલિત

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૪ :] નવેમ્બર, ૧૯૪૯ [અંક ૧૧



ગિજુભાઇને અંજલિ

ગિજુભાઇ વિષે લખનાર હું કોણ? એમના ઉત્સાહ અને એમની શ્રદ્ધાએ મને હંમેશાં મુગ્ધ કર્યો હતો. એનું કામ ઊગી નિકળશે.

ગાંધીજી

તેમનો પરિચય મને ન હતો; થયો હોત તો સારું થાત. ગિજુભાઇ બાલ-પ્રેમી હતા. 'બાળકો કાજેના યુદ્ધવીરો'ના હૃદયમાં એમનું સ્થાન ચિરંજીવ રહો.

ડૉ. મોન્ટેસોરી

*

ગિજુભાઈ જયંતિ અંક

અનુક્રમણિકા

૧. બાળકોના પરમ ચાહક ...શ્રી. બાળાસાહેબ ખેર
૨. મારા ગુરુ ... ...શ્રી. તારાબેન મોડક
૩. ગુજરાતની વિભૂતિ ...શ્રી. બળવંતરાય મહેતા
૪. ગિજુભાઈને અંજલિ... ... ...
૫. ગિજુભાઈની ચાવી ...શ્રી. હરજીવનદાસ મહેતા
૬. આધ્યાત્મિક ગિજુભાઈ...કમળાશંકર પંડિત
૭. બાળકેળવણીના આદ્યપ્રણેતા ... શેષ નામલે
૮. આદર્શની ભક્તિ ... ... રામભાઈ પાઠક
૯. ગુરુ વ્યાખ્યાનો ... ... ગોવિંદભાઈ ઠાકર
૧૦. ગિજુભાઈને પંથે ... ... પૂનમચંદ શાહ
૧૧. યુગસૃષ્ટા ગિજુભાઈ ... પ્રભુભાઈ ઉપાધ્યાય
૧૨. અનેકોમાં આદ્ય ... ...જમુભાઈ દાણી

બાળ વિભાગ

૧. બાળમંદિરનો પૂજારી ... સોમાભાઈ ભાવસાર
૨. ગિજુભાઈની વાતો ... ...

સંપાદકની નોંધ

ગિજુભાઈ જયંતિ અંક

અનેક શિક્ષણરસિક મિત્રો અને કાર્યકર્તાઓના ઉત્સાહભર્યા સહકારથી આ અંક પ્રગટ થાય છે. અમે સૌનો આભાર વ્યકત કરીએ છીએ.

જયંતિ ઉત્સવ

ગામે ગામ અને શહેરે શહેર ગિજુભાઈની જયંતિ ઉજવાયાના ખબર અમારા ઉપર આવી રહ્યા છે. બધાની નોંધ લેવી શકય નથી; પણ સૌએ આપેલ સાથ માટે અમે ઋણી છીએ. અભિનંદન! મુંબઈની સ્થાનિક સંઘશાખા અને નૂ. બા. શિક્ષકસંઘના સંયુકત ઉપક્રમે યોજાયેલ સભા સ્મરણીય હતી. પૂજ્ય કાકાસાહેબે ગિજુભાઈના જીવનને આલેખતાં અનેક સ્મરણો કહ્યાં... ગિજુભાઈની જીવનઝંખના પૂરી કરવા માટે બાલવાડીઓ રચવા અને અન્ય પ્રવૃત્તિમાં વેગ લાવવા શ્રી. તારાબેન મા. પ્રેમચંદે અને શ્રી. નામલેએ સૌને આગ્રહ કર્યો.

શ્રી. તારાબેન! પધારો

૧૯ મીએ શિક્ષણપ્રવાસ પૂરો કરી શ્રી. તારાબેન આપણી વચ્ચે આવીને ઊભા છે. સંઘ તરફથી અને બાલરસિક સૌ ભાઈબહેનો તરફથી એમનું સસ્નેહ સ્વાગત! આપણા સંઘકાર્યમાં હવે નવું ચેતન પ્રગટશે!

સંઘચૂંટણી

ગયે માસે અમે પ્રગટ કરેલું હતું છતાં આ અંકમાં ચૂંટણીપત્રક રજૂ નથી કરી શકાયું એ માટે ક્ષમા યાચીએ છીએ. હિંદી પત્રિકાનો ઓકટોબર–નવે૦ અંક આ માસે હજુ સંયુકત રૂપે પ્રગટ થનાર છે તેથી ચૂંટણીપત્રક આવતે અંકે મોકલવામાં આવશે.

આ અંક

આ અંકની થોડી છૂટી નકલો મળવી શક્ય છે. જેમને જોઈએ તેમણે વ્યવસ્થાપકને રકમ મોકલી તરત મંગાવી લેવી.

સં.

શ્રી સરલાબેન સારાભાઈનો સંદેશ

"ગિજુભાઈના આદેશો આગળ ધપાવવા આપણે સૌ પ્રેરણા
અને બળ મેળવીએ એ જ મારી શુભેચ્છા."

આ અંકની કિંમત આઠ આના

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

:સંપાદક: તારાબેન મોડક | :આદ્યતંત્રી: સ્વ. ગિજુભાઇ બધેકા | :સહસંપાદક: જમુભાઇ દાણી

વર્ષ ૨૪ : અંક ૧૧] મુંબઇ [નવેમ્બર, ૧૯૪૯

બાળકોના પરમ ચાહક

માનનીય બાળાસાહેબ ખેર

કોઇ પણ પ્રજાનું નસીબ તેનાં બાળકો ઉપર આધાર રાખેછે. સૌ કોઇ આજે ન દુનિયાની વાતો કરેછે; સૌ કોઇ નવી દુનિયાને ઘડવાની વાતો કરેછે અને છતાં યે આજે જગતમાં ઝઘડા છે. દુનિયાના વિકાસની અને જગતના સુખની ખરી ચાવી તો બાળકના હૃદયમાં જ છુપાઈ રહી છે. બાળકનો વિકાસ કરો, તેમના આત્માને ઉન્નત કરો અને સુખી દુનિયાનું સર્જન આપોઆપ થશે.

બાળકના સાચા વિકાસ સિવાય કેળવણીનો બીજો એકે મર્મ નથી. આ મર્મની સાધના ખાતર બાળકની કેળવણી અને તેની રમતગમતનો પાયો બાળકોની નૈસર્ગિક બુદ્ધિને બરોબર પોષે એ રીતે ઘડવો ઘટે.

બાળકને સાચી કેળવણી મળે એ માટે, પહેલું પગલું માબાપોને કેળવવાનું છે અને બીજું, બાળકોને ગમ્મત સાથે જ્ઞાન આપે એવા શિક્ષકો તૈયાર કરવા જોઇએ. બાળકોનાં કુમળાં અને વિકસતાં હૃદયમાં જે અનેકવિધ ભાવનાઓ ઊછળી રહે છે એ એ ભાવનાઓને યથાયોગ્ય વેગ આપવાનો સદ્‌ગુણ જેનામાં નથી એ માનવી સાચો શિક્ષક નથી.

ગિજુભાઇ બાળકોના પરમ ચાહક હતા. તેઓ કહેતા "પળે પળે નાનાં બાળકોમાં વસતા મોટા આત્માનું હું દર્શન કરું છું. એ દર્શન મારામાં એ પ્રેરણા ઉપજાવી રહેલું છે કે બાળકોના અધિકારોની સ્થાપના કરવાને જ હું જીવતો રહું અને એ કામ કરતા જ મરી જાઉં."

આ પ્રેરણાને પરિણામે ગિજુભાઇએ બાળકેળવણીની ફકીરી ધારણ કરી. બાળકોના જીવનનો ગિજુભાઇએ અભ્યાસ કર્યો. ભાવનગરના બાળમંદિરમાં અનેક પ્રયોગો કર્યા. બાળકોને ઉત્સાહિત કરનારી વાર્તાઓ એમણે તૈયાર કરી. બાળકોને માટે નાટકો લખ્યાં, પરીઓની વાર્તાઓ લખી, પ્રવાસનાં વર્ણનો લખ્યાં અને મહાપુરુષોનાં જીવન લખ્યાં, કહેવતો લખી અને ગીતો લખ્યાં.

'શિક્ષણ પત્રિકા' નામની પોતાની માસિક પત્રિકાદ્વારા ગિજુભાઇએ કેળવણીને લગતું ખરું જ્ઞાન ફેલાવવાની તજવીજ કરી. શિક્ષકોના વર્ગો ઊભા કરીને એમણે લગભગ ૫૦૦ શિક્ષકો તૈયાર કર્યા. આ શિક્ષકોને એમણે નવી દૃષ્ટિની બક્ષીસ કરી. શિક્ષકવર્ગની નવી પ્રતિષ્ઠા જમાવવાને માટે એમણે તજવીજ કરી. શિક્ષકના કાર્યને વેઠની કક્ષામાંથી કાઢીને ગિજુભાઇએ શિક્ષકના ધંધાને ઉન્નત કર્યો. એમના આ કાર્યથી આખા દેશ પર અને ખાસ કરીને કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાત પર ગિજુભાઇએ અતિ ભારે ઉપકાર કર્યો છે.

ગિજુભાઇ મહાન કેળવણીકાર હતા. એમનો આદર્શ હવે ગુજરાત મૂર્તિમંત કરે અને બાળકેળવણીનાં ગિજુભાઇના અનેકવિધ સ્વપ્નાંઓ ફળીભૂત કરે.

(ઉધ્ધૃત)

મારા ગુરુ

તારાબેન મોડક

મારા જીવનની એક ધન્ય પળે મેં ભાવનગરમાં પગ મૂકયો અને ટેકરી ઉપરનું બાળમંદિર જોવા ગઇ.

એ વખતે હું પોતાનો વિચાર કરતી ન હતી. હું તો માત્ર મારી દીકરીના શિક્ષણનો વિચાર કરતી હતી; શિક્ષણ પધ્ધતિનો વિચાર કરતી હતી. હવાઇ જેવા લાગતા સિધ્ધાન્તો વ્યવહારમાં કેવી રીતે મૂકી શકાય તેનો વિચાર કરતી હતી. તે વખતે મને તો ખ્યાલ સરખો યે ન હતો કે આ બાળમંદિરના આચાર્ય મારા જીવનગુરુ થવાના છે; અહીંથી મને જીવનદિશા મળવાની છે ને અહીંથી જ મને જીવન-કાર્ય મળવાનું છે!

હું ભાવનગર ગઇ. મારી દીકરીને એક સારી શાળા મળી એ જ આનંદમાં હું હતી. મને શિક્ષણનો અભ્યાસ કરવાની તક મળી તેથી પણ હું ખુશ થઇ હતી. પૂજ્ય નાનાભાઈ અને ગિજુભાઇ જેવાનો સત્સંગ મળવો તે પણ મારા આનંદનું કારણ હતું.

હું ત્યાં રહીને અભ્યાસ કરવા લાગી. શિક્ષણના સિધ્ધાન્તોની ચર્ચામાં ઊંડી ઉતરવા લાગી. નૂતન બાળશિક્ષણના તમામ સિધ્ધાન્તો એકાએક ગળે ઊતરે તેવા નથી ને તેમાં ય મારું મહારાષ્ટ્રીય મગજ. ભાવનાથી માની લેવાની કે સ્વીકારી લેવાની મારી તૈયારી ન હતી, એટલે રોજ ને રોજ વાચન, મનન અને ચર્ચા ખૂબ ચાલતાં.

ડૉ. મોન્ટીસોરીના શિક્ષણસિધ્ધાન્તો જીવન-વ્યાપી છે તેનું દર્શન મને તે વખતે થયું. શિક્ષણના નવા સિધ્ધાન્તોની વિશાળતા દેખાઇ. મારા કેટલાયે અસ્પષ્ટ વિચારો સ્પષ્ટ થયા, અધૂરા વિચારો પૂરા થયા, ઉપરછલા વિચારો છોડી હું ઊંડાણથી વિચાર કરતી થઇ.

પૂ. ગિજુભાઇ માનતા કે ડૉ. મોન્ટીસોરીના સિધ્ધાન્તો જ એવા છે કે તેને બરાબર સમજીએ તો મનુષ્ય બદલાઇ જ જાય. ગિજુભાઇ પોતે, જેવા ડૉ. મોન્ટીસોરીના અનન્ય ભક્ત હતા તેવી તેમણે મને બનાવી, અને અમો બાળમંદિરનાં કાર્યો જોસથ્ધ વધારવા લાગ્યા, વિસ્તારવા લાગ્યા, ઘેલાં થઇને તેમની પાછળ મંડી પડ્યાં. ગિજુભાઇ પોતે ઘેલા બનેલા ને તેઓ તેમની પાસે જે કોઇ આવે તેમને પોતાની જેમ ઘેલા બનાવી દેતા. મને પણ તેમણે ચેપ લગાડયો તેમાં કાંઇ નવાઇ ન હતી.

પણ તેમણે તો મને એક કાયમી-કદી ન મટે એવો રોગ લગાડયો હતો. તેમણે જીવનહેતુ આપ્યો, મને જીવનકાર્ય આપ્યું કે જે મારી સાથે નિરંતર રહ્યું છે.

અઢારેક વર્ષ પહેલા મેં ભાવનગર છોડયુ. આ કાર્યપ્રદેશ જ છોડવાનો પ્રયત્ન કર્યો. અનેક વલખા મારીને પાછી શિશુવિહારમા આવી પડી મરાઠી શિક્ષણ પત્રિકા જ લઇને બેઠી. મેં હરિજનકાર્ય લીધુ, સ્ત્રીઉન્નતિનુ કાર્ય ઉપાડયું, અને પરિસ્થિતિને કારણે દ્રવ્યોપાર્જનને માર્ગે પણ ચડી કયાંયે મનની શાન્તિ ન મળી. આખરે નૂતન બાળ-શિક્ષણમા આવી પડી ને તેમા સ્થિર થઇ. તે વડીએ ખાતરી થઇ કે ગિજુભાઇએ પાકી દીક્ષા આપી હતી

પ્ર ગિજુભાઇની મારફત મેં જેમ ડૉ. મોન્ટી-સોરીના સિધ્ધાન્તોનું રહસ્ય જાણ્યું અને પરિણામે એક જીવનવ્યાપી દૃષ્ટિ મેળવી તેમ જ બીજુ રહસ્ય જાણ્યુ પ્ર મહાત્માજીના સિધ્ધાન્તોનું.

તે વખતે નવજીવન ચાલતું. દર અઠવાડિયે બાપુજી કોઇ કોઇ પ્રશ્ન ઉપર કંઇક કંઇક વિચારો પ્રગટ કરતા, અને અમારે ત્યા એના ઉપર ચર્ચા થતી

૧૯૨૦ ની સાલની નાગપુર કોંગ્રેસના વખતથી જ મહાત્માજીનું રાજકીય નેતૃત્વ મેં સ્વીકારેલુ અને તેમના ભાષણો ને લખાણ ઉપર મુગ્ધ બની ગઇ હતી, પણ અંદરથી ખરેખરી રંગાયેલી નહિ. તે રંગ ગિજુભાઇએ લગાડયો.

આ રીતે આજની એ મહાન વિભૂતિઓની ફિલસૂફી, તત્ત્વજ્ઞાનનું રહસ્ય સમજાવી તેની દીક્ષા દેનાર ગુરુ ગિજુભાઇ હતા. તેથી જ તેમને હું જીવન-ગુરુ કહું છું.

હું વિલાયત ગઇ હોત, શિક્ષણની ઉપાધિ લઇને આવી હોત, ગમે તેટલું શિક્ષણનું કાર્ય કર્યું હોત, કદાચ શિક્ષણકાર્યની ખાતર અમુક હદે સ્વાર્થ-ત્યાગ પણ કર્યો હોત તો પણ આ ગુરુના મંત્ર વગર વિચાર-આચારની સ્થિરતા અને સમતોલપણું ન મેળવી શકી હોત એટલું નક્કી છે. કારણ ગિજુ-ભાઇએ જ્ઞાન આપ્યું તે માત્ર ચર્ચા કે વ્યાખ્યાનથી નહિ પણ તેમના જીવનથી.

આમ ગિજુભાઇનો નિકટ સહવાસ અને સહ-કાર્યનો જે મને અમૂલ્ય લાભ મળ્યો તે મારે માટે તો જીવનપલટો કરાવનાર અને જીવનહેતુ આપનાર નીવડ્યો છે.

જેમ કોઇ જીવનમંત્રો તરીકે કોઇ શ્લોકો અથવા ગીતો રાખે છે તેમ ગિજુભાઇની પાસે કેટલીક વાર્તાઓ રહેતી. એક એ મને ખાસ યાદ છે.

'એક જ લક્ષ્ય' એ વાર્તા તેમને ખૂબ જ ગમતી ને હંમેશ ફરી ફરીથી લડાવી લડાવીને તેઓ દરેક વર્ષે વિદ્યાર્થીઓ આગળ કહેતા.

ગિજુભાઇને પોતે સ્વીકારેલ કાર્ય સિવાય કંઇ જ દેખાતું નહિ. તેમની દરેક કૃતિ, દરેક કાગળ કે વાત એમના કાર્યની આસપાસ જ ગોઠવાયલી રહેતી.

"નાહું પકડ્યું કે પકડ્યું" એ વાર્તા પણ તેમને ખૂબ ગમતી. એ વાર્તા તેમના જીવનઆદર્શને દેખાડનારી છે. ભગવાન બુદ્ધની વાતો કહેતા તો તેઓ અત્યંત રંગાઇ જતા. એક વાર આખું ચરિત્ર પોતે એકલાએ જ ભજવી બતાવ્યું. અમે જોનારા તો મંત્રમુગ્ધ થઇને જોઇ જ રહ્યાં હતાં. બુદ્ધ જેવા થવાનો તેમના મનનો તડફડાટ તેમના આ નાટકમાં દેખાતો હતો.

"I am fired with Dr. Montessori's principles" એ અર્થનું કંઇક વાક્ય, તેમનો જે પહેલો પત્ર મારા પર રાજકોટ આવ્યો તેમાં હતું. ૧૯૨૨ માં તેમણે જે શબ્દ લખ્યો તે જ આખર ૧૯૩૯ સુધી મને તો તેમનામાં દેખાયા કર્યો છે. તેઓ Fired હતા, જ્વલંત હતા. કોઇ કોઇ વાર હું એકાદ નાની કલ્પના ગિજુભાઇ આગળ મૂકતી. ગિજુભાઇના હાથમાં તે વાત જરા જ સ્વરૂપ પકડતી. મારી કલ્પનાની બહારનું એનું વિરાટ સ્વરૂપ જોઇ હું છક્ક થઇ જતી. અક્ષરજ્ઞાન યોજનાનું એમ જ બન્યું. "આપણે લડતમાં જવું જોઇએ કે નહિ?" એ પ્રશ્ન ૧૯૩૦ માં ચર્ચાતો હતો. જેલમાં જવાનું તો સૌ કોઇ કરી શકે પણ ધારો કે નિરક્ષરતા દૂર કરવી હોય તો તેનો રસ્તો શિક્ષક વગર કોણ બતાવી શકે?

બસ ગિજુભાઇએ વાત પકડી ને ઉપાડી. રાતોરાત પુસ્તક તૈયાર કર્યું. ચાલતે બાળમંદિરે અખતરા શરૂ થયા. અધ્યાપન વર્ગને આખાને નાખ્યો એમાં. વાડીઓમાં જઇ, વર્ગ ચલાવ્યો. અનેક રીતે તેમણે તો સળગાવી મૂકયું ને કામ ચાલ્યું.

આમ ગિજુભાઇ તો આગના ગોળા જેવા હતા. તેથી જ જે કોઇ એની પાસે આવે તેમને પણ તેઓ સળગાવતા. તેથી જ આટલા થોડા વખતમાં તેઓ આટલું બધું કરી શક્યા. તેઓ જબરા પ્રચારક હતા. તેનું રહસ્ય પણ તેમની અંદર પ્રકટેલા આ મહાઅગ્નિમાં જ છે, મહાજ્યોતિમાં છે. જ્યોતથી જ્યોત પ્રગટે તેમ તેઓ જ્યાં જતા ત્યાં પાંચ પચીસને પોતાના વિચારોનો ચેપ લગાડીને જ આવતા. છેલ્લે છેલ્લે એટલે લગભગ ૧૯૨૫ થી ૧૯૩૯ સુધી તેમણે પ્રચારનું જ કાર્ય મુખ્યતઃ કર્યું છે. તેમનું લેખન અને તેમનું અધ્યાપન મંદિર એ બે તેમનાં પ્રચારનાં મુખ્ય સાધનો હતાં. છેલ્લે છેલ્લે તેઓ ખૂબ ફરતા અને જાતે વ્યાખ્યાનો આપીને પણ પ્રચાર કાર્ય કરતા.

આમ તેમણે ખૂબ જોસબંધ પ્રચારકામ કર્યું તેનું કારણ પણ અંદરનો સળગેલો અગ્નિ. "આકરા શબ્દમાં, સ્પષ્ટ શબ્દમાં ન કહીએ ત્યાં સુધી કોઇ માનવાનું નથી અને સાંભળવાનું પણ નથી" એમ તેઓ માનતા, એનું કારણ પણ તેમની આ અંદરની

દાઝ. પછી તો તેમનું પ્રચારકાર્ય ખૂબ આગળ વધ્યું. તેમની મીઠી વાણીએ માબાપોને પણ આકર્ષી લીધાં ને શિક્ષકોનાં મન પણ જીતી લીધાં.

મુંબઈમાં છેલ્લી માંદગીમાં તેઓ પથારીવશ હતા ત્યારે હું મળવા ગઈ. તે વખતે તેઓ કોઈપણ મિત્રને મળતા ત્યારે એકદમ ભાવનાવશ થઈને રડવા લાગતા. તેમ જ હું ગઈ ત્યારે થયું. થોડો વખત તો અમે કોઈ જ કાંઈ બોલી શકયાં નહિ. પણ પછી તો વાતો ચાલી ત્યારે ગિજુભાઈએ હાથથી બતાવ્યું કે હવે તેમનું જીવન પૂરું થયું છે. મેં કહ્યું "એમ કેમ ચાલે? આટલું બધું અધૂરું મૂકીને કઈ જવાય? હજી તો ઘણું જ બાકી છે."

ગિજુભાઈએ તરત પેન્સિલ ને પેડ માગી લીધા ને લખવા લાગ્યા. બરાબર લખાતું ન હતું, અક્ષરો ને શબ્દો અસ્પષ્ટ હતા પણ કાંઈ આ અર્થનું લખ્યું એમ લાગ્યું. "If you desire, I shall continue the work, Providence granting life."

ઈશ્વરી ઈચ્છા જુદી તેમનું ભાંગી ગયેલું શરીર તેમના બળવાન આત્માને માટે પૂરતું સાધન ન હતું. તેઓ ઈચ્છતા તેટલું તે કામ આપી શકતું ન હતું. છતા ગિજુભાઈ તો તેની પાસેથી ધાર્યું કામ જ લેતા. તે કેમ ચાલે? આખરે તેઓ બંધનમુક્ત થયા.

ગિજુભાઈ ગયા છે, પણ તેઓ અનેકોને દૃષ્ટિ આપતા ગયા છે, અનેકોને સળગાવતા ગયા છે, અનેકોને કાર્યદર્શન આપતા ગયા છે.

બાળકોનો બેલી ગયો, બાળકોનો વકીલ ગયો, બાળકોનો મિત્ર ગયો, બાળકોને વાર્તા કહેનાર ગયા, છતા તેમનું કાર્ય તો રહ્યું છે, અને હવે તે અટકશે નહિ.

ગુજરાતની વિભૂતિ

શ્રી બળવંતરાય મહેતા

શિક્ષણ-સચીવ, સૌરાષ્ટ્ર રાજ્ય

સ્વ. ગિજુભાઈ બાળકેળવણીકાર તરીકે માત્ર ગુજરાતમા જ નહિ પણ સમગ્ર હિંદુસ્થાનમા અદ્વિતીય સ્થાન ભોગવે છે. બાળકેળવણીમા તેમણે પોતાના જીવનને ઓતપ્રોત કર્યું હતું. એ પ્રશ્ન એમણે જેટલો વિચાર્યો, એનું એમણે જેટલુ ચિંતન કર્યું, એ માટે એમણે જેટલું પોતાનું જીવન અર્પણ કર્યું-એટલું બીજા કોઈએ આજ સુધીમાં કર્યું હોય એવું મહારા જાણવામાં નથી.

બાળશિક્ષણના માર્ગમાં, જ્યાં ગાઢ અંધકાર પડયો હતો ત્યા એમણે પ્રકાશ પાડયો છે; એની સ્પષ્ટ રૂપરેખા દોરી આપી છે. એમણે ચિંધેલ માર્ગે એમણે આપેલ રૂપરેખાને અનુસરીને, આપણે જો મંઝલ કાપીશું તો તેમાંથી સારી પ્રગતિ થઈ શકશે.

પ્રજાના ઘડતરના પાયામાં બાળકેળવણી મહત્વનું સ્થાન ભોગવે છે. એનો મહિમા લોકો વધારે સમજે એ માટે ખૂબ પ્રચાર થવાની જરૂર છે. પાયો જેટલો મજબૂત હશે તેટલું ચણતર પાકું થશે. એ દૃષ્ટિએ સ્વ. ગિજુભાઈએ જે સંગીન કાર્ય વાગ્મયમા મૂકયું છે તેને વધુ વિસ્તારવા અને તેમાં રંગો પૂરવા માટે આપણે સૌએ કટિબદ્ધ થવું પડશે.

સ્વ. ગિજુભાઈ એ ગુજરાતની વિભૂતિ સમા હતા અને બાળકોને તેમણે ઉચિત્ત સ્થાને સ્થાપ્યા હતા. એમણે આપેલુ સ્થાન બાળકો બરાબર સાચવી શકે અને વડીલો તેમ કરવામા સહાયભૂત થાય તે માટે આપણે સૌએ પ્રયાસ કરવો ઘટે છે.

ગિજુભાઈને સ્મરણાંજલિ

૧

ગિજુભાઇની પ્રવૃત્તિ વિવિધ હતી. બાળકોને કેળવવાં અને બાલસાહિત્ય ખિલવવું. બન્નેમાં એમનો એકાગ્ર યોગ અસાધારણ હતો. બાળકોનો સ્વભાવ ઓળખવો ને ખિલવવો એ એમનું જ કામ. ગિજુભાઇની આ કળા એમની પોતાની સ્વયંભૂ હતી.

કાકા કાલેલકર

૨

ગિજુભાઇમાં બાળક બનવાની અદ્‌ભુત શક્તિ હતી. એમની આ બાળપ્રિયતાનું મોટું કારણ તે એમની વાર્તાશક્તિ. બાળવાર્તાનાં પુસ્તકોની ગંગોત્રી ગિજુભાઇ જ છે. એમ કહી શકાય...— એમના અનેક ગુણો, જ્યાં સુધી ગુજરાતમાં બાળ-મંદિરો ચાલશે ત્યાં સુધી ફોરમ ફેલાવતા રહેશે.

કિશોરલાલ મશરૂવાળા

૩

દક્ષિણામૂર્તિ સંસ્થાનો સૂક્ષ્મ દેહ ઘડવામાં સૌથી મોટો ફાળો ગિજુભાઇનો ગણાય. I baptized with water; he baptized it with life. મેં સંસ્થાનું ખોખું ઊભું કર્યું, ગિજુભાઇએ સંસ્થામાં પ્રાણપ્રતિષ્ઠા કરી હતી.

નાનાભાઈ ભટ્ટ

૪

ગિજુભાઇના જીવનનો મુખ્ય મંત્ર સાધના હતો. એમનું પ્રત્યેક કાર્ય એક સાધના હતી. પોતાના આત્માની ઉન્નતિ અને આત્મજ્ઞાન એ સાધનાદ્વારા જ સાધી શકાશે એવી તેમને અખંડ શ્રધ્ધા હતી. એ શ્રધ્ધાએ એમને સફળતા આપી અને એક સાચા સાધકનું અનુકરણીય જીવન ગુજરાતને ભેટ કર્યું.

હરભાઇ ત્રિવેદી

૫

આચાર્ય ગિજુભાઇનું નામ બાળસાહિત્ય સાથે ચિરકાળ જોડાયેલું રહેશે જ. પણ આ બાળસાહિત્ય ઉપરાંત, ગિજુભાઇએ પ્રૌઢ શિક્ષણને અંગે પણ ખૂબ લખ્યું છે. દક્ષિણામૂર્તિની પ્રૌઢશિક્ષણની પધ્ધતિના તો તેઓ જન્મદાતા હતા. આવા બાળ-શિક્ષણ અને પ્રૌઢશિક્ષણના પ્રખર ઉપાસકને ગુજરાત કેમ ભૂલી શકે?

હંસાબહેન મહેતા

૬

ગિજુભાઇએ બાળકો માટે જે સહાનુભૂતિ અને આદરનું વાતાવરણ પેદા કર્યું છે તે ગુજરાતની હવામાંથી હવે કદી ખસવાનું નથી. એમના શાસ્ત્રીય પ્રેમને પ્રતાપે બાળકોનો આત્મા વિકસતો; તેમના મુખમાં હોકાનું ગીત ઉપનિષદના કાવ્ય સમું બની જતું, સૂપડકન્નો રાજા રામાયણ-મહાભારતની કથા સમો બની જતો. બાળમિત્ર ગિજુભાઇનું આ કામ અમર રહેશે જ.

જુગતરામ દવે

૭

ગિજુભાઇને આપણે હવે વધારે સંભારીશું, કારણ કે તેમની ખોટ હવે પૂરી શકાય એમ નથી. એમના જેવી ધગશભરી ઝુંબેશ કરનાર હવે કોઇ નથી. એમણે સ્વતંત્ર માનવીઓની વાડીઓ તૈયાર કરી આપી છે. એનો પાક સચવાશે તો ગુજરાત સ્વતંત્રતાને સ્વપ્ન નહિ રહેવા દે. ગિજુભાઇનો આત્મા ત્યારે જ પરમ શાંતિ અનુભવશે.

રવિશંકર રાવળ

૮

ભારતીય વાતાવરણમાં ભારતને અનુરૂપ શાસ્ત્રીય અને સફળ પ્રયોગ કરવામાં ગિજુભાઇએ જે સફ-ળતા પ્રાપ્ત કરી હતી તેવી બીજા કોઇને મળી નથી. ગિજુભાઇની ખોટ પૂરાવી શકય નથી, પણ એમનાં હજારો પ્રેમીઓ ને પ્રશંસકો તથા શિષ્ય શિષ્યાઓ સંગઠિત થઇ એમનું અધૂરું કાર્ય પૂરું કરે તો જ એમનું ઋણ કાંઇક પણ અદા કર્યું ગણાશે.

કાશીનાથજી ત્રિવેદી

ગિજુભાઈની સફળતાની ચાવી-બાળક પ્રેમ

હરજીવનદાસ કા. મહેતા.

જગતમાં સાચો વિજેતા, સાચો કેળવણીકાર છે, કેમકે તે જગતનાં અજ્ઞાન અને અંધકારનો નાશ કરે છે, અને નવા જમાનાનું સર્જન કરે છે. શ્રી ગિજુભાઈ એક સાચા કેળવણીકાર હતા. તેમની સફળતાની ચાવી, તેમનો બાળકો પ્રત્યેનો પ્રેમ હતો. તેઓ પોતાની પાસે આવતાં બાળકોનો અભ્યાસ કરતા, દરેક બાળકની શકિત સ્વભાવ અને તેના કૌટુંબિક સંયોગો જાણી લેતા અને પછી તેને તેની કેળવણીમાં મદદ કરતાં. અંત, ધીરજ અને નમ્રતાથી તેઓ બાળકો સાથે કામ કરતા, પોતાનું બચપણ યાદ કરતાં, બાળકની દૃષ્ટિએ જગત જોતા અને બાળકના મિત્ર બનતા.

બાળકો નિર્ભયપણે તેમની પાસે જતાં, વગર સંકોચે પોતાની મુશ્કેલીઓ કહેતાં અને તેઓ જે કંઈ કહે તે તેઓ શ્રદ્ધાપૂર્વક સાંભળતાં અને પોતાને ન સમજાય તો ફરીથી પ્રશ્નો પૂછતા.

પોતાના બાળમંદિરનું દરેક બાળક, રોજ, કંઇને કંઇ નવું જોઈ, નવું જાણી, નવું અનુભવી નવીન થઇને પોતાને ઘેર જાય એમ તેઓ ઇચ્છતા અને એવી વ્યવસ્થા કરતા. ઊંચા અવાજની, કડવા કે કઠોર શબ્દની મદદ લીધા સિવાય તેઓ પોતાના મંદિરનું નિયમન કરતા અને નાનાં નાનાં બાળકો સાથે રમતમાં ઊતરી તેઓ બાળમંદિરમાં ઘરનું વાતાવરણ ઉત્પન્ન કરતા.

ગિજુભાઇની દૃષ્ટિએ, બાળકસેવા એ જ દેવસેવા, દેશસેવા અને માનવસેવા હતી. એ સેવા સારી રીતે કરવા માટે તેઓ બાળ સાહિત્ય, શિક્ષણ સાહિત્ય, માનસ શાસ્ત્રનું અને જીવન-શાસ્ત્રનું સાહિત્ય વાંચતા અને ભૂતકાળના અનુભવ, વર્તમાનના પ્રયત્ન અને ભવિષ્યના આદર્શનું એકીકરણ કરતા.

શ્રી ગિજુભાઈ બાળકપ્રેમી હતા તેથી તેઓ સ્વભાવે શિક્ષક હતા. તેઓ સંયોગવશાત વકીલાત તરફ ખેંચાયા હતા છતાં તેમના બળવાન અંતરાત્માએ તેમને એક સફળ શિક્ષક બનાવ્યા. તેઓ એક દશકા પહેલાં સ્થૂલશરીર છોડી ગયા છે છતાં આજે અનેક બાળ મંદિરના શિક્ષકોના, દિલમાં તેઓ તેમના અક્ષર દેહે જીવી રહ્યા છે.

"બાળકો પ્રત્યેનો નિઃસ્વાર્થ પ્રેમ એ હરકોઇ શિક્ષક માટે સફળતાની ચાવી છે" એમ શ્રી ગિજુભાઇનું જીવન આજે પણ બોલી રહ્યું છે.

આધ્યાત્મિક ગિજુભાઈ

કમળાશંકર પંડિત

ગિજુભાઈ આધ્યાત્મિક તો પહેલેથી જ. પણ પોતાની આધ્યાત્મિકતાને એ જતનથી જાળવતા, કવચિત કોઇને તે નાસ્તિક લાગે પણ તે શ્રદ્ધાળુ, આસ્થાળુ હતા, 'પ્રાસંગિક મનનો' માં, કે શાન્ત પળો' માં તો એમની આધ્યાત્મિકતા સ્પષ્ટ દીસી આવે છે. ઉત્તરાવસ્થામાં આ પ્રમાણ અધિકું થયું હતું. તેના કેક પ્રસંગદર્શન અત્રે હું રજૂ કરું છું.

(૧)

દક્ષિણામૂર્તિમાંથી નિવૃત્તિકાળે, અમદાવાદના સન્માન સમારંભ પછી, તરત જ તેઓ ડભોઇ સમારંભમાં પધારેલા અને ત્યાંથી અમે ચાણોદ માંડવામા, સ્વ૦ મોતીસિંહજી મહીડાના મહેમાન થયા. ત્યા અમે મલ્હારરાવના ઓવારે નર્મદા-સ્નાન માટે ગયા. ગિજુભાઇને કેડસમા પાણીમાં ઊભેલા ને અંજલિભરી પાણી છોડતાં મેં જોયા.

એટલે મેં પૂછ્યું: "ગિજુભાઇ, શું કરો છો? કંઇ સંકલ્પ છોડો છો?"

ગિજુભાઇ મૂછોમાં હસ્યા અને કહ્યું: "હા; સંકલ્પ છોડું છું. શા વિધિના ખેલ છે? વીસ વર્ષ પહેલાં, દક્ષિણામૂર્તિમાં જોડાવાના પ્રસંગે, અચાનક મારે અહીં આવવાનું થએલું. ત્યારે બરાબર આ જ ઓવારે, નર્મદાજીમાં સ્નાન કરી, આમ પાણીમાં ઊભા રહી, સૂર્યનારાયણની સાક્ષીએ સંકલ્પ કીધેલો, કે 'આજીવનકાળ માટે ૨૦ વરસ સુધી દક્ષિણામૂર્તિમાં જે બાળસેવાના શિક્ષણ કાર્ય માટે જોડાઉં છું. તે દૃઢતાથી અને એકનિષ્ઠાથી અણિશુધ્ધ પાર પાડજે, પ્રભો!' પ્રભુએ એ સંકલ્પ અખંડિત પાર પાડયો અને બરાબર વીસ વર્ષ પછી, પ્રયોગ પૂરો થયો, ત્યારે પાછું અનાયાસે જ અહીં આવવાનું થયું. કેવી અનંતની શક્તિ કામ કરી રહી છે! આપણે તો એના વાહન છીએ, સાધન છીએ. ઇશ્વરેચ્છાનુસાર જ સઘળું થાય છે. મ્હેં નર્મદામાં ડુબકી મારી, ને મને યાદ આવ્યું, એટલે આ કૃતજ્ઞતાપૂર્વક સંકલ્પ છોડયો. પ્રભુનો શો પા'ડ માનું?" એમ કહી, ગિજુભાઇ ખડખડાટ હસ્યા. શ્રધ્ધાળુ ગિજુભાઇને મ્હારું મસ્તક નમી પડયું.

(૨)

એ જ દિવસે સાંજના અમે હોડીમાં ફરવા નીકળ્યા, ને કરનાળી ગયા. ત્યાં પ્રથમ ગીતામંદિરમાં ગયા. ત્યાંના સાધુને ગિજુભાઇએ પૂછ્યું: "અભી નર્મદા તટે કોઇ દર્શનીય વિભૂતિ હૈ?" સાધુએ કહ્યું: "ઐસી નિરંતર રહનેવાલી વ્યક્તિ તો અભી કોઇ નહીં હૈ. લેકિન અભી એક બંગાલી બાઇ 'આનંદમયી મા' યહાં અપની ધર્મશાલા મેં હી બિરાજતી હૈ." એટલે તરત જ અમે ત્યા ગયા. ત્યાં જતાં જ રસ્તામાં ગિજુભાઇના એક પારસી શિષ્યા મળ્યા. તે અમને 'આનંદમયી મા' પાસે લઇ ગયાં.

મેડા ઉપર એક ઓરડીમાં, મા પ્રસન્ન વદને બેઠાં હતાં. જોતાં જ પૂજ્યભાવ ઉપજે અને મસ્તક નમી પડે, એવી પ્રતિભા હતી. સ્વામી રામકૃષ્ણ પરમહસ પાસે પહેલી જ વાર યુવાન નરેન્દ્ર સ્વામી વિવેકાનંદ ગયા, ને જે દૃશ્ય થયું હતું, તેવું જ અહીં બન્યું. ગિજુભાઇ લાંબા થઇને નમી પડયા, ને થોડી વારે સ્વસ્થ થઇ બોલ્યા: "આપ સચમૂચ માત હૈ. મૈ આપકા બચ્ચા હૂં."

માતાજીની અમૃતસ્રવી વાણી સરી: "નહીં, પિતાજી, આપ પિતાજી છો. મૈ આપકી બચ્ચી હું." ઓરડીમાં એક હાસ્ય લહરી ઊઠી. મા હસ્યાં, ગિજુભાઇ હસ્યા, બધી મંડળી હસી.

સાથે એક બંગાળી સિવિલ સરજનના હોદ્દાથી નિવૃત્ત થએલા, ડો. મહાશય હતા, તેમણે પરિચયની વાત કાઢી અને ગિજુભાઇ તથા દાક્તર મહાશયે અરસપરસ બધી મંડળીના પરિચયની આપ-લે કરી. દરમિયાન એક નેપાળી ભક્ત શિષ્યાએ માતાજીનું ક્રેશસંમાર્જન કર્યું, ને સેંથીમાં સિંદુર પૂર્યું. પાસે માતાજીના પતિ હતા. તે જટા-દાઢી–ધારી મહાદેવ જેવા લાગતા. તેમની વાચા જ બંધ થઇ ગઇ હતી. તેમણે પોતાના હસ્તે જ માના મુખમાં ફળહારના કોળિયા દીધા. મા પરમહંસ કોટિના. રામકૃષ્ણ પરમહંસનું જે વર્ણન વાંચેલું, અહીં પ્રત્યક્ષ જોયું. આવી ઊંચી કોટિના પરમહંસ બાઇ મેં આ પ્રથમ જ જોયાં.

બધાંને પ્રસાદી વહેંચાઇ, ને ગિજુભાઇએ પ્રસ્તાવ મૂકયો: "આવતી કાલે બપોરે બે વાગે, અમે ખાસ નાવડીમાં તિલકવાડા જવાના છીએ. આપ પણ બધી મંડળી અમારી સાથે પધારો. આનંદ આવશે.' માએ જાણે જૂનું ઓળખાણ હોય, તેમ તરત જ દરખાસ્ત વધાવી લીધી, ને 'હા' પાડી ગિજુભાઇએ 'બડી કૃપા' કહી આભાર માન્યો, ને કહ્યું; બરાબર બે વાગે નાવડી આ ઓવારે આવશે. આપ સહુ તૈયાર રહેજો. અમે બોલાવીશું.' ને અમે રજા લઈ છૂટા પડયા.

આમાં — ભક્તિ, ભાવ, આધ્યાત્મિકતા નથી નીતરતાં?

(૩)

બીજે દિવસે, બપોરે ઠરાવેલા સમયે, નાવડીમાં અમે તિલકવાડા જવા ઉપડયા. કરનાળીથી

માતાજીની મંડળી પણ અમારી સાથે જોડાઇ. કાફલો ઉપડયો. હોડીમાં મજેની રાવટી તાણી હતી. શેતરંજી, ગાદી, તકીઆની બીછાત થઇ હતી. યથાસ્થાને સૌ ગોઠવાઇ ગયાં હતાં. નર્મદાના ધીર-ગંભીર પાણી ઉપર નાવડી મંદ મંદ સરી રહી હતી. માતાજી મલક મલક હસી રહ્યાં હતાં. સઘળું શાન્ત-પ્રશાન્ત હતું. ઉષ્માના આછા, આછા પ્રસ્વેદ રેલાતા હતા. તેને ટાળવા થોડા વીંઝણા પણ વીંઝાતા હતા.

ત્યાં ગિજુભાઇએ ઘોષણા કરી. "દરેકે એક પછી એક એકેક ભજન ગાવાનું છે. ભજન આવડે, તો ભજન. ગીત આવડે તો ગીત." આ કાર્યક્રમ કેટલોક વખત ચાલ્યો. વચ્ચે વચ્ચે આનંદ લહરીઓ ઊડતી. માતાજીના જીવનપ્રસંગોની વાત પણ મંડાઇ. અંતકડીનો યે કાર્યક્રમ ચાલ્યો, ને કંઇ કંઇ આનંદ-વિનોદ થયા.

રાતના દશ વાગી ગયા હતા. અમારા યજમાન અમારી રાહ જોતા ઊભા હતા. તે અમને દૂરથી જ 'ટૉર્ચલાઇટ'ની હાલતી નિશાનીઓથી જ માલમ પડયું હતું. સામેથી અમે પણ અમારી 'બૅટરી'ના પ્રકાશથી જવાબ આપતા હતા. એમ કરતાં તિલકવાડાને તીરે અમારી નાવડી લંગારાઇ, ને અમારા યજમાને અમને વધાવી લીધા.

ત્યાં એક ઘટના બની. માતાજી તરફથી પેલા દાકતર મહાશયે પૂછયું: 'હમારા નિવાસસ્થાન કહાં રકખા હૈ?'

'સરકારી 'રેસ્ટ હાઉસ'માં' યજમાને ઉત્તર આપ્યો.

'તબ તો હમ યહાં ઠહરેંગે, નાવમેં હી-નર્મદાજી કે જલપટ પર, નર્મદા મૈયાકી ગોદમેં' માતાજીએ જાહેર કર્યું.

એટલે ગિજુભાઇએ કહ્યું: 'તો હમ હી યહાં ઠહરેંગે. આપકે સિંવા હમ કૈસે ઉતર સકતે હૈ?'

મોડી રાતે આ મુશ્કેલ સમશ્યા ખડી થઇ. કાર્તિક માસનો દિવસ, શરદ ઋતુ. ટાઢની શરૂઆત, પાણી પર રાત ગાળવાની, શરદીની પુરી ધાસ્તી, સુકોમળ મા. દમલેલ ગિજુભાઇ. ને આવી પડી આ હઠ!

અમારા યજમાન શ્રી છીતાલાલ શેઠ પળેક મૂંઝાયા. પણ તરત જ તોડ કાઢયો. 'માતાજીને વાસ્તે મંદિર, ધર્મશાળા ચાલશેને?" તેમણે પૂછયું.

ઉત્તર મળ્યો: 'હા' તાબડતોબ માણસો મોકલી વ્યવસ્થા કરી; ને માને ઉતાર્યાં પાસેની ધર્મ-શાળામા, અને અમે ઉતર્યા 'રેસ્ટ હાઉસ'મા.

રસોઇ તો તૈયાર હતી. પણ હવે, પ્રશ્ન ઉઠયો ભોજનનો. મા, ને એમની મંડળી એ રસોઇ નહીં જમે. એમને ગાયનું દૂધ ને કંઇ ફળ હશે, તો ચાલશે.

શેઠ કહે: "જમવું તો પડે. આ નર્મદા કિનારો છે; ને નર્મદાજી ભૂખ્યાનું મુખ જોતા નથી." મધરાતે શેઠે ગામની ગાયો દોવડાવી, દૂધ હાજર કર્યું. બાકીના દૂધનો શીરો, ને બટાકાની સૂકી ભાજી બનાવી દીધાં. માતાજી જમ્યાં, મંડળી જમી.

બાદ, ઉતારે આવી ગિજુભાઇ ને અમે જમ્યા, ને સૂતા. આ ગિજુભાઇની નિષ્ઠા!

૪

જવાનું હતું સૂરપાણ, પણ ગિજુભાઇની તબિયતના કારણે જ માંડી વાળ્યું હતું. બીજે દિવસે, તિલકવાડાથી રાજપીપળા જવાનું હતું. ત્યાંના માણસો ગિજુભાઇને તેડવા તિલકવાડા આવ્યા હતા. ગિજુભાઇએ કહ્યું "હું એકલો નહીં આવું. મારી સાથે માતાજી, ને આ રસાલો છે."

તેમણે કહ્યું; "ભલે, ભલે; ધન્ય ભાગ્ય, ધન્ય દિવસ! હોડીમા બેસી સામે કિનારે પધારો ત્યાં અમે મોટરો ઊભી રાખીશું."

માને ગિજુભાઇએ સાથે આવવા વિનંતિ કરી. માએ તે તરત જ માન્ય કરી. પછી, હોડીમાં બેસી બધાં સામે કિનારે પહોંચ્યાં. ત્યા તો, આગળ બંદોબસ્ત માટે દોડેલા માણસોએ મોટરો લાવી ખડી કરી હતી. મોટરોમાં પહોંચ્યા રાજપીપળા. ત્યાં પહોંચેથી જ માનો મુકામ એક મંદિરમાં રાખ્યો હતો. મેડે બિછાત થઇ હતી. ત્યાં માની પધરામણી થઇ.

બપોરના બારનો સુમાર હતો. રસોઇ તૈયાર હતી. હાથ, પગ ધોઇ બેસવાની જ વાર હતી. મા ના પગ ધોવાના હતા. મા ચોકડીમાં આવી ઊભાં. ગિજુભાઇ મને કહે: "રેડ પાણી." હું પાણી રેડતો હતો, ને માનો પગ ધોતો હતો. ત્યાં ગિજુભાઇ નીચા નમી માના પગ ધોવા લાગ્યા; ને ઠાંસો મારી મને કહે: "જુએ છ શું? આવી તક નહીં મળે!" એમ કરી, માનો અંગુઠો ધોઇ પોતે ચરણામૃત લીધું, ને મને ઇશારો કર્યો. મેં પણ ચરણામૃત લીધું. ને માએ અમારા બંનેના મસ્તક પર પોતાના બન્ને હાથ મૂકી ખડખડાટ હસવા માંડયું.

પછી, માએ પ્રસાદી આરોગી અને અમે સ્થાનિક ઉતારે આવી જમ્યા.

પણ મને થયાં જ કર્યું: "ઓહો! ગિજુભાઇની શી ભાવના, શી શ્રધ્ધા! શી નિષ્ઠા! શી ભક્તિ!"

ભારતીય બાળકેળવણીના આદ્યપ્રણેતા

શેષ નામલે

આપણા દેશની બાળકેળવણીની નવી પ્રણાલિકાનાં આદ્યપ્રણેતા ગણી શકાય એટલું વ્યાપક અને નિશ્ચિત કાર્ય સ્વ. ગિજુભાઈ પાછળ મૂકી ગયા છે. કેટલાક એમ માને કે ગિજુભાઇએ જે કંઇ કર્યું એમાં શું નવું હતું? સ્વ. ગિજુભાઇએ બાળકેળવણીના ક્ષેત્રમાં જે કંઈ કર્યું તે વર્ષો પહેલાં ડૉ. મૉન્ટેસોરીએ કર્યું જ હતું, એમાં તેમની નવીનતા શાની? અને પ્રણેતાપણું શાનું? કેટલાએક આથી પણ આગળ જઈને કહેશે કે ગિજુભાઇએ ડૉ. મૉન્ટેસોરીનો પદ્ધતિસર શિક્ષણક્રમ કર્યો નહતો એટલે મૉન્ટેસોરીનું પણ અધિકૃત જ્ઞાન તેમને ન હતું એટલું જ નહિ પણ મૉન્ટેસોરીના તત્ત્વજ્ઞાનને તેઓ જે સમજ્યા અને જેનો તેઓ એટલો પ્રચાર કરી શક્યા તે મૂળ વસ્તુ પણ સ્વ. ગિજુભાઇ બરાબર સમજ્યા હતા કે નહિ એ પ્રશ્ન છે; ત્યારે તેઓ કેળવણીની નવી પ્રણાલિકાના પ્રણેતા કેમ બની શકે?

સ્વ. ગિજુભાઇના જીવનનો, તેમના વ્યાપક કાર્યનો અને સાહિત્યનો જેમણે પરિચય મેળવ્યો હોય એવી વ્યકિતઓ સ્વ. ગિજુભાઇ માટે આવી રીતે બોલે એ શકય નથી. ગિજુભાઇના કાર્યથી જે અજાણ છે એવાઓ આવું બોલતાં સંભળાય છે. એ અજાણ વ્યકિતઓમાં, ડૉ. મોન્ટેસરીનું નવું સર્ટિફિકેટ મેળવનારા નવજુવાનિયા જ નહિ પણ કેટલાક પ્રતિષ્ઠિત મુરબ્બીઓ પણ હોય છે.

કહેવાય છે કે સ્વ. ગિજુભાઇને દરબાર શ્રી ગોપાળદાસભાઇ અને સ્વ. શ્રી. મોતીભાઇએ મોન્ટેસોરી પધ્ધતિ પરનાં પુસ્તકો આપ્યાં અને તેથી સ્વ. ગિજુભાઇને પ્રેરણા મળી; કેટલાક વળી એમ માને છે કે પોતાનાં બાળકોદ્વારા બાળકેળવણીનો પ્રશ્ન તેમની સામે ઊભો થયો; આફ્રિકામાં ડોરોથી ફ્રિશરે લખેલી 'મોન્ટેસોરી મધર' નામની ચોપડી એમના વાંચવામાં આવી અને તેમાથી પ્રેરણા મેળવીને તેમણે બાળકેળણીના ક્ષેત્રમાં ઝંપલાવ્યું. કારણ ગમે તે બને પણ એ બધાં કારણો એવા કોઇ અસાધારણ નથી કે જેમાં તે કેળવણીકારને ઘડવાની કોઇ અજબ શક્તિ હોય. બાકી તો મૉન્ટેસોરીની ચોપડીઓ વાંચનારા અને બાળકોના માબાપ થનારા બધા જ કેળવણીકારો બની જાત. પૂ. શ્રી. કાકાસાહેબ કાલેલકરે કહ્યું છે તેમ, સ્વ. ગિજુભાઇ એક 'સ્વયંભૂ-શિક્ષક' હતા. તેમનાં પોતાનાં બાળકો અથવા તો મૉન્ટેસોરી પદ્ધતિ એ તો માત્ર નિમિત્ત હતાં. એમનો જીવ જ શિક્ષકનો હતો. એથી પણ આગળ જઈને કહી શકાય કે તેઓ માત્ર 'સ્વયંભૂ શિક્ષક' નહિ પણ એક મુમુક્ષુ સ્વયંભૂ શિક્ષક હતા. શ્રી. હરભાઇએ એમને 'સાધ્ય તરફ વસી રહેલા યાત્રી' કહ્યા છે; કોઇએ એમને 'બાળલીલાના નરસિંહ (ભક્તરાજ

નરસિંહ મહેતા), કહ્યા છે; અને સ્વ. ગિજુભાઈનો જીવનવ્યવહાર જોતાં મને આ ઘણું સાર્થ લાગે છે.

પશ્ચિમના બાળકેળવણીકારો સાથે એમની સરખામણી કરતાં ગિજુભાઈનો આ કર્મયોગ આપણને પૂ. બાપુજીની યાદ કરાવે છે. દુનિયાના રાજકારણ-ધુરંધરોમાં પૂ. બાપુજીનું સ્થાન જીવન વ્યવહાર તરફ આત્મદર્શન માટે કોઈ કર્મયોગી સાધકની જેમ જોવાની જે એમની ભારતીય દૃષ્ટિ હતી તેને લીધે જ અનોખું હતું. મને લાગે છે કે દુનિયાના કેળવણીકારો સાથે તુલના કરતાં સ્વ. ગિજુભાઈનું સ્થાન જે અનોખું પડે છે તે પણ સ્વ. ગિજુભાઈના એ સાધકત્વને લીધે જ. કર્મયોગી સાધક, પ્રખર નિષ્ઠાવાન, ત્યાગી અને પ્રયત્નશીલવાદી હોય છે; તેવા જ ગિજુભાઈ પ્રખર નિષ્ઠાવાન, ત્યાગી અને પ્રખર પ્રયત્નવાદી હતા. તેમની એવી માન્યતા હતી કે "ઈશ્વરે તેમને બાલશિક્ષણનું કાર્ય સોંપ્યું છે અને તે પ્રભુના કાર્ય તરીકે જ જિંદગી સુધી કરવાનું છે." તેઓ કેળવણીના ક્ષેત્રમાં પહેલું પગલું માંડતાં જ કહેતા કે 'મારા કાર્યમાં મને અખૂટ શ્રધ્ધા છે અને જગતને મારા કાર્યની કદર કરવી જ પડશે. તમારાં જડીબેન (સ્વ.ના પત્ની) હજુ ત્રાંબા પિત્તળનાં વાસણમાં રસોઈ કરે છે તે વૈભવ છોડી માટીના હાંડલામાં રસોઈ કરશે.' સ્વ. ગિજુભાઈનું અંતિમ ધ્યેય તો સાધકની જેમ આત્મદર્શનનું હતું. એના પૂરાવારૂપે શ્રી. મોંઘીબેન પાસે કાઢેલા તેમના નીચેના સ્વાભાવિક ઉદ્‌ગારો પરથી જણાઈ આવશે. 'આવું કામ (બાળકેળવણીનું) તો ઘણું કર્યું પણ એનાથી કંઈ આત્મદર્શન થોડા જ થવાના છે? એટલે પાછલી (ગૃહસ્થાશ્રમ પછીની) જિંદગી હિમાલયમાં ગાળવી ને ત્યાં એક આશ્રમ સ્થાપવો એવી મારી ઈચ્છા છે. તું આવીશ.'

જીવન પ્રત્યેની આ દૃષ્ટિ આપણી ભારતીય સંસ્કૃતિની સૂચક નથી એવું કોણ કહી શકશે? તેથી જ સ્વ. ગિજુભાઈ સ્વ. બાપુજીની જેમ દુનિયાના બીજા કેળવણીકારોથી જુદા પડે છે. છતાં ફ્રોબેલ અને મોન્ટેસોરીએ દુનિયાના યુગ-પ્રવર્તક કેળવણીકારોએ આ જ ક્ષેત્રમાં કામ કર્યું હોવાથી તેમની સાથેની કેટલીક તુલના રસપ્રદ લાગશે.

સ્વ. ગિજુભાઈ મૉન્ટેસોરીના જે પૂજક બન્યા તેનાં કારણોમાં મુખ્ય કારણ તેમની ઉપલી ભૂમિકામાં જ છે. 'મૉન્ટેસોરી મધર' નામના પુસ્તકના પ્રસ્તાવનાકાર એડમંડ હોમ્સ કહે છે.

The Montessory gospel of self-education, with its conception of growth as the way and ripeness or natural perfection as the end of life has had many heralds. The parent idea of self-realisation is at the heart of the profound spiritiual philosophy of Ancient India.

(મોન્ટેસોરી પ્રણીત સ્વયં શિક્ષણના તત્ત્વજ્ઞાનમાં રહેલો જીવનવિકાસનો માર્ગ અને તેની પૂર્ણતાની કલ્પનાનો અથવા જીવનની સ્વાભાવિક પુર્ણતાની કલ્પનાનો પુરસ્કાર કરનારાઓ આગળ ઘણા થઈ ગયા છે. હિંદના પ્રાચીન ઊંડા તત્ત્વજ્ઞાનનાં દર્શનોમાં આ આત્મદર્શનની મૂળ કલ્પના છે.) સ્વ. ગિજુભાઈને હિંદના પ્રાચીન ઋષિ મુનીઓએ ચીંધેલા આ આત્મદર્શનના માર્ગનું દર્શન થયું અને તેથી જ તેઓ આ પધ્ધતિના એક પ્રખર પ્રચારક બન્યા. પરંતુ મોન્ટેસોરી પધ્ધતિ જે પરિસ્થિતિમાં મોન્ટેસોરીએ યુરોપમાં શરૂ કરી અને સ્વ. ગિજુભાઈએ હિંદમાં જે પરિસ્થિતિમાં શરૂ કરી તેમાં ઘણો તફાવત હતો. અઢારમી સદીની આખરમાં જર્મનીમા ફ્રોબેલને જે પરિસ્થિતિનો સામનો કરવો પડયો હતો તે જાતની પરિસ્થિતિનો સામનો સ્વ. ગિજુભાઈને કાઠિયાવાડમાં વીસમી સદીમાં કરવો પડયો હતો. સ્વ. ગિજુભાઈ ફ્રોબેલની કિંડરગાર્ટન પધ્ધતિનું જે અમેરિકન રૂપાન્તર થયું હતું તેના કટ્ટર વિરોધી હતા. કિંડરગાર્ટનની શાળાઓ, તેના શિક્ષકો, તેના આચારો, તેનાં સાધનો અને તત્ત્વજ્ઞાનનો ચિતાર, ગિજુભાઈ મોન્ટેસોરી પધ્ધતિને ઊઠાવ આપનાર કાળી પાર્શ્વભૂમિ તરીકે કરતા હતા.

ફ્રોએબેલ અને મોન્ટેસોરીના જીવનવિકાસ વિશેના મૂળ સિધ્ધાન્તોમાં ખરેખરો ફેર ન હતો પરંતુ શાળાતંત્ર અથવા સાધનોના સુધારા કરતાં ફ્રોએબેલને બાળક પ્રત્યેની સમાજની દૃષ્ટિ ફેરવવા માટે જ સર્વ શક્તિ ખરચવી હતી. તે જ રીતે સ્વ. ગિજુભાઈની ઘણીખરી શક્તિ પોતાની આજુ-બાજુના સમાજના મન્તવ્યોમાં ફેરફારો કરવામાં ખરચાઈ હતી. ફ્રોએબેલકાળનું જગત માનસશાસ્ત્રના પ્રયોગોથી જેટલું દૂર હતું તેટલું જ સ્વ. ગિજુભાઈ કાળનું જગત કેળવણીની શાસ્ત્રીયતાથી અને માનસ શાસ્ત્રથી દૂર હતું. અને એ રીતે પોતાના સમાજને ઘડવા માટે સ્વ. ગિજુભાઈએ જે જેહમત ઊઠાવી છે, 'શિક્ષણ પત્રિકા' અને 'શિક્ષણ પ્રચારમાળા' ઓનો જે જબરદસ્ત પ્રચાર કર્યો છે તેની તુલના ભાગ્યે જ દુનિયાના કોઈ અન્ય કેળવણીકાર સાથે થઇ શકશે. ફ્રોએબેલના અને સ્વ. ગિજુભાઈના અંતબાહ્ય જીવનમાં ઘણું સામ્ય દેખાય છે. પરિસ્થિતિ સાથે ઝગડવામાં કોણ વધારે પ્રયત્નવાદી અથવા પ્રતિભાશીલ હતું તે પણ જાણવા જેવું છે. ફ્રોએબેલનું 'એજ્યુકેશન ઓફ મેન' (માનવીની કેળવણી') અને સ્વ. ગિજુભાઈનું 'શાત પળો'માં એ પુસ્તકની ભાવનામાં અદ્‌ભુત સામ્ય દેખાય છે.

સ્વ. ગિજુભાઇ મોન્ટેસોરીના પૂજક બન્યા હતા તેથી મોન્ટેસોરીમાં જે કંઇ છે તેના કરતાં સ્વ. ગિજુભાઇ ઘણું વધારે જોતા હતા. અર્થાત્ આધુનિક શાસ્ત્રીય કેળવણીદ્વારા મોન્ટેસોરીનું વિકસેલું બૌધિક વ્યકિતત્વ ગિજુભાઈ પાસે ન હતું એ દેખીતી વસ્તુ છે. પરંતુ સ્વ. ગિજુભાઇએ જે સાહિત્યપ્રેમી માતાપિતાઓ માટે, શિક્ષકો અને સમાજ માટે લખ્યું છે તે જોતાં, તેમણે મોન્ટેસોરીનું તત્ત્વજ્ઞાન જીવનમાં કેટલું ઊતાર્યું હતું તેની પ્રતીતિ થઈ જાય છે. ડો. મોન્ટેસોરીની રહેણીકરણી, તેમનો જીવનવ્યવહાર તેમનાં વ્યવહારિક મન્તવ્યો જોતાં સ્વ. ગિજુભાઈનો જીવનપ્રવાહ એ આણુપા ઋષિ મુનીઓના જીવનપ્રવાહને મળતો દેખાય છે. મોન્ટેસોરીના પશ્ચિમી જીવનપ્રવાહ કરતાં તે સાવ જુદો તરી આવે છે. એ ગિજુભાઇની ભારતીય વિશિષ્ટતા હતી. તેમનામાં પ્રતિભા હતી છતા તેમણે 'ગિજુભાઈ પધ્ધતિ'ના પ્રચાર શ્રી. કાકાસાહેબ જેવા મિત્રોનો આગ્રહ છતાં ન કર્યો. કર્મયોગી સાધક જે રીતે આત્મનિષ્ઠ હોય છે તે જ રીતે સ્વ. ગિજુભાઈ છેવટ સુધી આત્મનિષ્ઠ રહ્યા હતા અને છતાં પોતાની પ્રવૃત્તિથી અનાસકત રહ્યા હતા; અને તેથી જ તેઓ કહી શકતા હતા 'આવું કામ તો ઘણું કર્યું.' કર્મયોગી સાધકની જિજ્ઞાસા, તેનો ત્યાગ, સાત્વિકતા, નિર્મમત્વ વગેરે ઊચ્ચ ગુણોને લીધે જ સ્વ. ગિજુભાઇને હું આપણી ભારતીય નવીબાળકેળવણીની પ્રણાલિકાના આદ્ય પ્રણેતા ગણું છું અને તેમની જયંતિ નિમિત્તે અભિવાદન કરું છું.

આદર્શની ભક્તિ

રામભાઇ ના. પાઠક

ગિજુભાઈમાં એવી શક્તિ હતી જેથી નાના મોટા દરેકની પાસેથી તેઓ એકસરખું કામ લઇ શકતા. અથવા દરેકને ગિજુભાઈનો પડયો બોલ ઊઠાવવાનું મન થતું; એનું કારણ શું? એનું કારણ ગિજુભાઈની બાળસેવાના આદર્શ પ્રત્યેની અનન્ય ભક્તિ. ગિજુભાઈ પોતાના નાનકડા ટેબલ પાસે બેઠાં હોય કે આંગણામાં ફરતા હોય, બાળમંદિરના ઓરડામાં હોય કે પરશાળામાં હોય, ખાતા હોય, લખતા હોય કે કોઈપણ કામ કરતા હોય; તેમનો પડયો બોલ ઊઠાવવા સૌ કોઈ તત્પર રહેતા. અને ગિજુભાઈ પણ પોતાની આસપાસ બેઠેલા કે ઊભેલા, નાના મોટા, ભણેલ અભણ કોઈને નવરા દેખે એટલે તરત કામ ચીંધતા. એ કામ બાલ સેવાનું હતું. અને મીરાંની ગિરધર ભક્તિ જેવી બાલદેવની ભક્તિ કરનાર ગિજુભાઇ જે કામો ચીંધતાં તેમાં બાળકોને હસાવવાનું, પંપાળવાનું, વંચાવવાનું, બાળમંદિરના ઓરડા અને વસ્તુઓ સાફ કરવાનું, 'શિક્ષણ પત્રિકા'નાં સરનામાં

લખવાનું, રેપર ચોંટાડવાનું હરકોઇ કામ સામે આવીને ઊભું રહેતું. ગિજુભાઇની આજ્ઞાનુસાર એ કામ કરવામાં દરેકને એક પ્રકારનો આત્મ-સંતોષ થતો. જેમ મહાત્માજીના કાર્યમાં સાથ આપીને માણસ કૃતકૃત્યતા અનુભવતા, તેમ ગિજુભાઇએ ઊઠાવેલું બાલસેવાનું કાર્ય આગળ ધપાવવા પોતાની યત્કિંચિત શકિત વપરાય તેને સૌ ધનભાગ્ય માનતા. આનું સૌથી મોટું કારણ ગિજુભાઇની આદર્શ પ્રત્યેની અનન્ય ભકિત હતી. ભકતને સદાય ભગવાનનું રટણ હોય તેમ, ગિજુભાઇના હૃદયમાં બાલદેવની સાધના સતત ચાલ્યા કરતી હતી. ઘડિયાળના કાંટાની માફક તેમના અંતરમાં બાળસેવાની ભકિત સદાય જાગ્રત હતી અને એમનું સમગ્ર જીવન એ આદર્શને અર્પણ થયેલું હતું.

ગિજુભાઇએ ઊઠાવેલા બાલસેવાના આ કાર્યમાં સહાય કરવા જેમ સૌ કોઇ તત્પર રહેતા તે જ રીતે ગિજુભાઇ પણ સૌની સેવાનો સદુપયોગ કરી શકતા એ એમની એક મોટી ખૂબી હતી.

આબાલવૃદ્ધ સૌની શકિતનો ઉપયોગ પોતાના ધ્યેય માટે જનહિતાર્થ કરવો એ પણ એક મોટી કળા છે. એ કળા ગિજુભાઇમાં હતી. એક લોક કવિએ કહેલું છે:

अमन्त्र अक्षरं नस्ति, नास्ति मूलमनौषधम्
अयोग्यः पुरुषो नास्ति योजकस्तत्र दुर्लभः ॥

એવો એકેય અક્ષર નથી કે સાધનાને પરિણામે જે મંત્રની શકિત ન ધરાવતો હોય; એવું એકેય વનસ્પતિનું મૂળ નથી જેનું સંશોધન થતાં ઔષધિ ન બની શકે; તે જ પ્રમાણે એવી કોઇ વ્યકિત નથી જે સત્કાર્ય કરવાની યોગ્યતા ન ધરાવતી હોય—માત્ર એની યોજના કરનાર જ વિરલ હોય છે.

એવો વિરલ યોજક ગિજુભાઇ હતા. જેવી તેમની આદર્શ ભકિત અનન્ય હતી તેવી જ તેમની યોજનાશકિત અદ્‌ભુત હતી. આને લીધે ગિજુભાઇનું નામ અને કામ ચિરકાળ અમર રહેશે.

ગુરુ વ્યાખ્યાનો

ગોવિંદભાઇ ઠાકર

પાંચ વાગે બાલમંદિરનું ચાલુ કામકાજ બંધ કરી અર્ધો કલાક ઉ-તર તૈયારીમાં ગાળી અમે નીચે આવ્યા. હંમેશનો ક્રમ તો લગભગ એવો હતો કે સાંજે નીચે આવ્યા પછી કાંઇક ચા—કોફી જેવું પીણું થતું અને પછી અમે છૂટા પડતા પણ આજે એ ક્રમ કાંઇક બદલાએલો જોયો.

ગિજુભાઇ શેતરંજી લઇ બહાર મેદાનમાં આવ્યા. ચિ. ટીકુ બહેનનું ઘોડિયું પણ બહાર આવ્યું. નાનકડું ઓશિકું મૂકી ગિજુભાઇ શેતરંજી પર જરા આડા થયા.

એક ચિંદરડાં જરા લાવોને! હું સમજી તો ગયો હતો કે ગિજુભાઇ આજે ખૂબ થાકેલા જણાતા હતા. બે ચિંદરડાં લાવી આપ્યાં. અને તેમણે સ્વસ્તિ પગની બે પીંડીએ કચકચાવીને બાંધ્યાં. હસતાં કહે છે. "આજે જરા પગ કળે છે. કામ કરનારને થાક ન હોવો જોઇએ, પણ શું થાય?"

વળી જરા વાર થઇને નેપકીન માગ્યો. મેં જાણ્યું કે નાક સાફ કરવું હશે; એટલે મેં ગજવાનો રૂમાલ કાઢીને આપ્યો. તે કહે, હાં, આ ઠીક. ખાદીનો રૂમાલ બધી ય ગરજ સારે. અને એમણે એ રૂમાલેથી, કચકચાવીને માથું બાંધ્યું. જાણે બહારવટિયો મેદાને ચડયો હોય એવું એ દૃશ્ય હતું. (અને ગિજુભાઇએ સાચેસાચ ચાલુ શિક્ષણ પ્રણાલિ સામે અને બાળકો માટેની સમાજની નફરત સામે જીવનભર બહારવટું જ ખેડયું છે ને?)

સામાન્ય રીતે વડીલો અગર મુરબ્બીઓ આગળ ચૂપ રહેવાનો મારો સ્વાભાવ છે, તો ય બોલાઇ જવાયું, "ત્યારે ગિજુભાઇ, ચાલોને અંદર પથારી પર આરામ કરોને!"

"અત્યારે સાડા છ વાગે શ્રી. મોતીભાઇ અમીન મળવા આવવાના છે."

"પણ એમને કહેવરાવીએ, અથવા પથારી પર પડયા પડયા વાતચીત તો કરી શકાશે."

"આવું રત્ન મળવા આવે એ આપણાં ધનભાગ્ય! અને એવે વખતે શરીરનું આ બધું નાટક કળાવવા દીધા વિના પૂરી હોંશિયારીથી વાતચીત કરવી છે. હમણાં બધું મટી જશે."

ઘોડિયાની દોરી હાથમાં લઇ એમને મેં જરા જંપવા દીધા. શ્રી. જડીબહેનના આવતાં એમને દોરી સોંપીને હું મારી ધર્મશાળામાં—દક્ષિણા-મૂર્તિનું અતિથિગૃહ એ મારે મન ધાર્મિક શાળા જ હતી અને છે,—ગયો.

થોડી વાર પછી આવીને જોઉં છું તો શ્રી. ગિજુભાઇ શ્રી. મોતીભાઈ અમીન સાથે વાતોમાં જામી પડેલા: કપાળે રૂમાલ ન હતો. પીંડીએ ચીંદરડીએ ન હતી. મોં પર થાક ન હતો પણ એમના મનોભાવ પ્રમાણે ઉલ્લાસ જ તરવરતો હતો.

મને રૂમાલ સોંપતાં, હસતાં હસતાં કહે "આપણું રાતનું અધ્યયન ચાલવાનું છે હોં!"

હું તો દિંગ થઇ ગયો! મનમાં સમસમી ઊઠયો કે આ ભાવના શે જીરવાય? આટલી અપ્રતિમ ઉપાસનાભક્તિમાંથી થોડીય ફેળવાય તો?

અને રાતના ૧૦ થી ૧૨ અમારો અભ્યાસ વર્ગ રોજની જેમ જ ચલાવ્યો. નહિ થાક, નહિ બગાસું, નહિ બેચેની!

મારે હારીને કહેવું પડયું કે ગિજુભાઈ, મને માફ કરો. પરોઢિયાના વર્ગમાં હું નહિ આવી શકું. મને આરામ લેવા દો.

"હું તમને સમજું છું હોં. ભલે, મને આરામ આપો: બસ."

મુ. શ્રી. તારાબહેનના કુટુંબમાં આવેલી માંદ-ગીને કારણે લગભગ એક મહિનો અભ્યાસ વર્ગ બંધ રહેલો.

ગિજુભાઇ કહે: "શું કરશો? ત્રણ મહિના-માંથી બરોબરો એક મહિનો (બીજો જ મહિનો) તો ગયો!"

"કાંઇ નહિ ગિજુભાઇ. બીજી વખત આવીશ. મને પચાવવાનો અવકાશ મળ્યો એમ માનીશ."

"અરે, એમ તે હોય? ગઇ તક ફરી આવે કે નથે આવે. કાલથી તમારો વર્ગ આખો દિવસ ચાલશે. જો જો થાકતા." અને એમ કહીને ટાઇમ ટેબલ લખાવ્યું.

સવારના ૭ થી ૮॥ દાતણપાણી, નાવું ધોવું, ચા નાસ્તો. ૮॥ થી ૧૦ ઉપર ઓરડામાં પૂર્વ તૈયારીમાં મારી સાથે. ૧૦ થી ૧૧ ભોજન. ૧૨ થી ૫ બાલમંદિર. ૫ થી ૬ ઉત્તર તૈયારી. ૬ થી ૮ ફરવું હરવું. ભોજન. ૮ થી ૯॥ તમારો સ્વાધ્યાય, નોંધો લખવી. વગેરે. રાતના ૧૦ થી ૧૧॥–૧૨ અધ્યયન વર્ગ. ૧૨ થી ૫ નિદ્રા. પરોઢિયે ૫ થી ૭ અધ્યયન વર્ગ. મને પેલો શ્લોક યાદ આવ્યો.

या निशा सर्व भूतानां
तस्यां जागर्ति संयमी
यस्यां जाग्रति भूतानि
सा निशा पश्यतो मुने:

અને વળી હસતાં હસતાં કહે: "એ તો ભૂતો અને યોગીઓને માટે રાત દિવસનો તફાવત; આપણે તો માણસ. ભૂત જેવા તો ખરા અને યોગી જેવા થવાના મનોરથ સેવીએ, એટલે આપણે તો રાત ને દિવસ સરખા ગણવા. ભૂત જેમ મંડયા રહીએ અને યોગી જેવી દૃષ્ટિ કેળવીએ."

અને છેલ્લો એક મહિનો ગિજુભાઇ ખરેખર મારી પાછળ જ મંડયા રહ્યા. હું પરોઢિયાની આળસ કરું તો ચાઉસ આવ્યો જ હોય! "गिजुभाइ आपको बुलाते है!" અને આવાં બંધનમાંથી ભાગવાની કળા શીખવાનું તો મારામાં જીગર જ નહ.

હું એ વખતે મિત્રોની વિનોદી ભાષામાં કહું તો થોડોક મુણ્ડાપંથી હતો. ચા પીતો

ગિજુભાઇનો સંદેશ : બાલવાડીઓ ચલાવો

ન હતો. બ્રેડ જોતાં જ મનને અણગમો થતો. ગિજુભાઇ કહે, "ચા નહિ તો કોફી લો; અમે કોફી પીતાં શીખીએ અને તમે બ્રેડ ખાતાં શીખો." આ આપણો 'મધ્યમ માર્ગ'."

પરોઢિયાના અધ્યયન વર્ગ પછી એમની જ સાથે કોફી બ્રેડનો સમય ઉમેરાયો. એમની ચા ચાલુ રહી અને હું કોફી–બ્રેડ લેતો થયો.

આજે ય મને લાગે છે કે જેમને જેમને શ્રી. ગિજુભાઇ પાસે અધ્યયન કરવાનો સુયોગ પ્રાપ્ત થયો છે તેઓ કદાચ એમનાં શિક્ષણીય વ્યાખ્યાનો વધતે ઓછે અંશે ભૂલી ગયાં હશે પણ આવા એમના જીવત સંપર્કનાં મૌન વ્યાખ્યાનો, તો નહિ જ ભૂલ્યા હોય. એથી ઉલટું, આવાં મૌન વ્યાખ્યાનો જ આપણા જીવનમાર્ગને દોરવતાં હશે. આવા મૌન વ્યાખ્યાનો–જીવંત વ્યાખ્યાનો શે ભૂલાય! કારણ? એ મૌન હતાં, એટલા જ એ જીવંત હતા. અને તેથી જ એ વ્યાખ્યાનો શિક્ષણીય કે પધ્ધતિ વિષયક વ્યાખ્યાનો કરતા ઘણાં શ્રેષ્ઠ હતાં. સાચે જ એમના આ વ્યાખ્યાનો મારે મન સદ્ગાય ગુરુ વ્યાખ્યાનો હતા.

સાચું સ્મારક

માનનીય શ્રી. બાળાસાહેબ ખેરનો સંદેશ

શ્રી. ગિજુભાઇ બધેકાના, બાળકો પ્રત્યેના જાગૃત પ્રેમ અને તમન્નાએ ગૂજરાતમાં નાનાં બાળકો તરફનાં વલણ અને વર્તાવમાં પરિવર્તન આણ્યું છે. બાલમંદિર આદિ બાલવિકાસની પ્રવૃત્તિ તેમનું સૌથી ચિરંજીવ અને સાચું સ્મારક છે. આ કાર્યને ઉત્તેજન આપીને આપણે તેમને અંજલિ આપીએ.

....ગિજુભાઇને પંથે....

પૂનમચંદ શાહ

ગિજુભાઇ મારે માટે તો કલ્પનાગુરુ છે. નથી મેં એમને જોયા કે નથી એમને સાંભળ્યા. અને છતાંયે પ્રત્યેક પળે મને લાગ્યા કરે છે કે મારા કાર્યમાં હું એમની જ પ્રેરણા પીને પ્રગતિ કરી રહ્યો છું. એમનું સાહિત્ય એટલું તલસ્પર્શી અને વિશાળ છે કે વર્ષો પછી આજે પણ શિક્ષણકાર્યમાં આવતી અથડામણો કે ઊભી થતી મુશ્કેલીઓનો ઉપાય એમના કોઇક ને કોઇક પુસ્તકમાંથી અવશ્ય મને મળી રહે છે.

એ એક ઊંચી કોટિના શિક્ષણશાસ્ત્રી અને કેળવણીકાર હતા, એમાં કોઇને શંકા નથી. અને બૃહદ્ ગુજરાતની ઉત્તમ સેવા એમણે કરી છે. થોડાં વર્ષોમાં પણ "બાળકોને સન્માનો, એમના વ્યકિતત્વને સ્વીકારો, અને એમની સહજ વૃત્તિઓને સમજવા પ્રયત્ન કરો." આ નાદ એમણે વાયુ વેગે ગુંજતો કર્યો છે.

જુદે જુદે સ્થળે બાલશિક્ષણની તાલીમ લઈ આવેલા અનેક મિત્રોનો, છેલ્લાં પાંચ વર્ષોની મારી બાલશિક્ષણણી કારકિર્દી દરમ્યાન હું મળ્યો છું. એમની દ્વારા થતું પ્રત્યક્ષ કાર્ય પણ મેં જોયું છે. આ બધામાં સમગ્ર બાલશિક્ષણની

ગિજુભાઇની આજ્ઞા : બાળકોને વાર્તાઓ કહો

દ્રષ્ટિએ કામ કરતાં મને ગિજુભાઇ દ્વારા તૈયાર થયેલા બાલશિક્ષકો સાચે જ મોભરે લાગ્યા છે.

કાર્ય પ્રત્યેની શ્રધ્ધા, ઉમંગ, ખંત એમનામાં જે પ્રમાણમાં જોયાં છે એટલા બીજા શિક્ષકોમાં બહુ ઓછા દેખાય છે. અને આનું કારણ એ જ લાગે છે કે, ગિજુભાઇએ એ શિક્ષકોમાં બાલશિક્ષણનો ફકત શાસ્ત્રીય મસાલો જ નથી ભર્યો પણ એની સાથે સાથે જીવનનાં સત્ય અને સનાતન તત્ત્વો પણ ભર્યાં છે. તે શિક્ષકો સાથેનો એમનો સંબંધ શિક્ષણકાળ પૂરતો જ મર્યાદિત નથી રહ્યો પણ એમના અંગત જીવન સાથે પણ એમણે આત્મીયતા કેળવી છે અને એમની દ્વારા ચાલતી સંસ્થાઓને પણ પોતાની જ સમજી બધી જ રીતે સક્રિય સહકાર આપ્યો છે. એટલે ગિજુભાઇએ 'શું શું કર્યું છે' એની સાથે સાથે, 'એ બધું શી રીતે કર્યું છે' એ પણ ખૂબ જ મહત્વનું અંગ છે.

આબાલવૃદ્ધ સૌને ગિજુભાઇ પોતાના જ લાગતા. એમના વિદ્યાર્થીઓ અને સહકાર્યકર્તાઓ સાથે તો એક જુરબ્બી તરીકેની મીઠાશભરી લાગણી અને મિત્રતાભરી મઝા–બન્ને એ દાખલ શકતા. પરિણામે નાના મોટા સૌને એમ લાગતું કે ગિજુભાઇ અમારા જ છે.

એમની કામ કરવાની રીત એમની પોતાની જ હતી. મોડી રાત સુધી સતત અભ્યાસ કરવા છતાં યે વ્હાણું વાતાં તો એટલા જ આનંદ અને ઉલ્લાસ, શક્તિ અને સ્ફુર્તિ સાથે સાથે એ કામ કરવા મંડી જતા. કામ કરતાં ય થાકતા નહિ અને ટીકાઓથી ડરતા નહિ. એમના વિચારોને એ વિશ્વની વાટિકામાં છૂટથી વેરતા. એક જ આશા એ કે સારા વિચાર જનતા સમક્ષ પડયા હશે તો કોઇ દિવસ તો જરૂર ઝીલાવાના છે.

ગિજુભાઇ શિક્ષણના ક્ષેત્રમાં એક યોગી અને તપસ્વી બન્ને હતા. એમને મન શિક્ષણ એ એક જીવનની સાધના હતી, નહિ કે જીવન વ્યવહારનો વ્યવસાય. અને એ ભાવના એમના વિદ્યાર્થીઓમાં પણ સારા પ્રમાણમાં એમણે પૂરી છે. ઘરે ઘરે અને ગામે ગામે હડધૂત થતાં બાળકોનું સ્થાન સમાજમાં ઊંચે લાવવાના ગિજુભાઇના પ્રયાસો જીવનના અંત સુધી ચાલુ રહ્યા હતા. બાળકદ્વારા સહકારયુકત સમાજની રચનામા અખૂટ શ્રદ્ધા ધરવી એ માટે તનતોડ પ્રયત્ન કરનારની સાચે જ દેશને આજે કદી ન પૂરાય એવી ખોટ પડી છે. આપણી પાસે આજે ગામડે ગામડે બાલશિક્ષણ પહોંચાડવાના, મોન્ટેસોરી પધ્ધતિને દેશને અનુકૂળ વાવા પહેરાવવાના અને નઇ તાલીમ અને નૂતન શિક્ષણનો સમન્વય સાધવાના અનેક પ્રશ્નો પડયા છે. પૂ. તારાબેન અને બીજા કેટલાક મિત્રો પોતાની બુદ્ધિ, શકિત, પ્રમાણે જરૂર પ્રયત્ન કરે છે છતાં ય ઊંડે ઊંડે એમ રહ્યા જ કરે છે કે આજે ગિજુભાઇ આપણી વચ્ચે હોત તો, સમાજ અને સરકાર બન્નેના સહકારથી જરૂર પાયાની કેળવણી સમા બાલશિક્ષણની કિંમત અનેકગણી વધારે અંકાત. પણ અનેક ઇચ્છાઓ છતાં આપણે એમને પાછા લાવી શકીએ એમ નથી. એ સંજોગોમા આપણા સૌના હૃદયમા રહેલા ગિજુભાઇને સતેજ કરી એમને પંથે આપણે સૌ કામ કરવા લાગી જઇએ, તો ય બસ છે.

વંદના

પ્રેમ ને સાહસ કેરાં,
આનંદ ને ભાવ કેરાં,
ગીતો ગુલાબી લખી જેણે,
કર્યાં નિર્મળ મન બાળ કેરાં,
વંદન હજો એવી 'મૂછાળી મા'ને

બાબાભાઇ ઠેબી.

ગિજુભાઇની ઇચ્છા : બાળકોને કિલ્લોલતાં કરો

યુગસૃષ્ટા

પ્રભુભાઇ

કૂવો ઊંડો ને ઊંડો ખોદાય છતાં પાણી ન દેખાય, સુરંગોદ્વારા પથ્થરો તૂટયે જ જાય, છતાં પાણી ન દેખાય; અંતે અચાનક છેલ્લું પડ ભેદાય અને પાણીના ભભૂકા નીકળે તે બંધ જ ન થાય અને પાણી, કૂવો છલકાઈને બહાર વહ્યા જ કરે ત્યારે તે પાતાળકૂવો ગણાય.

પૃથ્વીના પેટાળમાં ભરાયેલું પાણી અને કૂવો એકરૂપ બને એટલે એ કૂવાનું પાણી ખૂટે જ નહીં. અનંતકાળ સુધી એ અણખૂટયો જ રહે અને વહે, એનું નામ પાતાળકૂવો,.

સ્વ. પૂ. શ્રી. ગિજુભાઇના જીવનમાં આવું થયું હતું. એમના અંતરમાં ગડમથલ ચાલતી હતી. બાળકોનું દુઃખ એનાથી જોવાતું ન હતું. સમાજનું અકલ્યાણ થતું અટકાવવા અંતરની ઓજરૂપી ખોદાણ–તપશ્ચર્યા–ચાલુ જ હતી, અને ડો. મોન્ટેસોરીના સૂક્ષ્મ વિચારપ્રવાહથી છેલ્લું પડ ભેદાયું. અનંતની અગાધશક્તિ સાથે તેમનો સુમેળ સધાયો; તેમને બ્રહ્મસંબંધ થયો.

બાળકલ્યાણમાં જનકલ્યાણ અને વિશ્વકલ્યાણ છે તેની તેમને ખાતરી થઈ. બાળકોમાં પરિવર્તન કરવાને શુદ્ધશાસ્ત્રબદ્ધ પધ્ધતિરૂપ પગથિયાં તેમને હાથ લાગ્યાં અને તેમણે પોતાની સમગ્રશક્તિથી અને એકલવ્યની જેવી આરાધના, વિચાર, વાણી અને આચરણથી બાળકલ્યાણના આંદોલનની ઘોષણા કરી.

ગામનાં નહિ, પ્રાંતનાં નહિ, દેશનાં નહિ, પરંતુ સમગ્ર વિશ્વનાં બાળકોને એમણે એમનાં પોતાનાં બાળકો ગણ્યાં. બાળકોનું હિત એમને હૈયે વસ્યું. એમને સુખે એ સુખી હતા, અને એમને દુઃખે એ દુઃખી.

સમુદ્ર ભલે વિશાળ હોય, અમર્યાદિત હોય પણ તેમાં પડેલી એક નાની કાંકરી નાનકડાં વર્તુળો રચી નાનામાંથી મોટાં, અને મોટામાંથી વિશાળ વર્તુળો રચીને તે સમગ્ર, અમર્યાદિત સમુદ્રને આવરી લે છે; અને ત્યારે જ ઝંપે છે.

સ્વ. ગિજુભાઇએ ભાવનગરમાં દક્ષિણામૂર્તિમાં બેસીને સમગ્ર બાળકો સાથે તાદાત્મ્ય સાધ્યું. અધ્યાપનમંદિર દ્વારા શિક્ષકોમાં નવીન ચેતન પ્રગટાવ્યું. ગુજરાતી, મરાઠી અને હિંદી 'શિક્ષણ પત્રિકા' દ્વારા માબાપો, શિક્ષણસંસ્થાઓ અને સરકારના વિચારોનાં મૂલ્યાંકનોમાં પરિવર્તન કર્યું. બાલસાહિત્ય અને શિક્ષણસાહિત્યના થોકબંધ ઢેર રચીને અકલ્પ્ય સેવાનો સ્રોત વહેવડાવ્યો.

ગિજુભાઈ

ઉપાધ્યાય

ગુજરાતને ગામેગામ, હવા પ્રવર્ત્યા લાગી અને બાલમંદિરો ખુલવા લાગ્યાં. બધાં જ બાળકો અને સમાજનાં તેઓ પ્રાણપિતા થયા, સૂરજ ઊગે અને સહજભાવે સૌ તેમને નમન કરે;–ભલે તે જડ હોય કે ચેતન હોય, તેમ ગિજુભાઈ સૌ આબાલ-વૃધ્ધના જાણીતા અને માનીતા થયા.

કામ કરવામાં ગિજુભાઈ ન જુએ રાત કે ન જુએ દિવસ. હું પૂછું "ગિજુભાઈ! પેલો 'હાલતાં" ચાલતાં' નો લેખ લખવા હું ક્યારે આવું? તરત એ જવાબ આપતા, "જ્યારે તમને વખત મળે ત્યારે." બપોરે જાઉં તો બપોરે લખાવવા બેસે; અને અધીં રાતે જાઉં તો પણ બંદા તૈયાર.

એક દિવસ મેં તેમને પૂછ્યું, "ગિજુ-ભાઇ! મા બાપો ફરિયાદ કરે છે કે બાલ-મંદિરનાં બાળકો માબાપોની સામે બોલે છે, તે બાલ મંદિરનુ શિક્ષણ કેવું ગણાય?" તેમણે તરત જ મને સમજાવ્યું કે બાળકને નવી દ્રષ્ટિ મળી છે, એટલે તેઓ પોતાના વિચાર નિર્ભયપણે પણ વિનયથી માતાપિતા અને વડીલો સમક્ષ રજૂ કરે છે; તેને રૂઢિબધ્ધ માબાપો, 'સામું બોલે છે' કહી વખોડે છે. જે શિક્ષણથી બાળકો આમ માબાપોનો સામનો કરવાની તાકાત મેળવે તેને બ્રિટિશ સલ્તનત શા લેખામાં? નવીન શિક્ષણ એ સ્વાધી-નતાનું શિક્ષણ છે, એની આ સાબિતી છે."

આજે બ્રિટિશ સલ્તનત ગઇ છે આપણે સ્વતંત્ર થયા છીએ પણ એ તો સ્વાધીનતાનું પહેલું પગલું છે. સમાજની નવરચના અને પ્રતિષ્ઠા એ તેના સ્વાધીન, સ્વાવલંબી, નાગરિકો ઉપર અવલંબે છે; અને એ કાર્યને આગળ વધારવાની જવાબદારી યુગસૃષ્ટા ગિજુભાઈના ગયા પછી ન સરકાર ઉપર કે ન સમાજ ઉપર; પણ તે છે તેના નિસ્વાર્થ, પ્રાણવાન બાલશિક્ષકો, અને તેમની સંસ્થાઓ, બાલમંદિરો અને બાલવાડીઓ ઉપર. ગિજુભાઇ આપણી વચ્ચે નથી; પણ તેમનો આત્મા માનવકલ્યાણની એ પ્રવૃત્તિને અંતરિક્ષાર્થી આશિષ અર્પી રહ્યા છે, અને એણે સર્જેલા સર્જનને આગળ ધપાવવા પ્રેરણા અને ઉત્સાહનાં અમૃત સીંચી રહ્યાં છે.

આપણે બધા બાલશિક્ષકો એ યુગસૃષ્ટાના કાર્યને આગળ ધપાવીએ એ જ એને સાચી અંજલિ છે.

ગિજુભાઇનું સ્વપ્ન : બાળકોને હસતાં રાખો

: અનેક ક્ષેત્રોમાં આદ્ય :

બાલબંધુ ગિજુભાઈ

: જમુભાઇ દાણી :

આજથી સાઠેક વરસ પહેલાં ગુજરાતના શિક્ષણ–આકાશમાં એક મહાતારક પ્રકાશ્યો અને ચોપન વરસનાં પ્રાણપ્રકાશ પાથરી એ વિલીન થયો. અનેકમાં ચેતન પ્રગટાવી જનાર ઓછાં હોય છે. સ્વર્ગસ્થ ગિજુભાઇ એવી એક મહા વ્યક્તિ હતા.

એને જન્મકાળે ઓછા જ હસ્યા હશે પણ એને અવસાનકાળે શું બાળકો કે શું મોટાં શું શિક્ષિત કે શું અશિક્ષિત; શું રાય કે શું રંક અનેકે આંસુ સાર્યાં. એનો ભાવ, એનામાં સૌને સમાવતો; એની લાગણીથી એ સૌમાં સમાઇ જતાં. એ એક વિરલ પુરુષ હતા.

એ જન્મ્યા; એ મોટા થયા; એ ભણ્યા; એમણે ધંધો કર્યો; વકીલાત કરી; હેડમાસ્તરપદું ભોગવ્યું. પણ જીવનનો આંતર આનંદ એમને ક્યાં ય ન લાધ્યો. હંમેશા એ કોઇ સંજીવનીની શોધમાં જ રહ્યા; અને એમને તપે એને એ સંજીવની પણ લાધી. એમના બાલપુત્રનો વિકાસ વિચારતાં એમને નવું સત્ય દેખાયું. ડો. મોન્ટેસોરીના સિધ્ધાન્તો એમણે જાણ્યા અને એમના જીવને ત્યારથી નવો પલટો લીધો.

એમનું જીવન અનેક ક્ષેત્રોમાં પ્રકાશ પાથરી ગયું છે. એ બધાનું પૂરું આલેખન તો આજ અશક્ય જ છે. એમનું જીવેલું નોંધમાં ય ઉતારવું સહેલ નથી કોઇ કાજે; એટલે એની થોડીક રૂપરેખાના રંગોથી જ આપણે સંતોષ માનવો રહ્યો.

શિક્ષણના અણખેડાયા ક્ષેત્રમાં એમણે એકલા હાથે મહાન ક્રાન્તિ પ્રગટાવી. સમાજમાં બાળક માટે સેવાતું દુર્લક્ષ જોઇ એ કંપી ઊઠતાં. આ દશા! આવાં બાળકોને એમણે 'બાલમંદિર'માં આમન્ત્યા. એમનો આવો પ્રયોગ ૧૯૨૩ માં થયો. બાળકોને સુંદર સાધનો અને સગવડ આપી, એમને મીઠું માર્ગદર્શન કરાવી, એનામાંની સુપ્ત શક્તિઓને એમણે પ્રગટાવવા માંડી. બાળકો ખીલવા લાગ્યાં. ગિજુભાઈ એક આદ્ય બાલબંધુ હતા.

પણ ગામે ગામ કોઇ ગિજુભાઈ ઓછાં જ હોય છે. માટે એમણે શિક્ષકોને ભણાવવા માંડયા. અધ્યાપન મંદિર શરૂ કર્યું. સૌ સંગે, સ્વજન જેમ વર્તી, સૌને એ પોતાનાં કરી લેતાં. શિક્ષકો વગર આ ક્રાન્તિ અશક્ય છે, એમ ધારી એમણે શિક્ષકોમાં દ્રષ્ટિ પ્રેરી અને બાળશિક્ષકોના, એ ત્યારથી આદ્ય ગુરુ બન્યા.

બાળકોને મંદિર મળ્યું; સુંદર શિક્ષકો મળ્યા પણ બાળમંદિરમાંથી બાળક પાછું ઘેર જાય ત્યારે શું! ઘરનું વાતાવરણ, મા બાપો, એ કાંઇ ઓછાં જ બદલાયા હતા! એટલે ગિજુભાઇએ અને તેમના સાથી તારાબેન મોડકે 'શિક્ષણ પત્રિકા' શરૂ કરી. યોગ્ય માબાપો વગર, બાળકોને યોગ્ય વાતાવરણ ન જ મળી શકે એમ જણાતાં એમણે માબાપોને ય શીખવવાનું આદ્ય શિક્ષકનું કાર્ય આરંભ્યું.

રાતે ને દિવસે, શિયાળામાં ને ચોમાસામાં, ઘેર અને શાળામાં–ગિજુભાઇની કલમ ઝાલી રહે જ નહિ. બધું બાળકોને ધરી દેવાના એમના કોડ લખી લખીને છોકરાઓને સંભળાવે અને ખુશ કરે. છોકરાંઓ તો રાજી રાજી થઇ જાય. ગિજુભાઇને થયું કે આવો સ્વાર્થ ચાલે! એનો લાભ તો અસંખ્ય બાળકોને મળવો જોઇએ. એટલે એમણે બાલપુસ્તકોનું પ્રકાશન શરૂ કર્યું. બાળકોને, એમની દ્રષ્ટિએ, એમની ભાષામાં લખાયેલું બાલસાહિત્ય આપવામાં, એ હિન્દભરમાં આદ્ય બાલલેખક હતા.

ગામડે ગામડે બાળકોને માટે બાલમંદિરો ન ઊભાં થાય તો બાળક્રીડાંગણો તો ઊભાં કરવાની એમને ધૂન જ લાગેલી. ઉત્સાહમાં આવી જાય ત્યારે તો એક મહા બાલનગર સ્થાપવાની ય એમને તમન્ના જાગતી. ઘર ઘરનાં બાળકો આનંદે, ઉલ્લાસે અને પ્રફુલ્લે એ માટે બાલક્રીડાંગણો રચવાના એ આદ્ય હિમાયતી હતા.

એમણે પાઠપૂજા અને ધર્મધ્યાન નથી કર્યાં, પણ ધર્મને જીવી જાણ્યો છે. એ તો એક યોગી હતા. સંસારમાં રહેવા છતાં એ સંસારથી અળગા હતા. બાળશિક્ષણ એમનું કાર્યક્ષેત્ર હતું. સૂતાં ને બેસતાં, જીવતાં ને મરતાં એમને અંતરે બાળકો વિના કોઇનો વિચાર ભાગ્યે જ આવ્યો હશે અને એમનો ત્યાગ! એમનું તપ! એમનો ભેખ! અ–પ્રતિમ હતાં. એ જીવ્યા હોત, એમનું ક્ષેત્ર વિસ્તાર પામ્યું હોત તો ગિજુભાઇ અન્ય દેશોને ય શિક્ષણના વણપઢયા પાઠ ભણાવી જાત.

ગિજુભાઈનું અમર બાલસાહિત્ય

બાળવાર્તા
ભાગ એક થી પાંચ
દરેકનો ૧ રૂપીઓ

રખડુ ટોળી
ખંડ ૧–૨
દરેકના બાર આના

કિશોર કથાઓ
ભાગ ૧–૨
દરેકનો રૂપીઓ

બાળ લોકગીત સંગ્રહ
ભાગ ૧–૨

ઈસપનાં પાત્રો

ધર્માત્માઓનાં ચરિતો
૧–૮–૦

ગધેડાં
આઠ આના

બાલસાહિત્ય માળા : ૮૦ પુસ્તકો
સાત લાખ નકલો વેચાઈ ગઇ
સેટના રૂ. ૨૦ : છૂટક ચાર આના

બાલસાહિત્ય ગુચ્છ : ૨૫ પુસ્તકો
સેટના રૂ. ૭–૮–૦

બાલસાહિત્ય વાટિકા : ૩૨ પુસ્તકો
દરેકનો રૂ. ૧

ગિજુભાઈ, તારાબેન, નાનાભાઈ તથા દક્ષિણામૂર્તિનાં
અને અન્ય બાલસાહિત્યનાં પ્રકાશક

આર. આર. શેઠની કંપની

પ્રિન્સેસ સ્ટ્રીટ, કેશવબાગ, મુંબઇ ૨.

સંઘનું શિક્ષણ–સાહિત્ય

મોન્ટેસોરી શિક્ષણ પ્રચાર માળા
લે: ગિજુભાઇ અને તારાબેન
પાનાં ૧૭૧ રૂ. ૧–૮–૦ થોડી જ નકલો

બાળક! માબાપોનો અણઉકલ્યો કોયડો
તારાબેન મોડક : લીલા ભાગવત
૦–૪–૦

બીકણ સસલી–ચિત્રવાર્તા
બાળશિક્ષણવિધાતા ગિજુભાઇની લખેલી
ત્રણ રંગમાં છપાએલી.
૧–૮–૦

ગણિત કાપલીઓનો ઘરગથુ સેટ
સરવાળા, બાદબાકી, ગુણાકારના ચાર્ટસ
તથા ૨૦૦ કાપલી
૧–૦–૦

ગણિત કાપલીઓનો બાળમંદિર સેટ
સરવાળા, બાદબાકી, ગુણાકારના
પૂંઠા પર ચોંટાડેલ ચાર્ટસ અને
૯૪૦૦ કાપલીઓ
રૂ. ૩૦–૦–૦

છૂટા ચાર્ટસ રુ. ૧–૮–૦
મૂળાક્ષર–પરિચય–ઘરગથુ સેટ ૨–૦–૦
અક્ષરજ્ઞાન પોથી–છૂટક ૦–૮–૦

મૂળાક્ષર પરિચય : બાલમંદિર સેટ ૩–૦–૦
મૂળાક્ષર તકતીઓ ૨–૮–૦ ને ૧–૮–૦

વી. પી. ખરચ જુદું

લખો : શ્રી મંત્રી, નૂતન બાળશિક્ષણ સંઘ
શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઈ ૬.

બા ળ વિ ભા ગ

નવેમ્બર : ૧૯૪૯

બાલમંદિરનો પૂજારી

સોમાભાઈ ભાવસાર

ભાવનગરમાં એક પરું છે. પરાનું નામ છે તપ્તેશ્વર. એમાં બે ટેકરીઓ છે. બે ટેકરીઓ પર બે મંદિરો છે. એક પર મહાદેવનું મંદિર છે. બીજી પર બાળકોનું મંદિર છે. મહાદેવના મંદિરમાં શિવજી બિરાજે છે, બાળકોના મંદિરમાં બાળકો બિરાજે છે.

સવાર, સાંજ થાય છે ને મહાદેવના મંદિર, ઘંટના ઘંટારવથી ગાજી ઊઠે છે. ધૂપદીપ થાય છે અને શાંત વાતાવરણમાં ઘંટનો સતત ઘંટારવ થાય છે ત્યારે લોકો મસ્ત બનીને ભક્તિમાં તલ્લીન થઈ જાય છે.

બાળકોના મંદિરની વાત ન્યારી છે. અગીઆર વાગે ને ત્યાં બાળકોની પગલીઓ પડે છે. મધરસિયા ભમરાઓની જેમ, દોડાદોડી કરતાં બાળકો કિલ્લોલતાં માલૂમ પડે છે.

કોઇ હીંચકે હીંચતું હોય, કોઈ લપસણિયે લપસતું હોય, કોઇ ડબલબાર પર રમતું હોય, કોઇ આમતેમ ફરતું હોય; કોઇ છોડ પર ઊડતાં પતંગિયાં પકડવામાં ગુલતાન બની ગયાં હોય.

બાર વાગે ને તાળી પડે. સૌ બાળકો ટેકરી પરથી એક ઓરડામાં જાય.

ફૂલદાનીઓ ગોઠવાઇ હોય. અગરબત્તીઓ સળગી હોય. ધૂપ થયો હોય. એવા એક મોટા ઓરડામાં સર્વે બાળકો ભેગાં મળે ! કોઈ આડાઅવળા ન હોય પણ હારબંધ બેઠાં હોય ! કોઈ નીચાં નમીને કે નીચાં વળીને બેઠાં ન હોય પણ સૌ ટટ્ટાર બેઠાં હોય. ફરફર પવન આવતો હોય અને અગરબત્તી અને ધૂપના મઘમઘાટથી ઓરડો ફોરી ઊઠતો હોય ! એ મઘમઘાટમાં સંગીત શરૂ થાય. ગીતો ગવાવા માંડે ને બાળકો ઝીલવા માંડે. 'ફેરફુદરડી' નું ગીત આવતાં બાળકો ફેરફૂદરડી ફરવા માંડે. એક 'બિલાડી' નું ગીત આવતાં બાળકો અભિનય કરવા માંડે. 'દમડી' નું ગીત ગવાતાં બાળકો તાનમાં ચડે. આમ એક પછી એક ગીત ગવાતું જાય અને બાળકો હિલોળે ચડતાં જાય. દિલરૂબા વાગતું હોય. તબલા તાલ દેતા હોય, ઢોલ સૂર પૂરાવતું હોય, મંજીરાં રણકો દેતા હોય....કેટલી મઝા આવે !

દિલરૂબા બજાવનારો દિલરૂબામાં ગુલતાન હોય, તબલા વગાડનારો તબલામાં ગુલતાન હોય, ઢોલક વગાડનારો ઢોલકમાં ગુલતાન હોય, મંજીરાં વગાડનાર મંજીરાંમાં ગુલતાન હોય, ગીત ગાનાર ગાવામાં ગુલતાન હોય ! અને સાંભળનાર બાળકો ! મોરલી વાગતાં જેમ સાપ ડોલે તેમ સંગીત સાંભળતાં ડોલતાં હોય અને એમાં ગુલતાન બની ગયાં હોય. સૌ ગુલતાન ! બાળકો ઘેલાં ઘેલાં થઈ જાય અને નાચી ઊઠે, અને એ દ્રશ્ય જોવા જેવું થઈ જાય.

બાળકોના મંદિરની આવી વાત છે. પેલા મહાદેવના મંદિરનો પૂજારી કોણ છે, તેની ખબર નથી પણ બાલમંદિરના પૂજારીને તો તમે સૌ કોઇ ઓળખો છો એમનું નામ ગિજુભાઈ. એ ગિજુભાઇ આજે નથી પણ બાલમંદિર તો આજેય ચાલે છે. તમે ભાવનગર જાવ તો જરૂર એ બાલમંદિર જોવા જજો. સાથે સાથે મહાદેવના મંદિરે પણ દર્શન કરવા જજો.

'બાલમિત્ર ગિજુભાઇ' માંથી
ગ.એ. સોસાયટી, આણંદના સૌજન્યથી.

ગિજુભાઈની ટૂંકી વાર્તા

૧.

એક હતો ભાઇ ને એક હતી બહેન.
ભાઈ ગાય ચરાવે, બહેન છાણ વીણે.
ભાઇ ફૂલ લાવે, બહેન હાર ગૂંથે.
ભાઇ સાફો બાંધે, બહેન સાડી પહેરે.
ભાઇ ગાય બાંધે, બહેન વાછડી બાંધે.
ભાઇ દુહા ગાય, બહેન ગીતો ગાય.
એક હતો ભાઇ ને એક હતી બહેન.

૨.

શ્રી કૃષ્ણ ક્ષત્રિય ને સુદામા બ્રાહ્મણ.
શ્રી કૃષ્ણ રાજા ને સુદામા ગરીબ.
કૃષ્ણ રહે દ્વારકામાં, સુદામા સુદામાપુરીમાં
કૃષ્ણ પહેરે પીતાંબર, સુદામા મારે લંગોટી,
કૃષ્ણને રત્નભંડાર, સુદામાને ભૂખ્યું પેટ.
કૃષ્ણ રાજ કરે, સુદામા ભણાવે.
કૃષ્ણને રાજમહેલ, સુદામાને ઝૂંપડી.
કૃષ્ણ અલમસ્ત, સુદામા સુકલકડી.
કૃષ્ણ ને સુદામા મિત્ર;
સુદામા ને કૃષ્ણ મિત્ર.

૩.

રામ દશરથના પુત્ર, કૃષ્ણ વસુદેવના પુત્ર.
રામની માતા કૌશલ્યા, કૃષ્ણની માતા દેવકી.
રામના ભાઇ લક્ષ્મણ, કૃષ્ણના ભાઇ બળરામ.
રામને ઘેર સીતાજી, કૃષ્ણને ઘેર રાધાજી.
રામને પૂજે શબરી, કૃષ્ણને પૂજે કુબ્જા.
રામની રામાયણ, કૃષ્ણનું ભાગવત.
રામે રાવણને માર્યો, કૃષ્ણે કંસને માર્યો.
રામ અયોધ્યાજીના, કૃષ્ણ મથુરાજીના.
રામની રામનવમી, કૃષ્ણની કૃષ્ણાષ્ટમી.
રામ રામ સીતારામ, કૃષ્ણ કૃષ્ણ રાધેકૃષ્ણ.

શિક્ષણનું સર્વ સાહિત્ય

નૂતન કેળવણીના સિદ્ધાંતોને અનુસરતી શાળાઓને ઉપયોગી એવું શિક્ષણસાહિત્ય, બાલમંદિર અને નર્સરી સ્કૂલનું પ્રબોધક સાહિત્ય, જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિઓ માટેનાં સાધનો નકશા અને ચિત્રપટના લીસ્ટ માટે લખો અથવા આ બધું નજર સમક્ષ જોવા અવશ્ય મુલાકાત લ્યો.

જેચંદ તલકશી એન્ડ સન્સ,

૧૪૬, હોર્નબી રોડ, મુંબઈ ૧.

ટે. નં. ૨૦૪૪૩ ટેલીગ્રામ: Deshikothi

ક્યાંથી ખરીદી કરશો?

મુંબઇના

સૌથી અપ-ટુ-ધ-મિનિટ સ્ટોરમાં

પધારો

સુતરાઉ, ગરમ- તથા રેશમી કાપડ, ફરનીશીંગ તથા હાઉસહોલ્ડ લિનન બનારસી સિલ્ક સાડીઓ, જુદા જુદા દિલજીત રંગોમાં — બ્લાઉઝ પીસીઝ, લેધર ગુડ્ઝ

ભેટ આપવા લાયક નોવેલ્ટીઝ

ઉંચી ક્વોલિટીનો માલ

વાજબી ભાવથી મળશે.

બોમ્બે સ્વદેશી કોઓપરેટીવ

સ્ટોર્સ, લિમિટેડ.

સર ફિરોઝશાહ મહેતા રોડ, ફોર્ટ, મુંબઈ.

: શાખાઓ :

મહાત્મા ગાંધી રોડ, પૂના

જેમ્સ સ્ટ્રીટ, સિકન્દરાબાદ

જરૂરી માહિતી

પત્રવ્યવહાર વખતે સભ્ય નંબર લખો તો અમારું કાર્ય ઘણું સરળ થાય.

પત્રિકાના લેખો માટેનો પત્રવ્યવહાર શ્રી. જમુભાઇ દાણી બ્લેવેટસ્કી લોજ, મુંબઇ ૭ ને સરનામે કરવો.

લવાજમ, ગ્રાહક, સભ્ય વગેરે માટેનો પત્રવ્યવહાર શ્રી. બાબીબેન મુલજી, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ ૬ ને સરનામે કરો.

નિરીક્ષણ કાર્યને માટે બાલવાડી, બોરડી-ગોલવડ થઇને; બી. બી. સી. આઇ. રેલ્વે-એ સરનામે લખો-

---

બાલમંદિરો માટે સાધનો

બાલમંદિરો માટે સાધનો ખરીદતાં પહેલાં અમારું સુચિપત્ર મંગાવો.

દરેક સાધન શાસ્ત્રીય પદ્ધતિથી નિષ્ણાતોની નજર તળે બનાવવામાં આવે છે.-

સૂચિપત્રમાં જણાવેલા ભાવ ઉપર ખાસ બાલમંદિરોને ૬⅓ ટકા કમિશન આપવામાં આવે છે.

લખો-મંગાવો.

નૂતન શિક્ષણ-સાધનાલય એન્ડ આર્ટ વર્કસ લી૦

સુરેન્દ્રનગર-સૌરાષ્ટ્ર

આગ-અકસ્માત-જિંદગી

મોટર દરિયાઈ વર્કમેન્સ કોમ્પેન્સેશન

સર્વ પ્રકારનું વીમાકામ

સરળ શરતોથી થાય છે.

લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને સંતોષકારક મહેનતાણું :

એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય મંગાવો.

ધી ઇન્ડીઅન ગ્લોબ ઇન્સ્યુરન્સ કું. લી.

—: હેડ ઓફિસ :—

૩૧૫-૩૨૧ પ્રોસ્પેક્ટ ચેમ્બર્સ, હોર્નબી રોડ મુંબઇ.

REGD. NO. 2241.

મણિપુરી નૃત્યકળાનો
અપૂર્વ ગ્રંથ

મણિપુરી નર્તન

લેખક : ગોવર્ધન પંચાલ

મણિપુરી નર્તનકલાનું રસિક આલેખન

પ્રાચીન મણિપુર	આધુનિક મણિપુર
દંતકથા	નિર્ણાયક બળો
લાક્ષણિકતા	ભિન્ન પ્રકારો
મુદ્રા, રાસ, તાલ	મૂળભૂત અંગો
રંગભૂમિ	વેશભૂષા
બૅલેનાં તત્ત્વો	શિક્ષાપદ્ધતિ
લોકનૃત્યો	ગીતભાષા
શાસ્ત્ર અને	લોકકળા

લોકપ્રિય બનેલાં મણિપુરી નૃત્યોનો સુરેખ પરિચય

(પ્રસ્તાવના)

"મણિપુરી નૃત્ય ભારતની કલાનું એક સુંદર અંગ છે, અને ગુજરાતીઓમાં એ એક ગૃહકલા તરીકે ઘણું પ્રચલિત થયું છે. નૃત્યનો ઇતિહાસ અને વર્ણન ભાઈ ગોવર્ધન પંચાલે સારું આપ્યું છે. આ પુસ્તક નૃત્યકલાના રસિકોને ઘણું ઉપયોગી થઇ પડશે."

કનૈયાલાલ મા. મુનશી.

—:o:—

: પ્રકાશક :

નાલંદા પબ્લીકેશન્સ

OUR OTHER PUBLICATIONS.

DANCE IN INDIA
RAGAS AND RAGINIS
FOREVER INDIA
HIMALAYAS
PROFILES
AMONG THE GREAT
CONTEMPORARY INDIAN PAINTERS

NALANDA Publications

DHANUR, SIR PHIROZSHAH MEHTA ROAD, BOMBAY 1.

પ્રકાશક. શ્રી આબીબેન મૂલજી, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર મુંબઈ ૬
[illegible]

ભારતીય બાળશિક્ષણ સંસ્થાનું
શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૪ :] ડિસેમ્બર, ૧૯૪૯ [અંક ૧૨

ગિજુભાઇ

"ગિજુભાઇ શિક્ષણને માટે જ જન્મ્યા હતા. હું કહેતો કે હવે તમે બાળશિક્ષણના પ્રણેતા થયા છો, ઋષિ બન્યા છો, એ વિચારો તમારા થયા છે. તમે સ્વયંભૂ થઈ હવે વિચારો મૂકો છો માટે તમારે નામે, અનુભવને નામે વાત કરો. હું એમને કહેતો કે ગિજુભાઈ! તમે પોતે જાણો છો એના કરતાં તમે વધુ મહાન છો. એમને જોતાં મને લાગેલું કે એ ફિરસ્તો છે. એમનો પ્રયોગ મૌલિક હતો. એમનું લખેલું સાહિત્ય અનેરું છે."

કાકા કાલેલકર

☆

વાર્ષિક લવાજમ
આર રૂપિયા

છુટક નકલ
છ આના

: આદ્યતંત્રી :
સ્વ. ગિજુભાઇ બધેકા

: સંપાદક :
તારાબેન મોડક

: સહસંપાદક :
જમુભાઇ દવે

અનુક્રમણિકા

૧. જન્મભૂમિમાં પાછા ... ... તારાબેન
૨. ગિજુભાઇને સ્નેહાંજલિ ... કાકાસાહેબ
૩. એક માતાની નોંધ ... ... લી. મ.
૪. આમંત્રણ ... ... રા. ક. ગોર
૫. બાલમંદિરમાં વ્યાકરણ ... ... નામલે
૬. બાળકોનું કામ (૧) ... ... તારાબેન
૭. ગિજુભાઈના ગયા પછી ... ચંદુલાલ ભટ્ટ
૮. બાળકોનાં આનંદ બજાર ... કિશોર મહેતા
૯. તમારું બાલમંદિર ... ... પ્રેક્ષક

બાળ વિભાગ

૧. હોડી ... ... બાલમુકુંદ ભટ્ટ
૨. બાલમંદિરિયે જાવું છે. ... ઇન્દુલાલ દવે
૩. નવાં કપડાં નહિ ... ... બાબાભાઈ
૪. ગંદકી ન કરો ... ... જશભાઈ પટેલ

તંત્રીની નોંધ

શ્રી. તારાબેનનો સત્કાર

મુંબઈના સ્થાનિક નૂતન શિક્ષક સંઘ તરફથી તા. ૧૧ના રોજ દાદરના શિશુવિહારના નવા મકાનમાં સંમેલન યોજાયું હતું. શ્રી. તારાબેને એમના થયેલા સત્કાર બાદ "યુરોપની પૂર્વ પ્રાથમિક કેળવણીની ચાલુ સ્થિતિ" એ વિષે વ્યાખ્યાન આપ્યું હતું. શિક્ષકોએ અને સંઘસભ્યોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી.

નૂતન બાલશિક્ષણ સંઘ અને સ્થાનિક અન્ય શિક્ષણ સંસ્થાઓના સંયુકત ઉપક્રમથી શ્રી. તારાબેનના સત્કાર અર્થે એક મોટો સમારંભ શ્રી, ઈન્દુમતીબેન ચી. શેઠને પ્રમુખપદે કરવાની યોજના ચાલી રહેલી સંભળાય છે.

ગિજુભાઈ જયંતિ

નવેમ્બરમાં ગિજુભાઇ જયંતિ ઉજવી હતી. તેમના અહેવાલો અમને મળ્યા છે. તેમાથી ટૂંકી નોંધ અન્યત્ર રજૂ કરીએ છીએ. સૌનો આભાર.

લવાજમ

જાન્યુઆરીથી શરૂ થતા નવા વરસનું લવાજમ સૌ ભાઇ બહેનો વિના વિલંબે મોકલી આપે એવી વિનતિ છે. **પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર લખવો અત્યંત આવશ્યક છે.**

સંઘ–ચૂંટણી

અનિવાર્ય સંજોગોને કારણે ચૂંટણીનો સમય લંબાવવો પડયો છે. પરિણામ ફેબ્રુઆરી અંકમાં પ્રગટ થશે. સૌ સભ્યો ચૂંટણીપત્રક વેળાસર ભરી મોકલે એવી વિનતિ છે.

સંઘની સૂચનાને સત્કારી અનેક સંસ્થાઓએ જ. દા.

શિક્ષિકા જોઇએ છે

હૈદ્રાબાદ (દક્ષિણ) ના એક બાલમંદિર માટે ગુજરાતી શિક્ષિકા જોઇએ છે. પગાર રૂ. ૧૦૦) સુધીનો અને રહેવા માટે મકાન મફત મળશે.

: લખો :

શ્રી. સુરેન્દ્રભાઇ,
શિશુવિહાર વિદ્યાલય
અબ્દુલ્લા નસાલા, ઘર નં. ૨૦૦, ઉસ્માનગંજ
હૈદ્રાબાદ–(દક્ષિણ)

નૂતન બાલશિક્ષણ સંઘ

વ્યવસ્થાપક મંડળની ચૂંટણીનું મતપત્રક

ધ્યાનમાં રાખો :—

૧. મતપત્રક ભરતાં પહેલા પાછળની સૂચનાઓ વાંચો.

૨. વ્ય. મંડળની પાંચ જગાઓ માટે આ ચૂંટણી છે.

આજીવન સભ્ય	૧	સહાયક સભ્ય	૧
સામાન્ય ,,	૧	સક્રિય ,,	૨

૩. કુલ ૧૩ ઉમેદવારોએ ઉમેદવાર–પત્રક મોકલ્યાં હતાં. એમાંના ત્રણ જણે ઉમેદવાર–પત્રક મોડાં મોકલ્યા હતા, એક સંઘસભ્ય નથી તેથી, અને બીજા આ વર્ષે જ સભ્ય થયા છે તેથી તે 'પાંચ' નામ રદ થયાં છે.

૪. સામાન્ય સભ્યોમાથી એક બેઠક માટે શ્રી. પ્રભુભાઇ ઉપાધ્યાય–એક જ–ઊભા છે તેથી તે બીનવિરોધે ચૂંટાઈ ગયા છે.

૫. **જે વર્ગને માટે જેટલી બેઠક** છે તે મુજબ દરેકે મત આપવાના છે. સામે ચોકડી કરવાની છે.

કયા વર્ગ તરફથી ?	સામાન્ય ક્રમાંક	ઉમેદવારનાં નામ	સ્થળ	કેટલા ચૂંટવાના ?	મતદર્શક ચોકડી
આજીવન સભ્ય	૧	શ્રી તારાબેન માણેકલાલ પ્રેમચંદ	મુંબઈ	એક	
	૨	,, બકુલાબાઇ અભ્યંકર	પ્રના		
સહાયક સભ્ય	૧	શ્રી જમુભાઈ દાણી	મુંબઈ	એક	
	૨	,, કાન્તિલાલ કારીઆ	,,		
સક્રિય સભ્ય	૧	શ્રી બાનીબેન મૂલજી	મુંબઈ	બે	
	૨	,, કમળાશંકર પંડિત	વડોદરા		
	૩	,, મૂળદેવ પંડયા	વસો		

તા. — —૧૯૫૦

પૂરું સિરનામું :—

મતદાતાની સહી

ગ્રાહક નંબર

થોડું ઘણું પણ બચશે તો બીજાને પણ આવી યાત્રાની તક મળશે તે મારી દૃષ્ટિ રહી છે.

મારા પ્રવાસનિધિમાંથી કેટલો અને કેવી રીતનો ખર્ચ થયો છે તે તથા હવે સિલક શું બાકી છે તેનો સામાન્ય અહેવાલ આવતા અંકમાં આપવા ધારું છું.

હું જાણું છું કે મને મદદ કરનાર મારી પાસેથી હિસાબની અપેક્ષા રાખતા નથી. છતા કોઈ પણ સાર્વજનિક નિધિ–એકાદ વ્યકિત માટે હોય તો પણ–તેનાં આવક તથા ખર્ચનો અહેવાલ પ્રસિદ્ધ પણ થવો જોઈએ એવો મારો મત છે; માટે આ જમા–ખર્ચ પ્રસિદ્ધ કરવામાં આવશે.

સૌની પ્રેમાળ ભાવના માટે હું ફરીથી સૌનો આભાર માનું છું.

ગિજુભાઇને સ્નેહાંજલિ

વકતા : શ્રી કાકાસાહેબ કાલેલકર

(તા. ૧૫-૧૧-૪૯ ના રોજ મુંબઈના સ્થાનિક નૂ. બા. શિક્ષણ સંઘ અને શિક્ષકસંઘના સંયુક્ત ઉપક્રમે ગિજુભાઈ જયંતિ ઉજવાઈ તે વેળા શ્રી કાકાસાહેબે નીચેનું પ્રવચન આપ્યું હતું. સં.)

એ કારણોથી મેં આજનું આમંત્રણ સ્વીકાર્યું છે. એક તો એ કે ગિજુભાઈ સંગેનો મારો સ્નેહ સંબંધ; અને બીજું, સંસ્કૃતિનું કાર્ય એટલે સંસ્કારિતા જગવવાનું કાર્ય. આ કામ બાળકો દ્વારા થઈ શકે એમ મેં માન્યું છે.

ગિજુભાઈ શિક્ષણને માટે જ જન્મ્યા હતા. પણ વચ્ચે જરા આફ્રિકા જઈ આવ્યા, કામ કર્યું અને વકીલાત કરતા એમને લાગ્યું કે એ કામ મારું નથી. એટલે પસ્તાઈને ત્યાંથી પાછા આવ્યા. પછી બાળકેળવણીનો સંકલ્પ કર્યો, અને દક્ષિણામૂર્તિમાં જોડાયા. એ દિવસોમાં દ. મ. ના સંચાલકોએ ગાંધીજીને પત્ર લખેલો કે અમારા કાર્યની દિશા બરાબર છે કે કેમ અને અમારે કેમ આગળ વધવું જોઈએ, એ બતાવવા કોઈને કમિશન ઉપર મોકલો. ગાંધીજીએ આશ્રમમાંથી મને ત્યાં મોકલ્યો. આશ્ચર્ય એ કે મને ત્યારે ગુજરાતી બોલતાં આવડતું ન હતું છતાં ગાંધીજી અને મહાદેવભાઈએ આગ્રહ કર્યો ને હું ગયો.

કમિશનના કામ દરમિયાન હું અને ગિજુભાઈ ખૂબ નિકટ આવ્યા; કેળવણીમાં તો સગા ભાઈ કરતાં ય વધુ નિકટ. બીજી વાત એ હતી કે બુદ્ધ ધર્મ વિષે અમને બેઉને સારો આદર. પછી તો ગિજુભાઈને કાંઈ વિચાર સૂઝે તો મને લખે ને અભિપ્રાય માગે. પછી બાળમંદિરનું ઉદ્‌ઘાટન થયું ત્યારે પણ મારે જવાનું થયું. શ્રી. હીરાલાલ શાહે ટેકરી ઉપર મકાન બાંધી આપ્યું ત્યારે ય હું ગયો. આમ સંબંધ વધ્યો.

મારું બીજું કામ એ કે એ પુસ્તકો લખે અને હું ડાહ્યો થઈ એની પ્રસ્તાવના લખું. આ મારો ધંધો થઈ પડેલો.

ગયે વખતે મુંબઈમાં ગિજુભાઈ વિષે બોલતા મેં શ્રોતાઓને એમ કહેલું કે **ગિ૦** ની સાથે મારે મતભેદ થયો હતો. એક જણે પાછળથી મને લખ્યું કે મેં આ વાત ન કરી હોત તો સારું થાત. બરી રીતે તો એ મતભેદમાં ય મેં તો એમનો આદર જ કરેલો. મેં ત્યારે કહેલું કે **ગિ૦** કામ કરતા ત્યારે હંમેશાં ડો૦ મોન્ટેસોરીનું નામ આગળ ધરતા. હું એમને કહેતો કે તમે **મોન્ટે.** ની ચોપડી વાંચી કામ કરતા ત્યારે એ બોલતા તે ઠીક હતું પણ હવે તમે પોતે પ્રણેતા થયા છો, ઋષિ બન્યા છો, એ વિચારો તમારા થયા છે; તમે સ્વયંભૂ થઈ હવે વિચારો મૂકો છો માટે તમારે નામે, અનુભવને નામે વાત કરો. પણ એમનામાં વધુ પડતી નમ્રતા, સંકોચ હતા. એ તોડવા મેં ઝઘડો કરેલો. હું કહેતો કે **ગિ૦** ! તમે જાણો છો એના કરતાં તમે વધુ મહાન છો. હું એમને દાખલો આપતો કે તમે "ઈટલીમાં એક બાઈ છે, તે બ્રહ્મચારિણી છે"–એમ બોલો તો લોકો સાંભળશે ?

ગિજુભાઈ કોઈવાર થાકીને કહેતા કે મારામાં

હિંમત નથી; ત્યારે હું એમને કહેતો કે "મૂછને શોભે એવી રીતે કહેતા હો તો !"

ગિજુભાઈને જોતાં મને લાગેલું કે એ ફિરસ્તો છે. એમનો પ્રયોગ મૌલિક છે; એમનામાં ધગશ છે અને તે દેશને આપી શકે તેમ છે. તેઓ કામ લે એટલે એને માટે રાતદિન વિચાર કર્યા કરે. એમણે જે સાહિત્ય આપ્યું છે તે અજોડ છે. એ અંદરની પ્રેરણાથી અને વિશ્વાસને અનુભવથી લખતા. આથી એમના સાહિત્ય માટે એ જ્યારે જ્યારે વીગતો માગતા ત્યારે હું મોકલતો. "વાર્તાનું શાસ્ત્ર"ને માટે હું જાણતો તે બધું મેં લખી મોકલેલું. કયે વરસે રસ કેમ બદલાય છે તે પણ પત્રોમાં અમે ચર્ચતા.

હું પૂછું છું કે મિત્રો માત્ર એકબીજાનાં વખાણ જ કરે ! કોઈ વાર ચિડાઈને વઢીએ પણ ખરા...અને છતાં એની પાછળ પ્રેમ હતો. એટલે એવા પ્રેમના મતભેદમાં શરમાવાનું શું ! હું માનું છું કે ગિજુભાઈનું કામ આગળ ન વધ્યું કારણ એમણે પોતાને નામે ન કહ્યું. તમે સૌ તમારા કામમા આ વાત યાદ રાખો એમ ઇચ્છું છું.

ગિજુભાઇએ જે સંદેશ આપ્યો છે તે ઋષિનો સંદેશ છે. હું આમ શા માટે કહું છું ! જૂના કાળમાં ઋષિએ કહ્યું છે 'માતૃદેવો ભવ' 'પિતૃદેવો ભવ' વગેરે...હું દક્ષિણામૂર્તિમાં ગયો ત્યારે નવો મંત્ર મેં કહ્યો—'છાત્રદેવો ભવ.' છાત્રો કાંઈ ગરીબડાં નથી પણ પ્રભુ ત્યા છાત્રરૂપે સેવા લેવાની કૃપા કરી રહ્યો છે—સેવા સ્વીકારે છે. બાળક પ્રત્યે હું આદર રાખું, એના મુખનો આનંદ જોઈ આનંદ માનું, એ મારું કાર્ય. બાળકના આત્માનો વિકાસ અને મુખ ઉપર આનંદ એ મારું મહેનતાણું. માટે મેં 'છાત્રદેવો ભવ' કહેલું.

ગિજુભાઇએ માબાપોને કહ્યું કે તમારાં બાળકોને "બાલદેવો ભવ" કહી આદર આપો. 'મૂઆ' 'પીટયા' ન કહો. બાળક તમારે ત્યાં આવે તો તેને ભગવાન આવ્યા માની કાયા નીચોવો—એ સંદેશ સમર્થ રીતે એમણે આપ્યો.

આમાં ઈશ્વરી યોજના એવી થઈ કે એમને તારાબેન મળ્યા, અને બેઉએ સુંદર કામ કર્યું. મને લાગે છે કે પ્રભુએ મહારાષ્ટ્ર અને ગુજરાતનો સંયોગ ઇચ્છયો છે. આથી તો હું મહારાષ્ટ્ર છોડી સાબરમતી આવ્યો. પ્રભુની આ યોજના જ લાગે છે. આપણે સૌ આમ એક થવા સરજાયા છીએ. ડાંગની વાત કરે એ તો મૂર્ખાઈ છે. મહારાષ્ટ્રમાં જૂનો મહાનુભાવ સંપ્રદાય છે તેના પ્રણેતા ગુજરાતમાંથી મહારાષ્ટ્રમા ગયેલા.

જૂનામા જૂના મરાઠી ગ્રંથોનો લખનાર ચક્રધર ગુજરાતના હતા. આમ આપણો સંબંધ તો જૂનો છે. ગુજરાતીઓ વિઠ્ઠલની પૂજા કયાં નથી કરતા ? અને આપણા પહાડો, સમુદ્ર—બધું બેઉ માટે એકજ છેને! ગિજુભાઈ અને તારાબેનના સંયોગમાં પ્રભુનો હેતુ છે. આજે ગુજરાત અને મહારાષ્ટ્ર એ બેઉની પાસેથી બાળકેળવણીની પ્રેરણા લે છે.

આપણું કામ આપણાં બાળકોને સમજવાનુ છે. જો આપણે એમને નહિ સમજી શકીએ તો આદિવાસી વગેરેને કઈ રીતે સમજી શકવાના છીએ!

જ્યારે સ્વાતંત્ર્ય યુદ્ધ આવ્યું અને ગાંધીજીની હાકલ વાગી, ત્યારે ગિજુભાઈએ કહેલું કે બાળકને સ્વતંત્ર કરવું એ મારું યુદ્ધકાર્ય. આમ છતા એ છેવટે સુરત પહોંચ્યા; ગામડામા ગયા અને લોકોને અસહકાર સમજાવ્યો. ત્યા જઈને કવિતા, વાર્તા ભેગા કર્યા. એ કામ કરતાં બાળકપરાયણ આ શિક્ષણ-શાસ્ત્રીનું લોહી ઉકળી આવ્યું. એમને લાગ્યું કે ગરીબોના, ગામડાંનાં બાળકો માટેનું કામ એ પણ મારો ધર્મ છે.

પછી તો અમે બારડોલીમા મળ્યા ત્યારે એમણે ગામડાની ઢબે તૈયાર થયેલ બાળમંદિરની વાત કરી. મેં ત્યારે એમને કહ્યું કે હવે હું ખરો ખુશ છું; અને તમારા આ કામની વાત ગાંધીજીને લખીશ. મને ત્યારે લાગ્યું કે હવે ગિજુભાઈ ખરા સેવક થયા. ગિજુભાઈ ગામડાના ઉદ્ધારક બન્યા છે એ મારી વાત જાણી બાપુને પણ ખૂબ જ આનંદ થયો.

ભાઈ નામલે મજૂર ચળવળનાં, શેરીના બાળકોને માટેની બાલવાડીની વાત કરતા હતા તેથી મને આનંદ થયો છે. જ્યાથી સંપતિ ઉત્પન્ન થાય છે એવા લોકોનો તમે વિચાર કરો છો એટલે ગિજુભાઈનું

કામ અર્ધે પહોંચી જ ગયું છે એમ જાણજો.

આજે આપણે ત્યાં ધર્મ, સમાજ, ભાષા, ધંધાને નામે નાતો થઈ રહી છે. ધનને કારણે ય. આ બધી નાતો તોડયા વગર ચાલે નહિ. હવે કાંઈ ઉપદેશની જરૂર નથી રહી. હવે તો પ્રભુ જ સજા આપે છે કે તમે જો આમ નહિ કરો તો પ્લેગની જેમ કૉમ્યુનિઝમ ફાટી નીકળશે. અંદરના નિયમ ન પાળે તો બરજવું થાય; એ કાંઈ બહારથી નથી આવતું. આમ જ જો ધનવાનો ગરીબોને વહેંચણી નહિ કરે તો અંદરથી જ એ રોગ ફાટી ઊઠશે. ધનને કારણે અને ધન નથી માટે પછી જીવન સડી જશે ને પછી કૉમ્યુનિઝમ આવે તેમાં નવાઈ શી! માટે સમાજને ખાતર ગરીબોનો વિચાર કરો; એમનું માથું ઊંચું કરવામાં મદદ કરો.

અંગ્રેજો હતા ત્યારે એક રીતે ઠીક હતું. એ લોકો કહેતા કે જાઓ, તમે ગરીબોને નિચોવો અને અમે તમને નિચોવશું. એ આપણા ભક્ષક હતા અને આપણે ગરીબોના ભક્ષક હતા. હવે એ ગયા છે. એમણે દેવાળું કાઢયું છે અને એવા ગયા છે કે પાછા આવવાના નથી.

જો ગરીબોને સહાય નહિ કરીએ તો કોનું રક્ષણ થવાનું છે! રાજાઓ ડાહ્યા કે તાજ નીચે મૂકી દીધાં. આપણે તો ગરીબોને બચરાવી બાવું જોઈએ. ભલે તમે પૂરી બાઓ, પણ એને રોટલો તો આપો જ.

આપણાં બાળમંદિરોમાં પણ આ ગરીબોનું પ્રમાણ જોઈએ જ. આ કાંઈ કાગવાસ નાખવાની વાત હું નથી કરતો. આપણે તો એમને બચરાવી, કેળવી પછી આપણું કામ હાથ ધરવાનું છે. હવેનાં બાળ-મંદિરોએ આમ આખા દેશનો વિચાર કરવાનો છે.

જે બહેનો ઘરસંસાર ચલાવે છે, તેનામાં દયા હોય છે. કૉમ્યુનિઝમ દૂર કરવું હોય તો તે બહેનો કરી શકશે. એઓ દુઃખસુખ બેઉ જાણે છે. દુનિયાનાં બાળકો તમારાં છે; એને આદર આપો, એને કેળવણી આપો. ગામડામાં બાળકો ચોરી કરતાં, ગાળો દેતાં થયાં છે; એને તમે સુધારી શકશો. આજે જ્યા ત્યાં ઘણી બદીઓ સમાજમાં છે; એને બહેનો દૂર કરી શકશે. લોકલબોર્ડમાં જાઓ; મોટી સંખ્યામાં જાઓ, ત્યાં એકાદ ભાયડો હોય તો બસ; બાકી તો સ્ત્રીઓ જ ત્યા જોઈએ. જો આમ થશે તો જ ઉપાય થવાનો છે.

બીજું, બાયાની કેળવણી. બાળકેળવણીમાં પણ એ વસ્તુ આવવી જોઈએ. ગાંધીજીએ આ મોટો ફેરફાર બતાવ્યો છે. અક્ષરજ્ઞાન પછી, પહેલા આંગળા કેળવો. જ્ઞાન તો જીભથી નથી આવતું; એ તો ઉત્પન્ન કરવાનું છે.

આ માટે "વડભાંગ" "ભાગફોડ" એ અત્યંત સુંદર નિયમ છે. દરજી આખા કાપડાને ફાડી, કકડા કરી જોડી દે છે. બાળકો માટે પણ "ભાંગો અને વડો" એ જ સાચી ઇંદ્રિયકેળવણી છે. બાળકોને આ "વડ–ભાંગ" કરતાં શીખવો.

પ્રાણીને નખ, ઉપરાત દાંત, જીભ, આગળા વગેરે ઓજાર ભગવાને આપ્યા છે. આપણે તો ચપ્પુ, કાતર વગેરે હાથથી વાપરતા બાળકોને શીખવવું જોઈએ. માટે અક્ષરજ્ઞાનથી પ્રારંભ ન કરો. બાળકો વસ્તુ જુએ, ફેરવે, તોડે, પ્રયોગ કરે, શીખે એ જ ઉત્તમ જ્ઞાન છે. જેમ બાળલગ્ન ખોટા છે. તેમ બાળઅક્ષરજ્ઞાન પણ ખોટું છે. એથી તો બાળકને બોજો વધે છે ને બિચારું ચિમળાઇ જાય છે. બાળક કાગળ લખાવે, વંચાવે, સાહિત્ય મોઢે કરે, વાર્તાઓ કહે–ત્યાં સુધી અક્ષરજ્ઞાનની જરૂર નથી.

ઘણા માબાપો બાળશિક્ષકને પજવે છે. પણ તેમને મારો જવાબ છે કે તમારા બાળકને કક્કો નથી આવડતો ને! તો એને ભાગ્ય સમજો.

કેળવણીના આખા ક્ષેત્રમા આમ ક્રાતિની જરૂર છે. તમે સૌ ગરીબથી માડીને તમારી સુધીના બાળકોનો વિચાર કરો. બહેનોમાં જો દયા, આદર રહેશે તો દેશની સંસ્કૃતિ ખીલશે ને દેશની સાચી સેવા થશે આ માટેની વૃત્તિ અને શક્તિ તમને મળો અને પ્રભુના આશીર્વાદ તમારા કામ ઉપર ઊતરો.

(શ્રી. જમુભાઈ દાણીએ લીધેલી નોંધ ઉપરથી)

એક આતાની નોંધ

લી. મં.

સ્થળ : અ. તા. ૨–૭–૪૦, ઉમ્મર : ૧ વર્ષ ૧૧ માસ

લગભગ પખવાડિયા પહેલાં +ને એક દિવસ ૧૦૦ તાવ આવ્યો હતો. પાછો ગઈકાલ રાત્રે પણ તાવ આવ્યો હતો. મેલેરિયા હોઈ શકે અને વળી તેના કાકડા પણ લાલ અને સૂઝેલા જણાય છે. સિવાય તબિયત સારી રહે છે. તે ખૂબ પ્રસન્ન અને મસ્ત રહે છે.

આ મહિનાથી +ના વિકાસ માટે સુવ્યવસ્થિત યોજના કરવાનો અમારો યત્ન હતો. અમે કેટલીક નવી પ્રવૃત્તિઓ દાખલ કરી છે.

સવારે સાત-અને આઠની વચ્ચે ઊઠે છે. પછી નાહી, નાસ્તો કરી બાગમાં ફરવા જાય છે. ત્યાંથી તે રોજ ને-રોજ મારે માટે પાંદડાં, ફૂલો, ફળ, બી, પીછાં વગેરે ભેગાં કરી લાવે છે, અને મને આપે છે. પછી હ. ભાઇ અને હું તેની સાથે રમીએ છીએ.

આ મહિનામાં ગ્રામોફોન રેકોર્ડ સાંભળવામાં એને સૌથી વધારે રસ પડયો છે. ગઈ વખતે મુંબઈથી હું તેને માટે ખાસ રેકોર્ડ લાવી હતી. તેમાં બાલગીતો, વાદ્ન, ભજન તથા યુરોપિયન સંગીતનો સમાવેશ થાય છે. રોજ દિવસના બે ત્રણવાર, લાંબો વખત તે સાંભળે છે. સાંભળતી વખતે કોઈવાર બેસીને અથવા ફરીને મંજીરા, બંજરી, તાળીથી તાલ આપીએ છીએ. કોઈવાર બંજરી લઈને અથવા એના વિના કૂચ કરીએ છીએ. અથવા ફલ્લાંગો મારતા કૂદીએ છીએ. ગ્રામોફોનમાં તેને એટલો તો રસ પડયો છે કે તેને તેના બારડાની બહાર સવારે બાગમાં જવું ગમતુ નથી. તેથી કોઈ વાર ગ્રામોફોન બાગમાં મોકલવું પડે છે. તે ગીતોનો ભાવાર્થ સમજે છે અને કેટલાકના શબ્દો પકડીને લલકારે છે. 'તમે મારા દેવના દીધેલ છો' સાભળીને તે ફરી તેને લલકારે છે. વળી રેકોર્ડ સાથે એવો પરિચય સાધી લીધો છે કે તે પોતે જ પોતાને મનપસંદ રેકોર્ડ ઓળખી કાઢે છે. ચાવી મારે છે, બ્રેક છોડે છે અને બંધ પણ બરાબર કરી શકે છે.

બાગમાં માટીની દિવાલો અને ઘાસની છાપરાવાળી ઝૂંપડી બનાવી છે. તેનું કદ +ના પ્રમાણમાં છે. નાની બારીઓ અને બારણાં બહુ રૂપાળા લાગે છે. મોટા અને નાનાં, તેને જોઈ મુગ્ધ થાય છે. આસપાસ આંબા, આંબલી, લીમડા, લીંબુડી, કેતકી, કરેણ, જામફળી, ગોરખઆમલી, આસોપાલવ, પીપળો અને ચંપાનાં ઝાડ, માલતી અને મધુમાલતી અને બીજી અન્ય લતાઓ છે. વાતાવરણ એકાંત, રમ્ય અને સાત્વિક છે. ત્યા +ને રમવું બહુ ગમે છે. આખો દિવસ શીતળ, મન્દ વાયુ વાય છે. પાસે કૂવો છે અને નાળામાં વહેતા પાણીનો ખળખળાટ સંભળાય છે. એ નાળામા + અને અન્ય બાળકો ચાલે છે, હોડીઓ તરાવે છે અને ફૂલ અને દીવડાવાળા પડિયા તેમા વહેતા મૂકે છે. આ રમત કરતા કરતાં તેઓ કાગળ કાપતાં અને હોડીઓ બનાવતાં શીખે છે. તેઓ નાળામાથી પાણી કાઢી ઝારી અને ડોલથી વૃક્ષોને જળ સીંચે છે, તથા ભીની રેતીમાં પતરાંની વાટકીઓ (Tin models) થી આકારો પાડે છે. કોઈ વાર કૂવા ખોદે છે. કિલ્લા, દરવાજા અને મંદિરો પણ બનાવે છે.

દર સોમવારે અમે બહાર જઇએ છીએ. મુખ્યત્વે આ. ને ત્યાં. કોઈવાર બીજા બાળકોને ત્યા જવાનું પણ આમંત્રણ આવે છે. એમ કરવાથી બાળકો એક બીજાને ત્યા આવતાં જતાં થાય છે, મૈત્રી બાંધે છે, સમૂહ જીવન શીખે છે.

દર શુક્રવારે અમે સહુ બાળકોને એકત્ર કરી પર્યટણ કરવા જઈએ છીએ.

હરિભાઈની વાડી, નગીનાવાડી અને ચંડોળે ગયાં હતાં. વર્ષાકાલને લીધે દૃશ્ય મનોહર હતું. તળાવમાં અનેક જલચામી પંખીઓ જોઈ બાળકો ખૂબ ખુશી થયાં. હોડીમા બેઠાં, ઝાડ પર ચઢયાં અને ઝાડ નીચે લીલાં પતરાળાં તથા માટીની કુલ-

ડીમાં નાસ્તો લીધો. હડીભાઈની વાડીમાં ચોખા અને કંકુના સાથિયા પૂર્યા. આ પર્યટણમાં નાસ્તા પછી થાકેલાં બાળકોને વાર્તા સાંભળવી બહુ ગમે છે. હવે એ વાર્તા સારી રીતે સમજે છે, અને પછી પોતે તે પાછી કહી શકે છે. રાત્રે સૂતી વેળાએ 'વાર્તા કહો' એમ કહે છે.

હવે તે ભાવવાહી વાક્યો અને એક જ વિચારને અનુલક્ષીને વાર્તાલાપ કરી શકે છે.

શા. મં. ના બાળમંદિરમાં પણ દર શનિવારે જઈએ છીએ. ત્યાં તે બાહ્યપ્રવૃત્તિમાં બાળકો સાથે હળીમળીને રમે તે હેતુ છે. ત્યાં બાળકો પાટિયા પરથી લપસતાં, હીંચકે હીંચકતાં, અને હોડીમાં ઝૂલતાં હોય છે. ગુલાબી મિનારો ગોઠવવા ઉપર સારો કાણુ આવ્યો છે.

તેને લોખંડની આકૃતિઓ (Metal insets) પર કામ કરવું બહુ ગમે છે. હવે ચોરસ, લંબચોરસ, ગોળ, લંબગોળ અને ત્રિકોણ એક પછી એક ઉપાડી ચિતરે છે. માત્ર, ચોકઠા (ફ્રેમ)થી જ નહીં પણ વચ્ચેની આકૃતિ (ઇન્સેટ)થી કામ કરવાનો યત્ન શરૂ કર્યો છે. તેમાં રંગીન પેનસિલથી રંગ પૂરવા મથે છે. કૂટપટ્ટીથી ફરીથી લીટીઓ કરવામાં પણ મઝા આવે છે.

સ્વાદની શીશીઓ વારંવાર લે છે. (સાકર, ફટકડી, લીંબુનો રસ, મીઠું, મરી, નાની શીશીઓમાં જુદાં જુદાં રાખી સાથે ઝીણી ચમચીઓ મૂકી હતી. ખાટું, ખારું, ગળ્યું, તીખું, તૂરું, એટલું પારખતા શીખ્યો છે.

અગિયારે રંગોની તકતીઓની જોડીઓ સુંદર રીતે ગોળએ છે.

જલરંગથી ચિત્ર કરવાનું શરૂ કર્યું છે. હમણાં તો લાલરંગ કાઢીને કટોરામાં મેળવીએ છીએ. પછી તે કાગળને રંગે છે. આમ કરવાથી પીંછી ઝાલતાં અને તેનો ઉપયોગ કરતાં તેને આવડયું છે. આમાં મઝા આવે છે.

તેને પ્લેસ્ટેસીનથી આકારો બનાવવા અને બીજાએ બનાવેલા આકારો જોવા ગમે છે.

સળીઓ દ્વારા પણ આકારો બનાવીએ છીએ. હવે કાતર બરોબર ઝાલી શકે છે અને કાગળ કાતરે છે.

આમંત્રણ

રામજી ક. ગોર

ગુરુજી આવજો મારે ગામ
બનાવો બાલમંદિરને ધામ.

ખુલ્લાં મૂકવા શિશુને કાજે બાલ–મંદિરનાં ધામ
રચનાત્મક સર્જનાત્મક કામે પ્રગતિ થાયે આમ
–ગુરુજી ! આવજો મારે ગામ
બનાવવા જ્યોતિર્ધામ.

પુસ્તક વાંચી ગોખી ગોખી મઢમતિ થઈ જાય
વાર્તા–કહાણી સુણી સુણીને સૌ શિશુઓ હરખાય
ગોઠવવા પ્રવાસ ઠામેઠામ
ગુરુજી આવજો મારે ગામ.

આવજો મારે ગામ ગુરુજી ! આવજો મારે ગામ.
હાં...આવજો મારે ગામ.
મારા ગામડે તે દિ' થાશે બાલમંદિરનું ધામ,
જરૂર આવજો ગામ ગુરુજી ! આવજો મારે ગામ–
શિશુ અંતરે દીપ જલાવી, આપો દિવ્ય પ્રકાશ
તિમિરભર્યા જડજીવને દો પ્રેમ શૌર્યનો ઉલ્લાસ
હાં બાલમંદિર જ્યોતિર્ધામ
ગુરુજી ! આવજો મારે ગામ.
શિશુ દિલે સોટી મારી પંતુજી થાકી જાય
ઘૂમ બરાડે બીકે થાકી, શિશુ માગે સહાય

બાળમંદિરમાં વ્યાકરણ–શિક્ષણ

લેખાંક ત્રીજો

શેષ નામલે

વિશેષણની મૌખિક રમતો

આગળના લેખોમાં આપણે નામોનાં વચનોની અને જાતિની મૌખિક રમતો વિશે વિચાર્યું. લેખના મથાળામાં મેં 'વ્યાકરણ શિક્ષણ' એવો શબ્દપ્રયોગ કર્યો છે તે વિષયની મર્યાદા સૂચવવા પૂરતો જ છે. ભાષાવિકાસ માટે જુદી જુદી રીતે આપણે બાળકને પોષક થઈ શકીએ છીએ. આ લેખમાળામાં આપણે વ્યાકરણનું દૃષ્ટિબિંદુ સામે રાખીને ભાષાવિકાસની રમતો યોજીએ છીએ. આ રમતોનો મુખ્ય હેતુ ખરું જોતાં વ્યાકરણશિક્ષણ નથી. પરંતુ બાળકની બૌદ્ધિક ખીલવણીને પોષક થવું એ છે. આ રમતો બાળકો ખૂબ રસથી રમે છે, તે વ્યાકરણ શીખવા માટે નહિ, પણ આ રમતોમાં તેઓ એક પ્રકારનો બૌદ્ધિક આનંદ મેળવે છે તેથી જ તેઓ અનેકવાર એનાં પુનરાવર્તનો કરતાં દેખાય છે.

આ લેખમાં, શબ્દોનો બીજો પ્રકાર 'વિશેષણ' વિશે આપણે વિચારીશું. નામ અને વિશેષણમાં ઘણો તફાવત છે. ભાવવાચક નામો સિવાયનાં ઘણાં નામો બાળકને કંઈક મૂર્ત રૂપમાં આપણે બતાવી શકયા હતા. એકવચન અને બહુવચન અથવા નર અને નારી જાતિની સ્પષ્ટતા કરવા માટે કંઈક સ્થૂલ વસ્તુઓ બાળક આગળ આપણે ધરી શકયા હતા, અને તેથી કરીને બાળક એકવચન–બહુવચન અથવા નર અને નારી જાતિની માત્ર મૂર્ત કલ્પના જ નહિ પણ અમૂર્ત (abstract) કલ્પના પણ કરી શકયું હતું. વિશેષણને એવી રીતે સ્પષ્ટ અથવા મૂર્ત બનાવી શકીએ ખરા? આ કાગળ જેના પર હું લખી રહ્યો છું તે એક મૂર્ત વસ્તુ છે. તે ઊપાડીને બતાવી શકાય છે. પરંતુ તેની સફેદાઈ અથવા તેની જાડાઈ, પાતળાઇ, આકાર વગેરે ગુણધર્મો, તે કાગળથી જુદા પાડીને બતાવી શકાતાં નથી. તેથી વિશેષણની રમત, વચન અથવા જાતિની રમત કરતાં કંઈક ઊંચી કક્ષાની ગણી શકાય. તો પણ બાળકો વિશેષણનો ઉપયોગ તો ભાષામાં કરતાં જ હોય છે અને તેથી વિશેષણની રમતો પણ તેમની ભાષાને પોષક થશે જ.

સાધનનું વર્ણન : જાતિના મૌખિક ખ્યાલ માટે 'જાતિની પેટીઓ' અને વચનના ખ્યાલ માટે જેમ 'વચનપેટીઓ' આપણે બનાવી તે જ રીતે વિશેષણના ખ્યાલ માટે 'વિશેષણ પેટીઓ' બનાવીએ. સાઈઝમાં એ પેટી પણ ૮"×૧૨"×૨" ની જ રાખવી. અંદર છ ખાનાંઓ; દરેક ખાનામાં વિશેષણની રજુઆત કરવાની દૃષ્ટિએ પસંદગી કરીને વસ્તુઓ મૂકવી. વચનની પેટીના ખાનાની વસ્તુઓમાં આપણે મણકા, પેન્સિલો, બંગડીઓ, બટનો કે દડા જેવી વસ્તુઓ લીધી હતી. એવી જ વસ્તુઓ અહીં ચાલશે, પરંતુ આ બે પેટીઓનો ભેદ સમજવામાં બાળકને કંઈક સ્પષ્ટતા થાય એ દૃષ્ટિએ વચનની પેટીમાં જે કંઈ વસ્તુઓ આપણે લઈએ તે બધી એક સરખી જ રાખવી. દાખલા તરીકે, બટનો લીધાં હોય તે એક જ રંગના, એક જ આકારનાં ને એક જ પ્રકારનાં રાખવાં. પરંતુ વિશેષણની પેટી માટે જો બટનો લેવાં હોય તો રંગ રંગનાં, જાતજાતનાં અને જુદા જુદા આકારનાં બટનો લઈએ તો જ વિશેષણનું કાર્ય બતાવવા માટે તેનો વધુ સુંદર ઉપયોગ થઈ શકશે!

આ વિશેષણપેટી માટે પસંદ કરી શકાય એવી કેટલીક વસ્તુઓ :–

ત્રિકોણ : નાના મોટા, રંગ રંગના, જુદા જુદા પ્રકારના; એ જ રીતે રિલ, કાપડ કે કાગળનાં ફૂલો, લખોટીઓ, ચમચીઓ, કાગળો, દોરા, રમકડાંની ખુરશીઓ, કાચ કાગળો, ડબ્બીઓ, મણકા વગેરે.

દરેક ખાનામાં દરેક વસ્તુનાં દસ સુધી નંગ રાખવાં.

સાધનનો હેતુ : વિશેષણોના કાર્યની રજુઆત કરવી.

પૂર્વ તૈયારી અને ઉંમર : સાડા ત્રણથી ચાર વર્ષનાં બાળકો આ રમતમાં રસ લઈ શકશે. શિક્ષકે સાધન પહેલેથી જ તપાસીને વ્યવસ્થિત છે કે નહિ ને જોવું.

રજુઆત : આગળની રમતોની જેમ શરુઆતમાં આ રમત સામુદાયિક રીતે રજૂ કરવી; પછી બાળકો અંદર અંદર રમી શકશે. વ્યક્તિગત રીતે રમવા માટે આ રમતમાં અવકાશ નથી. નાસ્તાની પૂર્વ તૈયારીમાં એક ટુકડી પિરસવામાં કે બીજા કામમાં હોય છે અને બીજાં બધાં બાળકો બેઠાં હોય છે તે વખતે, અથવા બધાં બાળકો જ્યારે સમૂહમાં બેઠાં હોય ત્યારે વિશેષણની પેટી વચ્ચોવચ્ચ બાજુ પર મૂકવી.

શિક્ષક : 'રમેશભાઈ, બટ્ટન લઈ આવો.'

(રમેશભાઈ ઊઠીને સામાન્ય રીતે કોઈ પણ બટ્ટન ઊપાડી લાવે છે અને શિક્ષકને આપે છે.)

શિક્ષક : 'ના, આ નથી જોઈતું.'

બાળક (બટ્ટન પાછું લઈ જાય છે. નાની ઉંમરનાં બાળકો ઘણે ભાગે જઇને બીજું લઈ આવે છે. શિક્ષક ફરીવાર 'ના, ના, આ નથી જોઈતું,' કહે તો ત્રીજી વાર જઈ લઈ આવે છે. પણ 'કેવું બટ્ટન લાવું ?' એ પ્રશ્ન બાળકો પૂછી શકતા નથી. ચાર વર્ષની આસપાસનાં બાળકો માત્ર સમજી જાય છે અને એક બે વાર ના પાડીએ તો હસતાં હસતાં 'તો કયું જોઈએ ?' એમ પૂછે છે.)

શિક્ષક : 'સૌથી નાનું બટ્ટન લાવો.'

(બાળક સૌથી નાનું બટ્ટન લાવે છે.)

શિક્ષક : 'ના, ના! આ નહિ; આ નથી જોઈતું.'

બાળક : 'તો કયું નાનું જોઈએ ?'

શિક્ષક : 'સૌથી નાનું, વાદળી બટ્ટન લાવો.'

એ રીતે નામની પછવાડે જ્યાં સુધી યોગ્ય વિશેષણો જ્યારે યોજવામાં આવતાં નથી ત્યારે નામનો અર્થ અસ્પષ્ટ રહે છે એ ખ્યાલ અપ્રત્યક્ષ રીતે બાળકને મળશે. એ જ રીતે બોલવામાં એકલું વિશેષણ વાપરીએ તો પણ તેનો કંઈ અર્થ થતો નથી, આ પણ રમૂજી રીતે રજૂ કરી શકાય છે.

શિક્ષક : 'લાલ, લાવો; મને લાલ આપો

(બાળક લાલ બટ્ટન કે લાલ બંગડી લાવીને આપે છે.)

શિક્ષક : "બટ્ટન નહિ, બંગડી નહિ, મારે એકલું લાલ જોઈએ. લાવો, લાલ લાલ ! !

(બાળક મૂંઝાય છે.)

લાલ આગળ કંઈક વસ્તુ ન બોલું ત્યાંસુધી લાલનો કંઈ અર્થ થતો નથી. એ બાળક આથી સમજી જાય છે. શિક્ષક ફરી બીજી જાતની વસ્તુ પસંદ કરીને મંગાવે છે અને આગળ રમત ચાલુ રાખે છે.

બાળકોનું કોસ

(૧)

તારાબેન મોડક

એ ત્રણ વર્ષનું બાળક આખો દિવસ શું કરે છે ? આપણે માનીએ છીએ કે આટલું નાનું બાળક વળી બીજું શું કરી શકે ? આમ તેમ રમે ને ગેલ કરે. એ કાંઈ થોડું જ અભ્યાસ કરી શકવાનું હતું કે કોઈ કામની જવાબદારી માથે લઈને તે પાર પાડી શકવાનું હતું ? એ તો રમે જ ને ?

આપણે મોટાંઓ કામ, અભ્યાસ ને રમત એ ત્રણેને જુદાં પાડી શકીએ છીએ. સવારે ઊઠીને રસોઈ પાણી કરવાં કે ઘરની સફાઈ કે બજારહાટ કરવાં, ઑફિસમાં જઈને કામ ઉપર ચડવું, એ બધાં આપણે માટે કામો છે. આપણે જે નથી જાણતાં તે પ્રયત્ન પૂર્વક શીખી લેવું, પુસ્તકો કે ગ્રંથોનું અધ્યયન કરવુ અથવા કોઈ પરીક્ષા-માટે ખાસ નીમેલો અભ્યાસક્રમ પૂરો કરવો એ બધો

આપણે માટે અભ્યાસ છે. એ બન્નેમાંથી નિવૃત્ત થઈ મન ઉપર ફરજ, જવાબદારી, વગેરે કશાનો ભાર રાખ્યા વગર કેવળ આરામને ખાતર સાંજે કોઇ દોડવા કૂદવાની રમત રમવી, અથવા બેઠાં બેઠાં પાનાં, ચોપાટ કે એવી રમતો રમવી એ આપણે માટે રમત છે. આપણે એ ત્રણે વાતો અમુક પ્રમાણમાં જુદી પાડી શકાએ છીએ. પણ બાળકોની બાબતમાં તે જે કાંઇ કરે છે તેને, આપણે રમત નામ આપીએ છીએ. એટલે કે, તેમાં કામની જવાબદારી કે અભ્યાસની ગંભીરતા આપણે ગણતાં નથી. પણ બાળકને આ વાત પૂછીશું તો? એક દાખલો જોઇએ. મારે ત્યાં અક નાની બે વર્ષની છોકરી હતી. તેને તે વખતે ડાબલીઓ, બાટલીઓ, ડબ્બાઓ વગેરે વસ્તુઓ લઇને તેમાં અંદર જે કાંઈ હોય તે બહાર કાઢવું, પાછું અંદર ભરી દેવું, એવું એવું કરવું બહુ જ ગમતું. કલાકો સુધી શાંતિથી આવું કાંઇક એ કર્યા જ કરતી. તેને જો પૂછીએ "આશા, શું કરે છે?" તો હંમેશ ગંભીરપણે જવાબ આપતી, "કામ કરું છું." તેનો અવાજ ને ચહેરા ઉપરનો ભાવ ખરેખર મોટા કામમાં ગૂંથાએલા માણસના જ રહેતા. અમને તેના જવાબની ગંમત આવતી એટલે ઘણીવાર અમે તેને આ પૂછયા કરતા ને તે પણ તેટલી જ ગંભીરતાથી જવાબ આપતી. અમે હસી પડતા. પણ ખરું જોતાં અમારું હસવું ખોટું હતું ને તેનો જવાબ સાચો હતો. તે કામ જ કરતી હતી. બાળકના જીવનના આ કાળમાં કામ, અભ્યાસ ને રમત એવા ભેદ પાડી શકાતા નથી. બાળક જે જે કરે છે તે તે પૂરેપૂરી ગંભીરતાથી ને જવાબદારીથી જ કરે છે. તેને ખરેખરાં કામો જ કરવાં ગમે છે. આપણે તેને રમત ગણીને તેમના કામની કિંમત ઓછી ગણીએ છીએ. એટલું જ નહિ, પણ તેને ખરા કામને બદલે કામનાં રમકડાં આપીને ખોટું ખોટું કામ કરીને, કામ કર્યાનો ખોટો સંતોષ મેળવવાનું કહીએ છીએ. તેમાં ખરો સંતોષ કયાંથી મળી શકે? તેને રસોડાનાં ઘણાં કામો કરવાનું મન થાય છે. ત્યારે નાનાં રમકડાનાં વાસણો ચૂલા, ઘંટી વગેરે દરેકે દરેક રમકડાંની ચીજ આપીએ છીએ તેનાથી તે શું કરી શકે? નહિ દળી શકે, વણી શકે, શાક કાપી શકે. ઢીંગલી લઇને તેની સાથે રમે તો યે સાચા બાળકને રાખવાનો આનંદ થોડો જ મળી શકે? એમ બધું ખોટું ખોટું રમવાનું આપણે શીખવીએ છીએ. તેમાં બાળકની દૃષ્ટિએ કામ નથી થતું, નથી અભ્યાસ થતો ને નથી રમત થતી. ખરું જોતાં બાળકના આ ઉંમરનાં કામોમાં આ ત્રણે એકરૂપ થઈ જાય છે. તે જે કાંઈ કરે છે તે સાચેસાચ કામ તરીકે કરે છે. તેની અંદર શીખી લેવાપણું તો હોય જ છે. ખરું જોતાં તે લાંબા કાળ સુધી એકની એક વાત કર્યા કરે છે, ફરીફરીથી તે કરીને તે કરતાં શીખી લેવા માટે જ તે પુનરાવર્તન કરે છે. એટલે તે તેને માટે અભ્યાસ જ હોય છે. અને આવા કામો ને અભ્યાસ કરવામાં તેને એટલો બધો આનંદ આવે છે કે તે બધી તેને માટે રમતો જ હોય છે. આપણે જેને રમકડાં કહીએ છીએ તેને દૂર ફગાવી દઈને બાળકો સાચાં કામનાં સાધનો જ પસંદ કરે છે. બાળકોને રમકડાં લાવી દેવા કરતા જો નાની વંટી, શાક સુધારવા માટે છરી–પાટલો બાગકામનાં સાધનો વગેરે આપીએ અને જો તેને આપણી સાથે કામમાં જોડાવા દઇએ તો તેને તે બહુ જ ગમે છે. સારાંશ કે બાળકોના જીવનમા આ ત્રણે જુદાં પડતાં નથી; એ ત્રણે એક થઈ જાય છે. બાળકની દૃષ્ટિએ તે બધું સાચું કામ હોય છે. અમારી આશા જે કહેતી કે 'કામ કરું છું' તે જ વાત સાચી છે.

બાળકોની આખા દિવસની પ્રવૃત્તિઓ પરત્વે આપણે આપણા વિચારો ફેરવવા જોઇએ, અને બાળકોને તેમના કામમાં અને અભ્યાસમા મદદ થાય એવી રીતે તેમની પ્રવૃત્તિઓ ને તેનાં સાધનો ગોઠવી આપવાં જોઇએ. તેમ કરવામાં નીચેની વાતો યાદ રાખવી જરૂરી છે.

પહેલી વાત એ કે આપણે આપણા કામને જેટલું મહત્ત્વનું ગણીએ છીએ, તેટલું બાળકનું કામ તેને માટે મહત્ત્વનું હોય છે. તેને રમત ન ગણી કાઢવી જોઇએ. તેમ જ તુચ્છતાની નજરે કે શબ્દે તેનું મહત્ત્વ કંઈ નથી એમ ન બતાવવું જોઇએ.

બીજું, બાળકને બનતાં સુધી સાચા કામમાં જોડાવા દેવું જોઇએ. અને છતા તેને જોઇતો વખત, તેનાથી કામની સહુજે થતી ખરાબી વગેરેનો અવકાશ પૂરેપૂરો રહેવો જોઇએ. બાળક ઉલટું બેજવાબદારીથી કંઈ રમતો રમતું હોય તો તે તે પૂર્ણ જવાબદારીથી કેમ કરી શકે તેનો રસ્તો બતાવવો જોઇએ. જેમ કે ભીની માટી લઇને કાંઈક રમકડાં બનાવવાં. ખાસ કરીને રોટલા, કે ગાંઠિયા કે આવું કાંઈ કરવું એમાં તો સાચી રસોઈ નથી જ. ત્યાં તો બાળક માત્ર જુદા જુદા ઘાટ ને આકારો બનાવવા એટલું જ કરતુ હોય છે. ત્યારે તે કોઇવાર રોટલો કરશે, કોઈ વાર ફૂલનો આકાર કરશે કે વાઘ, બળદ ગમે તે બનાવશે. પણ બાળકને રમવા માટે કેટલીકવાર લોટ આપવામાં આવે છે. તેનાથી પણ બાળક ગમે તે આકારો કરે, તોડે ને આખરે બધું ફેંકી દેવામાં આવે તો ત્યા, એક જાતની બેજવાબદારી આવે છે. લોટમાંથી તો ખાઇ શકાય એવું કાંઈ બનવું જોઇએ ને; તે શેકીને ખાવાના ઉપયોગમાં આવવું જોઇએ. બાળક દાણા વીણવા આવે તો ગમે તેમ ભેગું કરીને, ઉછાળીને, વેરીને, ચાલ્યું જાય એને કાંઇ રમત ન કહેવાય. એ તો બેજવાબદારી થઇ. પણ બાળક થાળીમા દાણા વીણવા લે. ભલે અધી મુઠ્ઠી જેટલું જ લે પણ તેટલું જ બરાબર સેમું કરીને, દાણામાં દાણા, કચરામા કચરો કે કાંકરા નાખી કારવી, વ્યવસ્થિત રીતે કરે તો તે બધી રમત તેને માટે અભ્યાસ ને કામ થઈ શકે છે. તેવી જ રીતે શાક સુધારવું કે બગીચાનું કામ કરવું કે એવું બીજું કોઈ પણ કામ બાળક બેટું કે મૂળો ભલે એક જ લઇને કાપે. પણ તે વ્યવસ્થિત રીતે કરીને કાપેલું શાક રસોડામાં વાપરવા માટે ઉપયોગમાં આવે એ જરૂરનું જ છે. કોઇ કોઇ ઘરમા શાક આવ્યું હોય તેમાંથી એકાદ રીંગણું કે ટીંડોરું બાળકને રમવા આપી દે છે એટલે કે બગાડવા આપી દે છે. તેમાં ખરું જોતાં બાળકનું ભણતર બગડે છે. એવી જ રીતે શાક મોંઘું માટે તેને બદલે ઘાસ કે કોઈ ઝાડના પાદડાં કાપવા આપીને પછી કાપેલું બધુ બહાર નાખી દેવામા આવે છે. આવી રમતથી કામ કે અભ્યાસ કે રમત એકપણ સિદ્ધ થતું નથી. ખોટો ખોટો બગીચો કરવો, કોઇ ઝાડનાં ડાળાં પાંદડાં તોડીને જમીનમાં ખોસીને બાળકો બગીચો બનાવે છે. તેને બદલે સાચેસાચ ખોદીને કાંઈક વાવે, તો તરત તેને સંભાળવાની ને ઉછેરવાની જવાબદારી બાળક પર આવે છે.

પણ બાળક ઉપર વધારે પડતી જવાબદારી ન આવે તે પણ જોવું જોઇએ આપણાં કામમા પૂરેપૂરા મારી ઉંમરના માણસની જેમ જો તેને લેવામાં આવે ને જવાબદારી નાખવામાં આવે તે. તે પણ તેને માટે વધારે પડતી થઈ પડે. ગરીબ ગુરબાનાં ઘરોમાં ઘણીવાર એ અનુભવ મળે છે "કેમ, લખુડી, વાસણ કેમ ન ઊટકયાં?' જા, ઊટકી લાવ." લખુડી ચાર પાચ વર્ષની તેની મા ઘેર આવે તે પહેલાં વાસણ ઊટકે; કેટલીકવાર પાણી પણ ભરી રાખવુ પડે; ઉપરાંત પોતાના નાના ભાઇને સાચવવો પણ પડે. આ રીતે વધારે પડતી જવાબદારી નાખવામાં આવે તો તેની અંદર બાળકનો જે અભ્યાસ છે તે અભ્યાસનો આનંદ છે તે જતો રહે છે. સાચા જીવનમા ભાગ લેવાનો ઉમંગ પછી જતો રહે છે ને એકલો કંટાળો રહે છે. આપણે ત્યાં બાળકને મોટે ભાગે કામનો કંટાળો દેખાય છે તેની પાછળ જવાબદારી એ જ કારણ દેખાશે.

ત્રીજી વાત એ કે બાળકને કામ, અભ્યાસ કે રમત–જે તેને માટે એક જ છે તે સંબંધમાં લેવા મૂકવાની છૂટ હોવી જોઇએ. તેનું કામ તેને માટે અભ્યાસ કે રમત કયાંસુધી છે અને લાભદાયી પણ કયાસુધી છે, જ્યાંસુધી તેને તેમાં રસ છે ત્યાંસુધી. રસ ઊડી જાય, કંટાળો આવે ને છતા કર્યા કરવું પડે તો તે ભારરૂપ થઇ જાય છે. રમતમા જેમ આનંદ પડે છે, હજી રમ્યા જ કરીએ એમ થયા કરે છે તેમ જ બાળકને તેના કામમાં પણ આનંદ પડે છે. તેથી જ તે ફરી ફરીથી પુનરાવર્તન કરે છે ને આ પુનરાવર્તનમાં જ તેનો અભ્યાસ રહેલો છે. આ આનંદની ખાતર જ તે લાંબા કાળસુધી એકનું એક કર્યા કરે છે. તેથી તેનું ચિત્ત સ્થિર, અને એકાગ્ર થાય છે. પણ રસ ઊડી ગયા પછી તેને પુનરાવર્તન

કરવાનું મન થતું નથી; છતાં આટલું તો કરવું જ જોઇએ એમ પરાણે નાખવામાં આવે તો તેના કામમાંથી બધું જ જતું રહે. તે કામ પણ ન રહે ને અભ્યાસ પણ ન રહે ને રમત તો નથી જ રહેતી; કેમ કે રસ ન હોવાથી એનો આનંદ જતો રહે છે.

આમ કામમાં સાચાપણું, ગંભીરતા અને જવાબદારી હોય છે તેથી જ બાળકને તે પ્રિય હોય છે. માટે તેને રમત કે ખોટું ખોટું રમવાનું ૩૫ આપી, તેનું બાળકને લાગતું મહત્વ ઓછું ન કરવું જોઇએ પરાણે પુનરાવર્તન કરાવીને તેને કુદરતી રીતે જે ફરી ફરીથી કરીને શીખી લેવાની હોંશ હોય છે તે નાબૂદ ન કરવી. તેને તે કરવામાં જે આનંદ પડે છે તે જ તેનું કામ સાચું છે કે નહિ તેની કસોટી છે. એટલે આનંદ કે રસ જતો રહે પછી તે કામ નકામું છે એમ પણ આપણે સમજી લેવું જોઇએ.

ગિજુભાઇના ગયા પછી

જે કોઇ વિશિષ્ઠ પ્રકારની વ્યકિતએ, વિશિષ્ઠ ક્ષેત્રમાં સમાજમાં પોતાની શકિત અને સમજણથી ઇતિહાસ રચ્યો છે તે બધી વ્યકિતઓની યાદમા પાછળથી આપણે વરસે વરસે કંઇક કાર્યક્રમ યોજીએ છીએ.

સ્વ. ગિજુભાઇએ બાલશિક્ષણના ક્ષેત્રમા ખરે જ એક નવી દૃષ્ટિનો જુવાળ લાવી આપ્યો ગણાય. એમની હયાતીમાં તો તેઓ એક એવા જોરદાર પ્રેરકબળ બનીને બધે ઘૂમતા કે એના કોઇ સાથીદારને કટાવાનો અવકાશ ન હતો. એમના જતાં ધીરે ધીરે જાણે કે બાલશિક્ષણના ક્ષેત્રમા અકર્મણ્યતા વ્યાપી હોય તેવું જણાય છે. બાલ-મંદિરો તો જરૂર ચાલે જ છે, પણ તે પ્રયાસોમા પ્રાણ–જીવ નથી જણાતો.

કોઇપણ ધર્મ કે સંપ્રદાયના સ્થાપકોના જીવન દરમ્યાન એમનો ધર્મ કે સંપ્રદાય વહેતા પાણી જેવો રહે છે: એનું આબોચિયું બનીને કે એનું વહેણ અટકીને એમાં ગંધાવાપણું નથી આવતું. મહાત્માજીના જીવન દરમ્યાન અને પછી પણ–આ જ ખામી આજે આપણે સર્વત્ર પ્રસરેલી અનુભવીએ છીએ.

મહાપુરુષોના જીવનધર્મને આપણો જીવન-ધર્મ માન્યા પછી અખંડિત રીતે એ જીવનધર્મ આચરવાનો અને એ પ્રમાણે જીવન વીતાવી સમગ્ર સમાજમાં નવું ચેતન ને નવો પ્રાણ પ્રસરાવવાની એના દીક્ષિતોની ફરજ ગણાય.

પરિસ્થિતિ આજે એથી ભિન્ન જણાય છે. જે શકિતશાળીઓના આપણે અનુગામી બનીએ છીએ તે શકિતશાળીઓના જીવન અને નામને શોભે તેવા આપણા કાર્યો નથી દેખાતા. આપણે તો તેમને નામે અને કર્મે મેળેલી મૂડીને વટાવવાનો ધંધો જાણે કે લઇ બેઠા હોઇએ તેવો આચાર બનતો જણાય છે. અને એમ હોય તો આપણે એ મહાપુરુષોનો અને આજના સામાન્ય જનસમાજનો–બન્નેનો દ્રોહ કરીએ છીએ. આપણી પાસેથી તો સમાજના પુન-ર્જીવનની અને પુનર્ઘટનાની લોકો અપેક્ષા રાખે છે.

સ્વ. ગિજુભાઇના ગયા પછી આપણા બાળ-શિક્ષણના ક્ષેત્રમાં આપણો હિસાબ તપાસતા પરિસ્થિતિ કેવી જણાય છે? બાલશિક્ષણમા કંઇ નવા પ્રયોગો, નવા પ્રશ્નો, નવુ જીવન, અવનવી યોજનાઓ કે એવું કશુંય આપણે કરી શકયા છીએ ખરા? સૌ જુદી જુદી જગ્યાએ પોતપોતાની એકાદ બાલશાળા ઊભી કરી, ચાલુ ઘરેડમા છોકરા રમાડતાં થઈ ગયા છીએ. એમા ઘણા સંશોધનોને અવકાશ છે. સારાં એવાં પરિણામો આણીને, સરકાર કે શિક્ષણખાતાંઓ સમક્ષ, કોઇએ એ રજૂ કરવાની તાકાત કે હિંમત દેખાડી છે? આપણે હતા ત્યાંથી એક ડગ પણ આગળ ભર્યું છે ખરું”? ઉલટી, જરા થોડી પીછેહઠ કરી છે. સંગીત, ઓરડાનું કામકાજ, નાસ્તો, વાર્તાઓ, હાથ મોં ધોવાં, ગીતો–એટલું કરી બાળકો ઘેર પહોંચી જાય છે. આવી જાતની પ્રસ્થાપિત ઘરેડનો સ્વીકાર કરી બાલમંદિરોની પૂર્ણાહુતિનો કાર્યક્રમ ચાલે છે. ભાષાશિક્ષણમા, ગણિતશિક્ષણમાં, ઇંદ્રિય-

શિક્ષણમાં, વિજ્ઞાનશિક્ષણમાં, સામાજિક શિક્ષણમાં કે એવા કોઈ વિભાગમાં સ્વતંત્ર રીતે કામ કરીને નોંધાતાં પરિણામો થોકબંધ આપણે બહાર પાડવાં જોઈએ. એ પરિણામો બુદ્ધિશાળી વર્ગની આગળ વ્યવસ્થિત રીતે રજૂ થવાં જોઈએ. એવું કશું થતું નથી એટલે તો આજની આપણી સ્વતંત્ર સરકાર સ્થપાવા છતાં પ્રાથમિક શિક્ષણની સામું જોવાની પણ કોઈ દરકાર કરતું નથી. મહેરબાનીની રાહે ને દયાની દૃષ્ટિથી જાણે કે એકાદ ટૂકડો ફેંકવા જેવી વૃત્તિ ને વલણ સરકાર તરફથી કયાંક કયાંક દેખાડવામાં આવે છે.

આપણો વ્યવહાર ઘણો અધૂરો છે. અપૂર્ણ છે. એમાં કાર્ય ઉપરાંત અભ્યાસની અત્યંત જરૂર છે. આજને દિને ગિજુભાઈને નામે આપણે કંઈ કેય વધુ જાગ્રત બનવા યત્ન કરીશું ?

ચંદુલાલ વ. ભટ્ટ

બાળકોનાં આનંદ બજાર

આજકાલ ઘણાં સ્થળોએ "બાળકોનાં આનંદ બજાર" ભરાતાં આપણે જોઇએ છીએ, ખરેખર, આ એક આનંદની વાત છે; પણ, એની પાછળની શૈક્ષણિક દૃષ્ટિ આપણે પૂરેપૂરી સમજવી જોઇએ.

અત્યારે આપણી આસપાસ શાળામાં કે બીજે સ્થળે ભરાતાં આનંદ બજારમાં કાંઈક અંશે આવું માલૂમ પડે છે.

વાનગીઓ વેચાતી લેવી ને ખાવી.

રવિવારને દિવસે બે કલાક ગાળીને પોતાની સ્વાદેન્દ્રિયને ખૂબ તૃપ્ત કરવી, ઘરમાં જે વસ્તુ ન મળતી હોય તે પ્રાપ્ત કરવી અને વૃત્તિને સંતોષવી.

પણ આવાં આનંદ બજાર પાછળની ખરી દૃષ્ટિ કઈ છે તે હવે જોઇએ. બાળકોનાં આનંદ બજાર દ્વારા બાળકમાં રહેલ શક્તિઓને બહાર લાવવાનો મુખ્ય હેતુ છે. એમાં બાળક વ્યાપાર, સ્વચ્છતા, સભ્યતા શીખે છે. વ્યવહાર આવડે છે આનંદ બજારમાં અસંખ્ય દુકાનો, ધંધાઓ હોય છે : એમાંનો એક રેસ્ટોરાંનો. પાનવાળો, રમકડાવાળો, ફૂગાવાળો, પુસ્તકવાળો, જાદુનાંખેલ આમ અનેક કલ્પી શકાય.

વળી બીજો મુખ્ય હેતુ તો વેશભૂષા છે. પાનવાળો ભૈયો બને ; એક શાકવાળો બને, એક ચણા જોરગરમવાળો બને, એક મીંયો બને વગેરે. આ રીતે દરેક વિદ્યાનું કેટલું મહત્વ છે, તે જાણી શકાય.

સારી હોટેલોમાં કે રેસ્ટોરાંમાં આપણને અંદરની જે સ્વચ્છતા, વિનય, વિવેક મળવા જોઇએ તે આવા સંમેલન દ્વારા આપી શકાય, બાળકોના ઊગતા જીવનમાં આ ગુણ ખાસ ખિલવવો જોઇએ.

લોકોને અને બાળકોને મધુર વાનીઓ જમાડવાની સાથે તેમણે પોતે રાખવી જોઇતી સભ્યતા, સ્વચ્છતાના પાઠ સહેજે અને આનંદથી શીખવી શકાય. જે વસ્તુઓ બનાવીને સ્ટોલમાં રાખવાની છે તે સસ્તી, સારી, લહેજતદાર રાખવી. બજારુ વસ્તુઓ જે ઊઘાડી રહે છે, જે ગંદી રીતે બનાવાય છે, જેનાથી અસંખ્ય રોગનો ઉપદ્રવ થાય છે તે બધાં તરફ અંગુલિનિર્દેશ કરવાનો આ આનંદ મંગલ પ્રસંગ છે.

વળી વેપારી દૃષ્ટિનું જ્ઞાન જે શાળામાં આપણે આપી શકતા નથી તે આવી સાધન સામગ્રી સાથે છૂટથી, સંપૂર્ણ અને પ્રત્યક્ષ રીતે આપી શકાય છે. જેવી કે :

તોલા કાટાનો-ઉપયોગ, નામું, બીલ બનાવવુ. ઘરાકની સાથે સભ્યતાથી વર્તવું, નાણાનો ઉપયોગ, સ્ટોલની જાહેરાત, આકર્ષક ગોઠવણી વગેરે.

શહેર સુધરાઈનાં કેટલાંય અંગો આનંદ-બજાર દ્વારા લોકોને અને બાળકોને આપણે શીખવી શકીએ ગંદકી ન કરવી, ગમે ત્યાં કચરો ન નખાય, પાણી ગમે ત્યાં ન ઢોળાય, કચરો તો કચરાની પેટીમાં નખાય વગેરે વગેરે.

સાથે સાથે બાલક્રીડાંગણની યોજના રાખવી કે જેથી બાળકો ખાવા ન કરે પણ શારીરિક

આનંદ પણ લઈ શકે અને તેમને હરવા ફરવાની, રમવાની છૂટ મળે. મોટાઓ માટે નાની મોટી છૂટી છૂટી બેઠકો રાખવી કે જેથી પોતે પોતાના મિત્રો સાથે આનંદથી બેસી શકે, નિહાળી શકે.

શકય હોય તો ધ્વનિયંત્રોની ગોઠવણ કરીને મનોરંજન કાર્યક્રમથી આનંદબજાર દ્વારા આપણે આપણી શાળાનાં બાળકોનું, માબાપનુ, શહેરીજનોનું સ્નેહસંમેલન ગોઠવી શકીએ અને એક બીજાની વધુ નજીક આવી શકીએ છીએ. આ પ્રસંગથી બાળકોમા પરસ્પર સહાયતા, વ્યવહાર દૃષ્ટિ, સંઘકાર્યની શક્તિ વગેરે અંગો વિકસે છે.

આવા આનંદબજાર તરફ શિક્ષણની દૃષ્ટિથી ધ્યાન આપવામાં આવશે તો લોકોની સાચી સેવા થશે અને બાળકોનાં જીવનમા નવો ઉત્સાહ અને આનંદ પ્રગટશે.

કિશોરભાઇ મહેતા

તમારું બાળમંદિર આવું છે?

એક પ્રેક્ષક

બાળમંદિરમાં બાળકો આવે છે. બાળાઓ પણ આવે છે. મંદ મંદ વહી જતી સરિતાના જળનો રેલાની માફક તેઓ ઉષાનાં કુમળા કિરણોની ઓસરતી પ્રભામા લગભગ ૯—૩૦ કલાકે આવવાની શરૂઆત કરે છે.

બિચારાં એ બાળકો કોઇ મેલાં આવે છે. કોઇ તો એમની બાળપ્રવૃત્તિને પણ શોભામા ઓછી કરે તેવા અસ્વચ્છ આવે છે. બાળમંદિરમા શિક્ષકો પણ આવે છે. ન કોઇ એ બાળકને આવકારે છે. એ બિચારું બાળક થોડીવાર બારણાને પગથિયે મોં વિકાસીને જોઈ રહે છે. કોઇ ન બોલાવે તો શુ થઇ ગયું? એ ભુલકું પોતાના વહાલા બાળમંદિરમાં ધીરું ધીરું ગમગીન હૃદયે ચાલ્યું આવે છે. એ ગંભીરતા જો એ સાગરદિલમા સમાવી શકે તો તે મૂગું મૂગું ચાલ્યું આવે છે, અને જો ન સમાવી શકે તો રડી દે છે અને એ એનું રુદન જ બાળમંદિરને જીવંત રાખે છે.

બાળકો એક જોડો હાથમાં રાખે છે અને બીજો પગમાં પહેરે છે, અને બાળમંદિરમા ફરે છે. એ બાળમંદિરમા પોતાને સેવાભાવી અને કુશળ માની સંતોષાતા શિક્ષકો પણ ફરે છે. પણ કોઇ ભાગ્યે જ એ બાળકને જોડો પહેરાવે છે.

બાળકો ચડ્ડીની નાડી ઝાલીને ઊભા રહે છે. ઊતરતી જતી ચડ્ડીને ફ્રોકની કે કમીશની નીચે ઝૂકી જતી અટકાવવાને બાળકો, રમતગમત વેળાએ ને બીજા કાર્યક્રમમા પકડીને દોડયા કરે છે, પણ શિક્ષકોને તેમની ચડ્ડી બાંધવામા કાંઇક હીણપ લાગી આવે છે

બાબકો શિક્ષકોને નિહાળે છે. જાણે કે શિક્ષકો ઘરેથી થાકીને બાલમંદિરમાં આવેલા છે. શા માટે? આરામગૃહમા વિશ્રાંતિસુખ અનુભવવા માટે? સી. સી. આઇ જેવી કલબમા પોતાના મિત્રવર્ગમા ગોષ્ટિ જમાવવાને માટે? કે પુરોહિત કે મોન્જીની જેવી હોટલમા ભોજનની મોજ ઉડાવવા માટે? બાળકો આખા બાળમંદિરમા આથડીને વિહારનો આનંદ માણે છે. શિક્ષકો એમને સાથ આપતા નથી. તેઓ તો એક જગ્યાએ ટોળે મળીને પોતાની વાતોમા મશગુલ હોય છે. બાળક વિચારે છે કે આ શિક્ષકોને શું થઈ ગયું છે? તેનો તેને ઉકેલ સૂઝતો નથી એટલે તે દોડા દોડ કરી મૂકી પોતાનું દુઃખ ભૂલી જવા મથે છે.

વરસાદ વરસે છે. બાળકો કોટ પહેરીને આવે છે. કોટની દોરીની ગાંઠો છોડવાને કોઇ નથી. બિચારા બાળકો કોટ પહેરીને બાળમંદિરમા ફર્યાં કરે છે. કોટ કાઢી આપવા જેટલો બાળમંદિરનો શિક્ષક ઉદાર, સેવાભાવી અથવા ફરજનો જ્ઞાતા નથી તે જાણીને બાળક ઉદાસ અને લાચાર થઈ જાય છે. એ લાચારીની પ્રતિભા તેની આંખમા સ્પષ્ટ દેખાય છે?

બાળકો કોઇ કોઇ વાર સ્વચ્છ પ્રાણીઓના અને બાળકોના ચિત્રો, નમૂના અને આકૃતિઓ

જુએ છે. એ જોઇને તરત જ તે પોતાની મૂર્તિ જુએ છે., અને શું જુએ છે? અસ્તવ્યસ્ત ખળા-વાડ જેવા માથાના વાળ, ચિંથર પિંથર થયેલાં પોતાનાં કપડાં, પોતાના મેલા હાથ અને મોં. અને એ વિચારે છે કે અમને અમારા શિક્ષક ભણા-વવાની માથાકૂટ કરવા કરતાં પ્રથમ અમારા સૌંદર્યને ખિલવવા અમારા માથાં ઓળી, અમારાં મોઢાં ધોઇ, અમને સ્વચ્છતાની મૂર્તિ જેવાં કેમ બનાવી દેતાં હોય? બાળક એ પ્રશ્નનો ઉકેલ લાવી શકતું નથી. પોતે ઉદાસ બની પોતાની કમ-નસીબી ઉપર થોડીવાર અણસમજુ દિલગીરીના પ્રશ્વાતાપ રૂપે નિઃશ્વાસ નાખી, બાળમંદિરની ગંદી ભોં ઉપર આળોટતું થઇ જાય છે. જાણે કે પોતાની અસ્વચ્છતા અને ભૂમિની અસ્વચ્છતાથી પ્રકૃતિનો એક સુમેળ સંધાય.

બિચારાં બાળકોને કુદરતી હાજતે જવું છે. કલાકોના કલાકો સુધી સંડાસને બારણે નાડી પકડીને તે ઊભા છે. લાચારી, ગરીબી, અને અના-થતાની મૂર્તિસમા કોઈ તેમને જરા પણ મદદ કરવાને પ્રેરાતું જ નથી. જે શિક્ષકો છે તેઓ જ જો બાળકોને સંભાળે નહિ તો નોકર કયાંથી સંભા-ળવાનો! ખોળે ઝુલાવી, રંજન કરાવતી માતા જ નથી ને! જો બાળકને ફેંકી દે તો પછી ઘરનો નોકર તેને કેમ સાચવે?

વર્ગની જમીન ભીની છે. નીચે કચરો છે, તોપણ બાળક નીચે બેસી જાય છે. કેટલાંક સમજુ બાળકો નથી બેસતાં. તેઓ ઊઠી જાય છે. બાળક વિચારે છે કે શિક્ષક શું અમને મૂંગા પ્રાણીઓ ધારે છે? પણ શિક્ષક તો બાળકો ને પશુઓ કે માનવીઓ એ બેમાંથી એકે સમજી શકતો નથી.

બાળકો બપોરની રજામા જમવા બેઠા છે. કોઈ તેમનું ખાવાનું ઢોળી નાખે છે, કોઈના ડબા ઉઘડતા જ નથી. આખો કલાક પૂરો થાય છે અને બાળક ડબા સામે તપશ્ચર્યા કરતું બેઠું છે. શિક્ષક પણ તેની સામે જ બેઠા છે. અગસ્ત્ય મૂનિની રાહ જોતાં વિંધ્યાચળ પર્વતની જેમ તેમણે પણ સમાધી જમાવી હોય છે.

બાળકોને ખિલખિલાટ રમવું છે એમને રમાડનાર કોઈ નથી; બાળકોને કિલકિલાટ ગાવું છે એમને સંગીતથી મધુરાં કરનાર કોઇ નથી. એમને કામ કરવું છે, એમની પાસેથી કામ લેનાર કોઈ નથી. તમારું બાલમંદિર તો આવું નથી ને!

નૂતન બાલશિક્ષણ સંઘ

શિક્ષણ–પત્રિકા

: ગુજરાતી :

શ્રી. જમુભાઇ દાણી
એલેવેટ્રસ્કી લૉજ, મુંબઈ. ૭.

: મરાઠી :

શ્રી. માલિનીબાઇ પરાંજપે,
૨૦૨–૧ સદાશિવ પેઠ, પૂના ૨.

: હિન્દી :

શ્રી. કાશીનાથજી ત્રિવેદી
૫૧, નંદલાલપુરા લેન, ઇંદોર (મધ્યભારત)

સંઘ–સભ્ય

સામાન્ય	૪ રૂ.	સક્રિય	૪ રૂ.
સહાયક	૭ રૂ.	સંસ્થા	૧૦ રૂ.

આજીવન સભ્યો

હિતેચ્છુ	૧૦૦ રૂ.	શુભેચ્છક	૨૫૦ રૂ.
દાતા	૫૦૦ રૂ.	પ્રદાતા	૧૦૦૦ રૂ.

હિન્દી પત્રિકા
ગુજરાતી ,,
મરાઠી ,,

વાર્ષિક લવાજમ ચાર રૂપિયા

સંઘ મંત્રીઓ :— શ્રી. તારાબેન મોડક—બાલવાડી, બોરડી—ગોલવડ થઈને
શ્રી. બાબીબેન મૂલજી—શાતારામ ના. લેન, વાલકેશ્વર, મુંબઇ ૬

બા. લ વિ. ભા. ૧

—હોડી—

* જ્યોંબહેનની હોડી ચાલી
સ ર ર સ ર ર સ ર ર,
હોડીમાં બેસી ફરવા જઇશું.
ગીત ગાઇશું, ચાંદો જોઇશું,
ખારું ખારું પાણી ચાખી,
મધ દરિયે અમે જઇશું - જ્યા
હોડીમાં બેસી સહેલ અમે કરશું.
હલ્લેસાં મારશું, પાણી ઉડાડશું,
માછલી આવશે તો ચણા અમે નાખશું—જ્યા
હોડીમાં બેસી કાંઠે અમે આવશું,
ઘેર જઇશું, બાને કહીશું,
મીઠી મીઠી સહેલ કેરી વાતો કરીશું—જ્યા.

બાલમુકુંદ ભટ્ટ

* ગમે તે નામ લખી શકાય.

: બાલમંદિરિયે જાવું છે :

મા! નાનીશી ચકી, લાવ,
બાલમંદિરિયે જાવું છે.
મારે તેડાગર બાઇની સાથ,
બારમંદિરિયે જાવું છે.
ધૂપેલ ધાલીને પેંથી પાડ,
બાલમંદિરિયે જાવું છે.
બીસે નાનકડો રૂમાલ ઘાલ,
બાલમંદિરિયે જાવું છે.
પગે નાજુક સેંડલ પહેરાવ,
બાલમંદિરિયે જાવું છે.
ત્યાં નથી ભણવાનાં શાસ્તર,
બાલમંદિરિયે જાવું છે.
ત્યાં નથી મારકણા માસ્તર,
બાલમંદિરિયે જાવું છે.
ત્યાં છે હિંચકા ને હોડી,
બાલમંદિરિયે જાવું છે.
ત્યાં છે માયાળુ બાઇ,
બાલમંદિરિયે જાવું છે.
મને જલદી તૈયાર કર,
બાલમંદિરિયે જાવું છે.

—ઇન્દુલાલ મ. દવે

નવા કપડાં નહિ પહેરું

આપણા મહાન ન્યાયમુર્તિ મહર્ષિ રાનડેનું નામ તો તમે સાંભળ્યું છે, ને? એમના બાળપણની આ વાત છે. જ્યારે કોઈ સારા પ્રસંગે એમની માતા એમને હોંશથી નવા દાગીના અથવા નવાં કપડાં પહેરાવે ત્યારે રાનડે એ નવાં કપડાં, ઘરેણાં જોઈ શરમિંદા બની જતા. એઓ કહેતા કે આપણાં જેવાં કેટલાંક આંવા નવાં કપડાં પહેરે છે? હાથમાં પહેરેલી સોનાની વીંટીને છુપાવવા પોતે ખિસ્સામાં હાથ નાખી દેતા, ગળે પહેરેલી કંઠીને છુપાવવા એ ગળે બેસ લપેટી દેતા. આ પ્રમાણે કરતાં બાળક રાનડેને એક વેળા એમનાં માતા જોઈ ગયાં. રાનડેને એમણે પૂછ્યું, "તું શા માટે આ પ્રમાણે પહેરેલા દાગીના છુપાવે છે? એમાં શરમ શાની?" રાનડે બોલ્યા, "માતા, આપણે ત્યાં રોજ સવારે જમવા આવતા મારા ગોઠિયા જાનુ, અને વિઠુ કયાં મારાં જેવાં નવાં કપડાં, તથા ઘરેણાં પહેરે છે? ગરીબાઈમાંથી ઉછરતા એ ગોઠિયાઓ મને નવાં કપડાં પહેરેલો જુએ તો એને કેવું ખરાબ લાગે? મારે હાથે સોનાની વીંટી, ગળે કંઠી, એ જોઈ તેઓ શું માને? જ્યાંસુધી દેશમાંથી ગરીબાઇ ન ટળે, ત્યાંસુધી હું એ દાગીના, નવાં કપડાં નહિ પહેરું." માતા પાસે બાળક રાનડેએ તે દિવસે આવી પ્રતિજ્ઞા લીધી. મોટપણે ખરેખર રાનડેજીએ સાદું જીવન ગાળી દેશની ઘણી મહાન સેવા કરી.

બાબાભાઇ ઢેઢી

ગંદકી ન કરો!

નાનું એવું ગામ હતું. તે ગામની ભાગોળમાં એક જંગી વડ હતો. તે વડ ઉપર સાંજનાં તમામ પંખીઓ આવીને બેસતાં. આખો દિવસ તેમ જ રાત કલબલાટ મચાવી મૂકતાં. વડની પાસે જ ગામના ચમાર લોકોનો વાસ હોવાથી તે લોકો જે ઢોર મરી જાય તેનાં હાડકાં વગેરે વડ નીચે નાખી દેતાં. પંખીઓનો તે ખોરાક હોવાથી તેઓ તેને ખાઇ જતાં.

એક વખતે ગામનાં કેટલાક લોકોએ વિચાર કર્યો કે આ પંખીઓ નાહકનાં આપણને પજવે છે, માટે આપણે આ વડ કાપી નંખાવવો જોઇએ! તેથી કેટલાક લોકો કુહાડા લઇને તે વડ પાસે ગયા અને વડને કાપી નાખ્યો. વડ કપાઈ જવાને લીધે પંખીઓ તો આવતાં બંધ પડયાં. પણ હવે એવું બન્યું કે જે ચમાર લોકો હાડકાં, માંસ વગેરે નાખતાં હતાં, તે તો કાયમ રહ્યું. એટલે ત્યાં પુષ્કળ ગંદકી થઇ ગઇ. કોઇ પણ માણસ ત્યાં થઇને જઈ શકતું નહિ. આમ ધીમે ધીમે ગામમાં રોગ ફેલાવા લાગ્યો. કેટલાય માણસો માર્યા ગયા. આખરે કેટલાક બુદ્ધિશાળીઓએ હાડકાં, માંસ વગેરે ત્યાં આગળથી કાઢી નંખાવ્યાં અને બીજાં ઝાડ રોપાવ્યાં ત્યારે ધીમે ધીમે રોગ મટયો.

આ બતાવે છે કે કોઈ પણ કામ કરતાં પહેલાં તેનો પૂરો વિચાર કરવો જોઈએ.

જશાભાઇ ઝ. પટેલ

ગિજુભાઈ જયંતિ

મુંબઈ

નૂતન બાલશિક્ષણ સંઘની સ્થાનિક શાખા અને નૂ. બા. શિક્ષક સંઘના સંયુક્ત ઉપક્રમે તા. ૧૫ મીના રોજ ટી. એન. માળવી બાલમંદિરમાં શ્રી કાકાસાહેબ કાલેલકરના પ્રમુખપદે જયંતિ ઉજવાઈ હતી. કદી નહિ ભેગી થયેલી એટલી શિક્ષકમંડળી એ પ્રસંગે હાજર હતી. શરૂઆતમાં સ્થાનિક નૂ. બા. શિ. સંઘ–શાખાના પ્રમુખ શ્રી તારાબેન માણેકલાલે કાકાસાહેબનો સત્કાર કર્યો હતો અને સંઘના કાર્યનો તથા નજદીકના ભવિષ્યમાં હાથ ધરવામાં આવનાર બાલઅધ્યાપન મંદિરની યોજનાનો ઉલ્લેખ કર્યો હતો. વધુમાં તે જ દિવસે શ્રી. કાકાસાહેબનો પણ જન્મદિન હતો એ નિમિત્તે આનંદ વ્યક્ત કરી અભિનંદન આપ્યાં હતાં. ભાઈશ્રી નામલેએ બાલવાડીની વિશાળ અને વ્યવહારુ યોજના રજૂ કરી હતી અને ગિજુભાઈની, આ કામ માટે કેટલી તીવ્ર ઝંખના હતી એ વ્યક્ત કર્યું હતું. ભાઈ પ્રભુભાઈ ઉપાધ્યાયે પ્રમુખનો આભાર માન્યો હતો અને ગિજુભાઈના કામને અમર રાખવા શિક્ષકોને અનુરોધ કર્યો હતો.

આ દિવસોમાં મુંબઈનાં અસંખ્ય બાળમંદિરોએ પ્રદર્શનો, નાટકો, આનંદ સંમેલનો, પર્યટનો, સરવસો, વાર્તાઓ વગેરેનો વિવિધ કાર્યક્રમ યોજ્યો હતો અને માબાપોને તથા જનતાને વધુ રસ લેતાં કર્યાં હતાં. મુંબઈના બાળશિક્ષકો અને શિક્ષણરસિકોએ ભેગા મળી વરસોવામાં એક દિવસ ઉજાણી કરી હતી અને ગિજુભાઈનો આત્મા રાચે એવાં અનેક શિક્ષણકાર્યોની રૂપરેખા વિચારી હતી.

સુમન બાળમંદિર, કોટમાં આ પ્રસંગે પ્રાર્થના અને મનોરંજન કાર્યક્રમ રખાયો હતો અને શ્રીમતી જ્યાવતીબેને બાળકોને ગિજુભાઈનો પરિચય કરાવ્યો હતો. નાનાં ભુલકાંઓનું સરવસ પણ કાઢવામાં આવ્યું હતું.

ભ. સ. સેવામંદિર: બાળકોએ ખૂબ આનંદથી સરવસમાં ભાગ લીધો હતો. શ્રી જયશ્રીબેન ાયજી, શ્રી. હીરાલાલ શાહ અને જમુભાઈ દાણી ોરેએ બાળકોની અને બહેનો ાસે પ્રવચનો કર્યાં હતાં અને ગિજુભાઈની હસતી પ્રતિમા સામે બાળકોને પેંડાની પ્રસાદી વહેંચવામાં આવી હતી. સેવામંદિરની બહેનોએ આ પ્રસંગે ગરબાની મઝટ જમાવી સ્વર્ગસ્થને અંજલિ આપી હતી.

આદર્શ બાળમંદિર, ભાર અને ગુ. હિંદુ સ્ત્રીમંડળ બાળમંદિરે પણ જયંતિની ઉજવણી કરી હતી.

ભાટિયા સ્ત્રીમંડળનાં બાલમંદિરોમાં

શ્રી. ગોરધનદાસ કરસનદાસ હિંદુ બાલમંદિર, વડગાદીમાં ૧૬મીએ હસ્તકામનું પ્રદર્શન તથા ગિજુભાઈના સાહિત્યનું પ્રદર્શન, રંજન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. માબાપોને આમંત્ર્યા હતા અને ટૂંકાં પ્રવચનો થયાં હતાં.

શ્રી. કેશવજી કરસનદાસ બાળમંદિર, કોટનાં બાળકોએ તથા શિક્ષકોએ દિવાલપત્રો અને હસ્તપત્રોનો પ્રચાર કર્યો હતો. સરવસ કાઢયું હતું અને પ્રદર્શન તથા રંજન કાર્યક્રમ યોજ્યો હતો.

સ્વ. ગોવિંદજી માધવજી બાલમંદિર, કાલબાદેવી–તા. ૧૪ મી ના રોજ બાળકોનું સંમેલન રાખેલું હતું. નાટય પ્રયોગો અને ગીતોમાં સૌએ ભાગ લીધો હતો. સરવસ વેળાએ બાળકોએ આનંદથી શિક્ષણસૂત્રો પોકાર્યાં હતાં અને કાલબાદેવી તથા ગાયવાડીના લત્તાને ગજાવી મૂકયો હતો.

વિસનગર

અહીંના ચકુબાઈ બાલમંદિરમાં નવા તેમજ જૂના વિદ્યાર્થીઓનું સ્નેહ સંમેલન યોજાયું હતું. રંગોળીથી સુંદરતા વધી હતી. સંગીત અને બીજો કાર્યક્રમ પણ હતો. પ્રમુખ શ્રી. ઈશ્વરાચાર્યે ગિજુભાઈના જીવન અને કાર્યનો પરિચય આપ્યો હતો. ભૂતપૂર્વ વિદ્યાર્થી ઈન્દ્રવદન આચાર્યે પણ પ્રસંગોચિત વિવેચન કર્યું હતું. એક અતિ આનંદની વાત એ હતી કે બાળકોએ એક ઠરાવ પસાર કર્યો હતો. તેમાં બાળકેળવણી પ્રત્યે બેધ્યાન ન રહેવા માટે સરકારને વિનતિ કરવામાં આવી હતી. આ ઠરાવની નકલ મુંબઈના વડા પ્રધાન શ્રી બેર તથા સરદાર પટેલ ઉપર મોકલવાનું ઠરાવાયું હતું. ગોળવાણા લઈ સૌ આનંદથી છૂટાં પડયાં હતાં.

વડોદરા

વડિયાળી પોળ બાલમંદિરમાં સંચાલક શ્રી. નટુભાઈ બરાનપુરાએ સવારે સફાઈ, સાંવન ગોઠવણી, પ્રાર્થના, ધૂન, સાહિત્યવાચન અને શિક્ષકો સંગે વાર્તાલાપ રાખ્યો હતો. બપોરે ગિજુભાઈની વાતો, ગીતો, તથા નાટક, રાસ, ગરબા સાથે માબાપોનું સંમેલન રાખ્યું હતું. બાલ ઉજાણીનો આનંદ માણી ગિજુભાઈનો જય જયકાર કરતાં સૌ વિખરાયાં હતાં.

શિક્ષણનું સર્વ સાહિત્ય

નૂતન કેળવણીના સિદ્ધાંતોને અનુસરતી શાળાઓને ઉપયોગી એવું શિક્ષણસાહિત્ય, બાલમંદિર અને નર્સરી સ્કૂલનું પ્રબોધક સાહિત્ય, જ્ઞાન આપતી ઇંતર પ્રવૃત્તિઓ માટેનાં સાધનો નકશા અને ચિત્રપટના લીસ્ટ માટે લખો અથવા આ બધું નજર સમક્ષ જોવા અવશ્ય મુલાકાત લ્યો.

જેચંદ તલકશી એન્ડ સન્સ,
૧૪૬, હોર્નબી રોડ, મુંબઈ ૧.

ટે. નં. ૨૦૪૩ ટેલીગ્રામ: Deshikothi

ક્યાંથી ખરીદી કરશો?

મુંબઇના

સૌથી અપ-ટુ-ધ-મિનિટ સ્ટોરમાં પધારો

સુતરાઉ, ગરમ તથા રેશમી કાપડ ફરનીશીંગ તથા હાઉસહોલ્ડ લિનન બનારસી સિલ્ક સાડીઓ, જુદા જુદા દિલજીત રંગોમાં — બ્લાઉઝ પીસીઝ, લેધર ગુડ્ઝ

ભેટ આપવા લાયક નોવેલ્ટીઝ
ઊંચી કવોલિટીનો માલ
વાજબી ભાવથી મળશે.

બોમ્બે સ્વદેશી કોઓપરેટીવ સ્ટોર્સ, લિમિટેડ.

૨૨-ફિરોઝશાહ મહેતા રોડ, ફોર્ટ મુંબઈ.

: શાખાઓ :

મહાત્મા ગાંધી રોડ, પૂના — જેમ્સ સ્ટ્રીટ, સિકન્દરાબાદ

જરૂરી માહિતી

પત્રવ્યવહાર વખતે સભ્ય નંબર લખો તો અમારું કાર્ય ઘણું સરળ થાય.

પત્રિકાના લેખો માટેનો પત્રવ્યવહાર શ્રી. જમુભાઇ દાણી બ્લેવેટસ્કી લોજ, મુંબઇ ૭ ને સરનામે કરવો.

લવાજમ, ગ્રાહક, સભ્ય વગેરે માટેનો પત્રવ્યવહાર શ્રી. બાબીબેન મૂલજી, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ ૬ ને સરનામે કરો.

નિરીક્ષણ કાર્યને માટે બાલવાડી, બોરડી-ગોલવડ થઇને; બી. બી. સી. આઈ. રેલ્વે-એ સરનામે લખો-

બાલમંદિરો માટે સાધનો

બાલમંદિરો માટે સાધનો ખરીદતાં પહેલાં અમારું સુચિપત્ર મંગાવો.

દરેક સાધન શાસ્ત્રીય પદ્ધતિથી નિષ્ણાતોની નજર તળે બનાવવામાં આવે છે.

સૂચિપત્રમાં જણાવેલા ભાવ ઉપર બાલ-મંદિરોને ૬૧ ટકા કમિશન આપવામાં આવે છે.

લખો-મંગાવો.

નૂતન શિક્ષણ-સાધનાલય એન્ડ આર્ટ વર્કસ લી૦
સુરેન્દ્રનગર-સૌરાષ્ટ્ર

આગ-અકસ્માત-જિંદગી

મોટર દરિયાઈ વર્કમેન્સ કોમ્પેન્સેશન
સર્વ પ્રકારનું વીમાકામ
સરળ શરતોથી થાય છે.

લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને સંતોષકારક મહેનતાણું:
એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય મંગાવો.

ધી ઇન્ડીઅન ગ્લોબ ઇન્સ્યુરન્સ કું. લી.

—: હેડ ઓફિસ :—
૩૧૫-૩૨૧ પ્રોસ્પેકટ ચેમ્બર્સ, હોર્નબી રોડ
મુંબઇ.

પ્રકાશક : શ્રી બાબીબેન મૂલજી, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઈ ૬.
મુદ્રણ સ્થળ: રમેશ પ્રિન્ટીંગ વર્કસ ૮ પારેખ સ્ટ્રીટ, પ્રાર્થના સમાજ, મુંબઈ ૪.


23122

23922

24 MAY 1987